a Samaj Foundation Chenna

सामाजिक टूंकी वार्ताओ—ग्रंथ पांचमो

Domain. Gurukul Kangri Coll

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वर्ष २५ मुं
ग्रंथांक
२८७–८८

विविध ग्रंथमाळा

सं० १९९२
भाद्रपदथी
आश्विन

[illegible]
ભિક્ષુ–અખંડાનંદ

सामाजिक टुंकी वार्ताओ

ગ્રંથ ૫ મો—ભાગ ૧૦ મો.

સારાં પુસ્તકો ખરીદી નહિ રાખનારાં લોકોને
વાંચવા પ્રેરવા એ પણ સજ્જનોનો પરોપકાર છે.

प्रसिद्धिस्थान—सस्तु साहित्य वर्धक कार्यालय

अमदावाद
भद्र पासे

મૂલ્ય સવા રૂપિયો

मुंबई–२
કાલબાદેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् * 63 ग/96

पुस्तक की संख्या....................

पुस्तकालय-पञ्जिका-संख्या 16325

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિવિધગ્રંથમાળા" સળંગ અંક ૨૮૭-૮૮, વર્ષ ૨૫ મું, સં. ૧૯૯૨

सामाजिक टुंकी वार्ताओ

ग्रंथ ५ मो-भाग १० मो

(સ્ત્રીપુરુષ સર્વ માટે ઉપકારક ૫૬ વાર્તાઓ)

१६३२५
२५-१-५८

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

संपादक अने प्रकाशकः भिक्षु-अखंडानंद

અમદાવાદ અને મુંબઈ-૨

६३ ५१
१६
Gurukula Library
Kangri
CHECKED 1973
Initial

પૃષ્ઠ ૪૦૮, આવૃત્તિ ૧ લી, પ્રત ૫૩૦૦, સં. ૧૯૯૩

મૂલ્ય સવા રૂપિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમદાવાદમાં "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય" માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

સામાજિક ટુંકી વાર્તાઓનો આ પાંચમો ગ્રંથ હોઇને વિવિધ ગ્રંથમાળાના પચીસમા (સં. ૧૯૯૨ ના) વર્ષના ગ્રંથાંક ૨૮૭-૮૮ તરીકે છેલ્લું પુસ્તક છે.

અત્ર તરફથી આ પ્રકારની ટુંકી વાર્તાઓની પસંદગી જે હેતુ તથા ધોરણથી થાય છે તે વિષે આની આગલા ગ્રંથોમાં લખાયું છે. જે સુયોગ્ય વાર્તા દ્વારા જે કાંઇ અગત્યનું તત્ત્વ વાંચનારાઓના ખાસ ધ્યાન પર લાવવું હોય તે તત્ત્વ એ વાર્તા પણ સીધી કે આડકતરી રીતે સૂચવતી હોય છે.

આમાંની ઘણી વાર્તાઓ આપણા સામાન્ય, નિર્ધન, મજૂર, ખેડૂત અને અંત્યજ વર્ગની અનેકવિધ દુર્દશાનો હૂબહૂ ખ્યાલ રજુ કરે છે. વળી કેટલીક વાર્તાઓ આ વાત પણ રૂડે પ્રકારે સમજાવે છે કે, દીનહીન સમાજની સેવા માટે કેવા સેવકો વિશેષ ઉપયોગી છે; ઉંડી લાગણીવાળા સેવકોની નીતિરીતિ કેવી હોય છે તથા તેમનાં હૃદય કેવાં વિશાળ, ઉદાર અને નિઃસ્વાર્થ ભાવોથી ભરપૂર હોય છે.

આ સ્થળે વાચક બંધુઓને આ અગાઉના (ચોથા) ગ્રંથના નિવેદનમાં જણાવ્યા મુજબ ફરીથી પણ જણાવીશું કે, વાચક ભાઈ-બહેનો આમાંની દરેક વાર્તા ધ્યાનપૂર્વક વાંચ્યા પછી તેમાંથી ફલિત થતી દરેક અગત્યની પ્રેરણા અથવા સૂચના ધ્યાનમાં લેશે, કાળજી-પૂર્વક વિચારશે અને એ દિશામાં જેમનાથી જે કાંઇ પરોપકાર ઘર-માં, મિત્રોમાં, પડોશીઓમાં, જ્ઞાતિબંધુઓમાં અને ગામ તથા દેશમાં બની શકે તેમ હોય તે કરવા નહિ ચૂકે.

આગલા ભાગોની પેઠે આ ભાગમાં પણ દરેક વાર્તા સાથે તેના લખનારનું નામ તથા તે જેમાંથી અહીં સંગ્રહાઇ છે તે તે સામયિકનું નામ બનતા સુધી અપાયેલું જણાશે. એ સર્વ લેખકો તથા પ્રકાશક સજ્જનોનો અંતઃકરણપૂર્વક આભાર માની જણાવવાનું કે, આ પ્રકાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના સંગ્રહોથી કાંઇ પણ લોકહિત થતું હોય તો તેનો યશ તે તે લેખક-પ્રકાશક સજ્જનોને છે; પાઠકબંધુઓના સુભાગ્યને પણ છે; અને પરમ સુહૃદ્ પરમેશ્વરને તો એ માટે જેટલો યશ અપાય તેટલો ઓછો છે.

કેટલાંક સામયિકો સંબંધે જણાવવું જરૂરી છે કે, તે તે પત્રોના દરેક પૃષ્ઠને મથાળે પત્રનું નામ તથા કયા માસ-દિવસનો તે અંક છે તે છપાતું નથી તે જો છપાય તો અહીં કેટલેક સ્થળે તેનો ઉલ્લેખ કરવા નથી બનતું તે તેમ કરવા સરળતા થાય.

આ નીચે કયા સામયિકમાંથી કેટકેટલી વાર્તાઓ લીધી છે તેની વિગત આપી છેઃ—

પુસ્તકાલયમાંથી ૪, પ્રસ્થાનમાંથી ૨, શારદામાંથી ૪, યુવક-માંથી ૪, મુંબઇ સમાચારમાંથી ૩, નવયુગમાંથી ૧, હરિજનબંધુમાં-થી ૨, કૌમુદીમાંથી ૨, ફૂલછાબમાંથી ૩, આર્યપ્રકાશમાંથી ૩, નવચે-તનમાંથી ૨, નવરચનામાંથી ૨, સાકીમાંથી ૨, આરામમાંથી ૩, સેવા-માંથી ૩, નવી રોશનીમાંથી ૩, રોશનીમાંથી ૨, બાલજીવનમાંથી ૧, ક્ષત્રિયમાંથી ૧, ચિત્રમય જગતમાંથી ૧, લુહાણાહિતેચ્છુમાંથી ૧, વીસ-મી સદીમાંથી ૧, ત્રિવેદી મેવાડા વર્તમાનમાંથી ૧, સ્ત્રીશક્તિમાંથી ૧, બે ઘડી મોજમાંથી ૧, ગુજરાતીમાંથી ૧ અને વ્યાયામમાંથી ૧. ઉપરાંત માતાની ગોદ નામની વાર્તાના સામયિકને મથાળે તે સામયિકનું નામ નહિ હોવાથી તે સામયિકનું નામ અહીં આપી શકાયું નથી.

ઉત્તમ વાર્તાઓ તથા શુભસંગ્રહ વગેરેમાં છપાતા ઉપકારક લેખો, પ્રથમ કોઇ સામયિક પત્રમાં છપાયા હોય તે ઉપરથીજ પસંદ કરીને છપાવવાનું બની શકે તેમ હોવાથી કોઇ પણ લેખક બંધુ પોતાનું મૂળ લખાણ અત્ર તરફ મોકલવા શ્રમ લે નહિ એવી વિનંતિ છે.

આ સેવક તો આવા સંગ્રહો વડેજ વિવિધ ગ્રંથમાળા ચલાવવા-ની ઇચ્છા વર્ષો અગાઉ દર્શાવી ચૂકયો છે; પરંતુ બીજા ખાસ ઉપ-કારક ગ્રંથોના સુયોગ સહજે મળ્યા કરવાથી હજી એ પ્રમાણે સર્વાંશે બની શકતું નથી. ॐ तत्सत्

ગીતાજયંતી-સં. ૧૯૯૩ **ભિક્ષુ-અખંડાનંદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સં. ૧૯૯૨ નો વિવિધ ગ્રંથમાળાનો પૃષ્ઠમેળ

ગ્રંથાંક	પુસ્તકનું નામ	મૂલ્ય	પૃષ્ઠ
૨૭૭ થી ૨૮૦	શ્રી ચૈતન્ય મહાપ્રભુ–ખંડ ૧–૨	૨।	૬૮૪
૨૮૧ થી ૨૮૨	શ્રી ચૈતન્ય મહાપ્રભુ–તૃતીય ખંડ	૧।	૩૯૬
૨૮૩ થી ૨૮૬	શ્રી ચૈતન્ય મહાપ્રભુ–ખંડ ૪–૫	૧॥	૫૧૬
૨૮૭ થી ૨૮૮	ટુંકી વાર્તાઓ–ગ્રંથ ૫ મો	૧।	૪૦૮
		૬।	૨૦૦૪

ઉપરાંત—

૧૦ ત્રિરંગી તથા ૧૨ એકરંગી ચિત્રો પણ અપાયાં છે.

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૧	૧૦	મુખત્વે	મુખ્યત્વે
૭૭	૧૫	સાંભળાંજ	સાંભળતાંજ
૮૬	૨૦	દ્દષ્ટ	દૃષ્ટિ
૯૨	૨	દર્શનન	દર્શન
૯૨	૭	કરવો.	કરાવો.
૧૦૫	૯	કઠોળ	કઠોર
૧૭૦	૨૮	રાજદ્રાહી	રાજદ્રોહી
૧૭૧	૨૦	રાજદ્રાહી	રાજદ્રાહી
૧૭૮	૨૭	વિદ્રાહ	વિદ્રોહ
૧૮૧	૩૪	પ્રકાશે	પ્રકાશશે
૧૮૫	૧૬	હાડાપંજર	હાડપિંજર
૧૯૭	૧૫	રહ્યા.	રહ્યો.
૧૯૯	૮	રમતર મી	રમત રમી
૧૯૯	૧૬	પ્રવાણકાન્ત	પ્રવીણકાન્ત
૨૧૦	૧૬	"સ્ત્રીશાક્ત"	"સ્ત્રીશક્તિ"
૨૧૩	૨૦	પિત્તા	પિત્તો
૨૫૩	૭	એડ	એક
૨૭૩	૫	સરાં સારાં	સારાં સારાં
૨૯૩	૧૩	ધ્રજતે	ધ્રૂજતે
૩૩૦	૩૪	સા	સૌ
૩૪૫	૨૧	સાથી	સૌથી
૩૪૮	૧૮	અધો–પોણો	અર્ધો–પોણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनुक्रमणिका

ક્રમાંક	વાર્તાનું નામ	પૃષ્ઠાંક
૧	મૃત્યુ સામે પ્રેમ...	૧
૨	સ્નેહ–સાંકળનો છેલ્લો મણકો	૧૪
૩	બજરંગી હનુમાન	૨૬
૪	અતિરથી અર્જુન	૩૧
૫	પ્રભુનો દરવાન...	૪૦
૬	છોકરાંની રમત...	૪૬
૭	શુક–શિક્ષા	૫૪
૮	તાપણી	૫૮
૯	કાર્નિવલની કથા	૬૪
૧૦	માધવને ભાન આવ્યું.	૭૦
૧૧	માતાની ગોદ	૭૪
૧૨	ઠાકોરજી	૭૬
૧૩	વૈરાગીની વીરતા	૮૧
૧૪	મૂર્તિનો મુગટ	૮૬
૧૫	ચેપી રોગનું જંતુ	૯૩
૧૬	કાદવનું ફૂલ	૧૦૩
૧૭	ગોવિંદનું ખેતર...	૧૧૨
૧૮	દારિદ્રનાં દુઃખ	૧૨૦
૧૯	ભોગ આપ્યો.	૧૨૯
૨૦	ગરીબની હાય	૧૩૯
૨૧	ઢેઢનો માસ્તર	૧૪૯
૨૨	હોકા પરિષદ	૧૫૪
૨૩	રિસામણાં	૧૫૯
૨૪	રાજદ્રોહી ગવૈયો	૧૬૫
૨૫	દાનશીલતા	૧૭૨
૨૬	સ્વપ્નદર્શન	૧૭૯
૨૭	અકસ્માત	૧૮૩
૨૮	હાજરીકારકુન	૧૯૪
૨૯	છેલ્લું સમર્પણ...	૧૯૮
૩૦	શ્રીયુત નંદુભાઈ...	૨૦૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમાંક	વાર્તાનું નામ	પૃષ્ઠાંક
૩૧	બાપુ ...	૨૧૧
૩૨	સંપેતરૂ	૨૧૭
૩૩	અક્કલની વહેંચણી	૨૨૪
૩૪	સારંગીવાળો	૨૨૭
૩૫	દેશને માટે	૨૩૮
૩૬	નિષ્ઠુરતાનો ભોગ	૨૪૩
૩૭	ઘડીતાલ	૨૪૮
૩૮	દુષ્કાળનિવારણ ...	૨૫૪
૩૯	લલિતા પુસ્તકાલય	૨૫૮
૪૦	ખોટી ભ્રમણા ...	૨૭૧
૪૧	મારૂં પુસ્તક	૨૭૫
૪૨	સુવર્ણ કળશ	૨૭૯
૪૩	ગ્રામસેવા—એક આદર્શ ચિત્ર	૨૮૭
૪૪	રાવણઘાટ	૨૯૫
૪૫	એકરાર	૩૦૦
૪૬	બિચારાં કચડાયલાં !	૩૦૬
૪૭	હાય ગરીબી ! ...	૩૧૬
૪૮	નોકરીની શોધમાં	૩૨૦
૪૯	પાનાચંદ શેઠના પરતાપે...	૩૨૭
૫૦	એકજ હથિયાર...	૩૩૪
૫૧	ભાડાનું ઘર	૩૪૪
૫૨	કૌપીનધારી	૩૫૦
૫૩	મૂડીવાદી માનસ યાને કીસાનોનું શોષણ	૩૫૪
૫૪	અઢાર ઉમેદવારો	૩૬૮
૫૫	બેકારી	૩૮૧
૫૬	અંધપ્રવાસી	૩૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ग्रंथस्वीकार

નીચેનાં પુસ્તકોનો સાભાર સ્વીકાર કરી જણાવવાનું કે, આ સંસ્થા તરફ આવતાં પુસ્તકો વાંચી-વંચાવી અભિપ્રાયાદિ છાપવાનું ધોરણ રખાયું નથી; પરંતુ યોગાનુયોગ નીચે પ્રમાણે માત્ર પુસ્તકોનાં નામ, ઠામ, કદ, મૂલ્ય વગેરેજ જણાવાય છે.

૧-ગીતાપ્રેસ-ગોરખપુર તરફનાં (હિંદી) પુસ્તકો

ઉપનિષદોંકે ચૌદહ રત્ન—લેખકઃ-હનુમાનપ્રસાદ પોદ્દાર. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૦૪, સાદુ પૂંઠું, મૂલ્ય ०।≈

શતશ્લોકી—અનુવાદકઃ-મુનિલાલ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૬૪, સાદુ પૂંઠું, મૂલ્ય ०)≈

શરણાગતિરહસ્ય—લેખકઃ-ભટ્ટ મથુરાનાથ શાસ્ત્રી. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૬૦, સાદુ પૂંઠું, મૂલ્ય રૂ. ०॥≈

સ્તોત્રરત્નાવલિ—અનુવાદકઃ-હનુમાનપ્રસાદ પોદ્દાર. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૪૦, સાદુ પૂંઠું મૂલ્ય ०॥

ઈશ્વર દયાલુ ઔર ન્યાયકારી હૈ—લેખકઃ-જયદયાળ ગોયન્દકા. કદ ૫।×૩॥, પૃષ્ઠ ૨૪, સાદુ પૂંઠું, મૂલ્ય ०)०।

મહાત્મા કિસે કહતે હૈં—લેખકઃ-જયદયાળ ગોયન્દકા. કદ ૫।×૩॥, પૃષ્ઠ ૨૪, સાદુ પૂંઠું મૂલ્ય ०)०।

ભગવત્પ્રાપ્તિકે વિવિધ ઉપાય—લેખકઃ-જયદયાળ ગોયન્દકા. કદ ૫।×૩॥, પૃષ્ઠ ૨૪, સાદુ પૂંઠું, મૂલ્ય ०)०।

ધૂપદીપ—લેખકઃ-માધવ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૩૬, સાદુ પૂંઠું, ०॥≈

કલ્યાણકુંજ શિવ—લેખકઃ-ઘનશ્યામદાસ જાલન. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૩૬, સાદુ પૂંઠું, મૂલ્ય ०।

તત્ત્વવિચાર—લેખકઃ-જ્વાલાપ્રસાદ કનોડિયા. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૦૬, સાદુ પૂંઠું, મૂલ્ય ०।≈

આનંદમાર્ગ—લેખકઃ-ચૌધરી રઘુનંદનપ્રસાદ સિંહ, કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૨૪, સાદુ પૂંઠું, મૂલ્ય ०॥-

સૂક્તિસુધાકર—સંગ્રાહકઃ-ગીતા પ્રેસ ગોરખપુર, કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૭૬, સાદુ પૂંઠું મૂલ્ય ०॥≈

પૂજાકે ફૂલ—લેખકઃ-ભૂપેન્દ્રનાથ દેવશર્મા. કદ ૫×૭॥, પૃષ્ઠ ૪૨૦, સાદુ પૂંઠું, મૂલ્ય ०॥-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨-નવજીવન કાર્યાલય-અમદાવાદનાં પુસ્તકો

માતર તાલુકાની આર્થિક તપાસ—લેખકઃ-જે. સી. કુમારપ્પા. કદ ૬×૯, પૃષ્ઠ ૧૩૨, સાદુ પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

મહાવીરસ્વામીનો આચારધર્મ—સંપાદકઃ-ગોપાલદાસ જીવાભાઇ પટેલ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૨૨૮, સાદુ પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥।

જીવનનો આનંદ—લેખકઃ-દત્તાત્રય બાળકૃષ્ણ કાલેલકર. કદ ૬×૯, પૃષ્ઠ ૪૪૮, સાદુ પૂંઠું મૂલ્ય રૂા. ૧॥

ઓતરાતી દિવાલો—લેખકઃ-દત્તાત્રય બાળકૃષ્ણ કાલેલકર. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૩૬, સાદુ પૂંઠું, મૂલ્ય રૂા. ૦ાૂ

ગીતાપદાર્થકોષ—લેખકઃ-મોહનદાસ કરમચંદ ગાંધી. કદ ૩॥×૫॥, પૃષ્ઠ ૨૫૮, સાદુ પૂંઠું, મૂલ્ય ૦।

૩-ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી-અમદાવાદનાં પુસ્તકો

ગ્રંથ અને ગ્રંથકાર-ભા. ૭ મો—સંગ્રાહકઃ-હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ. કદ ૬×૯, પૃષ્ઠ ૨૬૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)

અર્વાચીન (ઈ. સ. ૧૮૫૮ થી ૧૯૦૭) ગુજરાત—લેખકઃ-હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ. કદ ૬×૯, પૃષ્ઠ ૨૭૬, સાદુ પૂંઠું મૂલ્ય રૂા. ૧)

મિરાતે અહમદી-વૉ. ૨ જું-ખંડ ૪ થો—લેખકઃ-કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી. કદ ૬×૯, પૃષ્ઠ ૨૪૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)

મુણ્ડકોપનિષદ્—અનુવાદકઃ-મણિલાલ છબારામ ભટ્ટ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૪૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

મનુષ્યસ્વભાવ અને સામાજિક ક્રમ—લેખિકાઃ—વિનોદિની નીલકંઠ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૧૨, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)

સ્ત્રીઓ અને સ્વાસ્થ્ય—લેખકઃ-ઉમેદભાઇ રણછોડભાઇ પટેલ. કદ ૫×૭॥, પૃષ્ઠ ૬૪, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦।

પ્રબોધપ્રકાશ—સંપાદકઃ-કેશવરામ કાશીરામ શાસ્ત્રી, કદ ૫×૭॥, પૃષ્ઠ ૧૦૮, સાદુ પૂંઠું, મૂલ્ય રૂા. ૦॥

શાળાઓમાં સુથારીકળાનું શિક્ષણ—લેખકઃ-આઇ. ડબ્લ્યુ. મુમ્મા. કદ ૫×૭॥, પૃષ્ઠ ૮૦, મૂલ્ય રૂા. ૦॥

મનોમુકુર-ગ્રંથ ૨જો—લેખકઃ-નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા. કદ ૫×૭॥, પૃષ્ઠ ૩૧૮, સાદું પૂંઠું મૂલ્ય રૂા. ૧)

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનો—સને ૧૯૩૫ ની સાલનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪–અન્ય સજ્જનો તરફથી મળેલાં પુસ્તકો

નિત્યપ્રસાદ—લેખકઃ—મોતીલાલ જે. મહેતા. પ્રકાશકઃ–દરબાર સાહેબ શ્રી મુળુવાળા, સી. આઇ. ઇ. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૬૪૮, જિજ્ઞાસુઓને અમૂલ્ય.

શ્રીજ્ઞાનસત્ર ગીતા—અનુવાદક અને પ્રકાશકઃ–આશાભાઇ કાશીભાઇ પટેલ. ઠે. સંતરામ મંદિર–નડીઆદ. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૪૨૦, મૂલ્ય રૂા. ૦ાા

શ્રીરામચરિતમાનસ (હિંદી)—ટીકાકારઃ–શ્રી. રામનરેશ ત્રિપાઠી, પ્રકાશકઃ–હિંદી મંદિર, પ્રયાગ. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૧૩૧૬, મૂલ્ય રૂા. ૫)

રવિભાણ સંપ્રદાયની વાણી—પ્રકાશકઃ–મંછારામ મોતીભાઈ ઠે. ૧૨–શોલાપુર રોડ–પુના. કદ ૬×૯, પૃષ્ઠ ૪૫૬, મૂલ્ય અમૂલ્ય.

સાધુ સંતોની ફુલવાડી—સંગ્રાહકઃ–મંત્રી, સત્સંગમંડળ. પ્રકાશક–શ્રીનરનારાયણનું મંદિર–મુંબાઇ. કદ ૬ાા×૧૦, પૃષ્ઠ ૨૧૦, મૂલ્ય લખ્યું નથી.

સહજ સુખસાધન—લેખકઃ–બ્રહ્મચારી શીતલપ્રસાદજી. પ્રકાશકઃ–મૂળચંદ કિશનચંદ કાપડીઆ, કાપડીઆ ભુવન–સુરત. કદ ૬ાા×૧૦, પૃષ્ઠ ૩૯૨, મૂલ્ય લખ્યું નથી.

માનસનાં મોતી—લેખકઃ–વલ્લભજી ભાણજી મહેતા. પ્રકાશકઃ–બીખાભાઇ ગોપાળજી પારેખ–ભાવનગર. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૧૨૮, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૦ાૡ

હેલ્થ નેચર એન્ડ રીલીજીઅન (અંગ્રેજી)—લેખક અને પ્રકાશકઃ–ડૉ. ચિંતુલાલ એમ. દેસાઇ–મુ. ધર્મજ (વાયા પેટલાદ). કદ ૫×૭ાા, પૃષ્ઠ ૯૬, પાકું પૂંઠું, મૂલ્ય રૂા. ૦ાાા

યુગાવતાર ગાંધી—લેખકઃ–રામનારાયણ નાગરદાસ પાઠક. પ્રકાશકઃ–લોકોપયોગી સસ્તી ગ્રંથમાળા. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૨૨૪, સાદુ પૂંઠુ, મૂલ્ય રૂા. ૦ાા

સ્વરાજ્યનું પતન—લેખક અને પ્રકાશકઃ–રતિલાલ હરજીવનદાસ પટેલ–ઠે. કૃષ્ણ સદન, તિલકરોડ–શાંતાક્રુઝ. કદ ૫×૭ાા, પૃષ્ઠ ૨૬૬, પાકુ પૂંઠુ, મૂલ્ય રૂા. ૦ાાાઽ

પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણ—(ઉત્તરાર્ધ) અનુવાદક અને પ્રકાશકઃ–મોહનલાલ વિઠ્ઠલદાસ ગાંધી–મુ. મોડાસા (એ. પી. રેલ્વે). કદ ૫×૭ાા, પૃષ્ઠ ૨૨૪, મૂલ્ય રૂા. ૧ા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાવિક અને શૈલૂષ—લેખક અને પ્રકાશકઃ-વજેશંકર કાનજી પટ્ટણી-અનંતવાડી, ભાવનગર. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૬૦, સાદું પૂંઠું, મૂલ્ય રૂા. ૧)

ભાજીપાલો અને મરી-મશાલો—લેખક અને પ્રકાશકઃ-વૈદ્ય ગોપાળજી કુંવરજી ઠક્કુર-સંપાદકઃ-'આરોગ્ય સિંધુ.' ઠે. નાનકવાડા, કરાંચી. કદ ૫×૭ા, પૃષ્ઠ ૧૬૦, સાદુ પૂંઠું, મૂલ્ય રૂા. ૧)

પરમાર્થ—લેખકઃ-ઈશ્વિરશરણ, પ્રકાશકઃ-ધી કાઠીઆવાડ પ્રીન્ટીંગ વર્કર્સ, રાજકોટ. પૃષ્ઠ ૨૮, મૂલ્ય લખ્યું નથી.

૫-રિપોર્ટ-વૃત્તાંત ઇત્યાદિ

શ્રી કચ્છ અંજાર હરિજન સેવક સંઘનો હેવાલ તથા હિસાબ સં. ૧૯૮૯ થી સં. ૧૯૯૨ ના કારતક સુ. ૨ સુધીનો.

ધી ચોરવાડ મિત્રમંડળ લાયબ્રેરીનો સિલ્વરજ્યુબિલી અંક—સને ૧૯૩૫ નો.

શ્રી હાંસોટ હિંદુ પુસ્તકાલયનું વાર્ષિક નિવેદન—તા. ૧-૧-૩૫ થી તા. ૩૧-૧૨-૩૫ સુધીનું.

બહેરા મૂંગાની શાળા-અમદાવાદનો વાર્ષિક હેવાલ સને ૧૯૩૫ નો.

ગુરુકુળ-સુપાનો વાર્ષિક વૃત્તાંત સં. ૧૯૯૦-૯૧ નો.

શ્રી ગ્રામ્ય સેવાસદન-ખેરગામ તા. ૧-૧૨-૩૩થી તા. ૩૧-૧૦-૩૫ સુધીનો વૃત્તાંત અને હિસાબ.

શ્રી નર્મદા બ્રહ્મચર્ય આશ્રમ-ચાંદોદનો ત્રેવીસમો વાર્ષિક વૃત્તાંત સં. ૧૯૯૧ નો.

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિ ભવનનો અહેવાલ—જુન ૧૯૩૫ થી મે ૧૯૩૬ સુધીનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री रामायणनुं महत्त्व

प्रीति करै रामायण माही, तेही सम भाग्यवंत कोउ नाहीं ।।

"રામાયણ, એ જગતમાં જેનો જોટો મળતો નથી એવો અનન્ય સાહિત્યગ્રંથ છે." **વિવેકાનંદ**

"રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે, તેટલો કોઇ પણ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, રાજપુરુષ કે રાજાથી પણ દૂર કરાયો નથી." **બંકિમચંદ્ર**

"કાવ્યનાં બંને અંગ–કવિ અને નાયક–ની બાબતમાં રામાયણના જોટાનો કોઇ પણ ગ્રંથ કોઈ દેશમાં મળે તેમ નથી. રામચંદ્ર સમાન પ્રખર સામર્થ્યવાળો તથા ઉદાત્ત નીતિવાળો કોઇ પણ પુરુષ જગતભરના ઇતિહાસમાં દેખાતો નથી. તેમ મહર્ષિ વાલ્મીકિ અને તુલસીદાસજી જેવી દિવ્ય પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળા કવિ પણ કોઇ જણાતા નથી. હોમર તથા વર્જીલના "ઇલિયડ" તથા "ઈનીડ" અને મિલ્ટન કવિનો "પેરેડાઇઝ લૉસ્ટ" પાશ્ચાત્યોમાં ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં રામાયણ ગ્રંથ કેટલો બધો શ્રેષ્ઠ છે! કદાચ કોઈ કાવ્યશક્તિમાં હોમર વગેરેને વાલ્મીકિની બરોબરીએ બેસાડે, પણ તેઓના કાવ્યનાયકો ઍકિલિસ વગેરે નીતિની દૃષ્ટિએ તો રામાયણના રામચંદ્રાદિ કરતાં બહુ ઉતરતા છે. સારાંશ કે, રામાયણ માટે આર્ય લોકો જે અભિમાન ધરે છે તે યોગ્યજ છે." **ચિં. વિ. વૈદ્ય**

"રામાયણ એ કહેવામાં તો એક મહારાજાનું જીવનચરિત્ર છે, પરંતુ વાસ્તવમાં તો એ ગ્રંથ આ સંસારના મળનો નાશ કરનારા અગ્નિરૂપ છે. એ અંધકારમાં પ્રકાશ, સ્ત્રીઓનો ધર્મ, પુરુષોનું પૌરુષ, બ્રાહ્મણોનું બ્રહ્મતેજ, ક્ષત્રિયોનો ક્ષાત્રધર્મ, વૈશ્યોનું ધન, શૂદ્રોનો ધર્મ અને ગૃહસ્થાશ્રમી નરનારીઓનો સુખદીપક છે. એ ગ્રંથરૂપી તેજસ્વી દીપક હાથમાં રાખીને જે કોઇ તેના પ્રકાશમાં ચાલે છે તે જીવનયુદ્ધમાં કદી પણ હારવાનો નહિ." **સંતરામ શર્મા**

"રામાયણને વાંચીને અમે કંઇકના કંઇક બની રહીએ છીએ. અમારામાં ઉંચા ઉંચા ખ્યાલ ઉપજી મનુષ્યના ભૂષણરૂપ સદ્ગુણો આવી હાજર થાય છે. સત્યાચરણ, પિતૃભક્તિ, પતિવ્રતાધર્મ, પતિકર્તવ્ય, પિતામાતાનો સ્નેહ, વિનય, ધીરજ, દયા, સારાંશ કે માનુષી ગુણોનું એવું કોઈ ચિત્ર નથી કે જેનું યથાર્થ રૂપ કવિએ પોતાની જાદુભરી કલમ વડે આમાં આલેખ્યું નથી." **મિ. ગ્રેફ્ટ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सामाजिक टुंकी वार्ताओ
ग्रंथ ५ मो-भाग १० मो

१-मृत्यु सामे प्रेम

(લેખકઃ-શ્રી. દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકર)

વનવાસનાં કષ્ટ વેઠતી દ્રૌપદીને આશ્વાસન આપવા સારૂ ઋષિઓએ જે અનેક વાર્તાઓ કહી તેમાં સીતાની કથા અને ત્યારપછી સાવિત્રીની કથા કહેવામાં ઋષિઓએ કેટલું ઔચિત્ય વાપર્યું છે! સીતા, સાવિત્રી અને સતી ઉમા એ આર્ય રમણીનો ત્રિવિધ આદર્શ છે.

મદ્ર દેશના અધિપતિ અશ્વપતિને અપત્ય નથી. રાજા નગરવાસી તેમજ ગ્રામવાસી લોકોને અત્યંત પ્રિય છે. અંતઃકરણનો ઉદાર, સત્યપ્રતિજ્ઞ, જિતેન્દ્રિય અને ક્ષમાશીલ એવા રાજાની પરંપરા અબાધિત રહે એવી ચિંતા પ્રજાને પણ હોય છે. રાજાએ અનેક જાતની કઠણ તપસ્યા કરી અને ઇંદ્રિયોનું દમન કરી પરમાત્મશક્તિની આરાધના કરી.

જીવનકાર્ય એક જન્મમાં પૂરૂં નથી થતું. સમાજસેવા અને રાષ્ટ્રસેવા પેઢી દર પેઢી ચાલે, વંશપરંપરાગત કુલધર્મ થઇ જાય, ત્યારેજ ધાર્યું ફળ મળવાનું. કુલવ્રત સતત ચાલે એટલા માટે રાજાએ સંતતિની ઇચ્છા કરી. '**संतानं परमो धर्मः**' કુલધર્મ તો પુત્રોજ પાળે, પુત્ર વગર ગતિ નથી, એમ માની રાજાએ પુત્રની ઇચ્છા કરી. પણ પરમાત્માને બતાવવું હતું કે ધર્મનો ઉત્કર્ષ બતાવવા માટે પુરુષોની પેઠે સ્ત્રીઓ પણ સમર્થ થઇ શકે છે. પુત્ર માગનાર રાજાને એક કન્યારત્ન જડયું. પુત્ર માટે ઝંખનાર માતાપિતાને જ્યારે કન્યાપ્રાપ્તિ થાય ત્યારે એનાં લાડ અને ઉછેર પુત્ર જેવાંજ થાય તો તેમાં શી નવાઇ! સાવિત્રી એજ રીતે સંસ્કારી સ્વતંત્રતાના વાતાવરણમાં ઉછરી. દેવકન્યાને શોભે એવી ઉત્તમ કેળવણી એને મળી. પરિણામે છોકરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજસ્વિની થઈ. નિખાલસતા, નિર્ભયતા અને ઉચ્ચ સંસ્કારિતાને લીધે જ્યાં ત્યાં છોકરીનું એવું તો તેજ પડવા લાગ્યું કે એની આગળ ભલભલા રાજપુત્રો ફિક્કા દેખાવા લાગ્યા. સાવિત્રીને લાયક આપણે છીએ એવો આત્મવિશ્વાસ એકકે રાજપુત્રમાં ન મળે. જે પ્રેમ કરવા આવે તે પૂજાજ કરતો થાય. છોકરી મોટી થઇ. બધી રીતે સંસ્કાર-સંપન્ન દેખાઈ. શરીરે પણ અંગેઅંગ પૂર્ણવિકસિત. અને પ્રૌઢ રાજાને વિચાર થયો કે, વંશવિસ્તાર ન થાય તો આટલા બધા સંસ્કારની પરંપરા કેમ જળવાય ? પિતાએ ઇરાદાપૂર્વક દીકરીને સ્વતંત્રતાની કેળવણી આપી હતી. તેથી વિશ્વાસપૂર્વક એણે સાવિત્રીને કહ્યું કેઃ– "ક્ષત્રિયોના રિવાજ પ્રમાણે રાજપુત્રોએ તારે વિષે માગું કરવું જોઇએ; પણ કોઇ હિંમત કરતું નથી."

તને આપણા કુલવ્રતની ખબર છે. સર્વ શુભ સંસ્કારોથી તું યુક્ત છે. તું તારી મેળે તારો પતિ પસંદ કરી મને જણાવ. હું એ વાતનો યોગ્ય વિચાર કરી તારા પસંદ કરેલા યુવાનનેજ તને અર્પણ કરીશ. હું ઇચ્છું છું કે, તારી ઇચ્છા પ્રમાણે તું વર શોધી લે. આ માર્ગ રૂઢ ભલે ન હોય પણ ધર્મસંમત છે એમ બ્રાહ્મણોએ મને કહ્યું છે. આ બાબતમાં હું બેદરકાર રહું તો દેવો મને ઠપકો દેશે."

કન્યાએ પિતાના વૃદ્ધ મંત્રીને સાથે લઇ પ્રયાણ કર્યું. સાવિત્રીને લાયક વર સહેજે જડે એમ હતુંજ નહિ. તે અનેક નગરોમાં, દેશોમાં અને વનોમાં ફરી. આમ યાત્રા કરતાં કરતાં અત્યંત કિંમતી કેળવણી પણ એને મળતી ગઇ. આખરે એને પોતાને લાયક પતિ જડયો. પિતાની સંમતિ વગર વાત તો થાયજ નહિ, એટલે સાવિત્રી સીધી પાછી ઘેર આવી. પિતાને મળવા જાય છે ત્યાં તો ત્રિલોકમાં જેમનો સંચાર અપ્રતિહત છે એવા ભગવદ્‌ભક્ત, જનહિતૈષી નારદ મુનિને ત્યાં આવેલા જોયા. નારદનું દર્શન એટલે ધાર્મિક તેમજ લૌકિક જ્ઞાનની ઉજાણી; સુર અને અસુર, મનુષ્યો તેમજ ગંધર્વ–કિન્નરો બધાજ **सर्वभूतहिते रतः** એવા નારદને ચાહે. સાવિત્રીએ પિતાને અને બ્રહ્મદેવના પુત્રને નમસ્કાર કર્યા. નારદે કુશલ પ્રશ્ન પૂછયાઃ "કન્યા ઉંમરલાયક થઇ છે; એને કયારે પરણાવવાના છો ?" રાજાએ પોતાનો આદર્શ જણાવી દીધો અને કહ્યું કે "સાવિત્રી પોતાનો વર ખોળવા ગઇ હતી તે હમણાંજ આવે છે. એની વાત આપણે સાંભળીશું." સાવિત્રીએ કહ્યું કે "શાલ્વ દેશના દ્યુમત્સેન રાજાનું નામ પ્રખ્યાત છેજ. આજે એ રાજ્યભ્રષ્ટ થઇ વનમાં વનવાસીની પેઠે રહે છે. એને આંખે અંધત્વ આવ્યું છે. રાજ્યભ્રષ્ટ થવાથી જે કષ્ટ વેઠવાં પડે છે તેમાં એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દારુણ તપશ્ચર્યાનો ઉમેરો કર્યો છે, છતાં એની તિતિક્ષાનો ભંગ થયો નથી. એનો સુશીલ પુત્ર સત્યવાન એજ મારે લાયક છે એમ મેં નક્કી કર્યું છે અને મારા મનથી હું એને વરી ચૂકી છું." નારદ ઋષિના મોઢામાંથી દુઃખનો ઉદ્‌ગાર નીકળી ગયો. એ બોલ્યાઃ "ભૂંડુ થયું." રાજાને થયું કે દીકરીએ સ્વયંવરમાં થાપ ખાધી છે. એટલામાં રાજાના મુખ પરની ચિંતા જોઇ નારદ બોલ્યાઃ "માતા અને પિતા અત્યંત સત્યનિષ્ટ હોવાથી બ્રાહ્મણોએ દીકરાનું નામ સત્યવાન રાખ્યું છે. જંગલમાં રહ્યાં રહ્યાં એણે કેળવણી પણ સરસ મેળવી છે. માટીના ઘોડાઓ અને જાત જાતનાં રમકડાં નાનપણમાં એવાં તો સરસ બનાવતો અને ચિત્રો પણ એવાં તો સરસ ચિતરતો કે એનું નામ ચિત્રાશ્વ પડયું છે."

"નાનપણના ગુણ મોટપણમાં ટકેજ છે, એવી કયાં ખાતરી છે?" રાજાએ પૂછ્યુંઃ "પણ એ રાજપુત્ર આજે કેવો છે? સત્યનિષ્ઠ, તેજસ્વી, બુદ્ધિમાન, ક્ષમાસંપન્ન, શૂર અને પિતૃભક્ત એટલા ગુણો એનામાં ન હોય તો મારી કન્યાએ પસંદગીમાં ભૂલ કરી છે એમજ માનવું પડશે." નારદની વાગ્ધારા ચાલી–સત્યવાનનું સ્તુતિસ્તોત્ર ગાતાં એકકે રાજર્ષિની ઉપમા બાકી ન રહી. સત્યવાન, રૂપવાન, ઉદાર અને પ્રિયદર્શન તો હતોજ; પણ રાજાને આવશ્યક એવા બધાજ ગુણો એની અંદર નારદે જોયેલા અને તેજસ્વિતાની સાથે સરળતા અને મર્યાદાશીલતા એ વિશેષ ગુણને માટે શીલવૃદ્ધ અને આચારવૃદ્ધ લોકો એનાં વખાણ કરે છે એમ નારદે ઉમેર્યું.

"ત્યારે ભૂંડું શું થયું?" કટાણું મોં કરી નારદે કહ્યુંઃ "એ સર્વગુણસંપન્ન રાજપુત્રને હવે એકજ વર્ષ આયુષ્ય બાકી રહ્યું છે. એનું મરણ ટાળવાની શક્તિ કોઇની નથી એમ હું જોઉં છું." "ત્યારે આવો જમાઇ કોણ પસંદ કરે?" રાજાએ અને નારદે કન્યાને ભલામણ કરી કે "બીજો વર શોધી કાઢવો એજ યોગ્ય છે." શીલપરાયણ રાજકન્યાએ તે સૂચનાનો જરાયે આદર ન કર્યો. એણે કહ્યું કે "સજ્જનોનો એ માર્ગ નથી. જેને એક વાર હું વરી છું એ દીર્ઘાયુ હો કે અલ્પાયુ હો, સગુણ હો કે નિર્ગુણ, એનેજ વરી છું; હવે બીજાને નહિજ વરૂં. કોઇ પણ વસ્તુનો પ્રથમ મનમાં સંકલ્પ થાય છે, એ પ્રમાણે શબ્દમાં એ ઉચ્ચારાય છે, અને ત્યાર પછી એ પ્રમાણે કૃતિ થાય છે. મનના નિશ્ચય ઉપર વાણી અને કૃતિનો આધાર છે અને એ બન્નેની પ્રેરણા પણ એમાંથીજ થાય છે. માટે મન એજ મારે મન પ્રમાણ છે." **प्रमाणं मे मनस्ततः ।** આવા ધાર્મિક નિર્ણય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ રાજા પણ શું કહી શકે અને નારદ પણ શું કહે ? સાવિત્રીનો નિશ્ચય વધાવી લઈ મોઢામાંથી નીકળ્યા એવા આશીર્વાદ દઇ નારદ સંચાર કરવા ઉપડયા, અને રાજા દ્યુમત્સેનના આશ્રમ તરફ જવાની તૈયારી કરી.

પ્રથમ તો દ્યુમત્સેનને બધું આશ્ચર્ય જેવુંજ લાગ્યું. રાજ્યભ્રષ્ટ થયેલા, અંધ, વનવાસી રાજાના પુત્રને સાવિત્રી જેવી ઉત્કૃષ્ટ અને તેજસ્વિની કન્યા આપવા એનો પિતા આવે છે એના કરતાં વધારે અદ્ભુત કયું ? અશ્વપતિએ જવાબ વાળ્યો: "મારી કન્યા પણ જાણે છે અને હું પણ જાણું છું કે સુખ અને દુ:ખ બન્ને અસ્થાયી છે. બન્નેનો નાશ છે. સારા માણસે એનો વિશ્વાસ ન કરવો. ગૌરવની દૃષ્ટિએ આપણાં બન્નેનાં કુળ સમાન છે, અને મારી દીકરીએ વિચારપૂર્વક પોતેજ આ સંબંધ પસંદ કર્યો છે."

આશ્રમમાં થઇ શકે એ ઢબે વિવાહ થઇ ગયા. સાવિત્રીએ પિતાને માઠું ન લાગે એટલા માટે પિતા હાજર હતા ત્યાં સુધીજ ઘરેણાં પહેર્યાં. અશ્વપતિ પાછા ફર્યા કે તરતજ સાવિત્રીએ બધાં ઘરેણાં ઉતારી ભગવાં લીધાં; અને શુશ્રૂષા, સદાચાર, નમ્રતા તથા ઇન્દ્રિયદમન, એ પોતાના આચારધર્મ બનાવી પ્રસન્નતાથી રહી બધાંને પ્રસન્ન કર્યાં. સાસુ, સસરા વગેરે સર્વ સંબંધીઓને તેમજ પતિને પોતાના સદ્ગુણોથી સંતુષ્ટ કરી આશ્રમલક્ષ્મી જેવી ત્યાં એ શોભવા લાગી. સંસ્કારી, ધર્મપરાયણા જિતેંદ્રિય સ્ત્રીના સહવાસમાં સત્યવાનનો આનંદ વધતો ગયો. સાવિત્રીને સેવાનો આનંદ તો હતોજ, પણ નારદે કહેલી આગાહી એ આનંદને બાળીને ભસ્મ કરતી હતી. મહિનાઓ ગયા અને દિવસો રહ્યા; હવે તો ચારજ દિવસ બાકી રહ્યા. સાવિત્રીએ આહાર અને નિદ્રાનો ત્યાગ કર્યો. દ્યુમત્સેન રાજા ગભરાયા. ત્રણ દિવસ સુધી ઉભા ને ઉભાજ રહેવાનું વ્રત હતું તે પાર કેમ પડે ? સાવિત્રીએ જવાબ વાળ્યો કે "તાત! ચિંતા ન કરો. મેં નિશ્ચયપૂર્વક વ્રત શરૂ કર્યું છે અને નિશ્ચય એજ કાર્યસિદ્ધિનું કારણ છે. **व्यवसायश्च कारणम्।** સુશીલ સાવિત્રીનો વિરોધ કોણ કરે ? ત્રણ દિવસ એમ ને એમ નીકળી ગયા. છેલ્લી રાત્રે સાવિત્રીની એક એક ક્ષણ કેવી ગઇ હશે ? સવાર પડતાંવેંત સાવિત્રીએ નિત્યકર્મ પૂરૂં કરી પ્રદીપ્ત અગ્નિમાં હવન કર્યું, વડિલોને નમસ્કાર કર્યા. બધાંએ તેને આશીર્વાદ આપી, ભોજન કરવા આગ્રહ કર્યો. સાવિત્રીને આહારનિદ્રાદિ દેહધર્મ શી રીતે સૂઝવાના હતા ! એણે નમ્રતાપૂર્વક સાસુસસરાને કહ્યું કે, સૂર્યાસ્ત પછી અમુક ઇષ્ટ વસ્તુ પૂરી કરી પછીજ જમવાનો મારો સંકલ્પ છે. એટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લામાં સત્યવાન ખાંધે કુહાડી મૂકી ફળો અને લાકડાં આણવા જવા લાગ્યો. સાવિત્રીએ કરગરીને કહ્યું કે, એકલા ન જાઓ; હું તમારી સાથે આવું છું. આજે તમારાથી દૂર રહેતાં મારો જીવ નથી ચાલતો. સાવિત્રીને ગાઢ જંગલોમાં ફરવાનો મહાવરો ક્યાંથી હોય? અને આજે તો વળી એના ઉપવાસનો ચોથો દિવસ હતો. તે શી રીતે ચાલી શકે? એને રજા કોણ આપે? સત્યવાનની ના સાવિત્રીએ સાંભળીજ નહિ. આખરે સત્યવાને વાત માબાપ ઉપર ઢોળી. સાવિત્રીએ અત્યંત નમ્રતાથી પણ દૃઢતાથી પોતાની મનીષા સાસુ-સસરા આગળ રજૂ કરી. સાસુ-સસરાએ વિચાર કર્યો કે, દીકરીએ આખા વર્ષમાં એક વાર પણ કશી યાચના કરી નથી. આજે એને ના કેમ પડાય? એમણે આખરે રજા આપી.

બન્ને વનમાં ચાલ્યાં. વનવાસના કાવ્યમય જીવનમાં અરણ્યની શોભા ધ્યાન ખેંચેજ. રસ્તામાં મોર કળા કરતા હતા અને ટહૂકતા હતા. અનેક પ્રવાહો પોતાના નિર્મળ જળથી કલધ્વનિ કરતા હતા, અને જ્યાં ત્યાં નાનાં મોટાં વૃક્ષો અસંખ્ય ફૂલોથી પ્રફુલ્લ થયાં હતાં. સત્યવાન દરેક રમણીય વસ્તુ તરફ સાવિત્રીનું ધ્યાન ખેંચતો જાય અને પોતાનો આનંદ દ્વિગુણિત કરતો જાય. સાવિત્રી પણ પતિના આનંદમાં ભળવા પૂરતો પ્રયત્ન કરતી હતી. ભાગ્યના પાસા પડવાને વખતે પોતે પતિ સાથે છે એટલુંજ સમાધાન એને હતું; પણ પ્રતિક્ષણ એને મન કલ્પાંત સમી હતી; જાણે એના અંતઃકરણના બે ચીરા થઇ જતા હતા.

વનમાં પહોંચ્યાં અને સત્યવાન ફળો વીણવા લાગ્યો. એટલામાં સાવિત્રીએ સુગંધી ફૂલો ચૂંટી એની માળા બનાવી. જરૂર જેટલાં ફળો ભેગાં થયાં એટલે સત્યવાને કુહાડી લઇ સૂકાં લાકડાં કાપવાનું આરંભ્યું. એ કામ એને નવું ન હતું. સત્યવાનનું શરીર પણ કસાયેલું; પણ કોણ જાણે શાથી આજે એને આખા શરીરે પરસેવો છૂટ્યો. એ થાક્યો. એના માથામાં તીવ્ર વેદના શરૂ થઇ. એકધ્યાનથી પતિને નિહાળતી સાવિત્રીના લક્ષમાં એ વાત આવી. એણે પાસે આવી પ્રેમપૂર્વક પૂછ્યું: "આજે કાંઈક વિશેષ થાક લાગ્યો જણાય છે?" સત્યવાન તો પોતાનો થાક દબાવવા માગતો હતો. વેદના પણ છુપાવવાનીજ એની ઇચ્છા હતી; પણ જ્યારે સાવિત્રીએ અત્યંત પ્રેમથી સવાલ પૂછ્યો, ત્યારે એનું ચાલ્યું નહિ. એણે કહ્યું: "હા, આજે કંઇક થાય છે ખરૂં. માથામાં શૂળ છે અને અંતઃકરણમાં અસ્વસ્થતા જેવું લાગે છે." જરાક રહીને કહે, હવે તો ઉભું પણ રહેવાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરાક સૂઈ જાઉં તો સારૂં." સાવિત્રીએ ત્યાંજ જમીન પર બેસી સત્યવાનનું માથું પોતાના ખોળામાં રાખ્યું. સત્યવાનને કાંઇક આરામ જણાયો. પણ સાવિત્રીને એ ઘડી પ્રલયકાળ જેવી ભાસવા લાગી. ભગવાન નારદે ભાખેલો પ્રસંગ નજીક આવ્યો છે એની એને ખાતરી થઇ. એનું હૃદય, મન અને આત્મા એની આંખમાં આવી સત્યવાન તરફ જોવા લાગ્યાં. ચાર દિવસના ઉપવાસને લીધે દૃષ્ટિ ક્ષીણ થવી જોઇએ, પણ સાવિત્રીની તપસ્યાજ એટલી ઉજ્જવલ કે એજ ઘડીએ એને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઇ.

એણે જોયું કે સામેથી કોઇ ભવ્ય પુરુષ નજીક આવે છે. એણે લાલ કપડાં પહેર્યાં હતાં. માથા પર ચળકતો કિરીટ હતો. એ પુરુષ શરીરે કદાવર અને સુંદર હતો. તેજમાં જાણે સૂર્યજ. એને શ્યામ કહેવા કરતાં ગૌર કહેવો એજ વધારે બરાબર ગણાય. એના હાથમાં ભયંકર પાશ હતો. જોતાંજ આદર ઉપજાવે એવી એની ગંભીર આકૃતિને જોઇ સાવિત્રી કળી ગઇ. એણે ધીમે રહીને પતિનું માથું જમીન પર મૂકી દીધું, અને તે દિવ્ય પુરુષ પ્રત્યે આદર દર્શાવવા ઉભી થઇ. સાવિત્રીએ પૂછયું: "આપની કાયા માનુષી નથી, આપ કોઇ દૈવી પુરુષ છો, એટલું તો હું જાણી શકું છું. પણ આપ કોણ છો અને શા ઉદ્દેશથી આવ્યા છો એટલું કહેવાની કૃપા કરશો?" તે દિવ્ય પુરુષે જવાબ આપ્યો: "હે સાવિત્રિ! તું પતિવ્રતા છે અને તપોનિષ્ઠ પણ છે. તેથીજ તું મને જોઈ શકી અને તેથીજ તારી જોડે હું ભાષણ પણ કરૂં છું. હું પિતરોનો અધિપતિ યમ છું એમ જાણજે. તારા પતિનું આયુષ્ય નષ્ટ થયું છે તેથી એને લઇ જવા આવ્યો છું."

"ભગવન્! માનવીને લઈ જવાને તો આપના દૂતો આવે છે; આજે આપ પોતે શા કારણે પધાર્યા છો?"

"અમને માણસની કદર હોય છે. આ તારો સત્યવાન ધર્મ-સંપન્ન છે, રૂપવાન છે અને ગુણનો તો જાણે મહાસાગરજ. એને લઈ જવાને મારે પોતેજ આવવું જોઇએ ને?" આમ કહેતાં કહેતાં યમરાજે સત્યવાનના શરીરમાંથી એનો જીવાત્મા પોતાના પાશ વડે ખેંચી કાઢયો. તરતજ સત્યવાનનું શરીર નિસ્તેજ થઇ ગયું, શ્વાસોચ્છ્વાસ બંધ થઈ ગયા, મુખ ઉપરની કાન્તિ ઉતરી ગઈ અને બધા અવયવો ઢીલા પડી ગયા. યમરાજે સત્યવાનના જીવાત્માને પોતાના તાબામાં લઈ દક્ષિણ દિશા તરફનો રસ્તો લીધો. યમ-નિયમથી સર્વ સિદ્ધિઓ પામેલી હોવાથી સાવિત્રી પણ યમરાજની પાછળ પાછળ ચાલી. એના હૈયામાં દુઃખનો મહાસાગર ઉલટયો હતો. સાવિત્રીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ પાછળ આવતી જોઇ યમરાજે હેતપૂર્વક કહ્યું: "સાવિત્રિ! હવે તું પાછી જા, અને સત્યવાનનું ઔર્ધ્વદૈહિક કર. પતિ જીવે ત્યાં સુધી પત્ની એની સાથે રહે એ ધર્મનું તેં પૂરેપુરૂં પાલન કર્યું છે. પતિના ઋણમાંથી તું મુક્ત થઇ છે. પતિ પાછળ જ્યાં સુધી જવું જોઇએ તેટલે તું જઇ ચૂકી છે; હવે પાછી જા."

"હું શી રીતે પાછી જાઉં? જ્યાં પતિ ત્યાં હું. સનાતન ધર્મેજ આ વ્યવસ્થા કરી આપી છે. તપ, ગુરુભક્તિ, પતિપ્રેમ, વ્રત અને આપનો અનુગ્રહ એને લીધે મારી ગતિ અકુંઠિત છે. હવે હું પતિને શી રીતે છોડી શકું? આપ મને પાછી નજ વાળી શકો."

સાવિત્રીને ધર્મ અનુસાર બોલતી જોઇ યમ–ધર્મ સંતુષ્ટ થયા. એટલે સાવિત્રીએ આગળ ચલાવ્યું.

"ડાહ્યા લોકો કહે છે કે સાત પગલાં ચાલવાથી અથવા સાત શબ્દ બોલવાથી સજ્જન સાથે મૈત્રી બંધાય છે. એ મૈત્રીના અધિકારથી હું આપને કાંઇક વિનવું છું તે કૃપા કરી સાંભળશો? જ્ઞાનસંપન્ન લોકો કહે છે કે, ચારે આશ્રમ ધર્માચરણને માટે યોગ્ય છે. અને ધર્માચરણ એજ આત્મજ્ઞાનનું સાધન છે. સજ્જનો એમ પણ કહે છે કે, ચારમાંથી ગમે તે એક આશ્રમનું ઉત્તમ રીતે પાલન થાય તો બાકીના આશ્રમના ધર્મ એની મેળે એની પાછળ પાછળ આવે છે. અને તેથીજ આશ્રમાંતર કરવાની કશી ઇચ્છા રાખવાની જરૂર નથી, એમ ધર્મજ્ઞ લોકોએ કહી રાખ્યું છે. એવી સ્થિતિમાં નિર્દોષ રીતે જ્યાં અમે ગૃહસ્થધર્મ ચલાવીએ છીએ ત્યાં એનો વિધ્વંસ શા માટે કરો? મારા પતિને શા માટે લઇ જાઓ?"

સાવિત્રીની આવી સંસ્કારી અને યુક્તિયુક્ત વાણી સાંભળીને ધર્મજ્ઞ યમરાજને અત્યંત સંતોષ થયો. એમણે કહ્યું કે "હે અનંદિતે! આ સત્યવાનનું જીવિત છોડીને બીજું જે તું માગે તે તને હું આપીશ; પણ તું હવે પાછી જા. તને ગ્લાનિ થાય છે. હવે વધારે શ્રમ લઇશ મા."

પતિની સંનિધ મને ગ્લાનિ! મારા પતિને જ્યાં તમે લઇ જશો ત્યાં હું આવીજ સમજજો. સજ્જનો સાથે એક વાર પણ શ્રેષ્ઠ સમાગમ થાય તો તેને સંગત કહેવામાં આવે છે. એવો સમાગમ વધે તો એને મૈત્રી કહે છે. તમારા જેવા ધર્મરાજ સાથેનો સમાગમ નિષ્ફળ તો નહિજ જાય."

"મારા અંતઃકરણને પસંદ પડે અને જ્ઞાની લોકોની બુદ્ધિને પણ વૃદ્ધિંગત કરે એવી હિતકારી વાણી તું બોલે છે. આ સત્યવાન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના જીવિત વગર બીજો ગમે તે વર તું માગી લે; પણ હવે તું પાછી ફર, નકામો શ્રમ નજ લે."

"આપે સર્વ પ્રજાને નિયમથી બાંધેલી છે. તેથીજ આપ ગમે તેને સ્વેચ્છાએ લઇ જઇ શકો છો. હું પણ એજ નિયમને વશ થઇને-જ પતિને અનુસરૂં છું. આપ મને શી રીતે પાછી કાઢી શકો ? કોઇ પણ પ્રાણીનો મન, વચન કે ક્રિયાથી દ્વેષ ન કરવો, દ્રોહ ન કરવો, ઉલટો એના પર અનુગ્રહ કરવો, એ તો સજ્જનોનો સનાતન ધર્મ છે. સામાન્ય માણસોમાં પણ એજ પ્રથા આપણે જોઇએ છીએ. જેઓ સામર્થ્યસંપન્ન છે તેઓ કેટલા મૃદુ અને ક્ષમાવાન હોય છે ! સજ્જનો તો પોતાના શત્રુ ઉપર પણ દયાજ કરે છે."

"સાવિત્રિ! તરસથી પીડાયેલા માણસને શીતળ જળ મળે એના જેવી ધર્મરહસ્ય પ્રકટ કરનાર તારી આ વાણી મને તૃપ્તિકારક લાગે છે. હે કલ્યાણિ ! આ સત્યવાનના જીવિત સિવાય અન્ય ગમે તે વર તું માગી લે, અને પાછી જા. તું કેટલે દૂર આવી ગઇ ?"

"મારા પ્રિય પતિની સંનિધ હોવાથી મને આ સ્થાન જરાય દૂર નથી, અને જ્યાં **न दूरमेतन्मम भर्तृसन्निधौ ।** મન પહોંચી શકે તે દૂર કહેવાય ખરૂં ? માર્ગમાં ચાલતાં ચાલતાં મારી કેટલીક વાતો તો આપ સાંભળો. ભગવાન સૂર્યનારાયણના આપ પ્રતાપશાળી પુત્ર છો. મૃત્યુલોકના સર્વ લોકો માટે આપે સરખોજ ધર્મ લાગુ કર્યો છે. એને અનુસરીનેજ પ્રજાઓ ચાલે છે. માટેજ હે ઇશ્વર! લોકોમાં ધર્મરાજ એ નામથી આપની ખ્યાતિ છે. ખરેખર, ધર્મનિષ્ઠ સજ્જનો ઉપર માણસનો જે વિશ્વાસ હોય છે તેટલો પોતાના ઉપર પણ નથી હોતો. દરેક માણસ સજ્જનો પ્રત્યે પ્રેમ રાખે છે કે જ્યાં પ્રેમ હોય છે. સજ્જનો પ્રેમમૂર્તિ હોય છે, તેથી દરેકનો એમના પર વિશ્વાસ હોય છે."

"ભદ્રે! આવું ભાષણ તો અત્યાર સુધી મેં કોઇને મોઢે સાંભળ્યું ન હતું. હું સંતુષ્ટ થયો છું. એક આ સત્યવાનનું જીવિત છોડી દઇને ગમે તે માગી લે. હવે તારે કેટલે દૂર આવવું છે ? તારા જેવી રાજકન્યાને આટલો શ્રમ યોગ્ય નથી."

સાવિત્રીએ આગળ ચલાવ્યું: "સજ્જનોનું ધર્માચરણ હમેશાં અટળ હોય છે. ધર્માચરણમાં તેઓ પાછી પાની કરતા નથી, અને ધર્માચરણમાં તેઓ દુઃખ પણ અનુભવતા નથી. સજ્જન સર્વદા નિર્ભય હોય છે. પોતાના સત્ય વડે તેઓ સૂર્યનું રક્ષણ કરે છે. પોતાના તપોબળ વડે તેઓ ભૂમિને ટકાવી રાખે છે. હે ધર્મરાજ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ ગયેલા અને આજના વર્તમાન સર્વ લોકોને આધાર તો સજ્જનોનોજ છે. શ્રેષ્ઠ લોકો આજ રસ્તે ગયા છે એવું સ્મરણ કરી સજ્જનો પરકાર્યમાં રત રહે છે, અને બદલાની અપેક્ષા રાખતા નથી. સજ્જનોનો સમાગમ નિષ્ફળ જતો નથી. એમની પાસેથી મળેલું દ્રવ્ય નષ્ટ થતું નથી. આ નિયમ આબાધિત હોવાથી સજ્જનો એજ વિશ્વના સંરક્ષણકર્તા છે."

"હે પતિવ્રતે! તેં ધર્મનું હાર્દ મારી આગળ ખોલ્યું છે. જેમ જેમ તારી પવિત્ર વાણી સાંભળતો જાઉં છું, તેમ તેમ તારા પ્રત્યે ઉત્કૃષ્ટ ભક્તિ મારા હૈયામાં બંધાય છે, તારી ઇચ્છામાં આવે તે વર માગી લે."

સાવિત્રીનું કાજ સર્યું. એ ઉત્સાહથી બોલી: "ભગવન્! અત્યાર સુધી જાણે મારા પાપનું ફળજ મારી આગળ ઉભું થતું હોય તેમ, 'સત્યવાનના જીવિતને બાદ કરીને' એવું વચન મારે સાંભળવું પડતું તે આપના આ વચનમાં નથી. હું ધન્ય થઇ ગઇ છું! સત્યવાન ફરી જીવતો થાય એ વર હું માગી લઉં છું. કેમકે પતિ વિના જીવવું એ મરણ સમાનજ છે. મને પતિને છોડીને સુખની, લક્ષ્મીની અથવા સ્વર્ગની પણ ઈચ્છા નથી. પતિના વિયોગ સાથે જીવવું પણ મને ન ગમે."

જે ત્રિકાલમાં ન ટળે એવું હતું તે સાવિત્રીની ધર્મનિષ્ઠાથી અને એકનિષ્ઠ પ્રેમથી ટળ્યું. યમરાજે પોતાના પાશ છોડી દીધા અને તેઓ બોલ્યા: "હે કુલનંદિનિ કલ્યાણી સાવિત્રિ! આ તારા પતિને મેં છોડી દીધો. હવે એ નીરોગી, તારા મનોરથો પૂર્ણ કરનાર એવો ચારસો વર્ષ સુધી જીવશે અને તારી સહાયથી એને ધર્મપ્રાપ્તિ થશે. સત્યવાન ધર્માચરણથી પૃથ્વીમાં સર્વત્ર પ્રખ્યાતિ પામશે, અને અનંત કાળ સુધી તારી કીર્તિ આ લોકમાં અમર થશે. તને પ્રિય એવો વર તો મેં તને આપ્યો; પણ એ પહેલાં ચાર વાર મેં તને વર આપવાનું કહ્યું છે તેના બદલામાં તું કાંઇ માગી ન લે ત્યાં સુધી હું તારા બંધનમાંજ છું; મને કૃપા કરીને વચનમુક્ત કર."

હવે તો સાવિત્રીને માગવા જેવું ઘણું સૂઝે તેમ હતું. એણે પોતાના સસરાને ફરી દૃષ્ટિ પ્રાપ્ત થાય, એમનું રાજ્ય એમને પાછું મળે, પિતાને પુત્ર નથી તે પુત્રવાન થાય એવું એવું ઘણું માગી લીધું.

યમરાજ સત્યવાનને છોડીને પોતે પણ મુક્ત અને સંતુષ્ટ થયા અને એમણે પોતાના મંદિર તરફ પ્રયાણ કર્યું. સાવિત્રી પોતાના પતિનું શબ જ્યાં પડ્યું હતું ત્યાં પાછી આવી અને એણે પતિનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથું ફરી ખોળામાં લીધું. એ પતિવ્રતાના હસ્તનો સ્પર્શ થતાંજ સત્યવાન સજીવન થયો અને આંખો ઉઘાડી અત્યંત પ્રેમથી સાવિત્રી તરફ જોવા લાગ્યો.

ઉઠતાંવેંત સત્યવાન બોલ્યો કે "હું કેટલો વખત સૂઇ રહ્યો? તેં મને વખતસર કેમ ન ઉઠાડયો? અને જે મને ખેંચીને લઇ ગયા હતા તે શ્યામવર્ણના પુરુષ ક્યાં છે?"

એ વખતે સાવિત્રી કેટલા હર્ષથી બોલી હશે! મરી ગયેલા પતિને ફરી જીવતા થઇ પ્રેમવાણી બોલતા સાંભળી તેને કેટલો આનંદ થયો હશે! એ બોલી: "આપ ઘણો વખત સૂતા છો. પ્રજાનું સંયમન કરનાર યમરાજ આપને છોડીને ચાલ્યા ગયા છે. હવે થાક ઉતર્યો હોય તો ઉઠો એજ ઠીક છે. જુઓ, ચારે કોર અંધારૂં થવા આવ્યું છે."

સત્યવાન ઉઠયો. ઉઠીને આમતેમ જોવા લાગ્યો. ભુલાઇ ગયેલી વાત સાંભરતી હોય તેમ આખો વનપ્રદેશ જોઇને એણે કહ્યું: "પ્રિયે! તારી સાથે ફળો વીણ્યાં અને લાકડાં કાપ્યાં અને પછી માથામાં ભારે વેદના થવાથી હું સૂઇ ગયો એટલું સાંભરે છે. ત્યારપછી કોણ જાણે શું થયું! મને ખૂબ ચક્કર આવ્યા. એટલામાં એક મહાતેજસ્વી પુરુષ દેખાવા લાગ્યો. પછીનું કાંઇ યાદ આવતું નથી. શું એ બધું સ્વપ્નું હશે! તેં એવું કાંઇ જોયું? સાવિત્રી પ્રસંગ સમજે એવી હતી. એણે કહ્યું: "આર્યપુત્ર! હવે બહુ મોડું થયું છે. પિતાશ્રી આપણી રાહ જોતા હશે. જુઓ, રાત્રે ફરનાર પશુઓના શબ્દો સંભળાય છે, શિયાળવાં રૂએ છે, ઝાડનાં પાંદડાં કેવો ઘોર અવાજ કરે છે! બધી વાત તમને કાલે કહીશ. અત્યારે તો ઘેર ચાલો."

સત્યવાન સાવ થાકી ગયો હતો. ચાલવું એને માટે મુશ્કેલ હતું. ચોમેર છાયેલો અંધકાર જોઇ અને કેટલે દૂર જવાનું છે એનો વિચાર કરી એણે કહ્યું: "અત્યારે પાછા જવું મુશ્કેલ છે, અને અંધારામાં તને રસ્તો પણ નહિ જડે." સાવિત્રી સારી પેઠે મુંઝાઇ. જવું ઠીક કે ન જવું ઠીક? એનો પોતે નિર્ણય ન કરી શકી. એટલે એણે પતિનેજ પૂછયું: "એ પેલી પાર દાવાગ્નિથી દગ્ધ થયેલાં વૃક્ષોમાં કોક કોક ઠેકાણે અગ્નિ દેખાય છે. એમાંથી થોડોક દેવતા આણી હું લાકડાં સળગાવીશ એટલે એના અજવાળામાં આપણે જઇ શકીશું. અને જો મંદવાડની અસરથી આપને માટે ચાલવું અશકય હોય તો આપણે બન્ન આખી રાત અહીંજ ગાળીશું; સવારે ઘેર જવાશે."

સત્યવાન પણ એજ દુવિધામાં હતો. ચાલવા જેટલી શક્તિ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી અને ઘેર ન જઈએ તો વૃદ્ધ માતા-પિતા કેવું કલ્પાંત કરી મૂકશે એનો એને ખ્યાલ હતો. એણે કહ્યું: "માતા-પિતા મને ન જુએ તો કેટલાં દુઃખી થશે! હું જ એમનો એકમાત્ર આધાર છું ને! કેવી ગફલત કે અત્યારે સૂતો રહ્યો! આ વેરી નિદ્રા પર મને ચીડ ચડી છે. અત્યાર સુધી પિતાશ્રીએ મારી શોધમાં કાંઇ ને કાંઇ કર્યુંજ હશે. જો એમનું કાંઇ અનિષ્ટ થાય તો મારાથી જીવાશેજ નહિ. અત્યારે ઘેર ગયેજ છૂટકો." પિતાશ્રીનું દુઃખ અને પોતાની નબળાઇનો વિચાર કરતાં સત્યવાન રડી પડયો. ધીરોદાત્ત પુરુષ રડી પડે છે ત્યારે અબળાજ એને સાંત્વન આપી શકે છે. નિષ્ઠાવાન સાવિત્રીએ મુગ્ધ પ્રાર્થનાનાં વેણ કાઢયાં. પતિની આંખમાંનાં આંસુ લૂછી કાઢી એ બોલી: "જો અત્યાર સુધી મેં કાંઇ પણ તપ કર્યું હોય, વિનોદમાં પણ અસત્ય ન બોલી હોઉં તો આજની રાત મારાં સાસુ, સસરા તથા પતિને સુખકર થાઓ! ત્યાર પછી પ્રેમશાલિની સાવિત્રીએ પોતાના કેશ બાંધી લીધા અને પતિનો હાથ ઝાલી એને માંડ માંડ ઉભો કર્યો; પિતાશ્રી માટે વીણેલાં ફળ તરફ સત્યવાનની નજર ગયેલી જોઇ તેણે કહ્યું: "આ કરંડિયો હું ડાળે લટકાવી રાખીશ, કાલે સવારે લઈ જઇશું. લાકડાં પણ છો અહીંજ પડયાં. આ એકલી કુહાડી હું સાથે લઈશ." પછી એણે પતિનો હાથ પોતાના ડાબા ખભા ઉપર રાખ્યો, અને પોતાનો જમણો હાથ એની કમરે વીંટાળી એ ગજગામિની ધીમે ધીમે ચાલી. સત્યવાનને સાવિત્રીનો આવી રીતે આશ્રય લેતાં સંકોચ થયો કે નહિ, કોણ જાણે. પણ એ બોલ્યો: "હે ભીરુ! આ રસ્તે હું ઘણી વાર ગયો છું એટલે રસ્તો મારો જાણીતો છે. હવે તો ચાંદરણું પણ પાંદડાંમાંથી પ્રવેશ કરી કાંઇક માર્ગ દેખાડે છે. આઘે ખાખરાની ઝાડી છે ત્યાં જરા ચેતવા જેવું છે. ત્યાં બે રસ્તા આવે છે. એમાંનો ઉત્તર તરફનો રસ્તો તે આપણો. હવે ઝટ ચાલ, મને કાંઇક ઠીક લાગે છે; માતાપિતાને જલદી જઇને મળીશું."

અહીં દ્યુમત્સેનને એકાએક દૃષ્ટિ પ્રાપ્ત થઈ, એટલે એ તો આશ્ચર્યચકિતજ થયો; પણ એ આશ્ચર્ય લાંબા વખત સુધી ટકયું નહિ. સૂર્યાસ્ત થયો અને દીકરા તથા વહુને નહિ આવેલાં જોઇને ઘરડે પગે એણે ચારે કોર ખોળ શરૂ કરી. કેટલીયે વાર પગમાં કાંટા વાગ્યા. અણિયારા પથરાઓએ ઘરડા શરીરમાં હજી લોહી છે કે નહિ એની તપાસ કરી. દર્ભના ખૂંપરાને અનેક વાર લાલ અભિષેક થયો. પડોશના બ્રાહ્મણોએ આ વૃદ્ધોની દયા ખાઇ પોતે પણ ખૂબ તપાસ કરી. કયાંય પત્તો ન મળ્યો એટલે બધાં પાછાં આવ્યાં. એક જણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધુણી સળગાવી. બીજા એકે જૂના કાળની કેટલીક અદ્ભુત વાતો છેડી. પણ માબાપની ધીરજ ખૂટી તે ખૂટી. તેમણે પોક મૂકીને રોવાનું શરૂ કર્યું: "હે પુત્ર! હે સાધ્વિ વધૂ! તમે ક્યાં છો?" સત્યવાદી બ્રાહ્મણોએ આશ્વાસન આપવા માંડયું. સુવર્ચા બોલ્યો: "સાવિત્રી તપ, ઇંદ્રિયદમન અને સદાચારથી યુક્ત છે તેથી મારી ખાતરી છે કે સત્યવાન જીવતો છે." તપસ્વી ગૌતમ બોલ્યો: "મેં ચારે વેદનું સાંગ અધ્યયન કર્યું છે, બ્રહ્મચર્યનું પાલન કરી ગુરુ અને અગ્નિને સંતુષ્ટ કર્યા છે. એકલા વાયુનું ભક્ષણ કરી કેટલાયે ઉપવાસ કર્યા છે. એકેએક વ્રતનું એકાગ્ર અંતઃકરણ સાક્ષી પૂરે છે કે, તમારો સત્યવાન જીવતો છે, એનું કુશળ છે. મારા વચન ઉપર ભરોસો રાખો." ગૌતમના શિષ્યને પણ થયું કે આપણે પણ એમાં કાંઇક ઉમેરીએ. તે બોલ્યો: "અમારા ગુરુ મહારાજના મુખમાંથી નીકળેલું એક પણ વચન અત્યાર સુધી ખોટું પડયું નથી એટલે હું ખાતરી-પૂર્વક કહું છું કે સત્યવાન જીવે છે." બીજા અનેક ઋષિઓએ પોતપોતાની ધારણા પ્રમાણે આશ્વાસન આપ્યું. છેલ્લે દાલ્ભ્ય ઋષિ બોલ્યા: "સાવિત્રી વ્રત કરીને કશું ખાધા વગર ગઇ છે એટલે તારો દીકરો જીવે છે એ વિષે શંકાજ નથી. અને રાજા! તારી દૃષ્ટિ તને પાછી મળી છે એજ એનો પરચો છે." બે ઘટિકા સુધી આવી વાતો ચાલી. એટલામાં બન્ને જણ ઘેર આવી પહોંચ્યાં. બ્રાહ્મણોએ આનંદથી કહ્યું: "જો રાજા! તારો દીકરો ને તારી વહુ તને પાછાં મળ્યાં છે. તારી દૃષ્ટિ પણ તને પાછી મળી છે. હવે તારો અભ્યુદય નજીક આવ્યો સમજજે."

પછી તો બધે આનંદ આનંદ વ્યાપી રહ્યો. કેટલાયે સવાલો પુછાયા અને જવાબ અપાયા. ઋષિઓએ સાવિત્રીને આગ્રહ કર્યો કે બનેલી બધી બિના સવિસ્તર કહેવીજ જોઇએ. ગૌતમે કહ્યું: "સાવિત્રિ! તને પ્રત્યક્ષ અને અતીંદ્રિય બન્ને વસ્તુનું જ્ઞાન છે. તારા તેજથી તો તું કેવળ સાવિત્રી દેવતા જેવી છે. ગુપ્ત રાખવા જેવું કાંઇ ન હોય તો સકળ વૃત્તાંત અમને કહે." સાવિત્રીએ સુખથી મીઠું થયેલું પોતાનું દારુણ દુઃખ બધું વર્ણવ્યું. ત્યારે બધા ઋષિઓ એકે અવાજે બોલી ઉઠયા: "અમારા રાજાનું આખું કુળ સંકટરૂપી અંધારા ખાડામાં ડૂબતું હતું તે હે સાધ્વિ! તેં પોતાનાં શીલ, પોતાનાં વ્રત અને પુણ્ય વડે આજે તાર્યું છે." વાતો પૂરી થઇ એટલામાં રાત પણ પૂરી થઇ અને અરુણોદય સાથે દ્યુમત્સેન રાજાના રાજ્યના લોકોના પ્રતિ-નિધિ રાજાને પાછો બોલાવવા ત્યાં આવી પહોંચ્યા. શત્રુને ત્યાં ભારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યક્રાંતિ થઇ. શત્રુઓ મરાયા અને પ્રજાએ એકમતથી રાજા ઘુમત્સેનજ અમારે રાજા જોઇએ એવો આગ્રહ રાખ્યો. એટલા માટે અમે આવ્યા છીએ એમ સચિવોએ કહ્યું. અહીંની બધી વાર્તા સાંભળીને બધાં તપસ્વિની સાવિત્રીને પગે લાગ્યાં.

નારદે ભાખેલાં સાવિત્રીનાં દુર્દૈવોથી દુઃખિત થયેલો સાવિત્રીનો પિતા ઘેર બેઠો આજે કેવો થયો હશે? અને આ આનંદસમાચાર કહેવડાવવાનું કોકને તો સૂઝયુંજ હશેને!

વૈશંપાયન કહે છેઃ સાવિત્રીની આ પુણ્યકથાએ આજ લગી અસંખ્ય લોકોને આશ્વાસન આપ્યું છે અને હવે પછી પણ જે કોઇ સાવિત્રીનું આ ઉત્કૃષ્ટ આખ્યાન શ્રવણ કરી ધ્યાન ધરશે તેના સર્વ મનોરથ પૂર્ણ થશે અને એ દુઃખમુક્ત થશે.

("પ્રસ્થાન" માસિકના એક અંકમાંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨–સ્નેહ–સાંકળનો છેલ્લો મણકો

(લેખકઃ-શ્રી. પરમાનંદદાસ અમુલખરાય વકીલ)

પ્રથમ દર્શન

(સ્થળઃ કૈકેયીનો રાજમહાલય. કૈકેયીએ કારમા વરદાનો માગ્યાં એટલે દશરથ રાજા મૂર્ચ્છામાં ભૂમિ પર પડેલા છે, આંખમાંથી અશ્રુ વહી રહ્યાં છે. કૈકેયીના મુખ પર શોક કે ક્ષોભનાં કંઇયે ચિહ્નો કળાતાં નથી. એક રત્નજડિત બાજોઠ પર તે બેઠેલી છે, અને મૂર્ચ્છામાં પડેલા મહારાજાની જાણે મશ્કરી કરતી હોય તેમ તેના મુખ પ્રત્યે મીટ માંડી રહી છે. એટલામાં રામ પ્રવેશ કરે છે, અને કૈકેયીને વંદના કરે છે. પરંતુ એટલામાં તેની દૃષ્ટિ બેભાન પડેલ દશરથ ઉપર પડે છેઃ રામ એકાએક ચોંકી ઉઠે છે.)

રામ—"કેમ માતા ! પિતાજી આજે આમ કેમ છે ? શું થયું છે એમને અણચિંતવ્યું ? અને આમ ભૂમિ પર–મૂર્ચ્છામાં ? રાજવૈદ્ય વાચસ્પતિને બોલાવ્યા ? (અશ્રુ જોઇને) આટલો અશ્રુપાત મહારાજને શા કાજે ?"

કૈકેયી—"એ તો અમસ્તુ. તારા પરના અગાધ પ્રેમની પરિસીમાનો સમુદ્ર છલકાઇ ગયો !"

રામ—(દશરથનું મસ્તક ખોળામાં લઇ પરિચારકને બૂમ પાડે છે) અરે કોણ બહાર છે ? જળની ઝારી કેમ કોઇ નથી લાવતું ?...... મારા પરના અગાધ પ્રેમના પરિણામે મહારાજાને મૂર્ચ્છા આવી ! માતા ! મને કંઇયે સમજ નથી પડતી."

(પરિચારક જળની ઝારી લાવે છે. રામ દશરથના મુખ પર જળ છાંટે છે. દશરથ આંખ ઉઘાડે છે અને રામને જુએ છે.)

દશરથ—"રામ, બેટા રામ !" (શ્વાસ રૂંધાય છે. બોલાતું નથી. અશ્રુપાત કરે છે. રામ તેમના લલાટે તથા મસ્તકે હાથ ફેરવે છે.)

રામ—"પિતાજી ! આપની પ્રકૃતિને અણચિંતવ્યું શું થયું–મને કહો ને ?"

દશરથ (રૂંધાયેલા સ્વરે)—"રામ, વ્હાલા રામ ! શું કહું ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ—(મુંઝાઇને) " પરંતુ પિતાજી ! શું છે ? આપને કોણે દુભાવ્યા છે ? કહોને, એ નરાધમનું મસ્તક આ પળેજ જુદું કરી નાખું !"

દશરથ—" બેટા ! વિધાતાએ મને દુભાવ્યો છે. (રડે છે.)
(રામ પોતાના ઉપવસ્ત્રથી તેમનાં અશ્રુ લૂછે છે.)

રામ—(કૈકેયીને) " માતા ! તમે કહોને ? પિતાજી આજે આમ કેમ કરે છે ? "

કૈકેયી—" જો, મહારાજ તને નહિ કહે-નહિ કહી શકે ! તેમણે વર્ષોપૂર્વે મને બે વરદાનનાં વેણ દીધેલાં; મેં તે વરદાનો આજે માગ્યાં."

રામ—" હા, પણ તેથી શું ? આપે એવું તે શું માગ્યું કે પિતાજીને આટઆટલી હૃદયવેદના થઇ ? અને મહારાજને આ જન્મે કઇ વસ્તુ અલભ્ય છે ? મહાનુભાવ ઇચ્છે તો ત્રણે લોકનું રાજ્ય ન્યોછાવર કરી શકે તેમ છે ! અને છતાંય હૃદયને આટલો પરિતાપ કેમ ? ભીતરમાં કંઇક ગૂઢ-કંઇક ન સમજાય તેવું છે માતા ! "

કૈકેયી—(નફ્ટ સ્વરે) " મેં માગ્યું કે મારા ભરતને આ સામ્રાજ્યના સમ્રાટપદનો અભિષેક થાય અને......"

રામ—"અતિ ઉત્તમ માતા ! પ્રિય ભરતને રાજ્યાભિષેક થાય તેનાથી વધુ રૂડું શું ? અને પિતાશ્રીને પણ તેમાં પ્રત્યવાય શું હોય ? હું રાજા હોઉં કે ભરત—અમ ભ્રાતાઓનાં દિલમાં કયે દિવસે ભાગલાગની ભિન્નતા ભાળી ? મને રાજ્યલોભની ગંધ સરખી પણ સ્પર્શી ન શકે માતા !"

કૈકેયી—(નજીવી વાત કરતી હોય તેમ) "અને બીજું, રામ ! તારે ચૌદ વર્ષ વનમાં જવું પડશે." (દશરથ ઉંડો હાયકારો નાખે છે.)

રામ—"તે પણ મને માન્ય છે. માતાજી ! આપની ઇચ્છાનીયે કયે દિવસે મેં અવગણના કરી જાણી છે ?"

દશરથ—" બેટા ! પણ મેં હજી સંમતિ નથી આપી હોં ! એ પિશાચિનીએ ભલે માગ્યું-હું હા પાડીશ ત્યારે છે ને ? અયોધ્યાના સૂર્યને હું અદીઠ કરીશ, એમ ?"

રામ—"પિતાજી ! વરદાન તો આપે પ્રથમથીજ આપેલાં છે ને?"

દશરથ—"હા. હા......પણ..."

રામ—" અને આજે માતાજીએ તેની પરિપૂર્ણતા ઇચ્છી—હવે હા કે ના ઉચ્ચારવાનો અવકાશજ કયાં છે ?"

દશરથ—" પરંતુ વરદાન આપતી વેળાયે જ્યેષ્ઠ પુત્રનો રાજ્યહક્ક મિથ્યા કરવાની કે તેને વિના વાંકે વનવાસ આપી દેવાની કલ્પના થોડી કરી હતી ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ—"વરદાન આપતી વેળાએ એવી કલ્પના સરખીયે થાય ખરી? દેવ! તો તો પછી વરદાનની વડાઇ-તેનું મહત્ત્વ ક્યાં અને ભિક્ષુકની ભીખનું નાનમ ક્યાં? પ્રથમમાં લેનારનો અધિકાર આપનારથીયે ઉચ્ચતમ છે, કારણ કે લેનારે સ્વપરાક્રમથી તે સિદ્ધ કરેલ છે; જ્યારે બીજામાં લેનાર આપનારની દયા પરજ નભી રહે છે—તેનો કશોય અધિકાર નથી."

દશરથ—(રડીને) "અરે પણ વિનાઅપરાધે તને-મારા હૃદયા-રામને હું વનવાસ આપું? આજના મંગળદિનના સુયોગને મીટાવી સ્થળે સ્થળે હું શોકની સરિતા વહેવરાવું?"

રામ—"પિતાજી! ત્યારે રઘુવંશનું વેણ મિથ્યા જશે? તાત! સો સો રામોનો શિરચ્છેદ કરવો પડે, અથવા તો આવાં અનેક રાજ્યો-ની સત્યસત્રમાં આહુતિ આપવી પડે; પણ મહારાજનાં રાજ્યવેણ કદી મિથ્યા થાય ખરાં? આપણાં આવાં આચરણ જોઇને તો આપણા મહાકુલના વિદેહી વડવાઓ ઉદ્વેગાશ્રુ સારશે."

દશરથ—"પરંતુ તારા વિના હું આયુષ્યભાર શી રીતે વહન કરીશ? (કૈકેયી પ્રત્યે) ઓ કુલઘાતિનિ! તારા ભરતને આ સારૂંયે સામ્રાજ્ય આ ઘડીયે આપવા હું તૈયાર છું,—મારા પર દયા કર-હું તારો પતિ-સર્વસત્તાધીશ તારી પાસે ભીખ માગું છું: મારા રામને અયોધ્યામાં રહેવા દે! હું તને સૂર્યની સાક્ષીએ કહું છું-તું કહે તેવી બાંહેધરી આપું છું-કે ભરતના રાજ્યારોહણમાં-તેના રાજ-વહીવટમાં રામની કશીયે ડખલગીરી નહિ કરે! યાદ રાખજે, જો હઠીલી થઇશ તો તારા ભાવિમાં સદા સર્વદા શોકસાગરજ ભર્યો છે, અને મારે લલાટે તો નિરંતર પશ્ચાત્તાપના વહ્નિમાં સળગી રહે-વાનું લખાયલું છેજ." (કૈકેયી પ્રત્યે દશરથ હાથ જોડે છે અને દીનવદને તેના પ્રત્યે જોઇ રહે છે. વળી આંસુની ધાર વહેવા માંડે છે.)

રામ—"પિતાજી-તાત! આ શું કરો છો? શું વદો છો? રામ એવો કુપુત્ર છે કે આપનું વચન મિથ્યા થવા દેશે? ક્ષુદ્ર રાજ્યલોભ-ને કાજે કે આ મહાવૈભવને અર્થે હું આપણા કુલ પર અધર્મના ઓળા ચઢાવીશ? મારો પુત્રધર્મ-આપણો કુલધર્મ મને પ્રેરે છે અને શાસ્ત્રો પોકારી પોકારી આજ્ઞા કરે છે કે પિતાનું વચન મિથ્યા કર-નાર કે તેમ થવા દેવામાં કારણભૂત બનનાર પુત્ર એ પુત્ર નથી, પરંતુ કુલાંગાર છે-પુન્નામના નરકમાં પિતાને હોમી દેનાર છે-તેમાંથી તાર-નાર નથી. એટલે પિતાજી! આમાં તો હવે મને પ્રેમબંધનથી બાંધી મારા ધર્મમાંથી મને ચલાયમાન ન કરશો. આપ આપના ધર્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગમાં નિશ્ચલ રહો ! પિતાજી ! ત્રિભુવનમાં ન સાંપડે એવો સુયશ મને અનાયાસે આજ લાધે છે તે પ્રાપ્ત કરી લેવા દ્યો. મારા પરની પ્રેમઆંધીમાં આપનાં ધર્મચક્ષુ સાફ સાફ ખુલ્લાં રાખો ! (કૈકેયીને) લ્યો માતાજી ! હું કૌશલ્યા મા ઇત્યાદિની અનુજ્ઞા અને આશિષ લઈ હમણાંજ આવું છું; ત્યાં સુધીમાં પિતાજીને કલ્પાંત ન કરવા દેશો–તેમની શુશ્રૂષા કરજો." (રામ જાય છે.)

—દર્શન બીજું—

(કૌશલ્યાનો આવાસઃ કૌશલ્યા રામને આવતા દેખી અતિશય હર્ષિત થાય છે.)

કૌશલ્યા—"કેમ બેટા ! તારા પિતાએ તને કેમ બોલાવ્યો હતો? અભિષેકમુહૂર્ત તો કુલપતિજીએ ત્રણ ઘટિકા પછી રાખ્યું છે ને? તું જરા તને જે ભાવે તે મોં ભણી કરી લે ને? રાજસભામાં પછી બહુ મોડું થશે હોં ! જો, તારા તમામ વસ્ત્રાલંકારો મેં ક્યારનાયે કાઢી રાખ્યા છે. જો તો ખરો, સુનંદાએ તે કેવા સ્વચ્છ અને દેદીપ્યમાન કરી રાખ્યા છે તે !

રામ—(જાણે નજીવીજ વાતો કરતા હોય તેમ) "માતા ! પિતાજીએ કૈકેયી માતાને બે વરદાનો આપેલાં તે તેમણે આજે માગ્યાં.

કૌશલ્યા—"એમ? શું માગ્યું?" (સહેજ હસે છે.)

રામ—"ભાઇ ભરતને રાજ્યાભિષેક થાય, અને મારે ચૌદ વર્ષ પર્યંત વનમાં રહેવું." (રામ સર્વ વાર્તા કહે છે અને કૌશલ્યા બહાવરી બની રામની સામે જોયા કરે છે.)

કૌશલ્યા—"તારો જન્મ નહોતો થયો ત્યારે મેં અને મહારાજે પુત્રપ્રાપ્તિને કાજે અનેક ઉપવાસો, ધર્મવ્રતો, યજ્ઞયાગાદિ પવિત્ર કાર્યો કર્યાં, જગન્નિયંતા પ્રસન્ન થયા અને તારો પ્રાદુર્ભાવ થયો—અયોધ્યા અધિક ઉજ્જવલ બની. જ્યેષ્ઠ પુત્રને મહારાજ રાજ્યાભિષેક કરે એ આજનો ધન્ય દિન જોવા પૂરતોજ આ દેહ નિભાવી બેઠી હતી. એ મારા મહામનોરથની પૂર્ણતાની ઝાંઝરી આજે વાગી....વાગું વાગું થઇ રહી ત્યાં વિધાતાએ શોકયઈર્ષ્યાનું વજ્ર મારા લલાટમાં માર્યું." (અતિશય કલ્પાંત કરે છે.)

રામ—"વિધાતા કદીયે દોષિત બન્યાનું સાંભળ્યું છે? માતા ! ભાવિ અનિવાર્ય છે. અને અનિવાર્યને કાજે આક્રંદ શા સારૂ કરો છો? તમારાં આંસુ મારાથી જોવાતાં નથી."

કૌશલ્યા—"રડું નહિ તો શું કરૂં? બેટા ! તને કહેવાય તો નહિ; પરંતુ આ કારમી પળે તારી સમક્ષ થોડી હૃદયવાર્તા કરૂં તો હે ભગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વન્ ! હું દોષિત નથી બનતી ! વત્સ ! તારા જન્મ પછી આજ-પર્યંત એ કૈકેયીએ મહારાજને મારી સુખશૈયામાંથીએ દૂર રાખ્યા છે. આવાં અનેક આક્રમણો મેં મૂંગે મોઢે સહ્યાં છે. અદ્યાપિપર્યંત મેં એ સંબંધનો-મારી વીતક કથાનો શબ્દોચ્ચાર સરખોયે મહારાજ સમક્ષ નથી કર્યો. સમસમી રહેલી હું, મારી હૈયાહોળીની વરાળ મારા દિલમાંજ દાબી બેઠી છું; કારણ કે મારૂં સર્વ આશાકેન્દ્ર તું હતો. હવે તો મારે કૈકેયીની દાસી બનીનેજ દિવસો કાઢવા રહ્યા છે ને ? તું જઇશ પછી મારૂં અહીં કોણ ? કોઇક દિવસ-માનવી છું એટલે-દુઃખ અસહ્ય થાત ત્યારે તારી સમક્ષ બે આંસુડાં પાડત; પરંતુ એ 'ભાગ્ય' પણ વિધાતાને ખૂંચ્યું. હવે તારા સિવાય આ અવાસમાં કોના માર્ગની સમીક્ષા કરીશ ? પૂર્વજન્મનો મારો પાપપુંજ કેટલો જબ્બર હશે ? મહારાજ અને તારા વિયોગદુઃખોની સાણસીમાં હું તો પીસાઇ મરીશ."

(રડે છે. લક્ષ્મણ આવેલો તે આ સઘળી વાત સાંભળી જાય છે. તેનો ક્રોધ સમાતો નથી, પરંતુ કૌશલ્યાનું મહાકલ્પાંત જોઇ તેનો ક્રધ શમી જાય છે.)

લક્ષ્મણ—"માતાજી ! કૈકેયીની બુદ્ધિ બગડે તે તો સમજી શકાય તેવું છે, પરંતુ પિતાશ્રી પલટે છે ત્યારે તો કલ્પનાયે તૂટી પડે છે, કંઇ સમજ પડતી નથી. અને માનો કે પિતાશ્રીનીયે આયુષ્યના અવ-શેષકાળે બુદ્ધિ ભ્રમિત થઇ હોય તો રામભદ્ર એવી ભ્રમિત બુદ્ધિનાં વેંણ સુણવા પુરતાયે બંધાયલા નથી. ધર્મ, ન્યાય અને નીતિનાં વચ-નો એક શ્વાનનાયે સુણવા અમે તૈયાર છીએ, પરંતુ અન્યાય અને અધર્મનો પંથ પિતા પણ અવલંબે તો તે તિરસ્કારવા પૂરતીયે અમા-રામાં હિંમત છે. આ શાસ્ત્રઆજ્ઞા છે-આ વ્યવહાર છે. એમાં જરા-યે પુત્રધર્મનો પ્રત્યવાય નથી. કૈકેયીની કે કોઈની મજાલ નથી કે રામ-ભદ્રનું સ્વહક્કસિદ્ધ રાજ્યાસન ઝૂંટવી લે !"

કૌશલ્યા—"બેટા લક્ષ્મણ ! તારા પિતાએ વરદાનો આપી દીધાં છે તેનું શું ?"

લક્ષ્મણ—(રામને) "શું પિતાજીએ સ્વમુખે તમને આજ્ઞા કરી ? તેવું વદી રહેતાં તેમને હૃદયકંપ સરખોયે ન થયો ? તેમણે હળવે હૃદયે કૈકેયીની ઇચ્છા માત્ર થઇ તેટલામાંજ-આપને વનવાસની ભેટ ધરી ? આપનો રાજ્યહક્ક ઝૂંટવી લીધો ? માનીજ શકાતું નથી ને ? રામભદ્ર જેવા સર્વગુણસંપન્ન, તપસ્વી અને દેવપ્રિય પુત્રને 'તું વનમાં જા' એમ પિતાજી કહે એ તો કેવળ અસંભવિતજ ભાસે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છતાંય માની લોને કે તેમણે ભાન ભૂલી તેવી આજ્ઞા કરી-એવું કંઇક કહ્યું-તેથી થઈ શું ગયું? પૃથ્વી રસાતળ નથી થઇ-કે નથી ભૂકંપના ભણકારા વાગ્યા! સ્ત્રીલુબ્ધ બની જઈ અધર્મથી છલોછલ ભરેલી આજ્ઞાઓ આપવી સહેલી છે-એનાં પાલન કપરાં છે-અસંભવિત છે. હું તો ખરેખર માનું છું કે, થોડી નિમિષો માત્ર વીત્યા બાદ પિતાજીની સાન ઠેકાણે આવશે, અને તેમનેજ પશ્ચાત્તાપનો પાવક જલાવી રહેશે. બધું ઠીક થઇ જશે, પરંતુ તે પહેલાં ચાલો આપણેજ રામભદ્રને શિરે અભિષેકનું પવિત્ર જળસિંચન કરી લઇએ! પછી જોઉં છું કોણ વિરોધ કરે છે-કોણ આડું આવે છે-મારો ભીષણ શરવર્ષાવ ઝીલવા કયું અભાગી શરીર તૈયાર છે? આ બધું મારે જોવું છે, વડીલ! મને આજ્ઞા કરો ને! અયોધ્યાને પાદર માનવદેહોના વડલા વાવી દઉં, પિતા પણ જો ધર્મ ચૂકે તો તેની સાન ઠેકાણે લાવવી એ પુત્રનો મહાધર્મ છે."

કૌશલ્યા—(રામ પ્રત્યે) વત્સ! તારે જોઇએ તેમ કર, લક્ષ્મણ કહે છે તેમ કર; પરંતુ વનમાં તો તું જઇશજ નહિ. હું તારી માતા તને આજ્ઞા કરૂં છું કે, તારે જવું નહિ! તું મારી આજ્ઞા નહિ માને? અને તારે જવુંજ હોય તો મને સંગાથે લઇ જા! તારા મુખદર્શન સિવાય મારાથી ક્ષણભર પણ શે જીવાશે? (રામ જે અત્યાર સુધી મૌન સેવી રહ્યા હતા તે ધીર ગંભીર સ્વરે બોલે છે.)

રામ—માતા! તાત લક્ષ્મણ! તમે શું વદી રહ્યા છો તેની કલ્પના સરખીયે આવે છે? મને પિતૃઆજ્ઞા અવગણવા કહો છો? સૂર્યવંશના કયા પુત્રે પિતૃઆજ્ઞા તુચ્છકારી હોય તે તો બતાવો! માતા! તમો સર્વ મને પ્રાણથીએ અધિક પ્રિય છો, પરંતુ એ કરતાંએ મારો ધર્મ મને વધુ પ્રિય છે. એ ધર્મમાર્ગમાંથી હું ચળુ તે કરતાં પૃથ્વી પલટી જાય એ ઇષ્ટ છે. આપણા મહાવંશનું ઉચ્છેદન મારે હાથે કરાવવા ઇચ્છો છો? હવે તો અયોધ્યાનું જળબિંદુ સરખુંયે મને નથી ખપતું! નથી જાણતા કે, રઘુકુળના સગરપુત્રોએ પિતાના વચન કાજે નગાધિરાજને ઉખેડેલો, અને કપિલમુનિને હસ્તે જીવતું મોત સ્વીકારેલું? આપણા કુળમાં તો ધર્માચરણના ઠેરઠેર પગથાર પથરાયલા પડ્યા છે; માટે મને હસતે મુખે આશિષ અર્પી વિદાય આપો! અને પ્રિય ભરત, નિખાલસહૃદયી છે, તમને જરાયે ઓછું આવવા નહિ દે! તે તમારી સેવા કરશે અને ભાઈ લક્ષ્મણ! પિતાજીના સંબંધમાં આવાં વિષમ વેણ આપણાથી ઉચ્ચારાય ખરાં? વિનાપરાધે પિતાએ દીધેલ દેહાંત દંડ કુસુમમાળની જેમ મસ્તકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચઢાવવો ઘટે છે! જેણે આ શરીરને સરજાવ્યું, તેને તેનો ઇચ્છે તો ઘાત કરવાનોયે હક્ક છેઃ પુત્રધર્મ અસિધારા જેવો છે."

લક્ષ્મણ—"વડીલ! આજે કોણ જાણે કેમ આપનાં એકેય વેણ મારે ગળે નથી ઉતરતાં. કપટભાવે કૈકેયીએ માંગેલાં અને ભ્રમિત ચિત્તે મહારાજે દીધેલા વેંણ કે વચનની શી કિંમત છે?"

રામ—(લક્ષ્મણ પ્રત્યે) "ભાઇ! મારા પ્રત્યેનો તારો નિઃસીમ પ્રેમ હું જાણું છું, પણ ઘેલા! મેં હમણાંજ કહ્યું તેમ પિતાશ્રી પ્રત્યેનો આપણો ધર્મ તું સાવ ભૂલી જાય છે! ગમે તેવીયે પિતાની આજ્ઞા પાળવા પુત્ર જન્મથી બંધાયલોજ છે ને? એમાં અગવડ કે અપવાદને સ્થાન હોય ખરૂં? અને આમાં કૈકેયી માતાને કે પિતાજીને દોષ કેમ દઇએ? વિધાતાએ મારા જન્મથીજ મારે લલાટે આલેખેલા વનવાસના અફર લેખ તું કે હું કેમ મિથ્યા કરી શકીશું? અને તને નથી લાગતું કે, આ મારા વનગમનમાંયે દૈવનો કંઇક ગર્ભિત અને શુભ હેતુ હશે! કોણ જાણે છે? મારા હાથે મહાવનમાંયે કંઇ કંઇ ધર્મકાર્યો થવાં સૃજાયેલાં હશે! મહામુનિ વિશ્વામિત્રની યજ્ઞરક્ષાને કાજે તો આપણે ફક્ત થોડાજ રાક્ષસો સંહાર્યા હતા, પરંતુ પૃથ્વી પર હજી રાક્ષસકુલનો મહાવિસ્તાર ભર્યો પડયો છે તેઓને સંહારવા છે. સાધુઓ સંરક્ષવા છે, અને ધર્મરાજ્યનાં ફરી સંસ્થાપન કરવાં છે. માટે વીરા! ભરત કે કૈકેયી માતા પ્રત્યે વિના કારણ કાં ક્રોધ કરે છે? અને તું અહીં છે એટલે તો હું નિશ્ચિંત છું અને રહીશ. આ માતાજી અને સુમિત્રા માતાની તારા વિના સેવા અને શુશ્રૂષા કોણ કરશે? (કાશલ્યાને) અને માતાજી! મહારાજની અવસ્થા આ ટાણે વિષમ છે, તેમના પવિત્ર દેહની રક્ષાર્થે આપે તેમની સમીપજ રહેવું જોઇએ ને? આમ છે એટલે આપનાથી મારી સંગાથે નજ અવાય! માટે માતાજી! મને વસમી પણ વહાલભરી વિદાય આપો! મને આપની શુભાશિષ ખપે છે. જુઓ, સૂર્યોદય થવાને એક ઘટિકા વીતી ગઇ; હવે મને જેટલો રોકો છો તેટલો મારો ધર્મ વગોવાય છે. મારે હવે પ્રયાણ કરવુંજ જોઇએ." (કૌશલ્યા રામને સ્નેહાશ્રુથી નવરાવે છેઃ તેનું માથું સૂંઘે છે, રામ–લક્ષ્મણ સીતા પાસે જાય છે.) (રામને રાજ્યાભિષેક થવાનો છે એટલે સીતા મંગલ વસ્ત્રાભૂષણો સજી સખીઓ સાથે વિનોદ કરી રહી છે, રામ લક્ષ્મણને કંઇક બહાને આઘો પાછો કરી સીતા સમક્ષ આવે છે, સખીઓ ચાલી જાય છે.)

સીતા—"આર્યપુત્ર! આપે હજી વસ્ત્રાલંકાર નથી સજ્યા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Gurukula Library Kangri 63 ग 96
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરખ તો ક્યારનોયે આપની ઝંખના કરી રહ્યો છે. હવે તો થોડી ઘટિકાઓ વીત્યા બાદ મંગળ મુહૂર્તે આપે રાજસભામાં જવાનું છે. (રામ નીચે વદને ઉભા છે) કેમ બોલતા નથી ? કોઇએ કંઇ કહ્યું ? મારા સમ, કહો તો ખરા, શું થયું છે ? આપ નિસ્તેજ દેખાઓ છો ! અરે, મારૂં જમણું અંગ કેમ ફરકે છે ?" (સહેજ ગળગળી બને છે.)

રામ—"સીતા ! ધાર કે આજે મારો અભિષેક નથી થવાનો. ઘડીભર કલ્પી લે કે મારે આ પળેજ વનમાં જવાનું છે. માની લે કે, ભાઇ ભરત અયોધ્યાનો સ્વામી બને છે. (સીતાને બહાવરી અને ગભરાયેલી જોઇ) પણ આમ આટલી બહાવરી કેમ બની જાય છે ? સાંભળ તો ખરી ! આ બધું આમ હોય તો તું હું કહું તેમ ન કરે ?"

સીતા—(લગભગ રડવા જેવી થઇને) "આર્યપુત્ર ! આપ શું વદી રહ્યા છો ? 'ધારી લે, માની લે, કલ્પી લે' એ બધું શું છે ? સ્પષ્ટ વાતો કરો ને ? મને સમજ પડે તેવું બોલો ને ? કોઇએ આ મહામંગલ કાર્યમાં વિઘ્ન તો નથી નાખ્યું ને ? ઇર્ષ્યાના કીડાએ કયા હીનભાગીના કાળજાને કોરી લીધું ? પણ તેમ હોય તોયે ફિકર શી છે ? આપણું પ્રણયસામ્રાજ્ય એથી ઓછું નષ્ટ થવાનું છે ? પરંતુ આ વનમાં જવાની આપ શું વાત કરો છો ?" (રામ સીતાને બધી વાત કહે છે.)

રામ—"અને આમ છે દેવિ ! એટલે મારે વગર વિલંબે હવે જવુંજ રહ્યું છે. તું પિતાશ્રી તથા માતાઓની સેવા કરજે ! અને કૌશલ્યા માતાને મારો વિયોગ જરાયે ન મુંઝવે–ન કલ્પાંત કરાવે તેની ખાસ સંભાળ રાખજે હોં ! તારી ચતુરાઇની પરીક્ષા હવેજ છે, અને લક્ષ્મણ તારી નિરંતર રક્ષા કરશે. ભાઇ ભરત અને શત્રુઘ્ન પર સહોદરશો પ્રેમ રાખજે ! ચૌદ વર્ષના ઉન્હાળા તો આમ તપી જશે. (હસીને) અને હું પાછો આવીશ ત્યારે આ બધાનો હિસાબ તારી પાસેથી લઇશ--ચોક્કસ લઇશ હોં ?"

સીતા—"દેવ ! આપની ડાહી ડાહી વાતો બધી મેં સાંભળી. તમે વનમાં પધારો છો એમજ ને ? અને હું...અહીં...રહું, સૌની સેવા કરૂં, આપનાં ભાંડરડાંઓ પર પ્રેમ રાખું ! આપે મારે કાજે 'ઉત્તમ' વિચારો કરી રાખ્યા લાગે છે ને ? તમે મને કેવી કલ્પી છે ? આપના વનગમનમાં પ્રથમ પગલું મારૂં પડશે, સમજ્યા ? સપ્તપદીની મેં કરેલી પ્રતિજ્ઞા ભૂલી ગયા ? **'यत्र त्वं तदहं तत्र'** આપને આપનો ધર્મ વહાલો છે–મારા ધર્મને હું દફનાવી દઉં એમજ ને ? હું પ્રતિજ્ઞા કરૂં છું કે વનવાસનાં ચૌદ વર્ષો દરમિયાન હું બ્રહ્મચર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાળીશ, અને આપના યમનિયમના પાલનમાં કંઇયે વિક્ષેપ નહિ કરૂં! થયું, હવે કંઇ છે?"

રામ—"સીતા! સાહસ કરે છે હોં! વનવાસનાં દુઃખોની કલ્પના રાજપુત્રીને ન હોય! વગરવખતે નિર્જળા ઉપવાસ કરવા પડશે. તારા કોમળ ચરણોમાં કાંટા ભોંકાશે–હિંસક વનપશુઓની સદા સર્વદા ભીતિ તો ઉભીજ છે. રાક્ષસોની મહામાયા તને મુંઝવી રહેશે. તું રાજતનયા મહાવૈભવમાં ઉછરેલી છે અને અહીં મહાલે છે. તારાથી આવાં અનેક દુઃખો શે સહ્યાં જશે? તારી કોમળ દેહલતા અરણ્યના ઉજાગરા કરવા નથી સરજાઇ! વનનાં વીતકોનો વિચાર સરખોયે વસમો છે. શા સારૂ હઠ કરે છે? તેં મારી સાથે પ્રયાણ કરવાની ઇચ્છા દાખવી, ત્યારથીજ તારો ધર્મ તેં સાચવી લીધો છે."

સીતા—(સહેજ ભમ્મર ચઢાવી—રોષભરી) "આર્યપુત્ર! આપ આપનો ધર્મ સમજવાનો ઇજારો રાખો છો, તો હું પણ મારો ધર્મ બરોબર સમજું છું હોં! એનાં પારાયણ આ ઘડીયે મારે આપની કનેથી નથી સુણવાં! આપ વદો છો કેવું? વનવાસને યોગ્ય આપનું આ સુકુમાર શરીર છે, અને હું તો મહાવૈભવમાં વસેલી, એટલે મારાથી એ વીતકો ન વેઠાય એમજ ને? મને વનમાંનાં હિંસક પ્રાણી અને રાક્ષસોની બીક બતાવો છો? પણ આર્યપુત્ર! તમે સાથે હો પછી મને બીક કોની છે? માટે લાંબું વિવેચન અને નકામી કચકચ છોડી દ્યો ને? મેં અફર નિશ્ચય કરી લીધો છે–હું આપની સંગાથે જ વિચરવાની છું, છું ને છુંજ. આપ કહી રહ્યા?"

રામ—"તો ભલે! તારૂં દિલ દુભાવીને હું જવા નથી ઇચ્છતો! પરંતુ આ દિવ્ય વસ્ત્રાભૂષણોનો ત્યાગ તારે કરવો પડશે! સાથે કંઇ નહિ લેવાય! એમ કર! આ આપણાં બધાં વસ્ત્રાભૂષણોનું દાન હમણાંજ કરી દે!"

(લક્ષ્મણ પ્રવેશ કરે છે.)

લક્ષ્મણ—"મોટા ભાઇ! દેવીને પણ સંગાથે લઈ જાઓ છો ને શું? અને હું અહીં રહીને શું કરીશ? જુઓ, હું નિશ્ચય કરીનેજ આવ્યો છું. આપની સેવા હું અને દેવી બંને કરીશું."

રામ—"લક્ષ્મણ–વીરા! વળી તું હજી રહી ગયો? પિતાજીએ વનવાસ મને આપ્યો છે–અને કૈકેયીએ તે મારે સારૂ માગેલો હતો. સીતા તો હઠીલી થઇ છે એટલે નિરૂપાય છું, પરંતુ તુંયે સાથે આવે એટલે પિતાજીને કેટલી શિક્ષા થશે એની કલ્પના આવે છે?"

લક્ષ્મણ—"વડીલ! લાંબા લાંબા અને મહાગહન વિચારો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યેષ્ઠ ભ્રાતાને કરવાના હોય! મારે તો કંઇયે વિચારવાનું નથી રહ્યું. મારો નિશ્ચય ફરે તેમ નથી (જરા શરમાઇને) ઉર્મિલાને તો મેં સમજાવી લીધી છે. તેણે તો પ્રસન્ન મુખે મને રજા આપી છે. માતા સુમિત્રા આ ઘડીએ અહીં આવે છે. અને પિતાજીની સેવા કરનાર ભરત-શત્રુઘ્ન ક્યાં નથી? આવડું મહાન સામ્રાજ્ય મળે છે, એના બદલામાં તેઓ પિતાશ્રીની સેવા નહિ કરે? અને એક દિકરાને હળવે હૃદયે જે પિતા વિના કારણે વનમાં મોકલે છે, તેમ એક બીજો દીકરો જશે! એમાં હવે પિતાજીની પાંપણ સરખીયે ફરકે તેમ નથી. કૈકેયીના મુરલીનાદ પર જેને નાચવું છે તેને હૃદયફડકો થાયજ નહિ. આવા ગંદા અને કલુષિત વાતાવરણમાં હું તો અહીં ગુંગળાઈજ મરૂં ને? હું તમે લઇ જશો તો યે સાથે આવીશ, નહિ લઈ જાઓ તો પણ સાથે આવીશ; માટે હવે કંઇ પણ બોલો તો મારા શિરના સોગંદ છે." (સુમિત્રા આવે છે: રામ, લક્ષ્મણ અને સીતા તેનાં ચરણોમાં વંદના માંડે છે.)

"માતા! હવે જરાયે ક્ષોભ, વિક્ષેપ કે વિલંબ થાય તેવું ઉચ્ચારણ ન કરશો! મને તો આ મહાપ્રસંગ દેવની દયાએ પ્રાપ્ત થયો છે. મારા જેવો ભાગ્યશાળી કોણ છે? આ ઉભયની સેવા, કૈકેયી માતાએ 'દયા' ન કરી હોત તો મને શે સાંપડત! મને આશિષજ આપી લ્યો!"

સુમિત્રા—(ચક્ષુમાં હર્ષાશ્રુ સાથે) "પુત્ર! મેં તો તને ક્યારનીયે અનુજ્ઞા આપી છે એમ માનીજ લે ને? જો, વનમાં ત્યાગી બનીને તપસ્વી જેવુંજ જીવન ગાળજે! આ બંનેની નિઃસ્વાર્થભાવે અને એક-ચિત્તે સેવા કરજે! તારા જેવા પુત્રથી તો હું ઉજળી છું અને વધુ બનીશ! મારા તમને સૌને અનેક શુભાશિષો છે."

કૌશલ્યા—(આંસુભરી આંખે) "જો વત્સ! આ સીતા અને લક્ષ્મણની સ્નેહસંભાળ તને ભળાવું છું. મારી લાડકડી સીતાને જરાયે સંતાપીશ નહિ, અને વહાલા લક્ષ્મણને જરા પણ દુભાવીશ નહિ-સૌ સંપીને રહેજો હો!"

(બ્રાહ્મણો અને અન્ય યાચકોને રામ, સીતા તથા લક્ષ્મણ પોતાના સર્વ વસ્ત્રાલંકારોનું દાન કરે છે. કૌશલ્યા તથા સુમિત્રા ત્રણેને આંસુભરી વિદાય આપે છે. રામ, સીતા અને લક્ષ્મણ કૈકેયીને આવાસે આવે છે.)

—દર્શન ત્રીજું—

(સ્થળ: કૈકેયીનો આવાસ: ત્યાં કુલપતિ વસિષ્ઠ, પ્રધાનો અને શહેરના અન્ય સંભાવિત જનો આવી ગયા છે, દશરથ તો હજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં ને ત્યાંજ પડેલા છે. રામ, સીતા તથા લક્ષ્મણ આવી કુલપતિને પાયવંદન કરે છે અને પછી દશરથને ચરણે સાષ્ટાંગ દંડવત્ કરે છે. દશરથ ભાનમાં છે પરંતુ તેમનો કંઠ રૂંધાઇ ગયો છે, તેમનાથી ઉચ્ચાર સરખો પણ થઇ શકતો નથી.)

દશરથ—"બેટા...રા...મ...સીતા...લક્ષ્મ...ણ..."

(છાતીમાં ડૂમો ભરાઇ જવાથી દશરથ વધુ બોલી શકતા નથી. પરંતુ ચક્ષુમાંથી અખૂટ અશ્રુ વહી રહે છે. સૌ મહાકલ્પાંત કરે છે. ફક્ત કૈકેયીનું રૂંવું સરખુંયે ફરકતું હોય એમ લાગતું નથી.)

કૈકેયી—"રામ–સીતા–લક્ષ્મણ! વત્સો! વનમાં વસ્ત્રાલંકાર હોય નહિ! આ વલ્કલો મેં તૈયારજ રાખ્યાં છે, તે પહેરી લ્યો!"

(સૌની આંખમાં ક્રોધ તરવરી રહે છે. રામ—લક્ષ્મણ વલ્કલો પહેરે છે; પરંતુ સીતાને વલ્કલ કેમ પહેરવું તે આવડતું નથી, એટલે વલ્કલને ગળામાં નાખી લજ્જાભર્યા નીચે વદને ઉભી રહે છે. રામ તેની મૂંઝવણ પામી જાય છે; અને વલ્કલને તેના શરીર પર બાંધી લે છે; વસિષ્ઠથી આ સહ્યું જતું નથી. તેઓ એકાએક ક્રોધભર્યા ભભૂકી ઉઠે છે.)

વસિષ્ઠ—"કૈકેયિ! તારી માનવનીચતાની પણ સીમા આવી દીસે છે! તેં વરદાનમાં રામનો વનવાસ માગ્યો છે—લક્ષ્મણ અને જાનકીનો નહિ! કયા ન્યાયે–કયા મોઢે તું તે બન્નેને વલ્કલો ધારણ કરવા કહી રહી છે? દુષ્ટા! શરમાતી નથી અને હજી ગાજે છે? તારી પાખંડતાએ તો (દશરથપ્રત્યે અંગુલીનિર્દેશ કરી) અયોધ્યાના શિરતાજની આ દશા કરી છે. હવે તેના પ્રાણપંખીને જેટલી નિર્દય શૂળો ભોંકવી હોય તેટલી ભોંકી લે એટલે નિકાલ પતે! કુલસંહારિણિ! તારા પતિદેવ–આ અનાથોના નાથનીએ તને દયા નથી? (લક્ષ્મણ અને સીતા પ્રત્યે) ઉતારી નાખો એ વલ્કલો, અને પુનઃ પરિધાન કરી લ્યો તમારા વસ્ત્રાલંકારો! જોઉં છું કોણ આડે આવે છે! સુમંત્ર! જા, આ બન્ને સારૂ વસ્ત્રાલંકાર ત્વરાથી લઈ આવ!"

લક્ષ્મણ—ક્ષમા, કુલપતિદેવ! મારો તો નિશ્ચયજ છે કે હું તો રામભદ્રની જેમ જટા અને વલ્કલોજ ધારણ કરીશ; પરંતુ દેવી જાનકી ભલે વસ્ત્રાદિ પહેરે."

(સુમંત્ર વસ્ત્રો વગેરે લાવે છે. ગુરુદેવના અતિશય આગ્રહને લીધે સીતા તે પહેરે છે. સૌને નમન કરી–કૈકેયીને પણ વંદન કરી, ત્રણે મહારાજના ચરણો પકડે છે. રામનાં ચક્ષુમાંથી એક અશ્રુ દશરથના ચરણ પર પડે છે. સૌ મહાવિલાપ કરી રહ્યાં છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ—"પિતાજી! હવે અમે જઇએ છીએ. અમને વનમાં મોકલવામાં કે મારો રાજ્યાભિષેક ન થયો તેના કારણભૂત આપ છો એવું મનમાં ન લાવશો! આપના ચરણો પર હાથ મૂકી પ્રતિજ્ઞા કરૂં છું કે, અમારા હૃદયમાં એવી ભાવના સરખીયે નથી. આપની હૃદયવ્યથા અમે કલ્પી શકીએ છીએ; પરંતુ પિતાજી! રઘુકુલમાં મેં જન્મ લીધો-અને હું હવે વનમાં ન જાઉં તો મારે કાજે આપ મિથ્યાભાષી થાઓ, એ કુળલાંછન ન લાગે તે કારણે હું જાઉં છું. મહારાજ! આપના કે માતા કૈકેયી પરના ક્રોધને લીધે હું નથી જતો, એ રામવચન આપ સત્ય માનજો! દેવ! અમ પર આપનો અગાધ પ્રેમ છે-પક્ષપાત છે-અમારા વિયોગનું દુઃખ આપનાં સૌમ્ય હૃદયને કેટલું વલોવશે તેની કલ્પના કરૂં છું ત્યારે કમકમી રહું છું; પરંતુ પિતાશ્રી! ભાઈ ભરત અને શત્રુઘ્ન આપની હરહમેશ સેવા કરશે-આપને અમારો વિયોગ સાલવા નહિ દે! અને મૃત્યુ પછી આપણાં વહાલાંઓને આપણે નથી વિસરતા? એમ થોડું પ્રથમથી અમ જીવતાંઓને આપ ભૂલી જજો! અમારાં આયુષ્ય નિર્માણ હશે તો પુનઃ આ ચરણો ચૌદ વર્ષને અંતે ચૂમીશું. પિતાજી! મારી માતાની સોંપણી આપને કરૂં છું, (વળી એક અશ્રુ રામચક્ષુમાંથી ખરે છે) તેના દિવસો આપના દિલાસા સિવાય દોહ્યલા થશે. આપ પ્રતિદિન તેના આવાસે પધારી તેને તથા માતા સુમિત્રાને આશ્વાસન આપજો એટલી ભીખ આપની પાસે પહેલી અને છેલ્લી માગી લઉં છું. પિતાજી! વનવાસમાંયે હું આપણા કુળને છાજે તેવું વર્તન રાખીશ. રામને આ જન્મે એક વચન, એક પત્ની અને એક બાણ છે; એ મારી પ્રતિજ્ઞા આપ ક્યાં નથી જાણતા? આપ નિશ્ચિંત રહેજો! પિતાજી! બાલપણમાં, યુવાવસ્થામાં, રમતમાં, લાડ લડતાં કે અણસમજપણામાં જાણ્યે અજાણ્યે અમારો કંઇયે દોષ થયો હોય-આપનું દિલ દુભાયું હોય તો તે સર્વની મને ક્ષમા આપો! દેવ! મારી સામે એક વખત અમૃતભરી દૃષ્ટિ નાખો કે વનવાસનાં ચૌદે વર્ષો પર્યંત હું એ પ્રેમાળ દૃષ્ટિનું ચીરંજીવ ચિંતન કર્યા કરૂં!" (દશરથ મહાપરાકાષ્ઠાએ રામમુખ પ્રત્યે મીટ માંડે છે; પણ દૃષ્ટિ આડો અશ્રુઓનો પડદો બંધાઈ જાય છે-આંખ બંધ થઈ જાય છે.)

દશરથ—"વત્સ...રામ...લ......" (મૂર્છામાં પડે છે. રામ વગેરે પુનઃ સૌને વંદન કરી પ્રયાણ કરે છે.)

("મુંબઇ સમાચાર"ના સં. ૧૯૯૦ ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩–બજરંગી હનુમાન

(લેખકઃ–શ્રી. જેઠાલાલ છ. ચોધરી, બી. એ.)

"માતાજી! પ્રણામ કરૂં છું; આશીર્વાદ આપો એટલે સીધાવું."

માતા અંજનીની આંખમાં આંસુ ભરાયાં; પોતાની નજર સામે લાડકોડથી ઉછરેલા પુત્રને વિદાય આપતાં માતાને વસમું લાગ્યું; પણ હૈયું કઠણ કરી અંજની માતાએ આશિષ ઉચ્ચારીઃ "બેટા! દુઃખિયાનો ભેરૂ થજે; હવે સુખેથી જા. તારી માતાના તને આશીર્વાદ છે."

હનુમાન તો પછી ઉપડ્યા. પોતાની કાયા વજ્ર જેવી કઠણ ને કસાયલી હતી. વાયુનાજ જાણે પુત્ર હોય એમ પવન સાથે ઉડતા ને ધરતીને ધ્રૂજાવતા એ તો ચાલ્યા જાય છે.

હનુમાને મનમાં નિશ્ચય કરી રાખ્યો હતો કે, દુખિયા સુગ્રીવના ભેરૂ બનવું.

સુગ્રીવ બિચારો દુઃખિયો હતો. મોટા ભાઇ વાલીએ એનું રાજપાટ ઝૂંટવી એને રખડતો કરી મૂક્યો હતો.

હનુમાન તો સીધા સુગ્રીવને જઇને મળ્યા.

'આવો ભેરૂ મળે તો કોક દિવસે પણ ગયેલું રાજપાટ પાછું આવે ખરૂં.'–એમ સુગ્રીવને પણ મનમાં વસી ગયું. પછી સુગ્રીવે તો હનુમાનને મિત્ર કરીને સાથે રાખ્યા.

હનુમાન તો વાલીનો ઘાટ ઘડવાનોજ વિચાર કર્યા કરે છે; પણ કાંઇ લાગ ફાવતો નથી.

એક દિવસે હનુમાન પંપા સરોવરમાં નાહતા હતા. ત્યાં તો કોઇ બે રૂપ રૂપના ભંડાર ઋષિકુમારો જેવા જુવાનો એજ સરોવરને કાંઠે આવ્યા.

પણ એ બન્ને કુમારોનાં મોં ઉપર હરખ નહોતો દેખાતો. હનુમાનને નવાઇ લાગી કે આવાં રૂપ છે છતાં હરખ કેમ નહિ?

હનુમાને પૂછ્યુંઃ "ઋષિકુમારો! મોઢાં કરમાયલાં કેમ?"

મોટો કુમાર બોલ્યોઃ "ભાઇ! અમે ઋષિકુમાર નથી. અમે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખથી ઘેલા બનેલા ક્ષત્રિય રાજકુમારો છીએ."

હનુમાનને તો આ સાંભળી નવાઇ લાગી. પણ પછી તરતજ બન્ને કુમારોએ પોતાના વીતકની વાત કહી સંભળાવી.

હનુમાન રામચંદ્રનું નામ તો જાણતાજ હતા. ત્ર્યંબકને તરણા સમાન તોડી નાખનારને હનુમાન ન જાણે એ કેમ બને ? બળિયા તો બળિયાની વાત જાણેજ ને !

બન્ને કુમાર રામ-લક્ષ્મણે પણ હનુમાનને પીછાન્યા અને પછી તો રામ-લક્ષ્મણ હનુમાનની સાથે સુગ્રીવને આવાસે ગયા.

આ બાજુ હનુમાને મનમાં ગાંઠ વાળી કે સીતાદેવીનો પત્તો મારે મેળવી આપવો. રોજ ઉડીને હનુમાન સો સો ગાઉનો ફેરો કરી આવે છે, પણ સીતાદેવીની શોધ લાગતી નથી.

એક દિવસે પંખીરાજ સંપાતિનો ભેટો હનુમાનને થઇ ગયો. હનુમાને તરતજ, સંપાતિને સવાલ કર્યો: "પંખીરાજ! આટ આટલું નિત્ય ઉડો છો તો એક પત્તો મને નહિ આપો ?"

સંપાતિએ કહ્યું: "ખુશીથી, હું જાણતો હોઇશ તો જરૂર પત્તો આપીશ."

હનુમાન કહે: "ત્યારે સીતાજીને ક્યાંય દીઠાં છે ?"

સંપાતિ કહે: "ઓહો ! તમને ખબર નથી ? સીતાદેવીને તો લંકાનો રાજા રાવણ હરી ગયો છે ! મારો ભાઇ જટાયુ સીતાજીને બચાવતાંજ મરાયો !"

હનુમાન બોલી ઉઠયા: "હેં ! રાવણજ સીતાને હરી ગયો છે ! સ્વયંવરમાં ન ફાવ્યો તો રાક્ષસવિદ્યા વાપરી ! ફિકર નહિ ! હવે હુંય એને બતાવી આપીશ !"

પછી તો હનુમાન ઘેર આવ્યા. સીતાજીની ભાળ લાગી તે બધી વાત કરી અને રામ-લક્ષ્મણના જીવમાં જીવ આવ્યો.

પણ સુગ્રીવને રાજપાટ અપાવ્યા વિના ચાલે તેમ ન હતું. વાલી મરાય ને સુગ્રીવને રાજ્ય મળે તોજ લશ્કર ભેગું થાય, અને તોજ રાવણ સાથે બાથ ભીડાય. આથી રામજીએ સુગ્રીવને કહ્યું કે "વાલીને મારવામાં હું મદદ કરીશ."

હનુમાન પણ વાલીનો ઘાટ ઘડવાનો મનસુબો કે દિવસના ઘડી રહ્યા હતા.

હનુમાને વાલીને કહેવડાવ્યું કે "બળિયો હો તો આવજે લડવા."

વાલી હતો ચડીલો. એ તો આવ્યો લડવા; પણ રામજીની સહાયથી સુગ્રીવે વાલીને ધૂળ ચાટતો કરી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તો સુગ્રીવ રાજા બન્યો. અને હનુમાનની હાક આખા રાજ્યમાં વાગી કે 'જલદી લશ્કર એકઠું કરો.'

જોતજોતામાં તો એક મોટું લશ્કર એકઠું થયું અને રામજી, લક્ષ્મણ, હનુમાન, સુગ્રીવ, વાલીનો પુત્ર અંગદ–બધાય લશ્કર લઇને લંકા જવા ઉપડયા.

પણ લંકા તો આવેલી દરિયામાં. રામજી તો મુંઝાયા. હવે પેલે પાર જવું કેવી રીતે? પણ હનુમાને એક જુક્તિ કરીજ રાખી હતી. નલ ને નીલ નામના બે હોંશિયાર શિલ્પકારો સાથેજ હતા. એ બેના કહેવાથી સંખ્યાબંધ લાકડાંઓ ને પથરાઓ એકઠા કર્યા. ને હનુમાને આપ્યો હુકમ કે "એક એક લાકડે દશ દશ પથરાઓ બાંધીને દરિયામાં નાખો અને એક લાકડા પાસે બીજું ને બીજા પાસે ત્રીજું એમ કરીને બાંધો પૂલ!"

રામજીને પણ આ જુક્તિ ગમી ગઇ.

આ બાજુ પૂલ બંધાવાનું કામ શરૂ થયું ને બીજી બાજુ હનુમાન એકલા ઉપડયા લંકા જવા. એમને સીતાની ભાળ અગાઉથી કાઢવી હતી.

રામજીએ પોતાની વીંટી આપી તે લઇને હનુમાન તો તરીને લંકા ભેગા થઇ ગયા.

લંકાને કાંઠે ગયા ને હનુમાનને ભૂખ કકડીને લાગી. પાસેજ એક મોટી વાડી જોઇ. હનુમાન તો દોડતાક વાડીમાં પેઠા ને ધરાતા સુધી ફળ ખાધાં.

ત્યાં તો એજ વાડીમાંથી કોઇ અબળાના રડવાનો અવાજ સંભળાયો. ઝડપ દેતા હનુમાન ત્યાં ગયા. એક રૂપ રૂપના ભંડાર જેવી છૂટા વાળવાળી સ્ત્રી 'રામ, હે રામ!' એમ બોલતી વિલાપ કરી રહી હતી.

હનુમાને તરતજ જાણ્યું કે આ સીતાદેવીજ છે. પછી હનુમાને તો સીતાને રામચંદ્રજીની વીંટી બતાવીને કહ્યું કે "હું રામનો દાસ છું ને તમારી ભાળ કાઢવાનેજ આવ્યો છું."

હનુમાને સીતાજીને રામજીની બધી વાત કરીને ધીરજ આપી કે "થોડા રોજમાંજ અમે લંકામાં આવી પહોંચીશું ને રાવણને હતો ન હતો કરી નાખીશું."

પછી હનુમાન હરખાતા હરખાતા વાડીની બહાર નીકળ્યા; પણ વાડીના દરવાજાની બહાર પગ મૂકે છે ત્યાં તો સામેથી ત્રણ રાક્ષસણીઓ આવી. તરતજ રાક્ષસણીઓએ તો હનુમાનને ઘેર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હનુમાને અબળાઓ ઉપર હાથ ન ઉગામ્યો એટલે પોતે પકડાયા.

રાક્ષસણીઓ તો હનુમાનને રાજા રાવણ પાસે લઇ ગઇ.

રાજા રાવણ કચેરીમાં બેઠો હતો. એના નવ પ્રધાન અને દશમા પોતાના માટે બેસવાનું એકજ ઉંચું સિંહાસન હતું. વચલે ઉંચે સિંહાસને રાવણ બિરાજેલો.

હનુમાન તો કચેરીમાં દાખલ થયા કે સામેજ દશ માથાવાળો રાવણ દેખાયો.

રાજા રાવણ હનુમાનની વજ્ર જેવી કાયા જોઇને દિંગ થઇ ગયો. વળી હનુમાનની હનુ (હડપચી) વધારે પડતી બહાર આવેલી જોઇને એને વધારે નવાઈ લાગી.

"આ તે કોણ હશે? કોઇ રાક્ષસવાનર! ને વાડીમાં કેમ પેઠો હશે?" એમ વિચાર કરે છે ત્યાં તો હોચીચીયો સંભળાયો કેઃ "લંકામાં આગ લાગી છે...આગ લાગી છે......"

કચેરી એકદમ બરખાસ્ત કરવી પડી. રાવણના મંત્રી હાંફલા ફાંફલા દોડવા લાગ્યા, રાવણ બેબાકળો થઈ ગયો.

આ ગડબડમાં હનુમાન આવ્યાની વાતજ સૌ ભૂલી ગયા. હનુમાને પણ વખત વિચાર્યો ને પોતે ઉભી પૂંછડીએ જે નાઠા ને તે આવી પહોંચ્યા દરિયાને કાંઠે.

ત્યાંથી પછી દરિયો તરીને સામે કાંઠે રામને મળ્યા, ને રામને બધી વાત કરી.

આ બાજુ પૂલ પણ તૈયાર થઇ ગયો હતો. એટલે આખી સેના એ પૂલ ઉપર થઇને લંકામાં પેઠી.

પછી તો થયું જુદ્ધ. ભારે જબરૂં યુદ્ધ થયું. રામ–રાવણનું યુદ્ધ તો રામરાવણનુંજ. કેટલાયનો કચ્ચરઘાણ નીકળી ગયો. રાજા રાવણ, એનો ભાઇ કુંભકર્ણ, રાવણનો પુત્ર ઇંદ્રજિત, રાવણના બે મામા અહિરાવણ ને મહિરાવણ એ બધાય એ લડાઇમાં મરી ખૂટયા.

આ લડાઇમાં હનુમાન પણ લંગડા બન્યા હતા. લક્ષ્મણને મૂર્ચ્છા આવી ગઇ હતી ને એ માટે હનુમાન ઓસડિયાં લેવા માટે વનમાં ગયેલા; પણ ઓસડિયાને ઓળખતા ન હતા એટલે હનુમાન તો મોટા ભારા જેટલી વેલીઓ ઉપાડીને ચાલ્યા આવતા હતા. તે વખતે રસ્તામાં કોઇએ એમને દુશ્મન ધારી બાણ માર્યું હતું. તે બાણથી હનુમાન લંગડા બની ગયા હતા.

પછી રામે લંકાનગરીમાં પ્રવેશ કર્યો, ને લંકાનું રાજ્ય રાવણના ભાઇ વિભીષણને આપ્યું. આ વિભીષણ રામનો ભક્ત હતો ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાવણને ત્યજીને રામની બાજુએ આવ્યો હતો.

પછી સીતાદેવીને લઇને રામ-લક્ષ્મણ અયોધ્યા જવા ઉપડયા. હનુમાન, સુગ્રીવ અને અંગદને પણ રામજીએ સાથે લીધા.

અયોધ્યામાં રામજી પહોંચ્યા એટલે નગરજનો હરખઘેલા થઈ ગયા. રામજીને ધામધૂમથી ગાદીએ બેસાડયા.

એજ દિવસે ભરસભામાં સીતાજીએ હનુમાનને બોલાવીને પોતાનો હાર ભેટ આપ્યો ને કહ્યું: "લ્યો હનુમાન! તમે અમારા માટે લંગડા બની બેઠા તો આટલો હાર આપું છું તે સ્વીકારો."

હનુમાને એ હાર હાથમાં તો લીધો, પણ આમતેમ નિહાળીને એ તોડી નાખ્યો. સાચાં મોતી મોંમાં ઘાલીને ભાંગી નાખ્યાં!

સભા સર્વ જોઇ રહી. ત્યાં કોઈ ચિબાવલો બોલી ઉઠયો: "એને તે હાર આપવાનો હોય!"

હનુમાન ગર્જી ઉઠયા: "આ મોતીમાં મારો રામ ન ભાળ્યો! હું એ રાખીને શું કરૂં?"

વળી કોઇ બોલ્યું: "તમારા હૃદયમાં રામ હશે માટેજ રાખી રહ્યા હશો!"

હનુમાને એ સાંભળ્યું. એમને ઝાંઝ ચડી, બે હાથના બે પંજાથી છાતીનાં પાટિયાં ચીરી નાખ્યાં!!

ત્યાં તો સભામાં 'હાં હાં!! આ શું!!' ના પોકાર થઇ રહ્યા. હનુમાન તો મોઢું બંધ કરીને ઉભા છે, પણ એમના હૃદયમાંથી 'રામ, રામ ને રામ'નાજ ધ્વનિ નીકળે છે.

સભા સર્વ વિસ્મય પામી.

રામ દોડીને હનુમાનને ભેટી પડયા.

હનુમાને હાથ જોડયા. ને 'રા…મ, રા…મ' એમ બે વાર બોલીને ડોકી નાખી દીધી.

સીતાજી રડી પડયાં. સભા સર્વ શોકમાં ડૂબી; પણ રામ બોલ્યા: "વીરને મૃત્યુ ન હોય. હનુમાન વીર હતો. એ તો અમર થઇ ગયો. આજથી એનું નામ અમર થયું. હિમાલય ઉભો રહેશે ત્યાં સુધી હનુમાન પૂજાશે. બોલો બધા-બજરંગી હનુમાનની જય!"

સભાએ હનુમાનની જય પોકારી.

આજે રામજીના કહ્યા પ્રમાણે હનુમાન પૂજાય છે. હનુમાનવિનાનું એકે મંદિર નથી, હનુમાન વિનાનો એકે અખાડો નથી, હનુમાન વિનાની એકે રામકથા નથી. (બાલજીવન"ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४–अतिरथी अर्जुन

(લેખકઃ–શ્રી. ધીરસિંહ વ્હે. ગોહિલ)

(નોંધ—આ સ્થળે એવો પ્રશ્ન થશે કે, ચાલુ જમાનાને અનુસરીને વાર્તા લખાવી જોઇએ. જૂની પુરાણી અને બધાના જાણવામાં છે તેવી હકીકત લખવાથી રસક્ષતિ થાય છે, આવો પ્રશ્ન થાય તે વાસ્તવિક છે; પણ આ સ્થળે એટલો ખુલાસો આવશ્યક છે કે, મૂળ મહાભારતની વાત ખરા સ્વરૂપમાં ભણેલા અને સંસ્કારીજ જાણે છે. આવા જાણકાર રાજપૂત જ્ઞાતિમાં બહુ ઓછા છે. ગામડાંમાં પાંડવો સંબંધે હકીકત પ્રચલિત છે તે ઘણીજ વિચિત્ર છે; કારણ કે ગામડામાં મુખ્યત્વે વલ્લભકૃત ભારત વંચાય છે અને તેમાં ભીમસેનને નટાવો, યુધિષ્ઠિરને બીકણ વગેરે મહાભારતના દરેક પાત્રોની ક્રૂર મશ્કરી કરવામાં આવી છે. દુર્ગાકૃત ભારત અને સૂરજરામકૃત ભારતમાં પણ મૂળ ભારતથી કેટલીએક વિરુદ્ધ અને વિચિત્ર વાતો છે. આ ઉપરાંત, 'કરણનો પોર' જેમાં પાંડવોને વચનભ્રષ્ટ બતાવી કર્ણને સર્વોપરિ બતાવ્યો છે; સુરેખાહરણમાં તો યાદવો અને કૌરવોને મૂર્ખજ ચિતર્યા છે. ઘટોત્કચની શ્રેષ્ઠતા વર્ણવતાં મોટો ઠગારો બતાવ્યો છે. દાંગવ આખ્યાનમાં પાંડવો અને યાદવોને લડાવી એકાંતમાં ભંગ પડાવ્યો છે. અભિમન્યુનો ચક્રાવો (ચંદ્રવ્યૂહ) માં વીર સુભદ્રાને પ્રાકૃત સ્ત્રી કરતાં પણ વધારે ભીરુતાવાળી વર્ણવીને આખા આખ્યાનમાં ન માની શકાય તેવી વિચિત્રતા ભરી છે.

ગામડામાં આવાં ઘણાંય ગપ્પોથી ભરેલી, સૃષ્ટિનિયમથી વિરુદ્ધ, અસંભવિત અને કદી ન માની શકાય તેવી હકીકતવાળી કથાઓ–વાર્તાઓ થાય છે અને તેમાં સાંભળવા પ્રમાણેનીજ હકીકત સત્ય છે તેમ માનીને જનતા તે આદર્શ પોતા સન્મુખ રાખે છે. આ બધી કથાઓમાં પાંડવ સંબંધેની કથા–વાર્તાઓ વધારે લોકપ્રિય છે. શ્રાવણ માસ કે અધિક માસમાં વલ્લભકૃત ભારત વંચાવવાનો અને સાંભળવાનો વધારે રિવાજ જોવામાં આવે છે. વલ્લભકૃત ભારતમાં ઉપર જણાવી તે બધી જાતની વાતોથી પાંડવોના ચરિત્ર પર વધારે પડતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુમલા કરેલા હોવાથી મૂળ મહાભારત કે જે વ્યાસજીનું લખેલું છે તેમાંની સત્ય હકીકતથી લોકો સર્વથા અજ્ઞાતજ રહે છે. પાંડવ સંબંધે સત્ય હકીકત જાણતા થાય એ હેતુથી "અતિરથી અર્જુન" એ નામની વાર્તાના રૂપમાં અહીં રજુ કરવામાં આવે છે. આ હકીકત વ્યાસજીકૃત મહાભારતમાંથીજ લીધેલી છે. અર્જુનના ચરિત્ર સાથે મહાભારતનાં બીજાં પાત્રોની હકીકત લગભગ આવી જાય છે. આમાં અર્જુન સંન્યાસીરૂપે દ્વારિકામાં ચમત્કારો બતાવતો નથી કે નાનપણમાં કૌરવોનો માર ખાતો નથી. શ્રીકૃષ્ણ પોતાના ભાણેજ અભિમન્યુને મારવા દગો કરતા નથી. ભીષ્મ સાથે ભીમસેન, ઘટોત્કચ, તેનો દીકરો વગેરે દગો કરતા નથી. આવી આવી કેટલીક ન માની શકાય તેવી હકીકત ઉપર પ્રકાશ પાડી સત્ય હકીકતજ લખવામાં આવી છે. માટે આશા છે કે ઉપરની હકીકત માનવાવાળા મારા બંધુઓને પાંડવોનું સત્ય સ્વરૂપમાં ચરિત્ર જાણવામાં આવશે, અને તોજ મારો પ્રયાસ સફળ થયો માનીશ.)

માતા કુંતાજીના એક વર્ષના ઉગ્ર તપના ફળરૂપ અર્જુનનો જન્મ થયો હતો. અર્જુનના જન્મથી આકાશવાણી (લોકવાયકા) થઈ હતી કે "હે કુંતિ! આ પુત્ર મહાદેવજી જેવો પરાક્રમશાળી, ઇંદ્ર જેવો અજેય, પરશુરામ જેવો તેજસ્વી, વિષ્ણુ સરખો બળવાન, મોટા યશવાળો અને દિવ્ય અસ્ત્રો મેળવવાવાળો થશે." આવી વાણી સાંભળી માતા કુંતાજી હર્ષિત થયાં. અર્જુનનો જન્મ હિમાલયના શતશૃંગ પર ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયો હતો. તેનાં દશ નામો તેના કામ અને ગુણ ઉપરથી પડયાં હતાં. બધા દેશના રાજાઓને જીતી કેવળ ધનજ લેતો તેથી તેનું નામ 'ધનંજય' પડયું. કોઈ યોદ્ધાને જીત્યા વિના પાછો ફરતો નહિ તેથી તેનું નામ 'વિજય' પડયું. યુદ્ધ વખતે તેના રથવાહક અશ્વો શ્વેત રહેતા તેથી તેનું નામ 'શ્વેતવાહન' પડયું. ફાલ્ગુન નક્ષત્રમાં જન્મ હોવાથી 'ફાલ્ગુની', ઇન્દ્રે પોતાના હાથથી મુકુટ (કિરીટ) પહેરાવ્યો હોવાથી 'કિરીટી', યુદ્ધમાં કદી બીભત્સ કામ કરતો નહિ તેથી 'બીભત્સુ' બંને હાથથી બાણ મારતો તેથી 'સવ્યસાચી', શુક્લ વર્ણ હોવાથી 'અર્જુન' મોટા મોટા દુસ્મનોનો પરાજય કરતો હોવાથી 'જિષ્ણુ' અને પાંડુ રાજા તેને કૃષ્ણ નામથી બોલાવતા તેથી 'કૃષ્ણ' નામ પડયું.

કુંતાજીથી યુધિષ્ઠિર, ભીમસેન અને અર્જુન, એમ ત્રણ પુત્ર થયા હતા. માદ્રીથી નકુળ અને સહદેવ બે પુત્ર થયા હતા. આવી રીતે પાંચ પુત્રના પિતા પાંડુ રાજા થયા હોવાથી પોતાને ધન્ય માનતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. થોડાં વર્ષ પુત્રસુખ ભોગવી પાંડુ રાજા પોતાનો નિશ્ચય ચૂકવાથી સ્વર્ગવાસી થયા. માદ્રી પોતાના પતિ સાથે સહગમન કરી સતીધર્મને પામી, એટલે નકુળ અને સહદેવને કુંતાજીએ પોતાના પ્રાણથી વહાલા ગણી ઉછેર્યાં.

પાંડુ રાજાના સ્વર્ગવાસ પછી કુંતાજી પાંચે પુત્રોને લઇને ઋષિઓ સાથે રાજધાની હસ્તિનાપુરમાં આવ્યાં. પાંડુને શાપ હોવા છતાં પુત્રોત્પત્તિ કેવી રીતે થઇ તે વાર્તા ઋષિઓએ સવિસ્તર કહી બતાવી, તેથી ભીષ્મ, વિદુર અને ધૃતરાષ્ટ્ર વગેરેએ તેમને પાંડુપુત્રતરીકે સ્વીકારી ઉછેરવા માંડયા. દુર્યોધનાદિ ધૃતરાષ્ટ્રના પુત્રો અને યુધિષ્ઠિરાદિ પાંડુના પુત્રોને ઉપનયનાદિ સંસ્કાર એકી સાથે કરી વિદ્યાભ્યાસ માટે યોગ્ય થયા હોવા છતાં વિદ્યાગુરુને અભાવે રમતગમત અને મસ્તી કરવામાંજ દિવસ નિર્ગમન કરતા હોવાથી ભીષ્મને ચિંતા થવા લાગી. 'રાજપુત્રો વિદ્યાને અભાવે મૂર્ખ રહેશે તો મોટો અનર્થ થશે' એમ વિચારી રાજગુરુ કૃપાચાર્યને બોલાવી વિદ્યાભ્યાસમાટે સોંપ્યા. કૃપાચાર્યના બનેવી દ્રોણાચાર્ય દ્રુપદથી અપમાનિત થવાથી પરિતાપ પામતા હતા, અપમાનનો બદલો લેવા આતુર હતા એટલે કોઈ ક્ષત્રિય શિષ્યને ભણાવી વૈર વાળવાની તેમને પૂર્ણ જિજ્ઞાસા હતી; પણ કોઇ યોગ્ય શિષ્ય મળતા નહોતા તેથી દ્રોણાચાર્યના હૃદયમાં અપમાનનું દુઃખ સાલતું હતું. હૃદયને કાંઇ શાંતિ થતી નહોતી તેથી પોતાના સાળા કૃપાચાર્યને ત્યાં આવ્યા હતા. આ વાત કોઇના જાણવામાં આવી નહોતી.

એક દિવસ કૌરવ-પાંડવાદિ રાજકુમારો બાળ ખેલમાં મોઈદંડાની રમત રમતા હતા. મોઇ કૂવામાં પડી ગઈ. તેને કાઢવા રાજકુમારોએ યત્ન કર્યો, પણ મોઇ બહાર નીકળી નહિ. એવામાં દ્રોણાચાર્ય ફરતા ફરતા રાજકુમારોની પાસે આવ્યા. રાજકુમારો એક નાની સરખી મોઇ પણ નથી કાઢી શકતા તે જોઇ ખેદ કરતા બોલ્યા કે "તમારા ક્ષત્રિયોના બળને અને અસ્ત્રવિદ્યાને ધિક્કાર છે કે આટલી મોઈ પણ કૂવામાંથી કાઢી શકતા નથી! જુઓ આ મારી વીંટી કે જે તમારી મોઈ કરતાં નાની છે તે કૂવામાં નાખું છું. તમારી મોઇને તથા મારી વીંટીને કાઢી આપું છું. મને ભોજન આપજો." આમ કહી એક સળી લઇ અભિમંત્રી મોઇને વિંધી તે સળીમાં બીજી, ત્રીજી એમ એક પછી એક વિંધી પછી સળી ઉપાડી, એટલે મોઇ બહાર આવી. તેવીજ રીતે એક બાણ ફેંકી વિંટીને પણ બહાર લાવ્યા. આવું પરાક્રમ જોઇ રાજકુમારોને આશ્ચર્ય થયું. ઘેર જઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે ભીષ્મને વાત કરી.

દ્રોણાચાર્ય હસ્તિનાપુરમાં આવ્યા છે અને તે ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ છે, એ વાર્તા ભીષ્મના જાણવામાં આવતાં બધા રાજકુમારોને દ્રાણાચાર્ય પાસે વિદ્યાભ્યાસ કરવા મોકલ્યા. દ્રાણાચાર્યને નિવાસ માટ નિવાસાલય અને નિર્વાહના સાધન તરીકે રાજકોષમાંથી વર્ષાસન બાંધી આપ્યું, એટલે ચિત્ત સ્થિર કરી રાજકુમારોને ભણાવવા લાગ્યા.

"મેં એક કામ ધારેલું છે તે તમે અસ્ત્રવિદ્યા ભણી લ્યો ત્યારે કરી આપવું એવી બધા કબુલાત આપો." દ્રાણાચાર્યે એક દિવસે પોતાના બધા શિષ્યોને એકાંતમાં બોલાવી કબુલાતમાટે માગણી કરી.

'ગુરુ શું કામ બતાવશે તે જાણ્યા વિના કબુલાત આપી શકાય નહિ. વખતે આપણી શક્તિની બહારની વાત હોય તો આપણી વાત ખોટી પડે.' આમ વિચારી બધા રાજકુમારોએ મૌનાવલંબન કર્યું. આ જોઈ એકલા અર્જુને કહ્યું કે "આપ જે આજ્ઞા ફરમાવશો તે કરવા હું તૈયાર છું." અર્જુનનાં આવાં વચનો સાંભળી ગુરુ રાજી થઈ અર્જુનને ભેટી પડયા.

રાજકુમારોને વિવિધ પ્રકારનાં અસ્ત્રો ભણાવવાં શરૂ કર્યાં. દેશદેશાંતરમાં જાહેર થયું કે, હસ્તિનાપુરમાં ધનુર્વેદ વિદ્યાલય શરૂ થયું છે અને દ્રાણાચાર્ય જેવા મહાન ધનુર્ધારી અસ્ત્રશસ્ત્ર ભણાવે છે; તેથી યાદવો અને બીજા કુમારો પણ વિદ્યા ભણવા આવ્યા. કર્ણ પણ સાથે અભ્યાસ કરતો હતો, તે પ્રથમથીજ અર્જુનની અદેખાઇ કરતો હતો અને અર્જુન કરતાં પોતે પ્રબળ થવા ઇચ્છતો હતો.

બધા રાજકુમારોમાં અર્જુન વિદ્યા ભણવામાં શ્રેષ્ઠ હતો. બીજાઓ ઓછું ધ્યાન આપતા ત્યારે અર્જુન એક ચિત્તથી ભણતો. તેની ગ્રાહક શક્તિ એટલી બધી તીવ્ર હતી કે એક વખત શીખવાડેલું ફરી કદી ભૂલતો નહિ. ગુરુનો વિચાર એવો હતો કે પોતાના પુત્ર અશ્વત્થામાને સર્વશ્રેષ્ઠ ધનુર્ધારી બનાવવો. આ વિચારથી અશ્વત્થામાને ગુપ્તપણે વિદ્યા શીખવાડવા માટે બધા રાજકુમારોને પાણી ભરવા મોકલે ત્યારે કમંડલો આપે અને અશ્વત્થામાને ઘડો આપે. ઘડાનું મુખ પહોળું હોવાથી પાણી જલદી ભરાય અને કમંડલ સાંકડા મુખનું હોવાથી પાણી ભરાતાં વખત લાગે. અશ્વત્થામા પાણી ભરી બધાની પહેલાં આવે. પોતાના પુત્રને એકલાજ ગુપ્ત વિદ્યા ભણાવે. આ વાત અર્જુનના જાણવામાં આવી. 'ગુરુપુત્ર પોતાના કરતાં વધારે આગળ વધે છે, હું પણ સાથે રહું' આમ વિચારી વરુણાસ્ત્રથી કમંડલુ ભરી અશ્વત્થામા સાથેજ ગુરુગૃહે આવતો, બીજા રાજકુમારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમતમાં વખત ગાળી બેદરકારીથી મોડા આવે ત્યાં અર્જુન અને અશ્વત્થામા આગળ ભણી જતા.

એક વખત દ્રોણાચાર્યે રસોઇયાને એકાંતમાં બોલાવી કહ્યું કે "અર્જુનને તારે કોઈ દિવસ રાત્રે અંધારામાં ભોજન આપવું નહિ. આ વાત ગુપ્ત રાખવી; કોઇને જણાવવી નહિ." આ પ્રમાણેની ગુરુઆજ્ઞાને ગુપ્ત રાખી જ્યારે અર્જુન રાત્રિભોજન કરવા બેસે ત્યારે દીપક ન ઓલવાય તે માટે રસોઇયો કાળજી રાખતો. પણ એક દિવસ અર્જુન રાત્રિભોજન કરતો હતો તેમાં પવનથી દીપક બુઝાઈ ગયો અને અંધકાર વ્યાપી રહ્યો. એકબીજાનાં મુખ દેખી શકાતાં નહોતાં. આવા અંધકારમાં પણ અર્જુને ભોજનકાર્ય શરૂ રાખ્યું હતું. અંધકાર હોવા છતાં ભોજનનો ગ્રાસ મુખમાંજ જાય છે તે વિચારે અર્જુનને આશ્ચર્ય થયું. તે સાથે એમ પણ જણાયું કે, અંધકારમાં પણ કોળીઓ આડો અવળો ન જતાં મુખમાંજ જાય છે તેનું કારણ ટેવ છે; માટે અંધકારમાં બાણ ફેંકવાની ટેવ પાડી હોય તો બાણ સિદ્ધ થાય. આમ વિચારી બધા સૂઇ જાય ત્યારે પોતે બહાર જઈ બાણ ફેંકવા લાગ્યો.

એક વખત અર્જુન અંધારામાં રાત્રે બાણ ફેંકતો હતો તેના ધનુષની પ્રત્યંચાનો ધ્વનિ સાંભળી ગુરુ જાગી ગયા અને બહાર આવીને જુએ છે તો અર્જુનને અંધારામાં બાણ ફેંકતો અને લક્ષ વિંધતો જોયો. વિદ્યા મેળવવા આતુર બનેલા અર્જુનને જોઇ ગુરુ પ્રસન્ન થયા અને મસ્તક સુંઘી બોલ્યા કે "હે પુત્ર! તને વિદ્યા ભણાવવાનો એવો પ્રયત્ન કરીશ કે જગતમાં તારા જેવો કોઇ બીજો ધનુર્ધારી થશેજ નહિ, તે હું સત્ય કહું છું."

પોતાના બધા શિષ્યો કરતાં અર્જુનને ભણાવવા માટે ગુરુ વિશેષ કાળજી રાખતા હતા. અશ્વ ઉપરથી, રથમાં બેસીને, પેદળ રહીને, ગદા, ખડ્ગ, તોમર, પ્રાસ, શક્તિ વગેરે આયુધોની રીત સાથે યુદ્ધવિદ્યામાં તેને પ્રવીણ બનાવ્યો.

દ્રોણ ગુરુની પ્રશંસા સાંભળી ભીલ રાજા હિરણ્યનો પુત્ર એકલવ્ય ધનુર્વિદ્યાનો જિજ્ઞાસુ બની દ્રોણાચાર્ય પાસે વિદ્યા ભણવા આવ્યો. એકલવ્ય ક્ષત્રિય ન હોવાથી અને શૂદ્ર જાતિનો હોવાથી વિદ્યા ભણાવવાની ગુરુએ ના પાડી તેથી વનમાં જઇ દ્રોણ ગુરુનું ધ્યાન કરી ધનુર્વિદ્યા ભણવા લાગ્યો અને આ વિદ્યામાં કુશળ થયો.

ગુરુની આજ્ઞા લઇ એક વખત બધા રાજકુમારો મૃગયા રમવા ગયા હતા. તેમની સાથે એક કૂતરો હતો. રાજકુમારો શિકાર શોધવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં તહીં વનમાં ભ્રમણ કરતા હતા એટલામાં કૂતરો તેમનાથી જુદો પડયો અને જ્યાં એકલવ્ય હતો ત્યાં આવ્યો. એકલવ્યનો તાપસ વેશ અને શ્યામ શરીર જોઇ કૂતરો ભસવા લાગ્યો. તેને ભસતો અટકાવવાના ઉદ્દેશથી એકલવ્યે એવી ચાલાકીથી સાત બાણ માર્યાં કે તેનું મુખ બાણથી ગભરાઇ ગયું; છતાં મુખને ઇજા થઇ નહિ. બાણથી ગભરાઇ કૂતરો નાસીને રાજકુમારો પાસે આવ્યો. આવી હાથચાલાકી અને બાણવિદ્યાથી કુમારો વિસ્મય થયા કે આવો પુરુષ આ વનમાં કોણ છે? આમ વિચાર કરતા તેવા પુરુષને શોધવા લાગ્યા. તેઓથી થોડે દૂરજ એકલવ્ય હતો ત્યાં ગયા. તે કોણ છે અને શા કારણથી વનમાં રહે છે તે જાણી લીધું. એકલવ્યની વીરતાથી શરમાઇને બધા નગર પ્રત્યે પાછા આવ્યા.

અર્જુને આવીને ગુરુને એકાંતમાં કહ્યું કે "આપે મને વરદાન આપ્યું છે કે, મારો બીજો કોઇ શિષ્ય તારાથી શ્રેષ્ઠ થશે નહિ. આવું વરદાન આપેલું છતાં આપનો એક શિષ્ય કે જે ભીલ રાજાનો પુત્ર છે અને આપને ગુરુ માની આપનું ધ્યાન ધરીને વિદ્યા શીખે છે તે મારા કરતાં શ્રેષ્ઠ છે." આ સાંભળી અર્જુનને સાથે લઇ ગુરુ એકલવ્ય પાસે આવ્યા અને ગુરુદક્ષિણામાં તેના હાથનો અંગુઠો લીધો. આ જોઇ અર્જુન પ્રસન્ન થયો અને મનનો તાપ ટળી ગયો.

બધા રાજકુમારોમાં ભીમસેન અને દુર્યોધન ગદાયુદ્ધમાં કુશળ થયા, અશ્વત્થામા બધા ગુપ્ત મંત્રો જાણવામાં અધિક થયો, નકુળ અને સહદેવ ખડ્ગયુદ્ધમાં પ્રવીણ થયા, રથમાં બેસીને યુદ્ધ કરવામાં યુધિષ્ઠિર શ્રેષ્ઠ થયા અને અર્જુન બધી વિદ્યામાં સર્વોપરિ થયો.

શિષ્યોની પરીક્ષા લેવાનો ગુરુ દ્રોણાચાર્યને વિચાર થયો; તેથી કુશળ કારીગર પાસે કાળી પાંખોવાળું લોહનું પક્ષી બનાવરાવ્યું અને રાજકુમારો ન જાણે તેમ એક વૃક્ષની ઉંચી શાખાની ટોચ ઉપર કુશળતાથી ગોઠવ્યું. પછી બધા રાજકુમારોને પાસે બોલાવ્યા અને પક્ષી બતાવી બાણથી વિંધવા કહ્યું એટલે પ્રથમ યુધિષ્ઠિર આવ્યા. હાથમાં ધનુષ્ય લઇ નજીક આવ્યા અને ગુરુએ બતાવેલ સ્થળે ઉભા રહી બાણસંધાન કર્યું અને ગુરુઆજ્ઞાની રાહ જોઈ ઉભા.

ગુરુ—"પુત્ર ! આ વૃક્ષ, પક્ષી, હું તથા આ બધા તારા ભાઇઓને તું જુએ છે ?"

યુધિષ્ઠિર—"હા, હું બધાને જોઉં છું."

ગુરુ—"તારાથી આ વૃક્ષ વેધાશે નહિ, માટે તું દૂર ખસી જા."

યુધિષ્ઠિરના દૂર થવા પછી બીજાને ત્રીજાને એમ દરેક રાજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમારને બોલાવી લક્ષસંધાન કરાવતાં યુધિષ્ઠિરની પેઠે જવાબ મળ્યો તેથી લક્ષ વેધવાની બધાને ના કહી; અને અર્જુનને બોલાવી ગુરુએ કહ્યું કે "અર્જુન ! આ કાર્ય તારાથીજ થશે. આ લક્ષવેધ સહેલો નથી કે બધા કરી શકે. માટે તું આ લક્ષને વેધ." ગુરુની આજ્ઞા મળતાંજ હાથમાં ધનુષ્યબાણ લઇ ગુરુને નમન કરી ગુરુએ બતાવેલ સ્થળે ઉભો રહ્યો, એટલે ગુરુએ પૂછ્યું કે "આ વૃક્ષ, પક્ષી, હું અને આ બધાને તું જોઇ શકે છે ?" અર્જુને ઉત્તર આપ્યો કે "હું એકલા પક્ષીને જ દેખું છું; આપને કે બીજાને જોઈ શકતો નથી." આ સાંભળી ગુરુએ કહ્યું કે "હજી બરાબર દૃષ્ટિ સ્થિર કરીને જો. પક્ષીને દેખે છે ?" અર્જુને દૃષ્ટિ સ્થિર કરી કહ્યું કે "હવે એકલા પક્ષીના મસ્તકનેજ જોઉં છું. પક્ષીનું બીજું શરીર દેખાતું નથી." આ સાંભળી ગુરુએ બાણ છોડવાની આજ્ઞા આપી, એટલે અર્જુને બાણ છોડયું કે તુરતજ લોહપક્ષીનું મસ્તક ધડથી જુદું થયું. આ જોઇ બધા રાજકુમારો આશ્ચર્ય પામ્યા અને ગુરુએ હર્ષવાન થઈ આશીર્વાદ આપ્યો.

એક વખત બધા શિષ્યોને સાથે લઇ ગુરુ જમનાજીમાં સ્નાન કરવા ગયા. જળમાં પગ મૂકતાંજ ગુરુની જાંગ એક મગરે પકડી. મગરથી મુક્ત થવા સમર્થ હોવા છતાં બધા શિષ્યોને સંબોધી કહ્યું કે "આ મગરથી મને બચાવો." આ શબ્દો સાંભળતાંજ અર્જુને શીઘ્ર પાંચ બાણ મારી મગરને વિંધી નાખ્યો અને ગુરુને મુક્ત કર્યા અને બીજા રાજકુમારો તો મગરને ખોળતાજ રહ્યા. અર્જુનની આવી સમયસૂચકતા જોઇ ગુરુ બોલ્યા કે "અર્જુન ! હું તને વિધિસહિત બ્રહ્માસ્ત્ર શીખવું છું, તેને કોઇ મનુષ્ય ઉપર છોડવું નહિ. સ્વલ્પ તેજ-વાળા મનુષ્ય ઉપર છોડવાથી જગતને બાળી નાખે છે; માટે વિચાર કરી વાપરજે. મનુષ્ય સિવાય બીજો શત્રુ બાધ કરે તો તેના ઉપર વાપરજે." આ સાંભળી પ્રણામ કરી અર્જુને બ્રહ્માસ્ત્ર ધારણ કર્યું.

બધા રાજકુમારો જ્યારે વિદ્યાભ્યાસ કરી રહ્યા ત્યારે દ્રોણાચાર્યે ધૃતરાષ્ટ્રને કુમારોની વિદ્યા જોવા કહ્યું. આ સાંભળી ધૃતરાષ્ટ્રે હર્ષ-વાન થઈ વિદુરને બોલાવી આજ્ઞા આપી કે 'આચાર્ય કહે તેમ કરો.'

દ્રોણાચાર્યના કહેવા પ્રમાણે વિદુરજીએ રાજકોષમાંથી ધન લઈ, સારૂં સ્થળ, નક્ષત્ર, તિથિ વગેરે જોઇ યજ્ઞ કરાવી મંડપ તૈયાર કરાવ્યો. પુરુષોને માટે ઉંચી બેઠકો કરી. સ્ત્રીઓને માટે ઇલાયદું મકાન બનાવી તેમાંથી જોઈ શકાય તેવી વ્યવસ્થા કરી. મંડપ ભવ્ય અને ચિત્તા-કર્ષક બનાવ્યો. રાજકુટુંબ, રાજપુરુષો, બ્રાહ્મણો, પ્રજાના પ્રતિષ્ઠિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહસ્થો અને સાધારણ સ્થિતિવાળાઓ સારી પેઠે જોઇ શકે તેમ બધાની યોગ્ય બેઠકો તૈયાર કરાવી. કુમારોની પરીક્ષા લેવાનો શુભ દિવસ નક્કી કર્યો.

નગરમાં ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે "આજે રાજકુમારો પોતાની વિદ્યાની પરીક્ષા આપવાના છે; માટે જેને જોવા આવવું હોય તે રંગમંડપમાં આવે." આ ઢંઢેરો સાંભળી પ્રજાજનોનાં જૂથનાં જૂથ રંગમંડપમાં આવવા લાગ્યાં અને સૌ સૌની યોગ્યતા પ્રમાણે બેઠક લીધી. પછી શિષ્યો સાથે ગુરુ રંગમંડપમાં આવ્યા. ગુરુની આજ્ઞા થતાં બધા રાજકુમારો એક પછી એક અસ્ત્રશસ્ત્રની વિદ્યા બતાવવા લાગ્યા. જેને જેટલી વિદ્યા પ્રાપ્ત થઈ હતી તે બધી બતાવી એટલે હાથમાં ધનુષબાણ ધારણ કરી સુવર્ણ કવચ પહેરીને અર્જુન રંગ-મંડપમાં આવ્યો અને આગ્નેયાસ્ત્ર, વારુણાસ્ત્ર, વાયવ્યાસ્ત્ર, પર્જન્યાસ્ત્ર, ભૌમાસ્ત્ર, પાર્વતાસ્ત્ર અંતર્ધાનાસ્ત્ર, વગેરે અસ્ત્રો તથા ઉંચે, નીચે રથની ધરી ઉપર ક્ષણમાં આવીને વિવિધ પ્રકારનાં બાણો ફેંકવા લાગ્યો. વળી કોમળ, સૂક્ષ્મ અને મોટા પદાર્થો એવી ચાલાકીથી વીંધતો કે તે જરા પણ હલન-ચલન તો શું પણ જરા કંપતા પણ નહિ. એક લોખંડનો વરાહ બનાવી ફરતો રાખ્યો હતો તેને એકજ સ્થળે પાંચ બાણ માર્યાં. ગાયનું શિંગડું દોરીથી લટકાવી ફરતું રાખ્યું હતું તેને એકજ સ્થળે એકવીસ બાણ મારી વિંધ્યું. આવી અર્જુનની ચાલાકીથી આખા મંડપમાં હર્ષનાદ થવા લાગ્યો.

આ વખતે કર્ણ રંગમંડપમાં આવ્યો અને અર્જુન પ્રત્યે બોલ્યો કે "આ બધી વિદ્યા હું કરી બતાવીશ." આમ કહી જેટલું અર્જુને કર્યું હતું તે બધું કર્ણે કરી બતાવ્યું. તે જોઇ દુર્યોધન કર્ણને સ્નેહથી ભેટી બોલ્યો કે "તું ભલે આવ્યો. પારકાનું અભિમાન તોડનાર કર્ણ ! આ મારૂં રાજ્ય હવે તું ભોગવ અને ખરાબ હૃદય-વાળાના માથા પર પગ મૂક."

દુર્યોધનના આવા વર્તનથી અર્જુનને પોતાનું અપમાન થયું એમ લાગ્યું તેથી ઉંચે સ્વરે બોલ્યો કે "કર્ણ ! બોલાવ્યા વગર બોલનારા મનુષ્યો જે લોકને પામે છે તે લોક પ્રત્યે મારા હાથથી મરણ પામીને જઇશ." આવું અર્જુનનું કહેવું સાંભળી કર્ણ બોલ્યો કે "આ રંગમંડપ બધાને માટે સરખો છે. પરાક્રમ હોય તો બતાવ, નહિ તો તારા ગુરુના દેખતાં તારૂં મસ્તક કાપી નાખીશ."

કર્ણનાં સહન ન થઇ શકે તેવાં વચનો સાંભળી ગુરુ અને ભાઇઓની આજ્ઞા લઇને યુદ્ધ કરવા માટે અર્જુન તૈયાર થયો. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇ કૃપાચાર્યે કહ્યું કે "અર્જુન રાજાનો કુમાર છે. કર્ણ ! તું તારાં માતા પિતા અને કુળ કહી બતાવ; તે જાણ્યા પછીજ અર્જુન તારી સાથે યુદ્ધ કરી શકશે. રાજાઓના પુત્ર હલકી વર્ણના સાથે યુદ્ધ કરતા નથી." આ સાંભળી કર્ણ લજ્જિત થયો.

દુર્યોધન—"સારા કુળમાં ઉત્પન્ન થયેલ, શૂરવીર અને સેનાઓને જીતનાર, એવા ત્રણ પ્રકારના રાજાઓ શાસ્ત્રમાં કહ્યા છે; છતાં જો અર્જુન રાજા વિના યુદ્ધ કરવા ન ઇચ્છતો હોય તો હું કર્ણને અંગ દેશનું રાજ્ય આપી રાજા બનાવું છું." આમ કહી બ્રાહ્મણોને બોલાવી અંગ દેશના રાજાતરીકે કર્ણનો અભિષેક કર્યો. આ વખતે કર્ણનો બાપ હાથમાં ચાબુક લઇ કર્ણને શોધતો આવ્યો. પોતાના પિતાને આવેલા જોઇ કર્ણે પ્રણામ કર્યાં એટલે ભીમસેન બોલ્યો કે "આ તો સૂતપુત્ર છે ! તેણે તો રથ હાંકવો જોઇએ. અંગ દેશનું રાજ્ય ભોગવવાને તે લાયક નથી."

દુર્યોધન—" ભીમસેન ! ક્ષત્રિયોને માટે બળજ મુખ્ય છે; માટે ક્ષત્રિયથી ઉતરતાની સાથે પણ યુદ્ધ કરવું જોઇએ. કર્ણ મારી સહાયથી પૃથ્વીનું રાજ્ય કરવાને યોગ્ય છે. મારાં વચનો જેનાથી સહન થતાં ન હોય તેણે મારી સાથે યુદ્ધ કરવું, તે અમોને મારે કે અમો તેને મારીએ. ક્ષત્રિયોનો પ્રસિદ્ધ રિવાજ છે તે કરી બતાવે."

આ વાત આડી ઉતરી છે અને વધી જશે તેમ જણાયાથી કર્ણનો હાથ પકડી દુર્યોધન રંગમંડપની બહાર ચાલ્યો ગયો. દ્રોણાચાર્ય ભીષ્મ અને પાંડવો પોતપોતાનાં વાહનો પર બેસી ચાલતા થયા.

દુર્યોધનના મનમાં પાંડવો પ્રત્યે પ્રથમથીજ ઇર્ષ્યાગ્નિ પ્રદીપ્ત થયો હતો, તેની સ્વાર્થલોલુપતા વધતી જતી હતી. પાંડવો પોતાના રાજ્યમાં ભાગ પડાવશે, પોતાની સત્તા ઓછી થશે, વૈભવ ઘટી જશે, આવા વિચારો ઉદ્ભવતા હતા. તેમાં વળી પાંડવની પ્રતિષ્ઠા વધતી જતી હતી. જનસમાજ તેમને ચાહતો હતો. ભીમસેનનું પરાક્રમ સાલતું હતું. તેમાં વળી અર્જુન ધનુર્વિદ્યામાં બધા કરતાં શ્રેષ્ઠ થયો હોવાથી અર્જુનનો ભય હતો; પણ કર્ણ અર્જુન જેવોજ ધનુર્ધારી હોવાથી અર્જુનનો ભય રહ્યો નહિ. તેથી કર્ણને બંધુ માની માન આપીને દુર્યોધન પોતાને કૃતકૃત્ય માનતો હતો. દુર્યોધનના અંતઃકરણમાં પાંડવો પ્રત્યે ઇર્ષ્યાગ્નિ ઉત્પન્ન થયો હતો તેને કર્ણના આ સંયોગથી અગ્નિમાં ઘૃત હોમવા જેવો યોગ થયો.

("ક્ષત્રિય" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫–પ્રભુનો દરવાન

(લેખકઃ–શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઇ)

(૧)

બહુ વર્ષો સુધી લક્ષ્મણે પ્રભુમંદિરની દરવાની કરી હતી. તે દશેક વર્ષનો હતો ત્યારથી તેને મંદિરની દેવડીએ બેસવાનો પ્રસંગ આવતો હતો. કારણ, તેનો પિતા પણ દરવાનજ હતો. લક્ષ્મણને લગભગ પિસ્તાળીસ વર્ષ થયાં હતાં. તે પરણ્યો, તેને બાળકો થયાં. એ બધી વારાફેરીમાં એક વાત કાયમજ રહી હતી. ટુંકા પગાર ઉપર પ્રભુના મંદિરનું દ્વાર તેણે સતત સાચવી રાખ્યું હતું.

મંદિરમાં કંઇક ભાવિકો અને કંઇક શોખીનોને તેણે આવતાં જતાં જોયા હતા. આંખમાં આંસુ આણી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરનાર ભક્તોને પણ તેણે નિહાળ્યા હતા; અને દર્શન કરવા માટે કેટલી અને કેવી સ્ત્રીઓ આવે છે તેની માનસિક નોંધ રાખીને એ નોંધનો ઉપયોગ કરનાર ભક્તોને પણ તેણે જોયા હતા.

અજ્ઞાન લક્ષ્મણે જેવી બેદરકારીથી પ્રભુનાં દ્વાર ઉઘાડયાં હતાં તેવીજ બેદરકારીથી કોઇ કોઇ સ્નેહીઓના મિલાપ પણ કરાવી આપ્યા હતા. તે ભૂલો કરનારો, દુર્બળ હૃદયનો, અજ્ઞાન માનવી હતો.

પરંતુ પ્રભુના મંદિરનાં દ્વાર ઉઘાડવાં અને બંધ કરવાં એ તેનું નિત્યકામ બની ગયું હતું એટલે તે તેના જીવનનું અંગ બની ગયું હતું.

સંસ્કારરહિત સ્ત્રી–પુરુષને પણ જુવાની આવે છે એ ભૂલવું ન જોઇએ. રમતિયાળ અને વિલાસી યૌવન મૂકતાં તે સહજ ગંભીર બનવા લાગ્યો હતો.

એ ગાંભીર્યની શરૂઆતમાં તેણે પ્રભુનો વિચાર શરૂ કર્યો. તેણે શરૂ કર્યો એમ કહેવા કરતાં તેને આપોઆપજ પ્રભુનો વિચાર સ્ફૂર્યો એમ કહેવું વાસ્તવિક થશે. દરવાજો ઉઘાડતાં અને બંધ કરતાં તે હરહમેશ પ્રભુને પગે લાગતો; પરંતુ તે કાર્ય યંત્રવત્ માત્ર તેના શરીર પરત્વેજ થતું હતું. હવે તેને લાગ્યું કે પગે લાગવાના કાર્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું મન પણ રોકાતું હતું.

'હવે ઉમ્મર થઇ' લક્ષ્મણે જરા હસીને પોતાનું સમાધાન કર્યું. પ્રભુભક્તિ એ વૃદ્ધાવસ્થાનું અંગ હોય એમ સામાન્ય ભાવના છેજ, એટલે એમાં લક્ષ્મણનો વાંક કઢાય એમ નહોતું.

મંદિરમાં એક મહાવિદ્વાન અને તપસ્વી પુરુષે ગીતાનું પારાયણ તથા પ્રવચન શરૂ કર્યું. આ વિદ્વાનનું મુખ દીપ્તિમાન અને આકર્ષક હતું. તેની વાણીમાં સાક્ષાત્ સરસ્વતીનો નિવાસ હતો. આત્મા, પરમાત્મા, જ્ઞાન, અજ્ઞાન, મોક્ષ, બંધન–એ બધા કૂટ વિષયોનું એવું સરળ અને અસ્ખલિત વિચારશ્રેણીમાં તે વિવેચન કરતો કે સાંભળવા આવનાર આશ્ચર્યચકિત થઈ જતા. રોજ ને રોજ શ્રોતાઓની સંખ્યા વધતી જતી હતી, અને મંદિરમાં બેસવાનું સ્થાન પણ ન મળે એવી ગિરદી થતી. મહાત્માના વચનામૃતનું પાન કરવા સેંકડો સ્ત્રીપુરુષો મંદિરમાં ઉભરાતાં. લોકોના દોષ અને ખામીઓ ઉપર તે એટલા ઠોક પાડતા કે સાંભળનાર પશ્ચાત્તાપમાં ડૂબી જતા.

સઘળા વિવેચનમાં તો લક્ષ્મણને સમજ પડતી નહોતી, પરંતુ જે ઢબે મહાત્મા વિવેચન કરતા તે ઢબ ઉપરથી તેની ખાતરી થઇ કે ખરેજ, આ મહાત્માને પ્રભુ પ્રત્યક્ષ છે. માનવીઓના દોષનું વર્ણન કરતાં લક્ષ્મણને પોતાના દોષ યાદ આવતા, અને પિસ્તાળીસ વર્ષ એળે ગુમાવ્યાની ખાતરી થતાં તેને ઘણોજ પસ્તાવો થતો.

(૨)

એક દિવસ મહાત્માના વચને તેનું હૃદય વિંધી નાખ્યું.

"તમે રોજ પ્રભુનાં દર્શન કરવા આવો છો. કહો, તમારા હૃદયમાં એ પ્રભુને કેટલી વાર રાખો છો ? મંદિરના દેવને મંદિરમાંજ મૂકીને તમે જતા હો તો તમારૂં દેવદર્શને આવવું નિરર્થક છે."

લક્ષ્મણે પોતાના હૃદયમાં દૃષ્ટિ કરી. પ્રભુની સામે રોજ બેસી રહેનાર પોતે પ્રભુવિહોણો છે એમ તેને લાગ્યું. તેનું હૃદય રડી ઉઠ્યું.

"અરે, મારા કરતાં નાની ઉંમરના મહાત્મા પ્રભુને ઓળખે છે. અને હું રોજનો દર્શન કરનાર તેને બે કોડી વરસ વીતી ગયાં છતાં પ્રભુ પ્રસન્ન નહિ !"

મહાત્માના પ્રવચનમાં તેણે પાછું ધ્યાન આપ્યું. તેને સમજાય એવાં વાક્યો સંભળાયાં:

"પ્રભુને તમે શોધવા માગો છો, ખરૂં ? પ્રભુ ક્યાં છે તે જાણો છો ? પ્રભુ આ રહ્યો ! અહીંજ છે ! તમારો હાથ લંબાવો અને ત્યાં પ્રભુ છે ! તમારી આંખ મીંચીને ઉઘાડો અને ત્યાં પ્રભુ છે ! તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં વિચાર કરો અને ત્યાં પ્રભુ છે !"

લક્ષ્મણે હાથ લંબાવ્યો, આંખ મીંચીને ઉઘાડી અને મનમાં વિચાર કર્યો: "પ્રભુ કેમ ન દેખાયા ? કેમ ન ઓળખાયા ? આખા શ્રોતામંડળે પ્રભુને નીરખ્યા અને પોતેજ એકલો રહી ગયો !" લક્ષ્મણની આંખમાં આંસુ આવ્યાં. તેણે દર્દભર્યો માનસિક પોકાર કર્યો.

"ભલા ભગવાન ! મનેજ દર્શન નહિ ?"

પ્રવચન આગળ ચાલ્યું. પ્રભુના સ્વરૂપનું શ્રોતાઓને પૂરૂં ભાન થાય એ અર્થે પેલા વિદ્વાને સત્, ચિત્ અને આનંદ, એ લક્ષણોનું અદ્દભુત વિવેચન કર્યું અને શ્રોતાઓની ખાત્રી કરી આપી કે, પ્રભુ એ તેમના વચનો પ્રમાણેજ અસ્તિત્વ ભોગવતી સત્તા છે. પ્રભુને આ પ્રમાણે નખશિખ ઓળખનાર વિદ્વાન જાણે પ્રભુ કરતાં પણ ચઢી જતો તો નહિ હોય એમ સાંભળનારાઓ વિમાસણમાં પડતા.

લક્ષ્મણને એ બધામાં કશી સમજ પડી નહિ. પ્રભુનાં દર્શન તેને પ્રત્યક્ષ નહોતાં થતાં એટલી ક્લેશભરી વાત તે સમજી શક્યો. પ્રવચન પૂરૂં થયે સર્વના નમસ્કાર ઝીલતા કૃતકૃત્ય વિદ્વાન ઉભા થઇ ચાલવા લાગ્યા. ભાવિક જનોનું ટોળું તેમની પાછળ હતુંજ. દરવાજા પાસે આવતાંજ લક્ષ્મણે તેમના પગ પકડયા.

"મહારાજ ! પ્રભુનું દર્શન કરાવો !"

તેઓ લક્ષ્મણને ઓળખતા હતા. પોતાના વ્યાખ્યાનની અસર આવા અભણ અને હલકી કોટિના દરવાન ઉપર પણ થઇ છે એ જાણી તેઓ પ્રસન્ન થયા. પૈસા લીધા વગર ટીકીટ આપી મફત ખેલ દેખાડનાર મેનેજર જેવો મહેરબાનીભર્યો ભાવ આંખમાં લાવી તેઓ બોલ્યા:

"લક્ષ્મણ ! તું તો રોજ પ્રભુનાં દર્શન કરે છે."

"ના, એમ નહિ. મારે તો હાજરાહજુર જોઇએ."

"ઘેલો !" મહાત્મા હસ્યા અને બોલ્યા: "એમાં તો અધિકાર જોઇએ."

"બાપજી ! મારે અધિકાર કેવો ? હું તો ચાકર રહ્યો ! દરવાન છું !" લક્ષ્મણે કહ્યું. અધિકારનો શાસ્ત્રીય અર્થ તે જાણતો નહોતો. તેને તો અધિકાર એટલે 'અમલદારી' એટલુંજ સમજાયું. પ્રભુનાં દર્શન પણ અમલદારી ઉપર આધાર રાખતાં હોય તો નવાઇ નહિ એમ અમલદારોનો દોર સમજનારને ખ્યાલમાં આવશે.

'અધિકાર એટલે લાયકાત !' મહાત્માની પાસેથી તાજુંજ ધર્મજ્ઞાન શીખેલા એક અનુયાયીએ લક્ષ્મણને અર્થ કહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મણ એ અર્થ સમજ્યો કે નહિ તે કોણ જાણે. પરંતુ તે ઘેલી આંખ કરી સહુને જોતો ઉભો રહ્યો. મહાત્મા પ્રસન્ન ચિત્તે બહાર ચાલ્યા ગયા. તેમનાં યશોગાન ગાતા ભાવિકો જુદાં જુદાં ટોળાં વળી વીખરાવા લાગ્યા. પોતે ધર્મવિષયમાં આજે કેટલું નવું જ્ઞાન મેળવ્યું તે વિષે છૂટથી વિવેચન ચાલતું હતું. તત્ત્વજ્ઞાનની મિજબાનીમાં તૃપ્ત બનેલા સહુ કોઇ વાનીઓનાં વખાણ કરતા હોય તેમ યોગ, તપ, શ્રદ્ધા અને ભક્તિ વિષે પોતપોતાના અભિપ્રાયો આપતા હતા.

દેવને શયનનો સમય થઇ ગયો ત્યાં સુધી દેવની મૂર્તિ સામે લક્ષ્મણ જોતોજ બેસી રહ્યો. પૂજારીએ દેવશયનનો પડદો પાડયો અને લક્ષ્મણને કહ્યું:

"લક્ષ્મણ! હવે કમાડ મંગળ* કર."

લક્ષ્મણે તે સાંભળ્યું નહિ. પૂજારી તેની પાસે આવ્યો. લક્ષ્મણની આંખમાંથી આંસુ વહેતાં હતાં.

"અલ્યા, શું થાય છે?" પૂજારીએ પૂછ્યું.

"હું પ્રભુનો દરવાન! દરવાજા ઉઘાડું ત્યારે લોકો દર્શન કરે. અને મનેજ પ્રભુનાં દર્શન ન થાય!" લક્ષ્મણે જવાબ દીધો.

પૂજારી હસ્યો.

"લાવ, હું કમાડ બંધ કરૂં. તને કોઈ વળગાડ તો નથી ને?"

[૩]

મંદિરની નજીકમાંજ મંદિરની ઓરડીમાં લક્ષ્મણ રહેતો હતો. બીજે દિવસે પ્રભાતમાં મંગળાનો સમય થયા છતાં મંદિર ખુલ્યું નહોતું. લક્ષ્મણ તેની લાંબી નોકરીમાં કદી વખત ચૂક્યો નહોતો. પૂજારી બૂમાબૂમ કરવા લાગ્યો. દર્શનના નિયમવાળા ભક્તોની બારણા પાસે ગિરદી થઇ. જરા વાર થોભીને ભાવિકો બીજા મંદિરના દર્શનનો સમય પણ વહી જશે એમ ધારી ત્યાંથી ચાલ્યા ગયા. પૂજારીની બૂમાબૂમ સાંભળી લક્ષ્મણનો મોટો છોકરો આંખો ચોળતો ઓરડીમાંથી બહાર નીકળ્યો.

"ક્યાં મરી ગયો લક્ષ્મણ?" પૂજારીએ બૂમ મારી છોકરાને પૂછ્યું.

"એ તો આખી રાત જાગ્યા હતા! ઘડીમાં હસે છે અને ઘડીમાં રડે છે! કોણ જાણે કશું વળગાડ લાગે છે!" છોકરાએ કહ્યું.

"મને કાલનો વહેમ પડયો હતો. ઉઘાડ દરવાજો!" પૂજારીએ હુકમ કર્યો. છોકરાએ તાળું ઉઘાડયું પરંતુ તાળું ઉઘડયું નહિ. છોક-

* બંધ કર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રો ખૂબ મથ્યો. પૂજારીએ તાળું ઉઘાડવા પ્રયત્ન કર્યો. બીજા બે ચાર માણસોએ પણ મહેનત કરી, તથાપિ તાળું ઉઘડયું નહિ. પૂજારી ખૂબ ચીડાયો. બૂમાબૂમ કરી. છોકરાને ગાળો દીધી; લક્ષ્મણને ગાળો દીધી; આખી દુનિયાને પોતે હિંદુ હોવા છતાં જહાનમમાં જવાનો શાપ આપ્યો, અને એક બીજી ડોકાબારીનું બારણું તોડી પાડી મંદિરની અંદર જઈ તેણે મોટેથી બૂમ મારી, અને પાછો બહાર નીકળી આવ્યો.

"ઠાકોરજીની મૂર્તિ ચોરાઈ! બધા શું કરો છો ?"

લક્ષ્મણનો છોકરો ગભરાયો. પૂજારીને તેમજ બીજા બધાને વહેમ પડયો કે લક્ષ્મણે મૂર્તિ ચોરી લીધી હશે. ગઈ કાલે તેણે ઘેલછાનો દેખાવ કર્યો હતો તેનું કારણ પૂજારીને સમજાયું. ઠાકોરજીનાં ઘરેણાં લેવાની લક્ષ્મણની દાનત થઇ હતી એટલે તેણે વિચિત્ર દેખાવ કરી બધાને થાપ આપી રાતમાં મૂર્તિ ઉઠાવી લીધી લાગે છે ! આમ પૂજારીની ખાત્રી થઇ.

"બોલાવ તારા બાપને ! હરામખોરની દાનત આટલે દહાડે ભ્રષ્ટ થઇ!" પૂજારીએ છોકરાને કહ્યું.

"એ તો ઘેલા થઇ ગયા છે. પૂછીએ છીએ તો કંઇને બદલે કંઈ જવાબ આપે છે." છોકરાએ કહ્યું.

"એ તો હું બરાબર સમજી ગયો. સરકારમાં સોંપીશું એટલે હાલ બધું મળી આવશે."

આસપાસ ભેગા થયેલા માણસોમાંથી બે-ચાર માણસો લક્ષ્મણની ઓરડીમાં પેસી ગયા, અને આવું ભયંકર કાર્ય કરવા માટે લક્ષ્મણને ધક્કા મારી બહાર ઘસડી લાવ્યા.

"બાપુ! આ બધું છે શું?" લક્ષ્મણ ધક્કા ખાતો પૂછવા લાગ્યો.

"હરામખોર ! આ તેં શું કર્યું ? કંઇ નહિ ને ઠાકોરજી ચોરી લીધા ?" પૂજારીએ તેનો કાન આમળીને એક લપડાક ચોઢી દીધી.

લક્ષ્મણ ઘેલું ઘેલું હસ્યો. તેની આંખ ચમકી ઉઠી, ઘેલછામાં આંખની ચમક ઘણી વધી જાય છે.

ગીતાનું પારાયણ કરનાર વિદ્વાન પણ નાહી-ધોઇને મંદિરમાં દરરોજ સવારથી બેસતા અને પ્રવચન સાંજે થતું. તેઓ નિત્ય નિયમ પ્રમાણે આવી પહોંચ્યા. તેમણે પણ મંદિરના દરવાજા બંધ હોવાની અને મૂર્તિ ચોરાયાની હકીકત સાંભળી અને લક્ષ્મણની ઘેલી આંખ નિહાળી. ટોળાને ખસેડી તેઓ લક્ષ્મણ પાસે આવ્યા અને તેને કહ્યું: "લક્ષ્મણ !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાપજી, બાપજી! પગે પડું છું!" કહી લક્ષ્મણે એ તપસ્વીને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

"લક્ષ્મણ! હજી મંદિર ખોલ્યું નથી?" તપસ્વીએ પૂછ્યું.

"બાપજી! મંદિર ખુલી ગયું!" લક્ષ્મણે કહ્યું.

"જો! જો તો ખરો કમાડ બંધ છે! બધા દર્શન કરવા તલપી રહ્યા છે, ઉઘાડી નાખ." તપસ્વીએ કહ્યું.

ઊંડું ઊંડું જોતો હોય તેમ લક્ષ્મણે મંદિરના દ્વાર તરફ જોયું અને તપસ્વીને સંબોધી કહ્યું: "કમાડ ખુલ્લાં છે! જુઓ બાપજી!"

તેણે કમાડનું તાળું ખોલ્યું અને દ્વાર ઉઘડી ગયાં.

"પણ મૂર્તિ ક્યાં? બદમાશ!" પૂજારીએ પૂછ્યું. લક્ષ્મણની સ્મૃતિમાં તપસ્વીના શબ્દો તરી આવ્યા: "પ્રભુ આ રહ્યો! અહીંજ છે! તમારો હાથ લંબાવો અને ત્યાં પ્રભુ છે!..."

"બાપજી! મારો પ્રભુ આ રહ્યો! અહીંજ છે!" લક્ષ્મણે હાથ લાંબો કરી સિંહાસન ભણી નિર્દેશ કર્યો. ક્ષણભર સૌને લાગ્યું કે મૂર્તિ તો ત્યાં નથીજ, પરંતુ ના, ના, કાંઇ ભૂલ થાય છે! લોકોએ આંખો ચોળી, મીંચી અને ઉઘાડી.

શૃંગાર સજેલી પ્રભુની મૂર્તિ બિરાજેલી સહુએ જોઇ! સ્થિર ઉભેલા વિદ્વાન તપસ્વીએ લોકોના કરતાં કાંઇક વધારે જોયું. લક્ષ્મણના હૃદયમાંથી કોઇ પડછાયો નીકળી સિંહાસન ઉપર સ્થિત થઇ મૂર્તિરૂપે ઘટ્ટ થઇ જતો તેણે જોયો. તપસ્વી ક્ષણભર ન હાલ્યા, ન ચાલ્યા, તેમના હૃદયમાં એક પ્રશ્ન ડંખ મારતો ઝબકી ઉઠયો:

"પ્રભુની નજીક કોણ? વિદ્વાન? તપસ્વી? કે ભક્ત?"

એકાએક સહુની અજાયબી વચ્ચે તપસ્વીએ લક્ષ્મણના પગમાં માથું મૂક્યું.

"હાય, હાય! બાપજી! તમે તો મારા ગુરુ! આ શું કરો છો?"

તપસ્વીએ પોતે શું કરે છે તે કહ્યું નહિ; પરંતુ તે સાંજથી પ્રવચન કરવું તેણે બંધ કર્યું.

("પ્રસ્થાન" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬—છોકરાંની રમત

(અંગ્રેજી પરથી લેખકઃ—શ્રી. ક્ષેમાનંદ રાહત)

(૧)

ડૉ. વીરેન્દ્રસિંહ પ્રખ્યાત થઇ ગયા હતા. નાનાં મોટાં સર્વ તેમને એકસરખી રીતે માન આપતાં. આખા શહેરમાં એમના જેવું લોકપ્રિય કે સંભાવિત કોઇ નહોતું.

આ ઠેકાણે એમને વસ્યાને થોડોજ વખત થયો હતો, તોપણ ડૉક્ટરને ઘેરઘેર આદરભાવ મળતો. એમના જીવનનો મોટો ભાગ પરદેશમાં વીત્યો હતો; પણ તેથી કરીને એમની રીતભાત, ટેવ કે દૃષ્ટિમાં કાંઇ ફેર નહોતો પડયો, વિદ્વત્તા તથા સાદી રહેણીકરણીનો એમનામાં સમાગમ થયો હતો. એટલે એમણે બધાંનાં ચિત્ત ચોર્યાં હતાં, અને તે બધાંના સન્માનનું પાત્ર બન્યા હતા.

ડૉક્ટર ધાર્મિક પુરુષ હતા. રોજ ધ્યાન ધરતા ને પૂજા કરતા, ઉપનિષદ્ વાંચતા અને ગરીબની સેવા કરવામાં આનંદ લેતા. શાહુકાર એમને તેડવા આવે તો એને તેઓ બેસાડી રાખતા, પણ ગરીબની તરત ખબર કાઢતા.

એમના શાહુકાર મિત્રો એમની ઢીલ વિષે ફરિયાદ કરતા તો ડૉક્ટર હસતા હસતા કહેતા કે "મહાશય! તમે તો શાહુકાર છો, તમે ગમે તેટલા ડૉક્ટર બોલાવી શકો; પણ ગરીબની સેવા કરનાર પણ કોઇક જોઇએને? મને લાગે છે કે દરિદ્રનારાયણની સેવા સારૂજ ભગવાને મને જન્મ આપ્યો છે.

(૨)

શહેરમાં કોલેરા ફાટી નીકળ્યો. સેંકડો લોકો મરવા લાગ્યા. રાજ્ય તથા દયાળુ ધનવાનો તરફથી વૈદ્યકીય મદદની ગોઠવણ થઇ. આ મદદનું કામ ડાક્ટર વીરેન્દ્રસિંહને હસ્તક હતું.

શહેરના જુવાનોએ રોગીઓની સારવાર કરવા સ્વયંસેવક દળ સ્થાપ્યું. કૉલેરારૂપે યમરાજા નગરીમાં ઘૂમતા હતા; પણ આ શૂરા સ્વયંસેવકરૂપે જીવનદેવી એનો વિરોધ કરતી હતી. ડૉક્ટરના દૃષ્ટાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા પ્રવૃત્તિથી પ્રેરાઇને તરુણોએ પોતાની જીંદગી જોખમમાં મૂકી. ધીરે ધીરે રોગચાળો ઘટવા લાગ્યો.

શહેરથી ભાગીને કૉલેરા રાક્ષસે હરિજનવાસમાં આશરો લીધો. ગરીબ હરિજન માખીની પેઠે મરવા લાગ્યા. એમની સારવાર કરનાર કોઇ ન હતું. સામાન્ય લોકો તો એમનાથી સો ગાઉ દૂર રહેતા હતા.

ડૉક્ટરે પ્રયત્ન તો બહુ કર્યા, પણ એમનું કંઈ વળ્યું નહિ. થોડાક છોકરા એમની સાથે કામ કરવા તત્પર હતા, પણ તેમનાં માબાપે એમને રોક્યા. કેવું દયાજનક! આ રાંક હરિજન લોકસંગ્રહનું કામ કરનારા, ભગવાનનાં બાળક નથી શું? પ્રજાએ નિર્દયતાથી એની કેવી દુર્દશા કરી મૂકી છે!

વીરેન્દ્રસિંહને લોકોના સંકુચિતપણા વિષે બહુ વિચાર આવ્યાઃ “આ વર્ણાભિમાનથી માણસનું હૃદય કેવું કઠણ થઇ જાય છે! માણસ માણસ વચ્ચે ભીંત ઉભી કરનાર આ ધર્મ તે કેવો! આવી વિષમ દશામાં તો માણસ સર્પને બચાવવા પોતાની છાતી સરસા એને ચાંપે. પણ અરેરે! સનાતની બંધુઓ! તમે યમપુરીના દ્વાર આગળ ઉભા હો ત્યારે પણ તમને તો મદદ ન મળે!”

આમ ડૉક્ટર એક દિવસ ગ્લાનિમાં બેઠા હતા ત્યાં નોકરે આવીને એમને ચિઠ્ઠી આપી. ડૉક્ટરે પરબીડિયું ફોડયું અને વાંચ્યું.

“માનનીય ડૉક્ટર સાહેબ,

હું તમને ઓળખતી નથી, પણ ગરીબ અને પીડિત ઉપર તમને ભાવ છે એમ મેં સાંભળ્યું છે. મેં તમારી પ્રવૃત્તિઓ આદરપૂર્વક જોઇ છે. હમણાંજ તમે શહેરની જે સેવા કરી છે તે ચિરસ્મરણીય છે.

“મેં સાંભળ્યું છે કે હરિજનસેવા કરવામાં તમને કોઇ મદદ કરતું નથી અને તેથી કરીને તમને દુઃખ થાય છે. મારી વિદ્યાર્થિનીઓ સાથે આ વિષે મેં ચર્ચા કરી છે; અને તેમાંથી વીસ જણી સહિત હું કામ કરવા તૈયાર છું. અમે સુપાત્ર છીએ એમ તમને લાગે તો અમને આજ્ઞા કરજો. અમારામાંથી કેટલીક સુશિક્ષિત પરિચારિકા છે, એજ વિનંતિ. સેવક—સુનયનાદેવી”

ડૉક્ટર વીરેંદ્રસિંહનું કરમાયલું મુખ ખીલી ઉઠયું. ડૂબતા માણસના હાથમાં જાણે પાટિયું આવી ગયું!

(૩)

સુનયનાદેવીએ ડૉક્ટરને એક દિવસ નિશાળ જોવા બોલાવ્યા. એ આવ્યા એટલે એને બધું બતાવ્યું અને વિગતવાર સમજાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉકટર બહુ રાજી થયા. એમણે કહ્યું: "આપણા નગરમાં આવી પહેલી પંક્તિની સુવ્યવસ્થિત સંસ્થા હશે એની મને કલ્પના સરખી પણ નહોતી. નિશાળનું નામ તો મેં સાંભળ્યું હતું, પણ તે આવી સરસ હશે એવી મને આશા નહોતી."

"આપ ભલા છો એટલે આમ કહો છો, ભાઇ સાહેબ!"

"આ કાંઈ હું વિવેક નથી કરતો. તમારી નિશાળ જોઇને હું સાચેજ રાજી થયો છું."

"તો અમારાં ધન્યભાગ્ય."

"વ્યવસ્થા, શિક્ષણ, પદ્ધતિ વગેરે બધું વખાણવા જેવું છે. ખાસ કરીને શિક્ષકો અને શિષ્યો વચ્ચે જે ગાઢ પરિચય છે તે આ સંસ્થામાં વિશેષ છે. આખું વાતાવરણ જીવન અને પ્રવૃત્તિથી ભરેલું છે, અને દીનહીનની સેવા કરવામાં વિદ્યાર્થિનીઓ જે તત્પરતા બતાવે છે તે આ અદ્વિતીય સંસ્થાનું વિરલ કામ છે. આની વ્યવસ્થા કોણ કરે છે?"

"વ્યવસ્થાનો ભાર હમણાં મારા ઉપર છે."

"અને અધિષ્ટાત્રી કોણ છે?"

"એ પણ હુંજ છું."

ડૉકટરની આંખ ઉલ્લાસથી પ્રકાશિત થઇ.

"આજ તો જાણે આશ્ચર્યનો દિવસ છે. મારાં અહોભાગ્ય કે તમને મળ્યો અને તમારૂં કામ જોયું."

શુદ્ધ હૃદયથી કરેલાં આ વખાણની અસર થઇ. સુનયનાદેવીએ પણ નિખાલસપણે કહ્યું: "આજેજ મને લાગે છે કે મારૂં જીવન સફળ થયું."

પછી એક કાગળ લઇને એણે લખવા માંડયું: "આપણા શહેરના લોકપ્રિય અને શ્રદ્ધેય ડૉકટર વીરેંદ્રસિંહજીના માનમાં કાલ છુટ્ટી પાડવામાં આવે છે."

"હરિજનસેવા ઉપર અહીં કાંઇ વિશેષ ધ્યાન અપાય છે કે?"

"ના જી."

"તો પછી બધા છોકરાએ ના પાડી તે વખતે તમે મને કેવી રીતે મદદ કરી શકયાં?"

"એનું કારણ કદાચ એમ હોય કે સ્ત્રીઓ પુરુષો કરતાં વધારે દયાળુ હોય છે."

"પણ એમ તો શહેરમાં સુશિક્ષિત સ્ત્રીઓનો કયાં તોટો છે? એમાંથી એકકે મારી વિનંતિના ઉત્તરમાં બહાર ન નીકળી. તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદદ કરવાનો કેવી રીતે વિચાર આવ્યો ?"

"તમારે ખરેખર જાણવું છે ?"

"હા, જો મને કહેવામાં કાંઈ અડચણ ન હોય તો."

"હરિજનસેવાનો મને વિચાર આવ્યો, કેમકે હું પોતે હરિજન છું."

ડૉક્ટર સુનયનાદેવી સામું જોઇ રહ્યા. એની વાત એમના માન્યામાં આવતી નહોતી.

(૪)

થોડી વાર શાંત રહીને તેણે કહ્યું: "મારા પતિ અસ્પૃશ્ય હતા, એટલે હું પણ મને અસ્પૃશ્ય ગણાવું છું."

"બહેન! તમારી જીવનકથા જાણવાનો મને શો અધિકાર એવો સંકોચ તો મનમાં બહુ થાય છે; પણ તમારે વિષે વધારે જાણવાનું કુતૂહલ કેમે કર્યે રોકી શકાતું નથી."

"હજુ સુધી મેં મારા જીવનની કહાણી કોઇને કહી નથી, ને એ વિષે કોઇની જોડે વાત કાઢવી મને ગમતી પણ નથી."

"તમે એમ કહો છો તેથી તો બહેન! મારૂં કુતૂહલ ઉલટું વધે છે. પણ જો તમને કશો વાંધો ન હોય અથવા એ વાત કહેવાથી તમારા પર કશી આફત આવે તેમ ન હોય તો હું તમને વિનવું છું કે તમારી જીવનકથા મને સંભળાવો. હું તમારો આભાર માનીશ."

"આફત બાફત તો કંઈ નહિ, પણ એ સાંભળવામાં કશો સાર નથી. ડૉક્ટર! સાચું પૂછો તો હું બહુ અભાગણી સ્ત્રી છું. મારી કથા કહીને તમને હું દુ:ખી શા માટે કરૂં ?"

"મારે નથી ભાઇ કે નથી બહેન; નથી મા કે નથી બાપ; બૈરી છોકરાં પણ નથી. મને જાતનું કશું સુખ નથી કે દુઃખ નથી. મારો બધો આનંદ દીનદુ:ખીની અલ્પ સેવા થઇ શકે તે કરવામાં રહેલો છે. હું જોઉં છું કે, તમારી સ્થિતિ પણ કંઇક મારા જેવીજ છે; તમે સાચું માનજો કે તમારી જિંદગી જો દુનિયાનાં બધાં માણસના જેવી હોત તો હું તમને આટલો આગ્રહ ન કરત."

"તમે પરણ્યાજ નહોતા ?"

વીરેન્દ્રસિંહે હસતાંહસતાં કહ્યું: "જેને સુખ ન હોય તેજ પરણે."

સુનયના કંઇ બોલી નહિ. એટલામાં એક નોકર બાઈ એક થાળીમાં થોડોક નાસ્તો ને બે પ્યાલા ગરમ દૂધ લઇને આવી ને થાળી ટેબલ પર મૂકી. સુનયના કંઇક કામે જરાક બહાર ગઇ એટલે ડૉક્ટરે પેલી બાઇને પૂછ્યું: "આ ઘર કોનું છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠાકુર શિવનાથસિંહજીનું."

"ઠાકુર સાહેબ તારાં બાઇસાહેબના શા સગા થાય?"

"સસરા થાય."

"એટલામાં સુનયના પાછી આવી, એટલે વીરેન્દ્રે જરા વાર શાંત રહી એને પૂછ્યું: "તમારા પતિ ક્યાં રહે છે?"

"સ્વર્ગમાં."

"અરેરે! મને કલ્પનાજ નહિ કે તમે વિધવા હશો."

"હા, જન્મથીજ વિધવા છું."

"એ સમજાતું નથી. એનો અર્થ સમજાવશો?"

"મારા લગ્ન પછી મારા પતિ મને લઈને ઘેર આવતા હતા. રસ્તામાં લૂંટારાએ અમારા પર હુમલો કર્યો. પ્રવાસે નીકળતી વખતે જે ચેતવણી મળેલી તેને મારા પતિએ ગણકારેલી નહિ. વરરાજાનો પોશાક પહેરીનેજ એમણે લૂંટારાઓ જોડે લડવા માંડયું. એમણે ઘણાને માર્યા, પણ એમને ઘણા ઘા પડ્યા; ને આખરે એમાંથી એમનો દેહાંત થયો."

"પણ તમે તો મને કહ્યું ને કે તમારા પતિ અસ્પૃશ્ય હતા; કદાચ કોઇક કારણે ન્યાત બહાર મુકાયેલા હશે."

"ના રે ના, ઉલટું ન્યાતના લોકો એમની જાણે પૂજા કરતા. ન્યાતના જુવાનો એમને પગલે પગલે ચાલવા મથતા. એમની સ્મશાનયાત્રામાં જેટલા માણસ આવેલા તેટલા મેં કોઇ સ્મશાનયાત્રામાં જોયા નથી."

"આ બધાનો ભેદ તો કંઇ સમજાયજ નહિ એવો લાગે છે!" વીરેંદ્રે નિરાશાથી કહ્યું ને નિસાસો નાખ્યો.

(૫)

"બહુ જૂની વાત છે. હું ત્યારે નાની બાળક હતી. મારા પિતા ગામના મુખી હતા. તેમની પાસે પુષ્કળ જમીન અને ઘણી ગાય–ભેંસો હતી. ઘોડાગાડીઓ પણ હતી. અમારે ત્યાં સુખસમૃદ્ધિની રેલંછેલ હતી. આસપાસના મુલકમાં અમારા કુટુંબની પ્રતિષ્ઠા ને કીર્તિ બહુ ભારે હતી. એક વાર એક કોળી સ્ત્રીપુરુષ અમારા ઘરમાં નોકર રહ્યાં. બંને સાચાં ને વફાદાર હતાં. એમને અમારાં વાસણને અડવાની છૂટ નહોતી, પણ અમે એમના પ્રત્યે આદર ને વિશ્વાસ રાખતાં. એ લોકોને સંતાન નહોતું.

"એક વાર અમે સૌ મેળામાં ગયાં. પાછાં આવતાં અમારા નોકરને એક છોકરો જડયો. ઘણીક તપાસ કર્યા છતાં એનાં માબાપનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્તો ન લાગ્યો. બાળકની દશા દયાજનક હતી એટલે આ કોળી દંપતીએ એને પોતાનો દીકરો કરીને રાખી લીધો. હું રાજી થઇ, કેમકે મને રમવા માટે હમેશનો સોબતી મળી ગયો, અમે બે જણ સાથે રમતાં જમતાં. બાળકો તો ભોળાં નિર્દોષ રહ્યાં; એમના મનમાં ઉંચાનીચાનો ભેદજ ન મળે. એમને મન તે સૌ ભાઇબહેન ! પેલા છોકરાને પણ મારે લીધે ગમી ગયું.

"કોળી આ છોકરાને પેટના દીકરા જેવોજ માનતો. એને મારી જોડે રમવાની મનાઇ કરતો. એની નજરે તો હું ઉંચ વર્ણના મુખી-ની છોકરી હતી. એની સાથે એ છોકરો રમે એ અયોગ્ય ગણાય. પણ જ્યારે જ્યારે એનાં માબાપ એને ઘરમાં પૂરી રાખે ત્યારે ત્યારે હું જઇને એને છોડાવી લાવતી.

"એક દિવસ પાડોશનાં બધાં બાળકો ભેગાં થયાં હતાં. વિવાહનું નાટક ભજવવું એવો ઠરાવ થયો. વરઘોડો ચાલવા લાગ્યો. વરઘોડો પૂરો થયો એટલે જાનૈયાઓએ પતરાના ડબ્બા ને નગારીઓ ઠોકી ઠોકીને બૂમરાણ કરી મૂકી. મારા પિતા દોડતા દોડતા આવ્યા. અમે નાટક કરીએ છીએ એ જોઇને તેઓ બહુ ગુસ્સે થઇ ગયા. છોકરા બધા દોટ મૂકીને દોડી ગયા. પેલો કોળીનો છોકરો વરરાજા થયેલો તેને મારા પિતાએ બહુ માર માર્યો. તેજ દિવસે એ બિચારો ઘેરથી ભાગી ગયો ને ગૂમ થયો. તે પછી એની કશી ભાળ લાગી નથી.

"એ રાંક બાળકનું અપમાન, શરમ ને દુઃખથી ઉતરી ગયેલું મોઢું હજુ મારી આંખ સામે તરવરે છે. એને હું ભૂલી શકી નથી, ને ભૂલી શકીશ પણ નહિ. આજે એને હજાર માણસની વચ્ચે જોઉં તોપણ એને ઓળખ્યા વિના ન રહું."

"પછી ?"

"હા, તે પછી હું ભણવા લાગી. રોજનો ક્રમ ચાલવા લાગ્યો. મારી ઉંમર થઇ એટલે માતપિતા વરની શોધ કરવા લાગ્યાં. મેં ઉતાવળ ન કરવાને એમને વિનવ્યાં, કેમકે મારા મનથી તો હું પરણી ચૂકી હતી, હું એક જણને સ્વામી બનાવી ચૂકી હતી. પછી બીજું લગ્ન કેમ થાય ? એ દિવસે જો પેલા રાંક છોકરાને સખત માર ન પડયો હોત ને એથી તે નાસી ન ગયો હોત તો એ દિવસના વિવા-હના ખેલની છાપ મારા મન પર એટલી ઉંડી ન રહી જાત.

"દુર્ભાગ્યે અમારા ગામના જમીનદારની કુદૃષ્ટિ મારા પર પડી. એ અમને સતાવવા લાગ્યો. પિતાજીએ જેમ બને તેમ જલદી મારાં લગ્ન કરી નાખવાનું નક્કી કર્યું. ઠાકુર શિવનાથસિંહજી અમારે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા ને સગાઈ નક્કી થઇ. પહેલાં હું જરા આનાકાની કરવા લાગી, પણ ઠાકુર સાહેબના પુત્રને જોયા પછી મારો વિરોધ મોળો પડયો. હજુ લગ્નની વાતમાં મન માનતું નહોતું, પણ સંજોગો એવા હતા કે બીજો રસ્તોજ રહ્યો નહોતો.

"લગ્ન ભારે ધામધૂમથી થયાં, જાન પાછી આવવા નીકળી. જે વખતે સૌના આનંદનો પાર નહોતો તે વખતે પેલા જમીનદારના માણસોએ રાતના વખતે હુમલો કર્યો. વરરાજાએ ભારે હિંમતથી લડાઈ કરી, પણ સખત ઘાયલ થયા. એમની શુશ્રૂષા કરવાનું સદ્‌ભાગ્ય તો મને મળ્યુંજ. મારા જીવનમાં સુખના દિવસો એજ હતા.

"પણ મારી શુશ્રૂષા, મારાં આંસુ કે સસરાજીની કાળજી કશું કામ લાગ્યું નહિ, ને કાળ મારા પતિના પ્રાણ હરી ગયો."

(૬)

સુનયના થોડી વાર શાંત રહી, અને નિસાસો નાખીને પાછી કહેવા લાગી: "અરેરે, એમનું હૃદય કેવું કોમળ હતું ! પણ હું અભાગણી એમના પર મારા હૃદયનો પૂરો પ્રેમ કદી રેડી શકી નહિ. મેં મન મૂકીને એમને ચરણે બેસી એમની સેવા કરી, છતાં મારૂં હૃદય પૂરેપુરૂં એમને અર્પણ ન કરી શકી."

"તમારી વાત બહુજ અસાધારણ છે, બહેન !"

"કેમ ?"

"મારા જીવનના કેટલાક બનાવો તમારી આ વાત જેવાજ છે."

"કયા બનાવ ?"

"મારા બચપણમાં હું પણ એક વાર રમતમાં પરણેલો."

"એમ ?"

"ને મને પણ સખત માર પડેલો."

"શું કહો છો ?"

"ને હું ઘેરથી ભાગી ગયેલો."

"ક્યારની વાત ? તમે કયા ગામમાં હતા ?"

"વિશાળપુરમાં."

"વિશાળપુરમાં કોને ઘેર ?"

"મુખીને ઘેર."

"ત્યાં કોઇ નોકર હતા ?"

"હા, એક હતો. એનું નામ હવે મને યાદ નથી."

"ને તે વખતે તમારૂં નામ શું હતું ?"

"હા, મને યાદ આવે છે, તે વખતે લોકો મને વીરૂ કહેતા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ રમતની વિગતો તમને હજુ યાદ છે ?"

"ના, યાદ તો નહોતી. પણ તમારી વાત સાંભળ્યા પછી મને ઘણીખરી વિગતો યાદ આવી. એ છોકરી તો મને યાદ છેજ."

"એ છોકરી હવે જો તમને મળે તો તમે શું કરો ?"

"એને મારી સગી બ્હેન ગણું."

"ને વિવાહની વાત ભૂલી જાઓ ?"

"અરે, એ તો બાળકોનો ખેલ હતો !"

સુનયના બોલી: "વીરુભાઇ ! એજ હું તમારી બાળપણની સોબતી. તમને યાદ છે કે તમે મને એક વાર ગુસ્સામાં ધક્કો દઇને પાડી નાખી હતી ? જુઓ, એ ઘાની નિશાની હજુ કાયમ છે."

"આજે તમને મળતાં મને કેટલો બધો આનંદ થાય છે !"

"ભાઇ ! મારા આનંદનો પણ પાર નથી. તમે સો વરસ જીવો ! તમે મારા મન પરનો મોટો બોજો હળવો કર્યો છે."

"તમે કેવાં ભોળાં છો ! બાળકોના ખેલનો તે આવો વિચાર કોણ કરે ? એને તે વળી કોઇ યાદ રાખતું હશે ?"

"આ જગત પણ ખેલ છે. બચપણમાં આપણે બાળખેલ કરીએ છીએ. મોટાં થયે મોટાં માણસના ખેલ કરીએ છીએ. જગતપિતાની આગળ તો આપણે બધાં ટચૂકડાં બાળકોજ છીએ."

ડૉકટરનું હૈયું ભરાઇ આવ્યું. તેમણે કહ્યું: "બહેન ! તમે સાચું કહો છો. તમે આવાં શુદ્ધ ને ઉદાર છો એથી મને આનંદ થાય છે."

"વીરુભાઈ ! હું જગતપિતાની નજરે હમેશાં એવડી નાની બાળકી રહું એવો મને આશીર્વાદ આપો."

"તમે પણ બહેન ! ઇશ્વિરની પ્રાર્થના કરો કે હું પણ તમારો ભાઇ કહેવાવાને લાયક બનું. બાળપણમાં મેં મારા સોબતીઓ પર ઘણો ત્રાસ ગુજારેલો ને ઘણાને મારેલા. એના પ્રાયશ્ચિત્ત તરીકે મેં મારા ભાઇઓની સેવાને અર્થે જીવન અર્પણ કર્યું છે."

* * *

સુનયનાદેવીના પતિની છબિ દિવાલ પર ટાંગેલી હતી તે ઉતારીને તેના પરની ધૂળ ઉડાડી સાફ કરવામાં આવી. કહેવાય છે કે સુનયનાદેવી દરરોજ અતિશય પ્રેમ ને ભક્તિથી એ છબિની પૂજા કરે છે. શાળાના કામમાંથી જે વખત બચે છે તે વીરુભાઈની જોડે મળીને હરિજનોની સેવા કરવામાં વાપરે છે.

(તા. ૧૯-૮-૧૯૩૪ના "હરિજનબંધુ"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭–શુક–શિક્ષા

(આ વાર્તા જૂનીજ છે. ૧૯૧૮ માં લખી હતી. પણ તે વિશેષ પ્રસિદ્ધિ પામી નહોતી. વાર્તા બહુ ઉદ્‌બોધક હોવાથીજ અત્રે આપી છે. આ વાર્તામાં હમણાં સર્વ જગતભરમાં જે શિક્ષણ આપવામાં આવે છે તે કેવું નકામું છે એ ઉપરોધિકપણે બતાવ્યું છે. વિદ્યાર્થી-ઓના મગજમાં એકલું પુસ્તકીયા જ્ઞાન ઠાંસવા ઉપરાંત બીજું કંઇ થતું નથી એથી તેનું છેવટ દુઃખકારક આવે છે. શિક્ષણમંદિરના પાંજ-રામાં પુરાયેલો વિદ્યાર્થી પોપટની જેમ પરતંત્ર અને નિરૂપયોગી બને છે. આ વાર્તા અત્યંત લોકપ્રિય હોઈ તેનું નાટક પણ મુંબઇમાં થોડા વખત પહેલાં કરી બતાવવામાં આવ્યું હતું.

–તંત્રી, "ચિત્રમય જગત")

એક હતો પોપટ. બહુ મંદ બુદ્ધિનો, એનો અવાજ મધુર હતો ને તે ગાતો પણ મઝાનું. ધાર્મિક પાઠ તે કદી અશુદ્ધ બોલતો નહિ. કૂદકા બહુ સુંદર મારે; પણ એને શિષ્ટાચારની કંઈજ ખબર નહોતી.

રાજાએ આ જોયું ને વિચાર કર્યો: "અજ્ઞાન એ એકંદરે મોંઘુંજ પડે છે. મૂર્ખ માણસો ખાવાપીવા વગેરેમાં શાણાઓના કરતાં કમી નથી હોતા; પણ એમની પાસેથી કંઇ બદલો મળતો નથી."

રાજાએ પોતાના ભત્રીજાઓને બોલાવ્યા ને કહ્યું: "આને સારૂં શિક્ષણ આપો." ભત્રીજાએ પંડિતોને તાબડતોબ આમંત્રણ આપ્યું ને આ પ્રકરણના મૂળમાં ઉતરીને વિચારની શરૂઆત થઇ.

પંડિત કહેવા લાગ્યા કે, પક્ષીઓનું અજ્ઞાન એ તેના કંગાળ માળામાં રહેવાની નૈસર્ગિક ટેવનું ફળ છે.

પંડિતોના મત પ્રમાણે શિક્ષણને માટે પ્રથમ જો કંઇ પણ આવ-શ્યક હોય તો સુંદર મજેનું પાંજરૂં.

પંડિતોએ આ સલાહ આપ્યા બદલ તેમને ભરપૂર પારિતોષકો મળ્યાં, ને તે આનંદપૂર્વક ઘેર ગયા.

ત્યાર પછી એક સોનેરી પાંજરૂં બનાવવામાં આવ્યું અને તેને ભભકદાર રીતે શણગારવામાં આવ્યું. રાજાએ બાંધેલું એ સુંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંજરું જોવા સારૂ જગતના લોકોની ભયંકર ગીરદી થઇ. "સંસ્કૃતિને પકડી અને પાંજરામાં મૂકી!" આવા અત્યંત આનંદના ઉદ્દગાર પણ કેટલાકોએ કાઢયા ને તેમનાં નેત્રોમાંથી પ્રેમાનંદનાં પાણી વહ્યાં. બીજા કહેવા લાગ્યા: "સંસ્કૃતિ જાય તોય હરકત નહિ; પણ પાંજરાને રૂપે પ્રત્યક્ષ કાર્ય તો અનંત કાળપર્યંત શિલક રહેશે કે નહિ! કેટલો ભાગ્યશાળી પોપટ!"

સોની લોકોએ પૈસાની થેલીઓ ભરીને ઉતાવળે પગે ઘરનો રસ્તો પકડયો.

પંડિતોએ પોપટને ભણાવવા સારૂ આસન જમાવ્યું. છીંકણીનો મોટો ચપટો નાકમાં ઠાંસીને અને બહુ ઉંડો વિચાર કર્યો હોય એમ બતાવીને પંડિત બોલ્યા કે "અમારા કામમાં કેટલાં પુસ્તકો પૂરાં પડશે?"

આ સલાહ મળતાંજ ભત્રીજાએ કારકુનનાં ટોળેટોળાં બોલાવ્યાં અને બધાં મૂળ પુસ્તકોની નકલો કરવા લાગ્યા, અને એ નકલોની નકલો થવા લાગી. સૌથી છેલ્લે એ હસ્તલિખિતોનો એવડો મોટો ઢગલો થયો કે તે મોભારા સુધી પહોંચીનેયે વધ્યો. લોકો એ ઢગલો જોઇને આશ્ચર્યથી કહેવા લાગ્યા: "સંસ્કૃતિનું આ કેટલું ઉંચુ શિખર! અને તે ઠેઠ આકાશે જઇ પહોંચ્યું છે!"

કારકુનો હળવા દિલે અને પૈસાવડે ભરેલા ખિસ્સાથી દોડતા દોડતા ઘેર ગયા.

એ પાંજરાને બરાબર સાફ રાખવા સારૂ બધા ભત્રીજા તનતોડ શ્રમ કરતા. એ પાંજરાને ઘસી ઘસીને ચકચકિત કરવાની તેમની અવિરત મહેનત જોઇને લોક અત્યંત સમાધાનકારક ઉદ્દગાર કાઢતા ને કહેતા:

"પ્રગતિ કહેવી તે આને."

આ કાર્યને માટે ઘણા લોકને નોકર રાખવામાં આવ્યા અને એના કરતાંય વધારે લોક તેની દેખરેખ રાખવા સારૂ નીમવામાં આવ્યા. આ બધા કાકા કાકાના ને મામા માશીના ત્યાં આવી મોટી મોટી ભવ્ય ઇમારતો બાંધીને રહ્યા.

જગત જાતે અનેક દૃષ્ટિએ અપૂર્ણ હોય તો પણ નિંદકોનો જગતમાં તોટો નથી, અને આ દુષ્ટ નિંદક લોક બધાને કહેતા છૂટયા કે એ પાંજરાની સાથે જેનો જેનો સંબંધ છે એ બધાઓનો માત્ર બિચારા પોપટ સિવાય ઉત્કર્ષ થાય છે.

આ વાર્તા જ્યારે રાજાના કાન ઉપર ગઇ ત્યારે રાજાએ ભત્રી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાઓને પૂછ્યું: "હમણાં હમણાં લોક આવું શું બોલે છે?"

ભત્રીજાઓએ જવાબ આપ્યો—"મહારાજ! આપને જો સત્ય જોઇતું હોય તો પંડિતોને, કારકૂનોને, દેખરેખ રાખનારાઓને અને સોની લોકોને પૂછો; નિંદક લોક ભૂખ્યા કડકા બાલુશ છે તેથી તેમની જીભ સળવળે છે."

આ જવાબ સાંભળીને રાજા એટલો ખુશ થયો કે તેણે અલભ્ય એવું એક એક રત્ન તેમને બક્ષીસ આપ્યું.

પોતાનું શિક્ષણ ખાતુ પોપટને કેવું ને કેવી રીતે શીખવે છે એ પોતાની નજરે જોવા સારૂ રાજાની સ્વારી એક દિવસે એ વિદ્યામંદિરમાં ગઈ.

રાજાને જોતાંજ શંખ, ઘંટા, શિંગો, શરણાઇઓ, ઝાંઝ, નોબત, પડઘમ, નગારાં વગેરે વાજિંત્રો વાગવા લાગ્યાં. પંડિતોએ ઉચ્ચ સ્વરમાં મંત્ર બોલવાની શરૂઆત કરી અને સોની, કારકુન વગેરેએ કરતલધ્વનિથી રાજાનું સ્વાગત કર્યું.

ભત્રીજાઓએ હસીને રાજાને પૂછ્યું કે "આ બધા ઉપરથી આપને શું લાગે છે?"

રાજા બોલ્યો—"શિક્ષણના તત્ત્વની પરિશ્રમપૂર્વક પૂજા થતી હોય એમ મને લાગે છે."

અત્યંત સંતુષ્ટ થતો રાજા જવા સારૂ જ્યારે પોતાના હાથી ઉપર ચડવા લાગ્યો ત્યારે એક નિંદક ઝાડની ઓથેથી પૂછવા લાગ્યો: "મહારાજ! આપે પોપટ જોયો કે?"

"અરે ખરૂં, એ તો હું તદ્દન ભૂલી ગયો. મેં પોપટને જોયોજ નહિ." રાજા સાહેબ બોલ્યા.

પાછા વળીને રાજાએ પંડિતોને પૂછ્યું. તમે આ પોપટને કેવી રીતે ભણાવો છો? પંડિતોએ તેને બતાવ્યું. રાજા સંતુષ્ટ થયો. તેમની શિક્ષણપદ્ધતિ એટલી સુંદર હતી કે, તેની આગળ બિચારૂં પક્ષી બિલકુલજ ક્ષુદ્ર લાગ્યું. શિક્ષણની વ્યવસ્થામાં બિલકુલ દોષ નથી, એવો રાજાએ મત આપ્યો. પોપટે કંઇ તકરાર કરવી શક્યજ નહોતું. પોપટનું ગળું પુસ્તકનાં પાનાંઓથી એટલું ઠાંસી ઠાંસીને ભર્યું હતું કે તેનાથી અવાજે કાઢી શકાતો નહિ કે ગણગણી પણ શકાતું નહિં.

આ વખતે રાજાએ નિંદકોને અચ્છું શાસન કરવા પોતાના અધિકારીઓને ફરમાવ્યું.

બિચારો પોપટ ધીમે ધીમે સ્મૃતિશેષ થવાના સુરક્ષિત માર્ગે લાગ્યો હતો. એની પ્રગતિ ખરેખરજ, સમાધાનકારક હતી; તથાપિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિસર્ગ કોઇ કોઇ વાર શિક્ષણ પર સુદ્ધાં વિજય સંપાદન કરે છે. સવારે સૂર્યનાં કુમળાં કિરણ જ્યારે એ પાંજરામાં પ્રવિષ્ટ થતાં ત્યારે એ પોપટ પોતાની પાંખો ફડફડાવતો અને આ બાબત પર જો કે તેનો વિશ્વાસ નહોતો તો પણ પોતાની નિઃશક્ત ચાંચ તે પાંજરાના સળિયા સાથે અફાળતો.

આ જોઇને કોટવાળ બોલ્યોઃ "કેવી આ મૂર્ખતા!"

પછી રાજાના શિક્ષણખાતામાં લુહારની યોજના થઈ, લુહારે એક સાંકળ બનાવી અને પોપટની પાંખો કાપી નાખવામાં આવી.

રાજાનાં સગાંવહાલાં કહેવા લાગ્યાંઃ "આ પક્ષીને સદ્‌ભાવના તો નથીજ; પણ કૃતજ્ઞતા સુદ્ધાં નથી."

એક હાથમાં સોટી ને બીજા હાથમાં પુસ્તકો લઇને પંડિતો એ ગરીબ પક્ષીને પાઠ આપવા લાગ્યા.

કોટવાલનું એના પહેરા માટે અને લુહારનું સાંકળ બનાવવાના કૌશલ્ય માટે સન્માન કરવામાં આવ્યું.

છેવટે પોપટ મરી ગયો.

એને મરણ પામ્યે કેટલા દિવસ વીત્યા એની કોઇને કલ્પનાયે નહોતી. નિંદકોએજ પ્રથમ એ વાત બહાર ફોડી.

રાજાએ ભત્રીજાઓને બોલાવ્યા અને પૂછ્યું–"હું પોપટને માટે શું સાંભળું છું?"

તે બોલ્યાઃ "મહારાજ! તેનું શિક્ષણ પૂરૂં થયું."

"તે હવે કૂદકા મારે છે કે?"

"બિલકુલ નહિ!"

"અને પાંખો ફફડાવે છે?"

"ના."

"લાવો, એ પોપટને મારી સામે લાવો" રાજા બોલ્યો.

સિપાઇઓના પહેરા વચ્ચે એ પક્ષીને રાજા પાસે લાવ્યા.

રાજાએ તેને આંગળી વડે દાબીને જોયું. એની અંદર પુસ્તકોનાં પાનાં ઠાંસેલાં જણાયાં.

(ઑક્ટોબર–૧૯૩૪ ના "ચિત્રમય જગત"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮–તાપણી

(લેખકઃ–શ્રી. ભગવત રામચંદ્ર ભટ્ટ)

કાર્તિક મહિનાની કડકડતી ટાઢ ને નર્મદાકાંઠે આવેલા કાંસીઆ ભાઠે પોંક ખાવાની ફસલની રમઝટ ચાલે. મિત્રમંડળે આગ્રહ કરી સાથ તેડયો ને ન જાઉં તો કેવું ખોટું લેખાય! ગામડાની ટાઢ વેઠાય નહિ તોપણ આગ્રહને માન આપી સાથે તણાવું પડયું હતું.

બધા મિત્રો કહેઃ "પોંક ખાવાની ખરી મઝા જ ખેતરમાં."

મેં કહ્યુંઃ "મેલોને છાલ. જ્યાં જઇ પોંક ખાધો તે ખરો. બધીજ જગ્યાએ પેટમાં ઉતરશે કે ગળે અટકી નહિ રહે, સમજ્યા ને?"

પણ મારૂં કહેવું કોણ સાંભળે? આવી તો કંઇક રકઝકને અંતે બીજી સવારે પ્રભાતના પહેલા પહોરે અમારે ખેતરમાં ખાસ પોંક ખાવા જવાનું નક્કી ઠર્યું.

અગાઉથી ઠરાવ મુજબ બે વરતણીઆ તથા બે ખેડુતોને પોંક પાડવા, સાફસૂફ કરી બુંગણ બિછાવવા, મીઠા કૂવાના નિર્મળ જળનું બેડું ભરી રાખવા ઈત્યાદિ તૈયારીઓ માટે કયારના પહેલી પહોરે ખેતરે મોકલી આપેલા હોઇ બધા વહેલા ઉઠી ઉતાવળ કરી રહ્યા હતા. શહેરમાં તો દરરોજ મોડા ઉઠવાની ટેવ, પણ ગામડીઆ ગામમાં તો લોકો રહ્યા કામગરા; ચાર વાગ્યાના ઢોરના દૂધ દોહણ, ઢોર હાંકવાના ડચકારા, જાગ્રત થએલ ઢોરને ગળે બાંધેલી ઘંટડી ને ઘુઘરાઓના રણકારા, ઘંટીના રવ અને મહેનતુ લોકોની કામ માટેની ધાલમેલના અનેક જાતિમિશ્રિત શોરબકોરથી નિદ્રા અધકચરી થઇ ખંડાઇ ગઇ હતી. આમ છતાં હું આંખો મીંચી ગોદડું વીંટી ખાટમાં પડયો રહ્યો હતો. આંખોમાંથી સુષુપ્તિનો નશો હજી પૂરેપુરો છૂટયો ન હતો, આળસ અને શિથિલતા દૂર થયાં ન હતાં, તે સમયે આ મધુર પ્રભાતી સ્વરોએ મને પૂરો જગાડયો, પણ હું ઉઠયો નહિ. આથી મારા મિત્રે મને બે ત્રણ વાર ઉઠવા કહ્યું, પણ ટાઢના માર્યા ઉઠવા જીવ ન લહ્યો ને મેં તેનું કહેવું ગણકાર્યું નહિ. મારા આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારના આળસથી કંટાળી એ સદા પહેલી પહોરના જાગતા મારા મિત્રે અધીરા બની ગોદડું ખેંચ્યું. ગોદડું ખેંચતાણ કરતાં મેં મારી લડાયક વૃત્તિ પહેલવારકી દેખાડી એટલે તેણે સહેજ નમ્રતાથી સમજાવી જણાવ્યું:

"આમ કુંભકર્ણ જેમ અહીં પડી રહે તે ઠીક નહિ હોં ભાઈ! ઉઠી બહાર જો, આખું ગામ જાગી ગયું છે."

"ભલે, એ લોકો તો કામગરા છે; પરંતુ આપણે અહીંઆં શા મોતીના ચોક પૂરવા છે! રહેવા દે, અહીં તો ટાઢ વાય છે." મેં ચોખ્ખું પધરાવ્યું.

"તું તો અહીંના ગામડીઆ નાના બાળકથીયે છેકજ ગયો. તે સુદ્ધાં કયારના ખેલ કરવા ગોંદરે નીકળી પડયા છે. ટાઢ વાતી હોય તો બહાર જા, તાપણી તૈયાર છે. ત્યાં બેઠા બેઠા આ દાડમી દાતણ વડે મોં સાફ કર. હમણાં હવે ચા થાય છે તે પીશે એટલે પછી ગરમાવોજ ગરમાવો."

મારે તેના આ ફરમાનને માન આપ્યા વિના છૂટકો ન હતો. જેને ત્યાં ગયા તેની સગવડ સાચવીને ન વર્તીએ તો ભારરૂપ થઈ પડાય એમ વિચારી નછૂટકે હુંફાળી પથારીની સોડ ત્યજી, ધોતીઆની ઢીલી ઓટી ઠીક કરી, બગાસું ખાઇ ચપટી માત્રમાં આળસ ખંખેરી, ટાઢથી થરથરતાં આંગણામાં બળતી તાપણી તરફ ધસ્યો; ત્યારે તે ચંદ્રલોકની પ્રોજ્જ્વલ પ્રભાથી તમતમી ઉઠી હતી, મંદ સૂસવાતો મારુત ડોલી આનંદ છંટકાવ કરી રહ્યો હતો. રસ અને અનુરાગ ફૂટી રહ્યા હતા. તેવે હું તેના પાદપદ્મમાં મારી જાત આનંદથી સમર્પણ કરી તેની પાસે જઈ બેઠો.

હું ઉઠયો ત્યારે ભળભાંખરૂં થયું હતું એટલે મારો ઝાંખો અસ્પષ્ટ પડછાયો પડતો હતો. હું તાપણી પાસે જેમ જેમ વધતો ગયો, તેમ તેમ તે પણ વધતો લાગ્યો અને તેની નજીક આવી બેઠો ત્યારે તો તે સાવ વિલીન થઇ ગયો.

ઉંઘમાંથી તાજેતરનો ઉઠેલો એટલે વિચાર વિમુખ મારૂં મન તરત તેના ખોરાકરૂપ વિચાર તરફ વળ્યું. મેં તાપણીને પરબ્રહ્મસ્વરૂપ કલ્પી તેના ભડકાને વિરાટ્–જ્યોત, જે જગત પર ઢળેલી રહે છે તે, માની લીધી. મને પ્રથમ થયું કે તાપણી–પરબ્રહ્મથી જ્યારે હું વિમુખ હતો ત્યારે માત્ર શૂન્ય હતો; પણ જેમ જેમ હું મારી જાતને તાપણી–પરબ્રહ્મ તરફ દોરતો ગયો, તેમ તેમ મને મારી જાતનું ભાન પ્રથમ મારી કંપતી બેઢંગ છબીરૂપ પડછાયારૂપે થતાં વિરાટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યોતની ઝાંખી થઇ. તે પછી અંતરને ગેબી આમંત્રણ દેતી પ્રકાશ-ની હૂંફ લાગી. મારી જાતને તેના પ્રકાશમાં સ્પષ્ટ નિહાળી શક્યો. અત્યાર સુધી કેમ જાણે જગતના ઘોર અંધકારમાં પડયો રહ્યો હોઉં અને ઓચિંતા કનકકિરણનો પ્રવેશ થયો હોય, તેમ તેના મહાન સ્વરૂપને દેખી હું આશ્ચર્યમુગ્ધ બન્યો. તે પ્રભાતે ને તે ક્ષણે મારો પ્રાણ જાગી ઉઠયો. દાર્શનિક જ્ઞાનનો આછો આભાસ થયો. હું તેની પાસે અલ્પતા અનુભવતો જઈ બેઠો.

તાપણી સુરરર સુરરર અવાજ કરતી બળી રહી હતી. તેનો જયમંગળ ધ્વનિ સમીરમાં ઉડતો હતો. તે વખતે જાગરણના આ પ્રથમ પ્રભાતે તેની આવેશભરી ભેરવી મેં સાંભળી. સંગીત, સ્વર અને તાન સાથે જાગરણને કર્મસફળતા તરફ પહોંચાડવા આશ્વાસન અને ઉત્સાહ ભરવા તે ભડભડ બળી રહી હતી.

શરીરની ટાઢ ઉરાડી, જાણે માંહેના અસુરને ભગાડી જેવો હું આગળ પાછળ દૂર અને નજદીક નિહાળું છું તો ફળીએ ફળીએ ને આંગણે આંગણે નાનીશી હોળીઓ ભડભડી રહી હતી, જાણે માતાના હવનની વેદીઓમાં ઘી ને આહૂતિના લપકારા લેતા ભડકા !

જ્યાં કુદરતી શિયાળાનો પ્રફુલ્લતો વાયુ વાય છે, તેમાં આવી તાપણીનો મીઠો મધુરો તાપ મળે છે; ત્યારે તો આનંદનાં અદકાં લહેરિયાં ઉછળે છે. તાપણીની આગળ પાછળની ધૂળ તળીએથી ઠંડક દેતી હોય, સામેથી ભડભડાટ બળતી તાપણી ગરમાવો આપતી હોય, આસપાસ વિંટળાઈ બેઠેલા ખેડૂતો ચલમ ભરતા ઘરમાં રોટલા થવાની વાટ જોતાં પાક અને ખેતરના કામકાજની નિર્દોષ પણ રસીલી વાતો કરતા હોય; તે બધો અનુભવ અને તે વખતના આપણા જેવાનો આનંદ વર્ણવી શકાય એમ નથી. આ તાપણીનો માત્ર મનુષ્યો નહિ પણ પાસે બેઠેલા ગામડીઆ કૂતરાઓ પણ ટૂંટિયું વાળી અસીમ આનંદ લૂંટે છે.

પ્રભાતે ફળીએ ફળીએ બળતી તાપણીને પ્રકાશે આખું ગામ તો શું ઝગમગે છે, વાઈસરોય આવે ને ગાયકવાડ જેવા માતબર રજવાડા રાજધાનીને શું શણગારી શોભાવે છે, તેનાથીયે અતિરમ્ય દ્રશ્ય તાપણીના તેજ ને ગરમાવાથી સુંદર બનાવવા કુદરત મદદ કરે છે. તે વખતે શીળો પવન વાય છે, ઉપર વૃક્ષ પર ઝાકળભીનાં પાંદડાં ફડફડે છે, પક્ષીઓ કલરવ ગીત આરંભે છે, દૂધની સેરના અવાજ ને વાછરડાંના બચબચ બચકારા સંભળાય છે. તે બધાં દ્રશ્યો તાપ-ણીની રમ્યતામાં વધારો કરી આંખ અને હૃદય બન્ને ઠારે છે. ઢોરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમે પલળી માથે લીલોછમ ચારો વહી લાવતી ચારણકન્યા કે ખેતરેથી દૂધડાં દોહી ઉજળી ગોળીમાં ભરી પાસેના શહેરમાં દૂધની સાથે પ્રેમ વેચવા જતી ગોવાલણના સૌંદર્યનું તાપણીના પ્રકાશે દૂરથી દર્શન અકથ્ય છે.

આમ વિચારોમાં હું જ્યારે પ્રવૃત્ત હતો, ત્યારે મારા મિત્રે મને ચા પીવા બોલાવ્યો. હું તેની પાછળ મૂઢ માફક પળ્યો.

× × × ×

અમે વસ્ત્રો સજી ડમણીએ ચઢી ખેતરે જવા નીકળ્યા. ગામડાની ફળી વચ્ચેથી પસાર થતાં ઠેર ઠેર શમતી તાપણીઓ નીરખી. કેટલીક ટાઢી પડી ગએલી તાપણીઓમાં કૂતરાં બિલાડાં ઉપરાંત પક્ષીગણ પણ આનંદતાં જોઇ તાપણી તરફના મારા ભક્તિભાવને પોષણ મળ્યું. ઉંડી ગરેડ પડેલા ચીલામાં ગાડું હાંકતાં આંચકાથી મારી તો હડ્ડીની પાંસળીઓ અલગ થઈ જતી લાગી અને બરડાની કરોડ પણ ભાંગી ગઇ હોય તેમ અનુભવ્યું. સમયસૂચકતા વાપરી હું હવે જે બાજુનાં હેલીઆં આવે તે બાજુ ઢળવા લાગ્યો એટલે મને સ્પષ્ટ સમજાયું કે, લોઢાના પાટાવાળી પૈડાંની ગાડીમાં કોઈ ચોક્કસ વસ્તુને અક્કડ પકડી રાખી ટટાર બેસવું નહિ; પરંતુ ઝૂલતું શરીર રાખી શરણે થવું.

ખટારા ગાડું ખેતરે આવી ચઢ્યું. બળદ છૂટયા અને આંબે બંધાયા. ગુણપાટ અને બુંગણ પથરાયેલાં હતાં એટલે ત્યાં જઇ હું ઝટ બેઠો. મારા મિત્રતેના લાડકવાયા વા વાયે હેલીયાં લેતા ઘઉંના ખેતરમાં દોડી ગયા. વરતણીઓ જુવારના દૂધ ભરેલા દાણાવાળાં કુમળાં ડૂડાંઓ પારખી કાપી લાવ્યો. બીજા એક ખેડુતે સેઢેથી ખડ લાવી સળગાવ્યું. તે ખડહડ હડખડ કરતાંકને ઓચિંતું ચેત્યું ને ટાઢું પડયું. તેની અત્યંત ગરમ રાખોડીમાં પેલાં ડૂંડાં મૂકી વારંવાર ફેરવી થોડીવારમાં પીછોડીમાં વિંટાળી નાના દંડુકા વતી પ્રહાર કરવા માંડયા. જોતજોતામાં સૂપડું ભરાઇ ઝાટકેલો સોનાજો પોખરાજ જેવો પોંક અમારી સન્મુખ ધરાયો. ઉન્હો ઉન્હો વરાળભરેલો પોંક, સેવ ને મિઠાઈ, ચટણી ને છાશ વગેરે સાથે ખાતાં અમૃતના શેરડા મોંમાં વછૂટવા લાગ્યા. આથી મારો તાપણી તરફનો પ્રેમભાવ, ભક્તિભાવ અધિકગણો વધ્યો. ખેતરમાં પણ તાપણીનાં દર્શન અને તે તાપણીની રાખોડીના મીઠા શેકથી આ કૂળા દૂધભર્યા દાણામાં મધગળતી મીઠાશ આવી હશે એમ પુરાવાનો વિચાર કર્યા વિના પુખ્ત માની લીધું. મારાથી કેમે કરી રહેવાયું નહિ ત્યારે મેં મારો મત સર્વ સન્મુખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકટ કરી જોયો. આવા નીલમલીલા વાનીના રૂડા પોંકનું જાજરિયું બનાવવાની વાતો કરતા મારા મિત્રોએ એકસામટી સંમતિ આપી. મારૂં હૈયું આનંદથી ઉછળી આવ્યું. તાપણીની ધીકતી ઝાળ ને રાખમાં દાણાને દઝાડયા વિના-બાળ્યા વિના-પોંક પકાવવાની કેવી સુંદર કલા છે! રંગની પીછી ફેરવ્યા છતાં પણ પાણીથીજ જાણે ચિત્ર દોર્યું છે એવો ભાસ પ્રકટાવનાર ચિત્રકાર જેવીજ ને!

એટલામાં ધીરો વા વાયો. તાપણીમાં બળેલાં કેટલાંક પાંદડાં રાખોડી બની હળવેથી હવામાં ઉંચે ચઢવા લાગ્યાં; ત્યારે તો આકાશમાંથી બ્રહ્માના વાહન હંસે નાનાં નાનાં પીંછાં છોડયાં હોય એવો ભાસ થયો.

અંતે પોંક ફાકી ફાકી પેટ ધરાયું. હાથ ધોવા આંબાને મૂળીએ મૂકેલા કચરાના માટલા પાસે જઇ પાણી પીવા ટોપી પર હાથ રાખી મોર જેવી મારી લાંબી ડોક ઉંચી કરી તેવો મંજરીમોર્યા આંબ-ઘટાને ચળકતે પાંદડે પાંદડે જેમ પીપળનાં તાજાં કૂળાં પાંદડાં પર ચાંદનીના પ્રકાશ વડે દીવા પ્રકટે છે તેમ-તાપણીનો ભાસ મને પણ તેના પર થયો. ઉંચે આકાશમાં મીટ માંડી તો બાલભાનુના ગુલાબી તરતા રંગો પણ જાણે તાપણીની સ્પર્ધામાં ઉતરતા ન હોય એમ દેખાવા માંડયું.

તાપણીમાં બંધુજ બળે. જુવારનો સૂકો સાંઠો તથા સૂકા કાંટા, ડાંખલા, કસ્તર, સૂકું છાણ, ઢોરઉચ્છિષ્ટ સૂકું ઘાસ, ઉપરાંત મેલા ને ઝેરી પદાર્થો. તે છતાં આવો મીઠો તાપ આપે એ નવાઇ જેવી વાત નથી શું?

તેની ધૂણીથી ગામડાની હવા સ્વચ્છ થાય. ગભાણમાં દરરોજ વધતા ઉકરડાઓ બાળી નંખાય એટલે ઘરમાં ને ઢોરની કોઢમાં મચ્છર ઓછા પાકે. આગળ પાછળની હવા ગરમ કરી હલકી થતાં ઉંચે ચઢે ને તાજી નવી હવા ઉતરી આવે. આથી આરોગ્ય વધે. ટૂંકમાં, મનુષ્ય-જીવનની મોંઘામાં મોંઘી કેટલીક જરૂરિયાતો તાપણીમાં હોય છે. તેનાથી પ્રાણ મળે, આલોક, ચોખ્ખી હવા, બળ, સ્વાસ્થ્ય વગેરે સઘળું પમાય છે.

ગરીબ લોકોને શિયાળે ટાઢથી રક્ષનાર પણ તાપણીજ છે. શિયાળાના ચારે માસ ગરીબ લોક પોતાના ઘર ને બહાર તાપણીથી-જ ટાઢ ઉરાડે છે. તેમના ઘરમાં ગ્યાસતેલ, દીવેલ કે સરસિયું બાળવા સરખું પણ ન હોય; ત્યારે તે ઘરમાં દીપક બની પ્રકાશ પણ પાંગરે છે. જંગલમાં કે ગામના પાદરે અખાડો જમાવી બેસનાર સર્વત્યાગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુ બાવાઓને તાપણી વસ્ત્રની ગરજ સારે છે. તેની રાખોડીમાં ચોવીસે કલાક દેવતા સળગતો રાખી તેઓ તેનું સતત સેવન કરતા હોય છે.

ઋષિ–મુનિઓ તેની સન્મુખ આસન જમાવી તપસ્યા કરતા હોય છે કે ઇશ્વિરધ્યાનમાં તલ્લીન હોય છે; ત્યારે પોતાનું નૂપુર ખખડાવી ચપળા માફક, ઝાળ ઉરાડતી, ચપળ ગતિએ થનગન નાચતી ઋષિ–મુનિઓની તપસ્યા ભગ્ન કરવા આવેલી અપ્સરા જેમ દૂરથી દેખા દે છે.

અસલ નગરજનો મધ્યરાત્રિએ મુસાફરી કરી પાછા વળતા કોટ બહાર પડાવ નાખી તાપણીનાં આશ્વાસનેજ રાત્રિ ગુજારતા. નાવિકો મછવા લંગારી કિનારે દાઝણું કરી રાત આખી પસાર કરતા. વણઝારા પોઠો લઇ દૂર દેશ સુધી વેપાર ખેડવા નીકળતા ત્યારે વચ્ચે ઘન જંગલની વાટમાં અચાનક દિવસ આથમતાં જ્યાં જ્યાં પડાવ નાખતા ત્યાં ત્યાં તાપણી સળગાવી રાખી રાત્રિ આખી તાપણીના સહવાસમાં ગાળતા. તેનો પ્રકાશ માલથી લદાયલી પોઠોનું રક્ષણ કરતો. તે વખતે કોઇ અંધારી રાતે જ્યારે ચારે બાજુએથી દિશાઓનો અંધકાર વનપ્રાંત આવરી લેતો, ઉદાસી વાયુ પાંદડાઓને રડાવી રહેતો, ખુલ્લા આકાશમાં તારાઓ પત્રજાળીઓમાંથી વારે વારે ડોકીઆં કરી આંખો કાઢી બીવડાવતા; ત્યારે તાપણીજ માત્ર રાત્રિની વિરાટ્ મશાલ બની કાંપતા કલેજે, નમણી દૃષ્ટિ ઢાળી, મંદ મંદ હસી હસાવતી, અંધકારના ભયાનક સન્નાટામાં મિત્ર કે રક્ષકની ઉત્તમ ગરજ સારતી હતી. આજના રેલગાડીના જમાનામાં તેનો આવો બધો તાદૃશ્ય ખ્યાલ કયાંથી કોઇને આવે ?

તાપણી આવેગભરી છે. તે કેમ જાણે પોતાના પ્રાણનો આવેગ એક પળ વાર પણ રોકી શકતી ન હોય તેમ ભડભડ બળી ઉઠે છે; ત્યારે તો એ ટાઢી પડે તોજ ઝંપે. જીવનના અર્ધજાગ્રત અંધકારમાં પ્રકાશ ફેલાવે છે. મનને હૃદય પર પ્રકાશ છાંટી શુદ્ધ અને સાત્વિક બનાવે છે. તે સત્ય ને કલ્યાણકારી છે. તેની મદમસ્ત ઝાળમાં મંદ કંપન સાથ નવયૌવનની શક્તિ છે. એથી એમાં ચંચળતા ને શક્તિ, પ્રતિભા ને વિશાળતા છે. વેગપૂર્ણ ગતિ અને નવો ઉમંગ રંગ પણ રાખે છે. તેની ચોપાસ ચર્ચા અને અર્ચા થઈ રહી હોય છે.

ખરે, તાપણી જાણે સુષુપ્તિની અંદરથી અંતરની પ્રખર તૃષાની વેદના છીપાવવા સ્વર્ગના અમૃત માટે જાગી ઉઠતી હોય તેમ બળે છે અને અંધકારને રંગી સૂર્યપ્રકાશિત સોનાના કળશ માફક ઝળહળે છે. (તા. ૩–૧૧–૧૯૩૫ ના "નવી રોશની"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

९-कार्निवलनी कथा

(સાચી ઘટના ઉપરથી)

(૧)

" લાવ, ઝટ કર. "

" ના, નહિ આપું; આજ નહિ દઉં. મારા અંગ ઉપરનાં બધાંય ઘરેણાં એમજ હાલ્યાં ગીયાં, ને હવે આ એક ભાંગ્યાંતૂટયાં કડલાં રીયાં તે એના ઉપરે તમારી નજર પડી. હું ઇ નઇ દઉં. રોજ રોજ બધુંય નાખી દઇને પાસા આવોસો ઇ કીયાં નથી જાણતા ? ના, આજ કડલાં નઇ મળે, નઈ મળે; નઇ મળે." વાણીમાં સમજણ આપવાની ભાવના, અને માગણીના અસ્વીકારનો આગ્રહ ઝળકી રહ્યાં.

" અરે ડાઇની દીકરી, નઇ દેને જાશ કીયાં ? કઉં છું કે કાઢી દે, રાં...કાઢી દે. તું મને કેનારી કોણ, કે રોજ ખોઇ આવસ ને એમ ને તેમ ને ? રાંડ...જાણતી નથી કે ઇ બધુંય કાળી મજૂરી કરીને ભેળું કરનારે હું, ને મારા જીવને મજા આપવા માટે ઉડાડી દેનારે હું. એમાં વચમાં આવનારી તું કોણ ? લાવ, ઝટ કર કાઢી દે કડલાં: મોડું થાય છે."

" ના નઇ દઉં, નઇં નઇં નઇં નઇં દઉં—" દૃઢ આગ્રહ એ શબ્દ વડે વ્યક્ત થયો.

" અરે નઇંવાળી, આ લે લેતી જા—" અને સડ સડ સડ ધ્વનિ પ્રગટાવતી સોટીઓ ઉછળી ઉછળીને એ નારીના પીઠપ્રદેશ પર પડવા લાગી.

પતિપણાને અપાયેલી ક્રૂર સત્તાને ઉપયોગમાં લેવાણી.

" માડી રે...મરી ગઈ, મરી ગઇ, માડી રે...' વેદનાનું પ્રકાશન એ શબ્દો વડે થઇ રહ્યું.

"એ રવા દ્યો, રવા દ્યો; કાઢી દઉં, કાઢી દઉં." વેદનાની અસર થતા એ આગ્રહી ભાવને હડસેલી કાઢયો.

" તો પેલેથી સવળી હાલીને કાઢી દીધા હોત તો ? " મેણું મારતો પુરુષ વિજયના કેફમાં ફૂંઘો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"રાં...સ્ત્રી જાતજ હઠીલી; પણ માર આગળ તો પોચી રૂ જેવી." સ્ત્રીજાતિના લક્ષણોને નિરખતો, હરખાતો હરખાતો પુરુષ કડલાં લઇને ચાલ્યો ગયો.

"માડી રે, માડી રે" કરતી સ્ત્રી એક બાજુ પડી હતી.

"કાં વીરૂ બેન! શું હતું વળી આજ?"

એક સીધી આઠ દશ ઓરડીઓની હાર હતી. તેમાં મજૂરી પર જીવન ટકાવનારા ગરીબોજ વસી શકતા. ગંદવાડ અને અંધકારથી ભરપૂર એવી એ ઓરડીઓની જમણી બાજુની પ્રથમની ઓરડીમાં—એ નર અને નારીનું આ—નાનું યુદ્ધ થઇ ગયું.

નારીને નમાવ્યાના અને કડલાંમાંથી કરોડ રળવાની આશાના ઘેનમાં પુરુષ કાર્નિવલના તંબુ તરફ ઉપડી ગયો.

બાજુની બીજી ઓરડીમાં રહેનારી રૂપાએ પુરુષને જતો જોયા પછીજ વીરાના ઘરમાં પગ મૂકીને ઉપરોક્ત શબ્દોવડે પૃચ્છા કરી.

"આવો ને રૂપાં બેન! પણ બીજું શું હોય? આ હમણાં રોયું કાર્નિવલ આવ્યું છે ને, તે ઈ રોજ હમણાં ઇયાં જવાનું શીખ્યા છે. હમણાં તો રોજ રાતે ઈ ઇયાં જાય છે, ને ઈ ઇયાં કાંક ઈનામુંની હોળિયું સળગાવે છે, ને બીજું ઇ કોણ જાણે, પણ કાંક રમતુંએ થાતીઉં હશે—તે ઇયાં રોજ થોડું થોડું નાખી આવે છે. મારા અંગ ઉપરતું બધું ઈ ઉપાડી ગીયા, ને છેવટમાં આ ભાંગી તૂટી બે કડલીયું રઇ'તી ઇ યે આજ લઇ ગયા." વીતકકથા ગૂંથાણી.

"માડી રે! કડલીએ લઈ ગીયા? અરે ભગવાન! ઇને ભાન નઈ પડતું હોય?"

"ઈ કડલીયું આપવાની ના પાડી એમાં તો એનો મિજાજ ગીયો, ને આપણે તો જાણે રૂપાં બેન કેમ ઢોર હઇએ! એ તો ઢોરની જેમ સોટીએ સોટીએ સાબેડીજ નાખી. પછી મારેય કેટલોક ખમાય! કીધું મૂવાં કડલાં! ને પછી કાઢી દીધાં. આજ આ છેલ્લામાં છેલ્લી ઘરની બે ચાર રૂપિયાની મત્યા હતી એને વેડરી નાખવા ઉપડી ગયા. રૂપાં બેન! શું કરાય? રોઇને બેસી રેવું પડે છે, નકર કાળજું તો ઘણુંય કપાય છે."

"ઇ રોયાં કારનિવલું આવાને માંડ માંડ રાતા લોઈના પાણી કરીને રળેલા પૈસાને ઢસરડી જાય છે. વીરાબેન! ઈ પાપીયાવને આપણાં જેવાની જરા ય દયા નહિ આવતી હોય?"

"ભગવાન જાણે, ઈ બધાંય નમેરીલાજ હોય. રૂપાંબેન! ઇના અંગમાં દયા કેવી? ઇ તો પૈસા ઉસરડીજ જાવાનું સમજે; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા જેવાનાં ઘર પાયમાલ થઇ જાય? અરે ઘરમાં ખાવાનું ખૂટી જાય, ને ભૂખ્યા જીવ કાઢવાની વેળા આવે એવું કરી મૂકે છે. હું તો રૂપાંબેન કઉં છું કે ઇ પાપીયાનું—"

"ના, ના. વીરાબેન, એવું કોઇનુંય ભૂંડું વાંચ્છીએ નઇ. હશે એના કરતક એને આડા આવશે. તમતારે પરમાત્મા પાસે એવું માગો કે ભવાનભાઇને સારી બુદ્ધિ સૂઝાડી દે, ને સમી મત દે."—રૂપાંના કુમળા અને દયાઅંકિત હૃદયે—વીરાના મુખમાંથી નીકળતી અનુચિત વાણીને અટકાવી.

રૂપાં તેના ઘરમાં ચાલી ગઈ. વીરા વાગેલી સોટીઓના સોળ ચંચવાળતી ચંચવાળતી અંતરથી નિઃશ્વાસના જોર ઢોળ્યે જતી હતી.

(૨)

રાતનો અંત આવી ગયો.

તળાવના શીતળતાપ્રસારક કાંઠા પર એક માનવી સૂતો હતો. સૂર્યનાં સોનેરી કિરણોએ આવીને એ માનવીની ઉંઘ ઉડાડી. 'હા-શ' કરતો એ માનવી ઉઠયો.

એનો પ્રત્યેક ગાલ શિથિલતાની ગંદકીથી જકડાઇ ગયો હતો. તે ઉભો થયો. બે-ચાર વખત આળસ મરડી.

"હે પરભુ! હવે મારે શું કરવું?" તે બબડયો, પાછો બેઠો.

ગુપચુપ તે કેટલીએ વાર સુધી બેસી રહ્યો. સવારની હવાના લેનારાઓ પણ તળાવની પાળ પાર આવી પહોંચ્યા.

સંપત્તિસ્વામીઓના સુત જેવા જણાતા એ હવાવહોરકો ઘડીભર વિશ્રાંતિ લેવા ત્યાં બેઠા.

એ માનવી એકલો ત્યાં બેઠો હતો.

ઉદાસીનતા જાણે તેને વધારે ને વધારે પ્રમાણમાં ઘેરી રહી હતી.

વદન પર ચિંતા, વેદના ને તેના શાગીર્દોનું મંડળ બેસી ગએલું જણાઇ આવતું હતું.

ઘડીભર પાછો એ માનવી સૂતો. વેદનાની વરાળ રસ્તો માગતી હતી; પણ રાહરૂંધન થતાં વરાળ ભરેલું વાસણ જ્યમ અથડાવા લાગે, તેમ એ માનવી વેદનાની વરાળના બળથી અથડાતો હતો.

બેસતાં તેને વધારે અકળામણ લાગી અને તે સૂતો.

"આએ મૂર્ખ દેખાય છે! અત્યારે ભાઇ ઉંઘવા ઇચ્છતા જણાય છે!" હવાવહોરકોમાંના કોઇએ ટીકા કરી.

"અરે લાગે છે કોઇ પાગલ સરખો"—ટીકાને અભિપ્રાયનો સંગાથ મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દુનિયામાં કેટલાએ બિચારા પાગલ હશે." દયાળુ હૃદયે સહાનુભૂતિને પણ એ ટીકા અને અભિપ્રાયના મંડળમાં મેળવી.

"પાગલો શા માટે પાગલ થાય?" નિષ્ફિકરભાવ સમા યુવકનું એ ઉપહાસભર્યું વાક્ય પણ ઉક્ત મંડળમાં ઉમેરાયું.

એ માનવીની કર્ણેન્દ્રિયે એ ટીકા—અભિપ્રાયવશ બનેલા વાક્ય-મંડળને પ્રવેશિત થવા દીધું નહિ.

કર્ણેન્દ્રિયના ચાલકજ ત્યાં તેની જગ્યા પર હાજર ન હતા.

તે માનવીની સઘળી શક્તિ એકજ સ્થાને કેન્દ્રિત થએલી.

"હે ભગવાન! હવે?"—ક્યારેક અસ્પષ્ટ ઉદ્‌ગાર વડે વેદનાની વરાળ સહજ પ્રમાણમાં વિશ્વના વાતાવરણમાં ભળવાને ભાગી છૂટતી.

ક્ષણો સુધી એમજ ચાલ્યા કર્યું.

હવાવહેરકોના સમૂહે પણ ચલતી પકડી.

એ માનવી ઉઠ્યો. 'બસ, ઈ જ છ જ, બીજું નઈ નઇ' કરતો કરતો તે ભાગ્યો. વરાળના બળથી તે ફેંકાયે જતો હતો, ક્યાં ફેંકાતો હતો તેનું તેને ભાન ન હતું.

"દુનિયામાં કોઇ દિ' ઈ ફંદમાં પડશો—પડશો માં." ગગનભેદી નાદ છોડી એણે વરાળને નાસી છૂટવાની જગ્યા કરી આપી.

"અને મારે હવે રઇને કરવું શું?" કહીને એ થંભ્યો.

હવાવહેરકો એ ગગનભેદી નાદ સાંભળી ઉભા, આજુબાજુ દૃષ્ટિ દોડાવી.

"ઓલ્યો પાગલ પોકાર કરે છે." તેઓમાંના એકે અનુમા-નથી કહી દીધું.

"પણ તેના પોકારમાં કંઇક ગુહ્ય જણાય છે: ફંદમાં પડશો નઈ એ શું" બીજાએ સંશયદર્શન કરાવ્યું.

તેઓએ નજર દોડાવી. તળાવની પાળેથી નીચે ઉતરીને ઉભેલ એ માનવી હોઠ હલાવતો હોય તેમ જણાયું.

"એ...કોઇ એના ફંદમાં પડશો મા!"—એ થડકારે સ્વરમાં વધારે વેગ ભળ્યો, ને હવાવહેરકો એ જોઈ રહ્યા.

મુઠ્ઠીઓ વાળીને એ દોડવા લાગ્યો; તળાવની પાળ ચડી ગયો.

"—એ જાઉં છું; જાઉં છું—" નાનકડા ધ્વનિનાં મોજાં એ હવાવહેરકોના કાનને અડયાં.

"આ ક્યાં દોડયો? ક્યાંક તળાવમાં પડે નહિ—" અનુકંપા-ધારીએ તર્ક કર્યો.

"હા, એ પાળ ઉપર ચડી ગયો લાગે છે! એમજ—" બીજા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની વાણી એ તર્ક મજબૂત બનાવે છે.

"ચાલે છે, ચાલે છે. કદાચ એ પડે નહિ?" કરતા બધા દોડયા.

-ત્વરિત ગતિએ તેઓ તળાવની પાળ પર ચડી ગયા.

એ માનવ ગોઠણપૂર પાણીમાં ઉભો હતો-બે હાથ જોડીને કોઇની સ્તુતિ કરવામાં લીન થએલો જણાતો હતો.

-ક્ષણ પસાર થઇ, અને એ જળાશયમાં આગળ વધ્યો.

"નક્કી એજ-'સુસાઇડ'" હવાવહોરકમાંના એકે કહ્યું.

ને પણ પલકમાં તો જીતુભાઈ જળાલયમાં કૂદી પડયો.

બીજાઓનાં નયન એ પ્રતિજ થંભાઈ ગયાં.

બે-ચારજ ક્ષણોનો કાળ પસાર, અને જીતુભાઇ એ માનવીને પકડી શકયા. સખત રીતે જકડીને એ પાછા ફરી ગયા.

"વાહ! વાહ" તેના સંગાથીએ એ જીતુભાઇના સાહસને વધાવ્યું.

એ માનવી માત્ર ગળા સુધીજ ભીંજાયેલો, જીતુભાઇની સમય-સૂચકતાએ તેને આગળ ઉંડાણમાં ઉતરતા પહેલાં પકડી લીધો.

એ માનવી કાંઠા પર આવ્યો.

તેની કાયા કંપતી હતી. બોલવા માટે એને શબ્દ જડતો ન હતો. જાણે તેનું ભાષાનું ક્રીડા કાર્યાલય ચોરાઇ ગયું.

તળાવ પરની ઠંડી હવા અને જીતુભાઇની મંડળીના સર્વની સાંત્વનવાણીએ-તે સ્વસ્થ બની શકયો.

"ભાઇ! તું શા માટે મરતો હતો?" જીતુભાઇએ પૃચ્છા આદરી.

"હું-હું શા સારૂં કહું! હું મારા પાપની સજા ભોગવવાને સા'બ." તેની વાણીમાં એ કંપની ઝાંય પડી.

"શું પાપ?"

"પાપ, અરે સા'બ પાપ! એ, જુઓ...પાપ જાણે કહું. આ-આ"

"એમ ઉતાવળ ના કર, તારૂં દુઃખ અમારાથી બનશે તેટલા પ્રમાણમાં ઓછું કરીશું. તું ગભરામણ છોડ" જીતુભાઇએ તેની ગભરામણ ઓછી કરવાના ઉદ્દેશથી લાલચને ઉપયોગમાં લીધી.

એ માનવી એ લાલચથી જરા વધારે સ્વસ્થ થયો.

"જુઓ, આ હાલી નીકળેલા કારર્નિવલ સે ને, એણે મને ખુવાર મેળી દીધો. ઘરમાં હતું એટલું બધુંય ખલાસ કર્યું. બાઈ-ડીના ઘરેણાંય ખવાઇ ગીયાં. ઘરમાં એક દિ'નું ખાવાતુંય રીયું નઈ. ને સા'બ! છેલ્લા અઠવાડિયાથી તો કામે મળતું નથી. બે ત્રણ દિ' તો જેમ તેમ કરીને કાઢયા, પણ પછી શું થાય? આ મારી બાઇડી ઉછીનું લાવીને ય બે ત્રણુ દિ' ખવાડી શકી; પણ સાબ! કાલના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિ'નો મારા ઘરનો દેખાવ મારાથી જોવાણો નઈ. ક્યાંકથી કામ ગોતી કાઢું એમ ધારીને ઘર બહાર નીકળી ગયો; પણ ક્યાંય કામે મળ્યું નઇ. પછી તો ઘરે ગીયો જ નઇ, ને રાતના આ તળાવની પાળે ઝાડવા હેઠે સૂઈ રીયો. સવાર પડી ને ઉઠ્યો; પણ ધીરે-મારા સા'બ! ધીરે શું જાઉં? ઇયાં યે કોણ જાણે શું હશે? ને પછી તો કેટલી યે ઘડી અકળાણો અને શેવટ, આ મરવાનું મીઠું લાગ્યું, તીયાં તો તમે કાઢી લીધો. શું કરવા કાઢ્યો? હેં, શું કરવા?"–

એ માનવીના મુખમાંથી છેલ્લો શબ્દ ખૂબ ભાવતળે દબાઇને બહાર પડયો.

તે વીરાનો પતિ ભવાન હતો.

(તા. ૮-૮-૧૯૩૪ ના "રોશની"માંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦–માધવને ભાન આવ્યું.

(લેખકઃ-શ્રી. ચક્રવર્તી રાજગોપાલાચારી)

(રાજાજીએ થોડાંક વરસ પર મદ્યનિષેધના પ્રચારને સારૂ તામિલમાં લખેલી કેટલીક નાનકડી વાર્તાઓ અને લેખોનો હિંદી અનુવાદ '**विमोचन**' નામના પુસ્તકના રૂપમાં દક્ષિણભારત હિંદી પ્રચાર સભાએ પ્રસિદ્ધ કર્યો છે. એમાંની કેટલીક વાર્તાઓ 'હરિજનબંધુ'માં આપવાનો વિચાર છે. નીચેની વાર્તા એમાંની એક છે.

તંત્રી "હરિજનબંધુ")

રામુ અને એના કાકાના દીકરા માધુના ઘરની વચ્ચે આડી એક ભીંતજ હતી. રોજ સાંજે દીવા થતા પહેલાં માધુને બારણે એના ભાઇબંધો સોમનાથ અને વિઠ્ઠલ હાજર થઇ જતા.

સોમુ—માધુભાઈ!

માધુ—કેમ, આવી પહોંચ્યા ?

વિઠ્ઠલ—હા, ચાલ જઇએ.

માધુ—જરા બેસોને, એકાદ વાર વણી લઉં.

સોમુ—"તું તો રોજ એમજ કહે છે. વણવાનું તો આપણા નસીબમાં લખાયુંજ છે તો! ચાલ હવે, જઇએ."

માધુ વણાટ બંધ કરીને બહાર જતો ને પછી ત્રણે દોસ્તોની ટોળી સહેલ કરવા નીકળતી.

એમની વાતો રોજ રામુ પોતાની સાળ પર બેઠો બેઠો સાંભળ્યાં કરતો. પેલાઓ શેરી બહાર નીકળી જાય એટલે એ એની દીકરી વલ્લીને બોલાવીને કહેતોઃ "વલ્લી! તારી ડબ્બી લાવ."

વલ્લી લગાતાર રેંટિયો ચલાવ્યાં કરતી, બાપનો સાદ સાંભળી તે તરત જઇને ડબ્બી લઇ આવતી ને રામુની સામે મૂકી દેતી. ડબ્બી પીળા કપડામાં વીંટેલી હતી. રામુ એને ધીરેથી ઉઘાડીને એમાં ચાર આના નાખતો ને કહેતોઃ "માધુ આજે પણ ચાર આના તાડીવાળાને આપી દેશે." ફરી ડબ્બી બંધ કરી વલ્લીને આપતો ને કહેતોઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" આ લઇ જા ને મૂકી દે."

બીજે દહાડે પણ એજ પ્રમાણે બનતું. " ભાઇ ચાલો જઇએ " કહીને સોમુ આંગણે આવીને ઉભો રહેતો ને માધુને બોલાવતો.

માધુ કામ બંધ કરીને ભાઇબંધોની સાથે ચાલવા માંડતો. રામુ એની દીકરીને બોલાવતો. વલ્લી ડબ્બી આણીને એની સામે મૂકી દેતી. રોજની પેઠે રામુ એમાં ચાર આના નાખતો અને વલ્લી પાછી ડબ્બી ઉપાડીને મૂકી દેતી. બીજી બાજુ માધુ એની ટેવ પ્રમાણે તાડીની દુકાને જઇને ચાર આનાના પૈસા આપતો ને તાડી લઈ આંખ મીંચીને પી જતો.

આમ દિવસો પર દિવસો જતા હતા. રામુની ડબ્બી પૈસાથી ભરાઇ જતી હતી. માધુની કમાઈ રોજના ચાર આના લેખે તાડીની દુકાને પહોંચી જતી. ચાર આનાથી વધારેની તાડી પી નથી શકાતી એનો માધવને ઉલટો અફસોસ થતો. આ તરફ વલ્લી ડબ્બી પૈસાથી ભરાતી જોઇને બહુ રાજી થતી.

માધુની મનગમતી ચીજ તાડી એના પેટમાં પડીને પોતાનું કામ કરવા લાગી. સવારે ઉઠતાં માધુના માથામાં ચસકા મારતા, આંખો લાલ થઇ જતી, તે હમેશાં દારૂડિયાની પેઠે બકયાં કરતો. ઘર-માં મા અને બૈરી જોડે હમેશાં કજિયા કરતો. બજારમાંથી જરૂરની ચીજો લાવવાના પણ હમેશાં સાંસા પડતા.

એમ કરતાં બાર મહિના વીતી ગયા. એક દિવસ સવારે માધુની ઘરડી મા ઘરનું આંગણું વાળીને ઓટલે સાવરણી ફેરવતી હતી. એટલામાં રામુ કયાંકથી એક સુંદર ગાય લઇને આવ્યો. ગાયનું નાનું વાછરડું માની આસપાસ ચોમેર કૂદતું હતું.

બારણેથી રામુએ બૈરીને હાક મારી. રામુની કાકીએ પૂછ્યું: " ગાય કોની છે ? "

રામુએ કહ્યું: " કાલે ગોવિંદપુરના બજારમાં ગયો હતો ત્યાંથી વેચાતી લાવ્યો છું."

ડોશી બોલી: " એમ કે ? તારૂં ભાગ્ય તો બહુ મોટું છે! તને શી વાતની તાણ છે ? હાલ તો અમારા થાય છે."

રામુએ ડોશીને પૂછ્યું: " એમ કેમ બોલો છો મા ? " સ્ત્રી બહાર આવેલી તેના હાથમાં ગાયની રાશ આપી દીધી.

ડોશી કહેવા લાગી: " તું પણ શાળ પર કામ કરીને કમાય છે, માધુને પણ એટલીજ મજૂરી મળે છે; પણ એના બધા પૈસા કોણ જાણે કયાં અલોપ થઈ જાય છે! અમારા ઘરમાં તો ખાવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાયે સાંસા પડે છે. ગાય કેટલામાં લઇ આવ્યો, ભાઈ! ગાય તો બહુ સારી છે."

"૭૦ રૂપિયામાં, મા!"

"એમ કે? સારૂં કર્યું. એથી ઓછામાં હવે સારી ગાય નહિ મળતી હોય?"

રામુ—આ વલ્લીની ડબ્બીના પૈસા છે. એમાં હજુ બીજા ૨૦ રૂપિયા છે, તેમાંથી મંગળવારની ગુજરીમાં જઇને ગાયને માટે ઘાસ ને નીરણ લઈ આવવાનો વિચાર કરૂં છું.

ડોશી—વલ્લીની ડબ્બીમાં એટલા બધા રૂપિયા ક્યાંથી આવ્યા?

રામુ—માધુ જેટલા પૈસા રોજ તાડી પીવામાં ફેંકી દેતો હતો એટલા હું રોજ વલ્લીની ડબ્બીમાં નાખતો. એજ પૈસાથી આ ગાય ખરીદી શક્યો છું.

આ વાત આટલેથી પૂરી નથી થતી. ૬ મહિના બીજા ગયા. ડોશીએ માધુને ઘણું ઘણું સમજાવ્યો, પણ એણે તાડીની લત નજ છોડી. એ એમજ કહેતો: "પૈસા હું કમાઉં છું તે મારી મરજીમાં આવે તેમ વાપરૂં. બીજું કોઈ મને કહેનાર કોણ કે ફલાણું કામ ન કરીશ?" ડોશી વારતી ત્યારે કોઇ વાર માધુ એને મારતો પણ ખરો.

એક વાર ગામમાં એક જાતના તાવનો વાવર ચાલ્યો. રામુને પણ તાવ આવ્યો. એણે સૂંઠમરીનો કાઢો પીધો ને દસ દિવસમાં હરતો-ફરતો થઈ ગયો. પાછું સાળ પર કામ પણ શરૂ કરી દીધું. માધુને પણ એજ વખતે તાવ આવ્યો હતો. દશ-બાર દિવસ થયા, પણ તાવ ખસતો નહોતો. માધુની મા રામુની સ્ત્રી કનકલતાને આવીને કહેતી: "રામુ તો દશ દહાડામાં સાજો થઇ ગયો. તો વહુ! માધુને તાવ હજુ કેમ નહિ ઉતરતો હોય?"

વહુ બોલી: "જેવી ભગવાનની મરજી."

ડોશી—"કોણ જાણે ભગવાન ક્યારે અમારી સામું જોશે?"

રામુએ કહ્યું: "ખરી વાત તો બીજી છે."

કનકલતા: "બીજું કશું નથી, નસીબની વાત છે."

રામુ—"તને ખબર નથી. કાલે જે સોયથી દવા ભરનારા (ઇંજેક્ષન આપનારા) મોટા દાકતર આવેલા તે કહેતા હતા કે, દારૂ પીનારા લોકો ઉપર દવા જલદી અસર નથી કરતી ને તાડી શરીરના બધા લોહીને બગાડી નાખે છે."

કનકલતા—"બધી ખોટી વાત; સૌથી મોટું તો નસીબ છે."

જેમ તેમ કરતાં એક મહિનો નીકળી ગયો, માધુ જરા સાજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચયો; પણ એનાથી કામ થતું નહોતું.

એક દહાડો સવારે રામુ ચબૂતરે બેઠો દાતણ કરતો હતો. માધુ પણ ધીરે ધીરે આવીને એની પાસે બેઠો, ને કહેવા લાગ્યો: "ભાઇ! હું તાડી છોડી દેવાનો વિચાર કરી રહ્યો છું."

રામુ: "એથી વધારે ફાયદો તને દુનિયામાં બીજી કોઇ ચીજથી નહિ થાય."

માધુ—"હમણાંજ મંદિરમાં જઇને ભગવાનની આગળ સોગન ખાઉં છું. હું પણ તારી પેઠે ડબ્બીમાં પૈસા નાખીશ. ગાય તુંજ શું કામ રાખે? શું અમારા ઘરમાં દૂધમાખણ નહિ પચે?"

રામુ—"જરૂર એમ કર ભાઈ! આજે પૂનમ છે. હું પણ મંદિરે આવું છું. ભગવાનને પગે લાગીને હું પણ નારિયેળ ને પતાસાં ચડાવીશ; ચાલ." (હિંદી પરથી)

(તા. ૨૭–૧૦–૧૯૩૫ના "હરિજનબંધુ" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧–માતાની ગોદ

(રવિબાબુની એક વાર્તાપરથી અનુ:–શ્રી. મગનલાલ શ્યામજી ત્રિવેદી)

(૧)

દૂર દૂર અરણ્યમાં વહેતી નદીને પશ્ચિમકિનારે સૂર્ય અસ્ત થઇ રહ્યો હતો. ઋષિબાળકો નિજ નિજ ગાયોને આશ્રમમાં લઇને આવ્યા હતા અને વેદીની ચોપાસ ગુરુ ગૌતમ પાસે પાઠ ભણવા બેસી ગયા હતા. તે વખતે એક અપરિચિત બાળક ત્યાં આવ્યો; મુનિને ચરણે તેણે થોડાં ફળફૂલ ધર્યાં અને પ્રણામ કરી મીઠા અવાજે બોલ્યો: "ભગવન્! મને સત્યના ઉંચા માર્ગ પર લઇ જાઓ; એ કામનાથી હું આપની પાસે આવ્યો છું. મારૂં નામ સત્યકામ છે."

ગુરુએ આશીર્વાદ દીધો અને પૂછ્યું: "વત્સ! તું જ્ઞાતે કેવો છે? ઉચ્ચ જ્ઞાનની પ્રાપ્તિનો અધિકાર કેવળ બ્રાહ્મણોનેજ છે."

બાળક બોલ્યો: "ભગવન્! મારી જાતની મને ખબર નથી; પરન્તુ હમણાંજ હું મારી માને પૂછી આવીશ."

(૨)

નિદ્રાને ખોળે લપ્પાઇ રહેલા એ ગામની લગોલગ એક તળાવ હતું અને એ તળાવને કિનારે એની માતાની ઝૂંપડી હતી. સત્યકામ આશ્રમમાંથી રવાના થઇ પેલી છીછરી નદી ઓળંગી માતાની ઝૂંપડીએ પહોંચ્યો. અંદર એક દીપક ટગમગી રહ્યો હતો અને બહાર ઉભી ઉભી માતા નિજ બાળકની રાહ જોઇ રહી હતી. તેણે પુત્રને છાતી સરસો ચાંપ્યો અને તેના બાળને ચુમ્બન કરવા લાગી. તેણે પૂછ્યું: "બેટા! ગુરુએ શું કહ્યું?"

બાળકે સામો પ્રશ્ન કર્યો: "મા! મારા બાપનું નામ શું છે? ગૌતમ મુનિએ કહ્યું કે ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવાનો કેવળ બ્રાહ્મણોનેજ અધિકાર છે."

માતાની આંખો નીચી ઢળી. તે ધીમે સ્વરે બોલી: "બેટા! યુવાવસ્થામાં હું બહુજ દરિદ્ર હતી એટલે મારે ઘણાએ સ્વામીની સેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવી પડી હતી, તારી માતા જયબાલા છે, જેની ગોદમાં તું ઉછર્યો છે; પરન્તુ તેને કોઇ પતિ નથી."

(૩)

બાલ અરુણનાં કિરણો તપોવનનાં વૃક્ષોને લાલિમાથી રંજિત કરી રહ્યાં હતાં. પ્રાતઃસ્નાનથી જળનીતરતા વાળે વિદ્યાર્થીઓ એજ પ્રાચીન વૃક્ષ નીચે ગુરુ ગૌતમ પાસે બેઠા હતા. સત્યકામ ત્યાં આવ્યો અને ગુરુચરણે શિર નમાવી ચૂપચાપ ઉભો રહ્યો.

મહર્ષિએ પૂછ્યુંઃ " કહે, જ્ઞાતે કેવો છે ?"

બાળકે જવાબ દીધોઃ " ભગવન્ ! મને ખબર નથી. મારી માતાને મેં પૂછ્યું તો તેણે કહ્યુંઃ 'યુવાવસ્થામાં હું દરિદ્ર હતી એટલે મારે કેટલાયે સ્વામીની સેવા કરવી પડી હતી. તારી માતા જયબાલાની ગોદમાં તું ઉછર્યો છે, પરન્તુ તેને કોઇ પતિ નથી."

છંછેડેલા મધપુડાની મધમાખીઓની જેમ વિદ્યાર્થીઓ નિજ નિજમાં કાંઇક ગણગણવા લાગ્યા. વર્ણસંકરની ધૃષ્ટતા અને નિર્લજ્જતા પર તેઓ ધુંવાફુવાં થઇ રહ્યા હતા.

ગુરુ ગૌતમ આસન પરથી ઉભા થયા અને તેમણે પોતાના બંને હાથ ફેલાવ્યા, બાળકને પોતાની છાતી સરસો ચાંપ્યો અને કહ્યુંઃ " બેટા ! તું સઘળા બ્રાહ્મણોથી પણ શ્રેષ્ઠ છો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨–ઠાકોરજી

(હિંદી પરથી લેખકઃ–શ્રી. કસનજી મ. દેસાઇ)

" ભગવન્! અ હ હ હ .."

" હં, આ શું ?"

" કાંઈ નહિ."

" હસો છો શા માટે ?"

" હં...વિચાર કરૂં છું કે તમારો ઇશ્વિર કેવો હશે ?"

" શું તે તમારો નથી ?"

" ના, ભાઈ! હું એવા મોંઘા ઇશ્વિરને લઈ શું કરીશ ? જ્યારે જુઓ ત્યારે એને ભોગ જોઇએ, વાતવાતમાં દક્ષિણા, દરેક કાર્યમાં માનતા, મંદિર પાસે અને પગલે પગલે વંદના, હું તો એવા ઇશ્વિરને માની ભિખારી થઇ જઇશ."

" નરાધમ !"

" જે સમજો તે."

" નાસ્તિક !"

" નાસ્તિક તો નાસ્તિક, પરંતુ ઇશ્વિરની આટલી ગુલામી ન થાય. જેને ચિંતા ન હશે, વ્યાજના ચકાચક રૂપિયા આવતા હશે, ગણોતની પૂરતી આમદાની હશે, મફતના રૂપિયા મળતા હશે, એને માટે ભાઇ! આ ઇશ્વિર છે. ખૂબ ભોગ લગાવો, પૂજા કરો, ઇશ્વિરને બહાને મજા લૂંટો, ઘર ભરો, ટટ્ટીની ઓટમાં શિકાર ખેલો. મૃત્યુ પછી શું થશે તે કોણ જાણે છે ? વળી તે પૂછવા પણ કોણ જાય છે ?"

" પાપી !"

" પાપી હોવું એ પણ ખરાબ નથી. બધાજ પુણ્યાત્મા થઈ જાય, તો ઇશ્વિર તારશે કોને ? અને બાવાજી ! તમારી ચાંદી પણ કેમ પાકશે ?"

" દુરાત્મા ! ભગવાનના મંદિરમાં આવી વાત !"

" ઓહ ! તમારો ઇશ્વિર સાંભળે પણ છે ? ત્યારે તો એને ઘણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કષ્ટ થતું હશે ! કાનના પડદા દુનિયાના તલપતા પ્રાણીઓની આહો-થી ફાટી ગયા હશે. હું તો સમજતો હતો કે તે બહેરો છે."

"હવે ચાલ્યો જા, નહિ તો—"

"વારુ, તમે મારશો સુદ્ધાં ? ત્યારે તો તમારો ઈશ્વર બહુ મોજી લાગે છે: એ માણસોને લડાવી ખુદ બેઠો બેઠો તમાશો જુએ છે!"

"પાપી ! નીકળ—નીકળ—નીકળ ! !"

કહેતાં કહેતાં ઘરડા બાવાજીની પાતળી લાકડી વ્યક્તિના શરીર પર પડવા માંડી; પણ તે તો ક્રોધિત ન થતાં હસતોજ રહ્યો. વૃદ્ધનો ક્રોધાગ્નિ સળગી ઉઠયો. લાકડી તો અટકી ગઇ, કિન્તુ શરીર થરથર કંપવા લાગ્યું. તે બરાડયો—

"રાક્ષસ ! પિશાચ ! ચંડાળ !"

આ સમયે બહારનો પ્રહરી બોલ્યો—

"બાવાજી ! શેઠજી ચઢાવો (ભેટ) લઇને આવ્યા છે."

ચઢાવાનું-ભેટનું નામ સાંભળાંજ બાવાજીનું મુખ માખણ જેવું મુલાયમ થઇ ગયું. નેત્ર ખીલી ઉઠયાં. લાકડી મૂકી બારણાં તરફ દોડયા. વ્યક્તિ ગુપચૂપ થાંભલાની ઓથમાં ઉભી રહી. આ સમયે શેઠજી મુખ્ય તથા ઠાકોરજી ગૌણ થઈ ગયા હતા. શેઠજીએ બેસીને ચઢાવાનો થાળ ખોલ્યો. મિઠાઇઓ જોતાંજ બાવાજીના મુખમાં પાણી આવી ગયું. શેઠજીનાં ગુણગાનમાં જીહ્વા નાચી રહી. શેઠજી ફૂલીને ફાળકા બની ગયા. તેમણે હસીને કહ્યું:

"બાવાજી ! આ તો મામુલી મુકદ્દમાનો ચઢાવો છે. આવતી સાલમાં જો ચામડાં ને ચરબીના વ્યાપારમાં એક લાખનો લાભ થયો, તો એક હજાર રૂપિયા અવશ્ય ચઢાવીશ."

"હા, સરકાર ! જરૂર લાભ થશે. એ કોણ છે ?"

"મારી છોકરી છે. લગ્ન થયે આઠ વરસ થઇ ગયાં, પણ હજી સુધી બાળકનું મુખ જોયું નથી."

"શેઠ ! હું પ્રબંધ કરી દઇશ; બધું ઠીક થઈ જશે."

"તો હું તમને ખુશ કરી દઇશ."

"ગરીબપરવર ! અમે તમારાજ આશ્રિત છીએ ને ?"

ચઢાવામાં બીજા બધા પદાર્થ તો બાવાજીની ગૃહસ્થાઇની શોભા વધારવા માટે હતા. કેવળ જીક ચળકના જૂઠા ગોટાનાં ગુંથેલાં ફૂડતાં અને બે રૂપિયાનું ચાંદીનું જંતર ઠાકોરજીને માટે હતું. બાવાજીએ જેવું ઠાકોરજીના ગળામાં જંતર પહેરાવ્યું, તેજ વખતે થાંભલાની ઓથમાંથી પેલી ઉભેલી વ્યક્તિ ખડખડાટ હસી પડી. બધાની દૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના તરફ વળી. શેઠજીએ મોં મરડીને કહ્યું—

"એ કોણ છે ?"

"પાગલ છે, ધર્માવતાર !"

"હા, શેઠજી! ચામડાં અને ચરબીમાં કમી કરશો નહિ. પછી ભગવાનને કંઇક ચઢાવશો એટલે પ્રાયશ્ચિત્ત તો થઇ જશે. કેમ બાવાજી ! શું તમારા ભગવાન પણ લાંચીઆ છે ? શું અહીં પણ અદાલત અને પોલિસના તંબુ છે ?"

"બાવાજી ! આવા માણસો જો અહીં હશે, તો હું અહીં આવી શકીશ નહિ."

"નહિ, સરકાર ! એને અમે હમણાં ઠીક કરીએ છીએ."

હવે શું હતું ? પૂજારી અને નોકર પેલી વ્યક્તિ પર તૂટી પડયા. તેને મંદિર બહાર કાઢી મૂકવામાં આવી. સીડી પર લથડતી તે વ્યક્તિ દાદર પર એક સ્ત્રી સાથે અથડાઇ. સ્ત્રી ચમકી. વ્યક્તિએ ધૂળ ઝાપટી હસીને પૂછ્યું:—

"અહીં શું કરે છે ?"

સ્ત્રી કાંઇ જવાબ આપી શકી નહિ.

"દક્ષિણાને માટે પૈસા નથી ?"

"છે."

"તો પછી ?"

"શેઠજી છે."

"તેથી શું ?"

સ્ત્રીનાં નેત્રો ભરાઈ આવ્યાં. તેણે પોતાના ફાટેલા અંચળમાં મોં છુપાવી દીધું. તેણે રડવા માંડયું. વ્યક્તિએ સાંત્વન દેતાં કહ્યું–

"શું છે ?"

"હું મુકરદમો હારી ગઈ છું; શેઠજી જીત્યા છે. કાલે હું ધનવાન હતી, આજે ભિખારણ છું. હમણાં હું અને મારા ચાર છોકરા છીએ. કોર્ટમાં જવા માટે રૂપિયા ન હતા. એક સામાન્ય વકીલ કર્યો હતો; પણ મોટા મોટા વકીલોની આગળ તેનું શું ચાલે ? બાવાજીએ પણ કહ્યું હતું કે માનતા માનો, પરંતુ મારી પાસે એટલું ધન ક્યાં છે ? કરજમાં જમીન પણ લીલામ થઇ ગઇ."

"કેટલા રૂપિયા કરજે લીધા હતા ?"

મારા પતિદેવે ચાર હજાર રૂપિયા ત્રણ છોકરીઓનાં લગ્ન માટે લીધા હતા. થોડા લગ્નમાં ને થોડા શ્રાદ્ધ વગેરેમાં ખર્ચાયા. વરસાદના અભાવે ઉપજ ન આવી. અનાજનો ભાવ પણ ચઢી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો. પ્લેગમાં પતિદેવ પણ ચાલ્યા ગયા. હું કરજ ક્યાંથી ચુકાવું? દર માસે સેંકડે બે ટકા લેખે કુલ બારહજાર રૂપિયા થઇ ગયા. મેં બહુ પ્રયત્ન કર્યા, કે શેઠજી પોતાના મુદ્દલ રૂપિયા ને ઉચિત વ્યાજ લે, પરંતુ ગરીબનું કોણ સાંભળે?"

આ વખતે શેઠજી હસતા હસતા ઉતર્યા. સ્ત્રીને જોતાંજ તેમણે પોતાનું મોં ફેરવી લીધું. બાવાજીએ તાનો મારતાં કહ્યું—

"કેમ રે, મેં કહ્યું હતું ને કે ઠાકોરજીની માનતા માની લે; પણ તેં ન માન્યું. હવે રડયે શું વળે? જા, ઘેર જા."

"રડતી નથી. એનાં આંસુ ઠાકોરજીનાં અને તેના પેશકાર-આપનાં ગુણગાન ગાઇ રહ્યાં છે."

"બાપ રે બાપ! તું તો હમેશાં લડવાનેજ તૈયાર દેખાય છે?"

મેં પણ મારા આત્મા પર-મારી બુદ્ધિ પર વિશ્વાસ ન રાખ્યો હોત તો લાંચ આપી મારૂં કામ કાઢવાને માટે કુસંસ્કારમાં ફસી જાત. બહેન! તું મારે ઘેર ચાલ. તું તેને તારૂંજ ઘર સમજ. ઈશ્વર જે કાંઇ આપશે, તે ખાઇ આપણે આનંદથી દિવસ ગાળીશું."

સ્ત્રી કિંકર્તવ્યમૂઢ થઇ ગઇ. સ્ત્રીનું દુઃખ જોઇ બાવાજીનું હર્ષિત મન પણ ઉદાસ થઇ ગયું. મંદિરમાં જઇ અંદરથી કમાડ બંધ કરી દીધાં. અંદર બાવાજીના સાથીદારો ચઢાવાની વહેંચણી માટે વરૂની પેઠે લડવા લાગ્યા. સ્ત્રીએ ઉદાસીનતાપૂર્વક પૂછ્યું—

"શું તમે ઈશ્વરને નથી માનતા?"

"હું કાંઇ નથી જાણતો. હાં, એટલું કહી શકું છું કે જ્યારે વિપત્તિની સંભાવના હોય છે-આપત્તિ આવે છે, ત્યારે અનાયાસ કદી તેનું ધ્યાન આવી જાય છે. હૃદય જ્યારે દુર્બળ થઇ જાય છે, દુઃખથી વ્યાકુળ થઈ ઉઠે છે, ત્યારે તેના અસ્તિત્વ પર વિશ્વાસ કરવાની પ્રેરણા થાય છે."

"ભગવાનથી ડરો; કયાંય દંડ ન દે."

"ડરે તેઓ, જેમણે એને પોતાનું સાધન બનાવ્યો છે. એની મારફતે પોતાની હિતકામના, બીજાના ત્યાગ અને ઉત્સર્ગના આધાર પર કરવા ચાહે છે."

"ભાઇ!"

"બહેન! ડરૂં કોનાથી? ભગવાનથી? ભય અને કાતરતાના કારણે એનાથી ડરી હું મારો આત્મા વેચી દઉં? મારા આત્મા પર વિશ્વાસ ન કરતાં, જેનું અસ્તિત્વ સંદેહાત્મક છે, તેના પર મને પોતાને, આ મહાસાગરની ભયાનક રૂપથી ગરજતી લહરોમાં ખેલતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્બળ તરુણીની પેઠે આધાર રહિત છોડી દઉં, જેનો ન અંત છે આદિ ?"

"ભાઇ ! ઇશ્વર છે."

"કેવી રીતે, બ્હેન ?"

"ભાઇ ! હિન્દુ નારી કારણ બતાવી શકતી નથી. તે અનુભવ કરે છે."

"સરળ અને ભોળી બ્હેન ! જો ઇશ્વર છે, તો શા માટે આપણે તેના પર પ્યાર ન કરીએ ? પોતાનો આત્મા તથા બીજાના આત્માને ધોકો દેવા કરતાં શા માટે એને માટે-એની દૃષ્ટિને માટે આ ચાલતાં ફરતાં દેવમંદિરોની સેવામાં પોતાના જીવનના શેષ દિવસ ન ગાળીએ ?"

"ભાઇ ! એને આપણે કુસંસ્કાર કહીએ છીએ."

વ્યક્તિએ સ્ત્રીના લૂખા-સૂકા ઉદાસ મલિન મુખ તરફ જોઈ કહ્યું :

"બ્હેન !"

"ભાઇ !"

(૨૯-૪-૧૯૩૪ના "નવી રોશની" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩–વૈરાગીની વીરતા

(લેખકઃ–શ્રી. પંકજ બી. એ.)

'અલ્લા હો અકબર'ના જયઘોષની સાથે પાણીપતવિજયિની અહમદશાહ અબ્દાલીની સેના આગળ વધતી હતી, બાજીરાવનો ભાગ્યસૂર્ય આ સેનાના પ્રતાપ આગળ આથમી ગયો. ભાઉ અને વિશ્વાસરાવ જેવા ઉદગીયરના દુર્જેય યોદ્ધાઓ વીરગતિને પામ્યા. યવનોની સેનાના ઘોડાઓ ભારતવર્ષની હરિયાળી ભૂમિને ખુંદવા માટે જોસભેર આગળ વધવા માંડયા હતા. કોઇ પણ વીર તેઓની આગળ છાતી ઠોકીને ઉભો રહે એવો ન હતો. ભરતપુરનો સૂરજમલ જાટ, ભાઉ સાથેના કલહને લીધે વિરકત થયો હતો. યવનોની વિકટવાહિની સેના યમુનાતીરે મથુરા–વૃંદાવનમાં ભરાયેલા એક મેળાને લૂંટવા માટે તથા નિર્દોષ હિંદુઓને કતલ કરવા માટે તથા ગાઝીની પદવી પામવા માટે આનંદપૂર્વક આગળ ધપી રહી હતી. ભગવાન શ્રીકૃષ્ણની લીલાભૂમિ યવનોના પગ નીચે ફરી કચડાશે એમ સાંભળી ધર્મભીરુ હિંદુઓનાં દિલ કંપી ઉઠયાં; પણ બધા હિંદુ રાજાઓ દૂર રહ્યા. સંગઠન હતું નહિ એટલે લાચાર થઇને બેસી રહ્યા.

*　　　*　　　*　　　*

મથુરામાં આવેલા ગોકુળનાથના મંદિરની પાસે થોડા વૈરાગીઓની મંડળી બેઠી હતી. ચલમ અને ગાંજો પણ ચાલતો હતો. એકાએક તેઓએ દૂરથી બીજા એક વૈરાગીને આવતો જોયો. તેનું કદાવર શરીર અને પ્રતિભાશાળી મુખાકૃતિ જોઇને કોઇને પણ સ્વાભાવિક માન ઉત્પન્ન થાય એમ હતું. 'જય ગોકુલનાથ' કહી સર્વેએ ઉઠીને તેને વંદન કર્યું. બેઠેલામાંથી એક વૈરાગીએ આગન્તુકને પૂછયુંઃ "કેમ બાબા ઉદયગીર ! શું સમાચાર છે ?"

"સમાચાર બહુ માઠા છે. યવનોની એક મોટી સેના ગોકુલ–વૃંદાવન લૂંટવા આવી રહી છે. આપણા ગોકુલનાથના મંદિર ઉપર છાપો મારશે." ઉદયગીરે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ગોકુલનાથ યવનોને બાળીને ભસ્મ કરશે. એ યવનના શા ભાર છે." એક વૈરાગી બોલ્યા.

ઉદયગીરે ખડખડાટ હસી પડયો અને બોલ્યો: "ભાઇ! આમ નિશ્ચેષ્ટ થવાથીજ આપણું સોમનાથ લૂંટાયું અને જો આમજ બેસી રહીશું તો આપણા ગોકુલનાથની પણ દુર્ગતિ થશે."

"તો આપણે શું કરી શકવાના છીએ? બહુ થશે તો મરી ફીટીશું. એ ત્રિલોકીનાથ જો પોતાની રક્ષા નહિ કરશે તો આપણે માનવીઓ શું કરી શકવાના છીએ? બીજા વૈરાગીએ ટકોર કરી."

ઉદયગીરીનું મુખ સહેજ તમતમ્યું અને બોલ્યો: "ભાઈ! ભગવાન તો સર્વે કામ બીજા મારફતેજ કરાવે છે. પોતે સર્વ કામ કરે છે, છતાં પણ નથી કરતો. નથી વાંચ્યું ગીતાજીમાં? અર્જુનને તેમણે કહ્યું છે કે—

मय्यैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ॥

એટલે એ દુષ્ટોને તો મેં મારીજ નાખ્યા છે, પણ તું તેનું નિમિત્ત બન. માટે ભાઇઓ! આ યવનોને ભગવાને સંહારેલાજ છે, પણ આપણેજ નિમિત્ત બનવાનું છે."

"પણ તેઓની સેના અપાર છે અને આપણે તો ફક્ત મુઠ્ઠીભર છીએ. કેવી રીતે ફાવશું?" એક વૈરાગીએ સંદેહાત્મક સવાલ કર્યો.

ઉદયગીરનો ક્રોધ વધુ પ્રમાણમાં તેજ થયો અને મુઠ્ઠીઓ વાળીને તે બોલ્યો: "અરે! આમ બાયલાની માફક શું વાતો કરો છો! જુઓ આ બાહુઓમાં એટલી શક્તિ છે કે હજારો યવનોને ધૂળમાં રગદોળી નાખું. શું એકલા અર્જુને કૌરવો સામે વિરાટનગરમાં યુદ્ધ નહોતું કર્યું? અરે! આત્મશ્રદ્ધા રાખો. તૈયાર થાઓઃ મારવા કે મરવા. શું આપણે એટલું પણ નહિ કરી શકીએ કે યવનોને ગોકુલનાથની દુર્ગતિ કરતાં અટકાવીએ?"

"પણ વખત થોડો છે અને આપણી પાસે શસ્ત્રો નથી તથા તેઓ સશસ્ત્ર છે અને બળસંખ્યામાં પણ અધિક છે." એક બીજો વૈરાગી બોલ્યો.

આ શબ્દોએ ઉદયગીરના ક્રોધમાં ઘી હોમ્યું અને તેનાથી સહન ન થયું. દાંત પીસીને તે બોલ્યો: "કાયરો! તમારે આવવું હોય તો આવજો, નહિ તો હું એકલોજ લડીશ, ભલે કપાઇ મરૂં; પણ જ્યાં-સુધી મારામાં શક્તિ છે ત્યાં સુધી યવનોને સંહારીશ. ચાલો કોણ આવે છે? વેશ્યાના પેટનો હોય તે બેસી રહેશે, સાધુ થયા ને જીવનનો આટલો બધો મોહ! ધિક્કાર છે તમારા જીવતરને! બોલો, આવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વું છે કે નહિ ?"

"ચાલો, હું આવવા તૈયાર છું. જય ગોકુલનાથ !" એક વૈરાગીએ કહ્યું.

"આવ ભાઇ ! એકથી બે ભલા." ઉદયગીરે કહ્યું અને બોલ્યો: "અરે વિચાર શું કરો છો ? શસ્ત્ર લ્યો. સંહાર કરો યવનદળનો. સાર્થક કરો નિજ જન્મનું. એક વાર જગત ભલે જુએ શાંત વૈરાગીઓનું પ્રચંડ તાંડવ, આપણે તો રણચંડીનું ખપ્પર ભરીને ખરી પૂજા કરવાની છે. બોલો હર હર મહાદેવ! જય ગોકુલનાથ !" સર્વેએ જયઘોષ કર્યો.

"સાંભળો" ઉદયગીર બોલ્યો "તમે જાઓ અને આખા ગામમાં તથા આજુબાજુ બધા વૈરાગીઓને ગોકુલનાથના મંદિર પર મળે તે હથિયાર લઇ આવવાને કહો. હું તમારૂં સંચાલન કરીશ. પછી જોજો કે યવનો અહીંથી પાછા જાય છે કે નહિ."

"જય બોલો ઉદયગીરી કી, જય ગોકુલનાથ" એમ બોલીને વૈરાગીઓ છૂટા પડયા.

× × × ×

યવનોની રાક્ષસી સેના ત્રીજા દિવસે તો પુણ્યભૂમિ મથુરામાં ઉતરી પડી. મંદિરો જમીનદોસ્ત થવા માંડયાં. પ્રતિમાઓ ખંડિત થવા માંડી. હિંદુઓ કતલ થવા માંડયા. યવનોની સેના સ્વચ્છંદપણે મનમાન્યો અત્યાચાર કરવા મંડી. ૮૦૦૦ યવન ઘોડેસ્વારો કાળરૂપ ધારણ કરીને મથુરામાં આમથી તેમ ફરવા માંડયાં. ગોકુળના મંદિરની ખ્યાતિ સાંભળી એ વિકટવાહિની સેના ગોકુળનાથના મંદિર તરફ વળી; પરંતુ જેમ નદીનો પ્રચંડ પ્રવાહ રસ્તામાં કોઇ એક મહાન ભેખડના તૂટી પડવાથી અટકી જાય છે અથવા ગમે તેવો તોફાની સમુદ્ર પણ કિનારે આવીને અટકી જાય છે, તેમ એ વિકટવાહિની સેનાનો પ્રવાહ ત્યાં આવીને અટકી ગયો.

ગોકુળનાથના મંદિરમાં જવાની ગલીને મોખરે ૧૦૦૦૦ વૈરાગીઓ રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને વિચિત્ર વિચિત્ર હથિયારો હાથમાં લઇને ઉભા હતા. સર્વને મોખરે વૈરાગી ઉદયગીર ક્રોધથી લાલચોળ આંખો કરીને ઉભો હતો. ત્રિપુરદહનના સમયની ભગવાન શંકરની વિકરાળ મૂર્તિના જેવું સ્વરૂપ જોઇને યવનો પણ સ્થંભિત થઈ ગયા. મથુરામાં ઘેરે ઘેરથી વીણીને તેણે હથિયારો ભેગાં કર્યાં હતાં. વૈરાગીઓમાં અપૂર્વ ઉત્સાહ ઉત્પન્ન કર્યો હતો. થોડાક નાગરિકો પણ એનો અગમ્ય ઉત્સાહ જોઇને ગોકુળનાથના રક્ષણમાટે મરણીઆ થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. યવનોને આવતા જોઇને ઉદયગીરના હુકમથી એકસામટો ગોળી-બાર થયો. મદોન્મત્ત યવનોની પહેલી ટુકડી જમીનદોસ્ત થઇ.

યવનો ચમક્યા. મથુરામાં આવ્યા પછી આ પહેલોજ પ્રત્યાઘાત હતો. જરા થંભીને વિચાર કરતા હતા ત્યાં બીજી ટુકડી પડી. 'અરે યાર, ભાગો ભાગો'ની બૂમ સાથે યવનો ભાગ્યા. શાહને આવીને કહ્યું: "હજુર! ગોસાંઇઓં કી એક બડી ફોજ ને હમ લોગોં કા રાસ્તા રોકા હુઆ હૈ ઔર હજૂર! હમારે પાંચસો જવાનોં કો કતલ કર દીયા હૈ."

"અબે, યહ ગંદુ ગોસાંઇ લોગ કયા પાગલ હુએ હૈં! જાઓ, મુમતાજખાં કો હુકમ દો કી સબ ગોસાંઇઓં કો કત્લ કર દે. ગોકુલનાથ કા બુતખાના વિના લૂંટે કૈસે જા સકતે હૈં?" શાહે હુકમ દીધો.

× × × ×

બસ, સમસ્ત યવનસેના ગોકુળનાથના ધામ તરફ વળી. ચિનગારીને ઓલવવા સમુદ્રનો પ્રવાહ! પરંતુ ઉદયગીર અને વૈરાગીઓ તૈયારજ હતા. એક તરફ અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત અને કુશળ સેનાપતિથી સંચાલિત અતુલિત યવનસેના; બીજી તરફ આત્મશ્રદ્ધાવાળા મરણીઆ થએલા મુઠ્ઠીભર વૈરાગીઓ. એક તરફ વિકટ દાવાનળ, બીજી તરફ નાની સરખી કુંજ.

"અલ્લાહો અકબર'ના જયનાદની સાથે યવનોએ આક્રમણ કર્યું." 'જયગોકુલનાથ'ના તેવાજ પ્રતિઘોષની સાથે વૈરાગીઓએ આક્રમણ ઝીલી લીધું. ઉદયગીર એક કુશળ સેનાપતિની જેમ વૈરાગીઓનું સંચાલન કરવા લાગ્યો. સ્થળની અનુકૂળતાને લીધે વૈરાગીઓને ઘણો લાભ હતો. યવનો જેમજેમ કંટાળવા લાગ્યા, તેમતેમ 'અલ્લાહો અકબર'ની ઘોષણા બમણા વેગથી કરવા લાગ્યા: એક એક વૈરાગી મૃત્યુના મુખમાં જતા પહેલાં દસ દસ યવનોના મસ્તકથી રણચંડીનું પૂજન કરતો ગયો. યવનો ગભરાયા. એક એક ફુટ જમીન આગળ વધતાં સેંકડો લાશો પડવા માંડી. પાણીપતના વિજયી યોદ્ધાઓ વૈરાગીઓના આક્રમણની આગળ કંપી ઉઠયા. 'જય ગોકુલનાથ' ના જયઘોષની સાથે દૂર ગામોમાંથી આવતી બીજી વૈરાગીઓની ટુકડીઓએ યવન પર પાછળથી આક્રમણ કર્યું. યવનો અકળાયા અને નાઠા. "હર હર મહાદેવ, જય ગોકુલનાથ"ના જયઘોષથી વ્રજભૂમિ ગાજી ઉઠી. ઉદયગીરને મરણતોલ અવસ્થામાં ઘાયલ થએલો વૈરાગીઓએ ઉંચકી લીધો. ગોકુળનાથના મંદિરમાં એ સર્વ રક્તરંજિત કૃપાણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે આવ્યા.

× × × ×

આશ્ચર્ય ! ગોકુળનાથના મુખમંડળ પર વિજયનું સ્મિત દેખાતું હતું. વૈરાગીઓએ 'જય ગોકુળનાથ' નો જયઘોષ કીધો. લથડતે અવાજે ઉદયગીર બોલ્યો: "ભાઇઓ! જુઓ, ગોકુળનાથના વદન પર સ્મિત! આપણા વિજય પર એ હસી રહ્યા છે. આપણે જો ચૂપચાપ બેસી રહ્યા હોત તો એમના પણ અભિશાપ આપણા પર પડતે. આપણી પૂજ્ય પ્રતિમાઓનું રક્ષણ કરવાનું જો આપણામાં સામર્થ્ય ન હોય તો યમુનામાં પધરાવી દેવી, નહિ તો તેને માટે મરવા કે મારવા તૈયાર થવું. કેમ, આપણે કેવી રીતે જીત્યા, દુર્જેય યવનો પર ?"

"ગોકુળનાથની કૃપાથી અને આપણી આત્મશ્રદ્ધાથી." 'જય ગોકુળનાથ' સર્વેએ જયઘોષ કર્યો.

ઉદયગીર સાજો થયો નહિ પણ પોતાની સ્મૃતિ મૂકતો ગયો. આજે પણ એવા શૂરવીરો પૂજાય છે. ધન્ય ઉદયગીર, ધન્ય છે તને !

× × × ×

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે ગોકુળનાથના મંદિરની આગળ હજારો ગોસાંઇઓ વીરગતિને પ્રાપ્ત થયા છતાં હજારો યવનોનો ખુરદો કરી નાખ્યો. આ તરફ અહમદશાહ અબદાલી વીલે મોઢે ગોકુળનાથ લૂંટયા વગર પાછો ફર્યો.

(તા. ૭-૬-૩૬ના "આર્ય પ્રકાશ" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪–મૂર્તિનો મુગટ

(લેખકઃ-શ્રી. ભગુભાઇ મીસ્ત્રી–સુરત.)

ત્રિચિનાપલ્લીના પ્રસિદ્ધ માધવજી મંદિરની મૂર્તિ ઉપર અત્યારે જે મુગટ છે તે એક વેશ્યાએ સાડાત્રણ લાખની કિંમતનો બનાવીને અર્પણ કરેલો છે. એ વિષેની હકીકત અને ઘટના ઇતિહાસનાં પૃષ્ઠો વાંચતાં આ પ્રમાણે જણાય છે.

ભારતસમ્રાટ અકબરના શાસનકાળ દરમિયાન આ પ્રસંગ બન્યો હતો.

શહેરની પ્રસિદ્ધ ગાયિકા રેણુબાઇનું અવસાન થયું ત્યારે તે તેની પાછળ કિંમતી ઝવેરાત, ચારલાખ રોકડા રૂપિયા અને લલિતા નામની એક અગિયાર વરસની પુત્રી વારસામાં મૂકી ગઇ હતી. એ ઉપરાંત ચાર મજલાનું પાકી બાંધણીનું સુંદર સગવડ અને સાધનોવાળું ભવ્ય મકાન પણ હતું. રેણુબાઇ શાહી દરબારી ગાયિકા હતી. વર્ષમાં ત્રણ વખત બાદશાહ અકબરના દરબારમાં તે નાચમુજરા અર્થે જતી. તે બદલ એને દર વર્ષે એક લાખ રૂપિયા રોકડા મળતા. રેણુબાઇ સંગીતકળામાં અજોડ અને સુપ્રસિદ્ધ ગણાતી. સંગીતસમ્રાજ્ઞીનું મહાન બિરુદ એને આપવામાં આવેલું તે સાર્થજ હતું. એના કંઠમાં સંગીતદેવીનો વાસ હતો એમ સર્વ કોઇ માનતા. રેણુબાઈ જે સમયનો રાગ ગાતી ત્યારે ઉપસ્થિત વાતાવરણમાં તેવુંજ તેજ સમયનું દૃશ્ય દૃષ્ટિ સમક્ષ ખડું થતું હતું. તે મલ્હાર રાગ ગાતી અને આકાશમાંથી મેઘવૃષ્ટિ થતી. એક એવો રાગ ગાતી કે તે સાંભળીને ગરદનવાળાં કબૂતરો આવીને એના શરીર ઉપર બેસતાં. એના સંગીત સ્વર સાંભળીને કેટલીયે વાર કાળી કોયલો મુગ્ધ થઇને ચાલુ સંગીતના સૂરમાં સૂર પૂરતી. મયૂરો નાજુક પગનું, વાતાવરણનું અને દેહનું ભાન ભૂલી નૃત્ય કરતા. લોકવાયકા એવી હતી કે રેણુબાઇ જેવી ગાનારી તે જમાનામાં બીજી કોઇ ન હતી. તે વિશુદ્ધ ગાનારી હતી. માત્ર એક વખત બાદશાહ સાથે તેનો સંબંધ થયો હતો. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સંબંધનું પવિત્ર સ્મૃતિફળ તે લલિતા.

સાંજનો સમય હતો. આથમતા સૂર્યનાં સાન્ધ્ય-કિરણો સૃષ્ટિને આખા દિવસના પરિશ્રમમાંથી આરામના માર્ગે જવાની સૂચના આપતાં હતાં. દિવસ અને રાત્રિએ સંધિપત્ર ઉપર સહી કર્યાને ઝાઝો વખત થયો ન હતો. શહેરના સુંદર અને સરિયામ રસ્તા ઉપર ચાર મજલાવાળું એક ભવ્ય મકાન હતું. લલિતાબાઇ એ મકાનના બીજા માળ ઉપરના સુંદર શણગારેલા ઓરડામાં સ્વચ્છ અને સફેદ ચાદરથી આચ્છાદિત કરેલા ગાદી તકિયા પર બેઠી હતી. તેણે ગુલાબી રંગનું મદુરાની બનાવટનું બારીક વસ્ત્ર પહેરેલું હતું. મોગરાની ચાદર ઉપર ગુલાબફૂલોનો ઢગ કર્યો હોય તેવું મનોહર અને માફક દૃશ્ય ઉપસ્થિત થયું હતું. એના જીવન-ઉદ્યાનમાં વસંતઋતુ હમણાંજ બેઠી હતી. એના શરીરનો રંગ શ્યામ હતો. આથી તે શ્યામ-સુંદર લાગતી. એનું દિવાનખાનું અનેક અમૂલ્ય વસ્તુઓથી શણગારેલું હતું. જાતજાતનાં વાજિંત્રો, અરીસાઓ, ફ્લાવર-પોટસ, ધૂપદાની વગેરે યથાસ્થાને અને યથાયોગ્ય પદ્ધતિએ ગોઠવેલાં હતાં. દિવાનખાનાના ચતુખૂંણાઓમાં કાચનાં બારણાંવાળાં સુંદર કબાટો હતાં. એ કબાટો પ્રસિદ્ધ કવિઓના સેંકડો કવિતા-ગ્રંથોથી ભરેલાં હતાં.

આ વેળાએ લલિતાબાઇ એકલીજ બેઠી હતી. કોઇ નિશ્ચિત વસ્તુ ઉપર તે વિચારમગ્ન હોય એમ લાગતું ન હતું. એની મુખમુદ્રા ઉપરથી ચોખ્ખું કહી શકાતું કે પવનચક્કીની પેઠે તેના વિચારોનું ચક્ર પણ ફર્યા કરતું હતું. એટલામાં એક બ્રહ્મચારી નવયુવક બારણા આગળ આવીને ઉભો. કોઈ પણ જાતની ચેતવણી વગર એકાએક આવી પહોંચેલા યુવકને જોઇને તે વિસ્મય પામી, વિચારચક્રની ગતિ ધીમી થઇ અને અટકી પડી. આવનાર યુવકને પ્રશ્ન કર્યો—

“નીચે દ્વાર આગળ મારો કોઇ નોકર હાજર નથી ?”

“ના, નથી.”

“તમે અહીં શા વિચારથી આવ્યા ?”

“સરિયામ રસ્તે હું ચાલી જતો હતો ત્યાં મને એક આદમી મળ્યો. મેં તેને પૂછ્યું કે મને કોઇ ‘સત્સંગપ્રિય સજ્જનનું મકાન બતાવ કે જ્યાં નિરાંતે રાત્રિ ગુજારી શકું અને સત્સંગનો લાભ અને આનંદ પણ પ્રાપ્ત કરી શકું.’ એ માણસે ઈશારત કરીને મને આપનું મકાન બતાવ્યું.”

“તમને માર્ગ દર્શાવનાર માણસ મોઢેથી નહોતો બોલ્યો ?”

ના, તે મોઢેથી બોલ્યો નથી.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક, પછી શું થયું ?"

"અને પછી થયું એ કે હું આપ સમક્ષ આવી પહોંચ્યો."

અને મકાનમાં પ્રવેશદ્વાર આગળના નોકરે……?"

"અરે, નોકર કેવો ?"

"ત્યારે શું દરવાજા ઉપર કોઈ હાજર ન હતું ?"

"ના, કોઇ હાજર ન હતું. હું તો આપને કોઇ સદ્‌ગૃહસ્થ સમજીને અહીં આવ્યો છું. મારા આગમનથી આપને તકલીફ થઈ હોય તો તે બદલ ક્ષમા ઇચ્છું છું."

"બ્રહ્મચારી યુવક ! તમે આ પ્રમાણે ચાલ્યા જાવ એમ હું ઇચ્છતી નથી; તમારા ભોજનનો બંદોબસ્ત હું કરી શકીશ. પણ તે પહેલાં કૃપા કરી નીચેથી દરવાજા ઉપર જે કોઇ હાજર હોય તેને ઉપર બોલાવી નહિ લાવો ?"

એક પંદર વરસના છોકરાને લઇને બ્રહ્મચારી ઉપર આવ્યો. બે હાથ જોડીને અને નીચું માથું રાખીને છોકરો ઉભો હતો.

"મહમદ !"

"જી સરકાર."

"આ બાવાજી આવ્યા ત્યારે તું કયાં ગયો હતો ?"

"લઘુશંકા માટે બાજુની ગલીમાં."

"તદ્દન બાજુનીજ ગલીમાં ?"

"હા."

"બાવાજીને ઉપર આવતાં તેં જોયા હતા ?"

"ગરીબપરવર ! મેં એમને ઉપર આવતાં જોયા હતા."

"તો તેં એમને રોકયા કેમ નહિ ?"

"સરકાર, પેશાબ કરતાં બોલવાની શાસ્ત્રની મનાઇ છે."

"ઠીક, પણ પછીથી તું ઉપર કેમ ન આવ્યો ?"

"બાઇ સાહેબ ! હું સમજ્યો કે એ આપમેળેજ પાછા ચાલ્યા જશે."

"બ્રહ્મચારીજી ! જ્યારે તમે મકાનમાં પ્રવેશદ્વાર પર થઇને આવ્યા ત્યારે આ છોકરો ત્યાં હતો કે નહિ ?"

"હતો એટલે ? અરે, એજ છોકરાએ મને સત્સંગી શેઠનું મકાન બતાવ્યું હતું."

"મહમદ ! બાવાજીએ કહ્યું તે સાંભળ્યું ? જવાબ આપ. બોલતો કેમ નથી ? તારૂં મોઢું આમ સિવાઇ કેમ ગયું ? બદમાશ ! મારી સાથે આવી ચાલબાજી ? આવું વર્તન ! આવી મશ્કરી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આમ બાઘા જેવો ઉભો છે કેમ ? તારી આ વર્તણુક બદલ તને બરાબર શિક્ષા થવી જોઇએ. જા, આજથી તને નોકરી ઉપરથી છૂટો કરવામાં આવે છે. ”

“ બાઇ ! મારા કારણસર આ છોકરા પર કોઇ જાતનો અત્યાચાર કે અન્યાય ન કરો. મને સમજાય છે કે એની મશ્કરીથી દોરાઇને ભૂલથી હું એક વેશ્યાના મકાનમાં આવ્યો છું. હું બ્રહ્મચારી–ત્યાગી છું. ધર્મશાસ્ત્રના નિયમ અનુસાર તમારી પાસેથી કોઇ ચીજ ભિક્ષામાં લેવા હું અસમર્થ છું. આ છોકરાને તમે ક્ષમા કરો એટલી ભિક્ષા હું આપની પાસે માગું છું. ”

“ બાવાજી ! જે ત્રણ આશા સહિત તમે આ મકાનમાં આવ્યા છો તે હું પૂરી કરીશ. ”

“કઇ ત્રણ આશા ?”

“ રાત્રિવિશ્રામ, ભોજન અને સત્સંગ. પરંતુ માલીકના સાથે મશ્કરીનો વ્યવહાર કરનારને હું કદાપિ નોકરી પર રાખીશ નહિ. ”

“ પરંતુ એ ત્રણેમાંથી એક પણ વસ્તુનું ગ્રહણ મારાથી થઇ શકે એમ નથી. હું સમજું છું કે આ છોકરાએ જરૂર મશ્કરી કરી છે; પણ એ મશ્કરી ‘ અમૂલ્ય મશ્કરી ’ છે. ”

“ બાવાજી ! ત્યારે તમે ત્રણે વસ્તુ ગ્રહણ કરવા અશકત છો એમ ને ? હું પૂછું છું કે તમે મને માત્ર એક ‘ યુવતીજ ’ કેમ જુઓ છો ? એક ‘સત્સંગી શેઠ’ના રૂપમાં મને જોવામાં આપને કંઇ નુકસાન છે ? આજ તમારૂં જ્ઞાન ? આવુંજ તમારૂં માનસ ? બાવાજી ! તમે શાસ્ત્ર ભણ્યા છો પણ ગણ્યા નથી. તમે તો કેવળ વેશ્યાજ જણાઓ છો. ઉંડાણમાં અદશ્ય રહેતા આત્માનાં દર્શન ઇચ્છો છો કે બાહ્યના રૂપ રંગ ને ? બ્રહ્મચારીજી ! દેહને નહિ પણ દિલને ઓળખો; વ્યક્તિને નહિ પણ ધ્યેયને ઢુંઢો. ”

* * *

અમીરીની વારસદાર લલિતાના અંતરમાં ફકીરી દિલ હતું. સમાજનાં ગરીબ–નિરાધાર અંગો પ્રત્યે અને ધાર્મિક વિચારનાં મનુષ્યો પ્રત્યે એને મમતા હતી. બ્રહ્મચારીને રહેવા માટે તેણે ચોથો મજલો ખાલી કરાવ્યો. બ્રાહ્મણના એક છોકરાને ભોજન ઇત્યાદિ કાર્યો માટે રાખી લીધો. બંને વચ્ચે સત્સંગ અને શાસ્ત્રોની ચર્ચા શરૂ થઇ. આ પ્રમાણે અઠવાડિયું પૂરૂં થયું. સાતમે દિવસે બ્રહ્મચારીએ જવાની તૈયારી કરવા માંડી.

“ લલિતાબાઇ ! આજે સાંજે હું ચાલ્યો જઇશ.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ ?"

"બ્રહ્મચારીએ એકજ સ્થાન ઉપર વધારે વખત રહેવું શાસ્ત્રથી વિરુદ્ધ છે."

"તો હું પણ આપની સાથે તપસ્યા કરવા આવીશ."

"તમારી આ સંપત્તિ–આ વૈભવ ?"

"એ સંપત્તિમાંથી બરાબર સાડાત્રણ લાખનો મુગટ બનાવીને માધવજીને પહેરાવીશ."

"અને બાકીનાનું ?"

"ગરીબો અને નિરાધારોને વહેંચી દઇશ."

"પછી ?"

"પછી ? પછી તમારી સાથે ચિત્રકૂટનાં જંગલોમાં જીવનમંગલ ગીતો ગાઇશ."

"સ્ત્રીઓનું ચિત્ત ચંચળ હોય છે. ચંચળ વૃત્તિના માણસથી સખ્તાઇભરેલું જીવન અને સંયમ સેવી શકાતાં નથી. લલિતાબાઇ ! તમારાથી વૈભવવિલાસનો મોહ છોડીને સખ્તાઇ અને સંયમભરેલું જીવન જીવી શકાશે ?"

"બાવાજી ! આપના આશીર્વાદથી હું બધુંજ કરી શકીશ."

લલિતાના નિશ્ચયાત્મક જવાબથી બ્રહ્મચારીએ પોતાની હાર સ્વીકારી અને એક અઠવાડિયું વધારે રોકવાની હિંમત દર્શાવી.

* * *

અણગમાભર્યા દિવસો ગોકળગાયની ગતિએ પ્રગતિ કરે છે, અને આનંદી વિચારો એરોપ્લેનની ગતિએ પ્રગતિ કરે છે.

બુધવારનો દિવસ હતો. શહેરની તમામ ગાનારીઓ પોતપોતાનાં વાજીંત્રો સહિત લલિતાને આંગણે ઉપસ્થિત થઇ હતી. સાડાત્રણ લાખનાં કિંમતી ઝવેરાતયુક્ત જાજવલ્યમાન કાંચન–મુગટ સુવર્ણની બનાવેલી થાળીમાં મૂકયો હતો. કુન્દેન્દુ ધવલ–સફેદ સાડી અને સુગંધિત ફૂલોથી અલંકૃત લલિતાએ સુવર્ણથાળ ઉપાડયો. ભગવાં વસ્ત્રધારી નવયુવક સહિત આખું મંડળ માધવજી મંદિરને રસ્તે ઉપડયું. શહેરના મુખ્ય રસ્તા ઉપર માનવમેદનીનો મહાસાગર ઉલટયો હતો. એ લોકસમૂહને કાબુમાં અને વ્યવસ્થિત રાખવા માટે પોલીસ પણ હાજર હતી. સરઘસને મોખરે લલિતા અને બ્રહ્મચારી ચાલતાં હતાં. તેમની પાછળ ગાનારીઓ અને વાજિંત્રો હતાં. આખે રસ્તે નાચગાન અને ફૂલોનો વરસાદ વરસતો હતો. કોઇ નવીન ઘટના પૃથ્વી ઉપર ઉતરી રહી હોય એવો દેખાવ થઇ રહ્યો હતો. શહેરના બધા મુખ્ય ભાગો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં થઇને સરઘસ માધવજી મંદિરના મુખ્ય દરવાજે આવીને થોભ્યું.

મંદિરના પૂજારીઓ આ ઘટનાથી અજ્ઞાન ન હતા. સરઘસ દરવાજા આગળ આવીને ઉભું રહ્યું એટલે પૂજારીઓ બહાર આવ્યા.

"એક વેશ્યાના ધનથી તૈયાર કરેલા મુગટનો સ્વીકાર કરવો અધર્મ છે. અમારાથી એ મુગટનો સ્વીકાર થાય એમ નથી." પૂજારીઓએ પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

આ સાંભળીને લોકસમૂહ સ્તબ્ધ થયો. સૌ એકબીજાનાં મોઢાં તરફ જોવા લાગ્યા. સર્વની આંખો લલિતા અને બ્રહ્મચારી યુવક તરફ મંડાઇ હતી. બ્રહ્મચારીએ આગળ આવી નિવેદન કર્યું:–

"પૂજ્ય પૂજારીઓ, નગરજનો અને ભાવિક ભક્તો! અમે દાબદબાણથી કશું કરવા ઇચ્છતા નથી. અમે જે કરવા ધારીએ છીએ તે એ કે, પ્રથમ માધવજી સામે નાચ–ગાન થશે. ત્યારબાદ લલિતાબાઇ મુગટ હાથમાં લેશે. આ સમયે જો સ્વયં માધવજી પોતાનું મસ્તક મુગટ સ્વીકારવા નીચું નમાવશે તો તમારે તે પહેરાવવા દેવો, નહિ તો નહિ."

પૂજારીગણોએ આ સત્ય–આગ્રહનો સ્વીકાર કર્યો અને દરવાજા ખોલી દીધા.

ઠાકોરજી સન્મુખ એક કલાક સુધી અતૂટ અને એકધારૂં નાચ-ગાન ચાલ્યું. તે પછી લલિતા અને બ્રહ્મચારી ધીમે પગલે મૂર્તિ પાસે ગયાં, સુવર્ણની થાળમાંથી લલિતાએ મુગટ ઉપાડયો અને પહેરાવવા માટે મૂર્તિ તરફ હાથ લાંબો કર્યો કે તરતજ 'વ્યાપક ઠાકોરજી' એ મસ્તક નમાવ્યું. સચરાચર, સર્વાન્તર્યામી અને પતિતપાવન એ પ્રભુના દરબારમાં ઉંચ–નીચના, નાના–મોટાના, શ્રીમંત–ગરીબના કે સ્ત્રી–બાળકના ભેદની અમાનુષી દિવાલો હોતી નથી, તેનો તાદશ્ય–સાક્ષાત્કાર સર્વને કરાવ્યો. પૂજારીની આંખો જમીન ઉપર ચોંટી ગઇ. એકત્ર થયેલા લોકસમૂહે આકાશભેદી જયઘોષણા કીધી. ભક્તવત્સલ ભગવાનના દરબારમાં સાચા ઘૃતદીપક પ્રગટયા. ધૂપદાનીમાંથી વાતાવરણને પવિત્ર અને સુગંધિત કરનારી ધૂમ્રશિખા ઉંચે આકાશમાં ચઢવા લાગી. સમય આવે છે અને ચાલ્યો જાય છે, પણ તેની પાછળ કંઇક સ્મરણ મૂકતોજ જાય છે. ભગવાનના દરબારમાં બનેલી આ ઘટના કેટલી મહાન, કેટલી હૃદયપ્રેરક અને કેટલી પ્રકાશક!

* * * *

"બ્રહ્મચારીજી! ચાલો હવે ચિત્રકૂટને રસ્તે પ્રયાણ શરૂ કરીએ. રામ, સીતા અને લક્ષ્મણની કષ્ટત્રિપુટીએ વાસો કરીને પવિત્ર કરે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લી એ પાવનકારી માટીનાં દર્શનન કરી મનુષ્યજીવનને સાર્થક કરીએ."

" લલિતા ! તમારી સાથે રહીને મારાથી તપસ્યા ન થાય ! "

" કારણ ? "

"શાસ્ત્રાજ્ઞા પ્રમાણે સ્ત્રી અને પુરુષ-જો તે બંને યુવાન હોય તો સાથે રહીને તપ થઇ શકે નહિ. "

" તો મારે શું કરવું ? બ્રહ્મચારી ! મને કંઇ માર્ગદર્શન કરવો !"

" તમે આ શહેરમાં રહીને તપ કરો. ભિક્ષા માગી લાવીને ઉદરનિર્વાહ કરો. મંદિરના ઉત્તર દરવાજે મુકામ રાખો અને આ પ્રમાણે તમારૂં જીવન પૂરૂં કરો. તમારે માટે મને એજ માર્ગ હિત-કર લાગે છે."

" ઠીક, જેવી આપની આજ્ઞા—ઇચ્છા. "

* * * *

આ ઘટના બન્યાને બાર શરદ્ ઋતુ વહી ગઇ. એક દિવસ પેલો બ્રહ્મચારી શહેરમાં આવ્યો. મંદિરને દરવાજે લલિતાની તપાસ કરી. તપાસને અંતે જાણવામાં આવ્યું કે લલિતાએ વરસેક થયાં શરીરત્યાગ કર્યો હતો. બ્રહ્મચારી લલિતાની સમાધિ પાસે ગયો. જે છોકરાને લલિતાએ નોકરીથી છૂટો કર્યો હતો તે પણ ત્યાં હતો. એ છોકરો-મહમદ દરરોજ સવારસાંજ સમાધિ પાસે જતો હતો. બંને-એ એકબીજાને ઓળખ્યા. બંને સમાધિ આગળ બેસીને વાતે વળગ્યા.

તે દિવસના સૂર્યનો અસ્ત થયો. રજનીરાણીનું સામ્રાજ્ય વ્યાપી ગયું. બીજા દિવસનું પ્રભાત થયું. બ્રહ્મચારી તેજ રાત્રે શહેર છોડીને ચાલ્યો ગયો.

(તા. ૧૯-૭-૩૬ના "આર્યપ્રકાશ"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫–ચેપી રોગનું જંતુ

(૧)

મીલપરાંની અંધારી બસ્તીમાં જમના બેઠી હતી. બસ્તીની આગળ ઉઘાડી ગટર હતી. ભોંયતળિયું સદા ભેજવાળું રહેતું. ચૂલા ઉપર પાશેર જેટલું દૂધ ગરમ થતું હતું. જમણા હાથમાં જમના સાણસી રાખીને બેઠી હતી. ડાબા હાથે ઘોડિયું હિંચોળતી હતી.

"જમના! હું જરા બહાર જાઉં છું" ઓરડામાં પ્રાણજીવન આવ્યો. એ જરા ઉંચો, સુક્કો ને સખત ચહેરાનો જુવાની પાર ઉતરેલો પરંતુ આધેડ નહિ બનેલો માણસ હતો. ઓરડામાં એ ઉભો હતો ત્યારે એનું માથું છાપરાથી સહેજજ નીચું રહેતું હતું.

ધૂમાડાના પડદાની આરપાર જમનાએ પ્રાણજીવનને ઓરડાની અંદર ઉભેલો જોયો.

"તે તમે આ નવા કપડાં પહેરીને ક્યાં જાઓ છો?"

પ્રાણજીવને પોતાના ટૂંકા પગારમાંથી એક નવી જોડ કપડાં શીવડાવ્યાં હતાં ને ખાસ પ્રસંગે એ પહેરતો.

"ક્યાંય ખાસ નથી જતો" પ્રાણજીવને કાંઇક સંકોચથી ને કાંઇક અંતરથી કહ્યું.

જમના એ ન સમજે એમ ન હતું. એના ચહેરા ઉપર કાંઇક કંટાળો, કંઇક નિરાશા, કાંઇક રોષ આવ્યો. જમનાનો ચહેરો તો ધુમાડામાં પૂરો નહોતો દેખાતો, પરંતુ જમનાના અવાજમાં એ છૂપો ન રહ્યો: "જતા હશો તમારા પંચમાં."

પ્રાણજીવન જમનાને જોઇ રહ્યો. એની નીચોવાયેલી કાયા, એનો શોષાતો ચહેરો, એની અપાર્થિવ તેજ ધરતી જતી આંખો ક્ષણભર એને શેષ જગત પ્રત્યે બેદરકાર બનીને જમનાની પાસે બેસી જવાનું દિલ થઇ આવ્યું.

બીજી ક્ષણે એ બોલ્યો: "પણ ધાર કે હું પંચમાં જતો હોઉં તોય શું? તારે શીદને આટલી બધી ચિંતા ને આટલો રંજ કરવો જોઇએ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારી જમના! છેક બાળવયમાંથી સાસરિયામાં સમાવેશ કરવાની એકમાત્ર દૃષ્ટિવાળી તાલીમ પામેલી! બાળવયે પરણેલી ને બાળવયે માતા બનેલી! બાળવયે બસ્તીના ધુમાડા ઘેર્યા રસોડામાં પુરાઈ ગયેલી, ને અર્ધબિમાર ધ્રોડિયાની દાસી બનેલી! એના ઉદ્યોગ, એની ચિંતા, અને એના રોષ, એ સહુને એ કેમ વાચા આપે? મનમાં જે કાંઇ દુઃખતું હતું તે અવાજમાં કેમ ઉતારે?

"મને નથી ગમતી એ રાતદિવસની તમારી પંચની ચર્ચા. આપણે નોકરીયાત માણસ! આપણને આવી ધમાલ કેમ પાલવે?"

કોડભરી જમનાના કોડ તો હતા રાતે પતિની સોડમાં બેસવાના. ખોળામાં બાળક ધ્રુધવતું હોય, પતિપત્ની પાડોશીઓની સાંસારિક વાતો કરતાં હોય, પોતાની વેતરણ ઉતારતા હોય ને...ને..."

"મને તો તમારૂં પંચ શોક્ય જેવું શૂલ કરે છે."

પ્રાણજીવન જરા નમ્યો. જમનાના માથા ઉપર સ્નેહાળ હાથ મૂક્યો. 'અરે ગાંડી!'

અને પછી પ્રાણજીવન ચાલ્યો ગયો.

પ્રાણજીવન એક મીલમાં કામ કરતો હતો. મિલમાં એ ઝાંપાકારકુન હતો. સવારમાં મિલનું ભૂંગળું વાગ્યે એ મિલ તરફ દોડતો. ને દર મહિને એ પચીસ રૂપિયા પગાર લાવતો. પચીસ રૂપિયામાંથી આ અંધારી બસ્તીના ભાડાના, દીવાના, બળતણના, દૂધના, એમ સહેજે છ સાત રૂપિયા નીકળી જતા.

ને અઢાર ઓગણીસ રૂપિયામાં જમનાને ઘરસંસાર પૂરો કરવાનો રહેતો.

(૨)

કારણો અનેક હતાં, પરંતુ બધાનું પરિણામ એક હતું. દેશભરમાં સ્વદેશીનો પ્રચંડ જુવાળ ચડ્યો હતો. હતી એટલી મિલો રાતદિવસ ધમધોકાર ચાલતી હતી ને નવી નવી મીલોના પાયા નંખાયે જતા હતા.

નાતજાતના વહેવારમાં જુઓ કે બજારમાં જુઓ, ઘરના ખૂણામાં ઉભા રહો કે ચોરે ઉભા રહો, તાલેવંત માણસ સાથે વાત કરો કે કારીગર માણસ સાથે વાત કરો, સર્વત્ર સ્વદેશીનીજ વાત સંભળાતી.

ઉર્મીલ લોકોએ પરદેશી કાપડ બાળી નાખ્યાં હતાં ને વ્યવહારકુશળ લોકોએ પરદેશી કાપડ બાંધીને ઉંચે રાખ્યાં હતાં. કાપડ સ્વદેશી, કાંસકા સ્વદેશી, જોડા સ્વદેશી, જ્યાં જુઓ ત્યાં બીજી કોઇ વાતજ નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ધીકતી મીલોના દરવાજા ઉપર ગામ ગામડામાંથી માણસો આ નવી અન્નપૂર્ણાને ઉંબર આવીને ઉભા થયા હતા. જૂની મીલોને મજૂરો મળી રહેતા. નવીને મળી રહેતા. કંઇક શહેરમાં કામ વગર આંટા મારતા હતા; કયું પાતાળ ફાટયું હતું ને ક્યાંથી બધા મજૂરો પ્રગટી નીકળ્યા હતા ?

સવાર પડે ને મીલનાં ભૂંગળાં એ શહેર ઉપર વાગે. શિયાળાની ઠંડી હોય, હજી પહો ફાટયું ન હોય, ત્યાં અર્ધ ઉંઘમાં ઘેરાયેલા મજૂરો ફાટયાં તૂટયાં કપડાં પહેરીને મીલોમાં જતા. સાંજ પડે સૂર્ય આથમી ગયો હોય, સારાયે શહેર ઉપર જ્યારે ધૂમાડાનું ગાઢ છત્ર છાઈ ગયું હોય, ત્યારે ભઠ્ઠીમાંથી જેમ રાખ બહાર નીકળે તેમ શોષાઇ ગયેલા, થાકેલા ને હાંફતા માણસો બહાર નીકળે. કોઇક હોટલમાં ચાહ પીવા રોકાય, કોઈક પીઠામાં દારૂ પીવા ને કોઇક એ એય વાતો કરવા જેટલા ધનવંત ન હોય એ બસ્તીમાં જઇને પહેરેલા કપડે સૂઇ રહે......

દેશ ઉદ્યોગપ્રધાન બનતો હતો. આ બધા ગઇ કાલના ખેડૂતો, આ બધા એકદા પોતાના ખેતરોના પાકની વચમાં ઉઘાડા આસમાન નીચે સૂઇ રહેતા હશે. હજારો વર્ષોથી એમણે જે માટીને શોષી એ માટીમાંથી બનેલા એમના દેહ શોષવાને એ આવ્યા હતા—કોઈ ખેતરેથી, કોઈ વાડીએથી......મીલના સંચા બોલતા હતા. એ કામ કરતા હતા.

સ્વદેશીનો જુવાળ ચડયો ને મીલોની શાળો વધવા માંડી ને સતત ફરતી રહેવા લાગી. સ્વદેશીનો જુવાળ આવ્યો ને ગઇ કાલે ગાડીઘોડામાં ફરતો શેઠિયો આજ મોટરમાં ફરવા લાગ્યો ને જેની પાસે એક મોટર હતી, એ હવે સવારેસાંજે મોટર બદલાવવા લાગ્યો.

મીલો કમાતી થઇ, પણ મીલના કામદારનો ઉદ્ધાર ના થયો. એના કામ કરવાના કલાકમાં ન તો ઘટાડો થયો, ન તો મીલનો વહીવટ સુધર્યો, ન તો એનો પગાર વધ્યો. સ્વદેશીનો જુવાળ પોતાની કડવી ખારાશથી એમને માત્ર દઝાડી ગયો. જે મેરામણનો એ જુવાળ હતો એ રત્નાકરે શેઠિયાઓને વધારે શ્રીમંત બનાવ્યા, કામદારોને વધારે બેહાલ બનાવ્યા.

આ સામે સમજુ કામદારોમાં અજંપો હતો, ને એ બધા એકઠા થઇને ચર્ચા કરતા, વિચારોની આપ–લે કરતા. મનની મુંઝવણમાં જ્ઞાનનો પ્રકાશ પાથરવા મથતા.

સ્વદેશીનો લાભ એકલા મીલમાલેકોને કે કામદારોને પણ ખરો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વદેશી તરીકે ઓળખાવવા માગતી મીલો ઉપર કામદારને આપવાના વેતનનો દર કેમ કોઈ મુકરર નહિ કરતું હોય ?

કામદારોમાં આ સવાલો જાગતા હતા; પણ એનું નિરાકરણ કોઇ શોધી શકતું ન હતું. કામદારોનું એક કામદાર મંડળ હોવું જોઇએ, ને એ મંડળનો મીલના તંત્રમાં અવાજ હોવો જોઇએ.

જુદી જુદી મીલોના કામદારો રજાના દિવસોમાં એકઠા થતા, ચર્ચા કરતા. એમની ચર્ચાનો પ્રધાન સૂર એ હતો, મીલોના કામદારોનું એક મંડળ હોવું જોઇએ, એ મંડળ કામદારોના હિતનું દેખરેખ રાખનારૂં હોવું જોઇએ, એ મંડળે સ્વદેશી પ્રવૃત્તિથી મીલોને થયેલા લાભમાં વાજબી હિસ્સો માગવો જોઇએ.

સમાચાર મળ્યા કે, ધારાસભાના સભાસદ સન્મુખરાય મીલ-માલેક રતનલાલના મીજબાન બનવાના છે. આ સમાચારનો લાભ કેમ લેવો અને પોતાની વાત કેમ રજુ કરવી, એની ચર્ચા કરવાને કેટલાક કામદારો એકઠા થવાના હતા, અને પ્રાણજીવન એ સભામાં જતો હતો.

કામદારોની આ સભામાં કોઇ મુદ્દાના સવાલ નહોતા ઉઠતા. ચર્ચાને બંધ કરવાના, વિચાર જાહેરાતને અટકાવવાના કોઈ બંધારણના શિરસ્તા યાદ કરવામાં આવતા નહોતા. સભામાં કોઇ પ્રમુખ નહોતું. બધા અંદર અંદર વાતો કરતા હોય એમ બોલતા હતા. અનેક માણસો એકસાથે કોઇ જબરી ભૂલભૂલામણીમાં ભૂલા પડેલા હોય ને એની આંધળી ભીંતોમાંથી માર્ગ કાઢવા મથતા હોય એવા એ દેખાતા હતા.

મીલો ધમધોકાર ચાલતી હતી ને મીલના કાપડની માંગ ને ઉઠાવ ઘણા સારાં હતાં. મીલની ત્રાકો ને શાળાની સંખ્યાઓ દોઢી બમણી થતી હતી...ને આમ છતાં મીલમજૂરોના પગારો કપાયે જ જતા હતા.

મીલો દર વર્ષ ખોટજ કરતી હોય તો પછી મીલમાલીકો મીલો ચલાવેજ શું કામ ? મીલમાં સાંચાકામમાં કે મીલના કામની રીતિ-નીતિમાં જ્યારે જ્યારે સુધારા થાય ત્યારે ત્યારે મીલમજૂરોના પગારો ઉપરજ કાપ કેમ આવે ?

આ બધા સવાલો અટપટા હતા અને એમાંથી કોઇ દિશા સૂઝતી નહોતી.

અને એ વિશાળ ભૂલભૂલામણીમાં અટવાવું પણ શા માટે જોઇએ ? કામદારોને બીજું કાંઈ નહોતું જોઈતું. એમના પગારો ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપાય એટલી એમની માગણી હતી.

મીલના કામદારો તરફથી આવું એક નિવેદનપત્ર સન્મુખરાયને આપવું. સન્મુખરાય ધારાસભાના સભાસદ છે, એટલે દેશની પ્રજાનું હિત એને હૈયે હોવું જોઇએ. એ મીલકામદારોની વાત સમજે, લક્ષમાં લ્યે તો ધારાસભામાં એ સવાલ–જવાબ કરે, સરકાર દરબારમાં પણ કાગળપત્રો લખે, છાપાંઓ પણ અજમાવે.

(૩)

રાતના આઠેક વાગ્યા હતા અને મીલમાલેક રતનલાલના બંગલાની પરસાળમાં એક નાના મેજને ફરતા ચાર માણસો ખુરશી ઉપર બેસીને પાનાં રમતા હતા.

એ ચારમાં એક તો રતનલાલ હતા. એમની બાજુમાં એમના પાડોશમાંજ રહેતા એક બીજા મીલમાલેક પ્રીતમલાલ શેઠ હતા. પછી ધારાસભાના સભાસદ શ્રી. સન્મુખરાય હતા. જાહેર આગેવાન તરીકેની એ આબરૂ કમાતા જતા હતા, ને ચોથા હતા બંગલાની સામે રહેતા વકીલ સાહેબ હીરાલાલ.

પાનાં રમાતાં હતાં ને હળવી વાતો થતી હતી. રતનલાલે પોતે આ બંગલામાં તાજેતરમાં કરેલા સુધારાવધારા વિગતે સમજાવ્યા હતા. સામાન્યતઃ નવું ઘર બંધાવનાર કે જૂનું ઘર સુધરાવનાર ઘર-ધણીને પોતાના ઘરમાં બીજાઓને પણ પોતાના જેટલોજ રસ છે એવી ભ્રમણા રહે છે. રતનલાલ પછી પ્રીતમલાલ શેઠ પોતે નવો બંગલો બાંધવાના હતા એની યોજના વર્ણવી ગયા હતા. ચાહ તૈયાર થઇને આવી ત્યારે જુદી જુદી જાતની મોટરોની જુદી જુદી વિશિ-ષ્ટતાઓ એ ચર્ચાનો વિષય હતો.

" હું તો ચાહ નહિ લઉં " સન્મુખરાયે કહ્યું.

'કેમ ?' રતનલાલે પૂછ્યું.

"નાહકનો ઉજાગરો થાય" સન્મુખરાયે ખુલાસો કર્યો.

"હવે ઉજાગરો થશે તો મોડે સુધી પાનાં રમીશું." હીરાલાલે કહ્યું.

"મને તો રાતે વહેલા સૂઇને વહેલા ઉઠવાની વાતજ સમજાતી નથી" રતનલાલે કહ્યું: " વહેલા ઉઠવાના જેવી અક્કલ વગરની વાત બીજી મેં જોઇ નથી."

"એટલે એ તો એમ છે" હીરાલાલે વકીલશાહી દલીલ કરીઃ " જેમને બીજાઓને આધીન રહીને નોકરી કરીને નિર્વાહ રળવો છે એઓ વહેલા ઉઠે તો કાંઇ ખોટું નહિ, પરંતુ જેઓને કોઇને આધીન રહેવું પડતું નથી, બલ્કે જેને આધીન બીજાઓ છે એમણે શા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેલા ઉઠવું જોઇએ ?"

"આ બધી વાતનો સાર તો એજ ને કે મારે અત્યારે ચાહ લેવી ?" સન્મુખરાયે પૂછ્યું. સન્મુખરાયને ચાહ લેવામાં કોઈ ખાસ વાંધો નહોતો, પરંતુ સામાન્યતઃ પોતે મોજશોખને વળગેલા માણસ નથી એટલે આગ્રહને વશ થઇનેજ એ ચાહ–પાન લે છે એમ એ બતાવવા ચાહતા હતા. પોતે એક જાહેર પુરુષ હતા અને સદા સર્વદા પોતે રંગભૂમિ ઉપરજ છે એમ એ બતાવવા ચાહતા હતા. પોતે એક જાહેર પુરુષ હતા અને સદાસર્વદા પોતે રંગભૂમિ ઉપરજ છે, એમ એ માનતા હતા.

બહારથી દરવાન આવ્યો અને કહ્યું:

"પ્રાણજીવન નામના એક ભાઇ આપને મળવા માગે છે."

"પ્રાણજીવન ?" સન્મુખરાયે કહ્યું "પ્રાણજીવન વળી કોણ ? શું કામ છે એને ?"

"મને ખબર નથી સાહેબ !" દરવાને જવાબ આપ્યો.

"પ્રાણજીવન ?" રતનલાલને કાંઇક યાદ આવતું હોય એમ એ બોલ્યા: "પ્રાણજીવન ! મારા એક ઝાંપા કારકુનનું નામ પ્રાણજીવન છે ખરૂં. પણ એ શું કરવા આવે ? ઠીક, બોલાવ એને અંદર."

પ્રાણજીવન આવ્યો ત્યારે ચાહના પ્યાલા પથરાયેલા હતા; જો કે પાનાં કોણ જાણે ક્યાં ગેબ થઇ ગયાં હતાં.

"કેમ ?" રતનલાલે પ્રાણજીવનને ઓળખીને પૂછ્યું. એમના અવાજમાં મીલના સાંચા જેટલી તીખી રણક હતી.

પોતે કોઇ ટંકશાળમાં ઉભો હોય અને આસપાસથી પૈસા પડવાથી ખડખડવાનો સુકકો તીખો અને નકકર રણકાર સંભળાતો હોય એવી ભ્રમણા ક્ષણભર પ્રાણજીવનને થઇ. બીજી ક્ષણે એ એનું હૈયું કાબૂમાં લઇ શક્યો. એણે કહ્યું:

"હું મીલકામદારો વતી આપની પાસે આવ્યો છું."

રતનલાલના ચહેરા ઉપર સખ્તાઇ આવી.

"એટલે ?"

"મીલકામદાર વતી સન્મુખરાયભાઇને મારે નિવેદન આપવું છે."

'લાવ' રતનલાલે કરડે અવાજે કહ્યું ને હાથ લાંબો કર્યો.

સન્મુખરાય, પ્રાણજીવન અને રતનલાલ સામે વારાફરતી જોઇ રહ્યા. એ કાંઇ બોલ્યા નહિ. કંઇ પણ બોલવાની એમની વૃત્તિ હતી કે નહિ તે તો પ્રાણજીવન કળી શકે એમ ન હતું, પરંતુ એ કાંઈ પણ બોલ્યા નહિ એ તો એને ખૂંચ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ક્યાં છે? લાવ?" રતનલાલે ફરીથી સખત અવાજે કહ્યું.

પ્રાણજીવને સન્મુખરાયની સામે જોયું, પરંતુ એ કોઇ જાતની હિલચાલ નહોતા કરતા. પ્રાણજીવને ખૂબજ સંકોચથી નિવેદન રતનલાલના હાથમાં મૂક્યું.

"સારૂં. જાઓ!" રતનલાલે પ્રાણજીવનને રજા આપી.

"સાહેબ! મીલના કામદારો વતી......"

"સારૂં જાઓ!" રતનલાલે બેપરવાઇભર્યા અવાજે ઉચ્ચાર્યું: "પછી જોઇશું."

પ્રાણજીવન પાછો ફરી ગયો. એની આંખે અંધારાં આવતાં હતાં.

"આ મીલના કામદારો તો કાંઇ કરતા નથી ને કરવા માગતા નથી; એ તો બિચારા કામ કરવા માગે છે. આવા એમને ચડાવે છે" વકીલ સાહેબે અભિપ્રાય વ્યક્ત કર્યો. વકીલ સાહેબે પોતાની જીંદગીમાં કોઇ પણ મીલના કામદાર સાથે દૂર રહીને પણ વાત નહોતી કરી; એ એને મન પોતાની અભિપ્રાય આપવાની બાબત સાથે તદ્દન અપ્રસ્તુત થઇ હતી.

પ્રીતમલાલ શેઠ નિવેદનમાં નજર ફેરવતા હતા. તે બોલ્યા: "હા, જુઓને! આમાં મીલકામદારો પગારકાપ પહેલાં મીલની આર્થિક તપાસનું પંચ માગે છે. આવતી કાલ એ લોકો મીલના વહીવટમાં ભાગ માગશે, પછી નફામાં ભાગ માગશે ને પછી મીલજ એમની છે એમ માગશે. એ લોકોને હવે પૈસાની લાલચ ને સત્તાની ભૂખની બદી વળગી છે."

પ્રીતમલાલના કચવાટનો પાર ન રહ્યો. મીલના કામદારોનું વર્તન એને ખૂબ અન્યાયી લાગ્યું હતું ને એમના વતી વાત કરવા આવનારો માણસ એમને ઉદ્ધત લાગ્યો હતો.

"તે રતનલાલ શેઠ! તમે તમારી મીલમાં આવા ઉશ્કેરણી કરનાર નોકર રાખો છો?"

રતનલાલ હોઠ પીસીને બોલ્યા: "વરૂ ઘેટાનું ચામડું ઓઢીને આવે તો ગમે તેવો ભરવાડ પણ ભૂલ ખાઇ જાય; પણ હવે એણે જ્યારે ચામડું ઉંચું કર્યું ને એને મેં પારખ્યો પછી........."

"ઠીક છે, એ તો તમારા વહીવટની વાત થઇ." વકીલ સાહેબે આવી વાતની તદ્દન જાહેર ચર્ચા ન થાય તો સારૂં એવી મનોવૃત્તિથી વાત ટાળી. "હવે આને નાખો કચરાની ટોપલીમાં અને આપણી રમત શરૂ કરો. ચાલો કોને પાનાં વહેંચવાનાં હતાં? પ્રીતમલાલ શેઠ તમારે....."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

સવારે જ્યારે મીલનું ભૂંગળું વાગ્યું ત્યારે પ્રાણજીવન પોતાની રોટી સાથે શરત ખેલતો હોય એમ મીલ તરફ દોડયો.

મીલના કામદારો આવતા જતા હતા. પ્રાણજીવન એક પછી એક હાજરી પૂરતો જતો હતો. કલાકેક પછી માલની આવ-જાવ શરૂ થઇ. પ્રાણજીવન એની ઝાંપાચીઠ્ઠીઓમાં રોકાયો.

દશેક વાગ્યા એમ કરતાં, ને શેઠની મોટર આવી. અર્ધો કલાક રતનલાલ શેઠે મીલમાં આંટા માર્યા. અહીં જોયું, ત્યાં પૂછ્યું, ક્યાંક ઠપકો દીધો, ક્યાંક સૂચના આપી, ક્યાંક ધમકી આપી ને ક્યાંક એક બે ગાળ દીધી. બે કાગળ ઉપર સહી કરી ને બે હુકમ છોડયા.

મીલમાં નાના સરખા વંટોળની જેમ ચોમેર ઘૂમી વળીને શેઠ પોતાની કચેરીમાં ગયા.

પાએક કલાક પછી પટાવાળો પ્રાણજીવનને બોલાવવા આવ્યો: "શેઠ બોલાવે છે."

પ્રાણજીવનનું હૃદય આજે અસૂઝ થડક અનુભવી રહ્યું. એ શેઠની કચેરીમાં જઇને સલામ કરી ઉભો.

શેઠ છાપું વાંચતા હતા. પાએક કલાક પ્રાણજીવન ઉભો રહ્યો, પછી શેઠે છાપામાંથી બહાર નજર કરીને ચશ્મા કપાળે ચડાવીને પ્રાણજીવન સામે જોયું. મેજનું ખાનું ઉઘાડીને અંદરથી શેઠે એક કાગળનો ટુકડો અને થોડા પૈસા કાઢયા.

"આ તમારો આજ દિવસ સુધીનો પગાર ચૂકતે લ્યો; પહોંચ ઉપર સહી કરી આપો."

પ્રાણજીવનને કાંઇક સમજાયું-ન સમજાયું. એ શેઠ સામે તાકીને ઉભો રહ્યો.

"તમને રજા છે."

"પણ મારો કંઇ......"

"મારે કામ છે, મને અત્યારે ફુરસદ નથી; પણ મારે ત્યાં તમારે માટે જગ્યા નથી."

શેઠ છાપું વાંચવામાં પાછા પરોવાઇ ગયા. પાંચેક મિનિટ સુધી પ્રાણજીવન કચેરીમાં ઉભો રહ્યો. એમ ઉભા રહેવામાં એની કોણ જાણે શી ગણતરી હતી! કદાચ એને પોતાનેય ખબર નહિ હોય.

પરંતુ શેઠની આંખો તો છાપાં સાથેજ જડાઇ ગઇ હતી. એ જાણે ત્યાંથી ખસવાજ માગતી નહોતી. પાંચેક મિનિટ પછી પ્રાણજીવન પોતાના ગજવામાં પગારના પૈસા નાખીને ત્યાંથી વિદાય થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણજીવન તે દિવસે સીધો બાગમાં ગયો. ત્યાં આભને તાકતો બેઠો રહ્યો. એના ઉપર પડેલો આઘાત એને જીરવી શકવો બહુજ મુશ્કેલ થઇ પડયો.

એ રીતે એ ઘેર ગયો. ખાધા વગર સૂઇ ગયો. જમાનાને વાત કેમ કરવી એની એને કશી ગમ ન પડી. બીજે દિવસે એ શહેરની મીલોમાં નોકરી શોધવા રઝળવા મંડયો. એક પછી એક મીલમાં એ ગયો. એક પછી એક શેઠને મળ્યો. પરંતુ લાખો માણસોને વસ્ત્ર આપતી, લાખો કામદારોને રોજી આપતી મીલની મહાકાળીમાં એને માટે કયાંય અણુમાત્ર પણ જગ્યા નહોતી.

ધીમે ધીમે દિવસ પછી દિવસના એ ધૂળિયા રઝળપાટ પછી એને સમજાયું કે મીલમાલેકો અને મીલના વહીવટમાં એનું નામ કાળી કિતાબમાં દાખલ કરવામાં આવ્યું છે. એ 'ભયંકર' માણસ તરીકે છપાઈ ચૂકયો હતો. એને અસંતોષના ચેપી રોગના જંતુ તરીકે જાહેર કરી દેવામાં આવ્યો હતો ને મીલના ઉદ્યોગના શ્રમજીવનમાં એના અસંતોષી પરિશ્રમને સ્થાન આપવામાં કોઇને પોતાનો સ્વાર્થ નહોતો દેખાતો.

એક દિવસ પ્રાણજીવનને શહેર છોડીને બીજે સ્થળે ઉદ્યમ કરવાની જરૂરત દેખાઇ અને એ અને જમના ચાલી નીકળ્યાં.

પ્રાણજીવને બાળકને તેડયું હતું. જમનાએ માથે એક પેટી મૂકી હતી, ને પેટીના માથે એક મેલો બિસ્તરો હતો. પતિપત્ની ચાલી નીકળ્યાં. ઉપર નીલ આસ્માનનો ઘુમ્મટ એકરાગી તાપથી તપી રહ્યો હતો. સામે અખૂટ લાગતી વાટ અનંત ક્ષિતિજમાં લંબાતી હતી. ને ચાલ્યાં જતાં હતાં પતિપત્ની, માથે પોતાની તમામ દુન્યવી મિલ્કત લઇને.

અને પ્રાણજીવનનું ચિત્ત વિચારના ચકડોળ ઉપર ચડયું હતું. મીલકામદારો ને મીલમાલેકો વચ્ચેનો મતભેદ પગારકાપના સવાલમાંથી બીજા અનેક સવાલોમાં વિસ્તરતો એ કલ્પી શકતો હતો. ફાટેલાં લૂગડાં પહેરેલા, શોષાયેલા વદનવાળા અકાલવૃદ્ધ કામદારો પણ જાણે ધૂળાયલી વાટ કાપતા હતા ને એમની કૂચની રજ ચોપાસ ઉડતી હતી.

એકદા બીજ વૃક્ષને નમાવશે, એકદા મહેનત મૂડીને કાબૂમાં લેશે, એકદા દ્રવ્યોત્પાદનશક્તિ દ્રવ્ય ઉપરનો અધિકાર સ્થાપિત કરશે.

અને એકદા સર્જન, સૃજિતને મનધાર્યું રૂપાંતર આપશે, ત્યારે કોઈ તવંગર ભલે ન હોય, કોઇ ગરીબ તો નહિજ હોય. ત્યારે કોઇ કામદાર નહિ હોય, કોઇ માલિક નહિ હોય, બધા ભાઇઓ હશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એકજ દિશામાં એકસાથે કૂચ કરતા હશે...

પણ ક્યારે......ક્યારે ?

એ વાટ વસમી છે ને માથે વિપત્તિઓ આવશે. કંઇક થાકશે ને કંઇક ભાંગશે, કંઇક હારશે ને કંઇક છેતરાશે.

આસાન નથી એ રસ્તો. એમાંય વેરાયા છે કાંટા; એમાં સંગ્રાહક શક્તિની ઉણપ છે. હજારો વર્ષના પૂર્વગ્રહો, હજારો વર્ષના મતાગ્રહના વારસાઓ, માનુષી સ્વભાવની અવળી ગંગા વહાવે છે, એ ફરજને અધિકારમાં પલટાવે છે, એ શક્તિને સત્તામાં પલટાવે છે...એ......

કંઇ કંઇ વહાણાં વાશે. હજી તો કંઈ કંઇ પલટાઓ આવશે. તોફાને ચડેલા સાગરના સફરી જહાજમાંથી એક પછી એક બોજ ફેંકી દેવામાં આવે તેમ કંઇ કંઇ રૂઢિઓ હજી ફેંકવી પડશે......

ક્યારે થશે એ ? ક્યારે બનશે એ......

જમના અખૂટ લાગતા પંથથી થાકી ગઇ હતી, કંટાળી ગઇ હતી, સહેજ કંટાળાભર્યા અવાજે એણે પૂછ્યું: "પણ હવે આપણા મુકામને કેટલી વાર છે ?"

પ્રાણજીવનના કાનમાં આ સવાલ અથડાયો; પરંતુ એ જમનાએ પૂછ્યો કે બીજા કોઇએ એનું એને જ્ઞાન ન રહ્યું. એના મનમાં વિચારના વંટોળ ચડતા હતા ને એ વિચારોનોજ જવાબ દેવાઇ ગયો એનાથી.

"સોએક વર્ષ પછી."

(તા. ૨૫-૧-૧૯૩૬ના "ફૂલછાબ" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१६–कादवनुं फूल

(१)

"શેર બટાટા શાકથી, અવર કરે અન્યાય;
લાખો રૂપિયા દો છતાં, ડગે ન દુલેરાય."

દુલેરાય ન્યાયાધીશની જાહેર પ્રતિષ્ઠા આવી હતી. દુલેરાયને કોણે, ક્યારે અને કયા મુકદ્દમામાં લાખ રૂપિયા આપવાની વાત હતી એ વિષે ગામમાં ઘણા મત હતા.

કોઇક એમ કહેતું કે, વીરજી શેઠની ત્રણ પત્નીઓના ચાર છોકરાઓ વચ્ચે મિલકતની વહેંચણીનો ઝઘડો થયો અને એ ઝઘડો જ્યારે અદાલતને પડયારે વીરજી શેઠના ખાનગી જીવનના મેલ ધોવા લાગ્યો, ત્યારે ચારમાંથી એક છોકરો મોડી રાતે દુલેરાયને ઘેર ગયેલો અને એને એક લાખ રૂપિયાની નોટો આપવા માંડેલી; પણ દુલેરાયે એ નોટો પાછી ઠેલેલી.

મોટા માણસોની અને અમલદારોની ઝીણામાં ઝીણી વાતોથી પોતે પૂરેપુરા વાકેફ છે, એમ બતાવવાનો કેટલાક અર્ધજવાબદાર માણસોને ખાસ શોખ હોય છે. એવાઓ આ વાતમાં એટલી પૂર્તિ કરતા કે દુલેરાયે જ્યારે નોટો લેવાની ના પાડી ત્યારે નોટ આપનારે એમ કહેલું કે " સાહેબ! શા માટે પાછી ઠેલો છો? મારા જેવો લાંચ આપનાર બીજો કોઇ નહિ મળે." ત્યારે દુલેરાયે એમ જવાબ આપ્યો કે "ભાઇ! તારા જેવો આપનાર મળશે, તોય મારા જેવો ના પાડનાર તને બીજો નહિ મળે."

કેટલાક માણસો જ્યારે એ પ્રસંગની વાત આટલી ઝીણવટથી કરતા, ત્યારે બીજા એમ પણ કહેતા કે એ પ્રસંગ બનેલો ખરો પણ વીરજી શેઠના મામલામાં નહિ, પરંતુ પસા પ્રેમચંદવાળાએ મૂળગર બાવાની પેઢી ઉપર દાવો માંડેલો એ સમયે. એક પક્ષ એવો પણ હતો કે જે એમ કહેતો કે લાખ રૂપિયા પાછા ઠેલ્યાની વાત સાચી, પણ એ અહીં નહિ. દુલેરાય બીજે સ્થળે નોકરી કરતા ત્યારે એ વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનેલી. કોઇક એમ પણ કહેતું કે એ દૂહો મૂળમાં આ દુલેરાય માટે નહિ, પણ બીજા દુલેરાય માટે બોલાયેલો; પણ પાછળથી લોકોએ આ દુલેરાયને માટે લાગુ પાડી દીધો છે-જો કે આ દુલેરાય પણ છે તો એવાજ.

એ તો જે હો તે હો, પરંતુ એટલી વાત તો નિર્વિવાદ હતી કે દુલેરાય ઘણાજ કડક એને ચુસ્ત ન્યાયાધીશ હતા.

સવારે અને સાંજે જ્યારે એ અદાલતે જતા ત્યારે એમની અસ્પર્શ્ય જેવી લાગતી કાયા અને દુર્ધર્ષ દેખાતો ચહેરો એમને જગત-માત્રની જંજાળથી પરવારી બેઠેલા બતાવતા. એમની દુઃસહ આંખો અને ભાવહીન તટસ્થ અવાજ પાંજરામાં ઉભેલા કેદીને ને ખુરશી ઉપર બેઠેલા વકીલને, એના શિરસ્તેદાર અને પોલીસના ફોજદારને વામણાં બતાવતાં.

એ જ્યારે અદાલતના ન્યાયાસન ઉપર બેસતા ત્યારે જાણે શુદ્ધ અને શુષ્ક કાયદો બેઠો હોય એમ લાગતું. ક્ષણભર તો ન્યાયનાં પલ્લાં પણ આટલામાંજ હોવાં જોઇએ એવી જોનારની આંખોને ભ્રમણા થતી.

લોકગણમાં એની પ્રતિષ્ઠા હતી, ગુનેગારોમાં એની ધાક હતી, વકીલોમાં એની છાપ હતી. એવા એ દુલેરાય ન્યાયાધીશ હતા.

ને એમની અદાલતમાં એક મુકદ્દમો ચાલતો હતો.

(૨)

મુકદ્દમાની વિગત એવી હતી કે શહેરમાં મીસ્ત્રીના જીન નામે ઓળખાતું એક કારખાનું હતું. કારખાનાના માલિક તો દૂર હતા ને બીજા અનેકવિધ ધંધાઓ કરતા. કારખાનાના મેનેજર તરીકે નરભેરામ નામના એક જુવાન ભાઇ કામ કરતા હતા. મુકદ્દમો નર-ભેરામ ઉપર હતો. ને કારખાનાના કાયદાનો ભંગ કરીને ઉંમર લાયક નહિ એવા એક છોકરા પાસે કારખાનામાં કામ કરાવવાનો એમના ઉપર આરોપ હતો.

કારખાનાઓના તપાસનીશ અમલદારે માંડેલા આ મુકદ્દમામાં ફરિયાદ પક્ષની જુબાની પૂરી થઇ ગઇ હતી. ફરિયાદપક્ષની સાક્ષી ઉપરથી એટલી વાત ફલિત થતી હતી કે, કારખાનાના તપાસનીશ અમલદારને કોઇ પણ કારખાનાની અગાઉથી જાહેરાત આપ્યા વગર મુલાકાત લેવાનો અને તપાસ કરવાનો કાયદા દ્વારા મળેલો હક્ક છે, એ મુજબ એ અમલદારે એક દિવસે મીસ્ત્રીના જીનની મુલાકાત લીધી હતી. એ મુલાકાતમાં એમણે ભગવાનને જોયો હતો. ભગવાનની ઉંમર એમને કાયદાએ આંકેલી મર્યાદા કરતાં કાચી લાગવાથી એમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના જન્મનું પ્રમાણપત્ર માગ્યું હતું, પરંતુ ભગવાનનું નામ કારખાનાના કામદારોમાંજ દાખલ કરવામાં નહોતું આવ્યું. ભગવાનને પૂછતાં જણાયું કે, એ ૭ માસથી કારખાનામાં નિયમિત નોકરી કરતો હતો. વિશેષ તપાસ કરતાં જણાયું કે, એક અલાહેદું હાજરીપત્રક રાખવામાં આવતું હતું. ભગવાનનો પગાર કાયદેસરના હાજરીપત્રકમાં નથી ઉધારાયો, પરતું કારખાનાના હિસાબી ચોપડામાં ઉધારાયો છે.

દુલેરાય ન્યાયાધીશ પહેલેથી તે છેલ્લે સુધી તટસ્થ અવાજે ફરિયાદપક્ષના સાક્ષીને સાંભળી રહ્યા હતા. એક પણ કોમળ કે કઠોળ રેખા એના તટસ્થ ચહેરા ઉપર નહોતી અંકાઇ.

પાણી પડે એવા એકધારા અને ભાવહીન અવાજે દુલેરાયે આરોપી સામે જોયું.

"તમારે કાંઇ કહેવું છે? તમારા ઉપર તહોમતનામું ફરમાવવામાં આવે તે પહેલાં તમારે કાંઇ કહેવું છે?"

નરભેરામ દુલેરાયના અસ્પર્શ્ય આકારને જોઇ રહ્યો, તપાસનીશ અમલદારનો આત્મસંતોષ જોઇ રહ્યો. "સાહેબ! મને સજા થાય એની મને ચિન્તા નથી, પણ ભગવાનની નોકરી જશે એનું મને ભારે દુઃખ લાગે છે."

કબુતરની પાંખ ઉપરથી પાણી સરી જાય એમ દુલેરાયનો ચહેરો નિશ્ચલ રહ્યો. અદાલતી અવાજે એમણે ફરીને પૂછ્યું:

"તમારે કાંઇ કહેવું છે?"

એક ક્ષણભર આ દુર્ધર્ષ જેવા દેખાતા અને કાયદાની શબ્દપૂજામાં રાચનારા લાગતા ભાવહીન ન્યાયાધીશને એક પણ શબ્દ નહિ કહેવાની નરભેરામને વૃત્તિ થઈ આવી, બીજી ક્ષણે એણે એ વિચાર ફેરવ્યો. આખી વાત પોતાને જેવી લાગી હતી તેવી અદાલતને કહેવામાં એને સારભૂત તો નહિ પરંતુ અજુગતું તો નજ લાગ્યું.

"સાહેબ! આપ ભગવાનને બોલાવીને પૂછી જુઓ તો?"

દુલેરાય જરા વિચારમાં પડયા, સાધારણ રીતે આ શિરસ્તો અખત્યાર નહોતો થતો, પરંતુ તેમ એ શિરસ્તો બાધિત પણ ન હતો. પોતે કાયદાને અમલમાં મૂકવાને આગ્રહી હતા. કાયદાએ સ્પષ્ટરૂપે મનાઇ ફરમાવી ન હોય એવી આરોપીની માગણીઓને સંતોષવામાં એમને શ્રદ્ધા હતી. એવો એમનો અધિકાર હતો અને વૃત્તિ પણ એવીજ રહેતી.

એમણે ફરમાવ્યું: "ભગવાનને બોલાવો. હું એને અદાલતના સાક્ષી તરીકે તપાસવા માગું છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)

દશેક વર્ષનો એક છોકરો સાક્ષીના પિંજરામાં આવીને ઉભો. કેવળ બાળકોના ચહેરાનેજ ઝાંખો પાડી શકે એવી, પોતાના ભવિષ્ય સાથે સીધી નિસ્બત રાખતી વાત પોતે ન સમજતો હોય એવી મૂંઝવણ એના વદનને પ્રશ્નાર્થચિહ્ન જેવી ઉજ્જડ અને વિકળ બનાવી રહી હતી. એની આંખો પહોળી ને જરા ફાટેલી દેખાતી હતી. એના કાળા વાળ વાંકડિયાં ઝૂલફાં થઇને હોળ્યા વગર માથા ઉપર વીખરાયા હતા. સાબુ અને કાંસકી સાથે એને જન્મથી વિયોગ દેખાતો હતો. એનાં કપડાં ફાટેલાં હતાં ને ફાટેલાં કપડાંમાંથી એની કાળી પડી ગયેલી-ભૂખરી થયેલી ચામડી દેખાતી હતી.

એક ક્ષણ-ક્ષણનો પણ અલ્પતમ કાળ-દુલેરાયના ચહેરા ઉપર ચમક આપી ગઇ. એમણે એક કાગળ લઇ એના ઉપર અદાલતી કાગળમાં હોવી જોઇએ એવી ઘડી પાડી. કાગળ પોતાની સામે રાખી-ને હાથમાં કલમ લઇને એમણે પૂછ્યું:

"તારૂં નામ શું છોકરા?"

"ભગવાન!"

"બાપનું નામ?"

"હરિ."

"તને કેટલાં વરસ થયાં?"

"દશ."

છોકરો આટલો બધો માનવસમુદાય અને આનો ભાવહીન દમામ જોઇને થરથરતો હતો.

"છોકરા! ડરીશ નહિ. તારે શું કહેવું છે?"

છોકરો ચૂપ રહ્યો. એને શું કહેવાનું હતું એની એને ગમ ન-હોતી, શું કહેવું જોઇએ એની એને સૂઝ નહોતી.

"તું જીનમાં કામ કરવા જાય છે ને?"

"હા." કામ કરવાનો પણ ગુન્હો લેખાતો હશે!

"તું ભણવા કેમ નથી જતો?"

"ભણું તો પગાર ન મળે."

"તારો બાપ શું કરે છે?"

"મારે બાપ નથી."

"અવસાન પામ્યા છે?" છોકરાને કાંઇ સમજાયું નહિ, એ ટગર ટગર જોઇ રહ્યો.

"તારા બાપ ક્યાં છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરાને હવે સમજાયું. "મારા બાપ મરી ગયા છે."

"તારી બા શું કરે છે ?"

"દહાડીએ જાય છે; કોઇકનું કાંઇક કામ કરે."

દુલેરાય સવાલ પૂછતા જતા હતા ને કાગળમાં કાંઇક સાથોસાથ લખ્યે જતા હતા. પ્રત્યેક સાક્ષીની અક્ષરે અક્ષર જુબાની લખવાની એમની આદત જાણીતી હતી અને વકીલવર્ગમાં ખૂબ ચેપીલી મનાતી. આવા ન્યાયાધીશની પાસે વકીલાતની કાબેલિયત ને દલીલોની તર્કબાજીને કશોજ અવકાશ નહોતો, એ વકીલવર્ગની સદાની જાગ્રત ફરિયાદ હતી.

"તને શું પગાર મળે છે ?"

"૭ રૂપિયા."

"તારી બા તને નિશાળે કેમ નથી મોકલતી ?"

"ભણવામાં પગાર ન મળે."

"તારા પગારનું તું શું કરે છે ?"

"મારી બાને દઉં."

"પછી ?"

બાના હાથમાં પગાર મૂકી દીધા પછી પણ પગારની કાંઇ વિધિ પોતાને કરવાની વાત છોકરા માટે નવી હતી. પશુ જેવી થીજેલી સફેદ આંખે ભગવાન દુલેરાય સામે જોઈ રહ્યો, પરંતુ દુલેરાય નીચું માથું રાખીને કાગળમાં લખતા જતા હતા.

થોડી વાર સુધી અદાલતમાં સૂની શાંતિ છાઇ. ક્યાંય સુધી ભગવાન પિંજરા પાછળ ઉભો રહ્યો. પિંજરાના કઠેરા ઉપર ભાગ્યેજ એના માથાના ઉંચા વાળ પહોંચતા હતા. એ પિંજરાની લાકડાની પટીઓ વચ્ચેની જગ્યામાંથીજ જોઇ રહ્યો હતો ને જવાબ આપી રહ્યો હતો. પિંજરે પુરાયેલા સસલા ઉપર વિજ્ઞાનશાસ્ત્રીઓ સસલાંને ન સમજાય એવી ભાષામાં વાર્તાલાપ કરતા હોય એવું એ દશ્ય લાગતું હતું. ભગવાનની ચમકેલી આંખો, અસૂઝ દહેશતથી તંગ બનેલો ચહેરો એને દૂબહૂ સસલાં જેવોજ બતાવતાં હતાં.

થોડી વાર પછી ભગવાને પૂછ્યું: "હવે મારાથી નહિ જવાય ?"

એ સવાલ, એ સવાલના ધ્વનિથી અદાલતમાં ન સમજાય એવું વાતાવરણ છાયું. જંગલમાં વહેતું નાનુંશું ઝરણું જાણે કે એનું વહન રોકી બેઠેલા ઝાડના ચરણ ચૂમીને માર્ગની આજીજી કરતું હતું.

દુલેરાયે કાગળમાંથી ઉંચું જોયું, સાક્ષીના પિંજરામાં ઉભેલા છોકરાને જોયો. નરભેરામ ઉપર એની આંખ ઠરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ફેંસલો કાલે' કહીને દુલેરાય ઉઠીને પોતાના અલાહેદા ઓરડામાં ચાલ્યા ગયા.

અદાલત કોલાહલ સાથે વીખરાવા માંડી. શિરસ્તેદારે ઉઠીને દુલેરાયના કાગળો સરખા કરવા માંડયા. એના ચહેરા ઉપર તાજુબી છાઈ. દુલેરાયે કાગળમાં છોકરાની જુબાનીનો એકેય અક્ષર નહોતો લખ્યો; માત્ર આડા ઉભા લીટાઓજ કર્યા હતા.

(૪)

દુલેરાય પોતાને ઘેર ગયા. અદાલતમાંથી આવીને નીચે પરસાળમાં ચાહ પીવાનો અને ચાહ પીતાં પીતાં કુટુંબના ખબર–અંતર પૂછવાનો એમનો નિયમ હતો. નિયમપૂજક દુલેરાય આજે નિયમને ભૂલી ગયા, એ સીધા પોતાની મેડી ઉપર ચડી ગયા.

એમના નિયમભંગથી એમના સ્વાસ્થ્ય વિષે ચિન્તાતુર બનેલી પત્નીની મોકલી એમની પુત્રી ઉપર ચાહનો પ્યાલો લઇને ગઈ. દુલેરાય કપડાં ઉતારીને હીંચકા ઉપર આડા પડયા હતા.

"બાપુ શરીર સારૂં નથી ?" પુત્રીએ પૂછયું.

"મને ઠીક છે."

"ચાહનો પ્યાલો મૂકું છું."

"ભલે."

પુત્રી નીચે ચાલી ગઇ, પિતાના સ્વભાવ અને નિયમ બન્નેથી વિરુદ્ધનું આજનું વર્તન જોઇને પુત્રીને ચિન્તાભરી નવાઇ લાગી હતી, પરંતુ પિતા સન્મુખ એ બતાવવામાં પુત્રીને કાંઇ લાભ નહોતો દેખાયો. પુત્રી ચૂપકીથી નીચે ગઈ. દુલેરાય એકલા રહ્યા.

દુલેરાયના હૃદયમાં અસ્વસ્થતા હતી. ઉંડી ઉંડી ખીણમાં ઉતરતાં જીવ જેવી કળતર અનુભવે છે એવી ઉન્હી કળતર એમના પેટમાં થતી હતી. પોતાના દિવાનખાનામાં પોતાની વિધવિધ તસ્વીરો ઝૂલતી હતી. એના ઉપર એની આંખો જોતી, છતાં આંખોમાં જાણે એ સમાતી ન હોય એમ દેખાતું હતું.

આ કડક, આગ્રહી અને એકમાર્ગી ન્યાયાધીશની આંખથી પેલાં ગૂંચળાંવાળા વાળવાળો ને થાજેલી સફેદ ને પહોળી આંખોવાળો છોકરો ખસતો ન હતો. સાક્ષીના પિંજરામાં એ જ્યારે ઉભેલો હતો ત્યારે અદાલતના સાક્ષી કરતાં પશુસંગ્રહસ્થાનમાં પુરાયેલા કોઇ અબુધ ને ચમકેલા સસલા જેવો લાગતો હતો. એની પહોળી પહોળી આંખો પિંજરાની પટીઓ વચ્ચે થઇને એની સામે તગતગી રહી હતી– જાણે કે એને સવાલ પૂછતી હતી. કેવો હતો એ છોકરો ! એ છોકરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો કે સભીક સમાન અનાથતાનો હાડપૂંજ હતો ?

હૃદયની આંતરગુહાનાં જાણે દ્વાર ઉઘડયાં ને અગોચરમાં રહેલી કંદરાઓમાં જાણે સ્મૃતિનાં ધૂમ ચડયાં. કોઇ જાદુગરે શીશામાં પૂરેલું ભૂત શીશો ઉઘાડતાં જેમ ધૂમરૂપે બહાર નીકળે ને હવામાં આકાર રચે તેમ હવામાં એણે કંઇક આકાર રચાતો જોયો. સ્થળ, કાળ, દિશા તમામની મર્યાદાઓ જાણે લોપાઇ ગઇ. સ્થૂળ ચક્ષુઓ એ અપાર્થિવ આકૃતિને જોઇ રહ્યાં.

એણે જોયો—એક નવેક વર્ષનો બાળક ! ફાટેલાં લૂગડાં, મેલાં લૂગડાં, તેલ અને કાંસકીના આજન્મ અપરિચયે એના વાળ ભૂરા, ભૂખરા ને ચીંથરા જેવા થઇ ગયા હતા. એનો ચહેરો સદા રડતો દેખાતો. ફાટેલાં લૂગડાંમાંથી એના હાડપિંજર જેવા દેહનાં હાડકાંના ખૂણા દેખાતા. એવો એ છોકરો હતો.

વહેલી સવારે ઉઠીને એ હોટેલમાં જતો. ત્યાં ત્રણ રૂપિયામાં એ નોકરી કરતો. છેક વહેલી સવારેથી તે મોડી રાત સુધી એ સંચાની પૂતળીની જેમ કામ કરતો. પાણી ભરતો, વાસણ માંજતો, બળતણ લાવતો, પ્યાલા સાફ કરતો, દુકાન વાળતો,......ને...ને...

એને ત્રણ રૂપિયા મળતા. ત્રણ રૂપિયા એ ઘણીજ નાચીજ રકમ છે. ઘણા માણસો એક કાચી મિનિટમાં ત્રણ રૂપિયા વાપરી નાખે છે. ઘણા માણસો એટલી રકમ કાં તો ટોપીમાં, કાં તો લાકડીમાં ને કાં તો જોડામાં વાપરી નાખે છે. ત્રણ રૂપિયા ઘણીજ નજીવી રકમ છે...પણ ઓહ ! એને તો એ કેટલી મૂલ્યવાન દોલત હતી.

દર મહિને જ્યારે એનો શેઠ પગારની રકમ એના હાથમાં મૂકતો ત્યારે એને આનંદની ચીસ પાડવાનું દિલ થઇ આવતું. અડધો મણ બળતણનો ભાર ઉપાડનાર એ છોકરો ત્રણ રૂપિયાનો ભાર નહોતો ઉપાડી શકતો ! નાચતો કૂદતો એ ઘેર જતો ને કોઇ દરબાર લાખપસાવ આપે એના કરતાં પણ વધારે આત્માભિમાનથી એ ત્રણ રૂપિયા એની બાના હાથમાં મૂકી દેતો.

એને બા હતી. બાપને એણે જોયો નહોતો. બા ગામમાં પાણી ભરતી, પાડોશીનાં દળણાં દળતી, અથાણાંની ઋતુમાં મરચાં ખાંડતી, કપાસની ઋતુમાં કપાસ ફોલતી, ને...ને...બે માણસનું ગુજરાન એ કેમ ચલાવતી એ કોને ખબર ? ને...ને... એમાં એ છોકરાના ત્રણ રૂપિયાનું સ્થાન કેવું અને કેટલું હતું એ કોણ કહી શકે ? જેમણે થીગડામાંથી વસ્ત્ર ને કજોસણમાંથી ધાન્ય નીપજાવવા પ્રયાસ નથી કર્યા એ એવી બાબત ઉપર કેમ અભિપ્રાય આપી શકે ? નિશાળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાખાનું, સ્ટેશન, ટપાલ ઓફીસનાં, એ છોકરાએ દૂર દૂરની–બીજાજ કિસ્મતના માનવીઓ માટેની અપ્રાપ્ય વસ્તુઓ તરીકે નામ-માત્ર સાંભળ્યાં હતાં.

પોતાની ઉંમરનાં કોઈ બાળકને હાથમાં દફતર લઇને ભણવા જતાં એ જોતો ત્યારે એ ઉજ્જડ આંખે એને જોઇ રહેતો. એકને ભણવાનું ને બીજાને હોટલમાં ચૌદ કલાક કમરતોડ ચાકરી કરવાનું કેમ એ એને સમજાતુંજ ન હતું. એ સમજવાનો એને કોઈ વિચાર પણ જાણે નહોતો થતો. એ એને સ્વયંસિદ્ધ અને સ્વયંનિર્ણિત વસ્તુ ભાસતી હતી.

ને એક દિવસે એને હોટલમાંથી રજા મળી. એના કરતાં મોટી ઉંમરનો ને વધારે મોટો છોકરો હોટલવાળાને એટલાજ પગારમાં મળતો હતો. ને હોટલવાળાને એ ફેરબદલી કરવામાં કાંઇ વિચાર કરવા જેવું લાગ્યુંજ નહિ. કંગાલિયત ! કંગાલિયતનો વિચાર શા માટે કરવો ? આ જગતમાં પોતપોતાના સ્થાનમાં તો અનેકાઅનેક કંગાલો વસે છે. જગત આખુંજ કંગાલ છે !

આંખોને હાથના આંગળા વતી દાબીને દુલેરાય પડયો રહ્યો. એ છોકરો...એ હોટેલ... એ જીવન... છોકરાની રેખા હવામાં જાણે ધ્રુજવા લાગી. મુખરેખા જાણે પલટાવા માંડી. ને...ને... દુલેરાયે એ છોકરાની રેખાઓમાં પોતાનીજ રેખાઓ પારખી.

ભાગીરથી નદી સમા પોતાના જીવનનાં આ મૂળને દુલેરાય જોઇ રહ્યા હતા. એના માનવચક્ષુએ ચાળીસ વર્ષનો ભૂતકાળનો અંતરપટ વીંધ્યો હતો. કિસ્મતના અનેક પલટાઓ થયા પહેલાં એનું જીવન આવુ હતું.

મૂક અને મૂઢ જેવો બનીને દુલેરાય હીંચકા ઉપર બેસી રહ્યો.

(૫)

વળતે દિવસે દુલેરાય ન્યાયાધીશ પોતાના આસન ઉપર બેઠા. નરભેરામ ત્યાં હાજર હતા, ભગવાન ત્યાં હાજર હતો. કારખાનાના તપાસનીશ અમલદાર પણ ત્યાં હાજર હતા.

દુલેરાયે ફેંસલો ફરમાવતાં કહ્યું:

"આ કેસ કમનસીબ છે, કાયદેસર કાચી ઉંમરના બાળકોને કારખાનામાં નોકરીએ રાખવાના કાર્યને ગુન્હો લેખાય છે.

"પરંતુ કારખાનાઓ સિવાય બીજે સ્થળે ગમે એટલી કાચી ઉંમરનાં બાળકો કામ કરે ત્યાં કાયદો કાંઈ કહેતો નથી. એ રીતે જોતાં કારખાનાનો કાયદો જેટલે અંશે કારખાનાંઓ વચ્ચે હરિફાઇનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષેત્ર મર્યાદિત કરે છે એટલે અંશે બાળકોનો હિતસાધક નથી.

"બાળમજૂરી નિંદનીય છે. જ્યારે બાળકો રમવા જોઇએ, માનસિક વિકાસ સાધવા જોઇએ, જગતના બાગમાં ફૂલ માફક ખીલવાં જોઇએ, સ્વૈરવિહાર કરી શકવાં જોઇએ ત્યારે એમને મજૂરી કરવી પડે, ત્યારે એમને રળવા જવું પડે એ એમને માટે, પ્રજાને માટે, દેશને માટે શાપ સમું છે.

"પરંતુ આને માટે ગુનેગાર કોણ? એમને કંગાલિયતના ઓથારમાં ચંપાઈ જતા એમને અટકાવી નોકરી આપતા માણસો કે બાળકોને નોકરી કરવા જવું પડે એવા પ્રકારનું તંત્ર રચનારાઓ? બાળકોને નોકરી આપવાના ગુન્હા માટે જો કોઇને સાચી સજા ઘટતી હોય તો એ બાળકોનાં માબાપોને બાળકોને નોકરીએ મોકલવાની સ્થિતિમાં મૂકનાર વર્તમાન અર્થતંત્રના પ્રબંધનિર્માતાઓનેજ થવી જોઇએ છે.

"કાયદાના શબ્દાર્થનો અમલ કરવાની મારી ફરજ હોઇ હું નરભેરામને ચેતવણી આપું છું કે હવેથી એમણે જીનમાં બાળનોકરો નહિ રાખવા. આથી વિશેષ સજા કરવાનું મને ઉચિત નથી લાગતું."

દુલેરાય ઉભા થયા. નરભેરામ સામે જોઇને તેઓ બોલ્યા: "અલબત્ત, કારખાનાની અલાહેદી ઑફિસમાં તમે ભગવાનને નોકર રાખી શકો ખરા."

અને ન્યાયાધીશ પોતાના ઓરડામાં ચાલ્યા ગયા.

ન્યાયાધીશના આવા વિચિત્ર વર્તનથી ક્ષુબ્ધ બનેલા વકીલવર્ગના કચવાટનો પાર ન રહ્યો: "આ સામે અપીલ કરવી જોઇએ. આમાં ચુકાદાની ભાષાજ નથી."

(તા. ૧૨–૧૦–૧૯૩૫ના "ફૂલછાબ" માંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭–ગોવિંદનું ખેતર

(લેખકઃ–શ્રી. “ ધૂમકેતુ ”)

નીલી નાઘેરમાં નદીના કિનારાપર ગોવિંદનું ખેતર હતું. ગોવિંદના પિતા રઘુનાથ મહારાજ રાજપુરમાં પ્રસિદ્ધ પુરુષ લેખાતા. વેપારી આલમના સરદાર તરીકે એમનું નામ આસપાસનાં બે–ચાર ગામમાં મશહૂર હતું. ભોળા અને ભલા ખેડુતોની ધીરધાર આ કામદારને ત્યાં થતી, અને રાજપુરના ભંગીથી માંડીને ત્યાંના ભાયાતી દરબાર જેવા મુળુભા સુધી સૌ રઘુનાથ મહારાજની સુવાસને ઓળખતા. ઘણી વખત સાધારણ કજીઆ એમની હાજરીની શેહમાંજ દબાઇ જતા. રાજપુરના ધર્મમંદિરમાં, ચોરામાં, હનુમાનની દેરીમાં ને ઝાંપામાં, બધે સ્થળે જ્યારે જ્યારે કોઇ નવો પ્રશ્ન આવે, કાંઇક અડચણ પડે કે અસાધારણ વાત બને કે તરત રઘુનાથ મહારાજ એનો નિકાલ લાવવાના.

રાજપુરમાં એ સૌના ગુરુ પણ હતા. કંકુ પટલાણી, ધનુ રબારણ ને સંતોક શેઠાણી, એ ત્રણને હમેશ ને હમેશ નવ ગ્રહમાંના એકાદની પીડા તો રઘુનાથ મહારાજને દ્વારે મૂકવાની હોયજ. શ્રદ્ધા હશે કે અજ્ઞાન, પણ એના જ્યોતિષથી સારૂં થઇ જતું. સવારમાં દિવસ ઉગતાં રઘુનાથ નદીએ નાહીને પોતાનું મજબૂત ગોળ મટોળ શરીર ચંદનથી શોભાવતા, ‘જય નીલકંઠ’ કરતા મંદિરમાં જતા. એમનો સાદ પણ ખાસ્સો ઘાટો ઘેરો; ઘેર બે–ચાર ભેંશ, ખેતર–વાડી અને બે–ત્રણ ગામમાં જામેલી જૂની પ્રતિષ્ઠા. અરધો કામદાર જેવો, અરધો શેઠ જેવો, ગામના ગુરુ જેવો ને નાનાંમોટાં સૌને મીઠો લાગતો આ પૂજ્ય પુરુષ રાજપુરમાં સુખી હતો ને એને લીધે આસપાસનાં ત્રણ–ચાર ગામડાં પણ સુખી હતાં.

રઘુનાથ મહારાજે પોતાના ગોવિંદને શહેરમાં ભણવા મોકલ્યો હતો. રાજપુરની નાનીશી સરહદમાં ગોવિંદ ચાર અંગ્રેજી ભણ્યો ત્યાં તો એની કીર્તિ પ્રસરી ગઇ. ગોવિંદની મા નાનપણથી નહિ, એટલે એનામાં કાંઇક લાડનું અભિમાન વધારે હતું. ગામડિયાઓને તાજુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીમાં તરબોળ કરે એવાં 'હોરેશ્યસ'નાં પાનાં બે પાનાં તે ક્યારેક વાંચતો. તેને સૌ વખાણતા, કારણ કે વખાણનારૂં મંડળ તદ્દન અજ્ઞાન હતું. ગોવિંદ ચોથી અંગ્રેજીમાં પાસ થયો. જો કે એને તો વર્ગ ચડાવવામાં આવ્યો હતો, પણ પરીક્ષાની આ જાદુભરી જુદાઇ ગામડિયાના ભેજામાં આવે તેમ હતું નહિ. તે દિવસે રઘુનાથ મહારાજે મોટી મીજબાની જેવું કર્યું; જો કે શાક ભીંડાનું હતું, અથાણું ચીભડાનું, ને મુંબાઈનાં 'સંતરાં મોસંબી'ની ગંધાતી બદબોને બદલે મગની તાજી શીંગો ને તાજગીભર્યા શેરડીના સાંઠા હતા. એનીજ વાડીમાંથી લાવેલાં બોર ને દાડમ પણ ખરાં. ગામડિયા આ મેવામાં અનહદ આનંદ ભોગવી રહ્યા હતા.

ગોવિંદ પરણ્યો. ત્યાર પછી રઘુનાથ મહારાજ પોતાના પુત્રને બહુ વાર મદદરૂપ ન થઇ શક્યા. એમનું વૃદ્ધ શરીર લથડ્યું. ગોવિંદ ત્યારે છઠ્ઠી અંગ્રેજીમાં હતો. એનું મન પણ પરણ્યા પછી અભ્યાસમાંથી ઉઠયું હતું, એટલે વૃદ્ધ પિતાની હાજરીમાં રહેવા માટે તેણે અભ્યાસને તિલાંજલિ આપી. ન આપી હોત તો પણ ગાડું હવે અટકે તેમ હતું. થોડા દિવસ પછી રઘુનાથ મહારાજ દેવ થયા, ને ભર્યા ઘરમાં ગોવિંદ અને તેની ભાગીરથી બંને બિનઅનુભવી રહ્યાં.

ગોવિંદમાં અપૂર્ણ અંગ્રેજી જ્ઞાનના ને શહેરી જીવનના દોષ ધીમે ધીમે ઘર કરી બેઠા હતા. ભાગીરથી પણ આ ગામડામાં રસ ભર્યો છે એવું સમજતી નહિ.

પરોઢિયે રબારી ઢોરને 'પહર'માં લઇ જવાની બૂમ પાડે ત્યારે પોતે નવ વાગ્યે પથારીમાંથી બેઠો થઈ મહારાજને દાતણની બૂમ પાડતો તે હૉસ્ટેલના દિવસો ગોવિંદને યાદ આવે ! ભાગીરથીનો નવરંગી સાળુ ભેંસના છાણમાં જરાક બગડે તો એનો આખો દિવસ બગડતો. ગામડા ગામમાં તો પાંચ વાગ્યે ઘંટીના ઘેરા નાદ વચ્ચે ઝીણા સૂરની હલક જામતી હોય; છ–સાત ન વાગે ત્યાં દધિમંથનના સ્વરથી ફળીએ ફળી ગાજતું હોય, પણ ભાગીરથીની વાંકી સેંથી, ગોવિંદના ખમીસનો અક્કડ કફ, ઝીણું ધોતીઉં કે નવરંગી સાળુ એમાંનું કાંઈ પણ બગડે એ કેમ ખમાય ? શહેરી જીવનની ટાપટીપના મોહમાં પડેલ આ દંપતીને ગ્રામ્ય જીવન ખૂંચવા લાગ્યું. સવારની તાજી સુગંધી છાશ, મીઠું ગોરસ ને ઈંદ્રને દુર્લભ દૂધ–આ ચીજો ચાના કપને બદલે ઘરમાં અથડાતી જોઇ ભાગીરથી તો અરધી થઇ જતી.

ક્યાં હૉટેલ, મોટર, ચેવડા ચા ને સુંદર બાગ ને ક્યાં તાજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાશ! ગાયના સ્વર ને વડનો મીઠો છાંયો! ગોવિંદને લાગ્યું કે જો પોતે ગામડામાં બહુ દિવસ ગાળશે તો સમાજમાં બહુ પચ્છાત રહી જશે. વર્તમાનપત્ર પણ રાજપુરમાં ક્યાંથી? ને જાહેર સભા? બે ચાર પટેલિયા, એક-બે શેઠિયા ને ચાર પાંચ નાગાં છોકરાં ચોરાને ઓટલે બેઠાં હોય એ રાજપુરની જાહેર સભા! શહેરની જાહેર સભાના ધમપછાડા, ઢોંગ ને દંભ ત્યાં ન મળે. શબ્દના ઠરાવ નહિ ને ખોટાં અનુમોદન નહિ. અહીં તો બે-ચાર પટેલિયા મળી વાત કરે કે ગોંદરામાં અગિયારશે ખડ નાખવું છે, ને બકરાંને દૂધ પાવું છે કે ઠરાવ પસાર થાય. એમાં પ્રવૃત્તિની ધમાલ ન મળે. સાદી વાત ને સાદું વર્તન. ગોવિંદના ચશ્મામાં આ બધું માઠું ભાસ્યું, ને તેણે ગામડામાંથી જેમ બને તેમ જલદી ઉપડવાનો નિશ્ચય કર્યો. ગ્રામ્ય જીવનની ખોડખાંપણને સમારી એમાંથી દરેક પળે તંદુરસ્તી ને રસ ખેંચવાને બદલે શહેરના ઉપરના ભભકામાં અંજાઇ જવાથી ગોવિંદને દરેક પળે એ ગામડું ખુંચવા લાગ્યું. તેણે ગામડામાં હિસાબ પતાવાનું કામ શરૂ કર્યું. રઘુનાથ મહારાજની પ્રમાણિકતા ને ચારિત્રબળ એવાં વિખ્યાત હતાં કે એનું બધું લહેણું પતી ગયું. ગોવિંદ તથા ભાગીરથી હવે શહેરમાં જવાની તૈયારી કરવા લાગ્યાં. 'ભગરી' ભેંસ, 'કલ્યાણી' ગાય, વાછરડાં ને ઘોડી; પોતાનું સુંદર ફળી, વાલોળનો માંડવો ને તુળશીનો ક્યારો; એક ધોળી બિલાડી, પારેવાને પાણી પીવાનું કૂંડું, ગલના છોડ ને અજમાનાં પાનનાં કૂડાં બધુંજ ગોવિંદે કંઇ પણ અફસોસ વિના છોડયું. એનું ચિત્ત શહેરની ભભકાભરી જીંદગીમાં એવું ચોંટયું હતું કે કોઇ વસ્તુ એના હૃદયને સ્પર્શી શકી નહિ.

ગાડામાં બેસી ગોવિંદ રવાના થયો. સૌ દૂર સુધી વળાવીને પાછા ફર્યાં. એટલામાં ગોવિંદે પોતાના પિતાના વૃદ્ધ મિત્ર નારણ ભટ્ટને આવેલ જોયા.

"ગોવિંદ! જાય છે? બાપુ! ગામડું સંભારજે હો."

"હા કાકા! કાંઇ ગામ ભુલાય છે?" ગોવિંદે વિવેકના શબ્દો બોલવા ઘટે તે વાપર્યા.

"હિસાબ બધો ચૂકતો કર્યો?"

"હા કાકા."

"ને ઢોરઢાંખર?"

"મુળુભાને વેચાતાં આપ્યાં."

નારણ ભટ્ટના પેટમાં ટાઢો શેરડો પડયો. ગામડાના માણસોને ઢોર વેચતાં જીવન વેચવા જેવું લાગે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક બેટા! તને ગમ્યું તે સાચું! ખેતર-વાડી?"

"કલ્યાણ પટેલને અધભાગે વાવવા દીધાં."

નારણ ભટ્ટની આંખમાં આંસુ આવ્યાં. રઘુનાથનો વિયોગ આજે ખરો લાગ્યો; પણ ભાગીરથી ને ગોવિંદ ગામડાના જીવનની મશ્કરી કરતાં આગળ ચાલ્યાં. મીલનાં ભુંગળાં, મોટરના ભોંકાર ને માણસોની જબ્બર ધમાલ વચ્ચે પહોંચ્યાં ત્યારે એમને લાગ્યું કે હવે પોતાના જીવનમાં કાંઇક જોમ આવે છે.

શહેરમાં ગોવિંદે જીવન શરૂ કર્યું. બે ચાર દિવસ આંટા મારી રેલ્વેની ઑફીસમાં કારકુન તરીકેની નોકરી ગોવિંદે લીધી. રાજપુરના મીઠી તાજગીભરેલા જારના અને વણના ખેતરમાંથી પસાર થતાં જે અકથ્ય સુગંધી પૃથ્વીમાંથી છૂટતી, એને સ્થાને અમદાવાદની સાક્ષાત્ નરક જેવી બદબોભરેલી પોળમાંથી ગોવિંદ હમેશાં અગિયાર વાગે જતો ને પાંચ બજ્યે આવતો. આટલી ગુલામી સ્વીકારીને તેણે પોતાની શહેરી તરીકેની ઇજ્જત સાચવી લીધી! ને ભાગીરથીનો પેલો નવરંગી સાળુ ભેંસના છાણને બદલે હવે ગટરની દુર્ગંધી પામવા લાગ્યો! ભાત, દાળ, રોટલી ને ગંધાતું શાક, એ ખાતાં ખાતાં શહેરી જીવન વીતવા લાગ્યું.

આજકાલ કરતાં પાંચ વર્ષ વીતી ગયાં. ભાગીરથીના સાડલા રંગવામાં, લિપ્ટનના ડબામાં, ક્યારેક કૉફી, કોકો ને બિસ્કિટમાં ને વખત મળે તો હૉટેલની મરકીમાં ગોવિંદના ટુંકા પગારનો મોટો ભાગ વપરાઇ જતો, ને તેથી જીવનરસાયન પદાર્થોને બદલે જીવન ટકે તેવા પદાર્થ પણ ન મળ્યા. એવામાં ભાગીરથીને એક છોકરો આવ્યો. પછી તો વિટંબના વધી. નવી માતા જૂની સાસુ પાસેથી કાંઇ તાલિમ તો મેળવી શકી ન હતી એટલે પાછો બાલામૃતનો ખર્ચ આ ગરીબ કારકુનના બજેટમાં વધ્યો. ધીમે ધીમે જીવનનો શ્રમ એટલો વધ્યો કે ગોવિંદને ક્ષય લાગુ પડયો.

દરેક કારકુનની સ્ત્રી હોય છે તેમ ભાગીરથી બહારની ટાપટીપમાં એટલો સમય ગાળતી કે ઘરમાં વ્યવસ્થાને બદલે દરેક જગ્યાએ કાંઈ ને કાંઇ ચીજ રખડતી હોય. બિચારી સમજે ક્યાંથી કે હૉટલનાં જલેબી ને ભજીયાં એ છોકરાને ઝેરનો પ્યાલો આપવા બરાબર છે. એનો પડોશી ધર્મ પણ એટલો વિશાળ હતો કે એનું ઘર સૌ નવરાનું વિશ્રાંતિભવન હતું. ભાગીરથી ધીમેધીમે ગ્રામ્યજીવનનો વ્યવહાર ભૂલી શહેરી જીવનનો ભભકો ને કર્કશતા ખીલવતી ગઇ.

આજે હવે ગોવિંદ ધીમા બળતા દીવા સામે જોઇ રહ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે રગટીંટિયા જેવો હરિપ્રસાદ ને ભાગીરથી ગ્લાનિભર્યાં બેઠાં છે.

'નરહરને કીધું ?' ઝીણા દુ:ખભર્યા અવાજે ગોવિંદ બોલ્યો 'તેણે રાજપુર તાર કર્યો ?'

'હા.' ભાગીરથીએ જવાબ વાળ્યો. આ બધી સ્થિતિથી અજ્ઞાન બાળક એની માતાના ખોળામાં રમી રહ્યું હતું.

નરહર ગોવિંદ જેવો બીજો કારકુન હતો. શહેરમાં સૌ કારકુન ને ભાકુત છે. માલીક ને શેઠ લૂંટારા, ને તેમનીજ પાડોશમાં ભુખ્યા ને દુ:ખી કારકુન ને ભાકુત. આ શહેર !

એટલામાં બારણું ખોલીને એક ફાંકડા જેવો જુવાન દાખલ થયો; એ નરહર પોતેજ હતો.

"ઓહો ! હરિપ્રસાદજી !" તે છોકરા સામે જોઈ બોલ્યો, પછી ગોવિંદ સામે જોયું: "કાં કેમ છે ? આજ તો 'ફિવર' નથી ના ?"

"શરીર સહેજ ગરમ છે." ગોવિંદે કહ્યું.

"એ તો સાળું અમદાવાદની 'હીટ;' તોબા !"

ગોવિંદે ઉધરસ ખાધી. નાનો હરિપ્રસાદ ભાગીરથીની સાડી ખેંચીને રમતો હતો.

"તેં તાર ક્યારે કર્યો ?"

"આજ બે દિવસ થયા." નરહર એક ખુરશી ખેંચી ગોવિંદ પાસે બેઠો: "આજના સમાચાર જાણ્યા ના ?"

"શું છે ?" ગોવિંદે આતુરતાથી પૂછ્યું.

"બીજું શું ? આખો 'સ્ટાફ' વિરુદ્ધ છે, સાળાને એકલાંજ હોઇયાં કરવું છે; કેમ જાણે બીજાંને પેટ ન હોય !"

'હં.' ગોવિંદે ટુંકો જવાબ વાળ્યો. બીજું કાંઇ બોલે ત્યાં ઉધરસ ખાવી પડી.

આ વખત દ્વાર ખુલ્યું, ને બ્રાહ્મણો બાંધે છે તેવી ગોળમટોળ ચીંથરિયા પાઘડીવાળો એક બ્રાહ્મણ દાખલ થયો. એના એક હાથમાં ડાંગ ને ખભા પર ખડિયો હતો, ને બહુ જતનથી સાચવેલું ચંદનનું ટીલું કપાળમાં હતું. નરહર જરાક આડું જોઇ હસ્યો, ત્યાં બ્રાહ્મણ-ની પાછળથી કોઇ વિચિત્ર ખેડુતનો જાડો અસંસ્કૃત સ્વર આવ્યો. "કાં, ગોવિંદભાઇ ! કાંઇ ઓળખાણ પડે છે ?"

નરહર બોલનાર સામે જોઇ રહ્યો. એના કાઠિયાવાડી જાડા વેષ-માં ને ચહેરા પર જન્મસિદ્ધ ભલમનસાઇનાં ચિહ્ન હતાં. પણ કાર-કુનની નજર એવું જોવા કેળવાએલી ન હતી. તે ગોવિંદ સામે જોઇ અંગ્રેજીમાં બોલ્યો: "કદાચ રાજપુરનાં માણસ હશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદ બંનેને જોતાં સફાળો બેઠો થયો. "ઓહો! કાકા, કલ્યાણ પટેલ! આવો આવો. તમને ભૂલું?"

એટલામાં નારણ ભટ્ટ ખડિયો નીચે મૂકીને આગળ વધ્યા: "અરે ગોવિંદ! બેટા! તારા આ હાલ? શું માંદો છે?" નરહર સૌને વાતોએ ચડયાં જોઇ ધીમેથી સરકી ગયો. શહેરમાં પાડોશીધર્મ આવી રીતે સમાપ્ત થાય છે.

"કાકા!" ગોવિંદની આંખમાં આંસુ આવ્યાં: "હવે આ છોકરાને જાળવજો!"

"અરે કાંઇ ગાંડો થયો છે? આવો કલ્યાણ પટેલ! આવો; ગોવિંદ પાસે આવો."

કલ્યાણ પટેલ આગળ વધ્યા: "ઓહો ભાઇ! બહુ લેવાણા છો?" ભોળા અને ભલા કણબીએ રૂપિયાની થેલી આગળ ધરી. "જુઓ, તમે તો હિસાબ ન કર્યો, પણ અમારે પાછું બીજે અવતાર ભર્યે છૂટકો. આ તમારા અરધિયાણ ભાગનું મૂલ."

બીજે દિવસ સૌએ સાથે સંતલસ કરી. એમ ઠર્યું કે ગોવિંદે રાજપુર આવવું. ગોવિંદ રજા લેવા ગયો. બડા સાહેબના બાંકા શરીરમાં વક્રતા ઘણી હતી. એણે કહ્યું કે હમણાં કામની ખેંચ છે; રજા ન મળે.

"પણ સાહેબ! આ સવાલ મારી જીંદગીનો છે."

"જીંદગી કરતાં પણ આ કામ વધારે ઉપયોગી છે, રજા નહિજ મળી શકે."

ગોવિંદ હતાશ બની પાછો ઘેર આવ્યો. "સાહેબ ડિસમિસ કરશે!" તેણે નિરાશાભર્યા સ્વરે નારણ ભટ્ટને કહ્યું.

"શું કીધું?" નારણ ભટ્ટ સમજ્યા નહિ.

"ડિસમિસ કરશે."

"ડામેસ કરશે, એમ ના?"

"હા."

"ત્યારે બેટા! પાછો રાજપુર ભેગો થા. એવા પાંચ સા'બ ઘડીભર થંભી જાય એવા ઘોડાપુર મોલ જામ્યા છે! જ્યાં સુધી તરકોશી વાડી છે ત્યાંસુધી અભરે ભર્યા છે."

પણ ગોવિંદના નોકરીમય જીવનમાં તો 'ડિસમિસ' ની ગડમથલ જામી રહી હતી. આવા યાંત્રિક જીવનમાંથી રસાયન ઉડી જઈ એકલો ધારા–ધોરણનો જથ્થો રહે છે. પરંતુ રાજપુરના જાહેર જીવનવગરના ગામડિયાઓમાં સ્વાધીનતાનો જુસ્સો હતો. તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારકુનને તેજ કર્યો.

બીજે દિવસે સહુ રાજપુર તરફ ચાલ્યા. ગોવિંદ રાજપુરમાં તો આવ્યો; પણ શહેરી જીવનનું ઝેર એવું રગેરગમાં વ્યાપી ગયું હતું કે હવે તેની તંદુરસ્તીમાં ફેરફાર થવો અશક્ય હતો. નરહરનો કાગળ એવો હતો કે સાહેબે ડિસમિસ કર્યો છે, છતાં માણસનો ખપ છે માટે રાખશે. ગોવિંદે જવાબ લખ્યો કે હવે હું નોકર નથી ને કોઇએ નોકર રહેવું નહિ. જમીનના કકડામાં જેટલું જીવન છે તેટલું બીજા કશામાં નથી.

ત્યાર પછી થોડા માસે જીવનની મુસાફરીનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો. ગોવિંદને એકજ નિરાંત હતી કે પોતાનાજ ગામમાં કુટુંબને રક્ષણમાં મૂકી પોતે જાય છે.

"કાકા ! કલ્યાણ પટેલ !" ગોવિંદે કહ્યું: "હવે હું જાઉં છું. અને આ તમને સોંપ્યાં."

થાપણનો ને હાથ ઝાલવાનો રિવાજ જેવો ગામડામાં સચવાઇ રહ્યો છે તેવો જબરદસ્ત શહેરમાં પણ સચવાતો નથી; ને તેથીજ તો શહેરમાં 'અનાથાશ્રમ' નો રિવાજ છે; જ્યારે ગામડામાં બંધુત્વની ભાવનાનો માર્ગ છે.

કલ્યાણ પટેલ માત્ર રોઇ રહ્યો ! છેવટે બોલ્યો કે "જીવને સદ્‌ગતિ કરજો. જ્યાંસુધી હું છું ત્યાંસુધી હરિપ્રસાદની ખેડ તૂટશે નહિ."

ગોવિંદ આંખો મીંચી ગયો !

× × × ×

બે-ચાર વર્ષ પછી નીલા ભરચક ખેતરમાં ભાગીરથી ઉભી છે. તાજી સુગંધીથી મગજ ભરાઈ જાય છે; શ્રાવણ માસમાં આછાં વાદળાંમાં નીલાં પીળાં ખડ જલપ્રવાહની માફક ડોલી રહ્યાં છે. ટેકરીઓ પર ને ડુંગરા પરથી રબારીની વાંસળી ને દર્દભર્યા દુહાઓ આખી સીમને કાંઇ જુદોજ પલટો આપી રહ્યાં છે. એ વખતે ગોવિંદના ખેતરને સીમાડે બે બળદના ગાડામાં બેસીને એક જુવાન એ તરફ આવતો દેખાયો. ગાડું છેક નજીક આવ્યું. ભાગીરથીએ જુવાનને ઓળખ્યો.

"ઓહો ! નરહરભાઇ ! આમ ક્યાં ?"

"મારા મામાને ત્યાં જાઉં છું; અહીંથી બે ગાઉ દૂર ગામડામાં રહે છે."

"બહુ લેવાઇ ગયા છો ! કાંઈ તબિયત ઠીક નથી ?"

નરહરે ઉધરસ ખાતાં જવાબ આપ્યો: 'બસ એજ!' અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો શહેરી જુસ્સો બહાર આવ્યો: "માણસને ક્ષયમાં મારી નાખવો ને ભવિષ્યની પ્રજાને હીનવીર્ય કરી નાખવી એ અમારી યાંત્રિક સંસ્કૃતિ અને વીસમી સદીની સુધરેલી પ્રગતિનો પ્રભાવ છે! ખરેખર, કોઈ પ્રજા ગુલામ ને હીનવીર્ય હોય એના કરતાં બળવાન ને જંગલી હોય તે વધારે સારૂં છે."

ગાડું આગળ ચાલ્યું ને પાછાં ફરતાં ભાગીરથીની મિજબાની સ્વીકારવાનું નરહરે કહ્યું. ભાગીરથી સીમમાં નજર કરી રહી. ભથિયારીઓ સાંજે પાછી વળતાં ગીત લલકારી રહી હતી ને ચારે તરફ રસનો પ્રવાહ રેલી રહ્યો હતો. ભાગીરથીની આંખમાં આંસુ આવ્યાં. હરિપ્રસાદે તે જોયું. તેનો બાળસ્વભાવ તરત પ્રશ્ન કરવા દોડયો: "બા! તું કેમ રૂએ છે?"

"અમસ્તી, બેટા!"

"ના, કહે."

"બેટા! આ પ્રકૃતિનું સૌંદર્ય, ખેતરની સ્વાધીનતા, લીલી વાડી ને જીંદગીની તાજગી ખોઇ, યંત્રોના મોહમાં, શહેરમાં આપઘાત કરવાનો પાઠ કોણ આપી રહ્યું છે? શું ગામડાં ભિખારી થશે, ને શહેરો ગુલામ થશે એ આ સંસ્કૃતિનું ધ્યેય છે?"

× × × ×

આથમતા સૂર્યમાં મા-દીકરો રાજપુર તરફ ચાલ્યાં.

(ફેબ્રુઆરી-૧૯૩૫ના "યુવક"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१८–दारिद्र्यनां दुःख

(લેખકઃ-શ્રી. રમાકાન્ત)

“ નારાયણ! તારા જેવા આળસુ માણસોનું અહીં કામ નથી; જા...ચાલ્યો જા ” મિલના દરવાજામાં પેસતાંજ અંગ્રેજી પોશાકમાં સજ્જ દેખાતા સાહેબે કહ્યું.

“ સાહેબ, આજનો દિવસ...”

એ વાક્ય પૂરૂં થતાં પહેલાંજ સાહેબની આંખ લાલચોળ થઇ ગઇ. નોકર સામો જવાબ આપે તો એ સાહેબ શાના ? એવી ભાવના એમના મનમાં ઉભી થઈ હોવી જોઇએ. એટલે લાલચોળ આંખે એમણે જણાવ્યું: “ આજનો દિવસ ? બેવકૂફ ! તને ખબર નથી કે આમ કેટલા દિવસોથી તું મોડો જ આવે છે ? અને પાછો આજનો દિવસ ? ”

સાહેબના આ શબ્દો નારાયણને માટે અસહ્ય હતા, એમ એનું મોઢુંજ કહી આપતું હતું. છતાં એણે સહી લીધા; કારણ કે એને નોકરી કરવી હતી. નોકરને શેઠના ગમે તેવા તિરસ્કાર અને અપશબ્દો પણ સહન કરવાજ જોઇએ ! છતાં હતી તેટલી બધીય હિંમત એકઠી કરી એણે જવાબ દીધો: “ સાહેબ ! આજનો દિવસ માફ કરો; વગર કારણે ક્યારેય મોડો થયો છું ? ”

આ વિનવણી પણ સાહેબને ભારે પડી. “તારે તો રોજ કારણ હોય, રોજ ને રોજ માફ કરવાનું કેવું ? નોકરી કરવી છે કે ભાઇબંધી ? ” સાહેબે રોફમાં ને રોફમાંજ જવાબ આપ્યો.

“ કારણ પણ બહાનું નથી, ઘરમાં મારો......” પણ સાહેબ એવા ઉતાવળીઆ જણાયા કે એ વાક્ય પૂરૂં પણ થવા ન દીધું, કેમ જાણે બહુ કામમાં ન હોય ! અથવા નોકર કાંઇ પણ દલીલ કરવાને યોગ્યજ ન હોય એમ ન માનતા હોય ! તેમ “ જા, આજ તો જવા દઉં છું, પણ હવે પછી જો આમ બનશે, તો દરવાજામાંજ નહિ પેસવા દઉં, સમજ્યો ? ” કહી રોફમાં ને રોફમાં સાહેબ ચાલતા થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારાયણ તો આ બધું સાંભળીને ઘડીભર સ્તબ્ધજ બની ગયો. એને તો એમજ લાગ્યું કે, જાણે આ બધું શું થઇ ગયું ? પછી કેટલીક વારે એ ધીમે પગલે પોતાના ખાતા તરફ ચાલતો થયો.

× × × ×

સામાન્ય રીતે સુખી ગણાતા કુટુંબનું એ સંતાન હતો. એના પિતા ગામડામાં માસિક પચીસ રૂપિયાના પગારે માસ્તરની નોકરી કરતા હતા. સંતાનમાં એમને નારાયણ અને બીજો એક નાનો પુત્ર તથા પુત્રી હતાં. ગામડામાં રહેવાનું અને તેમાંય સાદાઇ સંપૂર્ણ પાળતા હોવાથી એ થોડા ખર્ચમાં પણ પોતાનો સારી રીતે નિભાવ કરતા, એટલુંજ નહિ પણ નારાયણને અંગ્રેજી કેળવણી આપવામાં પણ યથાશક્તિ ધન ખર્ચતા.

અભ્યાસમાં એ પ્રથમથીજ હોંશિયાર ગણાતો. ગુજરાતી સાત ધોરણ પસાર કર્યા પછીજ એને હાઇસ્કૂલમાં મૂકવામાં આવ્યો. અભ્યાસમાં સંપૂર્ણ કાળજી અને હોશિયારીને લઇને એ પ્રતિવર્ષે પાસજ થતો ગયો. એના શિક્ષકવર્ગને પણ એને માટે સારૂં માન ઉત્પન્ન થયું, પરંતુ એનો એ અભ્યાસ લાંબી મુદત ટકી શક્યો નહિ–આગળ વધારી શક્યો નહિ.

એની બારેક વર્ષની વયેજ ગામમાં ને ગામમાં એક સારા કુટુંબની કન્યા સાથે એનું લગ્ન કરી નાખવામાં આવ્યું હતું. એની પત્ની સુશીલા સર્વગુણસંપન્ન હતી એવું કહેવામાં જરાય અતિશયોક્તિ ન ગણાય. જૂના જમાનામાં સ્ત્રીઓ મેળવી શકે તેટલી બધી કેળવણી એણે મેળવી હતી. ગૃહકાર્યની કેળવણીમાં એને એની માતાએ કુશળ બનાવી દીધી હતી.

મેટ્રિકમાં પાસ થયા પછી નારાયણને કૉલેજમાં મોકલવાની એના પિતાની હિંમત ન ચાલી. આર્થિક સ્થિતિની અમુંઝણનો પ્રશ્ન એમને મુંઝવતો હતો; તેમાંયે પોતે પેન્શન પર છૂટા થવાની તૈયારીમાં હતા, એ સ્થિતિમાં પુત્ર જો કમાતો હોય તો કરકસરથીયે કુટુંબનું ભરણ-પોષણ કરવામાં વાંધો ન આવે એવો એમને વિચાર થયો. એટલે નારાયણને અભ્યાસ છોડી નોકરી શોધવાની ફરજ પડી.

ઘણા ઘણા પ્રયત્નો–સીફારસો–મુશ્કેલીઓને અંતે અમદાવાદ જેવા શહેરમાં એ એક મિલમાં માસિક ત્રીસ રૂપિયાના પગારની નોકરી મેળવી શક્યો. એ જો કે એને અનુકૂળ તો નજ હતી, પરંતુ કરવું શું ? અભ્યાસ છોડયા પછી પાંચ–છ માસ તો એમ ને એમ નોકરી શોધવામાંજ વીતી ગયા હતા; ત્યારે મહામહેનતે આટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથમાં આવ્યું. તાત્કાલિક નિર્વાહને માટે એ તક ગુમાવવી એને યોગ્ય ન લાગી અને એ નોકરીમાં જોડાઇ ગયો.

પરદેશમાં પુત્રને ભોજનાદિની મુશ્કેલી ન નડે અને વીશી કે લોજનાં ખાણાં ખાઇ પૈસા ખર્ચી શરીરની બરબાદી ન કરવી પડે એવો વિચાર કરીને એના પિતાએ સુશીલાને પણ મોકલી દીધી. ૭ માસનું બાળક ત્યારે એને ખોળે રમતું હતું.

નારાયણ બિચારો સવારના ૭ વાગે મિલમાં જતો, તે સાંજના ૭-સાત વાગે ઘેર આવતો. એના મકાનને અને મિલને બબ્બે માઇલનાં છેટાં હતાં. સવારમાં વહેલો જાય અને સાંજે મોડો આવે, થાકીને લોથ પોથ બની ગયેલા પતિ પાસે આનંદની બીજી કાંઇ પણ વાત સુશીલા શી રીતે કરી શકે ? કેમ જાણે દંપતી જીવનનો આનંદ એમના માટે વિધિએ નિર્મ્યોજ નહિ હોય !

બેએક માસ આ નોકરીને થયા હશે, એવામાં એનું કુમળું બાળક એકાએક બિમાર પડ્યું. પરદેશમાં પોતાનું કોણ હોય ? સુશીલા આખો દિવસ એની સંભાળ રાખતી, પરંતુ એની બિમારી દિન પર દિન એવી વધતી જતી જણાઇ કે માતાનીયે હિંમત રહી નહિ.

એ કારણે રાત્રિના ઉજાગરાયે કરવા પડતા. આખા દિવસના થાકેલા પતિને ઉજાગરો કરાવવાનું સુશીલા જરાય પસંદ કરતી નહિ; તેમ રાતદિવસ સુશીલાજ બાળક પાસે બેસી રહે અને ઘડીનોય આરામ ન લે, તે નારાયણને ગમતું નહિ. એને ધાક હતી કે વખતે સુશીલા બિમાર થઇ ગઇ તો ? એટલે મોડી રાત સુધી એ બેસી રહી બાળકને સંભાળતો અને બેજે બેજે પત્નીને આરામ આપતો. પાછલી રાતે એ જરા સૂતો, પણ નોકરીની કાળજીએ એને વહેલા ઉઠવું પડતું. તોયે મિલ દૂર હોવાના કારણે એ ક્વચિત મોડો થઇ જતો, ત્યારે સાહેબના શબ્દો સાંભળી-સહી લેવા પડતા.

અધુરામાં પૂરૂં ઘેર પણ એના પિતા બિમાર હોવાનો પત્ર એને મળ્યો. એટલે એની ચિંતા વધી. ઘેર જઇ પિતાની તબિયત જોઇ આવવાનું એને ઘણું મન થયું, પણ જ્યાં પાંચ મિનિટ મોડા થવાની વાતથીજ સાહેબ ખીજાય ત્યાં રજા માગવાનો તો અવકાશજ ક્યાં ?

× × × ×

સાહેબના શબ્દો આજ એને ઘણા સાલ્યા. એ પોતાના ખાતામાં ગયો ખરો, પણ કામ ઉપર એનું ચિત્ત ચોંટ્યું નહિ. એને વારંવાર પુત્રની અને પિતાની માંદગીનાજ વિચાર આવવા લાગ્યા. પોતે પરદેશમાં નિરાધાર જેવી સ્થિતિમાં હતો, પુત્રને માટે દવા લેવા જવાનોયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને વખત ન હતો; એનો એક બિચારો ભલો પાડોશી દવા આણી આપતો અને દિવસમાં બે ચાર વખત ખબર પૂછ્યા કરતો, તેમજ બીજી પણ જરૂરી ચીજો બજારમાંથી આણી આપતો. આખો દિવસ પોતે પુત્ર—બિમાર પુત્રનુંયે ક્ષણભર મોઢું જોવા પામતો નહિ. આ નોકરી એને ઘણી ખટકતી હતી. એનું હૃદય ભરાઈ આવ્યું. એ એક ખૂણામાં બેસીને રોવાય તેટલું રોયો: ખરેખર, ચિંતાથી ઘેરાયલો માણસ એકલો પડે ત્યારે બીજું શું કરે ?

બીજી તરફ સુશીલાની પણ એજ દશા હતી. એ બિચારી આખો દિવસ એકલી પડી મુંઝાતી. એને એકાંતમાં સાથ આપનાર એનું બાળક પણ બિમારીને બિછાને હતું. બાળકની માવજત કરવામાં ને રડવામાંજ એનો આખો દિવસ પસાર થતો, પરંતુ એની સ્થિતિ ન તો નારાયણ જાણતો કે ન નારાયણની સ્થિતિ એ જાણતી. સાંજે દંપતી ભેગાં બેસે ત્યારે આનંદીજ જણાય.

× × × ×

એ રાત્રે નારાયણે નહિ ઉંઘવાનોજ નિશ્ચય કર્યો. નોકરીની એને એટલી ગરજ હતી, કે કાલ સવારે શું થશે તેનીજ ફિકર હતી, તાત્કાલિક બીજી નોકરી મળવી દુર્લભ હતી, અને અહીં તો બીજે દિવસે ખાવાનાજ સાંસા. ઘરની સ્થિતિ એવી સારી ન હતી કે પિતા એને મદદ કરી શકે.

સુશીલાને હંમેશની જેમ એણે સુવા જણાવ્યું અને પોતે હાથમાં એક પુસ્તક લઇ વાંચવા માંડયું. વચમાં વચમાં બાળકના સહજ ઝીણા રુદનના અવાજમાત્રથીજ સુશીલા સચેત થતી અને પયપાન કરાવી શાન્ત થતી.

રાત્રિના ત્રણેક વાગ્યા હશે. સુશીલા એકાએક જાગી પડી. નારાયણને વાંચતો જોતાંજ એણે કહ્યું:

"હજી સૂવું નથી ?"

"ના, આજે કોણ જાણે ઉંઘજ નથી આવતી."

"આમ શું કરો છો ? જરા સૂઇ જાઓ ને ?"

"પણ ઉંઘ આવ્યા વિના સૂવું શું કામનું ?"

"એ તો સૂશો એટલે ઉંઘ આવી જશે. આમ ને આમ આખા દિવસની સખત મહેનત પછી જાગરણ કરો તો બિમારી ન આવતી હોય તે પણ આવે."

સુશીલાના આ શબ્દોએ એને સચેત કર્યો. એને જાણે એમ વિચાર થયો કે, પિતા બિમાર છે, બાળક બિમાર છે અને અમારા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી એકાદ લથડયું તો પછી શી દશા ?

વળી એ ઉંઘે ઘેરાયેલો તો હતોજ. આખા દિવસના સતત પરિશ્રમ પછી કોને ઉંઘ ન આવે ? એટલે પાંચ વાગ્યે જગાડવાનું કહી એ જરા સૂતો, ને સૂતો એવોજ ઉંઘી ગયો.

સુશીલાની તો શ્વાન-નિદ્રા હતી, તેમાંય સોડમાં બિમાર બાળક સૂતું હોય તો તો પછી પૂછવુંજ શું ? કોઇ માતા એવી ન હોય કે ઉંઘણશીની માફક ઘોર્યા કરે. એટલે બરાબર પાંચ વાગતાંજ એની આંખો ઉઘડી તો ખરી, પણ એણે નારાયણને ઉઠાડવાનું ઉચિત ધાર્યું નહિ.

એના મનમાં એમજ થયું હશે, કે હજુ અડધો કલાક ભલે સૂઇ રહે. ત્રણ વાગે તો સૂતા છે, અને મિલમાં તો સાત વાગે હાજર થવાનું છે; પછી આટલા વહેલા ઉઠાડવાની શી જરૂર ? એ બિચારીને ક્યાંથી ખબર હોય કે, પાંચ મિનિટ મોડા થતાં નોકરી જશે, ને ઉપરથી સાહેબનાં સારાં માઠાં વેણ સાંભળવાં પડશે તે જુદાં !

બરાબરા સાડાપાંચ વાગે નારાયણ ઉઠયો-સુશીલાએ ઉઠાડયો. અને ૭ વાગે એ ઘરમાંથી નીકળ્યો; પરંતુ કોણ જાણે કેમ એના પગ આજ ઘણાજ ધીમા ઉપડતા હતા, એનું હૃદય જાણે એને જવાની ના પાડતું હતું, મગજ પણ જાણે બહેર મારી ગયું હતું. એ વિચારમાં ને વિચારમાં ચાલતો હતો ખરો, પણ એ શા વિચાર કરતો હતો તેનું એને પોતાનેજ ભાન ન હતું, અને એ એટલો શિથિલ બની ગયો હતો કે મિલના દરવાજે પહોંચ્યો ને દરવાને એને અંદર જતાં રોકયો ત્યારેજ એને ખબર પડી કે પોતે આજ અડધો કલાક મોડો થયો છે !

× × × ×

"કેમ પાછા વળ્યા ? અને તમારા મોં પર આ ઉદાસી શી ?" ઘરમાં પ્રવેશ કરતાની સાથેજ આશ્ચર્ય પામતાં સુશીલાએ પૂછ્યું.

પરંતુ બિચારો નારાયણ આનો શો જવાબ આપી શકે ? આજ સુધી તો જે તે મિલમાંજ થતું ને એકલોજ બધું સહી લેતો. સુશીલાને એની ગંધ સરખી પણ આવવા દેતો નહિ. પણ આજ? શું જવાબ આપવો તે ન સૂઝતાં એ મૂક રહ્યો, એટલે સુશીલાની જિજ્ઞાસામાં ઓર વધારો થયો.

"કેમ જવાબ નથી આપતા ?"

નારાયણ નજ બોલ્યો.

"આમ શું કરો છો ? વાત તો કહો ? મને યે પારકી ગણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો ? આજ શું થયું છે ? બોલતા કેમ નથી ? મારા સમ ! કહો ને ?" સુશીલાએ ઉપરાઉપરી સોગન સાથે વિનવણી કરવા માંડી.

નારાયણથી ન રહેવાયું. અનેક દિવસોનાં સારાં–માઠાં વચનો સાંભળ્યા છતાંય નોકરી ગયાથી એને ઘણું લાગી આવ્યું. એનું અંતઃકરણ ઉભરાઈ ગયું—એનાથી રડીજ દેવાયું.

આવું દૃશ્ય જોઇ કઇ પત્નીનું હૃદય ન રડે ? સુશીલાને તો કાંઇ સમજજ ન પડી. પતિનું મુખ એણે પોતાની ગોદમાં લીધું. આંખમાંથી આંસુ વહેતાં હોવા છતાં એણે પતિને હિંમત આપવા માંડી. ઘણા ઘણા પ્રયત્ને શાન્ત કર્યો, અને કહ્યું: "જવા દો, તમારી વાત મારે નથી સાંભળવી."

"ના ના, સુશીલા ! તને નહિ કહું તો બીજા કોને કહીશ ?" મહાપ્રયત્ને ઉંચું માથું કરી એ એકજ વાક્ય બોલી શક્યો.

"ત્યારે આમ રડો છો શું ? તમારા જેવાએ આમ રડે ત્યારે પછી અમારી તો વાતજ શી ?" પુરુષે તો કઠણ કાળજુંજ રાખવું જોઇએ એમ જાણે ન કહેતી હોય તેમ સુશીલાએ કહ્યું.

કેટલીક વારે નારાયણ શાન્ત થયો, અને આજ સુધીની બનેલી બધીય વાત સુશીલાને કહી દીધી.

શાન્તિથી બધી વાત સાંભળી લીધા પછી સુશીલાએ કહ્યું: "કાંઇ નહિ. નોકરી ગઇ તો ભલે ગઇ; પણ તમારો આટલા દિવસનો પગાર તો લેતા આવવો'તો ! તમને શું ખબર કે ઘરમાં પાઇ પણ નથી ?"

નારાયણને એ વાત સમજાઈ. અઠ્ઠાવીસમી તારીખે પોતાને છુટો કરવામાં આવ્યો હતો, એટલે એટલા દિવસનો પગાર તો એ માગેજ ને ?

એણે પાછાં કપડાં પહેર્યાં, ને ઉતાવળે મિલ તરફ ચાલવા માંડ્યો. પ્રથમના કરતાં આ વખતે એના પગ ઘણીજ ઝડપથી ઉપડતા હતા. પ્રથમથીજ એટલી ઝડપ હોત તો નોકરી ન જાત; પણ કોને ખબર કે ક્યારે શું બનવાનું છે ?

લગભગ અડધા કલાકમાંજ એ પહોંચી ગયો. દરવાનને પોતાની શેઠને મળવાની ઇચ્છા જણાવી. શેઠની અનુમતિ મળતાં વાર ન લાગી. એ શેઠની પાસે ગયો, અને પોતાની બધીય હકીકત નિવેદન કરી.

ગમે તેવા પણ એ શેઠ હતા. નારાયણ જેવા બધાય નોકરોની હકીકતો એ સાંભળ્યા કરે તો એમને શેઠ કોણ કહે ? અને એટલી એમને ફુરસદ ક્યાંથી હોય ? એમને તો ગમે તેમ થાય, પણ પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિજોરી ભરાવી જોઇએ; નોકરોની એમને શી ગરજ ? એટલે નારાયણની વાત સાંભળી ન સાંભળી કરી જવાબ આપ્યો:

"ઠીક છે, જોઇશું."

"પણ સાહેબ! મારો પુત્ર સખત બિમાર છે, દવાનાયે પૈસા નથી." નારાયણે દીનવદને કહ્યું.

છતાં શેઠ એકના બે થાય તો થૂંક્યું ગળી જવા જેવું ગણાય ને ? એ તો બોલ્યા તે બોલ્યા. નારાયણનો પુત્ર બિમાર હોય તેમાં એમને શું ? ટૂંકો ને ટચ જવાબ એમણે વાળ્યો: "બધાનો પગાર થાય તે દિવસે લઇ જજો."

આ જવાબ નારાયણને ભારે પડયો. હવે એ મિલનો નોકર ન હતો. પોતાની સતત મહેનતનાં નાણાં લેવા એ આવ્યો હતો. એનો પુત્ર બિમાર હતો, અને ઘરમાં રાતી પાઈ પણ ન હતી. એટલે પગાર થવાના દિવસની રાહ એનાથી જોઈ શકાય એમ ન હતું. એનું મગજ ફરતું હતું, છતાં મહાપ્રયત્ને રીસ દબાવી એણે કહ્યું:

"સાહેબ ! ઘરમાં રાતી પાઈ પણ હોત તો આપની પાસે ન આવત. મારો પુત્ર બિમાર છે. દવાની ફી કયાંથી લાવવી એજ પ્રશ્ન છે. કૃપા કરીને મને મારો પગાર આપો, અથવા તો થોડાં નાણાં આપો, બાકીનાં પગારને દિવસે લઇ જઈશ."

પરંતુ આની કંઇ અસર શેઠ પર ન થઇ. "તારો પુત્ર બિમાર છે તેને હું શું કરૂં ?" શેઠ બોલ્યા.

"એ તો આપ મારી જગ્યાએ હો, ને આપનો પુત્ર બિમાર હોય તોજ આપને સમજ પડે." નારાયણે ન સહેવાતાં જવાબ આપ્યો.

પણ આ જવાબે તો શેઠના સર્વાંગને હલાવી મૂક્યું. એમને એમજ થયું કે "હું એક મિલમાલીક ! મારી સામે બોલનાર કોણ? એને ધક્કા મારી બહાર કાઢવો જોઇએ."

પરંતુ એમને ખબર ન હતી કે ધક્કા મારી બહાર કાઢતા પહેલાં તો એ કયારનોય ચાલ્યો ગયો હતો.

× × × ×

નારાયણ મિલમાંથી નીકળ્યો તો ખરો, પણ હવે પૈસા વગર શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો. પુત્રની સ્થિતિ દિનપ્રતિદિન ખરાબ થતી જતી હતી. દવાને માટે આજ પોતા પાસે કાંઇ ન હતું. પોતાની આ ગરીબાઇ ઉપર તેને ઘણો તિરસ્કાર આવ્યો; પણ એમાં ઇલાજ શો ?

વિચારમાં ને વિચારમાં એણે ચાલવા માંડયું. એ કયાં અને કઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ જાય છે તેનું એને ભાનજ ન હતું. એના પગ જ્યાં લઇ જતા ત્યાંજ એ જતો હતો. જાણે કોઇ એનું આકર્ષણ ન કરી રહ્યું હોય!

એટલામાં પાછળથી કોઇએ એના ખભા ઉપર હાથ નાખ્યો. એ ચમક્યો, પાછું ફરીને જોતાંજ આશ્ચર્ય પામ્યો. 'વિનુ!' એનાથી બોલાઇ ગયું. 'તું અહીં ક્યાંથી?'

× × × ×

વિનાયક એનો મિત્ર હતો. હાઇસ્કૂલમાં બંને સાથે ભણતા હતા. નારાયણને હોંશિયાર વિદ્યાર્થી જાણીનેજ એણે મિત્રતા બાંધી હતી. બેઉએ સાથેજ હાઇસ્કૂલ છોડી હતી. નારાયણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી, જ્યારે વિનાયક નાપાસ થયો હતો એટલોજ માત્ર ફેર.

પિતાની લાગવગથી વિનાયકે રેલ્વેમાં નોકરી મેળવી લીધી હતી. નોકરીનો સમય પૂરો થતાં એ પોતાના મકાન તરફ જઇ રહ્યો હતો ત્યાં અચાનક નારાયણને જોયો અને પાછળથી આવી ખભે હાથ નાખ્યો, જૂની મિત્રતા સાંભરી આવી.

× × × ×

વિનુનો હાથ પડયો ત્યારેજ નારાયણને ભાન થયું કે પોતે વિરુદ્ધ દિશામાં જઇ રહ્યો હતો. એના વિચારમગ્ન ચહેરા પરથી વિનુએ જાણી લીધું કે એ કાંઈ ચિન્તામાં છે. બે–અઢી માસથી ઉભય મિત્રો એકજ શહેરમાં રહેતા હોવા છતાં આ તેમનો પ્રથમજ મેળાપ હતો, એ વાતમાં શહેરીને આશ્ચર્ય નહિ લાગે. વિનુએ સ્વાભાવિકજ પૂછ્યું: "કેમ ભાઇ! કાંઇ ચિન્તાતુર જણાઓ છો? અહિં ક્યારના આવ્યા છો? ક્યાં ઉતર્યા છો?"

સાચી વાત કહેવી કે ન કહેવી? એની મદદ માગવી કે ન માગવી? એવા વિચારવમળમાં ગુંથાયલો નારાયણ કાંઇ જવાબ ન આપી શક્યો. એટલે વિનાયકે પુનઃ પ્રશ્ન કર્યો: "જવાબ નહિ આપો?"

"વિનુ!" બોલતાંજ એની આંખો ભરાઇ આવી. ગદ્‌ગદિત સ્વરે તે બોલ્યો: "ભાઈ! મારી સાથે આવીશ?"

વિનાયકને તો આમાં સમજજ ન પડી. અને સમજ પડે પણ શી રીતે? નારાયણની આંખ ભીની જોતાં એને લાગણી થઇ આવી. એની ગરીબાઈ એ જાણતો હતો; પણ આ આંસુનું કારણ પણ એજ હશે તેની એને ક્યાંથી ખબર હોય? એણે નારાયણને આશ્વાસન આપ્યું, અને એની સાથે ચાલવા માંડ્યું.

રસ્તામાં નારાયણનાં વીતક જાણવા કરેલો વિનાયકનો પ્રયાસ નિષ્ફળ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાં પગ મૂકતાંની સાથેજ નારાયણને માલમ પડી ગયું, કે બાળક છેલ્લી સ્થિતિ પર છે, અને સુશીલાની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહી રહ્યો છે.

વિનાયક તો આ દૃશ્ય જોઇ સ્તબ્ધ બની ગયો, અને એકાએક બોલી ઉઠ્યો: "આ શું ?"

"ગરીબાઇ" નારાયણે આંસુભરી આંખોએ કહ્યું: "વિનુ ! જો, બાળકની છેલ્લી ઘડી છે, પાસે રાતી પાઇ નથી; ને ખરી મહેનતનો પગાર પણ શેઠે આપ્યો નહિ. આના કરતાં વિશેષ દુઃખ બીજું શું હોય ? શ્રીમંતોને કાંઇ હૃદય છે ?

(જ્યેષ્ઠ-આષાઢ ૧૯૮૮ ના "સેવા" માસિકમાંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯-ભોગ આપ્યો.

(લેખકઃ-શ્રી. કેશવલાલ મંગળચંદ શાહ)

(૧)

તે રસ્તેથી જતાં હમેશાં ખિન્ન દેખાતો ખીમો આજે પ્રફુલ્લ લાગતો હતો. નોકરીની શોધમાં ઘેરથી હસતે મોઢે નીકળવું અને સાંજે નિરાશ થઈ ઘેર પાછા આવવું એ એક મહિનાથી ખીમાનો નિત્યક્રમ થઇ પડયો હતો. ખીમો નિરાશ થઇ ઘેર આવતો ત્યારે પુની તેને આશ્વાસન આપતી, સમજાવતી અને બીજે દિવસે ખીમો નોકરીની શોધમાં જાય તેવી તેની મનોભૂમિકા તૈયાર કરતી. મુંબઇથી કમાઇ આણેલાં થોડાંઘણાં નાણાં હતાં તે ખલાસ થઈ જવા આવ્યાં હતાં, એટલે પુની અને ખીમો હવે શું કરવું તેની વિમાસણમાં પડ્યાં હતાં; પણ આજે પાછા ફરતાં ખીમાના મુખ પર નિરાશાની કે દુઃખની છાયા સરખીય નહોતી જણાતી. આજે તો એના મનમાં ધમાચકડી મચાવી રહેલ ઉત્કંઠા તેની ગતિમાં જણાતી હતી. ઘેર જઇ નોકરી મળ્યાના શુભ સમાચાર પુનીને કહેવા ખીમો અધીર બની ગયો હતો, અને એ અધીરતા, એના પગ ઝપાટાબંધ ઉપડતા તેમાં સ્પષ્ટ તરી આવતી હતી.

હજી અસ્પષ્ટ અજવાળું વાતાવરણમાં ગુંચવાઇ રહ્યું હતું. ડુંગરી પર ચરવા ગયેલું ધણ હમણાંજ ગામમાં પેઠું હતું. ખીમો જતો હતો એ માર્ગ ગામની બાજુનોજ હતો. આ રસ્તે તેના સિવાય કોઇ પણ જતું આવતું નહોતું જણાતું. નોકરીના અને તદનુષંગિક બીજા કેટલાય વિચારો ખીમાના મનમાં ડોકાતા હતા. ગજવામાંથી આસતરીનું પાન કાઢી, તેની બીડી વાળી, પીતો પીતો નોકરીના અનેકવિધ વિચારોમાં અટવાતો તે ઘર તરફ વળ્યો.

પુની બારણામાંજ ઉભી હતી. ખીમાના પગમાં ઝડપ જોઇ પુનીનું હૈયું જરા હેઠે બેઠું. પુનીને લાગ્યું કે આજે ખીમાનો ઉત્સાહ જુદોજ છે; એટલે કાંઈ ઠેકાણું અવશ્ય પડયું હશે. બારણામાં ઉભેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુનીને જોઇ ખીમો દૂરથીજ આછું હસ્યો.

ઘરમાં પગ મૂકતાંજ પુનીએ રોજના મુકરર સવાલો પૂછ્યા:

"કેમ, આજે કાંઇ કામ મળ્યું ?"

પુનીની મજાક કરવા ખાતર ખીમાએ મોઢા પર નિરાશાનો ભાવ આણવા પ્રયત્ન કરી, એક નિઃશ્વાસ મૂકી કહ્યું:

"ના રે, ના ! રોજના જેવુંજ ! ક્યાંય કામધંધો નથી !"

ખીમાએ ધારી અસર કરી. પુની ઉદાસ થઈ ગઇ. પોતે પ્રશ્ન પૂછે છે તેથી ખીમાને દુઃખ થાય છે, તેના ચિન્તાગ્રસ્ત મન ઉપર આઘાત થાય છે, એમ પુનીને લાગ્યું. તેણે પોતાની ભૂલ સુધારવાનો પ્રયત્ન કર્યો.

"એમાં આટલા હતાશ શેં થાઓ છો ? હશે, કામ ન મળ્યું તો કાંઇ નહિ; એ તો બધું થઇ રહેશે."

પોતાનું મન મનાવવાને અને ખીમાને વધુ ખિન્ન થતો અટકાવવાને પુની ઉપરના શબ્દો કહી, એક થાંભલાનો ટેકો લઇ નીચે બેઠી. ખીમાને પુનીની વધારે મજાક કરવાનો વિચાર થઇ આવ્યો.

"શું કરૂં ? કાંઇ ચેન પડતું નથી, કામ તો શોધ્યુંય જડતું નથી. હું તો હવે એટલો બધો કંટાળી ગયો છું કે જાણે તળાવમાં..."

આગળના શબ્દો પુની ન સાંભળી શકી. તેણે કાને હાથ દઇ દીધા, દેવાઇ ગયા. તે બોલી:

"એવું તે શું બોલતા હશો ? એ તો આવોય કઠણ વખત વહ્યો જશે."

"કઠણ વખત વહ્યો જાય ત્યારે તો મરવાની માથાકૂટ ન કરવી પડે, પણ એમ કહ્યે કાંઇ કઠણ વખત જતો નથી રહેતો; એ તો પાસે ને પાસેજ આવ્યા કરે છે."

ખીમાનો ચહેરો ગંભીર હતો. તે મશ્કરી કરતો હશે, એવી પુનીને શંકાય ક્યાંથી આવે ?

"તો હુંજ કૂવો-તળાવ પૂરીશ. તમારા પહેલાં તો કપાળે ચાંલ્લો લઇ જઇશ !" પુનીએ નિઃશ્વાસ મૂક્યો.

"તારે શું કામ કૂવો-તળાવ પૂરવાં પડે ? નોકરી તો મને નથી મળતી, તે હુંજ તળાવમાં પડીશ." તેના મોઢા પર હજીય ગંભીરતા છવાયેલી હતી.

પુનીને ડૂમો ભરાઈ આવ્યો. કોડભરી બાવીસ ત્રેવીસ વરસની યુવતી ! આવા ભરયૌવનમાં સ્વેચ્છાથી મરવાનું કોને ગમે ? પણ પુની હિન્દુ હતી, ને પતિ પહેલાં મૃત્યુ એટલે પુણ્ય પામવું એ હિન્દુ સમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જની માન્યતા પણ તેના રોમેરોમ ખૂંપી ગઇ હતી. ખીમો જો કૂવો તળાવ કરશે તો...તો શું થશે એ વિચારે પુનીને ડૂમો ભરાઈ આવ્યો, તેની આંખમાં આંસુ છલકાઇ આવ્યાં. ખીમાએ તે જોયું, તેનાથી ન રહેવાયું.

"ને મને કામધંધો મળ્યો હોય તો ?"

પુનીને જાણે વિજળીનો આંચકો લાગ્યો હોય તેમ થયું. આંખના કાંઠામાં ઉભરાઇ જવા આતુર બની રહેલાં આંસુ આંખમાંજ સમાઇ ગયાં—સૂકાઇ ગયાં. સાશ્ચર્યાતિરેકથી તેણે પૂછ્યું:

"ત્યારે ક્યારની નકામી મારી મશ્કરી માંડી'તી ?"

ખીમો હસી પડ્યો. તેની પરાણે આણેલી કૃત્રિમ ગંભીરતા ઉડી ગઇ. તે ખૂબ હસ્યો. આથી વળી પુનીની ઉત્કંઠા ખૂબ વધી ગઈ.

"કામ મળ્યું ? ક્યાં ? અહીં ગામમાં કે ક્યાંય બહાર ?" પુનીએ ઉપરાછાપરી સવાલો પૂછી નાખ્યા.

"હા, અહીં ગામમાંજ કામ મળી ગયું. રામા પટેલનો કૂવો બાંધવાનું કામ કાલથી નીકળશે. સુરંગ ખોદવાનું કામ મને મળ્યું છે."

ગામમાં ને ગામમાંજ કામ મળી ગયું તેથી પુની ખુશી થઇ. હર્ષના આવેગમાંજ તેણે પૂછ્યું:

"તો તો કાલે મોંસૂઝણે ઉઠવું પડશે, ખરૂં ?"

"હાસ્તો, દહાડાની કરેણ ફૂટે તો કામે મંડી પડવાનું. બપોરિયું કરવા બારથી બે રજા. બપોરે ઘેર આવી પાછો કામે ચડી જઇશ."

પુનીને મન કામની ગમે તે વ્યવસ્થા હોય, પણ કામ મળ્યું એજ ઘણું હતું. સ્ત્રીસ્વભાવોચિત પ્રશ્ન તેનાથી પૂછાઇ ગયો:

"રોજ કેટલો ?"

"દોઢ રૂપિયો."

દોઢ રૂપિયા રોજની મજુરી સાંભળી પુનીને આસમાન એક વ્હેંતજ ઉંચું લાગ્યું.

વાળુ કર્યા પછી ભાવિ સુખની ઇમારતો ચણતાં બન્ને કેટલોય વખત જાગતાં, પણ વણબોલ્યાં, બેસી રહ્યાં. પછી પુનીએ કહ્યું:

"મળસ્કે જાગવું છે ને ? હવે સૂઇ જઇએ."

ખીમો ઉઠ્યો, ને પથારીમાં પડ્યો. પુની પણ પડખે થઇ. થોડી વારમાં તો બન્ને નિદ્રાની પાંખમાં લપાઇ ગયાં. પુનીને તો એવી નિરાંતની ઉંઘ આવી કે ખીમો વહેલો ઉઠી ક્યારે કામે ચાલ્યો ગયો તેનીય તેને ખબર ન પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

"હું કહું છું તેમ કરો, નહિ તો પાણી ફૂટવું મુસ્કેલ છે."

"એમ તે થાય ? કૂવા તો ઘણાય ખોદાયા, પણ આવું કાંઇ થયું છે ? મને તો એ ઠીક નથી લાગતું."

"બીજા કૂવાની વાત જુદી છે. ઘરની શાન્તિ થયેલી હોય છે, એટલે પાણી ફૂટવામાં અડચણ પડતી નથી."

"પણ ઘર અને કૂવો સાથે બાંધવામાં આવે છે ત્યારનું શું ?"

"જો તમે આમ કરશો તો મને કશાનીજ સૂઝ નહિ પડે."

"તમારે જવાબ આપવો હોય તો આપો, નહિ તો ન આપશો. તમે કહો છો એવું તો મારે નથી કરવું."

"તો...તો પછી તમારી મરજી. પાણી હાથ લાગવું મુસ્કેલ થઇ રહેશે."

"મારૂં એમ માનવું છે કે હજી જરા વધુ વાટ જોવી."

"હવે વાટ તે શી જોવાની છે ? આટલું ઉંડું ખોદ્યું પણ પાણીનું નામનિશાન નથી જણાતું. એ તો મેં કહ્યું તેમ કર્યેજ છૂટકો છે."

"એ બધુંય ખરૂં; પણ એમ બને શી રીતે ?"

"અરે, ન તે શું બને ? બધુંય બનશે. હું તમને રસ્તો બતાવું."

સંધ્યા આથમી ગઈ હતી ને સર્વત્ર અંધકાર ઢોળાતો હતો. મજુરો તો ક્યારનાય ઘર ભેગા થઈ ગયા હતા. રામા પટેલનો કૂવો ખોદ્યાની શરૂઆત કર્યે આજે દોઢ મહિનો થવા આવ્યો હતો, તોય પાણીનું નામ કે નિશાન જણાતું નહોતું. આજે નહિ કાલે, કાલે નહિ ચાર દહાડે પાણી હાથ લાગશે એમ રામા પટેલને આશા હતી, પણ એ નિષ્ફળ ગઇ. દોઢ દોઢ માસના ખોદકામને અંતે ભીની માટી પણ હાથ લાગતી નહોતી; આથી રામા પટેલે અંબેલાલને સલાહ લેવા બોલાવ્યા, અને બન્ને વચ્ચે ઉપરની વાતચીત થઇ. અંબેલાલે બતાવેલ યુક્તિ અજમાવ્યા વિના પાણી નહિજ ફૂટે, એવી રામા પટેલની ખાતરી થઇ; પણ એ અમલમાં મૂકવાનું અઘરૂં કામ શી રીતે પાર પડે, એની મૂંઝવણ ઉભી થઇ. એ વિષે રામા પટેલે અંબેલાલને ઇશારો કર્યો. અંબેલાલે તેનો પણ તોડ કાઢયો. તેમણે ધીમે અવાજે કહ્યું:

"કાલે તમે બધા મજૂરોને કહી દેજો કે પરમ દહાડે બપોરની છુટ્ટી નહિ મળે; આખો દહાડો કામ ચાલશે."

"પણ બધા માનશે તો ને !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ન માને તો એટલા વખતના પૈસા વધારે આપવાનું કહેજો."

"પણ વધારે પૈસા માગશે તો ?"

"વધારે માગે તો વધારે આપી દેજો ને ! આવે વખતે પૈસાની બાબતમાં આઘું પાછું ન જોશો. પૈસા તો પછી ઘણાય મળી રહેશે."

"ઠીક ત્યારે, એમ કરીશું; પણ પછી ?"

"પછી ખીમો એ બે કલાકમાં સુરંગ ખોદવાનું કામ કરતો હશે. આપણે સુરંગ લગાડી દઈશું, એટલે એ અંદર ને અંદર સાફ !"

"અને પછી એની બૈરીનું શું ?" રામા પટેલે જરા ભયથી પૂછ્યું.

"બહુ ગરબડ કરશે તો એનું મોઢું રૂપાથી પૂરી દઈશું; પછી તો થયું ને ?"

અંબેલાલની સલાહ જો કે રામા પટેલને બહુ ન રૂચી, પણ ખેતરમાં ખૂબ પાક પકવવા માટેના લોભે એ સંમત થયા.

તે રાત્રે રામા પટેલને બરાબર ઉંઘ ન આવી ઘડી ઘડી તે ઝબકી ઉઠતા, પુનીનો પડી ગયેલો ચહેરો રામા પટેલને વારંવાર ઠપકો આપતો દેખાતો.

બીજે દિવસે સવારેજ રામા પટેલ મજૂરો પાસે જઇ દાખલ થયા. આજે પટેલને રોજના કરતાં વહેલા આવેલા જોઇ બધા મજૂરોને અજાયબી લાગી. બધા પટેલની આજુબાજુ એકઠા થઇ ગયા. પટેલે બધા મજુરોને કહ્યું:

"પાણી ફૂટતાં હજી વધારે વાર લાગશે, નહિ ?"

"તમે કહેતા હો તો બપોરની છુટ્ટીમાં ઘેર ન જઇએ." મજૂરોમાંનો એક બોલી ઉઠ્યો.

"પણ હવે કૂવો વધારે ખોદવાનો વિચાર નથી. મારો વિચાર છે કે જાણે એક વાર સુરંગ મૂકવી, પાણી ફૂટે તો ઠીક છે, નહિ તો પછી કામ પડતું મૂકવું." પટેલે પોતાનો વિચાર જણાવ્યો.

"તો તો પછી કાલ સુધી વધારે કામ કરવું પડશે."

"હા, એજ કરવું પડશે. હું તો કહું છું કે, કાલે તમે બપોરે ઘેર જશોજ નહિ." પટેલે પ્રસ્તાવના કરી.

"આપો છો એટલા રોજમાં અમારાથી કામ નહિ થાય, કાકા !" પહેલાંનાજ માણસે પાછું કહ્યું.

"અરે ! વધારે પૈસા લેજો, ના કોણે કહી ?"

ખીમો આઘે એક બાજુએ ઉભો ઉભો આ બધું સાંભળી રહ્યો હતો. તેના ખભા પર હાથ મૂકતાં તેના સાથીદાર રઘાએ પટેલ સાંભળે એટલા મોટા અવાજે કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આટલી બધી ખટપટ શું કરવા કરવી પડે ? કોઇ ભિખારણનું છોકરૂં લાવી ભોગ આપો ને ? જોતજોતામાં કૂવો પાણીથી ઉભરાઈ જશે."

પટેલની નજર ખીમા અને રઘા તરફ વળી, પટેલ જરા ગભરાયા. રઘાએ આમ કેમ કહ્યું હશે ? રઘાના અથવા ખીમાના જાણવામાં તો વાત નહિ આવી હોય ?

"ના, ના ! આપણે એવી હત્યાનું પાપ શામાટે વહોરવું જોઇએ ?" પટેલનું હૈયું આ હડહડતું જુઠાણું જાહેર કરતાં ખૂબ ધડકતું હતું. "ખીમા ! છેલ્લી વાર સુરંગ અજમાવી જોવા દે. કાલની સુરંગનું કામ તું કરી નાખજે; પરમ દિવસે સુરંગ અજમાવીશું. પાણી દેખા દે તો ઠીક છે; નહિ તો પછી કામ બંધ !"

"કાલે સવારે ઘેરથી બટકું ખાઇને આવીશ; બપોરે પછી કશી ખટપટજ નહિ." ખીમાએ કહ્યું.

પટેલને કાળજે કરાર વળ્યો.

(૩)

પુનીએ ભરભાંખરે ઉઠી જાડા રોટલા ઘડી નાખ્યા. અજવાળું થાય તે પહેલાંજ ખીમો રોટલા ને કાંદો ઝાપટવા બેસી ગયો.

"આજે હવે કાંઈ જણાશે."

"પાણી ફૂટશે કે નહિ ?" પુનીએ આતુરતા દાખવી.

"એ તો કંઇ કહેવાય નહિ, જે થાય તે ખરૂં; પણ હું આજ બપોરે છુટ્ટીમાં ઘેર નહિ આવું."

"પણ ભૂખ લાગશે તો ?" પુનીની સ્ત્રીસુલભતા બોલી ઉઠી.

"ભૂખ લાગે કે ન લાગે. આજે ખાવાનો વખતજ નહિ મળે ને !"

"હું બપોરે ભાતું લાવીશ; ત્યાં કામે."

"ના, રે ના ! સાંજનું વાળુ વહેલું કરજે એટલે ચાલશે."

"આટલી બધી જાત ઘસી નાખવા તૈયાર થયા છો તે એવડો શો દલ્લો મળવાનો છે !" પુનીથી પૂછી જવાયું.

"મને કંઈ નહિ મળે, પણ તને તો સાંકળાં મળશેજ." પુનીના પગ અડવા હતા તે ખીમાના ધ્યાન બહાર નહોતું.

આજે જો પાણીનાં ઝરણ ફૂટે તો પટેલે ખીમાને ઈનામ આપવાનું કહ્યું હતું. પટેલ તરફથી મળનાર ઇનામમાંથી, અને પોતે બચાવેલ પૈસામાંથી પુનીને સાંકળાં કરાવવાનો ખીમાએ નિશ્ચય કર્યો હતો. પુનીએ કદી પણ ઘરેણાં માટે ખીમાને પજવ્યો ન હતો, એટલે ખીમાને એટલો ઉમળકો આવે એ સ્વાભાવિક હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારે શું કરવાં છે સાંકળાં ?"

"તારે નથી જોઇતાં, પણ મારે તને પહેરાવવાં છે. જોને, તારા પગ કેવા અડવા દેખાય છે ?"

"આ કામ પૂરું થશે, પછી બીજું કામ મળતાં સુધી વાપરવા પૈસા જોઇશે તેનું શું ?"

"પછીનું જોઇ લેવાશે. હમણાં તો સાંકળાં થઇ જવા દે !"

"પણ મારે થોડા પૈસા જોઇએ છે."

"તે મળશે. તું ન હોત તો મને કામ કરવા કોણ ટોકત ? ને ઉત્સાહેય ક્યાંથી આવત ? તારા હાથનો મીઠો રોટલો મળે છે એટલે-જ મારાથી કામ થાય છે; નહિ તો તો રામકૃષ્ણ ગોવિંદ !"

"પણ રોટલા રળી તો તમો લાવો છો. મારે તો દળીને ઘડ-વાનું એટલુંજ ને ? નહિ તો હું શું કરત ?"

બંનેને પરસ્પર માન ઉત્પન્ન થયું, પુનીની આંખમાંથી બોર જેવાં બે આંસુ ટપકી પડયાં. ખીમાનો કંઠ રૂંધાયો. ખીમો ઉતાવળે ઉતાવળે હાથ ધોઇને ઉઠી ગયો ને જવાની તૈયારી કરવા લાગ્યો. પુની પણ ઝટપટ પરવારી ખીમા પાસે આવી. ખીમો જવા તૈયાર થયો.

તેણે ઉગતા સૂરજને ભક્તિભાવથી નમસ્કાર કર્યા. પુનીએ પણ તેનું અનુકરણ કર્યું, હથિયાર લઇ ખીમાએ ઘરની બહાર પગ મૂક્યો. એક કાળી બિલાડી આડી ઉતરી. પુનીએ જરા રોકાઈ જવા ખીમાને આગ્રહ કર્યો; પણ "મોડું થશે" કહી ખીમો ઝપાટાબંધ ચાલ્યો ગયો. ખીમો નજર બહાર નીકળી જતાં પુનીએ ફરીથી સૂરજને હાથ જોડયા, તેની આંખમાંથી આંસૂ જમીન પર પડતાં હતાં.

"સૂરજ મહારાજ ! તમેજ તારનાર છો !" પુનીના હોઠ હાલ્યા.

એકાએક બારણાના ચોકઠામાંથી પોતાનું નાનકડું મોઢું બહાર કાઢી ગરોળીએ "ચક્...ચક્ ચક્ ચક્...ચક્" એવો અવાજ કર્યો. પુનીના હૈયે જાણે ચિરાડો પડયો. ઘરમાં જઈ તેણે બારણું બંધ કરી દીધું. તે અપશુકનથી ગભરાઇ ગઈ હતી. તેને કામ પણ ઉકલ્યું નહિ. ખાવાનુંયે ગળે ન ઉતર્યું. તે મૂંઝાઇ રહી.

* * * *

માથે સૂરજ બળતા અંગારા વરસાવી રહ્યો; છતાં ખીમો એના કામમાં એકતાન હતો. પરસેવાથી તે રેબઝેબ થઈ ગયો હતો. તે સુરંગ ખોદતો હતો. સવારથી તે કામમાં એવો મચી ગયો હતો કે, 'હંઃ હંઃ' એવો વિચિત્ર અવાજ એના મોઢામાંથી નીકળતો હતો. ઉંડાણમાંથી આવતો અવાજ ઘૂમરીઓ ખાતો, અને આજુબાજુના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતરોમાં એના પડછંદ ઉઠતા. આજુબાજુ કોઇ છે કે નહિ, તેનું ભાન ખીમાને નહોતું. કોશ ઉંચીનીચી થતી, અને તે સાથેજ 'હં: હં:' અવાજ ઘૂમી રહેતો.

થોડાજ વખતમાં એ સુરંગ ફુટયાનો અવાજ થયો ને કૂવામાંથી પાણી ફૂટયું. આજુબાજુ માણસો કૂવા આગળ ભેગા થઇ વીંટળાઇ વળ્યા. ચારે બાજુથી પાણીના ધોધ છૂટતા હતા. પટેલને બોલાવતાં પટેલ આવ્યા ત્યારે તો કૂવો છલોછલ પાણીથી ઉભરાઈ ગયો હતો. પટેલ સિવાય બધા ખીમાને ભૂલી ગયા હતા. પટેલ તો જાણતા હતા; છતાં પણ ખીમાનું નામ કોઇ પણ ઉચ્ચારે એવું કારણજ પડવા દીધું નહિ.

કૂવામાં પાણી આવ્યું એટલે સમારંભ ઉજવવાની તૈયારીઓ થવા માંડી. બધા મજુરો ખેતરમાં ઝાડ નીચે ભેગા થયા. નાળીએર, કંકુ અને પૂજાનો થાળ લઇને પટેલ અને અંબેલાલ કૂવા પાસે ગયા. નાળીએર વધેર્યું, કંકુ અને ફૂલ ચઢાવ્યાં. એકાએક કૂવામાં કોઈ ઘૂમતું હોય એવો ભાસ થયો. ગભરાઇને પટેલે અંબેલાલને પૂછ્યું: "અંદર કોણ ઘૂમતું હશે ?"

"પટેલ ! એ તો જળદેવતા પૂજા વખતે આવી રીતે આશીર્વાદ આપે છે." અંબેલાલે સમજણ પાડી.

પટેલે બધાને પ્રસાદ વહેંચ્યો. ઢોલ વગાડનારા આવી પહોંચ્યા અને વરઘોડાના રૂપમાં 'ઓચ્છવ' ઉજવવાનો વખત પણ થયો. સુરંગ ખોદનારા અને સુરંગ ફોડનારાઓએ બધાની આગળ ચાલવું એમ સર્વાનુમતે નક્કી થયું. પટેલે અજાણ્યા થઇને પૂછ્યું:

"પેલો ખીમો અત્યારે ખરે વખતે કયાં મરી ગયો છે? કોણ જાણે ! ચાલો હશે, એના વિના શું અડી રહેવાનું છે ?"

આટલું કહી પટેલ પાછા ધમાલમાં પડયા. ખીમાના કેટલાક સાથીદારો, જેમને ખીમા પ્રત્યે સારો સ્નેહ હતો તેઓ, ખીમાને શોધવા લાગ્યા. થોડી વાર પછી પટેલે પણ એ ત્રણ મજુરોને ખીમાને શોધવા મોકલ્યા, પણ તેઓ વ્હીલે મોઢે પાછા આવ્યા. ખીમાના સાથીદારો પણ નિરાશ થઇ પાછા આવ્યા.

"હશે હવે, એ તો આવશે એટલે વરઘોડામાંજ આવશે. ગયો હશે કાંઇ બીડી પીવા." અંબેલાલે ટુંકું કરતાં કહ્યું.

ઘણાંને અંબેલાલનું બોલવું સાંભળી શંકા આવી, પણ પરસ્પરને ધીમે અવાજે કહીનેજ અટકી ગયા. પટેલને અથવા અંબેલાલને મોઢે એ વાત કોઇથી કહેવાઇ નહિ; છતાં પણ ખીમાના સાથીદારોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટેલને કહ્યું:

"રામા પટેલ ! કૂવામાંથી કોઇ માણસનો ગુંગળાટભર્યો અવાજ આવે છે."

પણ અંબેલાલે સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખ્યું, ને તે પટેલને 'વરઘોડા' ની તૈયારી માટે ઘસડી ગયો.

આથી કેટલાકનો શક વધારે મજબૂત થયો, પણ કોઈથી જરાય બોલાય તેમ નહોતું.

ઢોલના ધમધમાટમાં 'વરઘોડો' આગળ વધ્યો. જે જે મજૂરોનાં ઘર રસ્તામાં આવતાં હતાં ત્યાં ત્યાં 'વરઘોડો' થોડો વખત અટકતો. મજૂર ઘરમાં જતાંજ વાતાવરણમાં જયજયકાર થઇ રહેતો, અને વળી 'વરઘોડો' આગળ ચાલતો.

"વરઘોડો આવ્યો;' ની બૂમ તો આખા ગામમાં ક્યારનીય પહોંચી ગઇ હતી. ખીમો આવશે, તેથી પુની પણ બારણામાં ઉભી ઉભી 'વરઘોડા' ના માર્ગ પર આશાભરી આંખથી પહેરો ભરતી હતી. પુનીના ઘરથી ત્રણ ઘર છેટે રહેતો મજૂર ઘરમાં ગયો. તેના ઘર આગળ જામેલી લોકોની ઠઠ અને થયેલા દેખાવો પોતાના ઘર આગળ પણ થાય તેની વાટ જોતી તે ઉભી રહી.

'વરઘોડો' આગળ વધ્યો. પુનીનું હૈયું ઉંચું નીચું થવા માંડ્યું. 'વરઘોડો' પુનીના ઘર આગળ ન થોભતાં આગળ વધ્યો. છેવટની હાર પણ ઘર આગળથી પસાર થવા લાગી. પુનીએ આંખો ફાડી ફાડી ખીમાને શોધ્યો, પણ ન દેખાયો. છેલ્લી હારમાંના બે કામદારો વાત કરતા હતા, તેમાંથી એકજ વાક્ય પુનીના કાને અથડાયું.

"છેવટે બિચારા ખીમાનોજ ભોગ લીધો. હરિ હરિ ! શિવ શિવ !"

"વરઘોડો' દૂર નીકળી ગયો. પુની જમીન પર ફસડાઇ પડી. પોતે શું સાંભળ્યું તે પણ તેને જાણે ન સમજાયું.

× × × ×

રાત્રિ પડતાંજ પુની કૂવે જવા નીકળી. કૂવા પાસે આવતાંજ તે ભયચકિત થઇ. ખીમાનો ઘૂમતો અવાજ હજીય વાતાવરણમાં ઘૂમરીઓ ખાઇ રહ્યો હતો. એ અવાજ પુનીને પરિચિત લાગ્યો. બરાબર કાન માંડી સાંભળતાંજ ખીમો કોઇ ઠેકાણે પણ કામ કરતા હોવાનો તેને ભાસ થયો. અવાજના અનુરોધથી તે પાણીના કાંઠા સુધી જઇ પહોંચી. તેણે ફરીથી કાન માંડ્યા. પાણીમાંથી એજ ઘૂમતા સૂર બહાર નીકળતા હતા. ખીમો કામમાં તદાકાર થયો ત્યારે "હં: હં:" એવો અવાજ થતો, બરાબર એવોજ અવાજ પાણીના ઉંડા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણુમાંથી ઉઠતો હતો.

ચારે બાજુ અંધારૂં હતું. પુનીને પગે નાળીએરનાં કાચલાં અથડાયાં. પુનીએ ગુસ્સાથી તેને બીજી લાત મારી. પાણીના ઉંડાણુમાંથી આવતો સ્વર પુનીને સ્પષ્ટ સંભળાતો હતો. પુનીએ મગજનું સમતોલપણું ગુમાવ્યું હતું. ગાંડાની માફક તેણે ચારે બાજુ દૃષ્ટિ નાખી.

"ખીમાના ભોગથી પાણી નીકળ્યું. મારા ભોગથી આના કરતાં પણ વધારે નહિ નીકળે ? વધારે પાણીથી વધારે ખેતી થશે. ને લોકો સુખી થશે; તો પછી મારો પણ ભોગ આપું તો ?" પુનીના મનમાં ભયંકર વિચાર ડોકાયો.

કૂવાની બાજુમાંજ પડેલા એક મોટા પથ્થર ઉપર પુની ચઢી. લૂગડું પથ્થર સાથે બાંધી કૂવામાં ઝંપલાવવાનો વિચાર પહેલાં તો તેને આવ્યો; પણ પડયા પછી હિંમત હારી જવાય તો ?

પુનીએ ફરીથી કૂવામાંથી "હં: હં:" એવો ભયંકર અવાજ નીકળતો સાંભળ્યો. તે ઉન્માદિની બની ગઇ. કૂવાના થાળા ઉપર ચઢી તે કૂવામાં કૂદી પડી. પુની કૂવાને તળીએ પહોંચે એટલીજ વાર ખીમાનો ઘૂમરાતો અવાજ બંધ પડયો. સર્વત્ર શાંતિ છવાતાં ફરીથી એજ અવાજ આજુબાજુના વાતાવરણમાં ઘૂમી રહ્યો.

* * * *

ઉપરની વાતને કેટલાંય વર્ષો વહી ગયા છતાંય આજે પણ એ ફળદ્રૂપ ખેતરો વચ્ચે આવેલા કૂવામાંથી રાત્રિના ભયંકર વખતે "હં: હં:" એવા સૂર સ્પષ્ટ ઉઠતા, ઘણા જતાઆવતા વટેમાર્ગુઓ સાંભળે છે.

(જુન-૧૯૩૪ ના " નવચેતન "માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦–ગરીબની હાય

(લેખકઃ–શ્રી. કાન્તિલાલ દયાશંકર દવે)

"કહું છું, આ છોકરાને રાખો ઘડીક ?"

"ને તારે શું કામ છે ?"

"મારે શું કામ છે ? મારે પાણી ભરવા મરવું પડશે ને ? પાછા અગિયાર નહિ વાગ્યા હોય ત્યાં તમારી હોજરી ઉણી થશે. મેં જોને પૂર્વે પાપ કર્યાં હશે તે આ ઘરમાં આવી ગોલાપોજ કરવાનો કરમમાં લખેલો."

"અરે, પણ તારે કાંઇ બીજો ધંધો છે કે બસ જ્યારે ને ત્યારે કકળાટ કકળાટ ને કકળાટજ કર્યા કરવો છે ? બહુ કંકાસ પણ સારો નથી અને આવા કંકાસમાં કો'ક દિવસ વિપરીતજ થાશે એમ લાગે છે."

"ઇ તો વિપરીતજ છેને, આ ઘરમાં આવી તે દિ'થી ! નહિતર કો'ક દિવસ તો હાશ કરીને બેસીએને ! આ તો ભળકડાના ઉઠીને તે મધરાત થાય ત્યારે એ ઘડી ઝંપ લઇએ ત્યાં તો આ મારો પૂર્વનો વૈરી છોકરો કનડે ત્યારે એવી દાઝ ચડે છે કે આ કરતાં મરી જાઉં."

"હશે ! રોજ ઉઠીને શું સંભારવું ! જેવાં જેનાં નસિબ; એમાં રોજ ઉઠીને કકળાટ કર્યે શું ફાયદો ?"

"ઇ આવડયું છે, જ્યારે ને ત્યારે પટ દઇને શિખામણ દેતાં ? હું તમને કહી દઉં છું કે ઇ તમારૂં ડહાપણ તમારી પાસે રાખવું. હું બધુંયે જાણું છું. હું ધાન ખાઉં છું, કાંઇ ધૂળ નથી ખાતી તે ન સમજું; પણ ક્રોધના માર્યા બોલાઇ જવાય છે. લ્યો પાછા હમણાં ખાવાની બાંગ પાડશો, તેડો આ છોકરાને; હું જરા પાણીનાં બે બેડાં ભરી આવું."

"ઠીક, જાઓ ભરી આવો અને મનુને ઘોડિયામાં સુવાડો."

"આખો દિ' ઘોડીઆમાંજ ગોંધી રાખું ને ? હજી હમણાંજ ઘોડીઆમાંથી ઉભો થયો છે. જરાવાર તેડીને બહાર જાશો તો કાંઇ શરમ લાગી જશે ? છોકરાને તેડવામાં હીણું કહેવાતું હોય તો પરણવું નહોતું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બહુ સારૂં, લાવો મારી પાસે ! આવો મનુભાઇ-"

ઉપર પ્રમાણેનું સંભાષણ જીવણ મુકાદમ અને તેની સ્ત્રી સમજુ વચ્ચે ચાલતું હતું. રવીવારની એ સવાર હતી. ઑફિસો અને મિલો, શાળાઓ અને કૉલેજો—બધુંયે આજે ક્રાઇસ્ટદેવના આરામ દિવસને અંગે બંધ હતું. સાડાદસને ટકોરે એકદમ ભોજન ઉપર બેસી અને કૂતરાની જેમ લસ લસ ખાતાં 'હમણાં ટાઇમ થઈ જશે' એ ભયથી પૂરૂં પાણી પીધું ન પીધું ને કપડાં પહેરી ઘડીમાં છત્રી ભૂલતાં, ઘડીમાં દાદરો ઉતરી ગયા પછી ચશ્મા કે ચશ્માનું ઘર ભૂલી જવાથી પાછા દાદરો ચઢતા કલાર્કોને આજ શાંતિપર્વ હતું. આજે તો સૌ કલાક મોડા ઉઠીને મનપસંદ શાકભાજી લાવી નિરાંતે જમવાનો મનસુબો રાખતા. આમ જ્યારે સૌને શાન્તિ હતી ત્યારે નહોતી ઘડીની ફુરસદ મુકાદમ જીવણભાઇને અને તેની પાડોશમાં રહેતા મહુવાના વાળંદ માધાભાઇને ! માધા વાળંદને રવિવાર એટલે તો પ્રવૃત્તિનો દહાડો. એને રવિવારે રાત્રે ધાન મળતું ત્યાંસુધી એ ફુરસદ મળતાં ચા-પાણીથી નિભાવી લેતો, અને સાંજ સુધીમાં તો ઘણાંએ મસ્તકો ઉપર એનો અસ્ત્રો ફરી જતો. એ બિચારો રવિવારેજ આટલો કામવાળો રહેતો; બાકીના બુધવાર સિવાયના દિવસોમાં એ ઘણી વિશ્રાંતિ અનુભવતો. પણ બિચારા મુકાદમને તો આઠે વાર અલ્લાના હતા; કારણ કે એની નોકરી એવી હતી કે માંદા પડે તો રજા મળે અને કાં રજા ઉપર જાય તો આશાએશ મળે; બાકી વાતમાં કાંઇ માલ નહિ.

આજે રવિવાર હોવાથી બધા ઢેઢનો પગાર કરવાનો હતો. વળી રજાના દિવસે અધિકારીવર્ગ ફરવા હરવા નીકળે એટલે આડે દિવસે તો હજીએ ચાલે, પણ આજે તો ગંદકીનું દર્શન ઓછું નજરે પડે અને અધિકારી મ્યુનિસિપાલીટી ખાતાની તારીફ કરે એ દેખાડવાનું હતું. સાથેસાથ જણાવી દઉં કે જીવણભાઇ બહાર સાવજ અને ઘરમાં બકરી હતા. અને એ વાતની સાબીતી તો વિચારશીલ વાચકને તેમની અને તેમના સમજુબાઇ નામના ગૃહપત્ની વચ્ચે થયેલી વાતચિત ઉપરથીજ થઇ હશે. ઘણે ઠેકાણે એમ બને છે કે જે બહાર દાદો થઇને ફરતો હોય અથવા બહાર જેનું સૌ પડયું વચન ઝીલાતું હોય તે પોતાની બાઈડી પાસે એક પાઇનો હોય છે; તેમ આ મુકાદમ સાહેબનું પણ હતું.

જમી પરવારી જીવણ મુકાદમ ઉભા થયા કે સામેની દિવાલ પર ટાંગેલા ઘડિયાલમાં અગિયાર ટકોરા થયા. "હે રામ ! હાલો" એમ કહીને મુકાદમે કપડાં પહેરી મ્યુનિસિપલ ઑફિસનો રસ્તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પકડયો. વડવામાંથી એને જોગીવાડ પાસે આવેલી ઑફિસમાં જવાને બહુ ઉતાવળો ચાલે તોપણ અર્ધો કલાકનો સમય તો જોઇએજ; એટલે એણે તો ઉંધુ ઘાલીને માંડયું બણકાવા.

પરાધીનતા વસ્તુજ એવી છે ને ! પારકી તાબેદારી કરવી અને ખૂમારી હદબારની રાખવી એવું થોડુંકજ બને છે ? અને જ્યાં મિનીટે મિનીટની હાજરી નોંધાતી હોય અને કાયામાં કૌવત ન હોય છતાંયે પગાર આપે છે માટે અન્નદાતાનાં ફરમાન ઉપર ફરમાન છૂટતાં હોય તે વિના વિલંબે કર્યા સિવાય છૂટકો છે ? મુકાદમને ઉપરના અધિકારી તરફથી ફરમાન છૂટયું હતું કે રવિવારે વેળાસર આવી પગાર વગેરેની વ્યવસ્થા કરવી. અગિયાર વાગ્યા ઉપર જેટલી મિનિટ થાય તેટલી મુકાદમની અનિયમિતતા ગણાતી, તેટલોજ તે કામમાં બેદરકાર ગણાતો, અને એની બધી કામગીરી ઉપર કાળી ચાદર ઢંકાઇ એ હરામખાઉ લેખાતો.

આજે સવા અગિયાર તો વાગી ગયેલા છતાં પોતાને હજુ રસ્તો લાંબો ચાલવાનો છે એમ ધારી બિચારા દોડતા હતા ત્યાં તો અવાજ આવ્યો કે "એ.........જીવણભાઇ ! અરે જીવણભાઇ !" મુકાદમના કોઇ સગાએ રસ્તામાં ઉતાવળે જતા મુકાદમને સાદ કર્યો.

પોતાને કોઇ બોલાવે છે એમ ધારી જીવણભાઈ આમ તેમ જોવા લાગ્યા. ત્યાં તો અવાજ કરનાર આદમી પાસે આવ્યો અને જીવણભાઇએ ઓળખીને કહ્યું કે "ઓહોહો ! નારણ કાકા ! તમે આજે અહીં કયાંથી ?"

"હું કામે આવ્યો હતો ત્યાં તમને દીઠા." નારણ કાકાએ કહ્યું.

"બોલો, કેમ છો ? ખુશીમાં ને ? ઘેર તો સૌ મઝામાં છે ને ? ઘેર તો આવજો, જરા આનંદથી બેસશું." આ પ્રમાણે ટાઇમ થઈ જવાથી એકદમ એકસામટા બધા સવાલ પૂછી લઈ મુકાદમે ચાલવાને પગલું ભર્યું; પણ નારણ કાકા ગામડાના માણસ એને વળી ટાઇમ શું કે કટાઇમ શું ? એણે તો મુકાદમને કહ્યું કે "અરે ભલા માણસ ! આમ ભાગો છો શું ? નોકરી તો આખો મલક કરે છે પણ તમે તો જબરા ભાઇ ! ઠીક છે કે મુકાદમની પાયરી છે પણ કદાચને મોટા ઉપરી થયા હોત તો જવાબ પણ ન આપત !"

"એમ હોય કાકા ! જરૂર ઘેર આવજો." એ વાકય બોલતાં બોલતાં મુકાદમે ચાલતી પકડી.

ગામડાના માણસને શું ખબર કે જીવણ મુકાદમનું જીવન આ શહેરી વાતાવરણમાં પળેપળ પ્રવૃત્તિપરાયણ છે અને એટલા શ્રમનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફળ પરિવારને પેટ પૂરતી ચણ્ય માંડ માંડ થાય એટલુંજ છે! ટુંકામાં, "વાશી રહે નહિ અને કુત્તા ખાય નહિ" એના જેવુંજ. ઑફિસમાં પણ મુકાદમને વિલંબ થાય કે કામમાં કાંઇ કસુર આવે તો સાહેબ એની ધૂળ કાઢી નાખતા, ઘેર સ્ત્રી પણ એટલીજ ધૂળ ઝાટકતી એટલે મુકાદમ તો "આ સંસારમાં જીવવુંજ છે તો બધું કરવું" એ ન્યાયે જીંદગી ગુજારતા.

ઑફિસમાં આવ્યા અને જોયું તો કામદાર વર્ગનો મેળો ભરાઇ ગયેલો દીઠો. સહુ કોઇ મુકાદમની રાહ કાગને ડોળે જોઇ રહેલા. મુકાદમ બે મિનિટ શાન્તિ ખાતર ખુરસી પર બેઠા ત્યાં તો એક કામદાર આવ્યો ને કહ્યું કે "એ મુકાદમ! હાલોને ભાઈસા'બ! આ બપોર થયો, હવે તે કાંઇ વાંક સે અમારો?"

"ચાલો આવું છું. દેહલો આવી ગયો?" મુકાદમે કહ્યું.

"અરે દેહલો-હું બધાય આવી ગયાસે. આ તે કેવું કેવાય! બોલ્યા મુકાદમ, મને ઠાકરના હમ, પણ બાર વાગે ઇ પે'લા ઉકેલ કરી દેતા; પણ તમે તો જીવણભાઇ બહુ ટાઢા ભાઇ સા'બ!"

"ઠીક ઠીક, ડહાપણ કર્યમાં બહુ. જા, આવીએ છીએ. સાલું ઘડીક મોડું થઇ ગયું ત્યાં તો જીવ ખાઇ ગયા. જા, આવીએ છીએ." મુકાદમે જરા પાવર બતાવી આવેલા આદમીને પાછો વાળ્યો અને બીડી સળગાવી ધુમાડાના ગોટા કાઢવા માંડયા.

"કાં પુનકા! આવેસ કે નહિ મકાદમ? ભારે કરી આ મુકાદમે તો; બહુ તપાડયા."

ત્યાં તો જીવણભાઇને મોઢામાં બીડી અને હાથમાં કાગળ પેન્સીલ લઇને આવતાં દીઠા એટલે એક જણ બોલ્યો કે "એ વયા આવે મકાદમ! હાલો એ... ટીડિયા, એલા લાલ્યા, હાલો! માલકીને બોલાવતો આવ; વાલેડી આવી? પુરકી કયાં ટોસાઇ ગઇ? એલી જકલી, હાલની હવું" અરસપરસ કોલાહલ મચાવી પોતપોતાના વીખરાઇ ગયેલા ભાઇભાન્ડુને કામદારો બોલાવા લાગ્યા, અને એક કતાર થઇ ગઇ.

જીવણ મુકાદમે પગારપત્રક હાથમાં લઇ દોરે બાંધેલા ચશ્મા કાઢ્યા. તીણી નજરે ચશ્મા ચડાવી પત્રકની નામાવલી શરૂ કરી. વારાફરતી "હાજર, હાજર"ના ઝડપી પોકારો એકબીજાના મુખમાંથી નીકળવા લાગ્યા.

"પુના દેવા?" મુકાદમે નામ પોકાર્યું.

"હાજર" કહીને પુનો ઉભો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"લે આ સાડાત્રણ રૂપિયા, ગણી લે."

"કાં ભાઇ શાબ્ય? હાડાત્રણ શીના લઉં? પુરેપુરા ચાર આપો-ને! એકેય દિવસનો ખાડો નથ્ય."

"લે, છાનામાનો લઇ લે, ઝટ નિકાલ પતાવ; હજી મારે આ બધાનો પાર લાવવાનો છે."

"પણ નિકાલ તે કેમ પતાવું? ઓસું આલો તે શીનો લઉં હું? તે જુઓને પતરકમાં ઓલ્યા આતવારેય ચાર રૂપિયા હતા કે નહિ? આમ કરો તો તો મરી જાઉં ભાઇ શાબ્ય!"

"ડહાપણ કરવું છે કે લઇ લેવા છે? તારી કાંઇ કામકાજમાં કસુર હશે તો ઇન્સપેક્ટર સાહેબે તારો અર્ધો રૂપિયો દંડ કર્યો હશે."

"અરે આ હું બોલોસ? પુનાના કામમાં વળી ચુક તે શીની આવે? આજ બાર બાર વરસથી નોકરી કરૂં સઉં પણ જોજો, કોઇ દિ" આલ્યોસે દંડનો એકેય પૈસો? સા'બ તો સમુકલા મારૂં કામ પાસ કરેસે અને દંડ કેમ કરે?"

પુનાનું બોલવું પણ સાચું હતું. એના કામમાં કોઇ કસુર કાઢ-તુંજ નહિ. પુનો જે જગ્યાએ કામ કરતો ત્યાં ઇન્સપેક્ટરો કવચિ-તજ જતા; કારણકે સહુને ખાતરી હતી કે પુનાને સોંપેલ કામમાં પોણાસોળ આના બે પાઇ હોયજ નહિ, સોળે સોળ આનાજ હોય. આવા વિશ્વાસુ માણસનો દંડ કરવાનું ઇન્સપેક્ટરને કારણ શું ત્યારે? એ કારણને શોધનાર મુકાદમ જીવણભાઇ હતા. મુકાદમને ઘેર આજે રસ્તા પર મળેલા એના ગામના મહેમાન આવવાના હતા; તેના સાદા સત્કાર વાસ્તે જે આઠ આના બારોબાર નીકળ્યા તે. એવા વિચારથી ઇશ્વિરનો દીકરો પણ મનુષ્યની માટી વાળનાર રંક શ્રમજીવી-નો અર્ધો રૂપિયો દંડનું બહાનું બતાવી મુકાદમે હરામનો લઇ લીધો.

સહુના પગાર ચુકાવી હરામના આઠ આના ખીસામાં મુકી મુ-કાદમ પણ હર્ષમાં ઘર તરફ ઉપડયા. ખરેખર, કહેવત પ્રમાણે "કુક-ડીનું મન ઉકરડીમાં" એ ન્યાયે મુકાદમની બિચારાની વધારે ગુંજાશ નહોતી. ઉપરી અમલદારની ચાહના મેળવતાં એને આવડતું નહોતું તેથીજ તેણે આ કાર્ય કર્યું; અને દરેક પગારે થોડી ઘણી કસર તે દરેકને આપતા. રસ્તામાંથી ગરીબ છતાંયે ચહાનું જેને દાતણ છે તેવા મુકાદમે ચા-સાકર લીધાં અને ઘેર આવ્યા.

હજી તો ઉંબરામાં પગ મૂકયો ત્યાં તો તેમના પૂર્વના સંસ્કારે મળેલાં પત્ની સ્ત્રીધર્મની બધી ફરજો અદા કરવા માંડયાં.

"આવ્યા કે?" સમજુએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, લ્યો આ સાકર ને ચા અને બીજું! કોઈ મેમાન આવ્યા હતા?" મુકાદમે પૂછ્યું.

"ના, મેમાનને શું ગુડવોસ તે આવે?"

"અરે પણ તારી તે વાણી કેમ બહુ કઠોર છે?"

"હા, હું તો કઠોરજ છું ને. કોઇ બીજી અત્યારે કપાળમાં ભમરડો તાણે તો જાઓ લઇ આવો કોઇ મનગમતીને!"

"અરે! હું તો તારી બોલીને કઠોર કહું છું, તને નહિ."

"બોલી કઠોર થઈ જાય છે. આખો દિવસ કામ કરવું પડે તે? કેડેય તો એવી દુઃખે છે કે જાણે સૂઇ જાઉં. કાંઇ તમારી જેમ થોડુંકજ છે કે ખાવાની શું વાર છે?"

"કામ તો દરેકને ઘેર હોય; કાંઇ આપણે નવાબના છીએ તે કામ ન હોય!"

"ઠીક, લ્યો વાતુ મૂકો હવે, આ છોકરાને તેડો. હું સવારનો એઠવાડ કાઢી નાખું."

"હજી સવારનો એઠવાડ પડ્યો છે?"

"પડ્યો ન હોય, તમે બોલો છો તે? હાથે કરીને મને બોલાવો છો ને? આ તમારો કુંવર પાછો બહુ રહે તેવો ખરો ને!"

આટલું કહી સમજુબાઇ છોકરો મુકાદમને આપી વાસણ લઇ ફળીઆમાં પધાર્યાં.

ખરેખર! નામ સમજુ પણ અકક્કલનાજ વાંધા! જગતમાં નામ પ્રમાણે ગુણ તો બહુ થોડાજ ધરાવે છે, એમાં સમજુની ફઇબાનો નામ પાડવાનો દોષ ન ગણાય. એટલું તો જરૂર કે જીવણભાઇના ભાગ્યાનુસારજ આ સ્ત્રી સાંપડી હતી. તે સ્વભાવે એદી અને ખાઉકડ હતી. જીવણના ઘરમાં ભાંગતા દિવસની નિશાની હતી.

જીવણભાઇએ કપડાં ઉતારી એક હાથમાં બચુને તેડયો અને બીજા હાથે બારણાની સાંકળ ખખડાવતાં છોકરાને રમાડતા હતા ત્યાં તો ફળિયામાંથી ફરમાન છૂટયું કે "મને પાણી આપી જજો થોડુંક, ઠામ વીછળવાના બે બાકી રહી ગયા."

બિચારા જીવણભાઇ એક હાથમાં બચુને તેડેલો અને બીજા હાથમાં પાણીની તાંબડી લઇ ધોતિયાની પાટલી સરી ગઇ છતાં દરકાર ન કરતાં ઢસરડાતા ધોતિયે પાણી દેવા ગયા. કયાં રાંક ઉપર અમલ કરતા જીવણ મુકાદમ અને કયાં અત્યારે ઘર આંગણે ઉભેલા મુકાદમ? લાખ ગાડાનો ફેર સમજતા અને કડવા ઘૂંટડા ગળી જતા.

જમવાનું થયું એટલી વારમાં તો મુકાદમની સમજુ સ્ત્રીએ કેટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાચે હુકમો કર્યા અને તે મુકાદમને જરાપણ મુકાદમી કર્યા સિવાય પાળવા પડયા. જમી પરવારી જે કંકાસ ઓછા થયા એ ન્યાયે મુકાદમ બે ઘડી બહાર આંટા મારી પથારી પાથરી નિદ્રાદેવીની મીઠી ભુજામાં પડયા ને પડયા એવા લપેટાઈ ગયા.

\+ \+ \+

ઢેડ બધા પગાર લઇ ઘેર જતા હતા તેમાં પુનાનો દંડ થયો તે વાતથી સૌ ગમગીન હતા. પુનો તો સાવ સૂનમૂન થઇ ગયો હતો. થોડી વારે એ માંડમાંડ બોલ્યો કે 'જુઓ દહેલી! આજ મારી પાંહેથી હરામનું લીધું તો કાલ્ય તમારી પાંહેથી જરૂર લેશે. માટે ઇનો વેલાસર ઇલાજ તો કરવો જોશે; અને મને ભગવાન પુસે જો ખોટું બોલું તો, પણ આજ ચાર રૂપીઆ આવશે તી હાટુ તો ઓલ્યા નાકા વાણીઆને વાયદો દીધેલો. ત્યાં તો મનમાં નહિ ચિત્તમાં નહિ ને ઘડ દેતાનો અર્ધો રૂપીઓ ઓછો થયો; અને તેય તે દંડ. કાલ સવાર ક્યારે પડે ને મોટા સાબને મળું ત્યારે મારે કાળજે નિરાંત થાય; બાકી અટાણે તો ભલી લઇ ગ્યો."

"વાજબી સે તમારૂં કેવું પુનાભાઇ. કેમ ટીડિયા બોલતો નથી?" દેહલીએ પુનાની વાત સાંભળીને કહ્યું.

"આપણે બધા મળીને સા'બને રપોટ કરીએ તો હું વાંધો સે?" ટીડાએ કહ્યું.

ટીડાની સલાહ સાંભળી સૌ બોલ્યા કે

"હા, હા. ટીડાનું કહેવું ખરૂં સે. આપણું કહેવું ઇ કાને ધરશે અને વળી ઇં દયાળુ સે."

ત્યાં તો ઘર આવ્યું અને વળતા દિવસ ઉપર વાત મુલતવી રાખી સૌ સૌને ઘેર ગયા.

રાત્રિ પડી. સઉ નિદ્રાની મીઠી હુંફમાં પડયા છે, ફક્ત પુનો આ ભેરાસર રાત્રિમાં આંખ મીંચે અને ઝબકી જાય છે. રહી રહીને એના દિલની મૂંઝવણ એ શબ્દોરૂપે એકલો એકલો બહાર કાઢે છે કે "અરે, મારો દંડ થયો! બાર વરહની નોકરીમાં કે દિયે દંડ નહિ અને આજ દંડ? અને તેયે તે કામમાં ભૂલ થયાનો!" અરે! આજે રાત પણ ખૂટતી નથી. સવાર ક્યારે પડે ને સા'બને વાત કરૂં."

આમ ઘડીકમાં જાગતો અને ઘડીકમાં ઉંઘતો પુનો મીલમજુરોને જગાડતી મીલની વ્હીસલ સાંભળી એના ખાટલામાંથી ઉભો થયો. અર્ધું ચાવેલું દાતણ માથામાં ખોસી પુનો રસ્તા ઉપર સંમાર્જની ફેરવવા માંડ્યો. આસપાસના રહેવાવાળા પણ આ ઢેડની સારી કદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા અને તે વાળતાં વાળતાં પ્રભાતિયું લલકારતો હોય ત્યારે આજુબાજુનાં પણ ઉઠતાં અને બોલતાં કે "ભગત આવી ગયો છે, ચાલો હવે ઉઠવા દો; કાંઇ બહુ અંધારૂં નથી લાગતું." પુનો તો મહોલ્લામાં ભગત તરીકે ઓળખાતો. વાત વાતમાં સઉ બોલતાં કે બિચારાનો અવતાર ઢેડને ત્યાં છે, બાકી પ્રભુને તો આખો દિવસ સંભારે છે." આમ આજુબાજુના માણસોને આ પુના ભગત ઉપર ભાવ હતો અને તેને ખાવા પીવાનું સૌ હોંશથી આપતાં.

સવાર પડી ઇન્સપેક્ટર સાહેબની સાયકલ આવી પહોંચી કે પુનો સલામ કરી બોલ્યો:

"એ સા'બ! ગરીબપરવર! કાંઇ વાંક ગનો હોય તો માફ કરો; પણ એકદમ દંડ રે'વા દો. મારા પળી લાઝે સે સા'બ! આબરૂ તો ગરીબનેય હોય સે બાપા! અને ઇ જાય ઈ જીવતરમાં સવાદ નથી."

"શી બાબતનો દંડ?"

"શી બાબતનો હશે તે હું શું જાણું? મને તો કાલ મુકાદમે પગારમાં અર્ધો રૂપીઓ ઓછો આપી વાત કરી કે સા'બે તારો કામમાં ભૂલ થયાનો અર્ધો રૂપીઓ દંડ કર્યો છે."

"પણ હું દંડની વાતજ જાણતો નથી ને!"

"અરે મા બાપ! ત્યારે મારે આમાં શું સમજવું? મારી તો આંતરડી કકળી રહે છે, પણ શું કરૂં? અમારો તો અવતારજ હાડ હાડનો સા'બ! કામ કરીએ તોયે ઓછું આલે. જરાક ભગવાનનો ભો રાખતા હોય તોયે સારૂં!"

"ઠીક ઠીક, હું આજે મુકાદમની બરાબર ખબર લઇશ; તું તારે બેફીકર રહે." આમ બોલતા સાહેબ તો સાઇકલસવાર થઈ રવાના થયા.

× × × ×

ઓફિસમાં બાર વાગી ગયા, પણ મુકાદમ હજી આવ્યા નથી. મુકાદમને મોડું થવાનું કારણ તો તેનો એકનો એક છોકરો કે જેને તે ગઇ રાત્રેજ રમાડતા હતા તેને સવારમાં મુવેલો દીઠો. ઘોડિયાની દોરી પાસેથી છોકરાનો કાળએરૂ પાણીના રેલા માફક સરી ગયો. સ્ત્રી-પુરુષ બન્ને બહુ રોયાં પણ એ રુદન વ્યર્થ હતું. રંકની કદુવા ઇશ્વરના દરબારમાં સંભળાઇ હતી. અને એથીજ એ કોપ થયો હશે તો કોણ જાણે! અધર્મનું ધન કદાચ એક વાર બે વાર કે પાંચ વાર પચી જાય, પણ એમાં કોઇ ગરીબનો અંતરનાદ એવો નીકળી જાય છે કે માણસનું ધનોત પનોત નીકળી જાય છે.

\+ + + +

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇન્સપેક્ટરે મુકાદમની ખબર લીધી અને દંડની વાત કહી સંભળાવી અને સાથે કહ્યું કે, આજે બધા ઢેઢ ભેગા મળી સાહેબને રિપોર્ટ કરવાના છે અને હું પણ કહેવાનો છું કે, મેં કાંઇ દંડ કર્યો નથી. બોલો, શું જવાબ આપો છો ?"

"શું જવાબ આપું ? મહેરબાન સાહેબનો સ્વભાવ તો તમો જાણો ને ? રજ જેટલી ભૂલમાં તે પાણીચુંજ આપે છે તો મારી આ ફરિયાદથી મારા રાંકનું રળી ખાવાનું સાધન બંધ થશે. માટે દયા કરી સૌને સમજાવો અને આપ પણ મારા તરફ દયા કરો."

"ઠીક. હું બધાને સમજાવીશ અને પુનાને તેનો અર્ધો રૂપિયો હું મારી પાસેથી પાછો આપું છું; અને તમારી વિરુદ્ધ કાંઇ પણ નહિ બોલવા દઉં. પછી છે કાંઇ ?" ઇન્સપેક્ટરે કહ્યું.

"બસ ભાઇ સાહેબ ! મોટી મહેરબાની."

"આમાં મહેરબાની કાંઇ નથી, પણ જુઓ, આવતે પગારે તમે મને ૧૦) રૂપિયા આપશો ને ?"

"હેં ! દશ રૂપિયા ? શેના ?" મુકાદમનો અવાજ જાણે તૂટી જતો હોય તેમ બોલ્યા.

"શેના ? ભલા માણસ ! એટલું તો સમજો છો કે અત્યારે તમારી નોકરી જાય તે કરતાં દશ રૂપિયે નોકરી સાબુત રહે છે તે શું ખોટું ?" ઇન્સપેક્ટરે કહ્યું.

"પણ મહેરબાન ! આ મહિને તો મારી સ્થિતિ કફોડી છે. છોકરો મરી ગયો અને ખર્ચો પણ વધારે છે. હું આવતે મહિને તમને જરૂર રાજી કરીશ." મુકાદમે કહ્યું.

"મુકાદમ ! તમે તો તમારોજ કક્કો સાચો રાખશો ને ? મારે કાંઇ જરૂર નથી, જાઓ. લોઢું જાણે ને લુહાર જાણે; આ તો મનમાં દયા આવે છે કે તમારી નોકરી ચાલી જશે એમ ધારીને મારાથી બને તેટલું કરૂં અને બીજું એ જડ વર્ગ સાહેબને કદાચ રિપોર્ટ કરશે અને સાહેબ એ બાબતમાં મને પૂછશે ત્યારે મારે તો ચોખ્ખી વાત કરવીજ પડશે કે મુકાદમ ખોટું બોલીને ખાઇ ગયા છે. પછી શું થશે તે તો સાહેબના સ્વભાવથી તમે વાકેફ છો. આ તમારા ભલા ખાતર હું તમને કહું છું ત્યારે તમે ગળચવા ગળો છો. તમારા હિતની વાત પણ જ્યાં તમે ના સમજો ત્યાં મારે શું કામ માથાફોડ કરવી ?"

મુકાદમને બધુંયે સમજાયું. નોકરી તૂટશે તો શું સ્થિતિ આવી પહોંચશે તે દૃશ્ય તેની નજર સમક્ષ ખડું થઈ ગયું. દશ રૂપિયા આપવાના તેણે કબૂલ કર્યા. ઇન્સપેક્ટર સાહેબને રૂપિયા દશ ચોક્કસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળશે ! એ ચોક્કસ થયું એટલે આજુબાજુ બેઠેલા માણસોની સંખ્યા ગણી ૭ કપ ચા મંગાવી અને ઉપર એક એક પાનની પટ્ટી. બળેલા દિલમાં એક ગરમ ચાની પ્યાલી રેડી મુકાદમે બળતે દિલે ઇન્સ-પેક્ટર સાહેબ પાસેથી રજા લીધી.

× × × ×

મહિનાની પહેલી તારીખ હતી, અને પહેલી તારીખ તો પર્વના સરખી હોય છે. દાણાવાળા, દૂધવાળા, કોલસાવાળા, બધા આજે એ પૈસાનું ઘાસલેટ વધુ બાળી પૈસાની રાહ જોતાં. મુકાદમ જીવણભાઇ પણ રૂપિયા બાવીશમાંથી દશ રૂપિઆનું નૈવેદ્ય ભરીને એક મહિનાના બાર રૂપિયામાં કેટલા લેણદારોના મોઢા કેમ સાચવવા એ વિચારતા ઘર તરફ ગયા. મુકાદમને તો જીવનમાં બોધપાઠ મળી ગયો. દશ રૂપિયા આપીને એ શીખ્યા કે "મારા દસ રૂપિયા જાય છે ત્યારે મારા હૃદયમાં કેવી લ્હાય ઉઠે છે ? એજ બળતરા પેલા ઢેઢના હૃદય-માં પણ થઇ હશેને ? પ્રભુ મને માફ કરજે !" આમ બોલતાં બોલતાં એની આંખમાં આંસુ આવી ગયાં. ગરીબની કદુવા આટલું નહિ પણ આનાથી વધુ કરી શકે છે. એક રંક શ્રમજીવીની રોજીમાંથી અધર્મનું હરી લેતા મુકાદમ ઉપર તો કુદરતની થપાટ પડી, પણ ગરીબ મુકાદમ જેવા કેટલાએ મુકાદમોનાં નૈવેદ્ય જમી જનાર ઇન્સપેક્ટર સાહેબને તો અકાળે પક્ષઘાતનો વ્યાધિ લાગુ થયો; અને હરામની બેંકમાંથી હદપાર લૂંટેલાં નાણાં ખલાસ થતાં એ ઇન્સપેકટરને દુનિયાની દયા ઉપર જીવવા વારો આવ્યો. મરતી વખતે એના કફન વાસ્તે ઢેડા-ઓએ બબ્બે આના એકઠા કરી એના શબના સંસ્કાર કરાવ્યા. છેવટે તુલસીદાસ કહે છે તેમ:

"તુલસી હાય ગરીબકી કબુ ન ખાલી જાય;
મુવે ઢોરકે ચામસે લોહા ભસ્મ હો જાય."

ગરીબનો હાયકારો માણસનું જડમૂળ કાઢી નાખવાનું સામર્થ્ય ધરાવે છે.

("સાકી"ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧–ઢેઢનો માસ્તર

(લેખક:–શ્રી. હરિજનસેવક)

મહાત્મા ગાંધીજીએ હરિજનની ઝુંબેશ ઉઠાવી અને...ગામમાં હરિજન શાળા ખોલવા એક શેઠે રૂપિયા હજાર કાઢી દીધા. હરિજનોનાં ભાગ્ય ઉઘડી ગયાં.

ગામના સુધારક ગણાતા એ પરદેશી શેઠ વાસમાં આવીને મકાન જોઈ ગયા. હરિજન કામના ઉપરી અધિકારીને કાગળપત્ર લખી મોકલ્યા.

ત્રીજે દિવસે બપોરની ગાડીમાં બે ખાદીધારી સેવકો ઉતર્યા. ઉજળાં દૂધ જેવાં કપડાં, હાથમાં થેલીઓ, પગમાં ચંપલ, બગલમાં બિસ્તરા: ટપ્પો કરી સીધા નારણદાસ શેઠને ઘેર ગયા.

જમી કારવી બે ઘડી આરામ લઇ હરિજનવાસમાં ગયા; સાથે શેઠ અને શેઠના જૂના મિત્ર પ્રેમચંદભાઇ પણ ગયા.

હરિજનોએ મહાજનને આવતા જોયા. એક બીજાને ઘરમાંથી બોલાવી લીધા. મેપો શાળ મૂકીને બહાર આવ્યો. દાનો દિકરો મૂકીને દોડચો. રામો ચામડું સૂકવવાનું પડયું મૂકી આવી પહોંચ્યો. મહાજન નજીક આવ્યું એટલે સલામો લેવા માંડયા.

રામા ડોસાએ આગળ આવીને કીધું: "આજ તો અમારૂં ગરીબનું આંગણું પાવન કર્યું ?"

"અમે ખાસ કામે આવ્યા છીએ."

"ફરમાવો શેઠ સા'બ !"

"કાલે તમને નિશાળની વાત કરી'તીને !"

"બહુ ભલી વાત."

"એ નિશાળને માટે આ માસ્તર આવી ગયા છે."

"ભણાવવાનું કયાં રાખશું ?"

"આપણા ચોરામાં રામદે પીરને આશરે."

માસ્તર વિનુભાઇની ઓળખાણ કરાવી, બે–ચાર બીજી આડી–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવળી વાતો કરી સૌએ રજા લીધી.

× × × ×

બીજે દિવસે ધામધૂમથી હરિજન શાળા ખુલ્લી મુકાઇ. ગામના પાંચ માણસો વાસમાં આવ્યા. પ્રીતમરાય દેસાઇ, જેઓ ભાવનગરથી ખાસ હરિજન શાળા ખુલ્લી મૂકવા પધાર્યા હતા તેઓ આનંદથી ઉભરાતે હૈયે બે શબ્દ બોલ્યા.

બીજા દિવસથી શાળા ચાલુ થઇ. ચાળીસથી પચાસ છોકરા-છોકરીની ધીંધ આવવા લાગી. આખો દિવસ હો હો ને કીકીઆરી, કાન પડયું સંભળાય નહિ. વિનુભાઇ બધાને સરખા બેસાડી પોતાની જગ્યાએ ન પહોંચે ત્યાં પાછી ગાળાગાળી અને ધીંગામસ્તી!

એક દિવસ બે દિવસ કરતાં આઠ દિવસ વીત્યા. મોટા છોકરા કામે જવા લાગ્યા. મોટી છોકરીઓ આવતી બંધ થઇ. વીસથી પચીસની હાજરી રહી.

શાળામાં કંઇક શાંતિ થઇ.

× × × ×

રાતે કામધંધેથી થાકયાપાકયા જુવાનીઆ આવે છે. વાળુ પાણી કરીને ખાટલા ભેગા થાય છે. વિનુભાઇ એમને સમજાવે છેઃ "ભાઈ! બે કલાક રાતે રામાભાઇને આંગણે બેસો તો બે આંકડા ભણાવું."

બીજે દિવસથી રાત્રિશાળા શરૂ થઈ. આખો દિવસ ભણાવીને સાંજે વહેલા વાળુ કરી વિનુભાઇ બત્તી સળગાવી વાસમાં જાય છે. રામા ડોસાની ઓશરીમાં બેસે છે. આઠ દસ જુવાનીઆ ભણવા આવે છે.

આઠ દિવસ, પંદર દિવસ ગયા. ચોમાસાના દિવસો આવ્યા. જુવાનીઆ આવતા બંધ થયા. પાડોશમાંથી એક-બે જણ આવીને બેસે છે. વિનુભાઇ એમની આગળ સારી સારી ચોપડીઓ વાંચે છે.

× × × ×

છ માસ વીત્યા, પ્રીતમરાય શાળા તપાસવા આવી પહોંચ્યા.

વિનુભાઈ સ્ટેશને સામા ગયા. નારણદાસ શેઠ સાથે પ્રીતમરાય શાળા તપાસવા આવ્યા. હાજરીપત્રક જોયું.

"હાજરી બહુ ઓછી!"

"પહેલાં પચીસ આવતા; હમણાં વરસાદની ઋતુ હોવાથી સંખ્યા જરા ઓછી થઈ છે."

"તમારે સંખ્યા વધારવા પ્રયત્ન કરવો જોઇએ. રાત્રિશાળા ચાલે છે કે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ચાલે છે; પણ સંખ્યા ચારની છે."

" તો પછી નથી ચાલતી એમજ કહો ને ?"

" પહેલાં આઠ-દશ જુવાનીઆ આવતા; હમણાં વરસાદને લીધે નથી આવતા."

" આમ કેમ ચાલે ? આ કોમ સેંકડો વર્ષથી પતિત થયેલી ને તિરસ્કૃત કોમ છે. એમાં સુધારો કરવો એ ખાંડાના ખેલ છે. એક ઠેકાણે બેસી ન રહો; રજાઓમાં ગામડે જાઓ, એક છેડેથી બીજે છેડે હરિજન ઝુંબેશ જગાવો......"

વિનુભાઈ મૂંગા મૂંગા સાંભળી રહ્યા.

× × × ×

" પ્રીતમભાઇ ! અમારી એક વિનંતિ છે." નારણદાસે વાળુ કરતાં વાત ઉચ્ચારી.

" બોલો."

" અમારે બીજો માસ્તર જોઇએ."

" કેમ ? વિનુભાઇમાં કાંઇ દૂષણ છે ?"

" દૂષણ નથી. બિચારા સીધી લીટીના માણસ છે, ભણાવવામાં પણ સારા છે."

" તો પછી ?"

" અમને પગાર ભારે લાગે છે."

" ત્રીસ રૂપિયા ભારે લાગે છે ? તમે એમને ઓળખતા નથી. એ પહેલાં નડિયાદ રાષ્ટ્રીય શાળામાં હતા ત્યારે પાઈ પણ ન લેતા. ઘરના સુખી માણસ છે; બાપ વેપારી છે, પણ આ હરિજન સેવાનું કામ ઉપાડયું એટલે પિતાનો વિરોધ થયો, એટલે એ જણની જરૂરીઆત પૂરતું લ્યે છે."

" પણ આપણે જરા ભાવનાવાળો શિક્ષક જોઇએ."

" વિનુભાઇને ભાવના વિનાના કહો છો ? જેલમાં જઇ આવ્યા છે એથી મોટી ભાવના કઇ ?"

" પણ આપણે કયાં વિનુભાઈની નોકરી તોડી નાખવી છે ? એમને બીજી નિશાળમાં ગોઠવો."

" ઠીક, વિચાર કરીશ."

" વિચાર નહિ, તમે જઇને તરત લખાણ કરી નાખજો."

પ્રીતમરાય કંઇ બોલ્યા નહિ. શેઠે ચલાવ્યું: " છોકરાં પહેલાં સાઠ પોણોસો આવતાં."

" સાઠ પોણોસો નહિ, પણ ચાલીસ પચાસ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, ચાલીસ પચાસ. પણ એમાંથી અર્ધા થઈ ગયા તે ભણાવવામાં ખામી હશે ત્યારે ને ?"

"મેં એમને સંખ્યા વધારવા તાકીદ કરી છે."

"પણ મને ગામ આખું ઠપકો દે છે."

"શેનો ઠપકો ?"

"કે ક્યાંય ઢેઢના માસ્તરને ત્રીસ ચાળીસના પગાર ભાળ્યા છે ? દશ દશના જોઇએ એટલા જડે છે."

"ઠીક, હું ચાર દિવસમાં જવાબ લખીશ."

પ્રીતમરાય સવારની ગાડીમાં ભાવનગર ગયા.

× × × ×

હરિજન કાર્યકર્તાઓની સામાન્ય બેઠકમાં ચર્ચા ચાલી રહી છે. પ્રીતમરાય ધીમે ધીમે બોલી રહ્યા છે: "ઘણી જગ્યાએ ફરિયાદ છે કે હરિજન શિક્ષકોને આટલા પગાર ન હોય."

"એ ખરૂં છે; ગરીબ માણસોની સેવા કરવી અને મોટા પગાર લેવા એ બે વાતને ન બને." નિવૃત્ત થયેલા વકીલ નવનીતરાય દાવકું મોઢું રાખી બોલ્યા.

"પણ માસ્તરને બૈરાં-છોકરાં હોય એને ક્યાં મૂકી આવે ?" એક જુવાને જુદો સૂર કાઢયો.

"એમણે પોતાની જરૂરીઆત કમી કરવી જોઇએ, સાદાઇથી રહેવું જોઇએ."

"સાદાઇથી રહેવું એમ કહ્યે સાદાઇ નથી આવી જતી. પોતે દૂધ-ઘી ઓછાં ખાય, પોતે ઓછું પહેરે ઓઢે, પણ છોકરાં-છૈયાંને પૂરો રોટલો તો ખવરાવવો જોઇએ ને ?"

"એ વાત સાચી છે."

"એટલે આપ શું કહેવા માંગો છો ?"

"એટલુંજ કે આજની આર્થિક સંકડામણમાં દલિતની સેવા કરનારે જરૂરીઆત ઘટાડવી જોઇએ."

"મારો એની સામેજ વાંધો છે." યુવાન યશવંત ઉકળી ઉઠયો.

"શો વાંધો છે ?"

"એટલોજ કે ઢેઢ દુબળા એટલે એનો માસ્તર પણ દુબળો. ઢેઢ ઓશીયાળા-રાંકડા એટલે એનો માસ્તર પણ ઓશીયાળો-રાંકડો ?"

આજે સૌને લાગે છે કે ઢેઢનો માસ્તર દશ રૂપિયાનો જોઇએ. ઢેઢનું નશીબ ઢેઢ જેવું. એને વળી મોટા પગારદાર માસ્તર હોય ?"

× × × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારણદાસ શેઠે યશવંતને વારતાં કહ્યું: "હરિજનસેવકોને માટે બાપુ શું કહે છે તેનો તમે વિચાર કરો તો સમજાશે કે તમે તદ્દન ઉંધે રસ્તે છો."

"મહેરબાની કરીને બિચારા બાપુને વચ્ચે ન લાવશો. બાપુ શું કહે છે તે હું જાણું છું."

"શું કહે છે બાપુ?"

"કે હરિજનકાર્યને માટે ત્યાગી, નિર્મળ તેમજ કાર્યદક્ષ સેવકો જોઇએ."

"બસ ત્યારે."

"પણ એનો અર્થ એમ નહિ કે એવા સેવકની જરૂરીઆત ત્રીસ ચાળીસની હોય તો એને નાલાયક ઠરાવવો, અને દશ દશના શોધીને ઓઠાની જેમ બેસાડી દેવા."

"યશવંતભાઈ! તમે કહો છો તે ખરૂં છે." પ્રીતમરાય વચ્ચે બોલ્યા.

"લોકોને સાચી વાત સમજાવો, અને પૂછો કે શા માટે હરિજન શિક્ષકને ત્રીસનો પગાર ન આપવો? હરિજન ગરીબ છે માટે? કચડાયેલા છે માટે? એ ભૂખે મરતા છે માટે એનો શિક્ષક એવો જોઇએ?"

"યશવંતરાય! તમે ભીંત ભૂલો છો. હરિજન પ્રવૃત્તિ એ ધાર્મિક પ્રવૃત્તિ છે. એમાં પગારદાર માણસોજ ન જોઇએ." નવનીતલાલે દલીલ શોધી કાઢી.

"એમાં તમે નવું શું કહ્યું? સૌ જાણે છે એ વાત. બાપુના એ શબ્દો આપણે રોજ ગોખીએ છીએ; પણ એમ ગોખ્યે સેવકો સાંપડતા નથી. અને એવા ન જડે ત્યાં સુધી શાળાઓમાં જેવા તેવાથી ચલાવી લેવું એ વ્યાજબી નથી. ખાદી ભંડારોમાં અને ખાદી કાર્યાલયમાં મોટા પગારદાર ચાલે, મહાસભાની સમિતિઓમાં ચાલે; અરે, હરિજન ઑફિસમાં પણ ચાલે, માત્ર શાળામાં ન ચાલે! આનું કંઈ કારણ ખરૂં?"

"યશવંતભાઇની વાત જરૂર વિચારવા જેવી છે." પ્રીતમરાયે કહ્યું.

અને સૌ વિચારમાં પડયા.

(તા. ૬–૭–૧૯૩૫ ના "રોશની"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२२–होका परिषद

(લેખકઃ–શ્રી. પી. વદન રૉય.)

ઑગસ્ટ માસની તા. ૧૦ મી ને શુક્રવારની સાંજના પોણા-આઠ વાગ્યે વડોદરાના સા. જ. પબ્લીક પાર્કમાં મ્યુઝીઅમથી થોડે દૂર આવેલા મેદાનમાં તણાયલા વિશાળ તંબુ નીચે ઉપરોક્ત પરિષદની બીજી બેઠક ભરવામાં આવી હતી.

એના પ્રવેશદ્વારે સંસ્કૃત ભાષામાં સુવર્ણાક્ષરે લખેલું હતું: **होकाझप्टीकडी चलमचुंगीभ्यो नमः।** એની નીચે ગુજરાતીમાં **"અખિલ વિશ્વ હોકા પરિષદ: દ્વિતીય અધિવેશન, વટોદર નગર"** એમ લખેલું હતું.

રિપોર્ટરોને મફત આવવાની રજા મળેલી હોવાથી 'ગપ ગેઝેટ' માસિકનો એક અંક ખરીદી, ડોર કીપરને બતાવી મેં અંદર ઘુસવાની સફળતા મેળવી. પ્રમુખનું નામ પૂછતાં જણાયું કે, થોડા સમય પછી ગુજરાતના લેખકો તથા સાક્ષરોને બળજબરીથી પણ કબૂલ કરવું પડે એવા જાણીતા ને માનીતા એક ભાવિ કવિ આજની પરિષદના પ્રમુખસ્થાને હતા. તખલ્લુસો એમને ઘણાં પ્રિય હોવાથી એમણે 'પ્રમુખ'ના તખલ્લુસ નીચેજ પ્રમુખની ખુરશી શોભાવવાનું બીડું ઝડપ્યું હતું.

ગુજરાતી ભાષાને વિશ્વસમ્રાજ્ઞી બનાવવાના એમના કોડ હતા. અને એ કોડ પૂરવા પરિષદનું બધું કામકાજ પણ ગુજરાતીમાં રાખેલું હતું.

મંડપને ધ્વજા–પતાકાદિથી શણગારવામાં આવ્યો હતો. પ્રમુખની બેઠકની બે બાજુએ ગુજરાતી ચિત્રકારોનાં ચિતરેલાં મોટાં મોટાં ચિત્રો હતાં. એક ચિત્રમાં નંદજી ન દેખે તેવી રીતે લપાઈ સંતાઇને હોકો પીતા કૃષ્ણ ચિતરવામાં આવ્યા હતા, જ્યારે બીજા ચિત્રમાં મહાસમ્રાટ અશોક રાજા હોકો પીતા બેઠા હતા.

પ્રાચીન ગુજરાતી સ્થાપત્યનું ભાન કરાવતું અશોક રાજાનું મકાન ચિતરવામાં ચિત્રકારે લીધેલો શ્રમ સ્પષ્ટ દેખાતો હતો. અશોકના ચિત્ર નીચે અંગ્રેજીમાં થોડાંક વાક્યો લખ્યાં હતાં (આની છૂટ પ્રમુખશ્રીના ગુજરાતી પ્રત્યેના પ્રેમમાં શિથિલતા દર્શાવતી નથી શું?) જેમાંનાં કેટલાંક પ્રાચીન સંશોધકોને ઉપયોગી થઇ પડે તેમ હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે ગુજરાતીમાં ઉતાર્યાં છેઃ

"જગ ડોલાવનાર અશોકને અપચો નડયો ત્યારે તેણે વૈદ્યને બોલાવ્યો."

"વૈદ્યરાજ! બતાવો કોઇ પંથ મારા પેટપ્રદેશે અશાન્તિના વાયુ વાતા જણાય છે."

"રાજાજી! શેષનાગને પૃથ્વીનો ભાર ઉંચકવાનું સામર્થ્ય અર્પનાર, શિવજીને પાર્વતી સાચવવાનું જોર આપનાર, ને પરબ્રહ્મને માયામાંથી બચાવનાર ઉદરોદક હોકાદેવનું પૂજન ને યજન કરો!"

"આવી રીતનો ઉપદેશ મેળવી અશોકે વાપરેલા અગ્નિ, પાણી, પવન, અવકાશ ને પૃથ્વીના બનેલા હોકાદેવને સપ્રેમ શતધા વંદન હો!"

આ લખાણ કોઇ શિલાલેખ પરથી ભાષાંતર કરી લીધેલું લાગે છે. એને વિષેનો સંપૂર્ણ માહિતીપૂર્ણ લેખ મેળવવા ચાર આનાની ટિકિટો બીડવી.

સભામાં સર્વે ગોઠવાઈ ગયા ત્યારે વ્યાસપીઠ પર એક ખાદીધારીનાં દર્શન થયાં. તેમણે નરકોયલશા સ્વરે "પીજો હો, પીજો કોઇ પ્રેમે પૂજારી થઇ, પીજો" ૯૦ નું ગીત ગાયું. ગીત સુંદર હતું પરંતુ તે રચનાર કોઇ નવો કોલેજીયન હોવાથી રચના જરા ખરાબ હતી. મારી પાસે રચાવ્યું હોત તો જરૂર વટ રહી જાત; પણ ખેર, એવી ક્ષુદ્ર બાબતોને મેં જીવનમાંથી તિલાંજલિ આપી છે. કોઇ પૂછવા આવે તોજ એવી કૃપા કરવી. બિલાડી પણ જો મ્યાઉંના ઉચ્ચાર સાથે મારા ખંડમાં પ્રવેશે તો તેને મારી અતિપ્રિય વસ્તુ બનાવી દઉં; પણ કોણ જાણે કેમ દરેક વસ્તુના બે અર્થ થાય છે. જ્યાં ફરવા જાઉં ત્યાં મારી સાથે રહેનાર મારા પ્રિય દંડાને એ દુશ્મન ગણે છે એનું કારણ મને હજીયે નથી જડયું.

પણ આ વાત આડી ગઇ. પરિષદની વાતમાંથી હું ખાનગી બાબતોમાં ઉતર્યો. ઠીક, મને તો એવી ટેવજ પડી છે. કાલેજ સ્ટેશનને રસ્તે જવાને બદલે ઘરને રસ્તે ચડી ગયો હતો.

ગીત ગવાયા પછી બાળાઓ ઉભી થઇ. તેમનામાં મારા એક મિત્રની છોકરી પણ હતી. હાથમાં દાંડીઆ લઇ એમણે સત્કારગીત ગાયું. ગીત ઘણુંજ સુંદર હતું. એનો રચનાર મારો લંગોટીઓ દોસ્તદાર હતો.

સત્કારગીત ગવાતું હતું તે વખતે સ્વાભાવિક રીતેજ મારી નજર પ્રમુખની ખુરશી તરફ ગઇ. એ તો ક્યારનાયે આવી ગયા હતા. પાસે ઉભેલા સ્વયંસેવકને મેં બાળાઓની મૂર્ખતા સમજાવી, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં કંઇજ ન વળ્યું. એ ગીતની છાપેલી પ્રત પોષ્ટ ખર્ચ જેટલીજ ટિકિટો બીડવાથી મળી શકશે.

પછી પ્રમુખશ્રી* ઉભા થયા. શાન્ત વાતાવરણમાં જરા કોલાહલ થવા લાગ્યો. મને એમનું નામ જાણવાની ઘણી ઉત્કંઠા હતી. મારાથી થોડેજ દૂર ઉભેલા પાણીની વ્યવસ્થા રાખનાર શ્રી પરભૂતકુમારને પૂછતાં ખબર પડી કે, એમનું નામ શાન્તિલાલ કે કાન્તિલાલ જેવુંજ કંઇક હતું.

પ્રમુખનું ભાષણ મનનીય હતું. તેની નકલ અખિલ ભારત હોકા મંડળના મંત્રી પાસેથી મળી શકે તેમ છે. જિજ્ઞાસુઓએ મંગાવી લેવી. અહીં તેનો સારમાત્ર આપવામાં આવે છે.

"હોકો એ પરબ્રહ્મથી પહેલાં જન્મ્યો હતો. વિષ્ણુને નાભિમાંથી કમળદંડ કાઢવાનું મન પણ હોકો જોઇનેજ થયેલું. (તાળીઓ) હોકાના જેવી લીલા કરવા ઇચ્છા થતાંજ વિષ્ણુ ભગવાને તેવી ક્રિયા કરી. પોતાના નાભિકમળમાંથી હોકાની દાંડી જેવો કમળદંડ ઉત્પન્ન કર્યો. પાછળથી તેમને એક કલ્પના સ્ફૂરી ને તેને પરિણામે કમળદંડમાંથી કમળ પ્રગટયું. એ કમળમાંથી જન્મેલા બ્રહ્માજીએ સૃષ્ટિ રચી. એટલે હોકો બ્રહ્માથીએ પ્રાચીન છે એમ ઐતિહાસિક પુરાવા પરથી સાબીત થાય છે."

પ્રમુખશ્રીએ મહાભારતકારની નિંદા કરતાં જણાવ્યું કે "મી. વ્યાસજીએ હોકાપંથને ભારે અન્યાય કર્યો છે. કૃષ્ણ પોતાના બાળપણમાં નંદજીથી છુપાઇને હોકો પીતા એ વાત એમણે કોઇ પણ જગ્યાએ લખી નથી. હું ટુંક સમયમાંજ એક પુસ્તક બહાર પાડી પાંચ હજાર વર્ષ પરની એ વાતને પ્રકાશમાં લાવનાર છું. (તાળીઓ) એ પુસ્તકના અગાઉથી ગ્રાહક થશે તેને કૃષ્ણની બાળલીલાનો ફોટો ભેટ તરીકે મળશે.

"વળી વખતના વહેવા સાથે હોકાપ્રચાર બંધ થયો એમ માનવાને જરા પણ કારણ નથી. ચંદ્રગુપ્ત તથા સમુદ્રગુપ્તે હોકા સાથેના સિકકા પણ પડાવેલા. એ સિક્કા હાલ ઉપલબ્ધ નથી એટલે દર્શનીય પુરાવો નથી મળતો. પરંતુ મારા દાદાના બાપે એ વાત મને નાનપણમાં સમજાવી હતી. મારા મોટા દાદા એમના જન્મારામાં એક વાર પણ જૂઠું બોલ્યા હોય તેમ માનવા હું તૈયાર નથી. હું માનું છું કે સર્વ શ્રોતાઓને પણ એમાં શ્રદ્ધા ચોંટશે. (હીયર હીયર)

"મારે ભાર સાથે કહેવું પડશે કે આપણને પ્રાચીન બાબતોપ્રત્યે

* અનેક અડચણોને અંગે કહે છે કે સ્વાગતપ્રમુખ ગેરહાજર હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન નથી. વડોદરા તથા પૂનાની પ્રાચ્યવિદ્યા સંરક્ષણ સંસ્થાઓ આ કાર્ય ઉપાડી લે તો કેટલું સરસ ફળ મળે! વિદ્વાન લેખકો દ્વારા સંસ્થાઓને માણસો ન મળતા હોય તો એ નોકરીમાં સૌથી પ્રથમ હું જોડાવા તૈયાર છું.

"હોકો વૈજ્ઞાનિક દૃષ્ટિએ કેવો સફળ નીવડે તેમ છે. સૂતાં સૂતાં, બેઠાં બેઠાં કે ઉભાં ઉભાં પણ એ પી શકાય તેમ છે. સીગારેટની માફક એ પણ **પોર્ટેબલ** છે. વળી આગળ વધીને કહું તો સીગારેટ એકજ જણ પી શકે છે, જ્યારે હોકો અનેક જણ એકીસાથે પી શકે છે. એક હોકા સાથે અનેક નલિકાઓનું જોડાણ કરે તો કેવું સફળ કાર્ય થઇ શકે! કોલગેસ ટયુબ્સની માફક મોટી ઑફિસોમાં આવી હોકા ટયુબ્સ રાખી હોય તો? મને આશા છે કે વડોદરાની ઑફિસોમાં આવી સગવડ વિના વિલંબે કરવામાં આવશે.

"બેસતાં બેસતાં મારે કહેવું પડશે કે દરેક રસિક પુરુષોએ હોકો પીવો જોઇએ. દરેક ભાવિકે એની મૂર્તિ ઘડી તેની પૂજા કરવી જોઇએ; કવિઓએ હોકા ગીતસંગ્રહો બહાર પાડવા. ચિત્રકારોએ એને લગતાં ચિત્રો ચિતરવાં ને પત્રોએ પ્રચારકાર્ય કરવું. આમ થશે ત્યારેજ સનાતન હોકાનો પુનરુદ્ધાર થશે."

એટલું બોલી તાળીઓના ગડગડાટ સાથે પ્રમુખશ્રી બેસી ગયા. તેમના બેઠા પછી ઠરાવો રજુ થયા હતા. તેમાંના કેટલાકની નોંધ અહીં લઇશું.

શ્રી સાહિત્યકારે 'કૌમુદી'માં 'હોકાલેખમાળા' નામની લેખમાળા ચાલુ કરવાની દરખાસ્ત મૂકી હતી તે ૧૦૫ વિરુદ્ધ ૧૧૦ મતે પસાર થઇ હતી.

બી. સી. પટેલે હોકાની પ્રાચીનતાનું વિવેચન કર્યા પછી હોકાને લગતી ચિત્રપોથી બહાર પાડવા તથા બાળપોથીઓમાં હોકા વિષે પાઠ રાખવા સરકારને વિનંતિ કરવા દરખાસ્ત મૂકી હતી, જે સર્વાનુમતે પસાર થઇ હતી.

મફત હોકા વહેંચવાની દરખાસ્ત શ્રી. હૂકડીઆએ મૂકી હતી પરંતુ મત ન મળવાથી તે પાછી ખેંચી લેવી પડી હતી.

શ્રી વ્યસનાચાર્યમ્ એ શ્રી ૧૦૮ બ્રહ્માજીને હોકો પીનારને મોક્ષ આપવા વિષે તથા **ॐ हुकाझप्टीकडीचलमचुंगीभ्यो नमः** નો નિયમિત મંત્રજાપ કરનારને સાયુજ્ય મુક્તિ આપવાની ભલામણ કરવા દરખાસ્ત મૂકી હતી, જે સર્વાનુમતે પસાર થઈ હતી.

મી. વેલ્સે ફોર્ડ કંપનીને હોકા ટાઇપની મોટર બનાવવાની અરજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા ઠરાવ મૂક્યો હતો. ગરમાગરમ ચર્ચાને અંતે વાતાવરણ ઉષ્ણ થઇ જવાથી એ ઠરાવ પાછો ખેંચી લેવો પડયો હતો.

છેવટે મુસ્લીમ કવિ 'ફરીદે' પ્રમુખને આ બેઠકનો હેવાલ પ્રગટ કરવાના હક્ક આપવાની દરખાસ્ત મૂકી હતી. તે પસાર થયા પછી પ્રમુખે એકલા "ગપગેઝેટ મન્થલી" ને હેવાલ પ્રગટ કરવાની છૂટ આપવા ઠરાવ મૂક્યો હતો, જે મારી ધણી ખટપટને અંતે પસાર કરવામાં આવ્યો હતો.

અંતે હોક્કાપાર્ટીનો પ્રોગ્રામ હતો. હોકો પીવા બધા હાજર રહ્યા હતા. ધણા ભાષણ કરનારા ત્યાંથી ચાલતા થઇ ગયા હતા. હોકા પાર્ટી વખતે વિદાયનું ગીત ગાતી 'કોલમ્બીઆ' કંપનીની તદ્દન નવી રેકર્ડ વાગી રહી હતી. તે ગીતમાં શબ્દે શબ્દે કવિત્વ ઝરતું હોવાથી આ નીચે ઉતારવાની તસ્દી લીધી છેઃ—

"આવજો મહેમાન તમે કહાવજો સંદેશ બધે,
હોકામાં પ્રાચીન એંધાણ છે.
ગુડ ગુડ ગુડ કરતો એ વેરી ગુડ થઈ જશે,
શોભંતો દીપંતો એ માનપાન લઈ જશે.
સુખદુઃખનો આશરો એ બનશે,
તનના એ તાપ ટળશે.
ને બળશે સહુ શત્રુદિલ બાળતો,
આવજો મહેમાન તમે કહાવજો સંદેશ બધે,
જપજો એ જાપ શુભ નામના.

ૐ હોકાજ્ઞષ્ટીકડીચલમચૂંગીભ્યો નમઃ

આ રીતે પરિષદનું કામકાજ ફતેહમંદ રીતે પરિપૂર્ણ થયું. ત્યાંથી હું કેટલા વાગે કે કયે રસ્તે થઇને ઘેર આવ્યો તેની મને ખબર નથી; પણ બીજે દિવસે એટલે શનિવારે સવારે જાગી મેં બારી બહાર ડોકિયું કર્યું તો બે પડોશીઓ નીચે પ્રમાણે વાત કરતા હતાઃ

"પાણી કેટલે સુધી આવ્યું છે?"

"અરે શું વાત કરૂં? કમાટી બાગમાં તો માણસ માણસપુર પાણી કહેવાય છે. હજી ડફરીનને દરવાજેથી પાણીએ પીછેહઠ નથી કરી."

તેજ વખતે ફેરીઆની બૂમ સંભળાઇઃ

"નવગુજરાતનો વધારો, હાથી પર ગયેલી ટપાલ, વડોદરામાં ભયંકર જળપ્રલય, વિશ્વામિત્રીનો તૂટેલો પૂલ?"

—ત્યારે કોઇ કહેશો? આ પરિષદ ક્યાં ને ક્યારે ભરાઈ તે?

(ફાગણ—૧૯૯૦ના "સેવા" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२३-रिसामणां

(લેખકઃ-શ્રી. " અદ્વૈત ")

(૧)

ઘનઘોર વાદળ, વીજળીના ચમકારા, મોરની કળા અને શાંત વાતાવરણનો સુમેળ થતાં જગત ઉપર જાણે શાંતિનું રાજ્ય સ્થપાયું હોય તેમ ભાસ્યું. ઘડીભર માનવીના સુપ્ત વિચારો પણ જાગ્રત થઇ જાય એવી મનોહરતા પથરાણી, રાયકો સાથી પોતાનાં ત્રણસો જેટલાં ઘેટાં લઇ ડુંગરની અધોલમાં એક સુંદર શિલા ઉપર ઉભો રહી કાનમાં આંગળી અને બગલમાં લાકડી ટેકવી લહેકા લેતો કંઇક દુહા જેવું બોલતો હતોઃ

> રૂપાં ! રમત્યું મેલ્ય સહીપણા શું થાંભલે ?
> રાયકો માગે કોલ છેટાં રે'વાં શું ગમે ?
> રૂપાં ! નોખાં પંડય જીવલડા ભેળા ભમે !
> એક દિ હરવા પંડય ભેળાં તુંને ના ગમે ?

પોતાના બનાવેલા આ બે દુહામાં એને કવિ કાલીદાસનું કાવ્યત્વ પણ વિસાતમાં નહિ એમ અભિમાન રહેતું. સરસ્વતીની જીભ જાણે આ ચાર લીટીમાં રહી હોય અને જગતની બીજી ભાષા જાણે બોબડી થવા સરજાઈ હોય એવું ગુમાન દેખાતું. એને ચાર લીટી એટલે જગતના સાહિત્યનો ખજાનો. આ ચાર લીટી ગાવાનું કોઇ બંધ કરે તે પહેલાં રાયકો માથું વાઢવાનું જરૂર પસંદ કરે એમાં શક ભરેલું ન હતું. માત્ર તેને આ ચાર લીટી વગડામાંજ ગાવાની છૂટ હતી, ઘરઆંગણે, પ્રકાશમાં નહિ; મનમાં.

રૂપાં જાણે નજીકમાંજ હોય અને રૂપાંની મૂર્તિ જાણે તેની આંખને તૃપ્તિ આપતી હોય તેમ શાંત અને તલ્લીન થઇ આ ચાર લીટી ગુંજતાં ગુંજતાં રાયકો પોતાના દૂધે ભરેલા માંસલ હાથ પહોળા કરી, જાણે રૂપાંને બાથમાં લઇ સમાધિસ્થ થતો હોય તેવો દેખાતો હતો. વળી આંખ ઉઘાડતાં કોઇ યોગી જાણે બ્રહ્મસ્વરૂપમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટો પડી ફરી સૃષ્ટિ નિહાળતો હોય તેમ રાયકો પોતાનાં ઘેટાંને ચરતાં જોતો અને કોઈ વિખૂટાં પડેલાં ઘેટાંને વાળવા તરત દોડતો.

ઘણી વખત પોતાની આ મૂર્ખાઈ ઉપર હસતો હસતો રાયકો પ્રેમાશ્રુ વહાવતો, ઘણી વખત રૂપાં પોતાની ઉપર શા માટે આટલું હેત બતાવતી હશે તેનો વિચાર કરતો, વળી રૂપાંનો હું સાથી છું તે માટે ? અગર હું રૂપાંનીજ નાતનો છું તે માટે ? કે મારી પાસે ઘણું કામ લેવા માટે ? શું હશે ? હું જ્યારે જ્યારે રૂપાં સામે જોઉં છું ત્યારે તે મરક મરક હસતીજ હોય છે. હશે, પણ આપણે ક્યાં સાથી અને તે તો હજારપતિની દીકરી ! હે રામ !

(૨)

સાંજ પડવા આવી હતી એટલે રાયકો, પોતાનાં ઘેટાંને લઈ ઘર તરફ વળ્યો. રૂપાંના બાપને આ એકજ દીકરી હતી, બધી મમતાઓ તેણે રૂપાં ઉપર ઢોળી હતી, આજે બે-ચાર દિવસથી તે ગામ ગયો હતો ને રાયકો સાથી તેનામાં નાનપણથી રહ્યો હતો તેથી તેને તેના ઉપર સગા દીકરા જેવુંજ હેત હતું. રૂપાંની મા તેને તેર વર્ષની મૂકીને ગુજરી ગઈ હતી; વળી રાયકો તો દશ વર્ષનો હતો ત્યારથીજ માબાપ વગરનો થઇ જવાથી રૂપાંનો બાપ તેને ગિરના નેસમાંથી તેડી લાવ્યો હતો. અત્યારે રૂપાંને અઢારમું અને રાયકાને ચોવીસમું વર્ષ ચાલતું હતું.

ઘરનું બધું કામકાજ રૂપાંને માથે હોવાથી સવારથી સાંજ સુધી તે ક્ષણ પણ આરામ લઇ શકતી ન હતી. શ્રીમંતોના ઘરમાં તદ્દન સુસ્ત અને કામ વગરનું જીવન જેમ વિકાર અને વિકારમાંથી ભ્રષ્ટતા જગાડે છે, તે બાબત રૂપાંના જીવનથી તદ્દન વિમુક્ત હતી. વળી રૂપાંનું માંસલ શરીર પહેલવાનને પણ શરમાવે તેવું ગૌર અને સુપ્રમાણ હતું, રૂપાંનું કાળું ઓઢણું તેના રૂપને વિશેષ ધાર કાઢતું હતું.

રાયકાની ભલામણ રૂપાંને હતી એટલે આજે રૂપાંએ બાજરાના બે-ચાર રોટલા ઘડીને તૈયાર કરી રાખ્યા હતા, બાજોઠ ઉપર રોટલા અને દહીંની તાંસળી તથા ચટણી મૂકી ઉપર એક આછું કપડું ઢાંકી દીધું હતું. હાથ-પગ ધોવાને માટે પાણીનો લોટો ઓસરીની કોરણે મૂકી થાંભલીને બાથ ભીડી રાયકાની વાટ ઉંચી ડોક કરી કરી જોતી હતી. જાણે કે શિકારે ગયેલા રામની વાટ સીતા જોતી હોય તેમ !

દૂર ધૂળ ઉડતી દેખાણી, ને વિયોગભજનના મીઠા ટહુકાર શરૂ કર્યા હતા તે સંભળાયા. રાયકાને આવતો જોઇ વિચારમાં તલ્લીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેલી રૂપાંના મુખ ઉપર આછું સ્મિત ફરી વળ્યું; આત્મા અને દેહનાં મિલનથી શરીર જેમ શોભે તેમ રાયકાને જોતાં રૂપાંનું સ્મિત પલટયું.

ઝોકમાં ઘેટાંને પૂરી રાયકાએ દૂધની તાંબડી ઉપાડી કે તરતજ મધુર અવાજે તેના કાર્યપ્રદેશને છિન્નભિન્ન કરી નાખ્યો !

"રાયકા ! એ બધું પછી ! રોટલા ઢાંક્યા છે તે જમી લે ! પછી આપણે બન્ને ઘેટાં દોહીશું ! લે, આ પાણીનો લોટો તૈયાર પડયો છે." એટલું બોલી રૂપાં જેમની તેમ ઉભી રહી.

રાયકો ખભા ઉપરનો ધાબળો અને લાકડી ઓસરીની કોરણે પડતો મૂકી પાણીનો લોટો લઇ ફળીમાં પડેલી એક શિલા ઉપર હાથ–પગ ધોવા બેઠો. તેનું કાર્ય શું હતું તે તે ભૂલ્યો અને રૂપાંના હસતા ચહેરા ઉપર ચાતક ચંદ્રને પેખે તેમ પેખી રહ્યો. તેને પેલી થાંભલી ઉપર અદેખાઇની પરંપરા છૂટી; ઘડીભર તેણે પોતાની કુળદેવીને અરજ કરી કે મને પેલી થાંભલીને ઠેકાણે થાંભલી જેવો બનાવી ઉભો રાખી દે તો સવામણની લાપસી ચડાવું. દેવોની આગળ ઘણા માણસો અઘટિત માન્યતાઓ રજુ કરે છે, ત્યારે કદાચ દેવો હસતા હશે અને અસ્વીકારી કાઢતા હશે. પરંતુ માન્યતાનું પ્રમાણ સચવાઇ રહે માટે સાદી માન્યતાઓ ઝટ મંજુર કરતા હોવાથી અશ્રદ્ધા ઉત્પન્ન થવા પામતી નથી; પરંતુ રાયકાને તરતજ વિચાર આવ્યો કે એના કરતાં જીવતો રહું અને આ સામે ખડી રહેલી રૂપાંદેવીના ચરણમાં જઇ આ અરજ બોલું તો વખતે સાચી પડી જાય અને જડ વસ્તુ થાંભલી થવાનું મટે.

તરતજ હાથ–પગ ધોઈ પાઘડીનો એક છેડો ઉખેળી ગળામાં નાખી વિધિ પ્રમાણે રૂપાંના પગમાં માથું નમાવી મનમાં ને મનમાં કંઇક લવી તરત ઉભો થઇ ગયો. રૂપાં તો આ આશ્ચર્યજનક દેખાવ જોવામાં તલ્લીન થઇ રહી અને રાયકો ઉભો થઇને ક્યારે વાળુ કરવા લાગ્યો તેની પણ ફામ રહી નહિ. જ્યારે તેને બરાબર માલમ પડયું કે, રાયકો જતો રહ્યો છે; ત્યારે તે ઘરમાં આવી અને જોયું તો રાયકાને જમતો દીઠો, પણ આવેશમાં માનતા જીવતી દેવીને થઇ ગઇ હતી તેથી રાયકો શરમનો માર્યો નીચું જોઇ રોટલો ઉડાવ્યે જતો હતો.

આ શું કર્યું, તે રાયકાને પૂછવાનું મન રૂપાંને ઘણું હતું, પણ આમ કરવાનું રાયકાને શું કારણ હશે તેની અનેક કલ્પનાઓ ઘડતાં છતાં તેને એક પણ કલ્પના બંધબેસતી આવી નહિ, તેથી બહુ મુંઝાતાં તાવડીમાં ચુલા ઉપર પડેલો રોટલો લઇ રાયકાના બાજોઠ ઉપર મૂકતાં તે તેની સામે બેસીને બોલીઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"રાયકા! થાંભલીને કંઇ અરજ કરી કે મને પગે લાગ્યો? શું કામણ કર્યું તેની તો વાત કર."

ગુન્હો કરનાર ગુન્હેગાર પોતાના શેઠને જોવા છતાં જાણે ગુન્હો બન્યોજ નથી એમ માની આત્મવંચના કરે છે, પણ જ્યારે થોડી મુદ્દત વીત્યે ગુન્હાનું પૂછાણ થાય છે ત્યારે તેને તાજેતર કરતાં વધારે કંપ અને ક્ષોભ થાય છે તે પ્રમાણે રાયકાનું દિલ બહુજ કંપ્યું.

રાયકો બોલ્યો નહિ, એથી રૂપાંએ ફરી પૂછ્યું:

"રાયકા! કહે તો ખરો, એમ પગે લાગવાનું શું કારણ હતું?"

રાયકાને હવે કંઇ પણ ઉત્તર દીધા સિવાય છૂટકો ન હતો, એટલે થરડાતે શરમાતે ને બીતે બીતે બોલ્યો:

"ઓતરાદા દેવની માનતા હતી, એટલે પછેંજ વાળુ કરવાની બાધા હતી."

"તે શું કંઇ જોખમ આવી પડયું હતું?"

"હા!"

"શું?"

ચંદનઘોએ ફૂંક મારી હતી!"

"ચંદનઘોની ફૂંકથી શું થાય?"

"આખું ડીલ સૂજી જાય ને તાવ આવે; પણ માનતા માની એટલે કંઇ ન થયું અને સાજો નરવો રહ્યો."

"મારા પગમાં માથું નાખ્યું તેનું શું કારણ?"

"તમે ઊભાં હતાં તેની ખબર મને ન હતી."

"એમ કે? છેતરવાનો ધંધો માંડયો કે રાયકા?"

"એમાં છેતરવાનું કશુંય છે નહિ."

"ઠીક લે, આ એક રોટલો ખાઇ જાજે."

"કેમ?"

"મેં માનતા માની છે?"

"શાની?"

તે દિવસે તને તાવ આવ્યો ત્યારે મેં ઉગમણા દેવને માનતા માની હતી કે જો રાયકાને ફરી વખત તાવ નહિ આવે તો તને એક રોટલો વધુ ખવરાવી દઇશ. મારી માનતાય આજ પુગી જાય ને તારી તો તેં કરી લીધી."

"હવે મારાથી એક બટકું પણ વધારે ચાલે નહિ."

"ત્યારે શું મારી માનતા અધુરી રહેશે?"

"તે ગમે તેમ થાય" એટલું બોલી રાયકો ઊભો થયો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપાં સામે જોઇ રહ્યો. બન્નેને છણકો લાગ્યો. પછીથી તો કોઇ કોઈની સાથે બોલતું બંધ થયું. બન્ને રિસાયાં.

ઘેટાં દોહતી વખતે પણ બન્નેએ મૌન ધારણ કરી આડી નજરે જોતાં જોતાં બધાં ઘેટાં દોહ્યાં. કોઈ કોઈનું ધૂળમાં પડેલું પગલું સુદ્ધાં કચરતું ન હતું. પ્રેમીઓ રિસાય ત્યારે વિવેકની તો હદજ વાળે છે, જ્યારે આનંદ કરતાં હોય ત્યારે ઝીણા ઝીણા વિવેકને વિસારે છે; પણ રિસામણાંમાં તો વિવેકનું ચિંતન કરતાં કરતાં બધું ભૂલી જાય છે.

રાયકો ઘરમાં જાય તો રૂપાં બહાર રહે, રૂપાં ઘરમાં હોય તો તરસ્યો રાયકો પાણી સુદ્ધાં પીવાનું બંધ રાખે; એટલે એકબીજાં એ-ટલાં મુંઝાવા લાગ્યાં કે એના વ્યવહારમાં મુશ્કેલીઓનો પાર રહ્યો નહિ.

રૂપાં ઘરમાં અને રાયકો ઓસરીમાં ઝોકનું બારણું બંધ કરી સૂતાં. અર્ધો પ્રહર રાત વીતી એ તો બન્ને પ્રેમીઓને મધરાત જેટ-લી દેખાઇ. કોઇની આંખનાં પોપચાં મળતાં ન હતાં. રૂપાં બહાર નીકળી તો રાયકો સૂઇ ગયો છે તેવો ઢોંગ કરી પડી રહ્યો અને રા-યકો ઘેટાંની સંભાળ લેવા ઉભો થયો તો રૂપાંએ પણ પોતાની આંખ મીંચી દીધી. પ્રેમી માને છે કે અંધારામાં પણ વિવેક તો ભૂલાયજ નહિ.

(૩)

રૂપાંનું હીરવટણું બારણાંના ટોડલા ઉપર પડયું હતું તેની ઉ-પર એક ઉંદરડી ઉતરી અને તે પડી ગયું. સાથે ઉંદરડીનો પગ હીરના લબડતા છેડા ઉપર વીંટળાઈ જવાથી હીરવટણા ઉપરનું હીર ઉખળી ગયું અને અવાજ થયો.

ઘડીભર બન્નેમાંથી કોઇ ઉભું થયું નહિ, પણ જ્યારે બન્નેને જુદા જુદા વિચારો આવ્યા ત્યારે બન્નેએ સાથેજ ઉઠવાનું નક્કી થયું. રૂપાંને થયું કે મારૂં હીરવટણું ઓસરી નીચે પડી જશે તો હીર ખરાબ થશે; રાયકાને થયું કે મારા માલિકની તમાકું પીવાની ભુંગળી પડી છે તે જો અમારા બેમાંથી કોઇનો પગ આવશે તો ફૂટી જશે.

તે ઉઠયો, તેણી ઉઠી, બહુજ ચુપકીથી, કોઇ કોઇના કાર્યને દેખી ન જાય તેવી સાવચેતીથી. ધીમેથી બન્નેએ વસ્તુ હાથ કરવાને એકબીજાથી છાનાં રહી હાથ લંબાવ્યા તો એકબીજાનો હાથ માત્ર હાથમાં આવ્યો. બન્ને હસી પડયાં અને રીસામણાં છૂટી પડયાં.

રૂપાંએ દીવો સળગાવ્યો, અને મનની ધારેલી વસ્તુઓ હાથ કરી ઠેકાણે મૂકી બન્નેનાં કાળજાં જાણે કોઇ ચોરી ગયું હોય અને પાછાં હાથ આવતાં જે શાંતિ મળે તે મેળવી.

"રૂપાં ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શું રાયકા!"

"કેમ બોલતી ન હતી?"

"તું રોટલો ખાવાની ના પાડે ને હું તારી સાથે બોલું ખરી? મારી માનતા પુરી ન થાય તે મને વસમું ન લાગે?"

"ચાલ લાવ્ય રોટલો, તારી માનતા પૂરી થાય!"

રાયકો ફરી જમવા બેઠો. રૂપાં પણ સાથેજ બેસી ગઈ. બન્નેએ એક-બે રોટલા દૂધની સાથે ઉડાવ્યા, અમૃતના ઓડકાર ખાઇ બન્ને બેઠાં.

"રાયકા! ખરેખરૂં કહી દેજે, તેં શાની માનતા કરી હતી?"

"તારી!"

"મારી?"

"હા!"

"શું?"

"તું જે થાંભલીને બાથ ભરી ઊભી હતી તેવી થાંભલી મને બનવાનું મન થયું ને મેં દેવને માનતા કરી, પણ તેના કરતાં તનેજ માનતા માનું તો? એ વિચારે હું તને મનમાં ને મનમાં અરજું કરી પગે લાગ્યો હતો."

"તો બની જા થાંભલી!"

રાયકો થાંભલાની પેઠે જડવત્ ઊભો ને રૂપાં એ જોઈ ખડખડાટ હસી પડી. ઘરનો દીવડો આ દૃશ્ય જોઈ ઘડીભર નાચી રહ્યો.

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२४-राजद्रोही गवैयो

(લેખકઃ-ડૉ. મકનજી સોલા)

"આરોપી જગુને ગંગાપુર રાજની સામે બેદિલી ફેલાવવાના આરોપસર ગુન્હેગાર ઠરાવી જન્મદેશનિકાલની સજા ફરમવવામાં આવે છે." અદાલતની શાંતિ ભેદતો દિવાન સાહેબનો અવાજ પસરી ગયો. ત્યાં એકત્ર થયેલી માનવમેદની શોકસાગરમાં ડૂબી ગઇ.

"આરોપી જાતે અંધ હોવા છતાં રાજની સામે અસંતોષ-બેદિલી ફેલાવવાનો તેની સામેનો આરોપ સાબીત થઈ ચૂક્યો છે, એટલે રાજ્યના કાનુન મુજબ સજા કરવામાં આવી છે, છતાં કિસ્મત કરે ને પ્રભુ એવો દહાડો લાવે કે જગુ વહેલો છૂટી જાય તો તે દહાડે મારા જેટલો આનંદ બીજા કોઇને નહિ થાય." દિવાન સાહેબે જલતા જીગરે ચૂકાદો આપ્યો. ચુકાદો સંભળાવી તરત જ દિવાન સાહેબે પોતાના ઓરડા તરફ પગલાં માંડયાં. જતાં જતાં તેમણે કોઈ ન જાણે તેમ આંખમાં આવેલાં આંસુઓ રૂમાલથી લૂછી નાખ્યાં.

કેદીના પિંજરામાં એક આંધળો માનવી ઉભો હતો. તેના હાથ-પગ લોઢાની જંજીરોમાં જકડાયા હતા. આજુબાજુ ખુલ્લી તલવારોના પહેરા હતા. કેમ જાણે એક આંધળો માનવી માત્ર આંગળીવડે રાજને ઉથલાવી પાડશે એવી બીક રાખવામાં આવતી હતી.

આરોપી જગુની મા ધ્રૂસકે ધ્રુસકે રડી પડી. તેના દુઃખનો પાર ન હતો. પોતાના એકના એક પુત્ર, વહાલસોયા અંધ દિકરાને આ જન્મદેશનિકાલ-કેદ, કેવા ભયંકર શબ્દો ! 'જન્મદેશનિકાલ' એ શબ્દોજ રાલુને રડાવવા માટે બસ હતા. રાલુ હલમલી ગઈ. તરતજ તે કેદીના પિંજરા તરફ દોડી; પણ રાજ્યની અદાલતમાં મા-દિકરાના સંબંધને કદી ગણવામાં આવ્યો છે ? એ અદાલત એટલે ક્રૂરતાથી ભરેલી પથ્થરની હવેલી, જ્યાં માણસાઇનો છાંટો સરખો ન હતો. રાલુને સિપાઇઓએ તરત જ અટકાવી. પોતાના દિકરાને મળવાને તેણે ઘણાયે કાલાવાલા કર્યા, પણ પથ્થર હૃદયના સિપાઇઓ એકના બે નજ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મા ! શા માટે રુદન કરે ? પ્રભુની ધારણા આગળ આપણું મનુષ્યોનું શું ગજું ! ચિંતા ન કર ! સૌ રાજાનો રાજા આપણ સૌનો રાજા છે ને ? ત્યાં કાંઇ ધનવાનોનાં ત્રાજવાંમાં ન્યાય નહિ ઉતરે. મા ! આ રુદન શાં ? રડ નહિ. મારે તો આ જગત બધું બંદીખાના સમુંજ છે ને ?" જગુએ પિંજરામાંથી આક્રંદ કરતી પોતાની માતાને સાંત્વન આપવા માંડયું.

"અય અંધા, તેરા ભાષણ રોક દે ! ચલ; જલદી ચલ યહાંસે" સિપાઇનો હુકમ સંભળાયો..."મા ! જા...ઉં છું. પ્ર...ભુ મેળવશે તો..." જગુની પીઠપર એક ધપ્પો પડયો. તેના બોલ અધુરા રહી ગયા. સિપાઇ તેને હાથ પકડીને કેદખાના તરફ ખેંચી ગયો.......

"ભા...ઇ...કયાં...જાય... ?" રાણુ બરાડી ઉઠી. દિકરાને ભેટવા તે દોડી, પણ વ્યર્થ. મા-દિકરાને કેવો વસમો વિયોગ !

જગુનો બાપ ગંગુ ગંગાપુરનો વતની હતો. ગંગુના બાપદાદાને રાજની સેવા બદલ મોટી જાગીર મળી હતી. ગંગુના વડવાઓએ ભૂતકાળમાં દુશ્મન રાજની સામેની લડાઇમાં કેટલીયે વાર જીવલેણ લડાઇ કરી જિત મેળવી હતી, ગંગુની જાગીર એ તેનો બદલો હતો. ગંગાપુરના હાલના રાજવી રાજસિંહના દરબારમાં એને ભારે માન મળતું; પણ કાર્યક્રમ બદલાયો ને ધરતીમાંથી અમી ખૂટયાં. રાજા રાજસિંહ મોજશોખમાં મશગુલ થઇ ગયો. રાજ્યની તિજોરીનું કંઇ ઠેકાણું રહ્યું નહિ. આવક કરતાં ખર્ચ ઘણો વધી પડ્યો. રાજ્યના અમલદારો તરફથી પ્રજા ઉપર અનેક જાતના જુલમો ગુજરવા લાગ્યા. ગમે તે બહાને પ્રજા પાસે પૈસો પડાવવો એ રાજા રાજસિંહનો રાજધર્મ થઈ પડયો.

એ વર્ષે ભયંકર દુકાળ પડયો. પ્રજા બધી થથરી ગઇ ! ખાવા-પીવાના સાંસા પડવા લાગ્યા. ઢોરો પણ ઘાસચારા વિના ટપોટપ મરવા લાગ્યાં, અધુરામાં પૂરૂં એજ વર્ષમાં રાજા રાજસિંહે જમીન-મહેસુલમાં સો ટકાનો કડક વધારો કર્યો હતો. મહેસુલનો હપ્તો આવ્યો ને કડક જાહેરનામાં નીકળ્યાં: "કોઇ પણ ગામના ખેડૂતો રાજને મહેસૂલ ભરવામાં આનાકાની કરશે તેની સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવશે." એવો ઢંઢેરો આખા રાજ્યમાં ફરી વળ્યો. ખેડૂત પ્રજાએ માગી ભીખીને, ઉછીના લઇને જમીન ગીરો મૂકીને તેમજ ઘરેણાંગાંઠાં વેચીને પૈસા ભરવા માંડયા. અમલદારોના ત્રાસનો પાર ન હતો. કેટલેક ઠેકાણે જપ્તીઓ કરીને કેટલાકને કેદમાં પૂર્યા. બધી પ્રજા તાબે થઈ, પણ ના ગણકાર્યું એક રામપુરની ટેકીલી પ્રજાએ. રામપુર નગરની રૈયતે એક દહાડો પ્રભુના શપથ લઇને રાજા રાજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહને અન્યાયી મહેસુલની એક પાઈ પણ નહિ ભરવાનો નિર્ણય કર્યો. હુકમ પર હુકમો નીકળ્યા. જપ્તીકાંડ શરૂ થયો. ખેડૂતોની ઘરવખરી પાણીના મૂલે વેચાવા લાગી. લશ્કર બોલાવ્યું; પણ રામપુરની નીડર પ્રજા તાબે નજ થઇ. "૨૪ કલાકમાં રાજનું લહેણું મહેસુલ ભરી દો, નહિ તો રામપુર નગરને જલાવી દેવામાં આવશે." એક પ્રભાતે રામપુર નગરની શેરીઓમાં ઉપરનાં જાહેરનામાં ચોંટાડવામાં આવ્યાં. રામપુરના ખેડૂતોના પેટમાંનું પાણી પણ નહિ હાલ્યું. તેમણે તો શિરસાટે રાજના અન્યાયની સામે માથું ઉંચક્યું હતું. રાજાના ચોવીસ કલાક તો રૈયતના છ કલાક. માત્ર છજ કલાકમાં રામપુર નગરને છોડીને તમામ રૈયતે હિજરત કરી. ઘરબાર, માલમિલ્કત ને વહાલી જમીન તજીને વૃદ્ધો ને જુવાનો, સ્ત્રીઓ અને બાળકો સૌ ચાલી નીકળ્યાં. થોડાજ કલાક પહેલાંનું છલછલ થતું રામપુર નગર શ્મશાન જેવું બની ગયું. કૂતરૂં સરખું પણ રખડતું નહોતું.

"ગંગુ ! રામપુર નગરની પ્રજા દ્રોહી બની છે, રાજનું મહેસુલ ભરતી નથી. આપણા અમલદારોનાં કડક પગલાંએ પણ પ્રજા તાબે થઇ નથી. છેવટના ઉપાય તરીકે ૧૪ કલાકમાં મહેસુલ નહિ ભરાય તો આખા રામપુર નગરને સળગાવી મૂકવાનો રાજ તરફથી જાહેર ઢંઢેરો બહાર પાડવામાં આવ્યો છે. જો પ્રજા એ હુકમની પણ અવગણના કરશે તો આ વેળાએ ગંગુ ! તારે જાતે જઇને એ રામપુર નગરને સળગાવી દેવું એ મારૂં ફરમાન છે." રાજા રાજસિંહે ગંગુને બોલાવી હુકમ કર્યો. ગંગુના બાપદાદાએ ગંગાપુર રાજકાજને કરેલી મદદ રાજસિંહ રાજા જાણતો હતો. આ વખતે ગંગુ પણ પોતાને મદદ કરશેજ એવી રાજાને ઉમેદ હતી. ગંગુ વિચારવા લાગ્યો: "મારા બાપદાદાએ બહાદુરીથી મેળવેલી જાગીર ! હું કઇ જાતની બહાદુરીથી એ જાગીર ટકાવી રાખું ? બાપદાદા રાજના દુશ્મન સામે લડયા. હું લડું રાજની પ્રજા સામે—મારા ભાઇઓ સામે...વીરતાની ભેટ મળેલી જાગીરને બચાવવા આવી કાયરતા કરૂં ?—એ કેમ બને ? જાગીર રહો કે ન રહો, આ અન્યાયી પગલું મારાથી નજ ભરાય."

"નામવર ! આવા દુકાળના વર્ષે પ્રજાને રાહત આપવી એ રાજ્યની ફરજ છે. એક વર્ષ મહેસુલ મુલતવી રાખી પ્રજાને થોભ આપો તો ઠીક ! આટલાં તીવ્ર પગલાં ભરવાં એ રાજ્યને કેમ શોભે ?" ગંગુએ પોતાનો અભિપ્રાય જણાવ્યો.

"ચૂપ કર ગંગુ ! રાજાને બોધ આપવા તને અહીં બોલાવ્યો નથી. પ્રજાને મારવી કે જીવાડવી એ મારા હાથની વાત છે, તારે માથું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારવાની જરૂર નથી. મેં તો તને રામપુર સળગાવી દેવાનો હુકમ સંભળાવવા બોલાવ્યો છે. હરફ સરખો સામો બોલશે તો પરિણામ ખૂરૂં આવશે, રાજ્યે આપેલી જાગીરનો બદલો આવા સમયેજ લેવામાં આવે છે." રાજસિંહે ક્રોધ ઠાલવ્યો.

"નામવર ! ગમે તેવું બુરૂં પરિણામ ભલે આવે ! જાગીર રહે કે ન રહે, પણ એ અન્યાયી કાર્ય મારા હાથે તો નહિજ થાય." ગંગુએ અંતિમ નિર્ણય સંભળાવ્યો.

તેજ દહાડે ગંગુની તમામ માલમિલ્કત, જાગીર, બધુંએ જપ્ત કરવામાં આવ્યું. ગંગુ તેની સ્ત્રી અને નાના દિકરા જગુને માત્ર પહેરેલાં વસ્ત્રે ઘરબહાર કહાડી મૂકવામાં આવ્યાં. જાગીરદાર ગંગુ ભુખડીબારસ બની ગયો. ગંગાપુર નગર છોડીને તે જંગલમાં ઝુંપડીમાં રહેવા લાગ્યો, મહેનત-મજૂરી કરીને પેટ ભરવા લાગ્યો.

* * * *

બરાબર ચોવીસ કલાક પછી રામપુરનગરને લશ્કરે ઘેરી લીધું.

ગામમાં સુનકાર હતું. ચકલું સરખુંયે ફરકતું નહોતું. ઘેરા આકાશમાં રક્તવર્ણી જ્વાલા ભડકી ઉઠી. રાજનો હુકમ પાછો વળે ? રાજસિંહ રાજાના હુકમ પ્રમાણે રામપુર નગરને તળિયાઝાટક બાળી દેવામાં આવ્યું. ગઇ કાલનાં રોનકદાર ને સુંદર નગરની જગ્યાએ માત્ર રાખ ઉડી રહી. રામપુર નગરતું નામ રાજા રાજસિંહના રાજમાંથી નાબુદ થયું. ગંગાપુર રાજ્યમાં આ ભયંકર બનાવથી હો—હા થઈ રહી. ગામડે ગામડે ને કસ્બાઓમાં લોકોની મોટી મેદની જમા થવા લાગી ને રાજાના આવા કૃત્ય સામે દિલગીરી જાહેર કરવામાં આવી.-રામપુર નગરની હિઝરતી પ્રજાએ પોતાનાં ઘરબારની રાખ ઉડી ગયાના સમાચાર કઠણ કાળજે સાંભળ્યા. તે પ્રજાને એક જ સંતોષ હતો: "ઘરબાર ગયાં, માલમિલ્કત ગઇ પણ ટેક રહ્યો છે." ગમે તેમ પણ રાજાના આવા પગલાથી પ્રજામાં અસંતોષની લાગણી ફેલાવા લાગી.

× × × ×

ગંગુની જાગીર ગયા પછી બીજે વર્ષે ઈન્ફ્લ્યુએન્ઝાનો ભયંકર રોગ ફાટી નીકળ્યો. ગંગુ તેમાં ઝપટાયો. રાલુ પાસે દવાદારૂના પૈસા નહોતા. જોઇએ તેવી માવજત કરવાની પૂરી સગવડ પણ નહોતી. પ્રભુને આશરે રાલુ ને જગુ તેની પથારી પાસે બેસી રહ્યાં. અન્યાયી રાજની સામે બહારવટું ખેડવાનું સ્વપ્ન અધુરૂંજ રહી ગયું. "બેટા ! રા...જના અ...ન્યા...ય ને કદી તા...બે થ...તો...ના..." એ શબ્દો સાથે ગંગુ પરલોક ગયો. મા-દિકરાએ તે દહાડે મહા આક્રંદ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગુના મરણ પછી થોડાજ દહાડામાં જગુને શીતળા નીકળ્યા. ઉનાળાનો બળતો તાપ જલતો હતો. જગુ ભાંગીતૂટી ઝુંપડીમાં ગાભા ને ચીંથરાં પથારીમાં વલોપાત કરતો હતો. તાજેતરમાં થયેલું પતિનું અવસાન અને તરતજ જગુની આ બિમારીએ રાલુને બેબા-કળી બનાવી દીધી.

દોઢ મહિને જગુ બેઠો થયો. માંદગી પહેલાંનો ખૂબસુરત ને પહેલવાન જેવો જગુ હવે બદસૂરત બની ગયો. તેની આંખો હમે-શને માટે બંધ હતી. રતન સમી તેની બંને આંખો શીતળાએ ઝૂંટવી લીધી. રાલુના ઉપર દુઃખનો ડુંગર તૂટી પડયો. કુદરતના સપાટા આગળ મનુષ્યોનું શું ગજું? જગુના કિસ્મતમાં હવે આ જીવન અંધજ રહેવાને સર્જાયું હતું. પ્રભુએ સરજેલાં સૂરજ, ચાંદ, લીલો-તરીભરી ધરતી, વન–ઉપવનની સુંદરતા, મોલભર્યાં ખેતરો, પહાડો અને નદીઓનાં સુંદર દશ્યો જગુ જોઇ શકે એમ ન હતું. દહાડા પર દહાડા વીતી ગયા. જગુના અંધાપા માટે રાલુ હમેશાં બળ્યા કરતી. ઘણી વાર તે છાની છાની રડતી. પણ એ કરુણ રુદનની કીકિયારીઓ પ્રભુના બંધ દરવાજેથીજ અથડાઇને પાછી આવતી. રાલુએ જંગલની જડીબુટ્ટી ને બીજી ઘણી દવાઓ કરાવી, પણ કોઈ જગ્યાએ ટીકી નહિ લાગી.

× × × ×

આંધળો જગુ હવે ગંગાપુર શહેર અને જિલ્લામાં લોકપ્રિય ગવૈયો બની ગયો હતો. પ્રભુએ જગુને આંખને બદલે કંઠ આપ્યો હતો. દૂર દૂરનાં ગામડેથી જગુને નિમંત્રણ મળતું. જગુ પોતાનો એકતારો લઇને જતો. જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાંના લોકસમૂહનું તે ચિત્ત હરી લેતો.

× × × ×

ગંગાપુર શહેરના એક લત્તામાં એક રાતે જલસો ગોઠવાયો. આંધળો જગુ પોતાના એકતારા સાથે ઉંચી બેઠકે બેઠો હતો. આજે જગુને સાંભળવા આખું ગંગાપુર નગર ઉલટયું હતું. મેદાન આખું ચિક્કાર ભરાઇ ગયું હતું. એક પછી એક રાગ–રાગણીના, કાલેરો ને કાફીના, ભેરવી ને કનરાના, સોહિણીના સૂરો જગુએ છેડવા માંડયા. સંગીતની એ મહેફીલમાં ગંભીર શાંતિ પથરાઈ ગઇ હતી. મધરાત વીતી ગઇ અને ત્રણ વાગી ગયા હતા, તો યે સંગીતભૂખ્યા લોકો બેસી રહ્યા હતા. જગુએ બીજો રાગ ઉપાડયો અને તેનો એકતારો ગુંજી રહ્યો—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગો રે મુસાફીર જાગો ! કાયાનો ભરૂસો ક્યાં છે?
ઘડીનો વિસામો ક્યાં છે?—જાગો રે૦

એજ વખતે આગલી સાંજે શિકારે નીકળેલો પણ જંગલમાં ભૂલો પડેલો રાજા રાજસિંહ ત્યાંથી પસાર થતો હતો. જગુના સંગીતે તેને રોક્યો. ઘડીવાર ઘોડો દૂર ઉભો રાખી તે સાંભળવા લાગ્યો. જગુ ચલાવ્યે જતો—

નિશાનાં અંધારાં ઘેરાં, દિનોનાં ઉજાળાં રાતાં;
જોયાં નથી જગમાં તો, ચાંદા ને સૂરજનાં તેજો-જાગો રે૦

અંધ ગવૈયાના મધુર કંઠે રાજાને ઘાયલ કર્યો. તે ઘોડા ઉપર સ્વસ્થ થઇને સાંભળવા લાગ્યો.

અંધો અંધો કહેતા લોકો, અંધાપાનો રસ શું જાણે?
છતી આંખે અંધાઓની, જાણી મેં કથાઓ આજે-જાગો રે૦

"મારા રાજમાં આવો સરસ ગવૈયો ! મેં આજેજ જોયો !" રાજા વિચારવા લાગ્યો. જગુને તેનું સંગીત રાજા કે રૈયત કોણ સૂણે ને કોણ ન સૂણે તેની ક્યાં પરવા હતી ? તેણે આગળ ચલાવ્યું—

અન્યાયોનાં પૂર ઝાઝાં, મૂકી શું સમુદ્રે માઝા ?
રંકોને રંજાડે એવા, જોયા આ નગરના રાજા,-જાગો રે૦

"શા...બા...શ. વાહજી વાહ !" મેદનીમાંથી પ્રચંડ અવાજ ગર્જી રહ્યો. રાજા રાજસિંહના જુલમથી પ્રજા ત્રાસી ગઇ હતી. તેના રાજની સામે કોઇથી હરફ સરખો ઉચ્ચારાતો ન હતો. અંધ જગુ કેટલાક વખતથી રાજ્યનાં જુલ્મજહાંગીરીનાં વર્ણન કરતાં ગીતો પ્રજાને ગાઇ સંભળાવતો હતો. ત્યારથી જગુમાં પ્રજાએ પોતાના તારણહારનાં દર્શન કર્યાં હતાં. એ અંધ ગવૈયા પાછળ દહાડે દહાડે પ્રજા ઘેલી બનતી જતી હતી.

રાજા રાજસિંહના હૈયામાં કાંટાની શૂળ ભોંકાઇ. ઘડી પહેલાં જે ગવૈયા ઉપર ખુશ હતો તેનાજ ઉપર તેની કડવી નજર થઇ. "મારા રાજમાં રાજદ્રોહી ગીત !" એ વિચારે તેને અકળાવી મૂક્યો.

ગવૈયાનો એકતારો તનતની રહ્યો:

પ્રજાઓની સેવા કાજે, કાયા ક્યાં ક્યાં રંખડી;
સુણી મેં તો રડતે હૈયે, શહીદોની શોણિતકથની-જાગો રે૦

માનવમેદની થંભી ગઇ. અંધ ગવૈયો પણ આજે છેલ્લો સૂર આલાપતો હતો:

રશીઆની એ ઝારશાહી, લંકાની એ રાવણશાહી;
સૂણી મેં તો કકડી પડતી, મોટી મોટી બાદશાહી-જાગો રે૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાના પેટમાં તેલ રેડાયું. રાજદ્રોહીને ઘટતી સજા કરવાનો નિશ્ચય કરીને તેણે ઘોડો દોડાવી મૂક્યો.

અંધ ગવૈયા જગુનું તે છેલ્લું ગીત હતું. ગીત પૂરૂં થયું તો યે મેદની તો ત્યાંજ બેસી રહી. આજના જેવી સંગીતની લહેર ગંગાપુરની પ્રજાએ કોઈ દિવસ અનુભવી નહોતી. આખરે ધીમે ધીમે માનવમેદની વીખેરાઇ ગઇ. લોકોના કાનમાં એકજ અવાજ ગુંજી રહ્યો:

સુણી મેં તો કકડી પડતી, મોટી મોટી બાદશાહી—જાગોરે૦

\+ \+ \+ \+

બીજે દહાડે ગંગાપુર નગર આખું ખળભળી ઉઠયું. અંધ ગવૈયાને આજે રાજાના હુકમથી પકડવામાં આવ્યો. ગઇ રાતનો સ્વતંત્ર સંગીતઘેલો જગુ આજે રાજકેદી થયો. ગંગાપુર નગરની પ્રજા આજે શોકસાગરમાં ડૂબી ગઇ. લોકપ્રિય ગવૈયાના માનમાં નગરજનોએ કામધંધા બંધ કર્યા. સાંજે મોટી સભા મળી ને એ લોકમાન્ય અંધ ગવૈયાની ગિરફતારી સામે પ્રચંડ વિરોધ ઉઠાવ્યો; પણ એ પ્રચંડ વિરોધને કોણ સાંભળે એમ હતું?

* * * *

દિવાન સાહેબ આગળ ત્રણ દિવસ લાગલાગટ કેસ ચાલ્યો. ગવૈયા પાછળ લોકો ગાંડા બન્યા હતા. દરરોજ કામ–ધંધો છોડી જગુના કેસની વિગતો સાંભળવા કોરટમાં જતા. ચોથે દહાડે રાજદ્રોહી ગવૈયા જગુના કેસનો ચુકાદો આવ્યો. ગંગાપુર રાજની સામે બેદિલી ફેલાવવાના આરોપસર દિવાન સાહેબે અંધ ગવૈયાને જન્મદેશનિકાલની કડક સજા ફરમાવી. દિવાન સાહેબનો ચુકાદો ગંગાપુરની પ્રજા જલતા જિગરે સાંભળી રહી. અંધ જગુએ સહેલી લોહ–જંજીરોમાંથી કર્ણભેદી એકજ સૂર નીકળી રહ્યો હતો:

"સુણી મેં તો કકડી પડતી, મોટી મોટી બાદશાહી."

(જૂન–૧૯૩૪ ના "યુવક" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२५-दानशीलता

(લેખકઃ-શ્રી. રમણલાલ પ્રેમાનંદ ભટ્ટ)

તૌરીરી બગદાદનો ખલીફા હતો. એ ઘણોજ વિદ્વાન તેમજ ધનવાન હતો.

એનો મહેલ ઘણોજ સુંદર અને રમણીય હતો. ભાત ભાતની કિંમતી લાદી અને વેલ-અંદર જડેલી હતી, જે જોતાંજ ખરેખર ફૂલ હોય એમ લાગતું. આગળ એક સુંદર બગીચો પણ હતો, જેમાં ફૂલ-પાંદડાં નીલમ અને ધાતુનાં પતરાંની માફક જણાઇ આવતાં.

સુંદર વસ્ત્રાભૂષણથી સજાયેલી રમણીઓને એ ઘણું માન આપતો, પછી ભલે તે મૂર્ખજ હોય; અને એ રીતે એ કવિઓ તેમજ દાનિશમન્દોનો સારો સત્કાર કર્યા કરતો.

એક દિવસ વસંત ઋતુના સોહામણા પ્રાતઃકાળે એ બગદાદના રાજમાર્ગ પરથી પસાર થઇ રહ્યો હતો.

એ સડકપર એક તરફ નારંગીઓથી ભરેલી સોદાગરોની ગાડીઓ જઇ રહી હતી; બીજી તરફ સુગંધિત તેમજ તાજાં ચમકતાં પુષ્પોની ભરેલી ટોપલીઓ માણસોના માથા પર દેખાઇ રહી હતી; લોક ભાત ભાતના પોશાક પહેરી આમ તેમ આવ-જા કરી રહ્યા હતા. તરુણી સ્ત્રીઓ એવી સુશોભિત બની રહી હતી, જાણે સુવાસિત પુષ્પ ઝાકળનાં બિન્દુઓથી ચળકી રહ્યું ન હોય !

પોતાની આસપાસ સુગંધ, સૌન્દર્ય તેમજ આનંદ જોતાંજ તૌરીરીનાં પુરાણાં અંગોમાં પણ સ્ફૂર્તિ માલમ પડવા લાગી. આનંદ અને વિલાસના દિવસો એને યાદ આવ્યા. એને એ વાતમાં સંદેહજ ન રહ્યો કે દુનિયા એશઆરામનીજ જગા છે.

એ એટલો પ્રસન્ન થયો કે જોરથી પોકારી ઉઠયોઃ " શું સોહામણી સુરભિ છે ! "

\+ + + +

એને એક પાંચ વરસની છોકરી મળી, જે ઘણીજ સુંદર હતી; તેણે એક નાનું ફૂડતું પહેર્યું હતું. પોતાના મોંમાં એક આંગળી રાખી હતી. અતિ કુતૂહલપૂર્વક એ તૌરીરીની લાંબી દાઢી અને એનાં કપડાં પર રહેલા ચિત્રામણ તરફ જોઈ રહી. એ ખરેખર સુંદરજ હતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે તૌરીરી એની તરફ ઝૂકયો. એને ગોદમાં લીધી—છાતી સરસી લગાવી અને એના હાથમાં બે મહોરો મૂકી દીધી.

થોડેક દૂર આગળ જતાં એને દશેક વરસનો એક છોકરો મળ્યો. દેખાવે તે જાડો હતો; ફાટયાં તૂટયાં જૂનાં કપડાં પહેર્યાં હતાં; આંખોમાંથી પાણી વહેતું હતું, નાક પણ ગંદું હતું. એણે પોતાનો હાથ લંબાવ્યો અને ઘણાજ દીન સ્વરમાં કહ્યું કે "મારી માતા બિમાર હોઈ પથારીવશ પડી છે, વળી મારે સાત નાના ભાઈ છે, ત્રણ દિવસથી કાંઇ ખાવાનું પણ મળ્યું નથી."

એને જોતાંજ તૌરીરીને ક્રોધ થયો, છતાં એક મહોર એના હાથમાં દીધી.

વીસ કદમ આગળ જતાંજ એને એક બુઢ્ઢો ભિખારી દેખાયો, જેનો ચહેરો માર ખાધેલા શ્વાન જેવો હતો. એની દાઢી પીળી, પાણીમાં પલાળેલા શણના જેવી હતી. એ ઉચ્ચ અવાજમાં પોકારી રહ્યો હતો: "આ ગરીબ બુઢ્ઢા પર કૃપા કરજો, કે જે હરી-ફરી શકતો નથી કે કાંઈ કામકાજ કરી શકતો નથી. પ્રભુ આપને એનો બદલો દેશે."

તૌરીરીએ એના તરફ એક ચાંદીનો સિક્કો ધર્યો, પરંતુ તે એટલો દૂર હતો કે સિક્કો જમીન પર પડી ગયો અને બિચારો ભિખારી ઘણીજ મુસ્કેલીથી મેળવી શકયો.

કેટલીક ક્ષણો પછી એને એક સ્ત્રી મળી, જેને જોતાં કોઇ એમ ન કહી શકે કે એ જુવાન છે કે વૃદ્ધા! એની ખાંધ પર એક ટોપલીમાં તરતનુંજ જન્મેલું બાળક હતું. એને જોતાંજ તૌરીરી એકદમ જમીન તરફ જોવા લાગ્યો, પરંતુ સ્ત્રીએ એનો પીછો ન છોડયો. એ ધીમા અવાજથી ગણગણતી એના તરફ વધી.

તૌરીરી થાકીને આગળ વધ્યો, પરંતુ એ વિપત્તિથી એનો પિંડ ન છૂટયો ત્યારે એણે પોતાનાં ગજવાં ફંફોડયાં, પરંતુ જે એ ઇચ્છતો હતો તે ન મળ્યું. છેવટે ચીડાઇને કેટલાક પૈસા એના તરફ ફેંકી દીધા.

એવામાં એણે પોતાની સામે ત્રીસેક કદમ દૂર હાથ-પગ વિનાના એક માણસને જોયો, જે દિવાલને અઢેલી બેઠો હતો! એ ફિરદૌસીનું બનાવેલું એક ગીત ઘણાજ કરુણ સ્વરથી ગાઇ રહ્યો હતો, જે સાંભળતાં પથ્થરનું હૃદય પણ પીગળી જતું!

તૌરીરી થોભી ગયો. એણે જાણ્યું કે, એ માણસ પોતાનો પીછો લઈ શકે એમ નથી. ત્યારબાદ પોતે જાણે તેને દેખતોજ નથી, એવો ભાવ દર્શાવી સડકની બીજી બાજુથી નીકળી ગયો.

એ કેટલેક દૂર સુધી આગળ ને આગળ વધતોજ રહ્યો; પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે એને ચેન પડતું ન હતું. એ જોરથી બોલી ઉઠયો:–" આ સૌરભ અસહ્ય છે !"

પછી એ પોતાના મહેલ તરફ પાછો ફર્યો.

× × × ×

એણે પોતાના દિવાનને બોલાવી કહ્યું: " રાજમાર્ગ પર જાઓ. તમને ત્યાં એક બુઢ્ઢો ભિખારી મળશે, તેને એક મહોર આપજો; પછી એક ગરીબ સ્ત્રી પોતાના બચ્ચાને દૂધ પાતી મળશે, તેને બે મહોર આપજો; તે પછી એક હાથ-પગ વગરનો માણસ મળશે, તેને ત્રણ મહોર આપજો."

કિન્તુ એ પછી જ્યારે એ શહેરમાં જતો, ત્યારે એક નોકર એની આગળ આગળ મહોરો લઇ ચાલતો, જે ભિખારીઓને મહોરો આપતો અને કહેતો જતો કે સામેથી હટી જાઓ, જેથી બાદશાહ સલામતની નજર તમામ પર ન પડે.

ધીરે ધીરે એ દાનિશમન્દ બાદશાહ ઘણો દાની બની ગયો. એણે એવી પ્રતિજ્ઞા કરી કે બગદાદમાં કોઈ પણ ભિખારી રહેવા ન પામે. એના મહેલ નીચે ગરીબો તેમજ દીન-દુઃખિયાંને રોજ અન્ન તેમજ રૂપિયા વહેંચવામાં આવતા. એણે બચ્ચાં, બુઢ્ઢા, સ્ત્રીઓ તેમજ બિમાર અને અપંગોને માટે અલગ અલગ ઇસ્પિતાલો બનાવરાવી.

પછી જ્યારે કોઇ આવીને કહેતું કે અમુક અમુક વ્યક્તિઓ જૂઠી બિમાર બની સહાયતા લઇ ગઇ, ત્યારે એ એમજ કહેતો કે "મને શાન્ત જીવન વીતાવવા દો, સાચા-જૂઠાની તપાસ કરવાનો મને સમય નથી."

એ પ્રકારે લોકોની ભલાઇને માટે એણે ઘણું ધન ખરચી નાખ્યું. પોતાનો ખર્ચો પણ ઘણોજ કમી કરી નાખ્યો. પોતાની નાની બેગમ, કવિઓમાં સૌથી સુસ્ત કવિ અને દાર્શનિકોમાં સૌથી પાકા દાર્શનિકોનેજ પોતાની પાસે રાખ્યા.

એ પૂર્ણ કલાકારો, બુદ્ધિમાનો તેમજ શિલ્પીઓની વચમાં શાન્તિથી પોતાનો સમય વીતાવતો હતો. જે ઇસ્પિતાલો એણે કાયમ કરી હતી તેને કદી જોવા ન જતો કે જ્યાં ગરીબોને અન્ન અને નાણું વહેંચાતાં ત્યાં પણ કદી ન જતો.

એક દિવસ એ શહેરની સડક પરથી જઇ રહ્યો હતો. એવામાં ગરીબો તેમજ દીન-દુઃખિયાંના એક ટોળાએ એને ઘેરી લીધો. તેઓ કહેવા લાગ્યા: "ધર્માવતાર ! આપેજ અમને જીવન આપ્યું છે." એમાંના કેટલાક એને નમી પડયા, અને એનાં વસ્ત્રો પકડી ચૂમવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ એ નારાજ થયો; જાણે કૃતજ્ઞતા પ્રગટ કરવાથી એને કષ્ટ થયું.

લોક એને સૌથી મહાન પુરુષ–સૌથી પ્રતિષ્ઠિત આત્મા–માનતા.

જ્યારે એના મૃત્યુના દિવસો નજીક આવવા લાગ્યા, ત્યારે એણે બધાય કવિઓ અને દાર્શનિકોને વિદાય કરી દીધા, અને પોતાની નજીકમાં એક સુંદર ષોડશીને રાખી. એને તાકીદ કરવામાં આવી કે આંખોથીજ માત્ર પોતાની સામે જોયા સિવાય બીજું કાંઇ ન બોલવું.

એ મરી ગયો.

એના શબની સાથે–બીજા માણસો સાથે હજારો ગરીબો પણ ગયા અને ઘણાજ રોયા.

× × × ×

એનો આત્મા બીજી દુનિયામાં, જેનો પત્તો કોઇ પ્રાણીને માલમ નથી ત્યાં ગયો. એને પ્રભુના દરબારમાં લાવવામાં આવ્યો.

પ્રભુએ એને પૂછયું: "દુનિયામાં તેં શું શું કર્યું ? તારાં કામ કયાં કયાં છે ?"

તૌરીરીએ શાંતિ અને નમ્રતાભર્યા શબ્દોથી જવાબ દીધો: "માનવજાતિમાં જન્મવાને કારણે મારામાં બેશક કમજોરીઓ રહી છે. હું સુંદર તેમજ સોહામણી ચીજો, મન લોભાવનાર વાજિંત્રો, તેમજ ગીતો અને દિલ ખુશ કરનાર વાતોથી ઘણોજ પ્રસન્ન રહેતો હતો; તો પણ મેં મારા ખર્ચે ચાર ઇસ્પિતાલો ખોલી હતી, મારા ધનનો કેવળ દસમો હિસ્સોજ મારે માટે રાખી બાકીનું બધુંય હું ગરીબો માટે ખર્ચી નાખતો."

"એ બરાબર છે કે તું ખરાબ માણસ ન હતો; તેમજ કયારેક તારામાં દયા પણ ઉત્પન્ન થતી, છતાંય હજી તું સ્વર્ગમાં પ્રવેશ કરવાને અધિકારી નથી બન્યો. તારો આત્મા પુનઃ બીજા શરીરમાં પ્રવેશ કરશે; અને પ્રાયશ્ચિત્ત કરવાને માટે તેમજ શીખવાને માટે તારે એક નવું જીવન વ્યતીત કરવું પડશે." પ્રભુએ જવાબ દીધો.

તૌરીરી ઘણોજ આશ્ચર્યચકિત થયો અને પૂછયું: "મારે કઈ બાબતને માટે પ્રાયશ્ચિત્ત કરવું પડશે ?"

"આપના દિલનેજ પૂછો ! જ્યારે તેં ગરીબોને દાન દીધું હતું ત્યારે તારા વિચાર કેવા હતા ? જે દિવસે તને સડક પર બુઢ્ઢો ભિખારી, દુબળી ઓરત અને અપંગ માણસ મળ્યા, ત્યારે તારા મનમાં તેં શા વિચાર કર્યા હતા ?" પ્રભુએ પૂછયું.

"માનવ જાતિની તકલીફોને લીધે ઘણીજ દયા અને રહેમ" તૌરીરીએ જવાબ દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુએ કહ્યું: "તું જૂઠું બોલે છે. એમની સૂરત જોવામાં કઢંગી હતી, તકલીફો અને દુઃખોનું હોવાપણું તને ઘણુંજ ખટક્યું, એમની ગંદાઇ અને કઢંગાપણાથી તું ચીડાઈ ગયો. એમની દીનતા, નમ્રતા અને પોકારીને માગવું તેમજ માગણી માટે હઠ કરવાને કારણે તું એમને નાપસંદ કરતો હતો—એ અભાગીઓનો તું એટલે સુધી તિરસ્કાર કરતો હતો કે એમને ધન્યવાદ દેતા જોવાનું પણ તારાથી સહન ન થયું. દાની હોવાના અભિમાને તને ઉત્તેજિત કર્યો હતો; અને તારી રુચિની કોમળતાએ તને એ ગરીબોને કૃતજ્ઞતા પ્રગટ કરવાથી પણ અટકાવી રાખ્યા. એ બરાબર છે, કે ગરીબીને દબાવવા માટે—એને રોકવાને માટે તેં ઘણી કોશિશ કરી, કારણ કે તારૂં એમ માનવું હતું કે એથી દુનિયામાં ગંદાઇ ફેલાય છે, જીંદગીને સુખ નથી મળતું; પરંતુ હું માનવ-હૃદયમાં પ્રવેશનાર છું. હું સાફ સાફ કહું છું કે તારા હૃદયમાં તિરસ્કાર-દ્વેષનો ભાવ મોજૂદ હતો."

તૌરીરીએ જવાબ દીધો: "પરંતુ હું ગરીબોને નહિ, એમની તકલીફોને ધિક્કારતો હતો, એમની બુરાઇ અહરિમનથી તિરસ્કાર કરતો હતો, જે આપના દુશ્મન છે."

"હું અહરિમન છું!" પ્રભુએ કહ્યું.

"શું આપજ?"

"હા, તૌરીરી! હુંજ અહરિમન છું, કેમકે હું પ્રભુ છું. ભલાઇ બુરાઇથીજ પેદા થાય છે, કષ્ટ અને મુસીબતોથીજ ગુણ પેદા થાય છે."

"શું આપ મારે માટે એ બરાબર સમજો છો?"

"ગભરા નહિ. બૂરાઇઓ દૂર થઇ જશે. આનંદ અને સદ્દગુણો ઉત્પન્ન કરવાને માટેજ એનું હોવું આવશ્યક છે. જ્યારે દુનિયાનો, જેના પર એનો પ્રયોગ થઇ રહ્યો છે તેનો લય થઇ જશે અને જ્યારે પવિત્રાત્માઓ મારી સાથે થશે, ત્યારે એવું જણાશે કે એમાં એનું અસ્તિત્વજ ન હતું."

તૌરીરીએ કહ્યું: "આપનો તર્ક બરાબર છે; પરંતુ એથી મારા સંબંધમાં શું પરિણામ નીકળી શકે છે? અથવા એમની તકલીફો દૂર કરવા સિવાય એમના ઉપર મારી ફરજ કઈ રહી જતી હતી?"

"એજ બાબત શીખવાને માટે તો હું તને ફરીથી દુનિયામાં મોકલી રહ્યો છું."

"પરંતુ........"

તૌરીરી પોતાનું વાક્ય પૂરૂં ન કરી શક્યો અને ત્યાં ન પ્રભુ રહ્યો ન તૌરીરી........

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૌરીરીનું જીવન અત્યંત દુઃખપૂર્ણ હતું. એ એક ગરીબના ઘરમાં જન્મ્યો હતો. નાનપણમાં એને મુશ્કેલીથી પેટપૂરતું ખાવાનું મળતું. જ્યારે ને ત્યારે એના પર માર પણ ખૂબ પડતો. એ એક રોજગાર કરવા લાગ્યો; જે વડે મુશ્કેલીથી એ પોતાના દિવસો ગુજારતો; તેમજ ગરીબોની માફક એનામાં કેટલાક ગુણ પણ હતા. એ ઘણોજ પ્રમાનદાર તેમજ ભલો માણસ હતો. ઘમંડ કે દેખાડાનું અથવા ઢોંગનું એનામાં નામ ન હતું.

એકલા ન રહેવું પડે, તે માટે એણે લગ્ન કર્યું. ક્યારેક ક્યારેક એને કામ ન મળતું. દુઃખ તેમજ કષ્ટથી એની સ્ત્રી અને બે બાળકો દુનિયામાંથી ચાલ્યાં ગયાં. એક દિવસ એ ઓટલા–પ્લેટફોર્મ–ઉપરથી પડી ગયો. જોઇએ તેવી સંભાળ ન રખાયાના કારણે એના બેઉ પગ નકામા થઈ ગયા. એક હાથ તૂટી ગયો અને બીજો હાથ જખ્મી થયો કે જે કદી સાજોજ ન થઇ શકે.

લાચાર બની એને ભિખ માગવી પડી. પ્રથમ તો એને માગતાંયે ન આવડતું, માગતી વખતે એને શરમ પણ આવતી અને મુશ્કેલીથી એને કંઇક મળતું.

ધીરે ધીરે એને હાથ લંબાવતાં આવડી ગયું. એટલે એને ખાવા પૂરતું મળી જતું અને ભૂખે સૂઇ રહેવાનો અવસર ન આવતો.

દુનિયામાં બીજી કોઇ આનંદ દેનાર ચીજ એની પાસે ન હતી. જ્યારે એને કાંઇ પૈસા મળતા ત્યારે એ તાડી પી લેતો.

* * * *

એની ઝૂંપડીની પાસે એક ઘણીજ ગરીબ છોકરી રહેતી હતી. એની સાથે ખાસ કરી એને ભેટ થયા કરતી. એ છોકરી એના પર ઘણી દયા ખાતી.

પ્રતિદિન સવારમાં એ છોકરી એનો જખમ ધોવા આવતી. એની પથારી ઠીક કરી દેતી. એનું ભોજન તૈયાર કરી દેતી, તેમજ જૂનાં ફાટેલાં કપડાં સાંધી દેતી. એ બધાંય કામોના બદલામાં એ કાંઇ પણ માગતી ન હતી.

એનું નામ ।કકા હતું. એ સુંદરી ન હતી, કિન્તુ એની આંખો એવી હતી, કે એને જોનાર એના પર પ્રેમ કર્યા વિના ન રહે.

તૌરીરી પણ નિત્ય સવારમાં પથારી પર પડયો પડયો એના ઉદવાની રાહ જોયા કરતો.

* * * *

એક દિવસ હંમેશની માફક એ ભિખ માગી રહ્યો હતો. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમીરે એના તરફ તિરસ્કારથી એક મહોર ફેંકી. એ વખતે પ્રભુની કૃપાથી એને માલૂમ પડયું, કે હુંજ તોરીરી હતો. અમીરની નજરમાં તિરસ્કારનો ભાવ દેખી એ સમજી ગયો, કે પ્રભુએ પોતાને આવો દંડ કેમ દીધો છે? એ સારી રીતે સમજી ગયો, કે પોતાના પૂર્વજીવનમાં પોતે જો કે ગરીબોનાં દુઃખ દૂર કર્યા કરતો હતો, તોપણ તેમની દીનતા અને કઢંગો ચહેરો જોઇ તિરસ્કાર કરતો હતો કે જેને માટે તે ન તો દોષી હતા ન જિમ્મેદાર.

બીજે દિવસે સવારમાં જ્યારે ક્રિકા એનો ઘા ધોવાને આવી, ત્યારે એણે ધ્યાનપૂર્વક જોયું; એને જણાયું કે તે જરા પણ તિરસ્કાર નથી દર્શાવતી. એની આંખો શાન્ત છે. એણે સારી રીતે સમજી લીધું કે એ છોકરી કે જે પોતાની સંભાળ રાખે છે તે ખરેખર ભલી છે—એક સાધુ છે.

જ્યારે એ પાટો બાંધી રહી, ત્યારે એણે છોકરીનો હાથ ચૂમ્યો અને રડવા લાગ્યો. પ્રભુની કૃપાથી એજ રાતે એનું મૃત્યુ પણ થઈ ગયું!

× × × ×

પ્રભુએ એના આત્માને પૂછયું: "તું સમજ્યો ?"

"હું એ સમજ્યો કે, ગરીબોને એમની ગરીબાઇમાં સહાયતા કરવી જોઇએ. આપણે એમના આત્મામાં સમાઇ જવું જોઇએ; જૂઠી હાલત તેમજ અભિમાનથી એમનો તિરસ્કાર ન કરવો જોઇએ; કેમકે એવી સ્થિતિઓમાં ખૂદ આપણે પણ એવાજ હોઇએ છીએ. એમની આજીજીઓને આપણે પ્યારની દૃષ્ટિથી જોવી જોઇએ. જેની સંખ્યા પ્રાયઃ વધારે હોય છે, જેના ગુસ્સાની આગ ધનવાનોને બાળી શકે છે, તેવા ગરીબો પર પ્રેમ કરવો જોઇએ. આપણે એમની ઘણા પ્રેમથી સેવા કરવી જોઇએ. જેમ આપણે દુઃખના સમયે બીજાનાં મોં જોઇ રહીએ છીએ, તેજ પ્રમાણે બીજાનાં કષ્ટોના સમયે ખબર લેવી જોઇએ. એમનાં દુઃખો દૂર થયા પછી, એ દુઃખપ્રતિ વિદ્રોહ ન કરવો જોઇએ, બલ્કે એનો સ્વીકાર કરવો જોઇએ, જેમ કોઇ મનુષ્ય ઇશ્વિરની ઇચ્છાઓનો સ્વીકાર કરે છે. કારણ કે એજ માત્ર દરેક વસ્તુઓનાં કારણો જાણતો હોય છે. આ સૃષ્ટિનો ઉદ્દેશ્ય સૌન્દર્ય ઉત્પન્ન કરવાનો નથી, બલ્કે ભલાઇ ઉત્પન્ન કરવાનો છે.

"એ વાત ખોટી નથી. ભલા માણસ! જાઓ, આરામ કરો." પ્રભુએ જણાવ્યું.* (વૈશાખ-૧૯૮૮ના "સેવા"માસિકમાંથી)

* એમાનુયેલ ચાર્લ્સ નોડિયરની પ્રસિદ્ધ ફ્રેંચ વાર્તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२६–स्वप्नदर्शन

(લેખક:-શ્રી. કેદારલાલ રતનજી ઉપાધ્યાય–વર્ધા.)

સવિતાનારાયણ અસ્તાચળ ઉપરથી જગતને ઉતાવળે ઉતાવળે જોતા હોય તેમ તેમનાં આછાં કિરણો પ્રસારતા પ્રસારતા પોતાના સ્થાન પ્રતિ ગતિ કરી રહ્યા હતા. થોડા વખતમાં સંધ્યા ઉતરી અને જોતજોતામાં રાત્રિનું સામ્રાજ્ય વ્યાપવા લાગ્યું. શાંત થયેલાં પક્ષીગણો માળામાં સંતાઇ પેઠાં. આજ પૂર્ણિમા હોવાથી ચંદ્ર ભગવાનનાં ધવલ કિરણોમાં પૃથ્વી નાહવા લાગી અને રૂપેરી જ્યોત્સનાના રંગમાં સર્વ કંઇ રંગાયું.

આ સમયે મેં મારા મકાનના માળ ઉપર નિદ્રાદેવીની આરાધના શરૂ કરી. મંદમંદ સમીર શરીરને ઠીક ઠીક આનંદ આપતો હતો. આંખ મળીને સુષુપ્ત અવસ્થામાં પ્રવેશ્યો. મારી આ સ્થિતિમાં તુરતજ મારી સામે એક જ્યોતિ નજરે પડી. થોડી વારમાં તે મારી સમીપ પાસે ને પાસે આવતી જણાઇ. તેણે તે અવસ્થામાં મારા આત્માને જગાડયો અને તેને તેની સાથે આવવા આજ્ઞા કરી. તે આજ્ઞાને આધારે હું આત્માસહ સૂક્ષ્મ દેહે તે જ્યોતિની પાછળ પાછળ ચાલ્યો. અમારી ગતિ ગગનમાર્ગે થઇ. બાદ થોડાક સમય પછી એક રમણીય સ્થળે અમે આવી પહોંચ્યા. અહીંઆં સર્વ સ્થળે તેજ વ્યાપી રહેલું હતું. મને આ સ્થળ દેવભૂમિ સમાન ભાસ્યું. અહીંઆં શાંતિ અને લક્ષ્મીનો પૂર્ણ પક્ષપાત જણાતો હતો. અત્યાર સુધી અમારી સંગત અણબોલીજ હતી, પણ તરતજ તે જ્યોતિમાંથી ધ્વનિ ઉત્પન્ન થયો: “ હે મૃત્યુલોકના પ્રાણી ! આ ભૂમિ અને તારી ભૂમિમાં કાંઇજ ફેર નથી. આ ભૂમિ પણ તારી પૃથ્વીના જેવોજ સૂર્યમંડળનો એક ગ્રહ છે. અહીં પુરુષાર્થની આણ ફરે છે, અહીંના લોકો નિદ્રાતંદ્ર અને આળસ તજીને પોતાના સર્વોત્કૃષ્ટ ધર્મમાં પ્રવિષ્ટ છે. આ કારણથીજ આ ભૂમિના લોકો શાંતિ અને લક્ષ્મીના ખોળે ઝૂલે છે. મમતા અને સ્વલોકકલ્યાણ એ એમના સ્વભાવની સિદ્ધિ–રત્નથી ભરેલ છે. એમની પ્રગતિનો રથ આખી ભૂમિ ઉપર ફરતો રહે છે. સાહસિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિ અને નીડરતા એ બન્ને રથનાં ચક્ર છે. વાયુ અને અગ્નિ રથના સંચાલક છે. જમીન પર તેમજ જળ ઉપર તેમનો રથ ફરે છે અને અહીંઆં ધર્મવૃત્તિ-કર્તવ્ય સર્વદા લોકોનાં હૃદયમાં નિવાસ કરે છે.

આગળ ચાલતાં આવી અનેક દિવ્ય ભૂમિઓ દૃષ્ટિગોચર થઈ. અહીં આ ભૂમિના નિવાસીઓ દિવ્ય જીવન ગાળતા હતા. તરતજ પાછો અવાજ આવ્યો કે આ તો માત્ર તને સ્થૂળ ભૂમિનું દર્શન કરાવ્યું, પણ આ ભૂમિનાં આગળ તને બીજાં સૂક્ષ્મ રૂપે દર્શન થશે. હું પાછળ વિસ્મય પામતો દોરાતો હતો. થોડેક ઉંચે જતાં એક મોટું રમણીય તેજથી ભરપૂર સરોવર નજરે પડયું. તેમાંથી ધીરે ધીરે અનુક્રમે બે જ્યોતિઓ બહાર આવી, અને સમીપ આવતાં તેઓ દેવોના સ્વાંગમાં સજ્જ થયેલી દેખાઇ.

પ્રથમ જે જ્યોતિ બહાર નીકળી તેનું નિરીક્ષણ કરતાં તેની આંખો દિવ્ય તેજથી વિકસતી, મુખ કમળ સમાન શોભતું અને તેના મુખારવિંદ ઉપર સર્વત્ર આનંદની છાયા પ્રસરતી દેખાઇ. થોડી વાર મૂક રહ્યા પછી તે જ્યોતિ સ્વરૂપ મને કહેવા લાગ્યું કે "હે પૃથ્વીલોકના માનવી! આ મારો દિવ્ય સ્વાંગ, પ્રફુલ્લિત મુખાકૃતિ અને સુડોળ ગાત્ર છે તેનું કારણ એજ છે કે મારૂં પોષણ દિવ્ય તેજોરસથી થાય છે. આથી સર્વદા હું આનંદમય રહું છું, અને મારાં સંતાનો પણ દિવ્ય અને પુરુષાર્થી થઈ સર્વત્ર વિચરે છે તથા વિજયને વરે છે." આ શબ્દો પૂરા થતાં તે દેવીસ્વરૂપે ઉભેલ જ્યોતિ અદૃશ્ય થઇ અને પૂર્વવત્ તેજોમય થયું.

બાદ દ્વિતીય જ્યોતિ બહાર આવી. તેનાં નેત્રો જરા ઉંડાં હતાં. પ્રકાશ ઘણો ઓછો હતો, ગાત્ર કૃષિત હતાં અને તેણે કરુણામય શબ્દોથી કહેવું શરૂ કર્યું: "હે માનવિ! મારો દેહ મંદ પ્રકાશિત લાગે છે, મારાં નયનો તને સૂજેલાં દેખાય છે. તું કહે, મને ઓળખે છે? જો, ધ્યાનથી જો અને એકચિત્તે સાંભળ. હું તારી માતા ગાયત્રી છું, પૂર્વે મારો દેહ તેજોથી ભરપૂર હતો અને તેં જે પ્રથમ દેવી જોઇ તેનાથી પણ અનેકગણી મારી દેહલતા તેજસ્વી હતી. હું સુખ અને સંપત્તિના શિખરે પહોંચી હતી. હા! મારાં બાલુડાં પણ દિવ્ય સંસ્કૃતિની માટીથી ઉત્પન્ન થએલાં હતાં અને તેઓ ધર્મશીલ હતાં. શૌર્ય અને દૃઢતા તેમનાં તીર હતાં, અનેક શત્રુઓને હંફાવી તેઓ દિવ્ય વિભૂતિઓ જાળવી રહ્યાં હતાં; પણ હે માનવી! સમય સદા કોઇનો નિરંતર રહેતો નથી તેજ ક્રમાનુસાર મારાં બાળકો દિનપ્રતિદિન નિસ્તેજ થવા લાગ્યાં. કારણ, શત્રુની પ્રબળતા વધી તે સાથે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આળસુ, મોજશોખી થઇ અજ્ઞાનના અંધકારમાં ડૂબવા લાગ્યાં. આથી તેઓમાં અનેક દુર્ગુણરૂપી શત્રુઓએ કબ્જો મેળવ્યો અને કુસંપ, સ્વાર્થાંધતા તથા ઈર્ષાએ સામ્રાજ્ય સ્થાપ્યાં. આથી તેઓમાં આળસે વાસ કર્યો, સ્વકર્મોથી વિમુખ બન્યા; ભય, કજીઆ અને દ્વેષે ઉંડાં મૂળ રોપ્યાં. તેથી તેમની બુદ્ધિમાં મંદતા આવી, શારીરિક સંપત્તિ અને ધર્મ ગુમાવ્યાં અને કન્યાવિક્રય અને સાટાંરૂપી સડાએ સડવા લાગ્યા. છેલ્લે–

હે મૃત્યુલોકનિવાસી! મારી આ અનાથ દશા થઇ અને મારાં સંતાનોએ પોતાની સમૃદ્ધિ અને સ્વકર્મ ગુમાવી અનેક ઐશ્વર્યના ભોગે તેઓ જાતે નિર્બળતાને વર્યાં અને તેઓની સાથે મારી આ અધોગતિ થઇ. હે પ્રિય માનવ! તને અત્રે ઇશ્વરેચ્છાથી લાવવામાં આવ્યો છે અને આ મારી સ્થિતિનું દિગ્દર્શન કરાવવામાં આવેલ છે. માટે જ્યારે તું અહીંથી જાય ત્યારે તારા લોકમાં તારા અનેક બાંધવોને આ મારો સંદેશો પહોંચાડજે અને અમારી દશાનું બ્યાન કરી તેમને જાગ્રત થવા પડકાર કરજે! કહેજે કે, હવે કયાં સુધી આ કુંભકર્ણની નિદ્રામાં ઘોરશો? ઉઠો, ઉઠો, હે મારા પ્રેમી વીરો! જાગ્રત થાઓ અને માતની હાકલનો વીરતાથી જવાબ વાળો. પુરુષાર્થના આસને આરૂઢ થઇ નીડરતા અને ગંભીરતાનાં શસ્ત્ર સજી સત્યનું કવચ ધારણ કરો. ચાલો, અને જીવનસંગ્રામ ખેલી વિજયી બનો.

ઇશ્વરેચ્છાથી હવે પશ્ચિમમાંથી સૂર્યનારાયણ પૂર્વ તરફ વળે છે, તો આપ સર્વ નિદ્રા અને આળસ તજી એકબીજાનો સહકાર સાધી તમારી જનનીનો ઉદ્ધાર કરો. પ્રભુમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી કાર્ય આરંભો. વિઘ્નો આવે તો પણ લવલેશ હઠશો નહિ. દેવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે હળાહળ વિષ નીકળ્યું, પણ તેથી તેઓ જરા પણ નહિ ગભરાયા. તેમણે તેમનું કાર્ય જારી રાખ્યું તો અંતે તેઓએ અમૃતપાન પ્રાપ્ત કર્યું. આરંભમાં હમેશાં કષ્ટો પડે પણ તેને તો સહનજ કરવાં; કારણ કષ્ટ એ તો કસોટી છે. નાનામાં નાના કાર્ય માટે પણ બેપરવા થશો નહિ. જુઓ! તમારાજ પાડોશીઓની તરફ નજર કરો અને તેઓની સાવચેતીથી નકલ કરજો. તેઓના સદ્ગુણો ધારણ કરી હૃદયસ્થ કરો, તમારામાં ભ્રાતૃભાવ જાગ્રત કરો, સંપ અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપો. ઉપરાંત **"जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसि"** આ સૂત્રનું ધ્યાન તમારા જીવનમાં વણી લેજો અને તે તરફ એકાગ્રતાથી તમારી ફરજો અદા કરશો તો તમારો ઉદય, જેમ અભ્રછાયા દૂર થતાં સૂર્ય પ્રકાશે છે તેજ રીતે પ્રકાશે અને તમારી જ્યોતિરૂપ વિભૂતિથી પશ્ચિમ અંજાઇ જઇ પૂર્વને પગલે પગલે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયાણ આદરશે.

આ સંદેશો પૂરો થતાં તે જ્યોતિ અદશ્ય થઈ, જેની સાથે આવ્યો હતો તેણે પાછા ફરવા આજ્ઞા કરી. જતાં જતાં તેણે કહ્યું કે "તેં જે જે જોયું તેનું ધ્યાન ધરજે, વિચારજે અને મનન કરજે; ઉપરાંત આ સંદેશ તું સર્વત્ર પ્રસારજે, તેનો પ્રચાર કરજે અને તારા બાંધવોની ઝુંપડીએ ઝુંપડીએ ફરી લોકોને જાગ્રત કરજે. તું તેઓને પ્રેરણા અર્પી કર્મનો માર્ગદર્શક થજે. તેઓને ધર્મ અને કર્મવૃત્તિ-પરાયણ કરજે. સ્વકર્મના આદેશનો શંખ ફૂંકજે કે જેથી તમોગુણી કુંભકર્ણની સમાન ઘોર નિદ્રાનો ત્યાગ કરે.

એટલામાં અમારા પાડોશી પરસોતમ કાકાને ઘેર ચોરી થવાથી લોકોનો કોલાહલ થયો અને મારી આંખ ઉઘડી. ભગવાન ચંદ્રમાએ આકાશનું મધ્યબિંદુ પસાર કર્યું હતું. હું પણ લોકોના ભેગો નીચે ઉતરી આવી મળ્યો. બાદ થોડો સમય પછી પાછો સૂતો.

(તા. ૧૬-૭-૧૯૩૫ના "ત્રિવેદીમેવાડા વર્તમાન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२७–अकस्मात

(લેખકઃ–શ્રી. " મજૂર")

બનારસ હિન્દુ વિશ્વ-વિદ્યાલયના વિહાર ઉપવનની એક બાજુમાં, લીલીછમ લતાઓનો આંખને શાન્તિ આપે એવો એક મંડપ આવેલો છે. સમીરને ઓથે ઝૂલતી, ગેલ કરતી લતાઓ, આમથી તેમ નમી રહી છે. લતાઓ પણ, સમીરના સ્પર્શે, કોઇ પ્રણયિનીના 'પ્રણયહાસ્ય' સમ હસી રહે છે અને નાચે છે.

અને શ્વેત આરસ પથ્થરોની એક નાનકડી માત્ર બે વ્યક્તિ બેસી શકે એવડી બેઠક ત્યાં આવેલી છે. એકમેકને વળગી પડેલી, વાયુદેવના તોફાને લચી પડતી લતાઓ, કો વર્ષો પછી મળેલી સહિયરોનાં ઠલવાતાં હેત સમ ભેટેલી નજરે પડે છે.

લતાઓ નમે છે, અને પવનને મસ્તી જાગે છે. પવનની મસ્તી શમે છે, અને લતા સ્થિર બને છે; ત્યારે મસ્તીઘેલા પ્રિયતમથી રીસાયેલી કો સ્નેહરાજ્ઞી સમી એ દીસી રહે છે! અને પવનને પણ એની મસ્તીનો કેમ પશ્ચાત્તાપ થતો ન હોય, એમ લતાનું એક પાંદડું પણ હાલતું નથી.

પવન રીસાય છે, ત્યારે લતા હારે છે! અને પુનઃ એજ પવનની મસ્તી અને તોફાનનાં પૂર ઉલટે છે. સ્નેહગ્રંથિથી સંકળાએલા કો સ્નેહયુગલ સમાં, પ્રકૃતિદેવીનાં વહાલસોયાં રમકડાં–લતા અને પવન–મર્ત્ય ભૂમિના દ્વારે હંમેશનાં એ 'તોફાન' અને 'મસ્તી' આદરે છે! એનાં પૂજન કરનારો કો માનવ પોતાનાં દિવ્ય ચક્ષુ દ્વારા આ સ્નેહજીવન સોહાવનારા પ્રસંગોને નીરખી શકે છે!

અને વહેલી સાંજે, જ્યારે પ્રભાકર દેવ અસ્તાચળે ક્ષિતિજમાં ડૂબતા હોય, રશ્મિદેવનો પ્રકાશ મંદ થતાં કિરણોથી વિશ્વ પર અંધકાર પથરાતો હોય, ત્યારે એ પથરાતી–વેરાતી તિમિરતામાં પવન, લતાને અડપલું કરવાનું ન ચૂકતો!

એવીજ એક મનોરમ્ય સાંજે જ્યારે પવન અને લતા પરસ્પરની પ્રેમ–મસ્તીમાં મશગુલ હતાં ત્યારે, એજ આરસ પથ્થરની સું-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળી બેઠક પર એક બાવીસ વર્ષનો નવયુવાન એક નાનકડું પુસ્તક વાંચતો બેઠો હતો.

બાવીસ વર્ષના એ યુવાનની રગેરગમાંથી જેમ યૌવન નીતરતું હતું, એમ એના રોમેરોમમાંથી શ્રીમંતાઇ ડોકિયાં કરતી હતી. એના વદનપ્રદેશ પર શ્રીમંતાઇની પ્રતિભા હતી! એના અંગ પર શ્રીમંતવર્ગ પહેરી શકે એવાં વસ્ત્રો અને આભૂષણો હતાં. અને કંઇક મંદ અને કંઇક સ્વાભિમાન એ બન્નેની મિશ્રિત રેખાઓ એના ગૌર વદનપ્રદેશ પર સ્પષ્ટ વાંચી શકાતી.

એના પિતા કાપડના વેપારી હતા. માનચેસ્ટરના સારામાં સારા કાપડથી જાપાનના સોંઘા નકલી હલકામાં હલકા કાપડનો શંભુમેળો એમની દુકાને થતો. કાપડની દુકાનનું એ બીઝનેસ તો ત્રણ પેઢી થયાં ચાલ્યું આવતું હતું અને આજે ૬૦ વર્ષના લાંબા સમય પછી, બનારસમાં એ દુકાન કાપડની દુકાનોમાં મોખરે હતી. આખા યે બનારસમાં બનારસી સાડીથી માંડી, દેશ-વિદેશની બધી વસ્તુઓ એમને ત્યાં મળતી. સારૂં યે બનારસ શહેર વીંધી તમે અમુક કાપડ ન મેળવી શકો ત્યારે તમારે યદુનન્દન શેઠની દુકાને જવુંજ રહ્યું અને યદુનન્દન શેઠની દુકાન એટલે કયા પ્રકારનું કાપડ ન મળે એ પ્રશ્ન!

એ યદુનન્દન શેઠના એકના એક ફરજંદ બાવીસ વર્ષના રજનીકાન્તની આંખ સામે હમેશાં માત્ર શ્રીમંતાઈજ તરવરતી!

હંમેશ મોટરમાં આવવું અને જવું, સારાં વસ્ત્રો પહેરવાં અને મિષ્ટ ભોજનો લેવાં, મેજીસ્ટ્રેટ કે કલેક્ટરના પુત્રો સાથે મૈત્રી રાખવી—એવા શ્રીમંતાઇથી છલકાતા વાતાવરણમાં ગરીબાઇ અને કંગાલિયત શી ચીજ છે એ રજનીએ સ્વપ્નામાં પણ નહોતું સાંભળેલું! આખી યે દુનિયા શ્રીમંત છે. બધાંને, પોતાના સરિખા બાગ બંગલા અને ફરનીચર છે, વાડી-વજીફા અને ગાડીઓ છે, એમજ એની સામાન્ય માન્યતા હતી. એમાં કેટલું સત્ય છે, એ સમજવાની પણ એને આવશ્યકતા નહોતી સમજાઈ. શ્રીમંતવર્ગ બહુધા એવુંજ પસંદ કરે છે.

બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં એ 'મેડીકલ લાઇન'નો અભ્યાસ કરતો હતો. એ લાઇનનું એનું પ્રથમજ વર્ષ હતું. અભ્યાસમાં એ બીજા શ્રીમંતોના ફરજંદ જેવો બેદરકાર ન હતો; એ એના શ્રીમંત જીવનની વિશિષ્ટતા હતી!

આખાયે દિવસભરના અભ્યાસ પછી સાંજના એ આ વિહાર-ઉપવનમાં ટહેલવા નીકળ્યો હતો, એનું મુખ્ય કારણ એ હતું કે એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શહેરના નિવાસગૃહે લઇ જવા આવતી મોટર હજુ આવી ન હતી.

બે, પાંચ, સાત, દસ પળ વીતી. કાંડા પરના નાજુક સુવર્ણ-ઘટિકાયંત્ર પર એણે દષ્ટિ ફેરવી. યંત્ર એનું નિત્યકાર્ય હંમેશની ઝડપે કરી રહ્યું હતું.

" કંઇ નહિ, હમણાં આવશે " એણે આશ્વાસન મેળવ્યું અને આરસ પથ્થર પર બેઠક લીધી.

બેએક પળ એ શૂન્યવત્ બેસી રહ્યો. પછી એકાએક એણે હાથમાંના પુસ્તકનું પાનું ઉઘાડયું અને એકજ પળમાં તો એની આંખો એમાં પરોવાઇ.

" ભાઇ ! પ્રભુને નામે બે પૈસા આપશો ? "

રજનીના કર્ણપ્રદેશને, કરુણ ભાષામાં ઉચ્ચારાયેલા ઉપર્યુક્ત શબ્દો સ્પર્શ્યા.

પુસ્તકમાંથી જ્યારે એણે એની એકમાં શ્રીમંતાઇ અને બીજીમાં મદથી છલકાતી આંખો બહાર કાઢી, ત્યારે એની દષ્ટિ સમક્ષ એક જીવતું જાગતું હાડપંજર એણે નિહાળ્યું.

હાડકાંના માત્ર જીવતા માળખા પર મેલાં, ગંદાં ફાટયાંતૂટયાં વસ્ત્રો એ બિહામણા સ્વરૂપ પર અમુક અંશે પડદો પાડતાં હતાં. એના વદન પર પ્રતિભા નહોતી ! આંખોમાં તેજ નહોતું ! શરીરમાં રક્ત કે પગમાં સ્ફૂર્તિ નહોતી ! !

આખાયે અંગમાં ગરીબાઇ અને કંગાલીઅત અણુએ અણુમાં ઉભરાતાં હતાં. માનવતાના કો ખંડીએર સમો એ કૃશ દેહ નવી આંખને ધ્રુજારી દે તેવો હતો.

રજની આ દશ્ય નિહાળી ધ્રૂજી ઉઠયો. એને પ્રશ્ન થયોઃ "આ તે ભૂત કે માનવ ? "

" બે દિવસથી રોટલાનો ટુકડો યે મળ્યો નથી. ભાઇ ! માત્ર બે પૈસા આપશો ? પ્રભુ તમારૂં ભલું કરશે ! "

" અને એ કંગાલ ભિખારીની આંખમાં આંસુ સમું કંઇક દેખાયું. કોઇ ભર્યા સાગરમાં માછલી જળક્રીડા કરે એમ એની આંખો-માં કાળી કીકી રમતી દેખાઇ !

" ભાઈ ! તું કોણ છે ? "

" ભિખારી છું— "

" તારાં કોઇ સગાં–સંબંધી છે ? "

" હતાં, મરી ગયાં— "

" અને હવે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું ટુકડા રોટલા માટે ભીખ માગી જીવું છું."

"શા માટે?"

"પેટ ભરવા—"

પેટ ભરવાનો પ્રશ્ન આટલો મહત્ત્વનો હશે એ વસ્તુનો સાક્ષાત્કાર રજનીને એ પળેજ થયો! એને આશ્ચર્ય થયું!

"તે તારી પાસે એક પૈસો પણ નથી? આવાં ગંદાં ફાટેલાં કપડાં તું કેમ પહેરે છે?" એણે સાશ્ચર્ય પ્રશ્ન કર્યો.

"આટલાં કપડાં એ પણ કિંમતી છે! અમારા જેવાઓને પૂરતાં કપડાંયે પહેરવા ન મળે, અને ખાવા રોટલોયે ન મળે એવાં તોફાન આજે મૂડીવાદીઓનાં છે."

"તેં શું કહ્યું? હું ન સમજ્યો!"

"તમે ક્યાંથી સમજો ભાઇ! હું ભૂખથી મરી રહ્યો છું. મને બે પૈસા આપો તો પ્રભુનો પાડ!"

"લે આ પૈસા, પરંતુ હવે તું શું કરીશ?"

"હું નોકરી મેળવી લઇશ!"

"ઠીક છે, પરંતુ તારૂં નામ શું તે તો કહે?"

"મારા સરખા કંગાલનું નામ જાણવાથી તમને શો લાભ?"

"હું તને મદદ કરી શકું."

"મારૂં નામ મજૂર!"

"તું મજૂર છે?"

"હા."

"મજૂરો તો રાષ્ટ્ર-અભ્યુદયના વિધાતા છે, દેશના ઉન્નત વ્યાપારનું મૂળ છે! એમનાં જીવન આટલાં કંગાળ?" એને પ્રશ્ન થયો.

"હું રજા લઉં. મારે આજે બે દિવસની ભૂખ ભાગવી છે."

"ભલે! જા તું! પરંતુ જરૂર પડયે મને જરૂર મળજે. મારૂં નામ રજની, લે આ કાર્ડ."

રજનીએ ખિસ્સામાંથી કાર્ડ કાઢી મજૂરના હાથમાં એના નામનું એક કાર્ડ મૂકયું. મજૂરે કંપતે હાથે એ ઉપાડયું અને આમથી તેમ ફેરવી એને ઉંધું રાખી એ પળવાર નિહાળી રહ્યો.

અને પછી એ હસીને રવાના થયો. રજની એ હાસ્યનો અર્થ ન સમજી શકયો!

* * * *

"શાંતિ વિલા"ના એક ભવ્ય પ્રાસાદની એક અટારીએ, એક મખમલથી ભરેલી ગાદીવાળી આરામખુરશી પર રજની ગઇ કાલના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મજૂર'ના મિલનના પ્રસંગ પર વિચારણા ચલાવતો બેઠો હતો.

જેના રક્તઝરતા પરિશ્રમ પર લાખ્ખો અને કરોડોની મિલ્કત મેળવનારા મૂડીવાદીઓજ મજૂરોનાં આવાં કંગાલ અને ગરીબ જીવન ઇચ્છે છે? જેને ખાતર તેઓ પોતાના દેહને નીચોવી નીચોવીને, પોતાનાં શરીરો હાડપિંજર સમાં બનાવી દે છે એજ શ્રીમંતો તેઓને પૂરતાં કપડાં કે પૂરો રોટલો યે આપવાની ના પાડે છે!!

આટલી કંગાલીઅત! આટલી ગરીબી! આટલી સહનશક્તિ! અને એનું પરિણામ?

આ બધુંયે શા માટે? કરોડોના આવા, આટલા કંગાલ અને આંખમાંથી આંસુ પડે એવા દુઃખી, દર્દભર્યાં જીવન પાછળ શું છે? કરોડોની આવી લૂંટાતી જીંદગી સામે કયાં થવાય છે? કંગાળોના પશુ સરખા જીવનની આવી ક્રૂર મશ્કરી પાછળ શું છુપાયું છે?

હજારો બલ્કે લાખો કે કરોડોના આવા સળગતા જીવન પાછળ મૂડીવાદીઓની 'લક્ષ્મીપિપાસા' ની ભઠ્ઠી જોશભેર સળગી રહી છે!

અને લક્ષાધિપતિ બનવાની કાતિલ લાલસા યજ્ઞની વેદી પર કરોડો માનવજીવોને હોમવામાં આવે છે!

એ સળગતી, મૃત્યુને નોતરતી ચિતા પર શેકાઇ શેકાઇને શોષાઇ જતા મજૂરોની માનવતા, કો રહ્યાં સહ્યાં ખંડીએરો સમી, જીવતાં હાડપિંજર સમી, માત્ર રહે છે. એ બધીએ કંગાલ કામદારના કરુણ જીવનની ગાથા બિચારા રજનીના કોમળ કાને કયાંથી સ્પર્શી હોય?

ભૂં......ભૂં......ભૂં......

રજની સ્વસ્થ થયો, એણે એના વાળપર એક આછો હાથ ફેરવ્યો. બારીએથી પવનનો સૂસવાટો આવ્યો અને વાળની લટો વીખરાઇ.

એ ઉભો થયો. એ આખો ને આખો સમાઇ જાય એવા એક સામેના આયનામાં એની પ્રતિકૃતિ પડી. એણે દાંતિયા વડે વાળને બરાબર કર્યા. નાનો સફેદ રૂમાલ એણે એના વદન પર ફેરવ્યો અને પુનઃ એ એની જગ્યાએ જઇ બેઠો.

આખોયે ખંડ કો શ્રીમંતના દિવાનખાના સમો ઓપતો હતો! મખમલની ગાદીભરી ડઝનેક ખુરશીઓ, અરધોક ડઝન એવાજ કોચ અને આરામખુરશીઓ, ટીપોય અને બીજાં ગોળ ટેબલોઃ એ ઉપરાંત વીજળીની બત્તીઓ, પંખા, બે મોટા આયનાઓ વગેરે બધું છેલ્લી ઢબનું ફરનીચર વ્યવસ્થિત ગોઠવેલું હતું.

એકાદ પળ વીતી અને સીડીનાં પગથિયાં પર 'ધબ ધબ' અવાજ સંભળાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને રજની વધારે સ્વસ્થ થયો!

"રજનીભાઇ! અમારી સાથે આવશો?"

આંખના પલકારામાં રજનીની સમક્ષ બે બાળાઓ ઉપસ્થિત થઇ.

સોળ વર્ષની એક ખીલતી કળી સમી બાળાએ ઉપર્યુક્ત શબ્દો ઉચ્ચાર્યા. એનું નામ સુધા હતું. રજનીની એ ફોઇની દીકરી હતી.

અને બીજીનું નામ ઇંદિરા હતું. એ બરાબર સુધાની વયની હતી. કિંમતી આભૂષણો અને રેશમી વસ્ત્રોથી લચી પડતી એની ઉજળી કાયા એની શ્રીમંતાઇનો લાક્ષણિક ખ્યાલ આપતી હતી!

રજની પ્રતિ એણે એક મીટ માંડી. એમાં પ્રેમનું મિલન થયું. રજનીની અને એની આંખો મળી, નયનો હસ્યાં!

આંખના પલકારામાં એ બન્યું અને રજની સ્વસ્થ થયો.

"શીદ જવું છે સુધા બહેન?"

"ઇંદીરા બહેનનો ખૂબ આગ્રહ છે, એટલે આજે તો એમની મિલ જોઇ આવીએ."

"મિલમાં જવું છે?"

"હા..."

"કેમ આવશો?" આછું પણ મધુરૂં હસીને ઇંદીરાએ વચ્ચે પ્રશ્ન કર્યો.

"ના કહેવાશે?" પ્રશ્નના પ્રત્યુત્તરમાં રજનીએ પ્રતિપ્રશ્ન કર્યો. બન્નેની મંજુલ ભાષામાંથી પ્રેમનું અમૃત નીતરતું હતું!

"તો ચાલો, અમે તૈયાર છીએ."

"તમે બેસો. હું કપડાં બદલીને આવું છું. સુધા બહેન! તારે પણ કપડાં બદલવાં હશે?"

"હા, હું નીચે જાઉં છું."

"ત્યારે હું?" ઇંદીરાએ પોતે એકલી પડી સમજી પ્રશ્ન કર્યો.

સુધાએ ભાઇની સામે મીટ માંડી. એમાં એણે કંઇક વાંચ્યું ને એ બોલી ઉઠી:

"ઇન્દીરા બહેન! તમે અહીંજ કોચ પર બેસો ને? ભાઇ બીજા ખંડમાં કપડાં બદલવા જવાના છે અને હું હમણાંજ નીચેથી આવું છું."

ઇંદીરાને એ ગમ્યું કે નહિ એની કશીયે દરકાર કર્યા વગર સુધા ઝડપથી સીડી ઉતરી ગઇ.

ઇંદીરા અને રજનીની આંખો મળી. બંનેના વદન ઉપર સ્મિત ફરક્યું. બંને મૌન રહ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છેલ્લી છેલ્લી પણ એક પ્રેમભરી નજર નાખીને રજની બાજુના ખંડમાં ગયો, ઇન્દીરાને એ ન ગમ્યું હોય એવા ભાવે કોચ પર એણે પડતું મૂકયું અને એ ખંડના પ્રવેશદ્વાર પ્રતિ છાની મીટ માંડી એ બેસી રહી.

"હું તૈયાર છું" સુધા વહેલી ઉપર આવી.

"જરા મોડી તૈયાર થઇ આવી હત તો ?" ઈંદીરાને હોઠે એ શબ્દો આવ્યા. સુધાનું એ આગમન એને ન ગમ્યું.

"હું પણ તૈયાર છું, ચાલો !"

જતાં જતાં પણ રજનીએ પોતાની પ્રતિમાને આયનામાં નીરખી લીધી. ઇન્દીરા અને સુધા હસી પડયાં !

"બહુ રૂપાળા લાગો છો, હો રજનીભાઇ !"

સુધાથી બોલાઇ જવાયું. રજનીને એ ન ગમ્યું. ઈંદીરા પોતાની ભાવિ 'સ્નેહરાજ્ઞી' સામે સુધાની આ વહાલસોયી હાંસી એને ન રૂચી ! એણે કડવું પીધા જેવું મોં કર્યું ! બીજો કોઇ પ્રસંગ હોત તો સુધાના એ વાકયને એણે વધાવી લીધું હોત !

સીડી ઉતરી ત્રણે નીચે આવ્યાં, શોફરે મોટરનું દ્વાર ખોલ્યું. સુધા, ઇન્દીરા અને રજની ત્રણે સાથે બેઠાં. સુધા વચમાં બેઠી અને મોટર ઉપડી.

* * * *

"બનારસ કોટન મિલ્સ" ના પ્રવેશદ્વાર સમીપ જયારે ઇંદીરા, રજની અને સુધાને લઇ આવતી મોટર અટકી ત્યારે આખીયે મિલનાં મશીનોના ગડગડાટનો કર્કશ સ્વર બધાંને કાને અથડાયો.

"આટલો બધો અવાજ ?" રજની બોલી ઉઠયો.

"હજુ તો અંદર જવું બાકી છે" ઈંદીરા બોલી.

મિલનાં લોખંડી ફાટક ઉઘડયાં અને મોટર અંદર પ્રવેશી. મિલ-મેનેજર મિ. પેસ્તનજી આવતી મોટરને આવકાર આપવા ઓફિસનાં પગથિયાં પાસે આવી ઉભા.

"ઓહો ! ઇંદીરા બહેન !" નાના ટાલવાળા મસ્તક પર હાથ ફેરવતાં ફેરવતાં એ બોલ્યા અને શેકહેન્ડ કર્યા.

"આવો ભાઈ ! આવો બહેન !" એમ કહી એણે રજની અને સુધાને આવકાર આપ્યો.

માત્ર એક પળ વીતી.

"અકસ્માત ! પેસ્તનજી સાહેબ ! પેલા પ્રેસ પર આજે એમ્પ્લો-ય કરેલા મજૂરનો પગ આવી ગયો છે." એકજ શ્વાસે દોડતા આવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરે એકજ અવાજે ઉપલા શબ્દો પેસ્તનજીને કહી સંભળાવ્યા. રજનીએ એની બાવીસ વરસની જીંદગીમાં એ બીજું હાડપિંજર નિહાળ્યું. એના વદનપર વિષાદ અને દુઃખની રેખાઓ એ વાંચી શક્યો.

"અકસ્માત્ ?" ટેબલ પર પડેલા કાચના "પેપરવેઇટ" ને ઉંચકી અને પછી પછાડીને, પેસ્તનજી સાહેબ ખુરશી પરથી કૂદ્યા ! અને માત્ર એટલાજ પરિશ્રમ પાછળ એમના ભાલપ્રદેશ પર પ્રસ્વેદ-નાં બિન્દુઓ પથરાયાં.

"તમે બેસો, હું આવું છું" ટેબલ પર પડેલા રૂમાલ વડે એ પ્રસ્વેદબિન્દુઓ લૂછીને એઓ એકદમ મિલ તરફ દોડયા.

રજનીને જિજ્ઞાસા જાગી.

"અકસ્માત્ ? શો અકસ્માત હશે ?" ઇન્દીરાને એણે પ્રશ્ન કર્યો.

"આપણે જઇશું ? મારે જોવું છેઃ શો અકસ્માત છે ?" રજનીએ હસીને પૂછ્યું.

રજનીને રિઝવવા ઇન્દીરાએ એમાં સહાનુભૂતિ દર્શાવી.

અને રજની, ઈંદીરા અને સુધા ત્રણે ચાલ્યાં.

કાળા લોઢાના એક મશીનના બરાબર બે ભાગ વચ્ચે એક મજૂરનો પગ આવી ગયો છે. મજૂર પગની થતી ભીંસથી કાળી ચીસો પાડી રહ્યો છે. પગમાંથી રક્તની સેરો ફૂટી રહી છે ! આસપાસ માણસોનું ટોળું ઉભરાયું છે.

"મિ. વાડિયા ! મારો અભિપ્રાય છે કે મિલ આપણે આ પળે બંધ કરીએ. પછી..." પેસ્તનજીએ પ્રસ્તાવ મૂક્યો.

"હા, મિ. પેસ્તનજી ! મારો પણ એજ અભિપ્રાય છે." હંમે-શાં મેનેજરના પ્રસ્તાવને અનુકૂળ થવાનું શીખેલા મિ. વાડીયા ઇન્જી-નીઅરે અંગ્રેજી ભાષામાં એમની સંમતિ દર્શાવી.

અને મિલ બંધ કરવાનો હુકમ દેવાયો; ત્યારે બનારસ કોટન મિલનું ભૂંગળું કર્કશ સ્વરે ગર્જી ઉઠયું. એક પછી એક જીવતાં જાગ-તાં હાડપિંજરો, હાડકાનાં માળખાંઓ, કો કરાળ દેવના પંજામાંથી જીવતાં જાગતાં છૂટતાં હોય એમ નાસવા લાગ્યાં.

પાંચેક પળ પહેલાં કર્કશ સ્વરે, કાનના પડદા ચીરી નાખે એવા અવાજે ગાજતી મિલમાં શ્મશાનવત્ શાંતિ પથરાઇ. કોઈ પ્રેતભૂમિ સમા એ મિલનું મકાન સાવ સુમસામ બન્યું ! જીવન હાડપિંજરો-ની દેહ-વેદી પર ઉજવાતાં તાંડવ-નૃત્ય તદ્દન બંધ થયાં, ત્યારે મિ. પેસ્તનજીએ એક કાળો હુકમ આપ્યો:

"ચલાવો મશીન ! પગ કાપી નાખો !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કોઈ રાક્ષસી પ્રચંડ કાયા સમું મશીન કોઈ અદષ્ટ બળે ચાલ્યું. કામદારના પગને ચીરીને-વીંધીને-એ બેસી ગયું. કામદારની કાળી, કારમી ચીસ દૂર દૂર કો આર્દ્ર સમી સારાયે વાતાવરણમાં ધ્રૂજારી આપતી જતી રહી. આખીયે મિલમાં એનોજ કાતિલ પ્રતિધ્વનિ ગર્જી રહ્યો.

બે પાંચ પાસે ઉભેલા દમિયલ મજૂરોની આંખે અંધારાં આવ્યાં. રજની બેશુદ્ધ થયો. સુધાએ આંખ આડે હાથ દીધા.

ત્યારે ઇન્દીરા, પેસ્તનજી અને મિ. વાડિયા ખડખડાટ હસતાં ઉભાં રહ્યાં.

"એક્સીડન્ટ રિપોર્ટ ઘડી કાઢો. આ કાનાની, પાંચાની ને મોહનની સહીઓ લઇ લ્યો. મજૂર પોતે પોતાનીજ ભૂલથી મશીનમાં આવી મરી ગયો છે એવો ઢોલ પીટાવો, મી. વાડિયા! ચાલો, તમે આ જલદી કરો!"

બધુંયે વિધિસર ભજવાયું. પેટના માર્યા મજુરોએ એમાં સાક્ષી તરીકેની ધ્રૂજતે હૈયે સહીઓ કરી. મિ. વાડિયા મિલના ઈજીનીયર એક્સીડન્ટના ટાઇમે સદરહુ સ્થળે હાજર હતા અને "કારીગરની પોતાની બેદરકારીથી અકસ્માત બનવા પામ્યો છે" એવી રિમાર્ક કરી. પેસ્તનજી મેનેજરે એના પર મતું માર્યું.

આ બધુંયે જ્યારે હંમેશની વિધિ મુજબ સમાપ્ત થયું ત્યારે રજનીને શુદ્ધિ આવી. એની આંખ સમક્ષ એણે ગઇ કાલેજ નિહાળેલા જીવતાજાગતા હાડપિંજર મજૂરનું મૃત હાડપિંજર-શબ નિહાળ્યું. 'ઓહ મજૂર! તું?' એનાથી આવેશમાં બોલાઈ જવાયું અને એ શબને ભેટવા દોડયો. મિ. પેસ્તનજી અને મિ. વાડીઆએ તેને તેમ કરતાં અટકાવ્યો.

"મિ. પેસ્તનજી! આ રીતે આ માણસનો જાન લેવાનું કંઇ પ્રયોજન?"

"કાપડની દુકાન ચલાવનારના દીકરાને એની કલ્પનાયે ન હોય, ભાઇ!" મી. પેસ્તનજી મૂછમાં હસ્યા.

અને આ બન્ને બુઝર્ગ માનવીઓનું વર્તન રજનીને વિચિત્ર ભાસ્યું.

"હું સમજી શકું?" રજનીએ વિનમ્રભાવે પ્રશ્ન રજુ કર્યો.

"જુઓ મિસ્તર, એમાં વાત એમ હતી કે આ મશીન ભાંગી ગયું હતું. એ ઉપરાંત એને ખોલી નાખી આ માણસને બચાવીએ તોપણ એ બચે એમ ન હતું; અને મશીન ખોલતાં અને પાછું ફીટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં અમને ખૂબ નુકસાની ઉભી થવા સરખું હતું. એટલે નિરૂપાયે અમારે આ આખર ઉપાય લેવો પડયો."

કેટલા વરસનો મિલ-મેનેજર તરીકેનો પોતાનો અનુભવ ઠલવતા હોય એવી ઢબે એમણે ડહાપણભરી ભાષામાં એક હાથમાં ચશ્મા રાખી એના કાચને રૂમાલ વડે સાફ કરતાં કહ્યું.

"આટલી નિર્દયતા ?" રજની બોલી ઉઠયો.

"તમે એ ન સમજો ભાઈ! એને માટે તમારે ખૂબ રાહ જોવી પડશે !" પેસ્તનજી હસતાં હસતાં બોલ્યા.

"તમે એક નિર્દોષ માણસનું ખૂન કર્યું છે."

"હા હા, કર્યું છે." મિ. પેસ્તનજી સહેજ ગરમ બન્યા.

"એવાં ખૂનો તો અહીં હમેશાં થાય છે!" બેદરકારીભર્યું હાસ્ય વેરતા મી. વાડિયા બોલી ઉઠયા.

"આ પાંચ વરસના પોરિયાને એ કંઇથી માલૂમ હોય ?" મિ. પેસ્તનજી એમની પારસી ભાષામાં કાલું કાલું બોલી ઉઠયા.

"આ માણસ હજુ તો ગઈ કાલેજ મારી પાસે ભીખ માંગવા આવેલો. આજે એ જ માણસનું હું અકાળ મૃત્યુ મારી આંખ સમક્ષ નિહાળું છું. હાય વિધિ!" રજની સ્વગત બોલ્યો.

અને એ ચાલી નીકળ્યો. મોટરમાં એ શૂન્યવત બેસી રહ્યો. રજનીનો ક્રોધ સમજી સુધા કે ઇંદીરા કોઈએ કશું બોલવાની હિંમત દાખવી નહિ!

* * *

બીજા જ દિવસથી એના જીવનમાં પરિવર્તન થયું. 'બનારસ કામદાર સંઘ' નામક એક મજૂર સંસ્થાની એણે સ્થાપના કરી અને કોલેજ છોડી.

આંગણે આંગણે ઉજવાતી મજુરોની આવી નિર્દોષ કત્લ સામે એણે મજબૂત પોકાર ઉઠાવ્યો. મજૂરોમાં ખૂબ જાગૃતિ આણી-એણે એમના જીવનનો ઉત્કર્ષ સાધવા પ્રચંડ પ્રયાસ આદર્યા.

મજૂરોનાં બાળકો માટે કેળવણી સંસ્થાઓ, રહેવા માટે સારાં મકાનો, તેમજ પેટપૂરતી રોજી વગેરે માટે ઘટતા પ્રયાસો કર્યા. એમાં એણે ખૂબ સફળતા મેળવી!

અને એ જ રજની હવે મોટરમાં નથી બેસતો! પગે ચાલીને એ મજૂરોની ચાલીઓ જોવા કે એમનાં બાળકોને કેળવણી આપતી સંસ્થાઓ તપાસવા નીકળી પડે છે!

કામદારોનું નવીન જીવન તેણે ઘડયું છે. કામદારોનો તે 'પ્રાણ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્યો છે.

એના પિતા તરફથી એને સર્વ પ્રકારની ફુરસદ મળી છે. એણે એનો સહર્ષ ત્યાગ કર્યો છે.

ખાદીની ધોળી કફની, જાડું પાણકોરાનું ધોતિયું અને માથે સાદી ટોપી, માત્ર એવાંજ ગરીબ વસ્ત્રો એ પરિધાન કરે છે! હંમેશનો સાદો ખોરાક અને જીવનમાં બનતી સાદાઇ ઉપરાંત કામદારવર્ગની જ્વલંત જીવનસેવા એ બધુંયે એના જીવનનું આદર્શ ધ્યેય થઈ પડયું છે!

મૂડીવાદીઓનો એ કટ્ટો દુશ્મન બન્યો છે; કંગાલ કામદારવર્ગનો એ આત્મા બન્યો છે!

અને રજનીના આવા 'સ્વચ્છંદી' પરિવર્તન પછી ઇંદીરાએ રજનીના સ્નેહને અવરોધીને અન્ય શ્રીમંત યુવક સાથે લગ્ન કર્યાં છે. એ બન્યા પછી રજનીએ આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી છે!

અને એમ રજનીનું પરિવર્તન પામતું જીવન કંગાલોના ઉત્કર્ષપંથે રહ્યું સહ્યું આયુષ્ય પૂરું થતાં સુધી વહ્યું જાય છે.

આજે તો આ રજની સરીખા શ્રીમંત કુટુંબોના યુવાનો જોઇએ છીએ! એ યુવાનો પરજ આ કંગાલ દેશનો ઉત્કર્ષ અવલંબે છે એ કોઇ ન ભૂલે.

(માર્ચ–૧૯૩૪ના "નવચેતન"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२८–हाजरीकारकुन

(લેખકઃ–શ્રી. કેશવલાલ મ. દવે)

(૧)

"ડાહ્યા પુના."

"હાજર."

"વેલા નાથા."

"હાજર."

"હરજી વીરા."

"હાજર."

એક નાનાશા ટેબલ પર હાજરીપત્રક ગોઠવી એક હાજરીકારકુન દરબારના ખર્ચે તૈયાર થતા શિકારાશ્રમના મજૂરોની હાજરી લઇ રહ્યો હતો. તે સ્વભાવે શાંત અને ભાવનાશાળી હતો. ઇન્જિનિયરિંગ ઑફિસમાં અઢાર રૂપિયાના પગારથી કારકુન તરીકે નિમાયે આજે તેને વીસ વર્ષ થયાં હતાં છતાં એની કારકીર્દિ દરમિયાન તેણે એક પણ મજૂરનું દનૈયું કાપ્યું ન હતું. અપ્રતિમ બંધુભાવ માટે એ ખાતાના વર્તુલમાં તેનું નામ ખૂબજ મશહૂર હતું. તે એમજ માનતો કે ખુરશી ઉપર બેસી કલમના ગોદા મારતા ખાતાના કારકુનો કરતાં મજૂરવર્ગ દરબારને વધારે ઉપયોગી વર્ગ હતો. દરેક ખાતામાં કારકુનોને હક્કની રજા મળે છે તો કામદાર વર્ગ જે વધારે શ્રમ લે છે તેને હક્કની રજા શા માટે નહિ? કામદારો કરતાં કારકુનોને ઉંચા લેખવાનો દુનિયાનો શિરસ્તો તેને મંજૂર ન હતો. આ તેના ભાવનાશાળી સ્વભાવના તર્કને–ટેકને એ ખૂબજ મક્કમતાથી વળગી રહ્યો હતો.

"પ્રેમજી હરજી." હાજરી કારકુન કૃપાપ્રસાદે અધુરી હાજરી પૂરવી શરૂ કરી.

"જી, હા...જ...ર." એક વૃદ્ધના કંપતા ઓષ્ટમાંથી અવાજ આવ્યો. કૃપાપ્રસાદની નજર એ વૃદ્ધના તરફ ફેરવાઇ.

"પ્રેમજીભાઇ! કેમ છે તબિયત? હવે તો સારૂં રહે છે ના!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમજીને 'પ્રેમો' કહેવા હજુ તેની જીભ નહોતી કેળવાઇ.

"અઢાર જમણથી લાગલાગટ તાવ આવે છે, ઉતરતોજ નથી. કામે આવવાની તાકાત તો નો'તી પણ કેમ કરૂં ? ન આવું તો સવાર પડયે પેટને શું જવાબ આપું ? દિકરા દિકરી અને વહુ એ બધાંનું શું થાય ?"

પ્રેમજીએ પોતાની સ્થિતિનો પ્રસ્તાવ રજુ કરી દીધો.

"પ્રેમજીભાઇ ! તમારે કંઇ ચિંતા ન રાખવી. મેં તમારા અઢારે રોજની હાજરી પૂરી છે." કૃપાપ્રસાદે કહ્યું.

ડોસાના ચહેરા ઉપર હર્ષની છોળ ચમકી ને વિલીન થઇ ગઇ.

"હાજરી પૂરી છે એ તમારી મહેરબાની, પણ અણહક્કના પૈસા...... .."

"અણહક્કના શા માટે સમજો છો ? ત્રણસો ને પાંસઠ દિવસ દરબારને માટે મજૂરી કરી તૂટી મરો છો તો તમારી આવી સ્થિતિ આટલા સૌજન્યની આશા ન રાખે ?" કૃપાપ્રસાદની ન્યાયવૃત્તિ ઉછળી.

"કરપાપરસાદભાઇ, કોઇ દિવસ તમારી નોકરીને ટાંચ આવશે."

"એ ટાંચની તો હું રાહજ જોઇને બેઠો છું. નોકરી જવાનો મને ભય નથી. હું તો તમારી હાજરી પૂરવાનોજ અને પ્રેમજીભાઇ ! દવાદારૂના પૈસા ન હોય તો મને કહેજો." એ શબ્દોમાં કૃપાપ્રસાદ નામની યથાર્થતા હતી.

વૈદના પડીકાના પૈસા ચૂકાવવા હવે કોઇની પાસે લાંબો હાથ નહિ કરવો પડે એ વિચારથી તેનું હૈયું હર્ષથી ઉછળ્યું. કૃપાપ્રસાદની દયાવૃત્તિનો વિચાર કરતો પ્રેમજી ઉઠીને ઘર તરફ ચાલ્યો.

(૨)

પ્રેમજી તરફ બતાવવામાં આવેલા પક્ષપાતથી કૃપાપ્રસાદના કોઈ પ્રતિસ્પર્ધી હસમુખલાલના હૈયામાં હુતાશ સળગ્યો. જૂની વૈરવૃત્તિનો બદલો વાળવા માટે આ એક સારી તક મળી, એ વાત એક દિવસ 'ઇન્જીનીયરિંગ ઓવરસિયર' વસંતરાયના કાન સાથે અથડાઈ. વાતની ખાત્રી કરવા કહેનાર માણસને સાહેબે ખાનગીમાં પોતાની પાસે બોલાવ્યો.

"હસમુખલાલ ! મેં સાંભળ્યું છે કે કૃપાપ્રસાદ મજૂરોની હાજરીમાં કંઇ ગોટાળો કરે છે એ વાત સાચી ?" સાહેબે પૂછ્યું.

"જી હા, એવું કંઇક સંભળાય છે તો ખરૂં; લોકો કહે છે."

પોતાને માથેથી જવાબદારીનો ભાર હળવો કરતાં તેણે કહ્યું.

"તો પછી એને રજાજ મળવી જોઇએ."

પેલાના અંતરના અક્ષરો ઉકેલવાને પ્રયત્ન કરતા હોય તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેબ ઇરાદાપૂર્વક આતમગત બોલ્યા.

"અરે સાહેબ! વાત કરવામાં મારી લાયકાત નહિ. બાકી, મજૂરોના દનૈયા પૂરી દે છે એ તો ઠીક, પણ એમાંથી અર્ધોઅર્ધ હિસ્સો એ રાખે છે એમ પણ મેં સાંભળ્યું છે."

કૃપાપ્રસાદને રજા આપવાની વાતથી પેલાને વાતમાં ખૂબજ રસ આવ્યો હોય તેમ એકદમ બોલ્યેજ ગયો.

"ઠીક છે, કૃપાપ્રસાદને મારી પાસે મોકલો." સાહેબે કહ્યું.

"જી, મોકલું" કહી હસમુખલાલે શિકારી ચિત્તાની અદાથી નમન કરી રજા લીધી.

(૩)

જગતની આંખોમાં પરોપકાર વૃત્તિ પણ કેટલીક વખત સમાતી નથી. કૃપાપ્રસાદ સરખા અસરાફની માનવતાને લોકોનાં શંકાશીલ હૃદયે લુચ્ચાઇના નામે ઓળખી. પોતાને સાહેબ બોલાવે છે એ વાત સાંભળી તેના મોં ઉપર હાસ્ય ચમકી ઉઠ્યું. જે ધારેલા પરિણામની એ વર્ષોથી રાહ જોતો હતો તે દિવસ અંતે આવ્યો ખરો. તે સાહેબને નમન કરી અદબ વાળી ઉભો રહ્યો.

"કૃપાપ્રસાદ!" સાહેબે પૂછ્યું.

કૃપાપ્રસાદની ડોક સહેજ ઉંચકાઇ.

"તમારે નોકરીમાંથી રૂખસદ લેવાના દિવસો હવે પાસે આવતા લાગે છે?"

"છતાં હું માનતો હતો એટલા વહેલા તો નહિ જ." તેણે સંપૂર્ણ સ્વાસ્થ્ય અને શાન્તિ જાળવી જવાબ આપ્યો.

જવાબ આપવાની આ રીત સાહેબને કંઇક વિચિત્ર લાગી.

"કૃપાપ્રસાદ! તમે શું જવાબ આપો છો એનું કંઈ ભાન છે? કંઇ પી બીને તો નથી આવ્યા ને?"

"જી ના, મારા ઉત્તરનો પ્રત્યેક અક્ષર બહુ વિચારને પરિણામે બોલાએલો છે."

"કૃપાપ્રસાદ! કારકુની અને કવિતા એ બંને જુદીજ વસ્તુ છે. વધારે ડહાપણ રહેવા દો અને તમારા માટે ઉડતી લોકવાયકા સાચી છે કે નહિ તેનો જવાબ આપો."

"શી લોકવાયકા?"

"તમે કામ ઉપર હાજર નહિ રહેલા મજૂરોના રોજ પૂરી આપો છો……"

"એ વાત કોણ નથી જાણતું?" સાહેબને બોલતાં વચ્ચેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકાવી તેણે કહ્યું.

"અને એ પૈસામાંથી અર્ધો હિસ્સો તમે રાખો છો એ વાત સાચી ?"

"નહિ સાહેબ! આજસુધીમાં મજૂરોની પાઈ કદી લીધી નથી અને દેહમાં શ્વાસ હશે ત્યાંસુધી તો નહિજ લઉં."

"એ સફાઈ જવા દો. તમને એ રીતે મજૂરોની ખોટી હાજરી શા માટે પૂરવી પડે છે ?"

"મારી દૃષ્ટિ કામદાર–કારકુનના હકકોમાં અંતર જોતી નથી."

"એ બધી ફિલસૂફી મારે નથી સાંભળવી. હાજરી કારકુનોની સંખ્યામાંથી હું તમને ઓછા કરૂં છું–રદ કરૂં છું, જાઓ."

"મારી આટલા વર્ષની નોકરી બદલ મને મળતી બક્ષિસ હું સહર્ષ સ્વીકારૂં છું."

"જાઓ, હું એ કંઇજ સાંભળવા નથી માગતો." સાહેબનો સત્તાવાહી અવાજ ગર્જી રહ્યો.

તુરતજ કૃપાપ્રસાદે બિલકુલ બેપરવાઇથી નિશ્ચલ પગલે વિદાય લીધી.

અને માનવતાને મૂર્ખતાના નામે ઓળખનાર ઓફિસના કારકુનોના મુખ પર કોઇ રમુજી પ્રયોગ જોવા પછીનું હાસ્ય વિલસી રહ્યું.

(તા. ૪–૮–૧૯૩૫ના "નવી રોશની"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯–છેલ્લું સમર્પણ

(લેખકઃ–રા. મકનજી પરમાર)

દૃશ્ય ૧ લું

સ્થળઃ–લક્ષ્મીનગરના શ્રમજીવી શ્રેયસ્કર મંડળના મકાનનો ચોક.

સમયઃ—રાતના દશનો.

(શ્રમજીવી શ્રેયસ્કર મંડળનો યુવાન નેતા નરેંદ્ર અને અન્ય શ્રમજીવીઓ કોઇ ગંભીર વાટાઘાટ ચલાવી રહ્યા છે. નરેંદ્રના વાક્પ્રભાવથી મોરલીના નાદે નાગ ડોલે તેમ શ્રમજીવીઓ તેના સામે શ્રદ્ધાભરી આંખ માંડી રહ્યા છે. નરેંદ્રની નજર ઘડીએ ઘડીએ બારણા ઉપર જરાક ખખડાટ થતાં તે તરફ જાય છે. તેનો સદાય હસતો ચહેરો અને પ્રેમભરી આંખોમાં ઉદ્વેગ જણાય છે. કોઇ મહાનિશ્ચય કરીને બેઠો હોય તેમ વાતો બંધ થતાં તેના હોઠો એકબીજા સાથે બીડાઇ જાય છે.)

નરેંદ્ર—આજે દિનકરરાય સાથે પ્રવીણકાન્ત શેઠને છેલ્લો સંદેશ પાઠવેલ છે. બબ્બે મહિનાથી પાંચસો કામદારોની અને તેમના કુટુંબની ઉપેક્ષા કરતો એ તુમાખી શેઠ કામદારોનાં લોહીના ટીપે ટીપે તેની તીજોરી હાંફતી કરી સુખેથી નિદ્રા લે છે, જ્યારે આપણાં બાળકો દૂધના ટીપા માટે અને રોટલાના ટુકડા માટે ટળવળે છે. આ અસમાનતા નહિજ ચાલી શકે. તે સુખે નિદ્રા હવે નહિજ લઇ શકે. મારો નિશ્ચય તો એજ છે કે, હવે સ્વમાન અને શ્રમપૂરતી રોજી માટે છેવટની ઘડી સુધી લડીજ લેવું, છતાં હું તમને પૂછું છું કે તમે તે માટે તૈયાર છો ?

રાઘવ—અમારા માટે સર્વસ્વનો ભોગ આપી, ધીકતી હજારોની કમાણી છોડી, કંગાળોને ખાતર સ્વેચ્છાએ કંગાલિયત સ્વીકારનાર અમારા સાચા સહાયક, અમારા આત્મદેવ જેવા નરેંદ્રના બોલ ઉપર આ અમારાં માથાં પણ વધેરી આપવા તૈયાર છીએ. અમે વધારે કાંઈ ન સમજીએ. તમારા બોલ ને અમારૂં માથું !

નરેંદ્ર—બસ બિરાદરો ! હું તો સેવક છું. હું એટલુંજ જાણું છું કે, સ્વમાનહીણો માનવી જગતમાં જીવવા કરતાં મરવો ભલો. અલબત્ત, અન્યાયે આપણે ન વર્તવું જોઇએ. અરે, અન્યાયે વર્તનારને પણ આપણાથી બને તેટલી વખત નમ્રતાથી તેને અન્યાયનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાન કરાવવું જોઇએ, છતાં તે નજ માને તો છેવટે આપણા ભોગે પણ તેને મનાવવા પ્રયત્ન કરવો એમાં ખરી માનવતા છે. આપણી પાસે બળજોર કે પૈસો નથી, પણ આત્મા છે, સત્ય છે. એ બળની આગળ બીજાં બધાં બળ ગૌણ છે. બિરાદરો! ફરી વખત હું કહું છું કે આપવાનું કહેવું સહેલું છે. માથું આપવું બહુ અઘરૂં છે, માટે જે ભાઇ જરા ડર ખાતો હોય તે શાંતિથી જોયા કરે, અને મર્દોને રોટીની રમતર મી લેવા દે.

એકી સાથે બધા—અમો મર્દો છીએ. મરીને જીવવાનો મંત્ર આપનાર ઓ અમારી પ્રેરણામૂર્તિ! તારા પંથે તો અમે અમારાં શરીર પાથરીશું.

સ્ત્રી કામદારો—તમારા પછી અમારી શક્તિનું પણ તેને ભાન કરાવશું. પૂરતા ખોરાક વગર અમારી છાતીનાં દૂધ સુકાયા છે, અમારાં બાલુડાંઓ છતી માયે ભૂખ્યાં મરણ પામે છે. એ......એ સ્થિતિના ઉત્પાદક શ્રીમંતોને દ્વારે સ્ત્રીશક્તિના ઓઘ ઉતારશું.

નરેંદ્ર—બસ, બસ. વિરાટ જાગે છે. એને રોકવા પ્રવાણુકાન્ત તો શું પણ મહાનમાં મહાન સામ્રાજ્ય પણ શક્તિવાન નથી. સત્યના રાહે રહી લડત કરનારનો સાથી પ્રભુ છે. તે આપણામાં બળ રેડે. આપણામાં કાંઇ અસત્ય જેવું જણાય તો તે ભલે દંડ દે. બાકી, સાચને આંચ નથીજ. બંધુ! એ યાદ રાખજો કે એની પાસે સંપત્તિ છે, સત્તાધારીઓ એના સહાયક છે; જ્યારે તમારી પાસે તમારૂં શરીર છે, તમારો આત્મા છે. એક બાજુ આસુરી બળ છે, જ્યારે બીજી બાજુ આત્મબળ છે. જગતમાં છેવટે આત્મબળજ જીત્યું છે. જરા પણ ઉશ્કેરાટ, જરા પણ ક્રોધ હજી પણ કોઇનામાં હોય તો અત્યારેજ ખંખેરી નાખજો. શુદ્ધ કંચન સરીખડા બની જીવનની સુભગ ઘડી દીપાવજો. યાદ રાખજો, આવી લડત તમારી પહેલી છે, તમારા ઉપર આખા કામદાર જગતનો આધાર છે. તમે જરા પણ શેહ ખાધી તો તેજ ઘડીએ તમારા ભુક્કા બોલાવતી શ્રીમંતની ચક્કીના આરા તમારા લોહીમાં રંગાશે. પછી તમે જીવતા મર્યા જેવા રહે..."

(નરેંદ્રનું વાક્ય અધુરૂં રહે છે. ડહેલીના બાર ઉપર ટકોરા પડે છે. એક કામદાર ઉઠીને દરવાજો ઉઘાડે છે. દિનકરરાય દાખલ થાય છે.)

નરેંદ્ર—કેમ દિનકર! શા સમાચાર છે?

દિનકર—ભાઇ! અર્ધા કલાક પછી તો એમને મળવાની ફુરસદ મળી. હું દિવાનખાનામાં ગયો અને તમારો સંદેશો આપ્યો. તેમણે તે ચિઠ્ઠી અર્ધીજ વાંચીને ફેંકી દીધી. મને બેસવાનું પણ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું. પાએક કલાક હું ઉભો રહ્યો. તેઓ ટપાલ વાંચવા લાગ્યા. છેવટે તેમણે મને આપ મળી જાવ તેમ કહ્યું છે.

એકી સાથે બધા—(ક્રોધથી) નરેંદ્રભાઇ! આપણે મળવા નથી જવું. હવે તો તેની તુમાખી ક્યાં સુધી ટકે છે તે જોઇશું.

નરેંદ્ર—જુઓ, પાછા ઉશ્કેરાઇ ગયા કે? આટલી નાની બાબતમાં આમ થાય છે ત્યારે જે ઘડીએ માથાંઓ ઉપર લાઠીઓના ફટકા પડશે, ધધક...ધધક લોહીના ફુવારા છૂટશે ત્યારે તમો કેમ શાંત રહી શકશો?

કામદારો—ભાઇ! અમારી ભૂલ થઈ ગઈ. હવે આપે શો વિચાર કર્યો?

નરેંદ્ર—શાંતિની છેલ્લી તક પણ આપણે ન ગુમાવવી જોઇએ. જગત સમક્ષ તેને 'મેં તો તેમને સુલેહ માટે બોલાવેલ, પણ તેઓ આવ્યા નહિ' એમ કહેવાનો ને આપણો દોષ કાઢવાનો ખોટો આરોપ ન આવવો જોઇએ.

કામદારો—બરાબર છે, બરાબર છે. ત્યારે આપ જઇ આવો, અમે આપના આવતા સુધી અહીંજ રહીશું.

(નરેંદ્ર ઉભો થાય છે. પોતાનો શુદ્ધ ખાદીનો ઝભ્ભો પહેરી ઉપર ખાદીની શાલ વિંટાળે છે. માથે ખાદીની ટોપી નાખી પ્રવીણકાન્ત શેઠને મળવા રવાના થાય છે.)

દૃશ્ય ૨ જું

સ્થળઃ—પ્રવીણકાન્ત શેઠનું દિવાનખાનું.

સમયઃ—રાતના અગિયાર.

(પ્રવીણકાન્ત આજે સાંજનાજ આવેલ તાજું ફ્રી પ્રેસ એક કોચ ઉપર પડયો પડયો વાંચતો હોય છે. છાપામાંથી ઘડીએ ઘડીએ ડોકું કરી તે પ્રવેશદ્વાર તરફ નજર કરે છે, તે ઉપરથી તે કોઇની પ્રતીક્ષા કરતો હોય તેમ લાગે છે. છેવટે પટાવાળો દાખલ થાય છે અને સલામ ભરી એક કાર્ડ તેના હાથમાં મૂકી ઉભો રહે છે.)

પ્રવીણ—જા, તેમને અંદર મોકલ.

(પટાવાળો સલામ કરીને જાય છે. એકાદ મિનિટમાંજ પ્રભાવશાળી પગલાં ભરતો ખાદીનાં સફેદ બાસ્તા જેવાં કપડાં પહેરેલ એક યુવાન દાખલ થાય છે. તેની પ્રભાવશાળી ને સૌમ્ય મુખમુદ્રાથી અંજાઇ શેઠ ઉભા થઇ તેને આવકાર આપે છે.)

પ્રવીણ—પધારો, મી. નરેંદ્રરાય! બેસો. આપના માણસ દ્વારા આપનો સંદેશો મળેલ છે. મને લાગ્યું કે તે માટે આપનીજ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત કરવી વધારે ઉચિત છે. બોલો, આપ શું કહેવા માગો છો ?

નરેંદ્ર—પ્રવીણકાન્ત શેઠ ! અમારી માગણી તો સ્પષ્ટ છે. આપે કામદારોને, મજૂરોના પગારમાં ને રોજમાં દશ ટકા વધારો કરી આપવાનો છે.

પ્રવીણ—પણ તમે જાણો છો તેમ ગયા વર્ષે મિલને પચીસ હજારની ખોટ ગયેલ હતી, છતાં તમારી આ માગણીને તમે વાજબી ગણો છો ?

નરેંદ્ર—ગઇ વખતે પચીસ હજારની ખોટ ગયેલ હતી અને આપે કામદારોના ને મજૂરોના વેતનમાં ઘટાડો કર્યો હતો. તે ઘટેલ વેતન પ્રમાણેજ કામદારોએ અર્ધા ભૂખ્યા રહી, માથે કરજો કરીને આખું વર્ષ રાત ને દિવસ પરસેવો નિતારી કામ કર્યું. તે કામના અંગે આ વર્ષે ખોટની ભરપાઇ થતાં પચીસ હજારનો નફો મિલે કર્યો છે તે વસ્તુ અમે નહિ પણ તમારી મિલનું સરવૈયુંજ જાહેર કરે છે. હવે ખોટ જતાં આપે જેમ મજૂરી ઉપર કાપ મૂક્યો હતો તેમ લાભ થતાં એ મજૂરોના વેતનમાં વધારો કરવો એ આપની ફરજ નથી શું ?

પ્રવીણ—પણ તેના પ્રમાણમાં મારે શેરહોલ્ડરોને નફો તો વહેંચવો પડશે ને ?

નરેંદ્ર—શેર હોલ્ડરો કરતાં મજૂરો વધારે ગરીબ છે. પહેલાં એ નફા ઉપર મજૂરોનો હક્ક છે, કારણ કે તે નફો કરી આપનાર મજૂરો છે. આંખો ઉપર ચડી ગયેલ અભિમાન અને આત્મવંચનાનાં પડળ દૂર કરી અમારી માગણી તરફ સત્ય અને ન્યાયની દૃષ્ટિએ નજર કરશો તો આપ સમજી શકશો કે અમે ન્યાયી છીએ. અમારી માગણી સત્યથી જરાય વેગળી નથી.

પ્રવીણ—એ શબ્દછળ મજૂરો પાસે કરજો. હું નમ્રતાથી વાત કરૂં છું એટલે તમારે એમ નથી સમજવાનું કે હું દબાઇ ગયો છું. આ રીતે તો તમે સમાધાની નહિજ કરી શકો. મારે તમને આ એક તક આપવી હતી; છતાં હજી પણ તમારી જીદ ચાલુ રહેશે તો તેને માટે જે કાંઇ તમારે સહેવું પડશે તેના જવાબદાર તમે રહેશો. બાકી હા, હું અમુક વખત ગયે તમારી માગણી માટે વિચાર કરીશ.

નરેંદ્ર—તમે તક આપી એ બદલ આભારી થયો છું. શબ્દછળ હું શીખ્યો નથી, મને તે આવડતું નથી. અમારી કોઇ વાત છૂપી નથી. સમાધાની નહિ થઈ શકે તો અમારી સાથે પ્રભુ છે. બાકી વખત તો ઘણો ગયો. બે બે મહિનાથી રોટલીના ટુકડા માટે વલખાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારતા ગરીબોનાં ઝુંપડાં સામે એક વખત તમે જોઇ તો જાવ. તમારા હૃદયમાં જરા લાગણી હશે તો તમે અવશ્ય રડી ઉઠશો. દિન પર દિન જતાં દૂધના ટીપા કે ધાવણ વગર વલવલતાં કેટકેટલાં બાળકો મરે છે તે તો જુઓ ! હું સમાધાનીનો ભૂખ્યો છું, છતાં એ સમાધાની સ્વમાનહિણી તો નજ હોવી જોઇએ, એ પણ સાથેજ કહી દઉં છું. આપ હજી પણ વિચાર કરજો; નહિતર કાલ સાંજથી અમારી લડત શરૂ થશે.

પ્રવીણ—નરેંદ્રરાય ! હજી માની જાવ. બળીઆ સાથે બાથ ભીડવામાં સાર નથી. સત્તા આગળ શાણપણ નકામું જશે. હું તમારા માનને ખાતર પાંચ ટકા મજૂરીમાં વધારો કરીશ.

નરેંદ્ર—દશ ટકામાં એક પાઇ પણ ઓછી નહિ. મારે હવે તમને છેવટે એટલુંજ કહેવાનું છે કે સંઘબળ પાસે ગમે તેવી સત્તાને નમ્યેજ છૂટકો છે. આજ નહિ તો આવતી કાલ તેનેજ તાબે થશે.

પ્રવીણ—તો પછી હું જોઇ લઇશ. જાવ, તમારી શક્તિનાં હું પણ માપ કાઢી લઇશ. યાદ રાખજો કે, એ દુકાળીઆઓથી કાંઇ બની શકવાનું નથી.

(એટલું કહી ક્રોધથી ધ્રૂજતો પ્રવીણકાન્ત તે ખંડમાંથી ચાલ્યો ગયો. નરેંદ્ર આ અભિમાની શ્રીમંતની દયા ખાતો ઘડીભર જોઈ રહ્યો અને તુરતજ ઉઠીને પોતાના પંથે પળ્યો.)

દૃશ્ય ૩ જું

સ્થળઃ-શ્રમજીવી શ્રેયસ્કર મંડળના મકાનનો ચોક.

સમયઃ-સાંજના પાંચ.

(કામદારો કોઇની આતુરતાથી રાહ જોઈ અંદર અંદર વાતો કરતા બેઠા છે. એક પછી એક કામદારો અને કામદાર સ્ત્રીઓ આવ્યેજ જાય છે. કોઇ મહાઉત્સવ મંડાવાનો હોય તેમ દરેકના શરીર પર સ્વચ્છ કપડાં શોભી રહ્યાં છે. જુવાનીઆઓની આંખોમાં નિશ્ચય તરવરે છે, જ્યારે વૃદ્ધો આશીર્વાદ વર્ષાવતી આંખોએ તેમની સામે જોઇ રહ્યા છે. એટલામાં નરેંદ્ર, દિનકર અને બીજા પચીસેક કામદારો દાખલ થાય છે. નરેંદ્રને જોતાં આખી સભામાં કોઇ અનેરો ઉત્સાહ ફેલાઈ રહે છે. પછી બધા બેસી જાય છે. આખી સભામાં નીરવ શાંતિ પ્રસરી રહે છે. છેવટે નરેંદ્ર ઉભો થાય છે.)

નરેંદ્ર—બિરાદરો ! આપણી લડતની કૂચને હવે એક કલાક રહ્યો છે. હજી જેના હૃદયમાં જરા પણ ભીતિ હોય તે કહી દે. મરણ-જીવનના આ ખેલ બહુ મોંઘામૂલા છે. મને ખબર મળી છે તે મુજબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે કાયદાની રૂએ પોલીસોની મદદ માંગી છે. સત્તાએ એ મદદ આપવાનું મંજુર કર્યું છે. તે ઉપરાંત આજે મેઈલમાંજ બહારગામથી અઢીસો મજૂરો ઉતર્યા છે. તેઓ દ્વારા આવતી કાલે પ્રવીણકાન્ત પોતાની મિલનું કામ શરૂ કરાવવાની ઇચ્છા રાખે છે. એ બધા બળ સામે આપણે ઝઝૂમવાનું છે. મારી શ્રદ્ધા અચળ છે. વિજય આપણોજ છે, પણ એ વિજયનાં મૂલ મોંઘાં છે એ ફરી વખત યાદ આપું છું.

કામદારો—એ મૂલ ભરપાઇ કરવા અમારાં માથાં તૈયાર છે.

નરેંદ્ર—તો પછી કોની રાહ જુઓ છો ? ચાલો બંધુઓ ! આપણે આજે એકીસાથે સહભોજન કરી લઇએ. આવતી કાલે કોણ જાણે આપણે ક્યાં હોઇશું ?

(એટલુ કહી નરેંદ્રે લૂગડા ઉતાર્યાં; બધાય એ વિશાળ ચોકમાં ગોઠવાઇ ગયા. અડધા કલાકમાં આ ભોજન ઉકેલવાનું હતું. એટલે ઝડપથી થાળીઓ આવવા લાગી. છેવટે પીરસનારાઓ પણ બેસી ગયા. લગ્નોત્સવ મંડાયો હોય તેવા ઉત્સાહથી બધા જમ્યા. જમી રહ્યા કે તુરતજ નરેંદ્ર ગંભીર બની ગયો. તેણે એક દૃષ્ટિ આખા સુમુદાય ઉપર નાખી. સ્ત્રીસમુદાય જમતો હતો ત્યાંથી 'બા...બા મને રોટલી !' 'મા...મા મને ભાત !' એમ બૂમ મારતાં ભૂખ્યા ડાંસ જેવાં બાળકોની ચીસોએ એનું હૃદય હચમચાવી મૂક્યું. તેની આંખ ભીની થઈ ઉઠી. પણ બીજીજ ક્ષણે તેણે નિર્બળતાને ખંખેરી નાખી. આંખો સાફ કરી અને સ્વસ્થ થતાં બોલ્યો:)

નરેંદ્ર—બિરાદરો ! ચાલો ત્યારે હવે ડહેલા બહાર. આપણી કૂચની તૈયારી કરીએ.

(બધા કામદારો ઉભા થાય છે. રાઘવ લાલ રંગનો ઝંડો હાથમાં લે છે. ડહેલા બહાર નીકળી નરેંદ્ર ચૂંટી કાઢેલા પચીસ કામદારોને પડખે રાખી વચમાં ઉભો રહે છે. બીજા બેસી જાય છે.)

નરેંદ્ર—આપણી આખી યોજના ઘડાઇ ગઈ છે. હુંજ પહેલો આ પચીસ ભાઇઓને લઇને જાઉં છું. ત્યાર પછી મારી ગેરહાજરીમાં દિનકરરાય જે કાંઇ કહે તે પ્રમાણે સર્વે ચાલજો. અહિંસા અને સત્યને તમારો મુદ્રાલેખ માનીને વર્તજો. લ્યો ત્યારે, હવે અમે કૂચ આદરીએ છીએ.

(એ છેલ્લું વાક્ય પૂરૂં થતાંજ "નરેંદ્રરાયની જે !" "સત્યની જે"ના અવાજોથી વાતાવરણ ગાજી ઉઠયું. રાઘુ ઝંડો લઇને આગળ થયો. નરેંદ્ર તેની તેજસ્વી આંખોથી સર્વે ઉપર આશીર્વાદ વર્ષાવતો ડગ ભરવા લાગ્યો. સ્ત્રીઓનાં કોમળ હૃદયો રડી ઉઠ્યાં. પુરુષોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદય આપભોગ આપવાના ઉત્સાહથી થનગની ઉઠયાં. કેટલીએ સ્ત્રીઓ બાળકોને લઇ નરેંદ્રના આશીર્વાદ લેવા દોડી આવી. કેટલીએ કુમારિકાઓએ કુમકુમના ચાંદલા કરી ફૂલડાં વેર્યાં. દશે આંગળીઓના ટચાકરા ફોડી ઓવારણાં લીધાં. દૃશ્ય ભવ્ય હતું. આત્મસમર્પણની મહત્તાનાં અનેરાં મૂલ અંકાતાં હતાં. છેવટે, "સંતનો માંડયો છે સંગ્રામ ભૂખ્યા ભાંડરડાને કાજે"નું ગીત શરૂ થયું. કૂચ આગળ ધપી. પાછળ કામદારો અને ગામ લોકોનું જૂથ ચાલ્યું. મધ્ય ચોકમાં ઘડીભર સરઘસ અટકયું. સરઘસ ગામ વીંધી મિલની હદ પાસે આવ્યું. તે વખતે પચાસેક પોલીસો લાઠીઓ લઇને મિલની હદ રોકી ઉભેલ જણાયા. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મી. સોરાબ પણ હાજર હતા. નરેંદ્ર હદ નજીક જઇને અટકયો. બધાય ત્યાં બેઠા, દિનકરે "હજારો વર્ષની અમારી વેદનાઓ" ગાઈ બધાનાં દિલ હચમચાવી મૂકયાં. આંસુઓના ઓઘ છૂટયા. છેવટે, 'રઘુપતિ રાઘવ રાજા રામ'ની પાએક કલાક ધૂન મચાવી. અંતે નરેંદ્ર ઉઠયો.)

નરેંદ્ર—ભાઇઓ ! હવે બધાય વીખેરાઇ જાવ. તમારે જો હૃદય હોય, તમારામાં માનવતા હોય તો આ અમારી રોટીની લડત ઉપર આશીર્વાદ વર્ષાવજો. અમારા સમર્પણની કદર કરજો. અમે શાંતિ માટે બનતી મહેનત કરી છૂટયા, પણ સત્તા અને શ્રીમંતાઇને પહેલી તકે કોઇ વખત સમજણ આવી છે તે પ્રવીણકાન્ત શેઠને આવે ? હશે. અમારો રામ સાચો હશે તો અમારો સહાયક પ્રભુ થશેજ.

(એટલું કહી નરેંદ્ર તેના પચીસ સાગ્રીતો સહિત આગળ વધ્યો. માણસો જોવા માટે ઉભા રહ્યા. તેજ વખતે પાછળથી ત્રીસ ચાલીસ પોલીસો લાઠીઓ લઇને છૂટે હાથે મેદની ઉપર તૂટી પડયા. કાગારોળ થઇ રહી. કંઈકને ઇજાઓ થઇ. બીજી તરફ નરેંદ્રે મિલની હદમાં પગ મૂકયો કે તુરતજ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મી. સોરાબજી આગળ આવ્યા અને કોઇના ચાલુ ધંધામાં ડખલ ઉભી કરવાના આરોપસર તેને પકડાયેલો જાહેર કર્યો. તેજ રીતે પચીસેકને પકડી લીધા, અને ખટારામાં બેસાડી કાચી જેલમાં મોકલી આપ્યા. બીજે દિવસે ૭ વાગે બીજી ટુકડી આવી. નવા આવેલ કામદારો મિલમાં દાખલ થાય તે પહેલાં તો તેઓ રસ્તામાં ધૂન લગાવતા સૂઈ ગયા. પોલીસોએ લાઠીઓ ચલાવી, છેવટે જાહેરની શાંતિમાં દખલ કરવાના ગુન્હે તેમને પકડી લીધા. નવા કામદારોમાં હોહા હોહા થઈ રહી. 'આજે તેઓ તો કાલે આપણે,' એમ વિચારી તેઓ મિલના દરવાજેથીજ પાછા વળી ગયા. દિવસમાં ચાર ચાર ટુકડીઓનો અવિરત પ્રવાહ અને તેમનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂટતાં માથાંઓથી ગામમાં હાહાકાર બોલી ગયો. પુરુષો પૂરા થયા, એટલે સ્ત્રીઓની ટુકડીઓ ચાલી. સ્ત્રીઓની એ ટુકડીઓને મધ્ય ચોકમાંજ રોકવામાં આવી. તેમનાં બાળકોને દૂધ આપવામાં આવ્યું અને ગામના પ્રતિષ્ઠિત પાંચ ગૃહસ્થો પ્રવીણકાન્ત શેઠ પાસે પહોંચ્યા. તેમને સમજાવ્યા. બંગલામાંજ ભરાઇ બેઠેલા તેને બહાર લાવી કરુણ દૃશ્ય બતાવ્યું; છતાં હજી તેની તુમાખી અવિચળ રહી. છેવટે ગામે તેનો સામાજિક બહિષ્કાર પોકાર્યો. કામદારોનાં સ્ત્રીબાળકો પૂરાં થયાં એટલે ગામમાંથી યુવાનો નીકળ્યા. એ યુવાનોનો આગેવાન પ્રવીણકાન્તનો પુત્ર વિનોદકાન્ત થયો. મિલ પાસે જઇ યુવાનોને આદેશ આપતાં તે બોલ્યો.)

વિનોદ—આજનો યુવાન આ તુમાખી, આ અસમાનતા નહિ સહે. ભલે પછી પિતા હોય, માતા હોય, ભાઇ હોય કે સ્વજન હોય. યુવાનની ફરજ એ સઘળાથી શ્રેષ્ઠ છે. આર્ય સંસ્કૃતિ પુત્રને પિતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનું સૂચવે છે. આજે આઠ દહાડાની રાતદિવસની વિચારણા પછી મને લાગ્યું છે કે, હું લોહીના કોળિયા ભરૂં છું. પિતાને સમજાવ્યા પણ તે ન માન્યા. છેવટે મારી ફરજ, મારો ધર્મ મને સમર્પણનો રાહ સૂચવે છે. બિરાદરો ! આ જગત લક્ષ્મીની ગુલામ છે, સત્તા શ્રી આગળ પૂંછડી પટપટાવે અને શ્રીપતિઓ એ સત્તાની સહાયથી કંગાળો ઉપર સ્વામિત્વ ભોગવે છે. ભલે ભોગવે, પણ કંગાળો તરફ માનવી જેવું તો વર્તન રાખવુંજ જોઇએ. સ્વાર્થ આડે માનવતા વિસારનારનું અસ્તિત્વ નાબૂદ થવુંજ જોઇએ. એ દંભ–એ અભિમાન હવે નહિ ટકે. વિરાટ જાગ્યો છે. એ સમર્પણ રોકવા કોઈની તા.........

(વિનોદ આગળ બોલે તે પહેલાંજ લાઠીનો એક સજ્જડ ફટકો તેના માથા ઉપર પડ્યો, તે સાથેજ બધા યુવાનો ઉપર પણ ફટકા પડ્યા. લોહીનો ધોધ વહેવા લાગ્યો. એજ વખતે પ્રવીણકાન્તની મોટર મિલ પાસે આવતાં અટકી. તેની નજર લાઠીઓ પડતી હતી તે તરફ ગઇ અને તે આભો બનીને દોડ્યો. પાછળ તેની પત્ની, દીકરી દોડ્યાં. વિનોદ... વિ...નો...દ કહેતાં તેનો સાદ તૂટી ગયો. લાઠીચાર્જ અટકી પડ્યો. તે વિનોદ પાસે જઇ પહોંચ્યો. તેના એકના એક પુત્રના ફૂટી ગયેલ માથામાંથી નીકળતા લોહીથી તેના હાથ રંગાયા.)

"બે...ટા વિનોદ ! અંતે તેં આ કર્યું... મારા..."

(વિનોદની માતા—પ્રવીણકાન્તની પત્નીએ વિલાપ કરવા માંડ્યો. માતાનો સાદ સુણી બેભાન પડેલા વિનોદની આંખો ખુલ્લી થઇ. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોમળ ફૂલની ઉપર આ પ્રહાર અસહ્ય હતો. છતાં તે તૂટતા સાદે બોલ્યો:) "મા...તા! મારા પિતાશ્રીનું પાપ ફેડવા... મારા આત્માને સંતોષવા માટે... મારા માટે આજ રસ્તો હતો. પિતાજી..."

(અત્યાર સુધી ભાન ભૂલીને તંદ્રામાં પડેલ પ્રવીણકાન્ત પુત્રનો સાદ સાંભળી ગાંડાની માફક વિનોદ ઉપર ઢળ્યો.) "પિ...તા...જી! મ...ર...તા પુત્રનું એક વચન પા...ળ...શો? આ પાપ...અટકા-વો...સમર્પણની હદ થઇ છે. કંગા...ળોના વધુ કાળ ન બન..."

તેની જીભ અટકી પડી. તેની આંખમાં તેજ રહ્યું ત્યાં સુધી પ્રવીણકાંત સામે તાકી રહ્યો. પ્રવીણ ગાંડો બની તેને ચૂમવા લાગ્યો. પા કલાકમાંજ વિનોદનો આત્મા પિતાનું પાપ ધોવાનો સંતોષ માન-તો ચાલી નીકળ્યો. ત્યાં હાહાકાર પ્રવર્તી રહ્યો. પ્રવીણ આભો બની સત્તાધારીઓ પાસે પહોંચ્યો અને બધા કામદારોને છોડવામાટે વિનંતિ કરી. તે જેલમાં ગયો. નરેન્દ્ર પાસે જઇને તેણે કામદારોની રોજીમાં પંદર ટકાનો વધારો મંજુર કર્યાનું લખત મૂક્યું. નરેન્દ્રે લખત ત્યાંજ સુધરાવી દશ ટકા કરાવ્યા. તેજ વખતે બધા કામદારોને છોડવાનો હુકમ આવી પહોંચ્યો. બધા જેલની બહાર નીકળ્યા. નરેન્દ્રને વિનોદના સમર્પણની જાણ થઇ. સગો ભાઇ ગુજરી ગયો હોય તેવો તેને આઘાત થયો. તે મોટા સાદે રડી પડયો, આખી મેદની પણ રડી ઉઠી. પછી બધા ગોઠવાઇ ગયા.

જાગો જગના ક્ષુધાર્તો જાગો,
દુર્બળ અશમી ઈન્સાફી તખ્ત પર કરાલ કાળ જાગો."

નું ગાન ગાતું સરઘસ પ્રવીણકાન્તના બંગલે પહોંચ્યું. ત્યાંથી વિનો-દની ભવ્ય સ્મશાનયાત્રા શરૂ થઇ. પ્રવીણકાંત, તેની પત્ની અને વિનોદની બહેનનું રુદન જોયું નહોતું જતું. મિલ આઠ દિવસ બંધ રહી. મજૂરોને બધાયને જમાડી તે આઠ દિવસની રોજી આપી. પ્રવી-ણકાન્તે સન્માનભરી સમાધાની કરીને બધાયને કામે ચડાવ્યા. એક મહિના બાદ આખી મિલની વ્યવસ્થા કરવા માટે મજૂરોમાંથી એક કમિટિ નીમી પગાર અને ખર્ચ કાઢતાં જે નફો રહે તે બધાયમાં સરખે ભાગે વર્ષ દહાડે વહેંચી આપવાની વ્યવસ્થા કરી. પોતે અમુક સાલિયાણું સ્વીકારી નિવૃત્ત થયા. શેષ જીવન તેઓએ પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવામાં ગાળ્યું. સમર્પણની શક્તિ અજબ છે. આત્મબળ-નો સદાય જય છે. ઘડીભર જગત ભલે જાલીમોના જોરથી અંજાય, બાકી આખરી વિજય સત્યનો છે.

(તા. ૫-૧૧-૧૯૩૩ના "વીસમી સદી"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३०–श्रीयुत नंदुभाई

(લેખકઃ–શ્રી. હરિપ્રસાદ વ્યાસ)

આ યુગને લોકો કળિયુગ કહે છે. સૌ પોતપોતાના સ્વાર્થમાંજ રચ્યા પચ્યા રહે છે. એવા જમાનામાં પરોપકારી પ્રાણીઓ તો વીરલજ હોય; છતાં 'બહુરત્ના વસુંધરા' એ ન્યાયે કોઇ કોઇ વખતે આવાં પ્રાણીઓ મળી આવે છે ખરાં. પૃથ્વી છેક 'નપરોપકારી' (!) પ્રાણીમય નથી થઇ ગઇ, તેની સાચી પ્રતીતિ મને થોડા સમય ઉપરજ થઇ. આવા એક પ્રાણીનો ભેટો મને રેલ્વે ટ્રેઇનમાંજ થઇ ગયેલો, જેનો હેવાલ નીચે આપું છું.

મારે સુરતથી વડોદરા જવાનું હતું. સ્ટેશન ઉપર આવ્યો ત્યારે ટ્રેઇન આવી ગયેલી તેથી ઉતાવળમાં હું એક ડબામાં ચઢી ગયો; પણ મારા હાથમાંથી સુરતનું સંભારણું–ધારીની છાબડીનું નાનકડું બંડલ–સરી પડયું. ગાડી પણ ધીમેથી ઉપડી. પાછા ઉતરીને બંડલ લઇ આવવાની મારી હિંમત ચાલી નહિ. એકાએક ડબામાંથી એક મિસ્ટર કોઇ સરકસના ખેલાડીને પણ શરમાવે તેવી ચપળતાથી બહાર કૂદ્યા, અને દોડતા જઈ પેલું બંડલ ઉંચકી લઇ પાછા દોડતા અમારા ડબા પાસે આવી બારણું ઉઘાડી દાખલ થયા અને પેલું બંડલ મારા હાથમાં મૂક્યું. હું ઉપકારવશ થઇ ગયો.

"આપનો આભાર..."

"એમાં આભાર શાનો ?" મને બોલતો અટકાવી પેલા મિસ્ટર મારી બાજુમાંજ ગોઠવાયા. આ અમારૂં ઓળખાણ. એ પરોપકારી પ્રાણીનું નામાભિધાન શ્રીયુત નંદુભાઇ.

ગાડી આગળ વધી. સમય પણ પસાર થતો જતો હતો. ડબામાં તડકો આવવાથી બારી પાસે બેઠેલી એક સ્ત્રીએ બારી વાસવાનો પ્રયત્ન કર્યો, પણ વસાઇ નહિ. તરતજ નંદુભાઇ ઉઠયા અને બારી વાસી આપી પોતાની જગ્યાએ બેઠા. થોડી વાર તો કોઇ બોલ્યું નહિ; પણ ધીરે ધીરે બધાને પસીનો છૂટવા માંડયો.

"આ તો હંચોડા ધામે મરી હાલ્યા, ભાઇ!" એક ચશ્માવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઠિયાવાડી ગૃહસ્થે નંદુભાઇ પ્રત્યે જોઇને કહ્યું.

"અડધી ખોલું તો કેમ? તાપ પણ નહિ લાગે અને પવન પણ આવશે" કહી નંદુભાઇ ઉઠયા અને બારી અડધી ઉઘાડી રાખી પોતાની જગ્યા લીધી તથા જાણે નામુરનો કિલ્લો સર કર્યો હોય તેવી દૃષ્ટિથી અમારા તરફ જોયું.

થોડા સમય બાદ સ્ટેશન આવ્યા વિનાજ ગાડી અધવચ ઉભી રહી. પેસેન્જરો ઉંચા નીચા થવા લાગ્યા. કેટલાકે બારી બહાર ડોકાવ્યું: "શું થયું? કેમ ઉપડતી નથી?" વગેરે વાક્યો સંભળાવા લાગ્યાં. આ મૂંઝવણનો અંત લાવવા નંદુભાઇ તરતજ નીચે ઉતરી ડ્રાઇવર પાસે ગયા. શું વાત થઇ તે તો અમને સંભળાઇ નહિ; પણ નંદુભાઇ હજી તો એન્જીન આગળ ઉભા હતા અને સીટી થઇ, ગાડી ઉપડી-ઉંચે બારી પાસે નજર નાખતા નંદુભાઇ અમારા ડબા તરફ દોડયા અને અમને બારી આગળ જોતાંજ તેઓ મુશ્કેલીથી ઉપર ચઢી ગયા અને અંદર દાખલ થયા.

"લાઇન કલીઅર નહિ હોવાથી સિગ્નલ આપ્યો ન હતો." તેમણે ખુલાસો કર્યો.

સાયણ સ્ટેશન આવ્યું અને ગાડી ઉભી રહી. પેસેન્જરોનું એક નાનું સરખું ધાડું અમારા ડબામાં દાખલ થયું. બધા સંકડાશમાં જેમ તેમ ગોઠવાયા. ટ્રેઇન ઉપડવાનો સમય થયો તેવામાં એક સ્ત્રી હાંફ્લી ફાંફ્લી બાળકને લઇ દોડતી આવી જગ્યા ખોળવા લાગી. એક છલંગ મારી નંદુભાઇ ડબાની બહાર આવ્યા. અમે તરત તેનું કારણ સમજી ગયા. તેમનો આ પરોપકાર અમને કોઇને ગમ્યો નહિ, કારણકે ડબામાં બકરાં તો પુરાયેલાં હતાં, તેમાં વળી તેઓ ઉમેરો કરે તે અમને કેમ પાલવે? તેમણે ઝટ પેલી સ્ત્રીના હાથમાંથી બાળકને લઇ લીધું.

"લાવો એને મારી પાસે, અને તમે ડબામાં બેસી જાવ, ગાડી ઉપડશે."

પેલી સ્ત્રી ડબામાં ચઢી અને નંદુભાઇ પણ બાળકને લઇ પાછળ ચઢયા. કોઇ ઉતારૂ ખસીને વધુ જગ્યા કરે તેવા પરોપકારી ન હોવાથી નંદુભાઇએ પોતાની ખાલી પડેલી જગ્યામાં પેલી સ્ત્રીને બેસાડી બાળક તેને સોંપ્યું અને પોતે ઉભા રહ્યા. ગાડી આગળ વધી.

ત્યારબાદ કેટલાંક સ્ટેશનો ગયાં પણ કંઈ ખાસ બનાવ બન્યો નહિ. ફક્ત જ્યારે જ્યારે પેલું બાળક રડતું ત્યારે ત્યારે નંદુભાઇ ડચકારા વગાડી તેને (તથા બીજાઓને પણ) હસાવતા. કોઇ પેસે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજરે કંઈ ચીજ કાઢવા પોટલું ઉતારે તો તેને ગાંઠ છોડી આપતા અથવા તો છોડવામાં મદદ કરતા અને કોઇનો પગ ભૂલથી બીજાના શરીરને કે કપડાને અડકી જાય તો પોતે રૂમાલ કાઢી ધૂળ ખંખેરતા.

વચ્ચે એક–બે નાનાં સ્ટેશને કેટલાક પેસેન્જરો ઉતર્યાં એટલે નંદુભાઇને જગ્યા મળી. છેવટે ભરૂચ આવ્યું. અમારા ડબામાં એક વહોરા ગૃહસ્થ બેઠા હતા તેમને ચાહ પીવી હતી; પણ મુસલમાની ચાહવાળો કોઇ છોકરો દેખાયો નહિ; તેથી તેઓ બબડયા:

"ભરૂચ જેવા ઇસ્તેસને પન ચાઈ ના મીલે એ બી તાજુબીની વાત છે!" તરતજ નંદુભાઇ ઉઠયા.

"સબૂર, હું મુસલમાની ચાહવાળાને હમણાં પકડી લાવું છું" કહી તેઓ ઉતર્યા. બરાબર અઢી મિનિટમાંજ તેઓ ચાહવાળાને પકડી લાવ્યા. ગાડી ઉપડવાને હવે એકાદ મિનિટ બાકી હશે તેવામાં પેલા કાઠિયાવાડી ગૃહસ્થે મને પૂછયું:

"અહીં કંઈ છાપું બાપું નહિ મળતું હોય ?"

"ના કેમ મળે ?" નંદુભાઈ વચ્ચે બોલી ઉઠયા અને "હમણાંજ લાવી આપું છું" કહી ડબામાંથી ઉતરી અદશ્ય થયા. એકાદ મિનિટમાંજ ગાડી ઉપડી; પણ નંદુભાઇની મૂર્તિ દષ્ટિગોચર થઈ નહિ. અમે બધાએ છૂટકારાનો દમ ખેંચ્યો.

"બલામાંથી બચ્યા" એક જણે કહ્યું; પણ એટલામાં પ્લેટફોર્મ ઉપર કોઇના દોડવાનો અવાજ સંભળાયો, અને ટ્રેઇન હજી ગતિ વધારે તે પહેલાં તો નંદુભાઇએ દોડતા આવી અમારો ડબો પકડી પાડયો અને અંદર દાખલ થઇ છાપુ પેલા ગૃહસ્થના હાથમાં મૂકી બેઠા, અને વિજયી સ્મિત ફરકાવી ચારે બાજુએ અમારા તરફ જોયું. પેલા ગૃહસ્થે પેપરનો એક આનો તેમને આપ્યો જે તેમણે ઘણી આનાકાની પછી લીધો અને પરોપકારી કાર્યોમાં ઉમેરો કરવા પોતાના કાર્યક્ષેત્રમાં આમતેમ નજર ફેંકી.

એક મુસ્લીમ બિરાદરને પાણી પીવું હતું; તેને ટ્રેઇનની બારી બહાર માથું કઢાવી પોતાના લોટા વતી ઉંચેથી પાયું. ધીમેથી મેં ખીસામાંથી સીગારેટ કાઢી ત્યાં તો તેમણે પોતાના ખીસામાંની દિવાસળી કાઢી સળગાવી ધરી. મેં સીગારેટ સળગાવી. ડબાના ઉપરના પાટિયા ઉપર કોઇની ટ્રંક આગળ ધસી આવી હતી તે તેમણે પાછળ ધકેલી. પેલા કાઠિયાવાડી ગૃહસ્થના ચશ્માનો કાચ ઝાંખો થઇ ગયો હશે તે તેમણે પોતાના રૂમાલથી લૂછયો અને મારા નાક ઉપર માખ બેઠી હતી તે તેમણે ઉરાડી. પરોપકારની હવે તો હદ થતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારૂં મગજ ચક્કર ચક્કર ઘૂમવા માંડયું છતાં જેમ તેમ કરી હું ગુપચૂપ બેઠો. છેવટે મીયાગામ સ્ટેશન આવ્યું એટલે નંદુભાઇએ ઉતરીને બધાને પ્રણામ કર્યા.

"રજા લઉં છું, મહેરબાનો! તકલીફ પડી હોય તો માફ કરશો."

"કેમ બસ! અહીંજ ઉતરવું છે?"

"હા જી. મારા પાડોશીના મિત્રના સાળાના સંબંધીનો છોકરો માંદો છે તેને જોવા જવા બે દિવસની રજા લઇને આવ્યો છું." તેમણે મારા કોટને ચોંટેલી ધૂળ રૂમાલથી ખંખેરતાં જવાબ આપ્યો અને ગાડી ઉપડી.

બસ, નંદુભાઇને છેલ્લા ત્યારેજ જોયા. ઉતાવળમાં તેમનું સરનામું લેવાનું પણ ભૂલી ગયો છું. ત્યારબાદ અમે મળ્યા નથી, પણ ત્રણ કલાકની અમારી મુસાફરીમાં તેમના પરોપકારી સ્વભાવની અમારા ઉપર જે છાપ પડી છે તે જીંદગીભર વિસરાય તેમ નથી.

(તા. ૮-૧૧-૧૯૩૧ ના "સ્ત્રીશક્ત" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧–બાબુ

(સંપાદકઃ–માસ્તર બિસ્મિલ)

("અમૃત–બજાર" પત્રિકાના સૌથી પહેલા સંપાદક મહાત્મા શિશિરકુમાર ઘોષનું નામ રાષ્ટ્રીય ને સાહિત્ય મંડળોમાં સુપરિચિત છે. તેઓ પોતાના હાસ્યરસિક ને રમુજી લખાણોના પ્રતાપે બંગાળી સાહિત્યમાં ઉંચું સ્થાન ધરાવે છે.

બંગાળના જમીનદારો પછી પાશ્ચાત્યોના રોષના શિકાર બિચારા અંગ્રેજી ભણેલા બંગાળીઓ બન્યા, જેમને સામાન્ય રીતે બાબુ કહેવામાં આવે છે. પ્રસ્તુત લેખમાં એક યુરોપીય પ્રવાસીની કલમથીજ તેની વ્યાકુળ સ્થિતિનો સારો ચિતાર આપ્યો છે, જેનો અનુવાદ આ નીચે રજુ કરવામાં આવે છે. **સંપાદક**)

અણધાર્યો હિન્દુસ્તાનના કિનારા પર હું ભારે શાનથી ઉતર્યો. જ્યાં જ્યાં જતો ત્યાંના નિવાસીઓ મને જોતાંજ અદબપૂર્વક ઉભા થઈ જતા, ગામમાં ગાતી સ્ત્રીઓ ચૂપ થઇ જતી, રડતાં બાળકોને શાન્ત કરી દેવામાં આવતાં; અને હું મારા જાતિગૌરવની સાથે ધીમાં ડગ ભરતો તેઓ વચ્ચેથી પસાર થઇ જતો. આવા વાતાવરણમાં રહીને નિશ્ચિંતતા, આનંદ ને શાંતિનું હોવું આવશ્યક હતું; પરંતુ કાનપુર પહોંચતાં આ શાંતિ ને સુખ, વ્યાકુળતા અને ભયમાં પરિવર્તન પામ્યાં. મારા જેવા બલિષ્ટ ને બહાદુર શખ્સની હાલતમાં આમ એકાએક મહાન પરિવર્તન થવું, એ અત્યંત આશ્ચર્યકારક બીના હતી, જેનું કારણ જાણવા માટે સ્વાભાવિક રીતે મનુષ્યમાત્ર ઉત્સુક હોયજ.

સાંભળો. એ શાંતિનો ભંગ કરનાર બંગાળનો તે જાનવર હતો, જેનાં વર્ણનોથી અખબારોનાં કોલમો ભરપૂર જોવામાં આવે છે. એમ થયું કે એક દિવસ મારો મિત્ર જેને ત્યાં હું ઉતર્યો હતો, તે ઓફિસેથી ગભરાએલો આવ્યો ને કપડાં ઉતાર્યા વિનાજ પથારી પર જઇને પડયો. મેં સહાનુભૂતિ ભરેલા ભાવે તેના આ ગભરાટનું કારણ પૂછ્યું, જેનો મને આ પ્રમાણે જવાબ મળ્યો: "પેલા બાબુએ મને મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખ્યો." મેં વિચાર્યું કે, આ બાબુ વળી શી બલા છે? આફ્રિકાના નિવાસ દરમિયાન મેં બેબુન વાંદરા વિષે બહુ સાંભળેલું ને કેટલાકને નજરે જોયા પણ હતા. એટલે ધાર્યું કે હિન્દુસ્તાની ભાષામાં એને બાબુ કહેતા હશે; પણ મને સંતોષ ન થયો તેથી સહજ ભાવે મારા મિત્રને પૂછ્યું કે બાબુ કઇ વસ્તુનું નામ છે?

આ સાંભળી મારો મિત્ર ખડખડ હસવા લાગ્યો અને બહુ વાર પછી હસવું રોકીને કહ્યું: "શું આપે ઉમ્મરભરમાં કોઇ બાબુ જોયો નથી કે એના વિષે કાંઇ સાંભળ્યું પણ નથી? આનો ઉત્તર મેં નકારમાં આપ્યો.

આથી તેણે કહ્યું: "સાંભળો, બાબુ એક વિચિત્ર હાનિકારક પ્રાણી થાય છે. મારા મિત્રના મુખે બાબુનાં આવાં વખાણ સાંભળી હું હેરત પામ્યો. વળી એમ કહી તેણે 'બાબુ હાનિજ નહિ બલ્કે લાભ પણ આપે છે' કહીને મારી હેરતને બમણી વધારી દીધી. અને જ્યારે એમ સાંભળ્યું કે બાબુ અલગ મકાનમાં રહે છે ત્યારે તેને જોવાના શોખમાં હું વ્યાકુળ થઈ ઉઠયો, અને મારા મિત્રને વિનવ્યો કે કૃપા કરી બાબુના રક્ષકને તેના જાનવર સહિત તેડાવો; પણ જ્યારે મને કહેવામાં આવ્યું કે બાબુ સર્વત્ર સ્વતંત્રતાપૂર્વક ફરતો રહે છે, ત્યારે મારી નવાઇનો પાર ન રહ્યો. તેને રક્ષકની જરૂરત નથી."

આથી ફરી પણ મેં ઉત્સુક થઇ પૂછ્યું: "ત્યારે એ બાબુ વળી કેવીક બલા છે?" મારા મિત્રે કહ્યું: "એ એક બંગાળી જાનવર છે જે હરવખત મને હેરાન કરતો રહે છે. ઘણી વાર તો તેનો વિચારજ મને વ્યાકુળ બનાવી દે છે. વળી આ જાનવરની એક વિચિત્ર ખાસીઅત એ છે કે જેટલા આપ તેનાથી અળગા રહેશો, તેમ તેમ તે આપની નિકટ આવી કંટાળો આપવામાં કારણભૂત થશે, ને લગભગ પાગલ બનાવી દેશે."

હવે મારાથી રહેવાયું નહિ. મેં વાત કાપતાં કહ્યું: "ત્યારે આપ શા માટે બાબુ રાખો છો?"

તેણે કહ્યું: "એમ કર્યા વિના આરોજ નથી. આ દેશમાં લગભગ દરેક અંગ્રેજ પાસે એક બાબુ હોય છે. કારણ કે તેની મદદ વિના કામ પાર પાડવું અશકય છે. વળી તેની મજૂરી બહુ ઓછી ને બેહદ ઉપયોગી હોય છે."

હું મારા મિત્રનો આશય મુદ્દલ સમજી શકયો નહિ. તેની વાતોએ મને ઓર ગુંચવણમાં નાખી દીધો. તો પણ મેં એને પૂછ્યું કે જે વસ્તુ ત્રાસદાયક હોય, તેનો નાશ શા માટે કરતા નથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા મિત્રે અત્યંત ડાહપણથી ઉત્તર આપ્યો: "વહાલા મિત્ર! જો કે એ પ્રાણી ત્રાસદાયક છે ખરૂં, પણ તેનો નાશ કરવાની હિંમત મારામાં નથી. કારણ કે તેના પંજા ને દાંત એવા હોય છે, કે જે વડે તે આપણને ચીરી ફાડી શકે છે. "શું તે બંગાળના વાઘ આફ્રિકાના શેરે બબરથી પણ વધારે હિંસક હોય છે?"

"નારે ના! બાબુ તો અત્યંત સુશીલ ને સભ્ય પ્રાણી છે."

"ભલે તે સુશીલ હોય કે તેની મજૂરી ઓછી હોય ને ઉપયોગી હોય, તો પણ તમને જ્યારે તે પજવે છે, ત્યારે તેને બંદુકની ગોળીનું નિશાન કેમ બનાવતા નથી?"

"હેં! બાબુને ગોળીનું નિશાન બનાવવો? એ શું? તેના બદલામાં હું પોતાના હાથનાં આંગળાં કાપવાં વધારે પસંદ કરીશ. ખરેજ હું તો તેને આંગળી પણ અડકાડી શકતો નથી, બલ્કે તેની સામે નરમાશ ને સભ્યતાથી બોલવા તથા ભાઇચારાભર્યું વર્તન ચલાવવાની ફરજ પડે છે. કહો કેવી રીતે એને બંદુકનો નિશાન બનાવું? આપ કદાચ એ જાણતા નહિ હો કે આ મૂર્ખાઇભર્યાં કામનું શું પરિણામ આવે? ધારો કે કોઇ એક બાબુને મારી નાખવામાં આવે, તો આખા દેશમાં હજારો લાખોની સંખ્યામાં બીજા બાબુઓ વસે છે, તે બધા એકઠા થાય ને એવો પ્રચંડ ને ભયાનક કોલાહલ મચાવે કે ગમે તેટલા બહાદુર માણસનો પિત્ત પણ પીગળીને પાણી પાણી થઈ જાય. વળી એમનો એ ઘોંઘાટ શેરી, ગલી, ચૌટા, ચોક, શહેર, પ્રાન્ત—એટલે સુધી કે કલકત્તાથી મુંબઇપર્યંત એકસરખો સંભળાવા લાગશે."

"ઠીક ઠીક, હવે હું સમજ્યો. બાબુ એક એવા પ્રકારનો વાંદરો છે, જેને અમેરિકામાં મેં મોટી સંખ્યામાં જોયા છે. તેમને ત્યાં 'ખીં ખીં કરનારા વાંદરા' કહે છે. એનો રંગ ભૂરો થાય છે ને તેની હડપચી નીચે ખાલની એક થેલી લટકતી રહે છે."

"નહિ નહિ, મારા વહાલા દોસ્ત! આ તે ખીં ખીં કરનારો વાંદરો નથી; એ તો હા, આદમના પુત્રોને તદ્દન મળતો આવે છે. એમાં જે ઠીંગણા કદના હોય છે, તેને ઘણેભાગે અંગ્રેજ લોકો ભૂલમાં વાંદરા માની ગોળીના નિશાન બનાવતા. પણ હવે આપ કલકત્તા જવાના છો, ત્યાં પુષ્કળ બાબુ આપના જોવામાં આવશે. વળી લગભગ દરેક સ્ટેશન પર તમને બાબુઓનો મેળાપ થશે. કારણ કે રેલ્વે ચલાવવામાં બાબુની શક્તિ અત્યાવશ્યક છે. પરંતુ મારી આપને છેલ્લી ભલામણ છે, કે આપ બનતાં સુધી બાબુથી સાવધ રહેજો."

બીજે દિવસે સવારમાં મેં કલકત્તાની ટિકિટ લીધી. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડીમાં બેસતાં પહેલાં ત્યાં ઉભેલા એક એન્જીન પાસે જઇ તેને લક્ષપૂર્વક જોવા લાગ્યો. હું જાણવા ઇચ્છતો હતો કે, એન્જીન ચલાવવામાં બાબુની શક્તિનો કયાં ઉપયોગ કરવામાં આવે છે. ત્યાં ઉભેલા એ એન્જીનનો ઘાટ તો મેં ઇંગ્લાંડ તથા અન્ય દેશોમાં જોયેલાં એન્જીનોને મળતો હતો. એન્જીનમાં કયાંયે પણ મને બાબુ જોડેલા જોવામાં આવ્યા નહિ, એટલે એન્જીન ડ્રાઇવરને પૂછ્યું. પણ તેણે મારો આશય ન સમજતાં ઇશારાથી આફિસનો રસ્તો બતાવ્યો. એવામાં ગાર્ડે સીટી વગાડી અને હું ડબામાં બેસવા આધીન થયો.

ગાડીમાં બીજા પણ કેટલાએક અંગ્રેજ હતા, અને હજી હું સરસામાન ગોઠવતો હતો ત્યાં તો ગાડીનો દરવાજો ઘણાજ જોરથી એક સદ્‌ગૃહસ્થે બંધ કર્યો, અને સાથીઓને ઉદ્દેશી અત્યંત ક્રોધિત થઇને કહ્યું: "એક બદમાશ બાબુ અંદર આવવા ઇચ્છતો હતો."

જો કે આ નવાગંતુકથી હું તદ્દન અપરિચિત હતો, તો પણ એ પૂછ્યા વિના ન રહી શકયો કે આપે દરવાજો બરાબર બંધ કર્યો છે ને ? કારણ કે મારી વ્યાકુળતા વધતી જતી હતી. તેણે કહ્યું કે દરવાજો બંધ કરી દીધો છે, પણ ચાવી દીધી નથી. આથી મેં પૂછ્યું કે, તે બાબુ કયાં છે ? કારણ કે હું તેને આવા સુરક્ષિત સ્થાનેથી જ્યાં થોડાક મારા સ્વદેશબાંધવો હાજર હતા, તે સ્થળેથી ઝૂકીને જોવા ઇચ્છતો હતો. પણ મને જવાબ મળ્યો કે તેને હડસેલી કાઢવામાં આવ્યો છે. એટલે કદાચ બીજા કોઇ ડબામાં ઘૂસી ગયો હશે.

હવે મને ખ્યાલ આવ્યો કે, કદાચ તે ચંચળ બાબુ જે વાંદરા સમાન ઠીંગણો ને સુરત–શિકલમાં મનુષ્યને મળતો પણ ઝંતુની હોય છે તેજ બંગાળનો બાબુ હશે; પણ બાબુને રેલગાડી ચલાવતો જોવા માટે હું અધીર થઇ રહ્યો હતો પરંતુ અફસોસ ! તે હું જોઇ શકયો નહિ. લગભગ દરેક સ્ટેશન પર મેં ગાર્ડને બાબુ–બાબુ કહેતાં સાંભળ્યો કે તત્કાળ રેલ ચાલવા લાગી હતી, એટલે નછૂટકે એ વિચાર કરી મનને સંતોષ આપ્યો કે આ શબ્દ તેમનો ઉત્સાહ વધારવા માટે ઉચ્ચારવામાં આવે છે, જેથી તેઓ પોતાનું કામ (એન્જીન ધકેલવું) મન દઇને કરવા માંડે.

મારી પાસે એક સ્થાનિક માજીસ્ટ્રેટ સાહેબ વિરાજમાન હતા. તેમને મેં હળવેથી કહ્યું કે, હું બાબુને મળવા ઇચ્છું છું; પણ તે મહાશયે તો ફરમાવ્યું કે કદાપિ એવી ભૂલ ન કરશો; કારણ કે તેમને જોવાથીજ ઘૃણા થાય છે. વળી મેં મહામુસ્કેલીએ દરવાજો બંધ કરી તેને અંદર આવતો અટકાવ્યો છે. પ્રભુનો આભાર કે હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં સફળ થયો.

મેં કહ્યું: "આપ એમને પોતાની સમીપ શા માટે આવવા દો છો ?" આથી તેમણે બડબડતાં કહ્યું: "એમનો અસહકાર કરવોજ અશક્ય છે."

અકસ્માત્ તે ગાડીમાં એક ખ્રિસ્તી ધર્મોપદેશક પણ હતા. એમણે જ્યારે અમને તે જાનવરનું નામ લેતા સાંભળ્યા તો તેઓ પણ નજીક આવીને કહેવા લાગ્યા કે, આ કમબખ્ત બાબુઓના લીધે જ મને મારા ધર્મપ્રચારનાં કાર્યોમાં અડચણો આવે છે. આ સાંભળી માજીસ્ટ્રેટ સાહેબ બોલ્યા: "આપણા લોકોના તો એ બાબુ જાતી દુશ્મન છે. એમનો તો તદ્દન નાશજ કરી નાખવો જોઇએ."

સંયોગવશાત્ એક ડૉક્ટર સાહેબ પણ અમારા ડબ્બામાં હાજર હતા. એમણે કહ્યું: "સાચેજ, હું તો સંયોગ જોઉં છું ને કોશીશમાં છું કે મારી બદલી કોઇ એવા સ્થાને થાય જ્યાં આ બાબુ નજરેજ ન પડે. એક બાબુએ મને એટલું દુઃખ આપ્યું છે, એટલો પજવ્યો છે, કે બસ મારૂં મન જાણે છે. મારા ધંધાની નિષ્ફળતા અધિકાંશે તેમની ઇર્ષાને આભારી છે."

એક ઇજનેર સાહેબ પણ બેઠા હતા, એમણે ક્રોધમાં પોતાની મુઠ્ઠીઓ વાળી લીધી અને ગુસ્સામાંજ બાબુને ગાળો દેતા દરવાજા પર પછાડવા લાગ્યા.

માજીસ્ટ્રેટ, ખ્રિસ્તી ધર્મપ્રચારક, ડૉક્ટર, ઇજનેર વગેરે દરેકે બાબુને વખોડી દાંત પીસ્યા. આ બધા બનાવો મને ભયભીત કરવા માટે જોઇએ તે કરતાં વધારે હતા. હવે મેં નિર્ણય કર્યો કે, હું બાબુને હમણાં નહિ જોઉં; કારણ કે મારી રિવોલ્વર ખરાબ થઇ ગઇ હતી, અને હું બાબુનો મુકાબલો કરવા સંપૂર્ણ રીતે તૈયાર ન હતો.

માજીસ્ટ્રેટ સાહેબે થોડી વાર રહીને કહ્યું કે, હાવરા સ્ટેશન પર આપને સેંકડો બાબુ મળશે. મેં મનમાં વિચાર્યું: "પ્રભુ ! પ્રભુ ! મને એમાંથી શી રીતે મુક્તિ મળશે ? હું એ વિચારોમાં નિમગ્ન હતો ત્યાં હાવરા સ્ટેશન આવ્યું. મારા સાથીદારો મરદાનગીથી દરવાજો ખોલી પ્લેટફૉર્મ પર ઉતરી પડ્યા; પણ મારા મન પર બાબુનો ભય એટલો બધો છવાઇ ગયો હતો કે પ્લેટફૉર્મ પર ઉતરવા હિંમત થતી નહોતી. આથી મેં બારીમાંથી ડોકું કાઢી જોવા માંડ્યું કે ક્યાંક પ્લેટફૉર્મ પર બાબુ ફરતા તો નથી ને ? પણ કુલીઓએ સામાન ઉતારવા માટે ખૂબ ખેંચતાણ કરવા માંડી. એમને મેં અંગ્રેજીમાં પૂછ્યું:-"અહીં કોઇ બાબુ તો નથી ને ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી એક કુલી દોડતો ગયો અને એક બંગાળી નવજવાનને ઇશારાથી બોલાવી લાવ્યો. તે ઘણીજ અદબપૂર્વક મારી પાસે આવી પૂછવા લાગ્યો. (જેમ ઘણુંખરૂં હિંદુસ્તાની અંગ્રેજો સાથે અદબસર વાતચીત કરે છે.) જો કાંઈ અડચણ હોય તો હું મદદ માટે તૈયાર છું.

આનો હું તેને શો જવાબ આપું? ખેર, મેં તેને કહ્યું કે હું ગાડીમાંથી ઉતરવા ઇચ્છું છું. તે બિચારાએ મારો બધો સામાન પ્લેટફોર્મ પર ઉતરાવ્યો. તોપણ હું હજી ગાડીમાંથી પગ બહાર મૂકવા તૈયાર નહોતો, અને શોધક દૃષ્ટિથી પ્લેટફોર્મ પર જોઇ રહ્યો હતો.

તે ભલા માણસે પુનઃ કહ્યું: "શું કોઇ બીજી વસ્તુની જરૂર છે?"

મેં ભયભર્યા અવાજે કહ્યું:–"મ–મ–મ–મ–મહાશય! શું બધા બાબુ ચાલ્યા ગયા?"

તેણે કહ્યું: "બધા નહિ. કેટલાક ગયા, કેટલાક બાકી રહ્યા છે."

મેં તેના કાનમાં ધીમેથી કહ્યું: "તે બાકી રહેલા બાબુ કયાં છે?"

તેણે મને પૂછયું: "એ બધાને બોલાવવાની શી જરૂર છે?"

મેં ફરી ડરતાં ડરતાં કહ્યું: "મહાશયજી! જ–જ–જરા ધીમેથી બો–બોલો? હું માત્ર બાબુની સુરત જોવા ચાહું છું."

તેણે આશ્ચર્ય પામી કહ્યું: "એક બાબુ હું પણ છું."

સહસા મારા મુખમાંથી નીકળી ગયું–"હેં! તમે બાબુ છો?"

મને તમ્મર આવવા લાગ્યા અને હું બેહોશ થઈ જમીન પર પછડાઇ પડયો......

("સાકી"ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨–સંપેતરૂ

(લેખકઃ–શ્રી. દાલચીવડા)

(૧)

"કાં છગનભાઇ! કાલની ઇસ્ટીમરમાં જવું છે ના?"

"હા."

"ઠીક થયું, તમે જાઓ એટલે અમારે કંઇ સંપેતરૂં ખપેતરૂં મોકલવું હોય તો વાંધો ન આવે."

"સંપેતરૂં?" છગનભાઇએ માથું ખજવાળી મગનલાલની સામે જોયું.

"હા. જુઓને, આ મારી મીઠી માટે મગમાળા મોકલવી છે, તે તમે સાચવીને લઈ જજો." મગનલાલે એક કાગળની ડાબલી ઉઘાડી મગમાળા છગનભાઇના હાથમાં મૂકી.

છગનભાઇ એ મગમાળાને ઠેકાણે મૂકે ત્યાં તો બહારથી અવાજ સંભળાયોઃ

"છગનભાઇ ઘરમાં છે કે?"

"હા, કેમ? કોણ છે?"

"એ તો હું બિહારીલાલ."

"ઓહો બિહારીભાઇ! આવો આવો" છગનભાઈએ વિવેક કર્યો.

"કેમ ક્યારે જાઓ છો?" બિહારીલાલે ટેબલ પર પડેલી પાનની રકાબી હાથમાં લેતાં લેતાં પ્રશ્ન કર્યો.

"કાલે સવારે."

"સ્ટીમરમાં કે ટ્રેનમાં?"

"જાવું'તું તો ટ્રેનમાં, પણ આ વખતે ઘરનો સામાન વિશેષ થઇ પડવાથી સ્ટીમરને પસંદગી આપી."

"ઠીક કર્યું, ઠીક કર્યું. જુઓને છગનભાઇ! મારૂં એક સંપેતરૂં જરૂર લેતા જજો."

"તમારૂં વળી શું છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બીજું કંઇ નથી. આપણાં ભાઇનાં છોકરાંઓ છે એને માટે કુરમરા, સૂકી દ્રાક્ષ, બદામ, પીસ્તાં, જરદાલુ, અંજીર વગેરે છે; કંઈ ખાસ એનો ભાર નહિ થાય."

"ભાર તો ઠીક, પણ આપણે ગામ આ બધુંય મળે છે; અને ઢાલું અહીંથી લઇ જવું!"

"ભલા માણસ! મુંબઇથી કાકાએ મોકલ્યું........."

બિહારીલાલ વાકય પૂરૂં કરે તેટલામાં તો નરસીદાસ એક પાટીવાળા સહિત છગનભાઇ સામે આવી ઉભા.

"ડેવ ઇકડે" પાટીમાંથી એક મોટી ગાંસડી ઉતરાવી નરસીદાસે પાટીવાળાને બે કદિયાં ચૂકવી રવાના કર્યો.

"શું લાવ્યા?" છગનભાઇએ નરસીદાસ સામે હસીને જોયું.

"બીજું શું હોય? ઇ તો આ એક સંપેતરૂં તમારે લઈ જવાનું છે."

"સંપેતરૂં? આવડું મોટું?"

"હા, આપણા બચુડાનાં લગન છે એટલે આ થોડાં કપડાં તમારે લઇ જવાનાં છે."

"તે ભલા માણસ પાર્સલ કરીને મોકલો ને? આવડું મોટું તે સંપેતરૂં હોય?" બિહારીલાલે નરસીદાસ સામે નાકનાં ડીચકાં ચઢાવ્યાં.

"લ્યો, આ ભાઇને દાખડો પડી ગયો. ભલા માણસ! છગનભાઇને તમે ઓળખતા નથી? એના જેવો ભલો માણસ પૃથ્વીને પાટલે કોઇ જન્મ્યો નથી, તમે ને હું કોઇનું જરાપણ કામ કરતાં કણકણીએ, પણ આમનો તો સ્વભાવજ છે કે બધાનું ભલું કેમ..."

"નરસીદાસ! એ બધું ટુંકે પતાવો. બોલો, તમારૂં આ સંપેતરૂં લઇ જવું છે એટલુંજ ના?"

(૨)

ઘડિયાળમાં અગિયારના ટકોરા થયા.

"હવે સૂઇ જાઓ અત્યારે. સવારે વહેલા ઉઠીને બાકીનો સામાન બાંધજો" મિસિસ છગનભાઇએ બગાસું ખાધું.

"પણ આ સંપેતરાંઓને તો સરખાં કરી લેવા દે."

"તમે સાવ જીભના મોળા છો. આટલાં તે સંપેતરાં હોય?"

"શું કરૂં? ઓળખીતાંઓને ના શી રીતે પડાય?"

"પણ એનીયે કંઇ હદ હોયના! તમારા સામાનથી તો સાતગણાં સંપેતરાં ભેળાં થયાં છે."

"કુલ સત્તાવીસ સંપેતરાં આવ્યાં છે." છગનભાઇએ સંપેતરાંનો આંકડો નક્કી કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારૂં માનો તો બધાંય પાછાં મોકલી દો."

"એમ બને ?"

"કેમ ન બને ? આ બધાયના બાપના શું આપણે નોકર છીએ કે ઠેઠ અહીંથી ઇસ્ટીમરમાં એની આ લપ પહોંચાડીએ ? ઇસ્ટીમરમાંથી મછવામાં, મછવામાંથી ટાંગામાં, ટાંગામાંથી રેલગાડીમાં અને રેલગાડીમાંથી ગાડામાં—એમ કેટલે ઠેકાણે ફેરવવાં પડશે એનો કંઇ વિચાર કર્યો ?"

મિસિસની આ ગણતરી છગનભાઇને ગળે ઉતરી.

"તારી વાત સાચી છે, આ સંપેતરાં ભારે પડી જાય..."

"કાં છગનભાઈ ! જાગો છો ?" ઓરડી બહારની સાંકળ ખખડી.

"એ કોણ છે ?"

"ઉઘાડો ઉઘાડો, ભલા માણસ ! દેશ જવું હોય એનાથી આટલું વહેલું સૂવાય ?"

મિસિસે જઇને બારણું ખોલ્યું.

"હું જરા મોડો થયો એ માટે માફ કરજો. બજારમાં પપનસ નહોતાં એટલે વાર થઇ ગઇ."

"પપનસ ? સુંદરદાસ ! આટલાં બધાં પપનસને શું કરવાં છે ?"

"તમને ખબર નથી. આપણો કિશોર હમણાં દેશમાં છે એને પપનસ બહુ વહાલાં છે. એનો આજે સવારે જ કાગળ આવ્યો કે કોઇ ઘર જેવું માણસ આવતું હોય તો એની સાથે થોડાં પપનસ મોકલી આપજો."

"પણ એકાદ પપનસ લઇ જવાનું ઠીક પડે, આટલાં બધાં પપનસ તે સાથે શી રીતે લઇ જવાય ?" સહેજ કચવાઇને છગનભાઇએ સુંદરદાસ સામે જોયું.

"કંઇ વધારે નથી. વધુ ભાર ન થાય એટલા માટે મેં માત્ર આ દોઢ ડઝન પપનસ લીધાં છે."

"માત્ર દોઢ ડઝન ?" બોલતો છગનભાઇ વ્યંગમાં હસ્યો.

"ભલા માણસ ! તમારા જેવું ઘરનું માણસ જાય અને અમારૂં આટલું સંપેતરૂં ન લઇ જાય ?"

"પણ આ તે સંપેતરૂં કે સંપેતરો ?" છગનભાઇએ હસીને આ વજનદાર સંપેતરા તરફ સુંદરદાસનું લક્ષ ખેંચ્યું.

"સામાન ક્યાંઇ તોળાવવો પડશે તો એનો ખરચ હું આપીશ." સુંદરદાસે સહેજ ગંભીર થઇને કહ્યું.

"અરે ખરચ બરચ તો ઠીક, પણ સ્ટીમરમાંથી પાછું ટ્રેનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાનું છે એમાં ક્યાંક મજૂર બજૂર ના મળે તો આટલો ભાર ઢસરડે કોણ ?"

"ત્યારે શું કરવું ?" સુંદરદાસે એરંડિયું તેલ પીધું હોય તેવું મોઢું કરી છગનભાઈ સામે જોયું.

"મારૂં માનો તો આ સત્તર પપનસ પાછાં લઇ જાઓ અને એક પપનસ મને આપો."

"એમ શી રીતે બને ? મેં અઢાર બજારમાંથી ખરીદ્યાં એ તમારે વિશ્વાસે ખરીદ્યાં છે. હવે સત્તર પાછાં કોણ રાખે ?"

"ત્યારે મારે આ કઈ રીતે લઇ જવાં ?"

"જુઓને છગનભાઇ ! આ આખીયે પપનસની ગાંસડી જુદી છે. તમને એમાં લેશ પણ વાંધો આવે એવું નથી."

"પણ ગાંસડાં પોટલાં કેટલાં થયાં એ તો તમે જુઓ ?"

(૩)

સસરાને ઘેર પરણીને પહેલી વાર જતી કોઇ કન્યકા કપાળમાં કંકુની પીયળ કાઢીને તૈયાર થઇ હોય, તેવી રીતે મુંબાઇના પ્રીન્સેસ ડોકમાં સ્ટીમર 'ઇરાવતી' પહેલા પહોરનાં રાતાં કિરણે દરિયામાં રંગાઇ ગઈ હતી. ગોદીમાં મુસાફરોની ઠઠ જામી હતી, પણ એથીયે ચારગણી ઠઠ તો એ મુસાફરોને મેલવા આવનારની હતી. તેમાંય છોકરાંઓની રાડો, મજૂરોની બૂમો, ઓળખાતીઓના અવાજો—એ બધાના મિશ્રણથી એવા પ્રકારના અવાજો થતા હતા કે ચારે તરફ રીડિયો રપટ થઇ રહ્યો હતો અને ગોદીએ એટલી વખત મચ્છી બજારનું સ્વરૂપ ધારણ કર્યું હતું.

"છગનભાઇને જોયા ?" એક જણે વિક્ટોરિયામાંથી ઉતરતાં પોતાના એક ઓળખીતાને હાંફતાં હાંફતાં પૂછ્યું.

"જો, ઓલા ખુણામાં સામાનના ઢગ વચ્ચે ઉભા."

તુરત ગીરદીમાંથી આવનારે ધક્કામુક્કી કરી એ તરફ ઝંપલાવ્યું.

"છગનભાઈ ! જે જે."

"ઓહો જયંતિલાલ ! તમે..."

"આ એક સંપેતરૂં લઈ જવાનું છે."

"શું છે ?"

"બીજું કંઇ નથી. થોડી સરગવાની શીંગો છે. તે તમારે આપણાં ઘરડાં મા દેશમાં છે એમને આપવાની છે."

"સરગવાની શીંગો ? અને તેય આટલી બધી ?"

"ડોસીમાને બહુ વહાલી છે. અને મેં આજ રાતે સદા બજારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળ્યું કે તમે જવાના છો એટલે સવારના વહેલો ઉઠી ભુલેશ્વર ગયો અને ત્યાંથી આ શીંગો ખરીદી મારતે ઘોડે વિક્ટોરિયામાં અહીં આવી પહોંચ્યો.

"એમ કરો. આટલી બધી શીંગો ડોસીમા ખાઈ નહિ શકે. હાલી સૂકાઈ જશે. દશ–બાર આપો એટલે હું ડોસીમાને પહોંચાડી દઈશ. અને વધુ જોઈતી હશે તો ચોરવાડમાં આપણા ઓળખીતા ઘણા છે, ત્યાંથી કાગળ લખીને મંગાવી આપીશ."

"એ તો ઠીક, પણ ક્યાં ચોરવાડ અને ક્યાં આપણું ગામ?"

"કંઇ ખાસ છેટું નથી. અને ચોરવાડની સરગવાની શીંગ એટલે ઓર ચીજ. આ શીંગો તો એની પાસે કંઇ હિસાબમાંજ નથી."

"છગનભાઇએ આ રીતે બહુ સમજાવ્યો છતાં પેલા ભાઇએ તો એ શીંગનો ભારો છગનભાઈના સામાન વચ્ચે ગોઠવી દીધો.

સત્તાવીસ ભેળાં અઠ્ઠાવીસ, એ હિસાબે છગનભાઇનો સામાન સ્ટીમરપર ચડયો. મજૂરોએ છગનભાઈ પાસેથી મજૂરી પણ ઠીક લીધી.

આખરે એ કકળાટ વચ્ચેથી ઉપડયા, સ્ટીમરે ભુંગળું વગાડ્યું, ત્યાં એક માણસ દોડતો આવ્યો અને ડેક પર સામાન ગોઠવતા છગનભાઇને બૂમ પાડી:

"એ છગનભાઇ! આ એક સંપેતરૂં લેજો." બોલતાં બોલતાં એ બોલનારે એક ફેન્સી કાગળમાં બાંધેલી મિઠાઇની ટોપલીનો છૂટો ઘા કર્યો. એ ઘા બરાબર છગનભાઈના નાકમાં લાગ્યો અને છગનભાઇને એક ક્ષણ તમ્મર આવી ગયાં.

ઉપડતી વખતે આવા અપશુકન થવા માટે મિસિસ છગનભાઇ બબડયાં: "મારાં રોયાં આ સંપેતરાં તો જીવ લઈ ગયાં."

સ્ટીમર ઉપડી, થોડી વારે છગનભાઇને કળ વળી.

"ઈ સંપેતરાનો ઘા કરનારો કોણ હતો?"

"ઓળખ્યો નહિ? કમુ ડોશીનો લાલીઓ."

"મુઓ એ લાલીઓ! આવી રીતે આમ ઘા કરાય? કેવુંક લાગ્યું છે?"

"ખાસ કંઇ બહુ નથી લાગ્યું. ઇ તો નાક પર સીધો ઘા આવ્યો એટલે થોડી કળ ચડી ગઈ હતી."

(૪)

સ્ટીમરના તુતક પર છગનભાઇનો સામાન એક નાનું સરખું પ્રદર્શન ભર્યું હોય તેવો લાગતો હતો. એ જગ્યા આગળથી પસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થનાર સૌનું ધ્યાન એ સામાન તરફ ખેંચાતું હતું.

રાતના ઉજાગરાથી છગનભાઇ થાકયો હતો. એટલે એણે દરિયા-ની મીઠી લહેરમાં દિવસ આખો કુંભકર્ણની ખેંચી.

રાત પડી, પવન વધ્યો, મોજાં પણ ઉછળવાં શરૂ થયાં. રાતના નવ, દસ, અગિયાર અને બાર થયા ત્યાં તો કેપ્ટને ચેતવણી આપી કે તોફાનમાં સ્ટીમર સપડાતી જાય છે.

ડેક પર તો મોજાં આવવાં શરૂ થયાં. ડેકનાં બધાં ઉતારૂઓએ મધરાત ફાલકામાં જવું પડયું. છગનભાઈની તકલીફનો પાર ન રહ્યો. બધાં સંપેતરાં ખેંચતાં ખેંચતાં એ હેરાન હેરાન થઇ ગયો. મિસિસે તો એ સંપેતરાં દેનારાઓને ગાળો દેવામાં બાકી રાખી નહિ.

બીજે દિવસે સવારે વેરાવળ પહોંચી જવાશે એવી માન્યતાથી બેઠેલાં ઉતારૂઓએ ચાર ચાર દિવસ સુધી વેરાવળનો કાંઠો દીઠો નહિ. સૌનાં ભાતાં ખૂટયાં. કેપ્ટને બધાની સગવડ જાળવવા બહુ બહુ પ્રયાસ કર્યા છતાં ઘણાં મુસાફરોને દરિયાની મુસાફરી લાગી.

છગનભાઈને પોતાની આસપાસનાં ઉતારૂઓને ભૂખ્યાં બેઠેલાં જોઇ એક નવો વિચાર આવ્યો. પોતાની આસપાસ પડેલાં સંપેતરાં તરફ એની દૃષ્ટિ ગઇ.

સૌથી પહેલું પપનસનું બંડલ છોડી એણે ફાલકાના ઉતારૂઓને આજના બપોરા પપનસના ફરાળથી કરાવ્યા. બધાં પપનસ એ રીતે પૂરાં થયાં.

"પણ પેલી તમારા નાકમાં લાગી એ ટોપલીમાં છે એ તો જુઓ" મિસિસને આ સંપેતરાંનો હિસાબ લેવાનું મન થયું.

છગનભાઇએ એ કાગળોથી મજબૂત બાંધેલી ટોપલી હાથમાં લીધી. ઉપરના કાગળો ઉખેડતાં ઉખેડતાં છગનભાઇએ હર્ષનાદ કર્યો.

"લ્યો, આ બહુ સારૂં થયું."

"શું છે ?" મિસિસે આતુરતાથી પોતાના પતિ સામે જોયું.

"ગોવિંદાશ્રમની સ્વદેશી સાકરની મિઠાઇ છે. આપણને કામ આવશે અને બીજાંઓને પણ એ સ્વાદિષ્ટ મિઠાઇનો લાભ મળશે."

ચાર ચાર દિવસથી અર્ધું ખાધું ન ખાધું એવી સ્થિતિમાં ટળવળતાં કેટલાંઓએ આ મિઠાઇની ટોપલી સામે મીટ માંડી.

છગનભાઇએ એ ટોપલીમાંનાં કેસરની સુગંધથી મઘમઘતાં બદામનાં બિસ્કુટો ફાળકામાંનાં સર્વ છોકરાંઓને વહેંચી દીધાં. બદામનો, હલવો બીજાં ભૂખ્યાં માણસને ખવરાવ્યો. બાકીની મિઠાઇની નાની સરખી ઉજાણી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મિઠાઇનું સંપેતરૂં પૂરૂં કરી પછી લીધા કુરમરા, જરદાળુ, દ્રાક્ષ અને એ બધું પણ ખલાસ કર્યું. આમ જેટલાં સંપેતરાંમાં ખાવાનું હતું એ બધું છગનભાઇએ વહેંચી દીધું.

ડેક પરનાં મોજાંથી કેટલાંકનાં કપડાંઓ ભીનાં થઇ ગયાં હતાં. એ સર્વને કપડાંનાં સંપેતરાં તોડી છગનભાઇએ નવાં કપડાં પહેરાવ્યાં.

માત્ર એક મગમાળા સિવાયનાં બધાં સંપેતરાં વેરાળ આવે એ પહેલાં ખલાસ થયાં.

"તમે આ લોકોને જવાબ શું આપશો ?" મિસિસે વેરાવળનો કાંઠો દેખાતાં છગનભાઈ સમક્ષ પ્રશ્ન મૂકયો.

"શેનો જવાબ ?"

"સંપેતરાં બધાં ખલાસ કર્યાં એનો ?"

"એમાં જવાબ શું આપવાનો છે ! ખરી હકીકત છે કે તોફાન થયું એટલે સ્ટીમરમાં વધુ દિવસ રહેવું પડયું. અને એ વખતે ખાવાનું હોવા છતાં ભૂખે કોણ મરે ? વસ્ત્રો પડયાં હોય છતાં ટાઢે કોણ થરથરે ! એ હિસાબ. સંપેતરાંનો બીજાને કાજે ઉપયોગ થયો."

× × × ×

છગનભાઈ ભંડુરી પહોંચ્યા ત્યાં તો સંપેતરાં લેનારાઓ વાટ જોઇને બેઠાં હતાં તે તુરત એકઠાં થઇ ગયાં. છગનભાઇએ એ સર્વને જ્યારે સનાતના સમાચાર આપ્યા ત્યારે કેટલાકોએ ગુસ્સે થઇને મુંબાઈ કાગળો લખ્યા. એ કાગળો મળતાં કેટલાકોએ થોડી ધુંવાપુંઆ કરી, પણ એમાં કોઇનું શું ચાલે ?

× × × ×

બીજે વરસે જ્યારે છગનભાઇ મુંબાઇથી ભંડુરી આવ્યા ત્યારે એક પણ સંપેતરૂં કોઇએ એને આપ્યું નહિ અને છગનભાઇએ એ માટે તે દિવસે સ્ટીમરમાં નડેલા તોફાનનો આભાર માન્યો.

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३३-अक्कलनी वहेंचणी

(લેખકઃ-શ્રી. ઘનશ્યામ મ. વસાવડા, બી. એ.)

પૃથ્વીના પ્રલય પછી ભગવાને વરાહ રૂપ ધારણ કરી, પાતાળમાં રાક્ષસો સાથે ભીષણ યુદ્ધ કરી પૃથ્વી માતાને જળ નીચેની અતિશય ઠંડીમાંથી સૂર્યના પ્રકાશમાં લાવ્યા પછી, ભગવાને બ્રહ્માને પૃથ્વી ઉપર પહેલાંના જેવીજ વસ્તુસ્થિતિ લાવી આપવા આજ્ઞા કરી. વસુંધારાના કકળાટથી કંટાળેલ બ્રહ્માએ નીમાણે મોંએ એ હુકમ માન્ય રાખ્યો અને પોતાનું કામ શરૂ કર્યું. થોડા સમય પછી જ્યારે તેણે પર્વતથી રજકણ, મોટામાં મોટાં ઝાડથી નાનામાં નાના છોડવા, ઘૂઘવતા સમુદ્રથી છળછળતાં ઝરણાં અને મોટામાં મોટાં પ્રાણીથી નાનામાં નાનાં જંતુ સુધીની આખી સૃષ્ટિ ઉત્પન્ન કરી ત્યારે તેણે ભગવાનને પોતાની અનુપમ કૃતિનું નિરીક્ષણ કરી જવા આમંત્રણ મોકલ્યું. ભગવાને તે આમંત્રણ સ્વીકાર્યું. આપેલા સમયથી બરાબર બે કલાક ભગવાન મોડા આવી પહોંચ્યા. આખી સૃષ્ટિ જોઇ. આખી સૃષ્ટિમાં તેને એક વસ્તુ ગમી. એ એકજ વસ્તુ માટે તે ગાંડો ઘેલો થયો અને તે વસ્તુ કઇ ? મનુષ્યજાત ! માનવપ્રાણી !

પોતાની અત્યંત પ્રિય એવી આ જાતને કંઇ નવાજેસ કરવાની ભગવાનને ઇચ્છા થઇ આવવાથી ભગવાને બ્રહ્માને કહ્યું: "બ્રહ્માજી ! મનુષ્યપ્રાણીથી હું ઘણોજ પ્રસન્ન થયો છું. હું તેને કાલે કંઇ ઇનામ આપવાનો છું. માટે સર્વ મનુષ્યો તે ઇનામ લેવા આવે એવા તે લોકોને ખબર આપજો."

"ઇનામ શું આપશો, ભગવન્ ?" બ્રહ્માએ પૂછ્યું.

"અક્કલ." ભગવાને ઉત્તર આપ્યો.

આ વાતચીત થઇ રહ્યા પછી ભગવાને ખૂબ અક્કલ એકઠી કરી. તેનો એકેક શેરનો એક એક લાડુ વાળી એક મોટા ઓરડામાં એ લાડુનો મોટો ગંજ કર્યો. બધા લાડુ થઇ રહેતાં છેલ્લો લાડુ સવાશેરનો થયો ! તે પણ ત્યાંજ મૂકયો.

વળતે દિવસે લોકોનાં ટોળેટોળાં ભગવાનને ઘેર ઉભરાવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાને એ લોકોને કહ્યું: “આ ઓરડામાં અક્કલના લાડુ મૂકી રાખ્યા છે. તેમાં એક સવાશેરનો છે. સૌએ એક એક લાડુજ લેવાનો છે. જાવ, એકેક લઇ લ્યો.”

ત્યાં તો મચ્યું ધમસાણ. લાડુ લેવાની દોડાદોડમાં કોઇ કચડાયા, કોઇ છુંદાયા, કોઇને ધક્કા વાગ્યા, કોઇને મુક્કા વાગ્યા. સૌ લાડુ લઇને પાછા ફરે અને બધા સમજે કે મારો લાડુ સવાશેરનો, મારામાં અક્કલ સૌથી વિશેષ !

આખરે એ ટોળું વીખેરાયું. થોડો સમય થયો ત્યાં બીજું આવ્યું. “ભગવાન ! અમને અક્કલ ! અમે તો રહી ગયા !” એ લોકો બોલ્યા.

“મોડા કેમ આવ્યા ?” ભગવાને પૂછ્યું.

“એ તો જરા મોડા ઉઠાયું.” એક જણ શરમાઇને બોલ્યો.

“તે સહન કરો.” ભગવાને જવાબ આપ્યો.

તો પણ ભગવાન તો દયાના સાગર ને ! તેણે તેઓને કહ્યું: “જાવ, વાસણ લઇને આવો, તમને પાણી જેવી અક્કલ આપીશ.”

માણસો તો ખુશ ખુશ ! ઘેર જઇ કોઇએ વાડકો, કોઇએ તપેલી, કોઇએ ઘડો તો કોઇએ બાલટી ઉપાડયાં. એક તો એટલો લોભી કે તેણે તો મોટી નાંદ ઉપાડી. ચાલ્યા સૌ ભગવાનને ઘેર !

ભગવાન અક્કલ રેડતા જાય અને વાસણ ભરતા જાય અને ભરી ભરીને ચાલતા થાય. કેટલાકનાં વાસણ અક્કલથી ભરાયાં. એકને ઉતાવળમાં ને ઉતાવળમાં કશું ન મળવાથી ચારણી હાથમાં આવેલી. તેણે તેને થાળી ધારી ભગવાને અક્કલ રેડી એટલી ધૂળમાં ! પેલા નાંદ અને ગોળાવાળા તો મનમાં ઘણાએ હરખાય કે સૌથી વિશેષ અક્કલ તેઓનેજ મળેલી, પણ ઘેર પહોંચ્યા પછીજ તેઓને અજાયબી સાથે ખબર પડયા કે નાંદ આખી સારી હતી, ફક્ત તળિયુંજ નહોતું; અને ઉતાવળમાં ગોળાને બદલે ગોળાનો કાંઠલો હાથમાં આવેલો ! તેઓએ નશીબને વગોવીને કપાળ કૂટયું !

થોડા સમય બાદ વળી એક ટૂકડી આવી. પોતે બહુજ મોડા થએલા હોવાથી ભગવાન જરૂર ક્રોધે ભરાશે એમ ધારીને તે લોકો પોતાની સાથે તેને લાંચ આપવા કોઇ નાળિયેર તો કોઇ દીવો, કોઇ અપવાસ તો કોઇ બ્રહ્મભોજન સાથે લાવ્યા હતા. ભગવાનને જોઇને તુરતજ તે લોકોએ એ સર્વ વસ્તુઓનો ઢગલો તેની પાસે કરી દીધો, પછી સર્વ લોકોએ એકીઅવાજે અક્કલની માગણી કરી. ભગવાન પણ પેલી લાંચનો ઢગલો જોઈ કંઇ નરમ પડયા, અને જેટલી બાકી રહી હોય તેટલી અક્કલ તે લોકોને વહેંચી આપવા ચોક્કસ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન અહીં ફર્યા, ત્યાં ફર્યા, સર્વત્ર ફર્યા. અક્કલનો છોડવો પણ હાથ લાગ્યો નહિ ત્યારે નિરાશ થઇ વિચાર કરવા બેઠા. લક્ષ્મીજીએ તરતમાંજ આણેલો ગરમાગરમ ચાનો પ્યાલો પીને બેએક સીગારનો ધુમાડા કર્યો ત્યાં ઘનઘોર વાદળમાંથી વીજલડીનો ચમકાર થાય તેમ એક વિચાર સૂઝી આવ્યો. ભગવાન છલંગ મારી બેઠા થયા. લોકોનાં ટોળાંને સ્વસ્થ થઇ ઉભા રહેવા કહ્યું. અક્કલના લાહુવાળો ઓરડો ધોઇ તેનું પાણી ભેળી એ મળેલા લોકો પર છાંટયું એટલે એ લોકોમાં અક્કલનો છાંટો આવ્યો.

હવે બાકી રહેલા લોકો અને તેટલી સુંદરમાં સુંદર વસ્તુઓ લાંચ અને ભેટ તરીકે ભગવાનને આપી થોડી ઘણી અક્કલ લેવા આવ્યા. ભગવાને પણ ત્રણે લોકમાં તલસ્પર્શી તપાસ ચલાવી, પણ વહેંચાઇ ગયા પછી હવે અક્કલ ક્યાંય ન મળી! લક્ષ્મીજીના હાથના ચાના પ્યાલા ઉપર પ્યાલા ચઢાવ્યા, સીગાર ઉપર સીગારના ગોટેગોટા કાઢ્યા પરંતુ એ ચાની વરાળમાં કે ધૂમાડાના ગોટામાંથી અક્કલ શોધી કાઢવાની નવી યુક્તિ તેને ન મળી! હતાશ થઈ ભગવાને એ ટોળાંને દુઃખી જીગરે પાછા જવા ફરમાવ્યું એટલે એ લોકોમાં અક્કલનો છાંટોએ ન આવ્યો!

આમ અક્કલની લહાણી કરી ભગવાન લક્ષ્મીજી અને તેના મિત્રોની સાથે બીઝીક રમવા બેઠા. જેઓને અક્કલ મળી હતી તેના હર્ષનાદ અને જેઓને નહોતી મળી તેઓના આર્તનાદ તથા જેઓને થોડી મળી હતી તેઓના વિખવાદના ગગનભેદી અવાજો સાંભળી બ્રહ્માજીએ દુનિયાને ફરી ઉત્પન્ન કરી પોતાને શિર કાંટાળો તાજ અને પગમાં ઝાંખરાં ઉત્પન્ન કરવા માટે પશ્ચાત્તાપ કર્યો. પરંતુ હવે તો ઘણું મોડું થયું હતું! ગરીબ બિચારો બ્રહ્મા!

(તો પણ છેલ્લી ટુકડીવાળા "ભગવાનના માણસો" ના મનને અત્યંત આઘાત ન લાગે માટે ભગવાને પાછળથી ભળતાજ નામનો અક્કલગરા નામનો છોડ ઉગાડયો. એ લોકોએ પણ ભગવાનનો ઉપકાર માન્યો અને ભગવાનને પ્રિય એવી વર્ષા ઋતુમાં જયારે તે ઢગલાબંધ ઉગે ત્યારે પ્રભુપ્રસાદ તરીકે તેનો બહોળો ઉપયોગ કરવાનો પ્રબંધ કર્યો.)

("શારદા" માસિકના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪–સારંગીવાળો

(લેખકઃ–શ્રી. રમણલાલ ન. વકીલ)

સાંજના ૭ વાગ્યા હશે. મારા હમેશના નિયમ પ્રમાણે હું ફરવા જતો હતો. ગામનો દરવાજો વટાવી મેં નદી તરફનો રસ્તો લીધો. ગામથી થોડે દૂર ગયો હોઇશ ત્યાં રસ્તાની બાજુની વાડ પાસે મેં એક માણસને પડેલો જોયો. એનાં કપડાં ફાટયાં–તૂટયાં હતાં. એટલે પહેલાં તો મને લાગ્યું કે, કોઇ બિચારો ભિખારી થાકયો–પાકયો પડયો હશે. જરા પાસે ગયો એટલે મારો આ ભ્રમ ભાંગ્યો. મેં એને ઓળખ્યો. હા, એ તો એજ–પેલો સારંગીવાળો–દિવાનો ! હું એની છેક પાસે ગયો. એનો શ્વાસ માતો નહોતો. એના પેટમાં ઉંડા ખાડા પડયા હતા. જગતને જોઇ જોઇને કે પોતાનું અંતર્ગૂઢ દુઃખ એકાંતે રડી રડીને એની આંખો થાકી ગઇ હતી. એની સારંગીને–પ્રાણથી યે અધિક પ્રિય સારંગીને–તેણે છાતી સરસી ચાંપી હતી; જોડાનો અવાજ સાંભળી એણે એની આંખો જરા ઉઘાડી. મને જોઇ ઓળખી, એક નિઃશ્વાસ મૂકયો ને આંખો બંધ કરી દીધી.

પળ બે પળ હું મૂઢ જેવો ઉભો રહ્યો. મારા પ્રત્યેના આ અણગમાનું કારણ હું હજુ સુધી કલ્પી નહોતો શકયો. મેં નીચા વળી એના કપાળ પર હાથ ફેરવ્યો. એનું શરીર ધીકતું હતું. સ્પર્શ થતાં એણે ફરીથી આંખ સહેજ ઉઘાડી, ને મને જવા સૂચવતો હોય તેમ ફરીથી એણે એ આંખો બંધ કરી દીધી.

× × × ×

અમારા ગામમાં તે બેએક માસથી આવ્યો હતો. તે ક્યાંથી આવ્યો, શા માટે આવ્યો અને કોણ હતો, તે કોઇ જાણતું નહિ. આખોયે દિવસ તે ગામમાં સારંગી લઇ ફરતો. બહારથી સુજનતાની ખાતરી આપે એવું મકાન જોઇ તે ત્યાં ઘડીએક થોભતો. બે–ત્રણ મિનિટ સારંગી વગાડી આગળ ચાલતો. કોઇ પાસેથી કદીયે પાઇ–પૈસો માગતાં મેં એને જોયો નહોતો; પણ એની સારંગીના સૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળી એટલે ને બારીએ સ્ત્રીઓ, પુરુષો અને બાળકો ભેગાં થતાં. સારંગી બંધ પડતાં બધાં આવતાં તેમ ઘરમાં ચાલ્યાં જતાં. તૃપ્તિના ઓડકાર આવતાં જગતને આ ભૂખ્યાની ભૂખનો વિચાર સરખોય નહોતો આવતો. ઉલટા, સંગીતના સૂર ઘણાકની એકાગ્રતામાં વિક્ષેપરૂપ થઇ પડતા અને એને બારણેથી હડધૂત કરી કાઢી પણ મૂકતા. દરરોજના આવા અનુભવથી ટેવાએલો સારંગીવાળો એક શબ્દ પણ બોલ્યા વગર, રોષનો ભાવ પણ દર્શાવ્યા વગર, ત્યાંથી ચાલ્યો જતો.

એક દિવસ તે મારા ઘર આગળ આવીને ઉભો. એની સારંગીના તાર સાથે મારા હૃદયના તાર પણ ઝણઝણી ઉઠયા ત્યારે એના વદન ઉપર કંઇક અજબ ભાવ મને દેખાયા. સારંગીના સૂર સાથે હૃદયનું સંધાન થતાં એનાં નેત્રો લગભગ મીંચાઇ જતાં; અને એનો સંગીતમય આત્મા ઘડીભર આ વાસ્તવ જગત ત્યજી કોઇ અલૌકિક ભાવનાપ્રદેશમાં વિહરતો એમ મને એની મુખમુદ્રા પરથી તરતજ લાગ્યું. આ સંગીતમય જીવન, આ રસિકતા, આ તન્મયતા જોઇ હું એના પર મુગ્ધ થયો. મને એની કલા અને એ કલાના પૂજારી પ્રત્યે માન ઉપજ્યું. સરલા ને મનુ પણ મારી જેમ મુગ્ધ બની એકચિત્તે એ સંગીતધારાનું રસપાન કરતાં હતાં. બે-ત્રણ મિનિટે સારંગી બંધ પડી ને એ સાથે અમે ત્રણે આ દિવ્ય સંગીતની રસસમાધિમાંથી જાગ્રત થયાં. એ ચાલ્યો જતો હતો તેને મેં ઉભો રાખ્યો. સરલા રસોડામાં જઇ થોડું ખાવાનું લઇ આવી, મનુ પાણીનો પ્યાલો લઇ આવ્યો. એની આકૃતિ, મુદ્રા ને પ્રતિભામાં મને કંઇક વિશિષ્ટતા દેખાઇ. એ સાધારણ ભિખારી તો નજ હોઇ શકે, એમ મારૂં હૃદય મને કહેતું હતું. મેં તેને ઘરમાં આવવા કહ્યું. જવાબમાં તેણે ડોકું ધુણાવ્યું ને ઓટલે બેસી ખાધું. એ પાણી પીતો હતો ત્યારે મેં એને પૂછ્યું:

"ભાઇ! તમે કોણ છો?"

"સારંગીવાળો." એટલાજ શબ્દ નછૂટકે તે બોલ્યો.

મારી કુતૂહલવૃત્તિ વધારે સતેજ થઇ. આ દેખીતું સત્ય સ્વીકારવા મારા હૃદયે ના પાડી, એટલે મેં બીજો પ્રશ્ન કર્યો:

"તમે ક્યાંથી આવ્યા?"

જવાબમાં તે મારે આંગણેથી ઉઠીને ચાલ્યો ગયો.

એની આ પ્રકારની વર્તણુકથી સરલા અને હું વિસ્મિત થયાં. એના મુખ પર ખાનદાની હતી, એની આંખોમાં સંસ્કારિતા હતી; એના સંગીતમાં દર્દ હતું, સહૃદયતા હતી, શાસ્ત્રીયતા હતી, એના જીવનનો ઇતિહાસ જાણવા હું અધીરો બન્યો, પણ એ ઇતિહાસ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વમુખે કહે એ મને એના આવા વિચિત્ર વર્તન ઉપરથી શક્ય ન લાગ્યું. એની સારંગીના પ્રત્યેક સૂરમાં, એના હૃદયના મૂક, ગૂઢ ઉરભાવ વહેતા; એ પરથી હું એટલુંજ કલ્પી શક્યો કે આ કોઇ ભગ્નહૃદયી છે. સરલાએ પણ મારી આ કલ્પનાને ટેકો આપ્યો.

એ થોડે દૂર ગયો હશે ત્યાં અમારા પડોશી છગનભાઇ ઓટલે આવ્યા. જગતમાં બધાને મારી સલાહની જરૂર છે એવું માનનારા ઘણામાંના તે એક હતા, એટલે એમણે પોતાના સ્વભાવ પ્રમાણે મને શિખામણ આપવી શરૂ કરી.

"બિપિનભાઈ! આવા ભિખારીઓને તમે ઉંબરે ચડાવો છો તે કોક દહાડો પસ્તાશો!"

"કેમ?" આ શબ્દો પાછળનું રહસ્ય ન સમજતાં મારાથી સ્વાભાવિક રીતે બોલાઇ જવાયું.

"એ તો મારા ભાઇ! તમે રહ્યા ભોળા, તે આવા ચોરટાઓને કેવી રીતે ઓળખી શકો? બાકી એવા લોકો તો ભીખ માગવાને બહાને ગમે તેવા વેશ લઇ ગામમાં આવે, આપણું ઘરબાર જોઇ જાય, રાત્રે ચોરીના ધંધા કરતા ફરે. રખેને એવાને ઉંબરે ચડાવતા!"

ચેતવણીના આટલા શબ્દો ઇચ્છા વિરુદ્ધ સાંભળી, ઑફિસનો વખત થયો હોવાથી હું ઘરમાં ગયો.

બીજે દિવસે છગનભાઇના બારણા પાસે તે સારંગી વગાડતો હતો. સૂર સાંભળી સરલા અને હું હીંચકા પરથી ઉઠયાં. ઓટલા પર આવતાંજ છગનભાઇની ગર્જના સંભળાઇ:

"સા...ભામટા..."

બીજીજ ક્ષણે છગનભાઇનાં બારણાં બંધ થઈ ગયાં. ધનિકોનાં ઘરમાં નજર સરખી કરવી એ પણ ગરીબાઇનો ગુનો છે.

મેં સંગીતવાળાને બોલાવ્યો. કંઇક ખંચાતે દિલે તે આવ્યો. ઓટલાના પગથિયા પર બેઠો ને આગલા દિવસની માફક એણે તાર છેડયા. સારંગી થોડી વારે બંધ કરી તેણે ઉઠવા માંડયું.

સરલાને સંગીતનો ઘણો શોખ હતો. પણ ગૃહજીવનની અનેક નાનીમોટી વિટંબણાને લીધે એને અત્યાર સુધી સંગીતનો શાસ્ત્રીય અને નિયમિત અભ્યાસ કરવાની તક નહોતી મળી. હવે સરલાને સંગીત શીખવા માટે પૂરતો અવકાશ મળી શકે એમ હતું એટલે મેં પૂછ્યું: "મારી સરલાને તમે સારંગી શીખવશો?"

માથું ધૂણાવી તેણે નકારસૂચક જવાબ આપ્યો.

"તમને સારો પગાર આપીશ." તેના શરીરમાં રહેલા સ્થૂલ

દુ ૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંશને લલચાવવા મેં પ્રયત્ન કર્યો.

મારી તરફ એક ઝીણી, કટુતાભરી નજર નાખીને ડોકું ધૂણાવી તે ચાલ્યો ગયો. અનેક તર્કવિતર્ક કરતાં સરલા અને હું કંઇક નિરાશ હૃદયે ઘરમાં ગયાં.

છગનભાઇએ કરેલું અપમાન કે મેં દર્શાવેલો સદ્‌ભાવ એને રૂચ્યો નહિ હોય. કારણ, કદીય મેં તેને મારી શેરીમાં ફરી જોયો નથી.

સાતેક દિવસ પછી મેં તેને જોયો ત્યારે તે બજારમાં સારંગી વગાડતો હતો. તમાશો જોવા ભેગાં થાય છે તેમ લોકોની ત્યાં ઠઠ જામી હતી. એની દિવ્ય સારંગી સાંભળવાની ઇચ્છાને રોકી ન શકતાં હું પણ ટોળામાં દાખલ થયો. એની ને મારી નજર એક થઇ. એણે મોઢું બીજી તરફ ફેરવી નાખ્યું. મારા પ્રત્યેના આ અણગમાનો હું વિચાર કરતો હતો ત્યાં ટોળામાં એક પોલિસદાદા દાખલ થયા.

"ઇધર રસ્તા કી બીચમેં કયા લગાયા હૈ ?" એમ કહી તેણે સારંગીવાળાને એક ધક્કો માર્યો. મૂંગે મોંએ આ જાહેર અપમાન ગળી જઈ તે ચાલતો થયો. લોકોનું ટોળું મળ્યું હતું તેમ વીખરાઈ ગયું ને મેં પણ ઘરનો રસ્તો લીધો.

* * * *

ગામનાં બાળકો એની પાછળ ઘેલાં થયાં હતાં. એ ગામમાં ફરવા નીકળતો ત્યારે છોકરાંનું ટોળું એની પાછળ પાછળ ગામ આખામાં ભમતું. કોઇ એની પાછળ 'દિવાનો, દિવાનો' એમ બૂમ મારતું, કોઇ ટીખળખોર એની પાછળ કાંકરા નાંખતાં, સંગીતવાળો મૂંગે મોંએ આ સર્વ સંતાપ સહી લેતો. એની એવી વર્તણુક જોઇ છોકરાંઓને પણ લાગ્યું કે એ દિવાનો નથી. ઘેલાં બનેલાં છોકરાં એના તરફ વધુ ઘેલાં બન્યાં.

એક દિવસ સમી સાંજે હું છગનભાઇ સાથે ઓટલે બેસી ગામગપાટા મારતો હતો. એટલામાં મનુ હરખાતો હરખાતો આવ્યો.

"કાકા ! આજે તો પેલા સારંગીવાળા દિવાનાએ અમને બધાને સાકરિયા ચણા આપ્યા." એમ કહી એણે પોતાની ભરેલી મુઠ્ઠી ખોલી અને બે દાણા મોઢામાં નાખ્યા.

છગનભાઇએ સારંગીવાળાને ભિખારી કહ્યો તે મનુને પોતાનું અપમાન થયું હોય તેમ ખૂંચ્યું, એટલે એનાથી બોલ્યા વગર ના રહેવાયું: "તે છગનકાકા ! એ કાંઇ ભિખારી નથી. એ તો બહુ સારો માણસ છે."

"તે તમે છોકરાંઓ શું સમજો ! એવા તો કંઇએ ભામટાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામમાં ફરે છે."

છગનભાઇ કરતાં મારા નાના, નિર્દોષ મનુની માણસપરીક્ષામાં મને વધુ વિશ્વાસ હતો, એટલે હું શાંત રહ્યો.

"એ બિપિનભાઈ! તમે ગમે તે કહો, પણ મને એ સારંગીવાળા પર ભારે વહેમ છે. કાં તો એ ચોર હશે, અગર છૂપી પોલિસનો માણસ હોવો જોઇએ."

અમારા ગામમાં આવતા પ્રત્યેક નવા બાવા, ભિખારી કે મદારી માટે આવી કંઈ કંઇ કલ્પના લોકમાનસ કરતું. છગનભાઇની આ કલ્પના માટે મને એમના પ્રત્યે માન તો નજ ઉપજ્યું. ઉલટું, તે દિવસથી મનુના દિલમાંનું છગનભાઇ માટેનું અર્ધું માન ઓછું થઇ ગયું.

આવા ગરીબ માણસ પાસેથી કંઈજ ન લેવા માટે મેં ઘરમાં જઇ મનુને સલાહ આપી. પોતાનો વાંક ન હોવાથી મનુએ પોતાનો બચાવ કર્યો:

"પણ કાકા! અમે કંઇ એની પાસે માગ્યું નહોતું. એ તો એની જાતેજ કંઇ કંઇ લાવી બધાં છોકરાંઓને વહેંચી આપે છે. કાકા! મેં એને આજે પૂછ્યું કે તમે આખો દિવસ સારંગી કેમ વગાડ્યા કરો છો?"

"ત્યારે એણે શું કહ્યું?" સરલાએ પૂછ્યું.

"કે સારંગી મને બહુ ગમે છે. ને પછી પેલા કિરણે પૂછ્યું કે મારા બાપા તો રોજ ઑફિસ જાય છે ને તમે કેમ નથી જતા? ત્યારે એ કહે કે, મને ઑફિસ નથી ગમતી."

સરલાને ને મને એના વિષે વધારે જાણવાની જિજ્ઞાસા તો હતીજ. સરલાએ મનુને પૂછ્યું:

"બીજું તમને એણે શું કહ્યું?"

"ને બા! મેં એને પૂછ્યું કે તમે કયા ગામના છો? તમારૂં કોઇ સગું નથી? ત્યારે તો એણે અમને અદ્ધરજ ઉડાવ્યા, ને પછી સારંગી લઇ એણે ગાવા માંડયું—

"રસીલાં બાલુડાં નાનાં, સમજશો સૌ તમે ત્યારે;
મને જે વીતી છે આજે, તમોને વીતશે જ્યારે.

"આ ગીત તો એ દરરોજ ગાય છે એટલે અમને બધાંને મોંએ ચડી ગયું છે."

આ વાતને ત્રણેક દિવસ થયા હશે. હું પરસાળના હીંચકા પર બેસી શાક સમારતો હતો. મનુ એનો નિશાળનો પાઠ વાંચતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. 'કેમ બિપિનભાઇ' કહી છગનભાઇ ઘરમાં દાખલ થયા; અને હીંચકે આવી બેઠા. દરરોજ આ પ્રમાણે સવારે મારે ત્યાં આવવું એ છગનભાઇનો નિત્યનિયમ હતો, અને એમની મારફત મને ગામની ને ન્યાતની નવાજૂની વાતો જાણવા મળતી. એમની નિંદા કરવાની સ્વાભાવિક વૃત્તિને આમ હું જાણ્યે અજાણ્યે અનુમોદન આપતો, એની મને ખબર હતી; પણ પરાઇ નિંદા સાંભળવી કોને નથી ગમતી? એટલે રસથી હું એમની વાતો સાંભળતો, ને દરરોજ એ જતા ત્યાર પછી એટલો સમય નકામો ગુમાવ્યા બદલ મને શોક પણ થતો. એમણે પોતાની લાક્ષણિક શૈલી પ્રમાણે હાથના અભિનય સાથે વાત શરૂ કરી: "કેમ બિપિનભાઇ! પેલા તમારા સારંગીવાળાનો કિસ્સો સાંભળ્યો કે?"

"ના. કેમ શું થયું?"

"એ હું તમને નહોતો કે'તો કે એ માણસ બદમાસ છે. આ ગઇ કાલે પેલા જૂની શેરીવાળા માણેકલાલ શેઠનો દીકરો છબીલો ગૂમ થયો એ તો તમે સાંભળ્યું હશે-"

"હા, ગઇ કાલે મનુ કાંઈ એમ કહેતો હતો ખરો."

"તે છોકરાની લાશ આજે સવારે વાઘરીવાડના કૂવામાંથી નીકળી. એને હાથે સોનાની નક્કર કલ્લીઓ હતી."

"એમ! કોઈ વાઘરીનુંજ એ કામ હોવું જોઇએ." અમારા ગામના વાઘરીઓ મુખ્યત્વે ચોરીનો ધંધો કરતા, અને પોલિસો પણ આ જાણી વાઘરીવાડ ઉપર નજર રાખતા, એટલે મારી આ માન્યતા સ્વાભાવિક હતી.

"ના, ના. એવાં ખૂનખૂન કરવાની વાઘરીની હિંમત ન ચાલે. એ તમારા સારંગીવાળાનુંજ કામ. આજે સવારે એને પોલિસે પકડયો ને ખૂબ માર્યો, પણ હજી સા... કબૂલ કરતો નથી. એ લોક તે કંઈ કાચા હશે કે એમ તરત કબૂલ કરી દે!"

સારંગીવાળા સામેનો આક્ષેપ મનુથી સહન ન થયો. એણે ચોપડી બાજુ પર મૂકી ને સારંગીવાળાનો બચાવ કરવા યત્ન કર્યો:

"ના, છગનકાકા! એ કોઇ દિવસ એવું કરેજ નહિ. અમારા બધામાંથી છબીલો અને હું તો સારંગીવાળાને બહુજ ગમતા."

"બેસ બેસ હવે, તમે છોકરાઓ શું સમજો? મેં તે દિવસે તને નહોતું કહ્યું કે એવા માણસોની પાછળ પાછળ ન જઇએ. એ તો રમાડી પટાવીનેજ પછી આવું કરે." છગનભાઇ સામે હવે મનુ વિશેષ દલીલ કરી શકે એમ નહોતું; પણ અમને બંનેને પૂર્ણ ખાતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી કે આવું ઘાતકી કૃત્ય આ નિર્દોષ સારંગીવાળો ન જ કરે."

"તે છગનભાઇ! એની પાસેથી કંઇ મુદ્દામાલ મળ્યો કે એમ ને એમજ પોલિસે પકડયો ?"

"અરે, એમ તે કંઈ એ લોક કાચા હોય છે કે પોતાની પાસે એવો મુદ્દામાલ રાખે ! ને એમાં એવા પુરાવાની જરૂર પણ શી ? એ દરરોજ ગામનાં છોકરાંઓને ખાવાનું આપવાને બહાને પટાવી ગામ બહાર લઇ જતો—તે એના વગર તે કોણ આવું કરે ?"

છગનભાઇના આવા તર્કશાસ્ત્ર સામે મારી દલીલ ચાલી શકે એમ નહોતી. એટલે મેં એ પ્રકરણ આગળ લંબાવવા પ્રયત્ન ન કર્યો ને છગનભાઇનો દેવદર્શનનો સમય થયો હોવાથી એ પણ વિદાય થયા. જમી કપડાં પહેરી હું ઑફિસે ગયો. હું, સરલા કે મનુ સારંગીવાળાને ખૂની માનવા તૈયાર નહોતાં.

અમારે ત્યાંથી ઊઠી છગનભાઇ બે–ચાર બીજાં ઠેકાણાં કરતા બેઠક પહોંચતા. ત્યાં અર્ધો પોણો કલાક આવા ગામગપાટા મારી, બજારમાં વળી પાછા બે પાંચ દુકાને જઇ, ઘેર પાછા આવતા. આપણા દેશમાં આવા સારા શહેરકી ફિકર રાખનારાઓની સંખ્યા અતિ વિશાળ હોવાને લીધે, પશ્ચિમના દેશોની પેઠે આપણા સામાજિક કે નાગરિક જીવનમાં આપણે માટે છાપું એ અનિવાર્ય વસ્તુ નથી.

સાંજે હું ઓફિસેથી ઘેર આવ્યો, ને છગનભાઇને બોલાવવા મેં મનુને મોકલ્યો. છગનભાઇ જન્મથી પૈસાપાત્ર હતા એટલે ઘેર બેઠાં એ લેણદેણનો ધંધો કરતા. જમીને બે કલાક આરામ લેતા ને સંધ્યાકાળે પાછા સવાર પ્રમાણેના પોતાના સામાજિક ને ધાર્મિક વ્યવસાયો પતાવતા. મનુ આવ્યો ને પાછળજ છગનભાઇ દાખલ થયા. બપોરે એ ઘરની બહાર નહોતા નીકળતા એટલે બહુધા સાંજ-વર્તમાનની ગરજ મારે સારવી પડતી.

"કેમ છગનભાઇ! પેલા સારંગીવાળાને છોડી દીધો એ તમે સાંભળ્યું કે ?" સરલા અને મનુ બંને ખુશ થયાં.

"શું કો'છ મારા સાહેબ ! આવા ભયંકર માણસને છોડી દેવામાં સરકારે મોટી ભૂલ કરી છે. કાલ ઊઠીને એ તો બીજાં છોકરાંના જાન લેશે."

"પણ એ બિચારો તો તદ્દન નિર્દોષ હતો. આજે બજારમાંજ કપિલરામ ફોજદાર મળ્યા તેમણે મને વાત કરી. આજ બપોરે જીવા વાઘરીના ઘરમાંથી કલ્લીઓ અને છોકરાનાં કપડાં મળ્યાં. બોલો, બીજો શો પુરાવો જોઇએ ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરે, એ તો બંને ભેરૂ હશે."

છગનભાઈના મનમાં ઘર કરી બેઠેલી શંકા સહજમાં દૂર થાય એમ નહોતું. સારંગીવાળો છૂટી ગયો, અને પોતાની શંકા ખોટી પડી, એનો શોક કરતા છગનભાઇ દેવદર્શને ગયા.

છબીલાના ખૂનની બીના આખા ગામમાં ફેલાઇ ગઇ. સારંગીવાળાની નિર્દોષતા પોલિસતપાસે પૂરવાર કરી; પણ છગનભાઇ જેવાની વાતમાં વિશ્વાસ મૂકનાર બધા સારંગીવાળા તરફ હવે શંકા અને તિરસ્કારની દૃષ્ટિએ જોતા. સારંગીવાળાની પાછળ જવાની હવે ગામનાં છોકરાંઓને માબાપે બંધી કરી હતી. સારંગીવાળાની દશા હવે વિશેષાંશે કફોડી થઇ. મુઠ્ઠી અનાજ અને બે–ચાર પૈસા મળતા તે પણ હવે બંધ થયા, ને અપમાન અને કનડગત વધ્યાં. હવે એનું ગામમાં ફરવાનું લગભગ નહિ જેવું થઈ ગયું. છબીલાના ખૂનને લગભગ એકાદ માસ વીત્યો હશે. એટલામાં સારંગીવાળો દેખાતો બંધ થયો એટલે મારા મનમાંથી પણ તે લગભગ ખસી ગયો હતો.

* * * *

સારંગીવાળો આંખ ઉઘાડે એની રાહ જોતો હું રસ્તાની બાજુમાં એની પાસે બેઠો. થોડી વારે એણે આંખ ઉઘાડી. એ ઊંડી ફિક્કી પડી ગએલી આંખોમાંય ત્યાગ અને ઉપેક્ષાની વૃત્તિ તરવરતી હતી. તેના મ્લાન વદન ઉપર એક આછું કરુણ સ્મિત ફરકતું મેં જોયું. ક્ષણ બે ક્ષણ તેણે મારી સામે મીટ માંડી જોયું–મને શાન્ત જોઇ તે ધીમા અવાજે બોલ્યો:

"ભાઇ ! તમે શા માટે અહીં બેઠા છો ?"

એ અવાજમાં દીનતા કે દયાયાચના નહોતી, પણ અશક્તિથી ધીમા પડેલા એના શબ્દોમાં દૃઢતા અને રોષરહિત ઠપકો હતાં.

"તમારું શરીર ધીકે છે ને હું તમને આવી સ્થિતિમાં અહીં નોધારા નહિ પડી રહેવા દઉં. તમે માર ઘેર આવશો ?"

"ના." આ એકજ શબ્દ પાછળ રહેલી દૃઢતા જોઇ હું વિસ્મિત થયો.

"ભલા માણસ ! આમ અહીં તે વનવગડામાં એકલા પડી રહેવાય ? રાત્રે કોઇ જનજનાવર..."

"હા. ભર્યા ગામ કરતાં આ વનવગડામાં વધારે શાન્તિ છે, વધુ સુખ છે, વધુ નિર્ભયતા છે."

આ શબ્દેશબ્દમાં અનુભવજન્ય આત્મનિર્ણયનું સત્ય હતું, છતાં મેં તેને સમજાવી ઘેર લઇ જવાની આશા છોડી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" અહીં તમારી તબિયત વધારે બગડશે. મારે ઘેર ચાલો કે ત્યાં કંઇ ઉપચાર પણ થાય. તમને આરામની ઘણી જરૂર છે."

" આરામ મારે માટે સર્જાયો નથી. જીવનનો મને મોહ નથી, મૃત્યુનો ભય નથી. મૃત્યુના અભાવે જ હું આ ઘડી સુધી જીવતો રહ્યો છું."

મૃત્યુ વિષેની આ નિર્ભયતા, જીવન પ્રત્યેની આ નિર્મોહતા ને જગત પ્રત્યેની ઉદાસીનતા જોઇ હું મૂઢ બની ગયો. એણે આગળ બોલવું શરૂ કર્યું: "આ દસબાર હજારના ગામમાં મેં માનવતા જોઈ માત્ર તમારે આંગણે. એ માનવતાનો મને ભય લાગ્યો. અને મેં તમારા આંગણાના દર્શનનો પણ ત્યાગ કર્યો."

" એમ કરવાની શી જરૂર હતી ?"

" એ માનવતા કદાચ મને લોભાવે, એ માનવતા જોઇ મને કદાચ જીવન અને જગતનો મોહ ફરીથી લાગે. કદાચ જીવન અને જગતના સંપર્કે મૃત્યુના ભયનો મારા મનમાં ફરીથી સંચાર થાય."

" પણ મૃત્યુ માટે એટલી બધી અધીરાઈ શા માટે ?" મારાથી પૂછ્યા વગર ન રહેવાયું.

" કારણ, જીવન કરતાં મૃત્યુ વધારે મીઠું છે, જીવન કરતાં મૃત્યુમાં વધારે શાન્તિ છે, સુખ છે એની મને પ્રતીતિ થઇ ચૂકી છે."

" ભાઇ! આટલી નાની ઉંમરમાં આટલા બધા નિરાશાવાદી શા માટે થાઓ છો ?"

" હું નિરાશાવાદી નથી, સદાય આશાવાદી હતો અને છું. મને વર્તમાનની પરવાહ નથી. હું તો મૃત્યુની પેલે પારના ભાવિનાં સ્વપ્નાં સેવતોજ જીવું છું. જગત અને જીવનના વિચારે હું કંટાળતો નથી—ત્રાસું છું, કંપું છું; પણ મૃત્યુના વિચારમાત્રે હું રાચું છું."

આ વિચિત્ર આશાવાદ સેવનાર માનવ સાથે અત્યારે દલીલ કરવાનો સમય નહોતો. એને ગમે તેમ કરી સમજાવી મારે આ સ્થાનેથી લઇ જવો હતો એટલે મેં બીજો ઉપાય અજમાવવા માટે પ્રયત્ન કર્યો.

"ભાઇ! તમારે મારે ઘેર ન આવવું હોય તો ન આવશો, પણ કોઇ તમારાં સગાંવહાલાં હોય તો હું તેમને ખબર આપું ?"

" તમારા આ સદ્‌ભાવ માટે હું આભારી છું; પણ એ તસ્દી લેવાની જરૂર નથી. મારે જગતમાં આ સારંગી સિવાય કોઇ નથી. કોઇ હોય તો તે મારે મન નકામાંજ છે."

" તમે એકલાજ છો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, એક વાર અમે ત્રણ હતાં. હું, મારી પ્રિયતમા અને અમારા બંનેના પ્રણયપ્રતીકરૂપ આ સારંગી. ભાઇ! મહેરબાની કરી મને મારો ઇતિહાસ ન પૂછશો. મારી કથા જગતને માટે નથી, તે મારે માટેજ છે."

"આપને દુઃખ ન થતું હોય તોજ મને કહો. જ્યારથી મેં તમને જોયા છે ત્યારથી તમારી જીવનકથા જાણવા માટે હું અધીરો બન્યો છું."

"તો તમારે હંમેશ માટે અધીરા રહેવું પડશે. એ કથા કહેવા જેટલી અત્યારે મારામાં શક્તિ પણ નથી. શક્તિ હોત તો પણ હું કદાચ તમને એ ન કહેત; કારણ, એ ન કહેવામાંજ હું સુખ માનું છું. મારૂં દુઃખ બીજાને કહી હું દુઃખ ઓછું કરવા નથી ઇચ્છતો. એ દુઃખના સંપૂર્ણ ભાર સાથેજ મરવામાં મને વિશેષ આનંદ અને સંતોષ મળશે."

આથી વધુ આગ્રહ મને નકામો લાગ્યો. આ વિચક્ષણ પુરુષ પોતાની જક છોડે એમ નહોતો. એને મૂકી ચાલ્યા જવા જેટલી કઠોરતા મારા હૈયામાં નહોતી. એટલે શું કરવું તેની મૂંઝવણમાં હું પડ્યો. મારી મૂંઝવણ તે કળી ગયો હશે. એણે પ્રયત્નપૂર્વક ફરી બોલવું શરૂ કર્યું.

"ભાઈ! તમે સજ્જન છો. તમારા હૃદયમાં માનવતા ભરી છે તો મારી એક વિનંતિ સાંભળશો?"

"હા, કેમ નહિ? બોલો."

"જુઓ, જગતમાં જીવ્યો ત્યાં સુધી ધરતી માતાએ ફરવાની ખૂબ મોકળાશ આપી. મરતાં હું શાન્તિથી સૂઇ શકું એવો એકાદ ખૂણો એ મને આપશે એની ખાતરી છે. તો એવો એકાદ ખૂણો શોધી તમે મને ત્યાં સુવાડશો?"

મૃત્યુને આલિંગવા તત્પર થએલાની આ નિરાધારતા જોઇ મારી આંખમાં પાણી આવ્યાં; પણ સંયમ રાખી મેં કહ્યું:

"ભાઇ! એમ કાંઇ મૃત્યુ વાટમાં પડ્યું છે? તમે ના કહેશો છતાં હું તમને મારે ઘેર લઇ જઇશ."

"એવી ખોટી હઠ ન કરશો. મારૂં મૃત્યુ હવે થોડેજ દૂર છે. મને માત્ર એટલું વચન આપો કે મરતાં તમે મને ગૃહપ્રવેશ કરાવી મારા શરીરને અભડાવશો નહિ ને મારા સ્થૂલદેહને કુદરતના કોઇ ખૂણે-જેમાં માનવનો સંચાર પણ ન હોય ત્યાં-શાંતિથી સુવાડશો."

માણસની અંતિમ ઇચ્છા સંતોષવી એને આપણે ધર્મ લેખીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ, એટલે મારી અનિચ્છા છતાં મારો હાથ એના હાથમાં મુકાઇ ગયો. મૃત્યુને કિનારે ટળવળતા એ આત્માને એથી કેટલી શાન્તિ વળી હશે? મારી નજર એના મુખ પર પડી. એની આંખોની ધાર ઉપર બે અશ્રુબિંદુ ચમકતાં હતાં.

"ભાઇ! આ શું? તમે રડો છો?"

"હા. મારા દુઃખે નહિ, મૃત્યુના ભયથી પણ નહિ, જગતના મોહને લીધે પણ નહિ. હું રડું છું માત્ર એકજ વિચારેઃ હું એકલો આ વિશાળ ને ક્રૂર, કદરહીન જગતમાં આવ્યો તેમ એકલો જઇશ, એ વાતનો મને શોક નથી. મને વિચાર આવે છે આ મારી વહાલી સારંગીનો. એણે જીવનભર મને સાથ, સંતોષ અને સુખ આપ્યાં. એને મારી સાથે લઇ જઇ શકતો નથી એટલા પૂરતું મને દુઃખ થાય છે. હા! મારી સારંગી...એનું શું થાય?"

એણે સારંગી ફરીથી છાતી સરસી ચાંપી ને ઉપર ઉગ્ર પ્રેમ-ભર્યું એક ચુંબન અર્પ્યું.

"ભાઇ! મારી સમાધિ પાસે આ સારંગી તમે મૂકશો?"

જવાબ માટે તેણે મારી સામે જોયું; મેં આંખથી હા પાડી. હવે એની આંખમાં મૃત્યુનાં ઘેન ઉભરાતાં હતાં. એના અવાજમાં એક જાતની ઉગ્રતા, ઘેલછા આવવા માંડી હતી. તેણે અર્ધભાનમાં લવવા માંડયું:

"મારી પ્રાણથીયે અધિક પ્રિયતર સારંગી...ના. ..ના. જગત ક્રૂર છે. એ તને મારી નાખશે." એણે એક નિઃશ્વાસ મૂકયો.

"તો હુંજ તને મારે હાથે કેમ ન મારી નાખું?"

એ શબ્દો બોલતાંની સાથેજ એણે શરીરમાં રહેલું અલ્પ બળ એકત્ર કરી છેલ્લા પ્રયત્ને સારંગીના તાર તોડી નાખ્યા. મારાથી વિનાયત્ને 'હં' બોલાઈ ગયું. એણે એક સ્મિત કર્યું ન કર્યું ને આ ઉગ્ર પ્રેમ અને ભયંકર તિરસ્કાર વર્ષાવતી આંખો સદાને માટે મીંચાઈ ગઈ.

સ્વર્ગમાં નવા આવનાર આત્માને સત્કારતી સંધ્યાના ગાલ પર આનંદની સુરખી પથરાઈ રહી ને જગત તરફ એક તિરસ્કારભરી, રોષભરી નજર નાખી ભગવાન સવિતાનારાયણ નદીની સામે પારના પર્વતોમાં ઉતરી પડ્યા. રાત્રિના અંધકાર ઉતરતાં એક કરુણ રસભરી જીવનકથા સદા માટે જગત સન્મુખથી ઘોર અંધકારમાં ઉતરી પડી.

(જુલાઇ-૧૯૩૫ ના "કૌમુદી"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫-દેશને માટે

(પ્રયોજકઃ-શ્રી. "ઉર્મિલ"-સાવલી)

(૧)

પ્રાતઃકાળ થઇ ગયો હતો. સૂર્ય ઉદય થવાની તૈયારી કરી રહ્યો હતો. જેવી રીતે એક ચતુર ચિત્રકારની પીંછીએ પરદા પર ચિત્રિત થયાં હોય એવી રીતે પહાડ, સરોવર, નાળાં, પુષ્પિત ઘાટ વચ્ચે થઈ કલકલ અવાજ સહ વહેતી તરંગિત નદી, આસપાસના નાના નાના સુંદર ડુંગરાઓ વગેરે રમ્ય દૃશ્યો બની શોભી રહ્યાં હતાં. બાલસૂર્યનાં સોનેરી કિરણોમાં સ્નાન કરતાં ગાય વગેરે જાનવરો લીલિયાળુ ઘાસ ચરી રહ્યાં હતાં. આમ આખાં સુંદર દૃશ્યોથી મુગ્ધ બનતી ઉષા પોતાને જવું નથી છતાં જવું પડે છે, એવા અસંતોષ સાથે વિદાય થતી થતી ગ્રામવાસીઓને નિદ્રામાંથી મુક્ત કરી જતી હતી. તે વખતે એક નાનકડી ઝૂંપડીના ઓટલા પરથી એક વૃદ્ધા ક્યારનીય સામેનાં સુંદર દૃશ્યો અને બાલસૂર્યને એકીટશે નીરખી રહી હતી. તેવામાં એકાએક એક અઢાર વર્ષનો યુવક ઝૂંપડીમાંથી બહાર નીકળી વૃદ્ધા પ્રત્યે કહેવા લાગ્યોઃ

"મા ! ક્યારની શું જોઇ રહી છે ?"

જવાબમાં વૃદ્ધા હસી. અને પુત્રના મસ્તક પર વાત્સલ્યભર્યો હસ્ત ફેરવી બોલીઃ "બેટા ! તારી માની પણ મા જે આ સામે દેખાય છે તેને જરા જોઈ રહી હતી."

યુવક માના બોલવામાં કશું સ્પષ્ટ ન સમજી શક્યો તેથી આશ્ચર્યભરી આંખો સહ બોલી ઉઠ્યોઃ

"શું મા ? કશું સમજાયું નહિ."

માતા પુનઃ વાત્સલ્યભર્યું હાસ્ય હસી અને બોલીઃ

"સામે જો, શું દેખાય છે ?"

"હરિયાળાં ખેતરો, વચમાં ચમકતી કલકલ નિનાદ કરતી ઘૂઘવાટભરી પેલી નદી, આસપાસના નાના સુંદર ડુંગરાઓ, સામે દેખાતો મધુર સોનેરી કિરણો ફેંકતો બાલસૂર્ય અને એવું બધું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ, એજ. બેટા ! હું એજ જોઈ રહી હતી. કેવું સુંદર દશ્ય છે !"

"ઘણુંજ સુંદર ! જાણે જગતભરની સુંદરતા અહીં આપણા દેશમાંજ આવીને સ્થિત ન થઇ હોય !"

"હં ! તો બેટા ! એવો સુંદરતાભર્યો આપણો આ જાપાન દેશ એજ આપણી સર્વની મા ! જો, જરા ધ્યાનપૂર્વક વિલોક. તારા અંગેઅંગમાં આ ભૂમિની ધૂળ સમાયલી તને લાગશે. તું જે અન્ન ખાય છે, જે પાણી પીએ છે, જેના ઉપર ચાલે છે, તેમજ જેનાં આવાં સુંદર દશ્યો જોઇ આનંદ પામે છે તે સર્વ એ તારી માતાનાંજ છે. અને હં ! હું પણ તારી મા છું ખરૂં ને ?"

"હા !"

"તો ધાર કે તારા દેખતાં કોઇ મારી છેડતી કરે, મારૂં સૌભાગ્ય નષ્ટ કરવા ઇચ્છે, અરે મારી આ છાતી પર પોતાના તીક્ષ્ણ ભાલાઓ વડે ગાઢ અત્યાચાર કરવા ઇચ્છે, તો તું શું કરે ?"

"મારા આ સબળ હાથો વડે પ્રાણ હોય ત્યાં સુધી હું તે ન થવા દઉં."

"શાબાશ બેટા, શાબાશ ! ત્યારે થા તૈયાર. કર્તવ્ય બજાવવાનો સમય તારા માટે આવી ચૂક્યો છે. બચપણથી આજસુધી જેની ગોદમાં તું ખેલ્યો છે, અને મૃત્યુ પછી પણ તારી ભસ્મ જે પોતાના અંચલમાં બાંધી હૃદય સરસી ચાંપી રાખશે; તે જાપાન માતાને આજ તારા જેવાઓની આવશ્યકતા ખડી થઇ છે. જાપાનના અન્નથી બનેલ રક્તનું એકે એક બિંદુ તેનું છે. એટલે તે તેના માટેજ વપરાવું જોઇએ. પોતાની નિર્દય આંખો વડે રૂસ આપણી માતા તરફ તાકી રહ્યું છે; અને તે પ્રત્યે ઘોર અત્યાચારો કરવા ઇચ્છે છે. એટલેજ પોતાની વહારે ચઢવા જન્મભૂમિ આજ પોકારી રહી છે. માટે જો તને તારા કર્તવ્યનું ભાન હોય, તારી માતાની લાજ લુંટાતી તારાથી ન જોવાતી હોય, તો જા, આપણા કપ્તાન પાસે જા. અને સૈનિક તરીકે નામ નોંધાવી આવ." કહી વીર માતા પોતાના એકના એક પુત્ર તરફ શૌર્યભરી નજરે જોઈ રહી; વીર માતાનો એ વીર પુત્ર પણ તૈયાર હતો. તરતજ પોતાની વૃદ્ધ અને વહાલી માતાને પ્રણામ કરી તે કપ્તાનના તંબુ તરફ રવાના થયો.

(૨)

"મા ! મા ! બારણું ઉઘાડો."

સંધ્યાકાળ વીતી ગયો હતો, પણ હજુ અંધકાર નહોતો ફેલાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીર યુવકે ઘર આગળ આવી ઉપલા શબ્દો ઉચ્ચાર્યા. પણ તેના એ શબ્દોમાં નહોતો ઉત્સાહ કે નહોતી પ્રતિભા. ભરાયેલા કંઠે તેણે તે શબ્દો ઉચ્ચાર્યા હતા.

જ્યારે તેની માતાએ બારણું ઉઘાડયું ત્યારે તેનું હૃદય ધડકી ઉઠયું. હમણાં રડી પડાશે એમ થઈ ગયું. માતા ભોજનગૃહમાંથી આવેલી હોવાથી બારણું ઉઘાડી તરતજ પુત્રના સામું પણ જોયા વિના પાછી જવા લાગી. પુત્ર પણ પાછળ તણાતો હોય એમ જવા લાગ્યો. માતા તો પોતાનો પુત્ર જન્મભૂમિના માટે ઉપયોગમાં આવવાનો છે એ વિચારે પ્રફુલ્લ હતી. શૌર્યભર્યો ગર્વ તેની તેજભરી આંખોમાં વધુ પ્રકાશ પૂરી રહ્યો હતો. તેમજ તેના પગ પણ સ્ફૂર્તિ અને ગર્વભરી રીતે ચાલતા હતા. ઘરમાં જઇ રસોડામાં પેસતાંજ તેણે પૂછયું: " કેમ બેટા ! નામ નોંધાવી આવ્યો ને ?" યુવક એકદમ જવાબ ન આપી શકયો. પછી તેણે નતમસ્તકે તેમજ બેઠેલા સૂરે જવાબ આપ્યો: " કપ્તાને ના નોંધ્યું મા ! "

" હેં ! " એકદમ ચમકી માતા બોલી ઉઠી " શું કહ્યું ? "

" કપ્તાને નામ ના નોંધ્યું ? "

" શાથી ? "

પુત્ર કહેવા લાગ્યો: "મા ! હું અહીંથી સીધો ત્યાં ગયો. રસ્તામાં બીજા કંઇક મારા સાથીઓ મને મળ્યા. અને ત્યાં ગયા પછી જોયું તો ત્યાં પણ સખત ભીડ હતી. જે તે સૈનિક થવા ઇચ્છતું હતું. ક્રમે ક્રમે એક એક કરીને એક નાની બારીમાંથી સર્વને દાખલ કરવામાં આવતા હતા. અનુક્રમે મારો પણ નંબર આવ્યો. મા ! શું તે વખતનો મારો હર્ષ ! અંદર ગયા પછી કપ્તાને પ્રથમ મારૂં નામ પૂછ્યું. અને તે સાંભળીને તે બોલ્યા: 'કેટલું સુંદર નામ !' પછી તેમણે મને તેમની વધુ નજીક બેસાડી મારા બરડા પર હસ્ત ફેરવી મને સશસ્ત્ર નિહાળી બોલવા લાગ્યા: "ભાઇ ! સૈનિકવેષમાં તું ઘણોજ સુંદર દેખાય છે. તું અંતઃકરણપૂર્વક તારા દેશને માટે સૈનિક બનવા ઇચ્છે છે ?"

"ઘણાજ આનંદપૂર્વક" મેં ઉત્તર વાળ્યો.

" ઓહ ! માના વહાલા બાળક ! પણ તું નથી જાણતો કે તેથી તો તારે તારાં માતાપિતા વગેરે સ્વજનોનો મોહ ત્યજી દેવો પડશેઃ અને તોપ–બંદુકનો ભય પણ તને નહિ લાગે ?"

"મા ! તે સાંભળી મારી છાતી હર્ષથી ફૂલી ઉઠી. મેં ઉત્તર વાળ્યો: 'મહાશય ! એ સર્વ હું સારી રીતે જાણું છું. મારી વૃદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતા સિવાય મારા માટે આ જગતમાં કોઇ નથી. મારી એ માતાને હું બહુજ ચાહું છું. પણ તેથી કાંઇક રીતે અધિક આપણી આ માતૃભૂમિ જાપાનને ચાહતાં મને શીખવવામાં આવ્યું છે. વળી તોપ અને બંદુક એ વસ્તુઓ અવશ્ય ભયાનક તો છે, પણ મેં માતૃપ્રેમ-રૂપી અભેદ્ય કવચ પહેર્યું છે. તો પછી મને તેનો ડર કેવો ?'

"તે સાંભળી તેમણે મને તેમની વધુ નજીક ખેંચ્યો અને મારા મસ્તક પર હસ્ત મૂકી કહ્યું: "વીર બાળક ! તારા આવા કથનથી મને ઘણીજ પ્રસન્નતા ઉપજે છે. પણ દિલગીર છું કે, હું તને સૈનિક તરીકે દાખલ નહિ કરી શકું. જો તું સૈનિક થાય તો પછી તારી પેલી વૃદ્ધ માતાનું કોણ ?"

"મા ! તે સાંભળી આખો પહાડ ચઢી શિખરે પહોંચતાંજ નીચે ગબડી પડાય અને જેવું દુઃખ થાય એવું દુઃખ મેં અનુભવ્યું. હું કશું પણ ન બોલી શક્યો, અને નીચું જોઇ રહ્યો હતો ત્યાં ને ત્યાં સ્થિર થઈ ઉભો રહ્યો. એકાદ મિનિટ પછી કપ્તાને હસતા મુખે કહ્યું: 'વીર યુવક ! જા ભાઇ ! તને નિરાશ કરતાં મને ઘણીજ દિલગીરી થાય છે.'

"અંતમાં લથડતા પગે હું ઘેર આવતો રહ્યો."

વૃદ્ધા આ સાંભળી ઉંડા વિચારમાં ગરક થઇ ગઇ. ઘોર જંગલમાં રસ્તો ભૂલતાં ભટકતી વખતે જે ચિંતા મુખ ઉપર જણાય, એવીજ ચિંતા ઘડીભર તેના મુખ ઉપર છવાઇ રહી. એવામાં એકાએક તેના મુખના ભાવો બદલાઇ ગયા. ચિંતાને બદલે પ્રસન્નતા છવાઈ ને તે બોલી: "બેટા ! હું તારા માર્ગમાં કંટકરૂપ નીવડી, ખરૂં ? હશે ! ચાલ, ચિંતા ન કરીશ. કાલે તું અવશ્ય તારૂં નામ નોંધાવી શકીશ."

કહી તે ઘણાજ હોંશભેર રસોઈ બનાવવા લાગી. અવ્યવહારૂ અને સરળ યુવક માતાના ભાવો જાણી શકવા અસમર્થ હતો.

(૩)

"કેમ વીર યુવક ! આજ ફરી કેમ પાછો આવ્યો ?" યુવકને પુનઃ આવેલો જોઇ કપ્તાને પૂછ્યું.

"સૈનિક તરીકે નામ નોંધાવવા."

"હા ! પણ તું સૈનિક થઇશ તો પછી તારી વૃદ્ધા માતાની સેવા કોણ કરશે ?"

યુવકે તેનો કશો જવાબ ન આપતાં ખિસ્સામાંથી એક પત્ર બહાર કાઢ્યો અને કાંપતા હાથેથી તે કપ્તાનને આપ્યો. આશ્ચર્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચકિત આંખે કપ્તાને તે લીધો અને ખોલી વાંચવા માંડયો:

"મહાશય !

મારા પુત્રના સૈનિક બનવાથી પછી મારી સેવા કરનાર કોઇ નહિ રહે, કેવળ એટલાજ માટે મારા પુત્રને દેશના પ્રત્યે પોતાનું કર્તવ્યપાલન કરતાં રોકયો છે, એવું મેં જ્યારે જાણ્યું ત્યારે આખા જગતમાં મેં મને સર્વથી વધુ દુર્ભાગિની માની. બુઢાપાથી જર્જરિત શરીર મારા પુત્રથી થતી દેશસેવાના માર્ગમાં કંટકરૂપ નીવડયું એ ઓછું દુર્ભાગ્ય છે? મારૂં હૃદય આ બીના કદી સહન ન કરી શકે. એટલે અંતમાં હું આ જગતથી વિદાય થાઉં છું, અને આપને, મારા પુત્રને, તેમજ સંસારને માટે હવે મારા જીવનનાં સુખદુ:ખની ચિંતા ન કરવી પડી એટલું ભારણ ઓછું કરતી જાઉં છું.

જતાં જતાં વહાલા પુત્રને પ્યારી માતૃભૂમિની સેવા કાજે મૂકતી જાઉં છું, તેથી હૃદય પુલકિત થઇ જાય છે. એજ આપની

સૌભાગ્યવતી માતા."

પત્ર વાંચી કપ્તાન ગંભીર બની ગયો. ઘડીક પેલા યુવક તરફ નિહાળી રહ્યો. પછી બડબડયો: "ધન્ય વીર માતા ! ધન્ય વીર પુત્ર ! આવાં રત્નોથી પરિપૂર્ણ જાપાન વિજયી કેમ ન નીવડે ?" પછી યુવકને પોતાની વધુ નજીક ખેંચી તેની પીઠ પર હાથ ફેરવતાં કપ્તાને કહ્યું: "વીર યુવક ! જાવ, તમારૂં નામ નોંધાઈ ચૂકયું હો."

કહી તેમણે પોતાની પાસેના કારકુનને તે વીર યુવકનું નામ નોંધવાનું સૂચવ્યું.*

("વ્યાયામ" માસિકના એક અંકમાંથી)

* હિંદીના આધારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३६–निष्ठुरतानो भोग

(લેખિકા:–શ્રીમતી બચુબેન)

“ અરે ! આ લોહીલુહાણ થઇ કોણ પડયું છે ? આટલા બધા લોકો પાસે ઉભા છે છતાં નથી કોઇ એની સારવાર કરતું કે નથી કોઇ એને હોસ્પિટલમાં લઇ જતું ! ” છાપું વાંચતાં વાંચતાં અંબાલાલ શેઠની નજર રસ્તાના એક ખૂણા પર પડી અને ભારે અજાયબી વચ્ચે ઉપલા શબ્દો તેમના મુખમાંથી સરી પડયા.

તેઓ એકદમ પોતાના નોકરને લઇ નીચે દોડી ગયા અને લોકોને ધક્કા મારી પેલા માણસ પાસે પહોંચી ગયા. એની દેખાતી કંગાલીઅત, મરવાની બીકે ટકાવી રાખેલું એનું હાડપિંજર જેવું શરીર અને લોહીથી ખરડાએલું એનું માથું જોઇ શેઠને કમકમાં આવ્યાં.

“ બધા જોઇ શું રહ્યા છો ? આટલું લોહી વહ્યા છતાં તમે એને એમ ને એમ પડી રહેવા દીધો છે ? તમને શરમ નથી આવતી ? ” શેઠનું લોહી ઉકળી આવ્યું.

“ સાહેબ ! એ તો હરિજન છે, એને અડકીએ તો અમે દર્શન કરવાના રહી જઇએ અને અમારો આત્મા અપવિત્ર થાય તે જુદો.” ત્યાં ઉભેલા મહાત્માઓમાંના એકે બેદરકારીભરી રીતે ખરૂં કહી દીધું.

હરિજનનું નામ સાંભળતાં શેઠ જરા ચમકયા તો ખરા, પણ બીજીજ ક્ષણે તેણે આજુબાજુ નજર નાખી નિશ્ચયાત્મક સ્વરે પોતાના નોકરને કહ્યું: “ બાલુ ! આને હોસ્પીટલમાં લઈ જવાનો હવે વખત નથી. આપણે ઘેર એને લઈ ચાલ. ” ત્યાં ઉભેલાઓ તરફ નજર નાખી તેમણે કહ્યું: “સંજોગોવશાત્ તમારી નક્કી કરેલ નીચી કોમમાં જન્મેલા માણસ પ્રત્યે આટલી બધી ધૃણા ? ઓ દાંભિકો ! ધર્મને નામે તમારા પોતાના ભાઇઓને હડધૂત કરી તમારી સ્વાર્થવૃત્તિ પોષવાનાં સ્વપ્નાં સેવો છો ? હા, પણ હું ભૂલ્યો, સ્વાર્થ સર્યા પછી ઈશ્વરની બાંગો ફુંકનાર ઈશ્વરની આરાધના કરવાનું ભૂલી જાય છે, તો આવા કંગાલ તરફ મમતા બતાવવાની તો તેઓ શામાટે પરવા કરે ? ” અંબાલાલે ભકતોની દાંભિકતા ખુલ્લી પાડી અને તે ઘર તરફ ચાલી ગયા.

અંબાલાલે કરસનને મલમપાટા કર્યાં અને ડૉકટરની સલાહથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા દિવસ એને ઇસ્પિતાલમાં રાખ્યો.

કરસન સારો થયા પછી અંબાલાલને મળવા આવ્યો.

તે વખતે અંબાલાલ પોતાની છોકરી સાથે ગેલ કરતો હતો. પોતાની પત્ની પાસે બેઠી બેઠી કંઇક સીવતી હતી. તેમના દિવાનખાનામાં બહુ કિંમતી ફરનીચર ન હતું, પણ જે કંઇ હતું તે બહુ સરસ રીતે ગોઠવવામાં આવ્યું હતું. પ્રવેશ કરનારને ત્યાં કોઇ સાદા સંતોષી અને કલાપ્રિય માણસો રહેતા હોય એવો જરૂર ભાસ થતો.

"આવ કરસન! તને હવે તદ્દન સારૂં છે ને?" અંબાલાલે કરસનને આવતો જોઇ તેની તબિયતના ખબર પૂછયા.

આભારથી કરસનની આંખો નીચે ઢળી, તેણે ગળગળા થઇ કહ્યું: "શેઠ! આપ ન હોત તો મારા જેવા હરિજનને કોણ બચાવત?"

"એ વાત જવા દે, પણ કરસન! તારી આવી સ્થિતિ શી રીતે થઇ તે તો મને કહે." અંબાલાલે કુતૂહલતા બતાવી.

"શેઠ! મારી કહાણી બહુ કરુણ છે. ક્રૂર સમાજના એક અંગનો હું કેવી રીતે ભોગ થયો તે હું તમને કહું છું." કહી કરસને નિઃશ્વાસ નાખ્યો. આ સાંભળી અંબાલાલની પત્ની પ્રભા કામ હોવા છતાંએ દુઃખી હરિજનની કથા સાંભળવાને આતુર બની.

કરસને કહેવા માંડયું: "મારા પિતા જાતે ભંગી હતા, એટલે મ્યુનિસિપાલીટીમાં કચરો કાઢનારનું કામ કરતા. એ ગંદા કામથી તે એટલા કંટાળી ગયા હતા કે મને કોઇ પણ જાતનો ઉદ્યોગ શીખવવાનો તેમણે નિર્ણય કર્યો. બહુ મુશ્કેલીથી અને કેટલીએ આજીજી પછી એક સુથારે મને તેનું કામ શીખવવાનું કબૂલ કર્યું. એક વરસમાં તો હું સુથારીકામમાં પાવરધો થઈ ગયો.

"પણ ઉચ્ચ મનાતા હિંદુ સમાજમાં કારીગીરી શીખેલા હરિજનનુંયે સ્થાન કયાં? મારી પાસે હુન્નરકળા હોવા છતાં મારે ઘેર બેસવું પડયું.

"મારા બાપુ બહુ મુંઝાયા, પણ છેવટે તેમણે એક યુક્તિ શોધી કાઢી. મારે માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા તેઓ તત્પર થયા. મારે માટે કામદાર લત્તામાં જ્યાં અછૂતોનું નામનિશાન ન હોય ત્યાં પાંચ રૂપીઆમાં એક ઓરડી ભાડે રાખી અને મને ત્યાં રહેવા જવા કહ્યું. મને પોતાને સુથાર તરીકે ઓળખાવવાની અને કોઇ મારી જાતિ ન જાણી જાય તેને માટે સાવચેત રહેવાની તેમણે ભલામણ કરી."

"પંદર દિવસના સતત પ્રયત્નો પછી પણ નોકરી મળવાની આશા ન જણાઇ. લગભગ મહિના પછી મારી પાડોશના એક કામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વારે તેની મિલમાં સુથારની જગ્યા ખાલી પડવાનું મને જણાવ્યું અને મારામાં આશાનું કિરણ પ્રગટ્યું.

"બીજે દિવસે હું મેનેજરને મળ્યો. તેણે એક મહિનો મારૂં કામ જોઇ મહેનતાણું નક્કી કરવાનું કહ્યું. મારા કામથી મેનેજરને સંતોષ થયો અને મને કાયમની નોકરી મળી.

× × × ×

"નવલકિશોર શેઠને ત્યાં નોકરી કરતાં મને પાંચ વરસ થયાં. મારા કામથી તેમને એટલો બધો સંતોષ થયો કે તેમના ઘરનું કામ પણ મને સોંપવામાં આવતું. વારંવાર ઘેર કામ કરવાનું હોવાથી શેઠીઆઓનાં કારસ્થાન જાણવાની મને બહુ સારી તક મળતી. ઉપરથી ધોળા દેખાતા સફેદ ઠગોની એક મંડળી મારા શેઠને ત્યાં જામતી અને પોતાના હરીફોનાં ગળાં કાપવા માટે ત્યાં કાવત્રાં રચાતાં. ગમે તેવું કાળું કૃત્ય કર્યા છતાંએ માણસરૂપધારી એ નરરાક્ષસો મનનું સ્વાસ્થ્ય કંઈ અજબ રીતે જાળવતા.

"થોડો વખત તો મારૂં ગાડું ઠીક ઠીક ગબડયું, પણ પછી મારા દુઃખનાં વીખરાઇ ગયેલાં વાદળ પાછાં ઘેરાઇ ગયાં. એક એવી ઘટના બની કે જેથી આજુબાજુનું વાતાવરણ મારે માટે ઉદ્વેગમય બની ગયું.

"મારા પિતા ઓચિંતા માંદા થઇ ગયા. એ દુઃખદ સમાચાર મને મળ્યા ત્યારે હું ભાન ભૂલી ગયો અને મારા એક સાથીને લઇને હું મારા પિતાને ઘેર પહોંચી ગયો. મારો સાથી ચાલીમાં દાખલ થતાં કંઇક શંકાની નજરે આજુબાજુ જોવા લાગ્યો. જરા વારમાં તો એનું મુખ ગુસ્સાથી લાલ થઇ ગયું અને તે બરાડી ઉઠયોઃ "હું એક મિનિટ પણ અહીં થોભવા નથી મા..." એ શબ્દો પૂરા થાય તે પહેલાં તો એ ત્યાંથી ગભરાટમાં જાણે તેના પર કોઇ હુમલો કરવા આવતું હોય અને બીકથી કોઇ ભાગે તેમ દોડી ગયો. હું વસ્તુસ્થિતિ સમજી ગયો.

"મારા પિતાને ગુજરી ગયાને બે દિવસ થયા. એમના મરણનો આઘાત ઓછો થાય તે પહેલાંજ ધડાકો થશે તેની મને સંપૂર્ણ ખાત્રી હતી અને થયું પણ તેમજ.

"શેઠે મને બોલાવવા માણસ મોકલ્યો અને હું ગયો."

"શેઠ મને જોતાંજ તાડુકી ઉઠયાઃ

"સાલા હરામજાદા! તારી જાત બતાવી? તારા એકલાના સ્વાર્થને ખાતર અમારા બધાનો ધર્મ બોળ્યો?"

"સાહેબ! મેં એમાં ખોટું શું કર્યું છે? ધર્મ એટલે અરસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરસની ફરજ અને નહિ કે સગવડતા ખાતર સ્વાર્થી માણસોએ ઠોકી બેસાડેલાં શાસ્ત્રનાં ગપ્પાં." મેં શાંતિથી મારી સમજ પ્રમાણે ધર્મની વ્યાખ્યા આપી.

"ઓ નીચ ! અમને અપવિત્ર કરવાની ધૃષ્ટતા કરી પાપ કર્યું અને અમારે માટે પાપનું પોટલું બંધાવ્યું તે જુદું. આવું અઘોર કૃત્ય કરતાં તને જરાએ શરમ ન આવી." શેઠની આંખમાંથી ક્રોધના અંગારા ઝરવા લાગ્યા.

"સાહેબ ! મેં કોઇ પણ જાતનો ગુન્હો કર્યો હોય તો મને શરમ આવે ને ? માણસ પોતાના કૃત્યથી અને ગુણોથી પાપી અને અપવિત્ર થાય છે, જાતિથી નહિ. કોઇ પણ જાતના અઘોર કૃત્યને માટે કોઇ ગુન્હેગાર હોય તો તે તમે છો." શેઠના તિરસ્કારથી મને એટલું લાગી આવ્યું હતું કે મેં પણ એમને સીધી વાત સંભળાવી દીધી.

"શેઠાણી તો આ વાત સાંભળતાંજ અજાયબીમાં ગરકાવ થઈ ગયાં. પણ તે કંઇ પૂછે તે પહેલાંજ શેઠને પગથી માથા સુધી ઝાળ લાગી અને એકદમ ઉભા થઈ ગયા તથા મારી પાસે આવી તેમણે બૂમ પાડીઃ 'તું શું બકે છે તેનું તને ભાન છે ? આવા તુક્કા ઉઠાવવા માટે તારે ઘણું સહન કરવું પડશે.'

"શેઠ! મારા આ તુક્કા નથી. તમારા મહેતાનું કાસળ તમે કેવી રીતે કાઢ્યું તે તમે ભૂલી ગયા હશો, પણ હું ભૂલ્યો નથી. મારી પોતાની આંખે મેં જોયું છે. તમારા હિસાબનાં ભોપાળાં બહાર ન પડે તે માટે એક નિર્દોષને તમે આ દુનિયામાંથી કેવી રીતે રવાના કર્યો તે હું બરાબર જાણું છું."

"શેઠના ચહેરા પર થતા ફેરફારોનું બારીકીથી નિરીક્ષણ કરતાં કરતાં મેં સત્ય વસ્તુ પરખાવી દીધી. શેઠાણીએ તો આ સાંભળી પોતાનું મોઢું પોતાના હાથમાં સંતાડી દીધું.

"તારૂં ભોપાળું બહાર પડતાં તને કાઢી મૂકવાની બીકે તેં આ આ તરકટ ઉભું કર્યું છે. તારા જેવા હલકટને બીજું સારૂં સૂઝેજ નહિ. રામા! બોલાવ પોલીસને, આજે એનું આવી બન્યું છે." શેઠ ગભરાટ છુપાવતા પોતાનું સ્વાસ્થ્ય મેળવીને બોલ્યા.

"હા, તમારા પૈસાના જોરે તમારા આ અમાનુષી કૃત્ય પર પણ તમે ઢાંકપીછોડો કરાવી શકશો, પણ તમારી ઉચ્ચ જાતિને શોભે એવું કામ તમે કર્યું નથી. પોતાની જરૂરીઆતને અંગે અને પોતાની મરણતોલ પુત્રીના વાત્સલ્યથી પ્રેરાઇને, ડૂબતો માણસ તણખલું પણ પકડવાનો પ્રયત્ન કરે તેમ તે દિવસે પેલા સિપાઇએ કમને ચોરીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લો ઉપાય અજમાવ્યો. તેની તે ભૂલને માટે તમે એવી શિક્ષા કરી કે તે હંમેશને માટે રઝળતો થયો. તમારા પોતાના લાભને ખાતર બીજાને લાંચરૂશ્વત આપી તમે પોતે એને અપ્રમાણિક બનાવો છો, ગુન્હેગાર બનાવો છો. લાંચના જોરે બીજાનો લાભ તમે ઉઠાવો છો. એ ચોરી નહિ તો બીજું શું ? પેલા સિપાઇ જેવા સીધી રીતે ચોરી કરે ત્યારે તમારા જેવા શાહુકારો આવી આડકતરી રીતે મોટાઇના સ્વાંગ નીચે ચોરી કરે છે, છતાં તમારા જેવા બદમાસોનો બનેલો સમાજ પૈસાવાળાના ગુન્હા તરફ ઉપેક્ષા બતાવે છે, જ્યારે ગરીબોને પ્રતિકૂળ સંજોગોમાં હમેશાં સબડતા રાખી તેમને ભારે શિક્ષા કરે છે. તેવીજ મારી પણ સ્થિતિ કરવા તમે ઇચ્છો છો ? સદ્ગુણોના આચ્છાદનમાં સજ્જ થવાનો આડંબર તો તમારા જેવા ઘણાએ કાળા હૃદયના માનવીઓ કરે છે, પણ તેથી તે કોઈ રીતે અમારા કરતાં ઉચ્ચતર નથી. ખરો અસ્પૃશ્ય તો તે કે જે કાળાં કૃત્યો કરતો હોય, નહિ કે જેનો સંજોગવશાત્ સમાજે ઠોકી બેસાડેલી નીચી જાતિમાં અકસ્માત જન્મ થયો હોય.

"આટલું બોલી હું એક છલંગ મારી ઘરમાંથી નાઠો."

* * * *

તે પછી એક મહિના સુધી તો મેં જેમ તેમ નભાવ્યું, પણ પછી તો ખાવાનાએ સાંસા પડયા. અસ્પૃશ્યને નામે મને કોઇ ઉભું ન રહેવા દેતું અને મારામાં કમાવવાની તાકાત હોવાથી ભીખ માગી સ્વમાન હણવાનું મને ન ગમ્યું."

બે દિવસના કકડતા અપવાસ પછી નોકરીની શોધમાં હું નીકળ્યો. સૂર્યનારાયણને એ થોડી મારી પરવાહ હતી ? ઉન્હાળાના પ્રખર તાપને લીધે મારૂં માથું ફરવા લાગ્યું, અને ભૂખથી અશક્ત બનેલું મારૂં શરીર લથડીઆં ખાવા લાગ્યું. છેવટે આ ઘરને ઓથે બેસવા માટે એક પગલું ઉપાડું તે પહેલાં તો હું રસ્તાની પગથી પર ફસડાઇ પડયો. માથામાં સખ્ત પથ્થર લાગવાથી હું બેભાન થઈ ગયો અને પછી શું બન્યું તે તો તમે જાણો છો."

"કરસન ! તારા જેવા હજી ઘણાએ સમાજના સીતમોનો ભોગ થશે. પણ ઉચ્ચતાનાં બખ્તર નીચે સંરક્ષાએલા કાળા હૃદયના આડંબર ચીરાતાં હવે વધુ વાર નહિ લાગે." અંબાલાલે પોતાની સમક્ષ કંઈક આશામય ચિત્રો ખડાં કરતાં કરસનને સારા વખતની ખાત્રી આપી.

કરસન આભારની નજરે શેઠ તરફ જોઇ રહ્યો.

("નવયુગ"ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३७–घडीताल

(લેખક:–શ્રી. ગોવિંદભાઇ અમીન)

પાત્રો

કારકુન	ડોસો
ખેડૂત	એક ઉતારૂ
પંતુજી	બીજો ઉતારૂ

(વડોદરા સ્ટેશને, સાંજના પાંચ વાગે ઊભેલા ફાસ્ટના ત્રીજા વર્ગના ડબાનું એક ખાનું. ડાબી બાજુના પાટિયાને છેડે કારકુન બેઠો છે. તેણે કોટ–ટોપી કાઢી બાજુએ મૂક્યાં છે, અને ગાડી તેની માલીકીની હોય તેમ બેપરવાઇભરેલી દૃષ્ટિથી ઉતારૂઓને જુએ છે. બારણા પાસે, જમણા પાટિયા પર ખેડૂત બેઠો છે. તે તરુણ વયનો છે. બારણા બહાર ડાફરિયાં માર્યા કરે છે. તેની સામે પાટિયા પર પડેલાં શાલ અને ટોપી તેમનો માલીક બહાર ગયો છે એમ સૂચવે છે. ઉપરનાં પાટિયાં પર એક બેગ સિવાય બીજો સામાન દેખાતો નથી.

ખાનાનું બારણું ઉઘાડું છે. તેમાંથી સામી બાજુ કલબલાટ કરતા ઉતારૂઓ, દોડાદોડ કરતા મજૂરો, ચા–ચેવડો વેચનાર ફેરિયાઓ અને દૂર ઊભેલી લોકલના ડબા દેખાય છે.

પંતુજી ધીરે રહી ખાનામાં દાખલ થાય છે. તેમણે ધોળી ટોપી, ચશ્માં અને લાંબો કોટ પહેર્યાં છે. તેમના એક હાથમાં થેલી અને વાળેલું પેપર છે, અને બીજા હાથમાં સોટી છે. તેમને દાખલ થતા દેખી કારકુનનું મોં કટાણું થાય છે. પંતુજી તેની સામા બેસે છે, અને પેપર પહોળું કરી વાંચે છે.)

કારકુન—(ખેડૂતને) એ બારણું બંધ કર!

ખેડૂત—(કંઇ ન સાંભળ્યું હોય તેમ બહાર જોયા કરે છે.)

કારકુન—સાંભળે છે કે નહિ?

ખેડૂત—(મોં ફેરવ્યા વિના) છો રહ્યું ને! તમારૂં શું ખાય છે?

કારકુન—કેટલાએ આવીને ભરાશે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(આ વાક્ય સાંભળી પંતુજીના કાન સતેજ થાય છે. તે કારકુન જુએ છે, અને સાંભળ્યું ન સાંભળ્યું માની પેપરમાં માથું મારે છે.)

ખેડૂત—કોણુ ભરાવાનું છે? અને ભરાશે તો આટલી બધી જગા છે! (ડોકું અંદર આણી હાથથી ખાલી જગા બતાવે છે.)

કારકુન—એ તો ભરાય ત્યારેજ સમજ પડે! (ગંભીર બનીને) હું કહું છું, તું બારણું બંધ કર!

ખેડૂત—હારૂં, લ્યો.

(તે વાસવા બારણું ખેંચે છે. કોઇનો હાથ બહારથી લંબાય છે અને બારણું પકડે છે.)

બહાર ઉભેલો કોઇ—દેખતો નથી, બહાર ઊભો છું?

ખેડૂત—(બહાર ઊભેલાને) પેલા શેઠ વાસવાનું કહે છે.

("કયા શેઠ!" બોલી કમીશન એજન્ટ બારણા આગળ આવે છે. તેણે ઇસ્ત્રી ટાઇટ કપડાં પહેર્યાં છે. દુનિયામાં કોઇની તેને પડી ન હોય તેવો તુમાખી તેનો ચહેરો છે. તે ખાનામાં નજર ફેરવે છે, અને કારકુન ઉપર તે ઠેરવે છે.)

એજન્ટ—કેમ શેઠ!

કારકુન—(ધીમો પડી) ભાઈ! બહારથી ઉતારૂઓ ભરાઇ જાય છે.

એજન્ટ—ભરાઇ જાય છે તેમાં તમારે શું? તમને બેસવા જગા છે કે નહિ?

કારકુન—ભાઇ! હું તો આપણા બધાની સગવડ માટે કહું છું.

(એજન્ટ આગળ કંઇ બોલ્યા વિનાજ બારણા આગળ થોડો દૂર ઊભો રહી સીગાર ચેતાવે છે, નાકમાંથી અને મોંમાંથી ધૂણી કાઢે છે, અને દિવાસળીની પેટી સાથે રમત કરે છે. સ્ત્રીવર્ગમાંનું કોઇ ત્યાંથી પસાર થતું દેખાય છે ત્યારે તેની નજર ચંચળ બને છે. ત્યાંથી પસાર થતા ઉતારૂઓને માપવા માગતો હોય તેમ તેમાં-ના કેટલાકને પગથી માથા સુધી નીરખે છે......ઉતાવળથી ગભ-રાઇ ગએલો એક ડોસો બારણા આગળ આવે છે, બારણું ખુલ્લું દેખી ખાનામાં ચઢે છે, બધા બેઠેલા ઉતારૂનું મન જોઇ પંતુજી અને ખેડૂત વચ્ચે સંકોચાઇને બેસે છે. તેને જોઈ કારકુન બળી જાય છે પણ કંઇ બોલતો નથી.......એ ઉતારૂ ધસમસ્યા આવી ખાનામાં ઘૂસે છે.)

કારકુન—(ઊભો થઇ જઇ) આગળ ઘણી જગા છે,—આગળ જાવ!—આગળ જાવ!

(તેનું બોલેલું સાંભળ્યું ન હોય તેમ નવા આવનાર, જ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગા દેખે છે ત્યાં બેસે છે. કારકુન દાંત કચકચાવે છે, બહાર ઉભેલા એજન્ટ સામે જુએ છે અને કચવાતો બેસી જાય છે...... પીસ્વો થાય છે, ફાસ્ટ ચાલવા લાગે છે, સીગારનું ટોચડું ફેંકી દઈ એજન્ટ ખાનામાં ચડી જાય છે, બારણું વાસી દે છે અને શાલ તથા ટોપી ખસેડી બેસે છે.........છેલ્લા આવનારમાંનો એક બીડીઓ કાઢી પંતુજીને ધરે છે, તે ડોકું હલાવે છે; કારકુનને ધરે છે, તે આડું જુએ છે; ખેડૂતને ધરે છે, તે એક બીડી લે છે; ડોસાને ધરે છે—

ડોસો—મારી પાસે છે.

ઉતારૂ—છે તોપણ લ્યો.

ડોસો—(ઢચુપચુ થાય છે.)

ઉતારૂ—એમાં વિચાર શો કરો છો ?—લો !—લો !

(ડોસો બીડી લે છે, બીજો ઉતારૂ બીડી લે છે અને સૌ બીડીઓ ચેતાવે છે.)

એક ઉતારૂ—(ડોસાને) કાકા! કયાં રહેવું ?

ડોસો—ભાયલી.

એક ઉતારૂ—ભાયલી ?—તમે પેલા જગજીવનદાસને ઓળખો કે ?

ડોસો—કેમ નહિ ? એમને ત્યાં અમારૂં ખાતું-પતરૂં રહેવાનું.

એક ઉતારૂ—એ અમારા બનેવી થાય.

ડોસો—(માનથી) તમે કયાંના ?

એક ઉતારૂ—આણંદના.

ડોસો—જગજીવનભાઇને મળવા આવ્યા હશો ?

એક ઉતારૂ—અમારો ભાણો માંદો રહે છે તે જોવા ગયા હતા.

ડોસો—હું પણ મારી દીકરીને જોવા જાઉં છું.

એક ઉતારૂ—શું થયું છે ?

ડોસો—(ગળગળો બનીને) સનેપાત થઈ ગયો છે !

એક ઉતારૂ—હેં ! તે કયાં છે ?

ડોસો—બાજવે.

એક ઉતારૂ—બાજવે ! તો તમે એને કેવી રીતે મળશો ? આ તો ફાસ્ટ છે. ફાસ્ટ બાજવે ઉભો રહેતો નથી.

ડોસો—(અડધો ઉભો થઈ જઈ) ફાસ્ટ છે ! લોકલ નહિ ?

(ડોસા ઉપર બોંબ પડયો હોય તેમ તે આભો બની જાય છે. ખાનામાંના સૌમાં ડોસા માટે લાગણી ઉત્પન્ન થાય છે. સૌનું ચિત્ત ડોસા તરફ ખેંચાય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોસો—(વધુ ગભરાઇને) આ લોકલ નહિ?

એક ઉતારૂ—
બીજો ઉતારુ— લોકલ તો સામી ઉભી હતી.
કારકુન—

ડોસો—મને શી ખબર?

કારકુન—કોઇને પૂછવું'તું!

ડોસો—બહુ માણસને આ ગાડીમાં બેસતા જોઇ મને થયું કે આ લોકલ હશે. હવે શું થાય?

કારકુન—શું થાય તે ભૂલ કરી તે ભોગવ!

ડોસો—મારી દીકરી ઘડીતાલ છે ને! (વધુ ગળગળો બને છે.)

એક ઉતારૂ—આણુંદ થઇ લોકલમાં પાછા આવો.

ડોસો—પાછા આવતાં અંધારૂં થઇ જાય. ગામ સ્ટેશનથી દૂર છે, અહીંનો ભોમીઓ નથી.

એજન્ટ—ડોસા! પચાસ રૂપિયા ફેંકી દેવાના ગજવામાં છે?

ડોસો—ના, ભાઈ! કેમ?

એજન્ટ—સાંકળ ખેંચી ગાડી ઉભી રાખ અને પચાસ રૂપિયા દંડ ભર.

ડોસો—(ગરીબાઈથી) ભાઈ! પચાસ તો શું પણ પાંચ રૂપિયા પણ મારી પાસે નથી.

ખેડૂત—(ઓચિંતો વિચાર આવ્યો હોય તેમ) કાકા! એક ઉપાય છે.

ડોસો—(આશાભર્યો) શો?

ખેડૂત—મહીસાગરનો પૂલ સમો થાય છે. ત્યાં ગાડી ધીમી પડે છે. ત્યાં ચાલતી ગાડીએ ઉતરી પડો.

એક ઉતારૂ—(ખેડૂતને) તમે ડોસાને એવું જોખમકારક કામ ન બતાવો.

ખેડૂત—એમાં જોખમ શાનું? ધીરે રહીને ઉતરી પડવું છે ને? આપણે કેટલીએ વખત ચાલતી ગાડીએ ચઢીએ છીએ અને ઉતરીએ છીએ.

એક ઉતારૂ—કદાચ, ન બનવાનું બને!

પંતુજી—બરાબર છે. ચાલતી ગાડીએ ઉતરવું સલાહકારક નથી.

એજન્ટ—તો કંઇ બે વાનાં સંધાતે બને? જોખમ ખેડે તો દીકરીને મળાય! શિર જાય તો લાડુ ખવાય!

એક ઉતારૂ—ડોસા ઘરડા છે તેનો વિચાર કર્યો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેડૂત—એમાં શો વિચાર કરવાનો છે ? ધીરે રહીને ઉતરી પડવું છે તેમાં ઘરડાં કે જુવાનની જરૂર કયાં છે ?

એક ઉતારૂ—ઉતરતાં હાથ ધ્રૂજે તો ? પંદર દિવસ પર અમારા ગામનો એક ડોસો પોટલી લેવા ચાલતી ગાડીએ ઉતરવા જતાં પડીને મરી ગયો !

પંતુજી—એ વાત મેં પેપરમાં પણ વાંચી હતી.

ખેડૂત—મેં પણ સાંભળી હતી. પણ તે વખતે ગાડી પૂરજોસમાં હતી. અહીં ગાડી ધીમી પડી જઇ કીડીના વેગે ચાલે છે...જુઓ, આ પૂલ આવ્યો...આ ગાડી ધીમી પડી! (ડોસાને) કાકા! તૈયાર થાવ.

(ફાસ્ટની ઝડપ ઓછી થાય છે. ખેડૂત બારણાનો હેંડલ દબાવી તેને અધખોલું કરે છે. પૂલનું લોખંડી કામ દેખાય છે. ફાસ્ટની ગતિ નહિ જેવી થઇ જાય છે.)

ખેડૂત—કાકા ! તમે બારીએ આવી જુઓ, ઉતરવું કેટલું સહેલું છે!

એક ઉતારૂ—તમે ડોસાને જોવાને બહાને ઉતરવા લોભાવો નહિ.

ખેડૂત—એમાં લોભાવવાનું શાનું ? બિચારા દીકરા ભેગા થશે અને ટાઢમાંથી બચશે તેનો વિચાર તમે કેમ કરતા નથી ? (ડોસાને) આવો, કાકા! તમારે ન ઉતરવું હોય તો ન ઉતરશો; પણ જુઓ તો ખરા કે ઉતરવું કેટલું સહેલું છે !

(ડોસો ડગમગતા પગે ઉભો થાય છે અને બારણા આગળ જઇ બારણું પકડી ઉભો રહે છે.)

ખેડૂત—જુઓ કાકા! એક પગ આ પાટીઆ પર; (બહારનું પાટિયું બતાવે છે.) બીજો પગ જમીન ઉપર; અને તમે બાજવે પહોંચી જશો.

(ડોસો બહાર જુએ છે, અંદરના ઉતારૂનો અભિપ્રાય માગતો હોય તેમ તેમના તરફ જુએ છે, વળી બહાર જુએ છે.)

એક ઉતારૂ—કાકા ! બધો વિચાર કરીને ઉતરજો.

બીજો ઉતારૂ—કાકા! પેલો સામો લોખંડી કઠારો છે તેમાં માથું ન ટીચાય તે સાચવજો.

કારકુન—હું તો કહું છું કે, છાનામાના પાછા બેસી જાઓ. દીકરીને નહિ મળાય તો શું બગડી જશે ?

ખેડૂત—કાકા ! તમે એ કોઇનું માનશો નહિ, તેઓ બાયલા છે.

એક ઉતારૂ—કાકા ! જુવાનિયા ઉછાંછળા હોય છે; તેમનું કહ્યું માનીને જીવ ગુમાવશો.

ખેડૂત—કાકા ! જુઓ, પૂલ થઇ રહેવા આવ્યો છે. ગાડીની ગતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ વધી જશે, તમે ઝટ ઉતરી પડો.

એક ઉતારૂ—જોજો કાકા, ઉતરતા !

ખેડૂત—કાકા ! ઝડપ વધી. ઉતરો, ઉતરો !

કારકુન—ડોસા ! મરવાના થયા છો કે શું ?

(ડોસો કંઈ નિશ્ચય પર આવી શકતો નથી. ફાસ્ટની ઝડપ વધે છે. એક આંચકો આવે છે. ડોસાના હાથમાંથી બારણું છૂટી જાય છે. ડોસો ઉંધે માથે બહાર પડે છે. ખાનામાંના સૌ ગભરાઇ ઊભા થઇ જાય છે. ખેડૂત સાંકળ ખેંચે છે. ફાસ્ટ ઉભો રહે છે. સૌ ઉતરી પડી, ડોસા પડયા તે તરફ જાય છે..........ફાસ્ટના બીજા ઉતારૂનો કલબલાટ સંભળાય છે. તેઓ ફાસ્ટના પાછલા ભાગ તરફ જતા બારણામાંથી જણાય છે......કલબલાટ ચાલુ રહે છે...... ગાર્ડનો પીસવો સંભળાય છે ! ગમગીન ચહેરે પાછા જતા ઉતારૂઓ બારણામાંથી દેખાય છે. તેમનામાંના કોઈ "બિચારાના માથાનો કૂચો થઇ ગયો છે." "તેને આવું કેમ સૂઝયું !" "બિચારો કમોતે મૂવો !" એવા હૃદયદ્રાવક ઉદ્‌ગારો કાઢે છે......કારકુન, પંતુજી, એજન્ટ, ખેડૂત વગેરે પડી ગયેલા મોંએ નીચું ઘાલી ખાનામાં ચઢે છે, અને સૂઢમૂઢ બની બેસે છે, જાણે ડોસાના મરણના તેજ જવાબદાર ન હોય !)

(જાન્યુઆરી-૧૯૩૫ ના "કૌમુદી"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३८–दुष्काळनिवारण

(દુષ્કાળ આવે ત્યારે ખેડૂતને ભય લાગે અને એ ભાંગી પડે એ તો સમજાય, પણ વાણિયા વેપારીને એનો ઓછો ભય નથી હોતો. ચોરી, લૂંટ અને ધાડનો તો ભય હોય છે જ, પણ એ ઉપરાંત સરકારી દરબારી ફંડ અને લાગાનો પણ એને ડર રહે છે. એને માત્ર આ બધામાં એક નિરાંત એ હોય છે કે આખરે તો એ બધું કન્યાની કેડ ઉપરજ છે ને! ખેડૂતને પકડવા માટે એનો ચોપડો હરહમેશ તૈયારજ હોય છે.)

આંબરડીમાં પાનાચંદ શેઠની મેડી ઉપર વિલાયતી નળિયાં હતાં. ફરસબંધી ઓરડા અને રંગીન કાચની અટારીઓ એની સમૃદ્ધિનો ખ્યાલ આપતાં હતાં. ગામ આખું એને નગરશેઠ કહેતું. આસપાસમાં એની ખ્યાતિ પૈસાવાળા તરીકેની હતી, અને શેઠની ગાંઠે લાખેકની મુડી હતી.

દુકાળ પડતાં જ શેઠના દિલમાં ધ્રાસ્કો પડ્યો. દાળભાત રોટલી શાકમાં ખામી ન આવી, અથાણા પાપડમાં હરકત ન આવી, મોટરના પેટ્રોલની ખોટ ન પડી, છતાં શેઠના દિલમાં ધ્રાસ્કો પડ્યો.

શેઠને એવી શી ફિકર હતી? જેની બીક હોય તે સામુંજ મળે, એ ન્યાયે શેઠને ઘેર એક કાઠી આવીને ઊભો રહ્યો.

શેઠને આવીને એણે રામ રામ કર્યા.

"ઓહો દરબાર! પધારો પધારો." શેઠે કચવાતે મને આવકાર દીધો "પધારો દરબાર! પધારો."

દરબાર હિંડોળે બેઠા. તલવારની મૂઠ ઉપર હાથ રાખી દરબારે શાંતિથી કહ્યું: "શેઠ! એકસો રૂપિયાની જરૂર છે. હાથઉછીના આપજો તો."

"દરબાર! રૂપિયા તમારાજ છે. ખુશીથી લઈ જજો."

"મારે હમણાંજ જોઇએ."

"પણ બાપુ! અહીં પૈસા હાજર ન હોય. ભાવનગર જઇને બેંકમાંથી ઉપાડી લાવીશ. આઠેક દિવસ પછી આવજો ને!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ તારી ભાભી અને છોકરાં ખાય શું? ઘરમાં મુઠ્ઠી બાજરી પણ નથી."

"એમાં હું શું કરૂં બાપુ?"

"ઇ તમે જાણો. મારે રૂપિયાની જરૂર છે. હા પાડો છો કે ના?" દરબાર ટટ્ટાર થયા.

દરબારની આંખ જોતાંજ શેઠ ઢીલા પડી ગયા. યુક્તિથી બોલ્યા: "એમ કહોને ત્યારે! મને એમ કે બે-ચાર દિવસ ચાલે એવું હશે."

"એક ઘડી પણ ચાલે એમ નથી."

"સારૂં સારૂં, હમણાં રૂપિયા મંગાવી દઉં. તમે ઘેર જાઓ, મારો તલકો આપી જશે."

"હું રૂપિયા લીધા વિના જવાનો નથી" શેઠે ફરી દરબાર સામે જોયું.

"સામું શું જુઓ છો?" અમારાં છોકરાં ભૂખે મરે ને તમે દૂધ-ચોખા-સાકર જમશો? ક્યારના વગદ્યાં શું કરો છો? હું શું કાંઇ કોળી વાઘરી છઉં તે કરગર્યા કરૂં?"

"બાપુ! ઉતાવળા કાં થાઓ? જા તલકા, સો રૂપિયા કાઢીને લઈ આવ્ય."

દરબાર રૂપિયા લઈ રવાના થયા.

* * * *

રાતના આઠ વાગે કરશન પટેલ આવ્યા.

"શેઠ રામરામ!"

"આવો પટેલ!"

"શેઠ! થોડોક બાજરો જોઇએ છે."

"આપણી પાસે બાજરો નથી."

"થોડો ઘણો પણ આપવો જોઇશે."

"પણ કેટલાકને આપવો? અને ભાવની ખબર છે?"

"શું ભાવ?"

"અઢી રૂપિયા."

"અઢીના કાકા, પાંચ મણ આપો."

"રૂપિયા રોકડા છે ને?"

"રૂપિયા ખાતે માંડવાના છે."

"દોઢા માંડવા પડશે અને વ્યાજ બાર આના."

"ઇ તમને જેમ ઠીક લાગે તેમ માંડજો."

"જા તલકા! જોખી દે બાજરો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટેલ ચોપડામાં શું માંડયું તે જોયા વિનાજ બાજરો લઇને ચાલતા થયા.

× × × ×

શેઠને બારણે વઢવાણના શેઠિયાઓની મોટર આવીને ઉભી રહી.

શેઠ સામા આવ્યા. મોટરમાંથી ધોળી ટોપીવાળા શેઠિયા ઉતર્યા. શેઠને નમસ્કાર કરી અંદર આવ્યા.

થોડી આડી અવળી વાતો કરી મુખ્ય વાત કાઢી.

"જુઓ શેઠ! આપણે દુકાળફંડ શરૂ કર્યું છે. કાળો દુકાળ પડયો છે. કરોડોની જરૂર છે. આપણે તો બનતી રાહત આપવાની છે."

"બરાબર છે."

"ફાળો શરૂ થઈ ગયો છે. આપ શું નોંધાવશો?"

આવા મોટા ફાળામાં મારૂં ગરીબ માણસનું શું ગજું?"

"તમે ગરીબ નથી."

"તમારે હિસાબે ગરીબ."

"તોય જે ફૂલ નહિ ને ફૂલ પાંખડી."

"લખો પચીસ રૂપિયા."

"પચીસ ન હોય."

"ત્રીસ લખો."

"આપણે દશ લાખનું ફંડ કરવું છે તે ખબર છે ને?"

"તો મને માફ કરો."

"તમારા રોટલામાં ગરીબનો પણ ભાગ છે."

"ઇ કબૂલ છે પણ..."

"પણ બણ નહિ ચાલે."

ખૂબ માથાકૂટ પછી શેઠે એકાવન રૂપિયા નોંધાવ્યા.

× × × ×

"શેઠ! વહીવટદાર સાહેબે આપને ખાસ બોલાવ્યા છે."

"એમ! હમણાં બોલાવે છે?"

"ના, ફુરસદે આવી જવા કહેલું છે."

"આપણે તો ફુરસદજ છે ને!"

શેઠ તરતજ ઉતારે ગયા. વહીવટદારે ગાદી ઉપર પડખે બેસાડી વાતની શરૂઆત કરી.

"જુઓ શેઠ સાહેબ! આપણે મહારાજા સાહેબ પધારે ત્યારે સ્વાગત માટે ફૂલ પાંખડી એકઠી કરવાની છે. તમારી રકમ આપણા મહાલમાં સાથી પહેલી જોઇએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારાથી મોટા બીજા શેઠિયા છે."

"નથી. મારાથી અજાણ્યું ન હોય, બોલો પાંચસો એક નોંધું?"

"અરે મરી જાઉં ભાઈસા'બ!"

"ઠીક જાઓ, બસો એકવાન."

"અરે!"

"બસ, હવે ન બોલશો."

શેઠ મૂંગા થઇ ગયા, પાન ખાઇને લાલ મોઢું બનાવ્યું અને રજા લીધી.

[દુષ્કાળ નિવારણ માટે સૌ કોઈ પોતપોતાને માર્ગે પોતપોતાની રીતે મહેનત તો કરે છે. કોઈ ફાળા કરે, કોઇ વ્યાજે અનાજ લ્યે, કોઈ રાજ્યની મદદ લ્યે તો કોઇ કાઠી ભાઈની માફક ખાતું પડાવે.

એમ એકાદ વરસનો દુકાળ તો સૌ ખેંચી કાઢે, પણ દેશને દુર્ભાગ્યે દોઢસો વરસથી જે દુકાળ ચાલે છે અને જેના મારથી દેશ આખો દીનહીન બની ગયો છે એનું નિવારણ કયે માર્ગે થશે?

શ્રીમંતો અને રાજા-મહારાજાનાં દિલ પીગળાવી પાંચ પચીસ પૈસા લઇને રચનાત્મક કાર્ય મારફત સંગઠન અને પ્રાણપ્રતિષ્ઠા કરવાથી એ થશે કે કાઠીની માફક મૂઠ પર હાથ મૂકી લાલ આંખ બતાવીને પૈસા ઓકાવાથી થઈ શકશે?

અધીરા યુવાનો કાઠીનો માર્ગ ગ્રહણ કરવા તલપાપડ થઈ રહ્યા છે, પણ કાઠીના કાંડામાં જે જોર હતું, એની છાતીમાં જે હિંમત હતી, એના નિશ્ચયમાં જે નિર્ભયતા હતી તે આજે આપણામાં છે?

("નવરચના"ના એક અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯–લલિતા પુસ્તકાલય

(લેખકઃ–શ્રી. પોપટલાલ પુ. શાહ–મુ. વાંકાનેર)

"હવે તું બી. એ. થઈ છું તેની મને ખબર છે. આખો દહાડો ચોપડી, ચોપડી ને ચોપડીજ! હાથમાં ચોપડી વિના બીજું કાંઈ દેખાયજ નહિ! ખાતાં, પીતાં, સૂતા, બેસતાં, ઉઠતાં ચોપડી-નીજ વાત!"

"કાન્ત! તમે બિચારી ચોપડીને તો નકામાજ નિંદો છો. તમેજ જો ચોપડીનો આશરો ન લીધો હોત તો? તમે તેની પૂજા ન કરી હોત તો?"

"તો શું? તો હું કમાતજ નહિ એમ ને?"

"હા, એમજ."

"હાં! આ તો પેલા પંતુજીવાળી દલીલ! એ તું ક્યાંથી શીખી?"

"તમે જે પંતુજીઓ કનેથી તમારી વિદ્યા શીખ્યા એવાજ પંતુજીઓ પાસેથી હું એવી દલીલો શીખી છું. પણ મને નવાઈ એજ લાગે છે કે, જેની પાસેથી તમે આ બધું શીખ્યા, જેને લીધે તમે કમાતાં શીખ્યા તેજ સ્થાવરજંગમ શિક્ષાગુરુની નિંદા કરવાનો તમારો આ ઉત્તમ ધંધો તમારી કેળવણીને જરૂર શોભાવે તેવો છે!"

"કેમ! હું ખોટું કહું છું? અમે બધા—"

"તમે બધા એટલે કોણ?"

"સમાજના વ્યવસ્થાપકો એમજ; બધા રાજકર્માચારીઓ, ડોકટરો, વકીલો એજ ખરા વ્યવસ્થાપકો છે ને?"

"એટલે કહોને કે શિક્ષકો સિવાયના બધા કેળવાએલા."

"હાસ્તો, શિક્ષકો તો નિશાળે જઇને અગીઆરથી પાંચ ભણાવી જાણે એટલુંજ, બીજું શું કરે?"

"અને તમે? બધા જડ કાગળો સાથે કામ કરો, જડ શસ્ત્રો સાથે કામ કરો અને ખટપટનાં અધમ શાસ્ત્રો અને શસ્ત્રો ઉકેલો અને વાપરો એજ કે બીજું કાંઈ? તમે બધા ભારે મોથ મારી નાખો છો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તું શિક્ષક નથી છતાં તને શિક્ષકોનો ઠીક પક્ષપાત છે. તું પંતુજી થઇ હોત તો તો શું નું શુંય કરત?"

"એ તો થાઉં ત્યારે કહેવાય. પણ તમને શિક્ષક અને ચોપડી તરફ આવી સૂગ કેમ છે એ મારાથી સમજી શકાતું નથી."

"તારી ચોપડીઓથી તો બાપ તોબા!"

"તમને નડે છે મારૂં વાચન, મારાં પુસ્તકોઃ એ દૂર કરવાની ચિકિત્સામાં તમને શિક્ષક ક્યાંથી હડફ્ટે ચડયો વારૂ?"

"એજ સમજવાની વાત છે ને! તમે બૈરાં ન સમજો એમાં..."

"અમે તો બૈરાં તે બૈરાં. અમારાથી કાંઇ છેક મરદ થવાવાનું થોડુંજ છે? પણ મારા કંથજી! તમે મરદ છો તે સમજાવશો તો ખરા ને?"

"જો, ચોપડીઓ ખરીદવાનો, વાંચવાનો અને એનું ઘેલું લગાડવાનો ધંધો એ પંતુજીઓનો. બીજું કાંઈ તેઓ સમજેજ નહિ, એની સાથે વાત કરો એટલે બીજું કાંઈ નીકળેજ નહિ."

"અને તમે એ વકીલો, એ ડૉક્ટરો કે એ અધિકારીઓ ભેગા મળો તો?"

"કેમ, સૌને લગતી સૌ વાત કરે."

"સૌને લગતી સૌ વાત કરે, તેમાં બીજાને રસ પડે કે ન પડે તોયે કોઇ કોઇ વાર હા ભણવી પડે, એ બરાબર! અને શિક્ષક બિચારો સમાજને લગતી ઉપકારક વાત કરે તો એ એનો ગુન્હો!"

"હું હાર્યો, તું જીતી. બસ? મારે એ પંચાતમાં નથી ઉતરવું. તું તારો 'બુક-મેનિયા' (ચોપડીનું ઘેલું) છોડી દે એટલે થયું."

"કેળવાએલી પત્નીને પરણવાનો આજ ઉદ્દેશ હતો કે બીજો કાંઇ?"

"એ કેવો પ્રશ્ન?"

"પત્ની પતિને પૂછી શકે એવો."

"ભણેલો પુરુષ ભણેલી સ્ત્રીનેજ ઇચ્છે ને પસંદ કરે એમાં પૂછવાનું શું હોય?"

"શા માટે એમ ઇચ્છો? શા માટે એવી પસંદગી કરો?"

"કેળવણી કેળવણીને વરે એજ યોગ્ય."

"પણ એમાં લાભ શો?"

"લાભ જીવનનો. બધેય લાભ જોવાના હોય?"

"જીવનનો લાભ કેવો?"

"જો, હું સમાજમાં પ્રતિષ્ઠા પામું, મારૂં સારૂં કહેવાય અને વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધંધામાં પણ થોડોક સહકાર મળે."

"બરાબર, એ લાભ, નહિ? ત્યારે તમે તો મને સમાજમાં પૂતળી બનાવીને પ્રતિષ્ઠા મેળવવા અને પૈસા કમાવામાં મદદ કરવા માટેજ પરણ્યા છો, એમજ ને?"

"નોન્સન્સ! આવા ડર્ટી આઇડીઆ (ગંદા વિચાર) તને કયે ગદ્ધે શીખવ્યા છે? હું તારાથી થાક્યો."

"હું તમને દુઃખી કરવા માગતી નથી. આમ હતાશ શા માટે થાઓ છો? ઘડીકમાં તમારૂં મોઢું પણ બગાડતાં તમને વાર લાગતી નથી......તમે......"

"ત્યારે શું કરું? તારી સાથે જ્યારે જ્યારે વાત કરું ત્યારે તું માથા-ઝીકજ કરે છે. મને એવી માથાકૂટ ગમતી નથી. હું તને સમજાવી શકતો નથી. પણ મને કમાણી વિના બીજું કશું રુચતું નથી એ તું જાણે છે? તું તેમાં મને થોડીક મદદ કરે તો આપણી કમાણી બમણી થઇ જાય. હમણાં કમાઇ લઇએ; પછી તું કહેશે તેમ કરશું."

"તમે નાહક ઉદાસ ન થાઓ. હું જાણું છું કે, પૈસા વિના આજ પ્રતિષ્ઠા નથી તેમજ વિલાસનાં સુખસગવડ પણ નથી. તેથી એમાં ટેવાએલાં આપણે સૌ એજ ઇચ્છીએ. મારૂં જ્ઞાન એથી કાંઇક જુદું છે; પણ હું ચર્ચા અને દલીલો તો એટલા માટે કરૂં છું કે કાં તો હું સમજું કે કાં તો તમે સમજો; પણ આ રોજનો કકળાટ તો સારો નહિ."

"તો હું તો કહું છું કે મહેરબાની કરીને હમણાં ચોપડીની લત છોડ. તારા વિચારોને પછી અમલમાં મૂકશું. હમણાં તો પૈસા કમાઇ લેવા દે. પછી તું કહીશ તેમ કરશું."

"ભલે, તો હવે આજથી હું તમે કહો તેમ કરીશ. ચોપડી-ઓને મૂકી દઇશ; પણ પછી તો હું કહું તેમ કરવાનું ને?"

"હા, જરૂર."

"જોજો, હોં!"

"નક્કી."

"ત્યારે તમો કહો તેમ કરીશ. ચોપડીઓ છોડીશ, અને તમારા કામમાં મદદગાર થઇશ. એથી આપણી કમાણી વધશે; પણ છતાં મારો સ્વભાવ છેક પલટાય નહિ તો તમે નાહક મને સતાવશો નહિ; એટલું હું માગી લઉં છું."

"ગાંડી રે ગાંડી! પછી તો તારી મરજી પડે તેમજ કરજે. શું હું મનુષ્ય નથી કે એટલું પણ સમજું નહિ? તું મને મદદ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખી જા અને તડાકો પડવા દે. પછી જોઇ લેજે, તનેજ તે કામ કેવું ગમી જાય છે તે! પાટા-પીંડી, નર્સિંગ વગેરે ખાસ સ્ત્રીઓ માટે તું જાણી લે, કેટલાંક સ્ત્રીઓનાં સામાન્ય દર્દો સમજી લે; એટલે પછી મને પણ કાંઇક નિરાંત થાય."

× × × ×

"ઓ! ડૉક્ટર સાહેબ! ઓ ડૉક્ટર સાહેબ!"

"અરે! આ કોણ બૂમો પાડે છે? જાઓ જાઓ, તમે જરા જુઓ તો ખરા!"

"હવે માથાઝીક મૂક ને."

"શું હસો છો? મારા સમ છે. જાઓ ઉઠો, તપાસ કરો; કોઈ ગરીબ બિચારૂં—અરે લ્યો! આ તો કોઇ ગરીબડી બાઇ લાગે છે, બિચારીને મદદ કરો."

"જા, બાઇ! જા. અત્યારે વખત નથી; ઇસ્પિતાલનો વખત થાય ત્યારે આવજે."

"અરેરે! બિચારી બાઈ મૂંગી મૂંગી ચાલી ગઇ. નાથ! તમને દયાએ નથી આવતી?"

"એમ દયા કરીએ તો કમાણી ક્યાંથી થાય?"

"ત્યારે તમને બધાને મને લાગે છે કે નગદ નાડીચિકિત્સાજ પહેલી શીખવાની હોય એમ લાગે છે. હું તમારી પાસેથી તમારી વિદ્યા જેટલી શીખાશે એટલી શીખીશ; પણ તમારો સ્વભાવ હું ન શીખી શકું તો મને માફ કરજો. હું તો ગરીબોની મફત સેવા પણ કરીશ. કહો, કબૂલ છે?"

"હા ભાઇ હા, કબૂલ છે. હવે માથું ખા મા ને! તું તારે દયાની દેવી થાજે, પણ તારો 'બુક મેનિયા' છોડી દે એટલે બસ!"

"ના, મારે થોડું થોડું તો વાંચવુંજ પડશે. હું તમને મદદે કરીશ ને વાંચીશે ખરી!"

"ના, એ બેય ન બને, બે ઘોડે ચડાયજ નહિ; બેય બગડે. એ બુકનું લફરૂં તો છોડીજ દે."

"નાથ! એ લફરૂં નથી. મને એ ન છોડાવો. એ જીવન છે. પૈસા કમાવામાંજ......"

"એ મારે નથી સાંભળવું. આપણે વાત થઈ ગઇ છે ને કે હવે આ કકળાટ છોડી દેવો?"

"પણ વાચન વિના તો નજ ચાલે."

"એ કકળાટ છે. ચોપડીઓનો કકળાટ હવે કાઢી નાખ; છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તને ઇચ્છા થાય તો મારાં પુસ્તકો વાંચજે, જા."

"એ પૈસાની વેઠનાં પુસ્તકો વાંચીને હું શું કરૂં?"

"પણ ટાઇમ અને હેલ્થ (વખત અને તંદુરસ્તી) બગડે એવું હવે મારે નથી જોઇતું."

"નાથ! તમે ભૂલો છો. આનું નામ પ્રેમ નથી. એકબીજાને સહન કરવામાં પ્રેમ છે. મારે માથે તમે આવો જુલ્મ ન કરો."

"હું એવી ઉંડી વાત સમજતો નથી. તું તારે હું કહું તેમ કરી જો ને પછી જોજે!"

"ભલે! તમારા આગ્રહને હવે હું ઠેલી શકું તેમ નથી. કારણ કે તમે સહન કરો નહિ, તો પણ મારે તો સહન કરીનેજ પ્રેમ પાલવવો રહ્યો. પણ છતાં તમારૂં વચન તમે ભૂલી જશો નહિ હોં!"

"હા, એ જરૂર."

× × × ×

મનોહરલાલ ભણ્યા હતા. પણ **या विद्या सा विमुक्तये** એ સાચી વિદ્યાનું તેમને ભાન ન હતું. લલિતા ભણી હતી ભાવના ઝીલવા અને પોષવા માટે. તે એ સૂત્રને સમજી ગઇ હતી. ડૉક્ટર સાહેબને જર વહાલું હતું, ડૉક્ટરપત્નીને જીવન વહાલું હતું.

લલિતાએ ધીમે ધીમે પ્રાથમિક વૈદ્યકીય કામકાજ શીખી લીધું. સ્ત્રીઓ સંબંધીનું તેમજ બાળકોનું કામકાજ હવે તેજ કરવા લાગી. નાણાંની હવે ટંકશાળ પડવા લાગી. ડૉક્ટર સાહેબની પ્રતિષ્ઠા હતી તેથી ખૂબ વધી પડી. તે તો હવે ઉપડયા ઉપડે નહિ, તેમ લોકમાં પૂજાવા લાગ્યા. પણ તેની સાથે તેમનો પૈસાનો પ્રેમ વધતોજ ગયો.

લલિતા કુશળ અને બુદ્ધિશાળી હતી, તે પોતાના કામમાં પ્રવીણ થઇ ગઈ હતી. તેનો પુસ્તકપ્રેમ ઓછો થયો નહોતો, પણ તેનો ગ્રંથ-સહચાર તદ્દન શૂન્ય બની ગયો હતો. તેના કામમાં તે લીન બની ગઇ હોય એમ જણાઈ આવતું હતું. ડૉક્ટર સાહેબ પોતે પત્નીને પલટાવીને આનંદ આનંદ અનુભવતા હતા, છતાં લલિતાની ભાવના તદ્દન મૃતપ્રાય નહોતી થઇ. તે ઘણી વાર પોતાના ગજવામાંથી ગરીબોને મદદ આપતી તે મનોહરલાલને ગમતું નહોતું પણ પોતાની કમાણી બેવડાઇ જાણીને મન મારતા.

ચોપડીઓના કબાટને તાળાં લાગી ગયાં હતાં. ડૉક્ટર સાહેબ તો સામાન્યતઃ સાહિત્યશૂન્ય હતાજ, પણ હવે તો લલિતાનો એ શોખ પણ તેમણે શૂન્યવત્ કરી દીધો હતો. એટલે હવે તેમને નવી ચોપડીઓ ખરીદવી પડતી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને જણાં એકવાર કોઇ દર્દીને તપાસીને ઘેર આવ્યાં હતાં. દર્દીની સ્થિતિ જોઇને, તેની વાતો અને તેની જીવનકથા જાણીને લલિતાનું હૈયું દ્રવી ઉઠયું હતું. તેનો ચહેરો આજ ઉદાસ બની ગયો હતો. બંને આવીને બેઠાં કે તરત જ મનોહરલાલે પૂછયું—

" જોયું ? એ કેસ કેવો લાગે છે ?"

" બધી રીતે નિષ્ફળ."

" હા, પણ તેમાંથી તેં કાંઇ અનુભવ લીધો ? મેં તો જોયું કે જે વાત કરી તે ઉપરથી તેના શરીરમાં પોઇઝન (ઝેર) વધી પડયું હતું અને તેનું કારણ—"

" તમે એ તમારી વિદ્યા માટે ઠીક અનુભવ લીધો, પણ તેનો ઉપયોગ ? "

" કેમ ? બીજાં દર્દીઓના એવા કેસમાં ખબર પડે ને ?"

" પણ એ ખબર પૈસા માટે કે બીજા કોઇ જીવનના હેતુ માટે ?"

" ઠીક, ત્યારે તારી ઉદાસીનતાનું એજ કારણ લાગે છે !"

" હા, મેં પણ તમારા જેવો અનુભવ તો લીધો. હું પણ થોડુંક શીખી, પણ મને તેની જીવનકથા જાણીને એમજ પ્રશ્ન થયો કે આપણું જીવન એના કરતાં બહુ સારૂં હશે ? આપણે પણ પૈસા પાછળ જ ગાંડાં નથી ? એનો ઉપયોગ ?"

" તું હમણાં કોઇ કોઈ વાર ઉદાસ થતી હોય એમ મને જણાતું હતું. આજ પણ તું એમ દિલગીર થઇ ગઇ છે. પણ એમ દરેક દર્દી પાછળ જો દિલગીર થઇએ અને ભાવનાનાં ગાંડાં કાઢીએ તો આપણે ધંધો કરી શકીએ નહિ અને નાહક દુબળાં થઇ જઇએ."

" હું દર્દીની દુઃખકથાથી દિલગીર નથી થતી એટલી આપણી દુઃખકથાથી મુંઝાઉં છું. મારો વાચનનો શોખ ગયો, આપણો કકળાટ ગયો; પણ સાથે ભાવના મરી ગઈ, અને હવે તો આપણે જે થોડોક જીવનનો આનંદ ભોગવતાં, હું તમને જે આનંદ પરાણે પણ આપતી, જે નિર્દોષ ટપાટપી આપણે કરતાં તે સઘળું ગયું અને જીવન પણ આથમી ગયા જેવું થઇ ગયું છે. સ્વામી ! કાન્ત ! આપણું આ જીવન—"

" અરે ! ગાંડી રે ગાંડી ! મેં તો મારી પ્રતિષ્ઠા અને પૈસો બંને વધાર્યાં છે. તેંજ જીવનની હોંશ પૂરી પાડી છે. હવે શું કમીના છે ? પૈસો થયો, બાળકો પણ ત્રણ આંગણે રમે છે. ગાડીઘોડા, બંગલો, ખાવાપીવા અને પહેરવાનું સર્વ મળી ચૂકયું છે. નાહક તું ઉદાસ થઇને તારી આંખ શા માટે ભીની કરે છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નાથ ! હું પલટી, પણ તમે ન પલટયા. મેં પ્રેમ ખાતર મારૂં જીવન હોમી દીધું, પણ તમે ? સ્ત્રીઓની ભાવનાની ભૂખ તમે કેળવાયલા પણ સમજી શકતા નથી. તમારે મન પૈસો ને પ્રતિષ્ઠા, સુખ સગવડ ને પરિવાર, એટલામાં જીવનનો સંતોષ આવી જાય છે. ઘણા કેળવાએલા યુવકો જીવનના ગણેશ માંડે છે ત્યારે જુદા હોય છે, અને જીવનના મધ્યાહ્ને તદ્દન જુદાજ થઇ જાય છે. તેમની ભાવના પછી વાંઝણી થઇ જાય છે. વૈભવ, વિલાસ, પૈસો અને પ્રતિષ્ઠા મળ્યાં એટલે તેમના જીવનમાં બીજી આશા જ જાણે જન્મી શકતી નથી. તેમની વિદ્યા વાંઝણી બની જાય છે. સ્વામીનાથ ! આપણે એવું જીવન જીવીએ એ શું તમને ઠીક લાગે છે ?"

આમ વાતો ચાલી રહી છે, લલિતા પોતાનું હૈયું હલકું કરી રહી છે, ત્યાં એક ગાડી આવીને ઉભી રહી. ગાડીમાંથી એક સ્ત્રી ઉતરી અને લલિતા આગળ આવીને બોલી—

"બાઇ સાહેબ! અમારાં બાઇ માંદાં છે; આપ જોવા પધારશો ?"

"હા, ચાલો આવું છું."

ગાડી ચાલી અને થોડી વારે એક મુકામ આગળ આવીને ઉભી રહી. લલિતા તરત જ દર્દી આગળ ગઈ અને તેને તપાસીને દવા લખી દીધી તથા સૂચના આપી. તેને લાગ્યું કે મેં દર્દીને કયાંઇક જોઇ છે. પણ એવી તો ઘણીએ હોય એમ ધારીને પોતે બોલી નહિ. દવા લખીને પોતે સૂચના આપીને જવા લાગી ત્યાં પેલી દર્દી બાઇએ તેને કહ્યું:—

"બહેન ! જરા રહો તો ખરાં ? દૂધ મુકાવું; તમે ચા તો નહિ પીતાં હો ? દૂધ તો લેશો ને ?"

"ના, કાંઇ નહિ."

"હું આગ્રહ નથી કરતી. પણ હું પરિચયને લીધેજ આટલો આગ્રહ કરૂં છું. તમે મને ઓળખી ?"

"ના."

"તમે ભૂલી ગયાં છો, પણ હું ભૂલી નથી. હું ગરીબ હતી, એકલી હતી, કોઇ સગું સાગવું પણ મારૂં ન હતું; ત્યારે હું માંદી પડી હતી. તે વેળાએ હું તમારે ત્યાં આવી હતી ત્યારે હું હતી એક કંગાલ સ્ત્રી. છતાં તમે મારે માટે તમારા સ્વામીને જે વિનતિ, આજીજી કરી હતી તે હજી હું ભૂલી નથી. મારા પતિ તે વેળાએ પરદેશમાં હતા. તેમની સ્થિતિ પણ એવીજ હતી. ધીમે ધીમે ભાગ્ય પલટયું, કર્મની રેખા ફરી અને તેઓ કમાયા. આજ તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુઓ છો કે અમારી સ્થિતિ કાંઇક સારી છે."

"તમારી વાત સાંભળીને હું બહુ રાજી થાઉં છું. તમારૂં નામ કહેશો ?"

"મારૂં નામ જયા. બહેન ! આ તમારી ફી અને......"

"ફી તો હવે હું નહિ લઉં."

"હવે મને તમારે પ્રતાપે કોઈ મૂંઝવણ નથી. વળી વધારામાં આટલી રકમનો સ્વીકાર કરો."

જયાએ લલિતાના હાથમાં તે ફી ઉપરાંત પાંચ હજારની નોટો મૂકી દીધી. લલિતા તો આભીજ બની ગઇ. તેણે પૂછ્યું:—

"બહેન ! પણ આ રકમને હું શું કરૂં ?"

"ગરીબ બહેનો માટે એનો ફાવે તે ઉપયોગ કરજો."

"પણ મારા સ્વામીનો સ્વભાવ તમે......"

"લલિતાબહેન ! એવું બોલો મા. મારે એ કાંઇ નથી સાંભળવું. તમે દયાની દેવી છો. ગરીબોની ફી તમે લેતાં નથી; જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં દવા–દારૂ, દૂધ, ફળ અને બીજી સગવડો પણ તમે ગરીબો માટે કરી દ્યો છો, એ મારાથી છાનું રહ્યું નથી. મને તમારો પરિચય થયો–જો કે એને પરિચય કહેવાયજ નહિ–ત્યારથી તમને જોતી આવું છું. તમે આ રકમનો ઉપયોગ ગરીબ સ્ત્રીઓની માવજતને માટે કરશો."

"તમને આવું ક્યાંથી સૂઝયું, જયા બહેન ?"

"બહેન ! હું થોડુંક ભણી હતી. પતિની ગેરહાજરીમાં એકલી એટલે સમય ખૂબ રહેતો તેથી સારાં પુસ્તકો વાંચીને વખત કાઢતી. પણ એમાંથીજ મને સૂત્ર સાંપડયું કે "પારકા દુઃખને પોતાનાં કરે તેજ જીવે છે." હવે કિસ્મતે કાંઇક વખત આપ્યો છે તો કાંઇક કરી છૂટવું એમ થાય છે."

"પણ એમ મારાથી ન લેવાય. મારા સ્વામીને પૂછ્યા વિના હું તે કેમ લઇ શકું ?"

"તમે ડૉક્ટર સાહેબને સમજાવજો, પણ મને તો નિરાશ નજ કરશો."

લલિતાથી ના પડાઇ નહિ, પોતાનું હૈયું ઉલ્લસિત થઇ રહ્યું. પણ પોતે એક ઉંડો નિસાસો મૂક્યો. પોતે રકમ લઇ જયાનો આભાર માની ગાડીમાં બેઠી. ચાલતાં ચાલતાં તેને વિચાર આવવા લાગ્યાઃ

"હું પણ એક વાર પુસ્તકો વાંચતી, જયાબહેન જેવીજ ભાવનાઓ સેવતી, મારી પાસે પણ પૈસો છે; છતાં હું કાંઇ કરી શકતી નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું વિચારતાંજ પોતે શરમાઇ ગઇ હોય તેમ ઉંડો નિસાસો નાખવા લાગી. ગાડી આવી પહોંચી, લલિતા ઉતરીને મનોહરલાલ પાસે ગઇ.

"કાં, શું કરી આવી?"

"કમાઈ આવી!"

"શું, ફી ને?"

"અરે ફી ઉપરાંત!"

"હેં?"

"હા!"

"શું?"

લલિતાએ ડૉકટરના હાથમાં પાંચ હજારની નોટો મૂકી દીધી.

"આટલું બધું ઈનામ?"

"છે તો ઇનામ, પણ આપણને નથી મળ્યું."

"એટલે?"

"એનો ઉપયોગ આપણે માટે નથી."

"હું સમજી શકતો નથી."

"સાંભળો. એક બાઇ ઘણા વખત પહેલાં અહીં આવી હતી, તે ગરીબ હતી. આપે તેને ધૂતકારી કાઢી હતી. મેં તમને તેને માટે વિનવ્યા હતા; પણ તમે તેને ઇસ્પિતાલે આવવાનું કહીને રજા દઇ દીધી હતી. તેજ બાઇએ આજ મને બોલાવી હતી. મને તેણે ફી ઉપરાંત આ રકમ ગરીબ સ્ત્રીઓની માવજત કરવા માટેની વ્યવસ્થા કરવા આપી છે."

"ઠીક, એ તો સારૂં! આપણે તે પણ કરીશું."

"કરીશું એમ નહિ."

"ત્યારે?"

"જુઓ, પાછી મારી ભાવના જાગ્રત થઈ છે. જે પુસ્તકોને તમે નિંદો છો, તેણેજ આ રકમ પણ અપાવી છે. એ જયાબેન પણ પુસ્તકનાંજ શોખીન! એટલે હવે હું પુસ્તકોને ફરીથી સ્વીકારીશ."

"તને ઠીક પડે તેમ કરજે, પણ મને મદદ તો કરીશ ને?"

"હા."

"તો તું ગરીબ સ્ત્રીઓની ફી લઈશ મા, તેમને દવા મફત દેજે, વળી જે સગવડ જોઇએ તે જરૂર પડે ત્યાં આપજેઃ પછી કાંઈ? આ વ્યવસ્થા! કાંઇ વ્યવસ્થાનું લખાણ બખાણ?"

"ના, કાંઇજ નહિ. મારા પર-આપણા પર—વિશ્વાસ, એજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું લખાણ છે."

"ત્યારે કોણ પૂછવાનું હતું ? વળી સેવા તો આપણે કરીએજ છીએ તેમજ દવાદારૂ, સગવડ વગેરે આપીશું. પછી ?"

"ના, એમ નહિ."

"બસ કે ?"

"હા, હવે તમે પૈસાનાજ થશો તો હું તમારી નથી. મેં જે પુસ્તકોનો સહવાસ છોડયો છે, તેનું કરજ મારે ચૂકવવાનું રહે છે. વહાલા ! હવે ઘણુંએ મળ્યું છે. હવે શામાટે લોભ કરો છો ? ઘણુંએ મળ્યું છે, હવે તો સેવા કરો."

"ગાંડી રે ગાંડી ! સેવાજ કરીએ છીએ ને ?"

"ભાડુતી નહિ, સાચી."

"ઠીક, તું કહે તેમ કરશું. આ ટાણે તો કાંઈ નથી ને ?"

"ના, આજેજ નિશ્ચય. મારાં પુસ્તકો મને પાછાં આપો."

"વળી 'બુક મૅનિયા' આવ્યો કે ?"

"એણેજ હૈયું નરમ રાખ્યું; એણેજ એક ગરીબ બેનની વકીલાત કરાવી, અને એણેજ આજ આ રકમ અપાવી બીજી બેનોની સેવાનાં વ્રત દીધાં. વિશ્વાસે વહાણુ ચલાવવાનું પણ તેણેજ કર્યું."

"બાકી તમને તો જડ શસ્ત્રો અને જડ દ્રવ્યો વાપરવાનુંજ શીખવવામાં આવે છે, સાથે ભાવના પાવામાં આવતીજ નથી. અતિ ટાપટીપ ને બહુ ચાપાચીપ, સાથે સાથે જડતાનોજ અભ્યાસ. આમ તમારી લાગણીઓ ને ભાવનાઓ મરી જાય છે. મને લાગે છે કે દરેક મેડિકલ કૉલેજમાં ઉચ્ચ ભાવનાશાળી પુસ્તકોની લાઇબ્રેરી હોવી જોઇએ, અને અભ્યાસક્રમમાં ભાવનાશાળી પુસ્તકનું ફરજીઆત શિક્ષણ પણ હોવું જોઇએ."

"ઠીક ઠીક, હવે ભાષણ મૂકી દે."

"મને મારાં પુસ્તકો પાછાં આપો."

"વળી પાછી ?"

"ના, હું એ પુસ્તકો વાંચ વાંચ કરવાની નથી. વાંચીશ થોડું થોડું; પણ વાંચ્યું છે તે અમલમાં મૂકીશ, અને એમ કરી વિદ્વાન લેખકોનું ઋણ ફેડીશ. મારી ભાવનાઓ કઠોર બની ગઇ છે તે કોમળ કરવા વાચન તો રાખીશજ."

"બીજું કાંઇ ?"

"તમારૂં વચન !"

"કયું ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે મને તમારી વિદ્યાનો પહેલો પાઠ આપતાં દીધું હતું તે!"

"હવે, એવું તો કાંઇ બને? એ ગણીને ગાંઠે બંધાય કે?"

"ના, નાથ! હવે વખત છે; તમારૂં વચન પાળો."

"પણ આજ તને થયું છે શું? ખાવા-પીવાનું કાંઇ કરવું છે કે નહિ?"

"ના, એ બધું પછી. તમે હજી કઠોર છો. તમને કોમળ કરવા એ મારો ધર્મ છે. તમે જેને તિરસ્કારી કાઢી તેણેજ તમારી પત્નીને ભરોસે આવી રકમ આપી, અને તમારા પર પણ સેવાનો વિશ્વાસ મૂક્યો; એ જોઇને તમને કાંઇ થતું નથી? જયાબેને તમને પણ સેવા કરવાની વિનતિ કરી છે, અને તમારા પર પણ મારા જીવનસાથી તરીકે વિશ્વાસ મૂક્યો છે; છતાં તમારા હૃદયનો પલટો નથી થતો? અરેરે! તમારૂં આવું કઠણ કાળજું! હવે તો મને મારી રીતે જીવવા દો. હું તમને આડી નહિ આવું. તમને મદદ પણ કરતી રહીશ; પણ મને મારી રીતે જીવવા દો, એટલું હવે હું માગું છું. તમે આપેલું વચન તમે પાળો, નાથ! હવે તો......"

"અરે! આમ નાહક દુઃખી ન થા. તારી આંખમાં આંસુ જોઇને હું દુઃખી થાઉં છું. આપણી ચર્ચા દરમિયાન, જીવનના કકળાટમાં પણ તેં આંસુ પાડયાં નથી. અને આજ આમ રૂવે છે તે જોઇને મારૂં હૈયું પણ ચીરાઇ જાય છે. ભલે, મને પૈસા વિના બીજું ગમતુંજ નથી, પણ તને મેં કદી રોતી જોઇ નથી એટલે આજ હું કેવી રીતે જોઇ શકું?"

"નાથ! મને ક્ષમા કરો, તમને દુઃખી કરવાની મારી ઇચ્છાજ નથી. હું જ્યારે પુસ્તકો વાંચતી ત્યારે તમારો પૈસાનો મોહ જોઇને હું કંપતી, મુંઝાતી. ત્યારે પણ તમે દુઃખી ન થાઓ તેટલા માટે હું તમને અનુસરવા મથતી-મનને મારીને પણ. પરિણામે તમે મને પલટાવી, બંને એવાં થઇ ગયાં અને આનંદ ને નિરાંત મરી ગયાં. ઘરમાંથી ભાવના પણ મરી ગઇ. આ આપણાં બાળકો પણ ભાવનાહીન થાય તો તે આપણોજ દોષ. આમ મારૂં હૈયું આપણે, આજ જે દર્દીને જોયો તેના કિસ્સાથીજ ભરાઇ આવ્યું હતું; તેમાં વળી જયાબેને એ મરેલી ભાવનાની જ્યોતિ વધારે સતેજ કરી. તેમાં તમે હજુ એવા ને એવા રહ્યા, મારૂં પ્રેમને ખાતર આપેલું ભાવનાનું-જીવનનું-બલિદાન વ્યર્થ ગયું: એમ માનીને મને પારાવાર શોક ને દિલગીરી થાય છે અને તેથી આ મારૂં હૈયું ભરાઇ આવે છે."

"પણ તારી આંખમાં આંસુ મેં કદી જોયાં નથી. તારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો ઉકળાટ મેં આજેજ જોયો—જાણ્યો. વળી જયાબેને જે કર્યું તેથી પણ મને હવે કાંઇક સાન આવે છે. બોલ, હવે તારી શી ઇચ્છા છે?"

"તમે મને પલટાવી. હવે હું તમને પલટાવવા માગું છું."

મનોહરલાલ ઉંડા વિચારમાં પડી ગયો. લલિતાના શબ્દો તેનું હૈયું કોરી નાખી આરપાર જતા હોય એમ લાગ્યું. વળી, વધારે આશ્ચર્ય તો તેને એ થયું કે જેને પોતે ધૂતકારીને કાઢી મૂકી હતી તેણેજ પોતાના ઉપર અને પોતાની પત્ની ઉપર વિશ્વાસ મૂકીને એક સારી રકમ સેવા માટે આપી હતી. તે બોલ્યો:

"બોલ, તારી શી ઇચ્છા છે?"

"સારાં પુસ્તકનું વાચન તમારે રોજ રાખવું, અને મારી યોજનામાં તમારે મને મદદ કરવી. એટલુંજ નહિ, પણ એ યોજના તમારે ઘડવી ને હું તમને મદદ કરૂં. તેની વ્યવસ્થા તમારે—આપણે કરવી: આટલી મારી વિનંતિ સ્વીકારો."

"ભલે, જેવી તમારી મરજી! એ બધું હું કરીશ. તે ઉપરાંત, આપણે પણ ગરીબો માટે થોડો થોડો વખત જરૂર આપીશું અને આપણાથી બને તેટલી સાચી સેવા કરીશું. તેં આજ મને ઠેકાણે આણ્યો છે."

"સ્વામી! એ સર્વ પ્રતાપ સારાં પુસ્તકોનોજ છે."

* * * *

લલિતા અને મનોહરલાલનો જીવનપલટો થયો અને તેઓ સેવાભાવી જીવન ગાળવા લાગ્યાં. થોડાંક વર્ષ પછી લલિતા દૈવયોગે માંદગીમાં ઝપટાઇ. મનોહરલાલે અને તેના પુત્ર નલિનીએ પુષ્કળ મહેનત કરી. પૈસા, બુદ્ધિ અને મહેનતનો ખૂબ ઉપયોગ કર્યો, પણ લલિતા ઉઠીજ નહિ.

લલિતા બિછાનામાં પડી છે, પિતા—પુત્ર લમણે હાથ દઇને પાસે બેઠા છે. ઘરના ચોગાનમાં અને ઑફિસમાં માણસોની ઠઠ જામી છે; છતાં શાંતિ છે. સૌ ગમગીન છે, બે નાનાં બાળકો પાસે બેઠાં છે. લલિતાની આંખ ઉઘડે છે અને તે મનોહરલાલ સામે જોઇ રહે છે."

"કાંઇ કહેવું છે?"

"નાથ!"

"કહે, કાંઇ કહેવું છે?"

"નાથ! કાંઇ વાસના હવે નથી. જીવનની ઇચ્છા બધી પૂરી થઇ છે. હવે એકજ ભાવના છે: તે પૂરશો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લલિતાએ ધીમે ધીમે પોતાની ઇચ્છા જણાવવાનું કર્યું, પણ નલિની અને તેના બે નાના ભાઇ એ જોઇને રોઇ પડયા. તે જોઇને મનોહરલાલ પણ ગળગળો થઇ ગયો. તેની આંખ પણ ભીની થઇ ગઈ. પાસેનાં માણસોએ બાળકોને તેમજ નલિનીને આઘા કર્યા. સૌ દૂર ગયા અને બેઠા. પછી વળી લલિતા બોલી:–

"એમ ઉદાસ શું થાઓ છો ? આપણે જીવનને માણવામાં એકે રીત બાકી મૂકી નથી. મને હવે એ અભખરો નથી. નાથ ! હવે શોક શો કરવો ? હું તો જીવન જીતી જાઉં છું, તમે આનંદ પામો."

"પણ કહે કહે, તારી શી ઇચ્છા છે ?"

"હવે એકજ ભાવના છે મને."

"મને ફરીથી પરણવાનું તો હવે નથી કહેવું ને ?"

"ના, એ વાત મારે કરવી નથી. પણ મારી તો ઇચ્છા છે કે આપણી ઇસ્પિતાલ પાસે એક નાનું પુસ્તકાલય ઉઘાડજો. તેથી દર્દીઓ અહીં નાહક ગપ્પાં મારવાને બદલે કાંઇક વાંચે ને જ્ઞાન મેળવે. એક મંત્રી રાખજો, અને તેની ઉત્તમ વ્યવસ્થા કરાવજો. એટલે દર્દીઓને દવા, દિલાસો તેમજ જ્ઞાન મળશે."

"ભલે, એમ જરૂર કરીશ. મંત્રી હું પોતેજ થઇશ. બોલ, હવે બીજું કાંઇ ?"

* * * *

લલિતા આ જગતમાંથી ચાલી ગઇ છે. મનોહરલાલે નલિનીને દવાશાળા સોંપી દીધી છે અને પોતે "લલિતા પુસ્તકાલય"ની વ્યવસ્થા કરે છે. ગરીબોને દવા, સહાય, સગવડ અને સલાહ આપે છે; અને 'જયા સ્ત્રી સેવા ફંડ'ની વ્યવસ્થા પણ પોતેજ કરે છે.

(ઑગસ્ટ–૧૯૩૪ ના "પુસ્તકાલય"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦–ખોટી ભ્રમણા

(લેખકઃ-શ્રી. વસંત મહેતા)

(૧)

જગદ્વ્યાપી આર્થિક મંદીમાં સર્વ કોઇ ઝોલાં ખાતું હતું. જ્યાં જુઓ ત્યાં ભૈરવી નિઃશ્વાસો સંભળાઇ રહ્યા હતા. પેટ પૂરતું અનાજ મેળવવાની સૌ ધમાલમાં પડયા હતા. અર્ધદગ્ધ હૈયાંઓમાં કયાંયે શાંતિ ન હતી.

ગરીબી–ભયંકર ગરીબીમાં પડેલું–ઝડપાયલું આમાંનું એક કુટુંબ દિનેશનું હતું. દિનેશ અભ્યાસી હતો. તેને કંઇ ને કંઇ, ગમે તેવી સ્થિતિમાં વાંચવું ગમતું; પણ તેની સ્ત્રી સુલોચનાને પુસ્તકો પ્રત્યે ધરમૂળથીજ તિરસ્કાર હતો. પુસ્તક દેખતાંજ સુલોચના અકળાઈ જતી. પુસ્તકને જોતાંજ દિનેશ પ્રત્યે તેની વાગ્ધારા વછૂટતી–શબ્દ-ભંડાર ખાલી થતાં સુધી.

સુલોચના નિર્દોષ હતી. પુસ્તકો પ્રત્યેના તિરસ્કાર માટે તે જવાબદાર ન હતી. હિંદુ સંસારમાં લગભગ એવુંજ જ્ઞાન આપવામાં આવે છે કે પુસ્તકો પ્રત્યે સામાન્ય રીતે તિરસ્કારજ જન્મે.

દિનેશે ચોપડીને સંતાડવાના ફોકટ પ્રયત્ન કરતાં ગૃહ-પ્રવેશ કર્યો, પણ પત્નીશ્રીની નજર દુશ્મનને જોવાનું કેમ ચૂકે? કંકાસની શરૂઆત રુદનથી થઈ. દિનેશ ગભરાયો. પોતાની અજ્ઞાન પત્ની સામે એક પણ વચન ઉચ્ચારવાનું એણે ઉચિત ન ધાર્યું. છટકવાની તૈયારી કરતાં પત્નીશ્રીના હૃદયવિદારક શબ્દો કર્ણપથ પર પડયા.

“ચોપડાં વાંચવાં'તાં તો પરણવું નહોતું. છોકરાંઓ ભૂખે મરે છે ત્યારે તમને વાંચવાનું ગમે છે. મેં ઓલ્યે ભવે શુંય પાપ કર્યાં હશે કે તમારે પનારે પડી. તમારાથી તો હાથ જોડયા! હવે તો પ્રભુ મોત મોકલે તો સારૂં!” એટલું કહેતામાં તો કોઈ એક પાંદડા પર ઝાકળબિંદુ ચળકે તેમ અશ્રુબિંદુથી આંખો ચળકવા લાગી.

“આટલી બધી ઉશ્કેરાઇ શા માટે જાય છે? તારા સુખ–સંતોષ માટેજ મેં દિવસના વાંચવાનું બંધ કર્યું છે. રાત્રિના–આળોટવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે માત્ર-એકેક કલાક વાંચું છું તેય તને પરવડતું નથી! ત્યારે તો તું મને છેક પુસ્તકવિમુખ કરવા ચાહે છે, એમજ ને? પણ મારા જીવનનો આનંદ આમાં સમાયેલો છે એની તને કદાચ ખબર નહિ હોય. એથી પણ જો આગળ વધીને કહું તો આ સ્થિતિમાં પુસ્તક-કેવળ પુસ્તકજ, મારો જીવનરસ છે..."

"મારે તમારૂં લાંબુ લાંબુ ભાષણ જરા પણ સાંભળવું નથી. તમે તો તમારો ઘોકોજ કૂટવાના. જો ચોપડાંથીજ પેટ ભરાતું હોત તો તો સર્વ કોઇ એજ વાંચ્યા કરત. ચોપડાંથીજ જીવાતું હશે, નહિ તો મરી જવાતું હશે, કેમ?" સુલોચનાએ વક્ર ભાવે કહ્યું.

સુલોચનાનું મગજ-બૉઇલર વધારે ગરમ થતું જાય છે એમ જોઇ દિનેશ નિસ્તબ્ધ રહ્યો.

(૨)

"સવિતા બહેન! હવે તો બહુ કંટાળી ગઇ છું. જીવન અકારૂં થઇ પડયું છે. આપઘાત કરવા તરફ મન વળે છે. નાનાં બચ્ચાંઓના વિચારે માત્ર અચકાઉં છું. હાય! હવે શું કરૂં? કંઇ સમજાતું નથી." સુલોચનાના દુઃખનો આગળીઓ સવિતાને જોતાંજ ઉઘડી ગયો.

"બહેન! શું છે? અર્થ વગરનું શું લવે છે? આટલી અધીરાઇ સ્ત્રીજાતિને ન શોભે. તને ખબર છે કે દુઃખ અને ધીરજના પાઠો આપણે તો બચપણથીજ શીખ્યાં છીએ તે તું ભૂલી કેમ જાય છે? જીવનનું એ પ્રથમ અગત્યનું પગથીઉં ચૂકાય એ શોભાસ્પદ નથીજ. મનુષ્યની ખરી કિંમત દુઃખથીજ અંકાય છે. જેને દુઃખ યા મુસ્કેલી સહેવાની કળા આવડી છે તેણેજ આ જીવનનું ખરૂં રહસ્ય ઉકેલ્યું છે. ધીરજ રાખ. પરમાત્મા સર્વ સારાં વાનાં કરશે." સુલોચનાનું ખરૂં દર્દ ગરીબાઈ છે એમ માની સવિતા તેને આશ્વાસન આપવા લાગી.

"પરમાત્મા કરી રહ્યો સારાં વાનાં! એને અમારી સામે જોવાની ફુરસદજ ક્યાં છે? હાય! ગરીબીનું દુઃખ એકલું હોત તો તો ધીરજથી સહન કરત, પણ આ તો દરરોજની બળતરા!" હૃદયવ્યથા ઉભરાવા લાગી.

"પણ બહેન! એવું તે શું છે? જરા વાત તો કર!"

"શું વાત કરૂં? જ્યાં આભ ફાટે ત્યાં ક્યાં થીંગડું દેવું?"

"સુલોચના! અધીરી ન બન. દુઃખનો ઉભરો જ્યાંસુધી વાણી વાટે બહાર નીકળતો નથી, ત્યાં સુધી હૃદય રૂવે છે, મગજ ભમે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મન ચકડોળે ચડે છે. આટલી બધી મુંઝાય છે શું? તારા દુ:ખમાં મારાથી બનશે તેટલી હમદર્દી જરૂર બતલાવીશ. દુ:ખને વારંવાર સંભારવાથી દુ:ખમાં વૃદ્ધિ થાય છે. જો મન કાબુમાં ન રહેતું હોય તો સરાં સારાં પુસ્તકોનું વાચન રાખ."

"આ બધી બળતરાજ તમારાં ચોપડાંની છે. સાંભળ બહેન! અમારા દરરોજના કલહની કથની. તમારા ભાઇ પુસ્તકાલયમાંથી કંઇ ને કંઇ ચોપડી તો લાવેજ: અને એ મને ગમે નહિ. હું તેમને દરરોજ વિનવું કે દરરોજ આવાં થોથાં વાંચીને શું કામ મગજ બગાડો છો? એક તો સખ્ત મજૂરી કરી ગુજરાન ચલાવીએ અને રાત્રે નકામાં થોથાં વાંચે; પછી તો તબિયત ન બગડતી હોય તોય બગડે ને? પણ ઇ બધુંય પત્થર ઉપર પાણી! એ તો એમનું ધાર્યુંજ કર્યે જાય. માંદા પડે એટલે વેઠ મારે કરવાની. એક તો ગરીબાઇ ને તેમાં માંદગીનો ઉમેરો. એથી તો મૃત્યુ ઓછું ભયંકર હશે."

"બહેન! આ તું નથી બોલતી; પણ જડ ઘાલી બેઠેલી ઘોર અજ્ઞાનતા બોલે છે. ફુરસદને વખતે વાંચવાથી તબિયત નથી બગડતી. નિયમિત રીતે કરેલા સદ્‌વાચનથી તો મન પ્રફુલ્લિત રહે છે, હૃદય વિશુદ્ધ બને છે, આત્મા પવિત્ર બને છે અને જીવનમાં નવા ઓજસનાં પૂર રેલાય છે. તારૂં શરીર ખોટી બળતરાથીજ સૂકાતું જણાય છે. બહેન! કટોકટીના વખતે માણસનો ખરો મિત્ર કેવળ સદ્‌ગ્રંથજ છે. મહાન પુરુષોના ઉત્કર્ષનું પ્રથમ પગથિયું અવલોકીશ તો તને માલૂમ પડશે કે, તે એક પુસ્તકજ છે. આખી માનવજાતનો અભ્યુદય પુસ્તકમાં સમાયેલો છે, એ સતત વાચનને પરિણામે જણાશે. માણસ થાકેલો હોય ત્યારે પુસ્તક તેને હાસ્ય-તરંગમાં ડૂબાવી શકે છે. રોગીને એજ નવજીવન અર્પે છે. સંસારથી કંટાળેલાને એજ સન્માર્ગ સંબોધે છે. આ પુસ્તક વિષેનો અતિરેક ન માનીશ."

"બળ્યું એ તમારૂં જ્ઞાન! મને તો રોયાં પુસ્તકો જોતાં જ કંઇનું કંઇ થઇ જાય છે. મને પુસ્તક દેખ્યું ગમતું નથી. તમારા કથનમાં મને જરા પણ શ્રદ્ધા બેસતી નથી."

"ખરૂં છે બહેન! અમૃતને ઝેર માનનારને અમૃતની કદર હોતી નથી. મોદકને પ્રાણઘાતક સમજનારને તેના પ્રત્યે ઘૃણા અને અણગમો જ હોય. દવા પ્રત્યે દરેકને અણગમો અને તિરસ્કારજ હોય છે; કારણ કે તેમાં કડવાશનો અંશ છે, છતાંય માંદગીના પ્રસંગે તેનું સેવન આવશ્યક છે, બલ્કે તેના પરજ દર્દીના ભાવિ સુખનું અવલંબન છે. બહેન! આગળ વધતાં પહેલાં તારોજ દાખલો લે ને! તારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિનુ માંદો પડે તો તું તેના કડવા છતાંય દવા પાય કે નહિ ?"

" પાવી જ પડે ને ! એમાં કંઇ છૂટકો છે ? તેનું ઘડીકનું દુઃખ લાંબા સુખને માટે જરૂર સહન કરૂં અને કરાવું."

" મારૂં પણ એજ કહેવું છે. જેટલી માંદા માણસને દવાની આવશ્યકતા છે, તેટલીજ ગરીબાઇ–દુઃખમાં ખાસ કરીને સારાં પુસ્તકોના સેવનની આવશ્યકતા છે. પ્રથમ દારૂ પીનારને તે કડવો લાગે છે અને ઘૃણા ઉપજાવે છે; છતાં એક વખત મક્કમ મમતાથી પીધે રાખ્યાથી તેની કડવાશ અને ઘૃણા એક પ્રકારના રસમાં પરિણમે છે."

" બહેન ! હું તારી અલંકારી ભાષા સમજી શકતી નથી; જરા સરળ અને સાદી ભાષા વાપરે તો કંઇક સમજાય."

" તને હવે કંઇકે રસ પડતો જણાય છે. મારી કહેવાની મતલબ એ છે કે, અત્યારે તને પુસ્તકોમાં રસ ન પડતો હોય, તેના તરફ ઘૃણા ઉભરાતી હોય તો પણ સારાં પુસ્તકો વાંચે જ રાખ. મારો અંગત અનુભવ છે કે ધીમે ધીમે ચોપડી તારૂં જીવન બની જશે."

આ વખતે સુલોચનાને દિનેશના શબ્દો યાદ આવ્યા. પતિના કથનમાં રહેલું સત્ય આજ વખતે સુલોચનાએ જોયું. સવિતાને મૂંગી જોઇ તે બોલીઃ " હં ! પછી બહેન ?"

"એક વખત દારૂની પેઠે વ્યસન થયા પછી તો તેના વગર જીવન જીવવું મુસ્કેલ થઇ પડશે. ચોપડીના ગર્ભદ્વારમાં પ્રવેશતાંજ ભયંકર ગરીબી ઓસરી જતી જણાશે, ખરા દિવ્ય જીવનનો પ્રાતઃકાળ શરૂ થશે અને ગરીબીના દુઃખમાં કેવી દિવ્યતા ઝગમગી રહી છે તેનો સાક્ષાત્કાર થતાંજ આધ્યાત્મિક ઉન્નતિની શરૂઆત થશે."

" બહેન ! તારો મોટો પાડ ! મારૂં ઘોર અજ્ઞાન ટાળવા માટે તારો જીંદગીભર પાડ માનું તોય ઓછો છે. મને ખાતરી છે કે મારી આંતરવ્યથાનો અંત સારાં પુસ્તકના મનનથી જ આવશે. બહેન ! એવાં કયાં પુસ્તકો છે કે જેથી ગરિબાઇની મહત્તા સમજાય અને ઘરની શાંતિ સધાય ?"

" મેં તો માત્ર મારી ફરજ બજાવી છે. આપણી આ લાંબી વાતચીતનું પરિણામ શુભ આવ્યું એથી આપણે મગરૂર થવું જોઇએ. ચાલ બહેન ! મારા નાનકડા પુસ્તકાલયમાં. ત્યાં તને મનગમતાં પુસ્તકો મળી રહેશે. હું તને એવાં પુસ્તકો બતાવીશ કે જેથી પુસ્તકનું માહાત્મ્ય તારા જીવનમાં ચિરકાળ બની રહે."

" જીવનભરની ઋણી છું તારી, બહેન !"

(નવેમ્બર–૧૯૩૪ ના "પુસ્તકાલય"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४१–मारूं पुस्तक

(લેખકઃ–શ્રી. ગુલાબભાઇ પરાગજી દેસાઇ)

(૧)

શિયાળાની કડકડતી ઠંડીની એ રાત હતી. સુસવાતા પવનના સપાટાઓ અવારનવાર આવી મકાનની એકાદી ઉઘાડી રહી ગએલી બારીમાંથી મકાનના એકાદા ઓરડામાં પ્રવેશ કરતા અને ઓરડાની બારી સામેની ભીંત ઉપર લટકતા કેલેન્ડરને હળવું ડોલન આપી ફટાક ફટાકનો શબ્દ કાઢવાની ફરજ પાડતા. બહાર તમરાંનો ગણ-ગણાટ અને થોડી થોડી વારે શિયાળવાંનાં રુદનન અવાજ સિવાય કોઇ પણ શબ્દ સંભળાતો ન હતો. થોડી વાર થઇ અને મકાનની બહાર કૂતરાંઓએ કોલાહલ મચાવ્યો. દૂર દૂરનાં શ્વાનો પણ આ શબ્દો ઝીલી લઈ એમાં તેઓના સૂર પૂરી હરીફાઇ કરવા લાગ્યાં. મકાનની બહાર આવેલાં સૂકાં પાંદડાંઓ ખડખડવા લાગ્યાં અને કોઈનો પગરવ સંભ-ળાયો. મકાનના ઓરડામાં બેઠેલા દિનેંદ્રરાયે પોતાના પુસ્તકમાંથી ઉંચું જોયું અને તે બબડ્યો: “ આવી દાંત કકડાવી નાખતી ઠંડીમાં કોણ નવરૂં હશે ? ” અને બારીએ આવી સવાલ કર્યો: “ કોણ એ ? ” સામેથી કંઇ જવાબ તો ન મળ્યો, પણ આગંતુક એક દેહરી તરફ નીચો નમી તેમાં પોતાના હાથમાંની કોઇ ચીજ મૂકતો હોય તેમ જણાયું અને થોડી વારે એક શાંત ડસકું સંભળાયું. દિનેંદ્રરાયની આંખ ભીની થઇ. તે પાછો વળ્યો અને તેનાથી બોલી જવાયું: “ ગરીબ બિચારો ! ”

(૨)

ગજેંદ્રકુમાર ગામમાં એક વિચિત્ર વ્યક્તિ મનાતી. એના હજારો રૂપિયાના વેપારને લીધે એને ભાગ્યેજ ફુરસદ મળતી; છતાં પણ મુસાફરી કરતાં કરતાંયે તે એનો પુસ્તક વાંચવાનો નિત્ય નિયમ ચૂકતો નહિ. એની પત્ની દેવબાળા પણ પુસ્તકની અજબ શોખીન હતી. એ પતિપત્ની પુસ્તકવાચનની હરીફાઇ ગોઠવતાં, પુસ્તકના વસ્તુ-ની ચર્ચા કરતાં અને તેરીતે પુસ્તકરસમાં દુનિયાને ભૂલી જતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ યુગલને સંતાનસુખ નહોતું, છતાં પણ પુસ્તકમાંનાં પાત્રોને તેઓ તેમનાં સંતાન માની, પુસ્તકોની પેટનાં છોકરાં જેટલી સંભાળ રાખતાં. ઘરમાં નોકર–ચાકરોનો તોટો નહોતો એટલે દેવબાળા પણ સારી જેવી નવરાશ મેળવી, પુસ્તકવાડીમાં વિહાર કરી શકતી.

"રામા !" દેવબાળાનો અવાજ સંભળાયો.

"જી !" કરતો રામો આ માતાતુલ્ય શેઠાણી પાસે દોડી આવ્યો.

"તારા શેઠ બહારથી નથી આવ્યા ?"

"ના જી."

"વારુ, જા" એમ બોલી દેવબાળા એક ઇઝીચેર ઉપર સૂતી, પણ તેને ચેન પડયું નહિ. તેણે એક પુસ્તક હાથમાં લઇ ઉઘાડયું, પણ આજે તે પણ તેને સારૂં ન લાગ્યું. એવામાં બહાર કોઇનો પગરવ સંભળાયો. નિત્યપરિચિત પતિનો પગરવ દેવબાળાએ ઓળખ્યો અને સામે દોડી પતિને સવાલ કર્યો: "આવ્યા ?" તેના અવાજમાં મહામુસ્કેલીએ દબાવી રાખેલો કંપ હતો.

ગજેંદ્રકુમારે હકારમાં જવાબ આપી દેવબાળા સામે જોયું. તે હસી, પણ ફિક્કું !

"કેમ દેવ ! આજે તારો ચહેરો ઉતરેલો લાગે છે ?"

"કોણ કહે છે ? તમે તો હમેશાંજ એવું જોયા કરો છો !"

ગજેંદ્રકુમાર આગળ વધ્યો અને તેણે દેવબાળાનો હાથ પકડયો. હાથ તાવે ધીકતો હતો. ગજેંદ્ર ચમકયો.

(૩)

આજે બંગલામાં સર્વત્ર શાંતિ હતી. નોકરો જતા આવતા, પણ ધીમે દબાતે પગલે. કોઇ કોઇ થોડી વારે આંખો લૂછતું જોવામાં આવતું.

બંગલામાં આવેલા એક સુશોભિત ઓરડામાં બધું સુમસામ હતું. આજ ઓરડો ગજેંદ્ર અને દેવ—પતિપત્નીના કિલકારાથી રોજ ગાજી રહેતો. આજે એમાં સ્મશાનશાંતિ હતી. એક પલંગમાં ઉજળી દૂધ જેવી પથારી પર દેવબાળા સૂતી હતી; તેના ચહેરા પર મૃત્યુના કારમા પડછાયા દેખાતા હતા. પથારી ઉપરજ દેવબાળાના માથા નજીક લમણે હાથ મૂકી ગજેંદ્રકુમાર બેઠો હતો. હમણાંજ ડૉક્ટરે આવી જઇ તેની રહી સહી આશા નષ્ટ કરી નાખી હતી.

થોડી વારે દેવબાળાએ આંખ ઉઘાડી પતિ તરફ જોયું અને કેટલાયે ઉંડાણમાંથી બોલાતા હોય તેવા શબ્દો તેના મુખમાંથી નીકળ્યા.

"ગજેન્દ્ર ! શું તમે પણ સામાન્ય મનુષ્યની માફક આમ અશ્રુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારશો ? હું જઇશ પણ આપણાં વહાલાં સંતાન તો રહેશે ને ?"

"જરૂર ! હવે તો એજ એક સંતોષ આપનાર વસ્તુ છે."

"હા, પણ ગજેંદ્ર ! તમે જાણો છો ? માતા જતાં સંતાનની સંભાળ પિતાએ બમણી રાખવાની રહી. મારી ખોટ મારાં વહાલાં સંતાનો–પુસ્તકોને તમે ન જણાવા દેશો, હાં !"

આટલું બોલી દેવબાળાએ આંખો મીંચી દીધી. દેવબાળા સદાને માટે ગઇ. ઘરમાં કોલાહલ મચી રહ્યો. એક સ્નેહાળ માતા ગઇ હોય તેમ નોકરોની આંખમાંથી પણ આંસુના ધોધ વહેવા માંડયા. ગામના ભેગા થયેલા લોકો તથા ગજેંદ્રના સંબંધીઓ પણ આ કારમા મૃત્યુથી કમકમી ઉઠયા.

છતાં નવાઇ જેવું તો એ હતું કે, ગજેંદ્રના ગળામાંથી ન તો એક ડસકું સંભળાયું કે ન તો આંખમાંથી એક આંસુ ખર્યું.

(૪)

બીજે દિવસે ગામમાં આશ્ચર્ય ફેલાયું. ગજેંદ્રે પોતાના બંગલા સુદ્ધાંત પોતાની સર્વ મિલ્કત વેચી દીધી; અને આવેલા પૈસામાંથી પોતાના બંગલાના કંપાઉંડમાંના બાગમાં જ્યાં દેવબાળા બેસીને પુસ્તકો વાંચતી ત્યાં એક દેહરી બંધાવી, તેમજ કબાટો અને પુસ્તકો ખરીદી ગામબહાર એક નાનકડા મકાનમાં રહેવા લાગ્યો.

પ્રિય વાચક ! આપણે પ્રસ્તુત વાર્તાની શરૂઆતમાં જોએલા દિનેન્દ્રરાય–ગજેન્દ્રના બાળમિત્ર–હાલ ગજેન્દ્રના બંગલાના માલીક હતા, અને દેહરી પાસે આવી તેમાં પુષ્પો મૂકનાર શખ્સ પણ આપણો ગજેન્દ્રકુમાર હતો.

એ ગામબહારના પોતેજ બનાવેલા પોતાના પુસ્તકાલયમાં રહેતો અને પુસ્તકો વાંચ્યા કરતો, તેમજ ગામના બાળ અને યુવાનવર્ગને વંચાવતો. દરરોજ રાત્રે ગમે તેવી સ્થિતિમાં પણ દેવબાળાની દેહરીએ આવી તે ફૂલો ચઢાવી જતો.

દિનેન્દ્રરાયે પૂછેલા પ્રશ્નનો ઉત્તર ન આપતાં તેણે દેહરીમાં ફૂલ ચઢાવ્યાં, એક ડસકું ખાધું અને ધીરેથી ગણગણ્યો: "દેવિ ! સંતાનોની યથાશક્તિ સંભાળ લીધી છે, પણ હવે ધીરજ રહેતી નથી. હવે તો આવું ? રજા છે ?" આટલું ગણગણી જાણે કે પોતાના સવાલનો જવાબ મળી ગયો હોય એમ ડોકું ધૂણાવી તે દરરોજની માફક દૃઢ અને ધીરે પગલે ત્યાંથી ચાલી નીકળ્યો.

(૫)

બીજે દિવસે ગામ બહાર ગજેન્દ્રરાયના પુસ્તકાલયમાં ગામનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો ભાગ ભેગો મળ્યો હતો. સૌના મુખ પર ચિંતા છવાયેલી હતી. ગજેન્દ્રરાયની છેલ્લી ઘડીઓ ગણાતી હતી. ગામના લોકોએ ડૉકટરને બોલાવ્યો, પણ તેણે નિરાશામાં ડોકું ધૂણાવ્યું. ગજેન્દ્રકુમાર સન્નિપાતની અસર નીચે હતો એમ બધા કહેતા હતા. થોડી થોડી વારે તે કંઈ જોતો હોય તેમ આકાશ તરફ જોઇ રહેતો અને પછી મોટેથી બોલી ઉઠતોઃ "આ આવ્યો!" આમ બોલી તે પથારીમાં ઉભો થઇ જવા પ્રયત્ન કરતો કે તરત પાસે બેઠેલાંઓ તેને સમજાવી જેમ તેમ શાંત કરી સુવાડી દેતા. થોડી વારે તેણે આંખો મીંચી દીધી અને શાંત થઇ ગયો. સૌનાં હૃદય જાણે હમણાંજ બંધ થઇ જશે એમ લાગ્યું. તરતજ આંખો ઉઘાડી તેણે બોલવા માંડયુંઃ "મારાં સંતાનો–મારાં પુસ્તકોની સંભાળ મેં બની શકતી લીધી છે; તેમજ મારાં સંતાનો સાથે રમવા ગામના બાળ તથા યુવાનવર્ગને પણ તૈયાર કર્યો છે. હવે મારી જરૂર નથી." પાસે બેઠેલા દિનેન્દ્રરાયની આંખમાંથી આંસુ ટપકયાં, તેણે મહામહેનતે જેમ તેમ પૂછ્યુંઃ "ગજેન્દ્ર! તારે કોઇને મળવું છે?"

"મારે? મારે હવે મળવાનું મારી દેવબાળાનેઃ સ્વર્ગમાં તે મને બોલાવે છે. દિનુ! જો, જો! તે મારી રાહ જુએ છે. હા હા હા હા!...!" ગજેન્દ્રે ભયાનક અટ્ટહાસ્ય કર્યું અને ત્યાં બેઠેલાં સર્વ ધ્રૂજી ઉઠયાં. તેણે આગળ ચલાવ્યુંઃ "હા, પણ ઠીક યાદ આવ્યું. મારે મળવું છેઃ મારાં પુસ્તકને–મારાં સંતાનને."

તરતજ એક પુસ્તક લાવી દિનેન્દ્રરાયે ગજેન્દ્રના હાથમાં મૂકયું. ગજેન્દ્ર તેને વહાલના અકથ્ય ઉમળકાથી ચૂમ્યું અને બોલ્યોઃ "મારૂં વહાલું સંતાન! મારૂં પુસ્તક!"

આટલું બોલી તરતજ ગજેન્દ્રે આંખો મીંચી દીધીઃ તે ગયોઃ પુસ્તકોનો જનક ગજુ સદાને માટે વિદાય થયો. સૌની આંખોમાંથી દડદડ અશ્રુપ્રવાહ વહ્યો અને સૌને કાને એ બે શબ્દનો પ્રતિધ્વનિ આવ્યોઃ **મારૂં પુસ્તક!**

\+ \+ \+ \+

(ફેબ્રુઆરી–૧૯૩૬ ના "પુસ્તકાલય"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४२–सुवर्ण कळश

(લેખકઃ–શ્રી. વ્રજલાલ દ. મહેતા, દેવળા–તા. ધારી)

આથમતા સૂર્યનાં ઝાંખાં કિરણો આછા પીળા રંગનું વાતાવરણ રચતાં હતાં. ગામમાં પ્રવેશ કરતાં ગાયોનાં ધણથી ઉડેલી ગોરજ વાતાવરણ વધારે ને ઝાંખું થવામાં મદદ કરતી હતી.

અર્ધાં ઉઘાડાં શરીરે, બજારની ધૂળમાં ઘોલકીઓ કરીને રમતાં બાળકો મારકણી ગાયોના સપાટામાંથી બચી જવા આમ તેમ નાસભાગ કરતાં ઘર ભણી દોડી રહ્યાં હતાં.

આછું આછું અંધારૂં થવા લાગ્યું, ઠાકરમંદિરનો બાવો પિત્તળનો ચળકતો પ્યાલો લઇને દુકાને દુકાને ઠાકોરજીની આરતી વખતનું દિવેલ ઉઘરાવવા નીકળી પડયો.

અને હરિજનવાસમાંથી હરિજનો, તેમના દૈનિક ખોરાકમાં અને વ્યવહારમાં ઉપયોગમાં આવતી ચીજો ખરીદવા નીકળી પડ્યાં. ગામડાંનાં ગરીબ હરિજનો ખેતીના કામની મોસમમાં આખો દિવસ મજૂરી કરવા જાય; સાંજે ઘેર આવે ત્યારે તેમાંના કોઈ પાસે થોડો કપાસ હોય તો કોઇ પાસે રોકડા પૈસા હોય તેમાંથી પૈસાની હળદર, પૈસાનું મરચું, પૈસાનું તેલ, પૈસાની બીડી, પૈસાનું ગ્યાસલેટ વગેરે ચીજો લેવા નીકળી પડે. બીજે દિવસે બીજું, આવો ઘણોખરો રિવાજ ગામડાના હરિજનોમાં હોય છે.

"બાપા! એક પૈસાનો ઘાંસલેટ આપો?" એક દુકાનના ઓટલા પાસે જમીન પર સીસો અને પૈસો મૂકતાં હરિજન બાળકે કહ્યું.

"આવે ટાણે–બરાબર સંજ્યા ટાણે તારે ભલે હજારોનો માલ રોકડેથી લેવો હોય તોપણ મારી દુકાને ન આવવું, એમ મેં તમને નથી કહ્યું? છતાં કેમ ચાલ્યાં આવો છો? જા, નથી ઘાંસલેટ?" કપાળમાં કંકુનો 'યુ' માર્કનો કલાયુક્ત સિક્કો ધરાવતા જીવનદાસભાઇએ કહ્યું.

હરિજન બાળક પૈસો અને કાંઠો ફૂટેલ કૂંપો લઈ બીજી દુકાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવા ઉપડયો.

"ભૂપતભાઈ! એક તો જાણે સંધ્યા ટાણે કોઇ વસ્તુને છાંટ નાખવી એ વાજબી નહિ; અને તેમાં વળી પૈસાને–લક્ષ્મીને છાંટવાં, પછી ક્યાંથી સુખી થઇએ? એના કરતાં એ પૈસાનું ઘરાક જતું કરવું શું ખોટું?" જીવણભાઇએ દુકાને બેસવા આવેલા પોતાના અંગત મિત્રને જીવનવ્યવહારનો એક અણઉકેલ્યો કોયડો સમજાવ્યો.

"અને પેલો પ્રસાદ તો તેની દુકાને ઢેડ ગમે ત્યારે આવે તોયે જે જોઇએ તે આપે છે, અને પૈસાને છાંટતોય નથી. તેમજ તે પોતે ઢેઢને અડે છે ખરો છતાં નાહતોય નથી. અને ગામમાં વળી કહેતો ફરે છે કે "ધર્મીનાં પૂછડાં ભગતડાં ભલે ઢેડને કશું ન આપતાં; હું તેનાં તરછોડાયેલાં ઢેડ જેવાં ભલે પૈસા–એ પૈસાવાળાં પણ રોકડિયાં ઘરાકોમાંથી સાંજના બેજ કલાકમાં છથી આઠ આના કમાઇ લઉં છું; ત્યારે એટલાજ પૈસા કમાવામાં ઢેડને સાંજે ન આપનાર મહાન ધાર્મિક વેપારીઓને હજારગણું પાપ કરવું પડે છે. ખરી રીતે તો એ પાપથી લક્ષ્મી જેટલાં દૂષિત બને છે, તેના કરતાં હરિજન પાસેથી આવતી લક્ષ્મી હજાર દરજ્જે પવિત્ર છે." આપણા રામનગરમાં તો આવા ને આવા સુધરેલા પપ્યા છે!" ભૂપતભાઇએ પ્રસાદભાઇની ધર્મભ્રષ્ટતા(?)નો ચિતાર આપ્યો.

"અરે ભાઇ! એ બધા પ્રતાપ પેલા ગાંધીના છે. તેણે તો ધર્મનું સત્યાનાશ વાળ્યું છે! કાલ સવારનો આવેલો પેલો મોટો માસ્તર તો ઢેડના છોકરાને હવે આપણાં સૌનાં છોકરાં સાથેજ બેસાડવાની વાતો કરે છે. પણ એને ખબર છે કે ગામ છે, એને દુ:ખ દેવામાં માલ નહિ. પોતે બ્રાહ્મણ છતાં પેટ સારૂ ધર્મ ખોયો. એ ભલે બીજાના ધર્મને અભડાવવા જાય છે, પણ કોઇક ટીપશે તો રાત લઇને ભાગી જવું પડશે અને નોકરી ખોશે તે જુદું. આવતાજ સોમવારે ઢેડનાં છોકરાંને નિશાળમાં સૌની સાથેજ બેસવાનું તેણે નક્કી કર્યું છે. ગામમાં જ્યાં જુઓ ત્યાં આજ વાત થઇ રહી છે. અને લોકોએ તો નક્કી કર્યું છે કે સોમવારથી છોકરાંને નિશાળમાં મોકલવાંજ નહિ." જીવણભાઇએ વાત કરતાં કરતાં નવા મુખ્ય શિક્ષકની પ્રવૃત્તિ પણ કહી સંભળાવી અને ઘેર જવાની તૈયારી કરી.

બંને મિત્રો પોતપોતાને ઘેર ગયા.

* * * *

ગામમાં આજે શાંતિ નથી. ધર્મ રસાતળ જવા બેઠો હોય તેવી ગ્લાનિ અને રોષ ગામના સમાજમાં ફેલાયાં હતાં. જ્યાં ત્યાં ટોળાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી લોકો ફાવે તેમ બોલતા હતા. કારણ કે આજે સોમવાર હતો. આજે શાળામાં હરિજનો સવર્ણો સાથે બેસવાના હતા. નિશાળ પાસે છોકરૂં તો શું પણ ચકલુંય ફરકતું નહોતું. શાળાના બધા શિક્ષકોએ મૌન સ્વીકાર્યું હતું. મુખ્ય શિક્ષક નાની ઉંમરના હતાઃ વ્યવહારમાં કામ કરવાની રીતથી અજ્ઞાત હતા. પાટનગરની અધ્યાપન શાળાના સંસ્કાર અને મુખ્ય શિક્ષકના સરકારી હોદ્દાની ખુમારીભરેલા તેના છોકરવાદી જેવા સ્વભાવે આ બધી સ્થિતિ ઉભી કરી હતી. વાતાવરણ ઉગ્ર બનતાં તેને કેમ શાંત કરવું તેના કીમિયાથી અજાણ બિચારા મુખ્ય શિક્ષકનો ચહેરો સિનેમાના ચિત્રપટની ચપળતાથી જુદી જુદી સ્થિતિ ધારણ કરતો હતો; સામે મૌન સ્વીકારી બેઠેલા જૂના ઉપશિક્ષકો પ્રથમ હોદ્દાના તોરમાં પોતાનું કહ્યું ન માનનાર મુખ્ય શિક્ષકની ખુમારીના બળનો પારો ક્યાં સુધી ચઢે છે તે જોતા બેઠા હતા.

"ગમે તેમ થાય, ભલે છોકરા ભણ્યા વગર રહે પણ ઢેડને અડીને ધર્મભ્રષ્ટ થવા તો નિશાળે નહિ મોકલાય. બધા લોકોને ચોરે ભેળા કરો અને ગામ સમસ્ત મળીને ઠરાવ કરો કે જ્યાં સુધી ઢેડનાં છોકરાંને નિશાળમાં બેસાડવાની હઠ કાલ સવારનો આવેલો માસ્તર નહિ છોડે, ત્યાં સુધી ગામનું એક પણ છોકરૂં નિશાળમાં પગ નથી દેવાનું" માથે વાદીના કંડિયા જેવી પાઘડી, કપાળમાં દેખાતું અંધશ્રદ્ધાના અર્કરૂપ 'યુ' માર્કવાળું તિલક, ખભે બેસ તરીકે નાખેલું મેલું પંચિયું આમતેમ ફફડાવતા ઘેલાભાઇ ઠક્કર બુલંદ અવાજે બરાડા પાડતા પાડતા નિશાળ પાસેથી પસાર થઇ ચોરા ભણી ગયા.

ગામના પોણા ભાગનાં ઘરો, ખેતરો, વાડીઓ, આપણા ધર્મચુસ્ત (?) ઘેલાભાઇ ઠક્કરે અવળાં સવળાં વ્યાજના બદલામાં પોતાને કબજે કરી લીધાં હતાં. એ વ્યાજખોરીમાં ધર્મનું કયું તત્વ રહેલું છે તે સમજવાની કે સમજાવવાની ઘેલાભાઇને જરૂર નહોતી. પોતાના કરજમાં દબાયેલા લોકો ઘેલાભાઇનો પડતો બોલ ઝીલી લેવા ખડે પગે તૈયાર રહેતા. ઘેલાભાઇનો હાકોટો સાંભળીને અર્ધું ગામ ચોરામાં ભેગું થઈ ગયું અને સૌએ પોતપોતાની વાગ્ધારા શરૂ કરી.

"ઇ ઘેલાભાઇનતું કેવું હાસું સે! કાલ સવારના માસ્તરૂં હાલ્યા આવેલ તે એના મનમાં કોણ જાણે હું હમજેસ! આખો અવતાર વયો ગ્યો ને હવે સોકરાંવને ઢેડ ભેગાં ભણતાં જોઇ રેહું? ખબરદાર સોકર્યો, જો કોઇએ નિહાળમાં જ્યાંસુધી ઢેડનાં સોકરાંને કાઢી ન મૂકે ત્યાંસુધી પગ દીધો સે તો." ધમણ જેવો ચોયણો ખંજવાળતા વેલાભાભાએ ઘેલાભાઇના ઠરાવનું સમર્થન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોરે એકઠા થયેલા સમુદાયે વેપારી વર્ગના વડીલ ઘેલાભાઇના અને ખેડુતવર્ગના વડીલ વેલા ભાભાના આ ઠરાવને સંપૂર્ણ વધાવી લીધો અને છોકરાંને નિશાળે ન મોકલવાનો નિશ્ચય કરી ફોકિયારીઓ કરતું લોક વીખરાયું.

"હાંડા જેવું અને સંપૂર્ણ સુખી જેવું દેખાતું ગામ ફક્ત એક અજ્ઞાનરૂપી અંધકારને લઈ કેવા અંધારામાં અટવાઈ રહ્યું છે! વર્ષો થયાં હું રાજ્યનાં ગામડાંમાં ફરૂં છું. ગામે ગામ નિશાળો છે. લોકો એનો લાભ લે છે. લોકો શાળાનો લાભ ન લે તો ફરજિયાત લેવો પડે એવો આ રાજ્યમાં કાયદો છે, છતાં આટલી અજ્ઞાનતા કેમ સંભવે છે ? સમાજ, ધર્મ, વ્યવહાર અને જીવનનું ખરૂં સુખ ભોગવવાની શક્તિ આપનારાં વાસ્તવિક જ્ઞાનના અભાવે આવાં વિપત્તિનાં વાદળો ગામના વાતાવરણને રૂંધી રહ્યાં હોય એમ ભાસે છે. અક્ષરજ્ઞાન આપવાને શાળા છે; પરંતુ અક્ષરજ્ઞાનનો વિકાસ કરી ખરા જ્ઞાનનો પ્રકાશ બતાવનારી દીવાદાંડી તેજ આપણું પુસ્તકાલય, તેજ આપણું પવિત્ર ગ્રંથાલય. જરૂર, આ ગામને એ સંસ્થાની ખોટ હોવી જોઇએ. અને જો એ ખોટ હોય તો પછી મારે હાલ અહીંજ રહેવું જોઇએ. પુણ્યશાળી એ સંસ્થા સ્થાપી, તેનો લાભ આ ગામના સમાજને લેવડાવી તેની અજ્ઞાનતા દૂર કરી તેના પરિણામરૂપ અસ્પૃશ્યતારૂપી રાહુને અહીંથી દેશવટો આપ્યા પછીજ ખસવું." ઉપરની તમામ ધમાલ જોતાં ચોરા (ઠાકરમંદિર) ના એક ખૂણામાં બેસી રહેલા સ્વામી જેવા પ્રવાસીએ પોતાના દિલમાં નિશ્ચય કર્યો.

થોડી વારે સ્વામી નિશાળમાં ગયા.

"પધારો પધારો મહારાજ !" શિક્ષકોએ આવકાર આપ્યો.

"હાજી, કેમ આજે બાળકો દેખાતાં નથી ? લોકો શું બૂમો મારે છે ? શું છે આ તોફાન બધું ?" સ્વામીજીએ ખુરશી પર બેસતાં બેસતાં પ્રશ્નપરંપરા ચલાવી.

"જુઓને મહારાજ ! આ ખાતાનો હુકમ છે કે, અંત્યજ બાળકોને શાળામાં સૌ બાળકો સાથેજ બેસાડવાં. તે પ્રમાણે અમલ કરવા જતાં આ ઉપાધિ નડે છે. લોકોમાં અસ્પૃશ્યતાની રૂઢિ એટલી જડ ઘાલીને પેસી ગઈ છે કે તેને કાઢવા જતાં કેટલાંય તોફાન અને ટંટાઓ થશે. પણ શું કરીએ ? નોકરી કરવી હોય તો ખાતાના હુકમનો અમલ તો કરવોજ જોઇએ ને !" મુખ્ય શિક્ષકે સ્વામીજીની પ્રશ્નપરંપરાનો ઉત્તર આપ્યો.

"તમારા આ ગામમાં વસ્તી કેટલી ? કયા કયા વર્ગનાં કેટલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરો ? શાળામાં સંખ્યા કેટલી ?" સ્વામીજીએ બીજી પ્રશ્નપરંપરા ચલાવી.

આશરે ૧૩૦૦ માણસની વસ્તી. સોએક ઘર ખેડુતનાં, પચાસેક ઘર વેપારી વર્ગનાં, પંદરેક ઘર કારીગર વર્ગનાં અને ત્રીસેક ઘર અંત્યજનાં છે. શાળાની સંખ્યા ૧૬૦ બાળકોની છે, તેમાં ૪૦ બાળકો અંત્યજનાં છે." મુખ્ય શિક્ષકે જવાબ આપ્યો.

"પુસ્તકાલય છે ?" સ્વામીજીએ પૂછ્યું.

"ના જી, વાચનાલય છે. સયાજીવિજય વગેરે બે છાપાં આવે છે, વિશેષ કાંઇ નથી." મુખ્ય શિક્ષકે કહ્યું.

"આજ તમારૂં દર્દ છે. જ્યાં સુધી ગામડાના સમાજનું અજ્ઞાન દૂર ન થાય, ત્યાં સુધી જડ ઘાલી રહેલી રૂઢિઓનાં બંધન દૂર ન થાય. રૂઢિને દૂર કરવામાં ફક્ત તમારા એકલાનોજ પ્રયત્ન કામનો નહિ. બેઉ પક્ષનો પ્રયત્ન થાય તોજ રૂઢિનાં બંધન વહેલાં નાબુદ થાય. તમે અક્ષરજ્ઞાન આપો છો છતાં સમાજ એવો ને એવો જડ રહે છે. એનું કારણ માત્ર અજ્ઞાન. અક્ષરજ્ઞાન લઇને માણસ ઉચ્ચ કોટીનાં પુસ્તકોનું જ્ઞાન સંપાદન કરવાને શક્તિમાન થાય ત્યારેજ એ આ પ્રગતિકાળમાં સૌની સાથે રહી શકે; નહિ તો, ત્યાં સુધી તેને પેલી રૂઢિ જકડી રાખે. તેનામાં અક્ષર ઓળખવા સિવાય બીજું જ્ઞાન વાંચીને મેળવવાની શક્તિ તો હોય નહિ. એ શક્તિ પુસ્તકાલયરૂપી સંસ્થાનો લાભ લીધા સિવાય કદી આવે નહિ. માટે જો તમારે આ ગામનું અજ્ઞાન દૂર કરવું હોય, તમારા રાજાની પ્રજાને—તમારા સમાજને અજ્ઞાનાંધકારમાંથી દૂર કરવાની પુણ્યમયી અભિલાષા પરિપૂર્ણ કરવી હોય તો વહેલામાં વહેલી તકે પુસ્તકાલય સ્થાપો અને સમાજને તેનો લાભ લેતો કરો. તેથી તેનામાં જ્ઞાન આવશે, અને તે જ્ઞાનજ તેના અજ્ઞાનપડળ દૂર કરી એના એ સમાજ પાસે તમનેજ વિનંતિ કરાવશે કે અંત્યજો શા માટે આપણી સાથે ન હળે મળે ? એને આપણાથી દૂર કેમ રખાય ? માટે તમે હમણાં આ જક છોડી દો, અને સમાજને શાંતિથી કેળવો. હમણાં ને હમણાં સાદ પડાવો કે "અત્યંજોને સાથે બેસાડવામાં આવશે નહિ; માટે તમામ બાળકોને શાળામાં મોકલી દેવાં.' ભલે હાલ અંત્યજો જુદા બેસે અને આપણે આ પ્રયત્ન અજમાવીએ; જોઇએ શું પરિણામ આવે છે ?" સ્વામીજીએ પ્રવૃત્તિમાં નડતું દર્દરૂપ કારણ બતાવી તેની ઔષધિરૂપ ઉપાય પણ બતાવ્યો, અને પોતે ગામમાં ગયા.

ગામમાં ખબર ફેલાઇ ગયા કે અંત્યજોને સાથે બેસાડવાના નથી. એટલે બાળકો આનંદપૂર્વક શાળામાં ભરાઇ ગયાં અને શાંતિથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ ચાલવા માંડયું.

સ્વામીજી હમેશાં સાંજે ઠાકરમંદિરને ઓટલે કથા કરે છે. લોકોમાં સ્વામીજીએ અજબ ચાહ મેળવ્યો છે. ધર્મનાં-જ્ઞાનનાં પુસ્તકો ઉપર સમાજને એટલો પ્રેમ થઇ પડયો છે કે સ્વામીજીએ ગામમાં પુસ્તકાલય સ્થાપવા માટેની રકમમાં યથાશકિત ફાળો આપવાની વિનંતિ ગઈ કાલે લોકોને કરેલી તેના જવાબમાં આજે જ રૂ. ૧૫૦) રોકડા થઇ ગયા છે. એનો યોગ્ય વિધિ થઈ પુસ્તકાલય સ્થાપવાને માટેની વ્યવસ્થા કરવા તે રકમ મુખ્ય શિક્ષકને સોંપાઇ. કથાને રૂપે થતાં ભાષણો દ્વારા રૂઢિનાં બંધનો વિષેના લોકોના અવળા ખ્યાલો સ્વામીજીએ દૂર કર્યા હતા. અંત્યજ ઉદ્ધારના ગાંધીજીના, તેમજ અસ્પૃશ્યતાની ભાવના સામે તિરસ્કાર જન્માવનાર "ઇન્સાનની આહ" "ઢેડનો બાળક" "આપણે પાપે" જેવાં અન્ય લેખકોનાં પણ પુસ્તકો પુસ્તકાલયમાં મંગાવીને વાંચવાની લોકોને જિજ્ઞાસા ઉત્પન્ન થઇ હતી. જ્યારે હિંદમાં અસ્પૃશ્યતાની ચળવળ શરૂયે નહોતી થઈ ત્યારે આ પ્રવૃત્તિ ગુજરાતને આંગણે દીર્ઘદર્શી વડોદરાનરેશે કેમ અને કેવી રીતે આરંભી હતી વગેરે બાબતોનો સચોટ ખ્યાલ સ્વામીજીએ લોકોને આપી જાગ્રત કર્યા હતા, પોતાની વહાલી પ્રજાના ઉદ્ધાર અર્થે પ્રજાવત્સલ રાજવી અથાગ પરિશ્રમ લઈ કેળવણી, આરોગ્ય, સમાજસુધારણા, આર્થિક સ્થિતિ વગેરે બાબતો પર કેટલું લક્ષ આપે છે! પોતે પરદેશમાં હોય અને લોકોપકારક કોઇ પણ પ્રવૃત્તિ જુએ કે તુરતજ તેનો લાભ પોતાની વહાલી પ્રજાને આપવાનું તેઓશ્રી ચૂકયા નથી, વગેરે ખરી વસ્તુસ્થિતિનો ખ્યાલ આપી લોકોને ખરા રાજભક્ત બનાવ્યા હતા.

અને તે પછી ટૂંક મુદતમાંજ પુસ્તકાલય સ્થપાયું. સ્વામીજીની પ્રેરણાથી, શિક્ષકોના ખરા પ્રયત્નથી, શાળાનાં બાળકો અને ગામના સમાજની ઉદારતાથી થોડા વખતમાં તો પુસ્તકાલય સ્વતંત્ર મકાન ધરાવે તેટલી આર્થિક સ્થિતિ ધરાવતું થયું. અને ખરેખર, એ પ્રજાપ્રિય રાજવીના સુવર્ણ મહોત્સવના માંગલિક પ્રસંગે "શ્રી સુવર્ણ મહોત્સવ પુસ્તકાલય" સ્વામીજીના વરદ હસ્તે ખુલ્લું પણ મૂકાઇ ગયું.

ખુલ્લું મૂકતી વેળાએ સ્વામીજીએ ઉચ્ચાર્યું: "પ્રજાને સુખી કરવા બની શકે તેટલા પ્રયત્નોથી બની શકે તેટલાં સાધનો અને સંસ્થાઓ આપણા પૂજ્ય રાજવીએ આપણને આપેલ છે; માત્ર તેનો લાભ કેટલો લેવો એ આપણા પોતાના હાથમાં છે. પ્રજાનું કલ્યાણ કરનારા દેવાંશી રાજવીનાં રાજ્ય અમર તપે છે. આજે પ્રજા એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીવાંશી રાજાનો સુવર્ણ મહોત્સવ ઉજવે છે. આપણે સુવર્ણ મહોત્સવના માંગલિક પ્રસંગે પુસ્તકાલયરૂપી આમ્રવૃક્ષ રોપીએ છીએ, સમાજ તેનાં મીઠાં ફળ ચાખશે અને પોતાના પ્રિય નૃપતિનું અહર્નિશ કલ્યાણ ઇચ્છશે. હવે પુસ્તકાલય ખુલ્લું મુકાયેલું જાહેર કરૂં છું; અને તેની સાથે હું એમ પણ જાહેર કરૂં છું કે આજથી હું આ રાજ્યના ગામડે ગામડે ભમીશ અને જ્યાં સરસ્વતી મંદિર છે, પરંતુ પુસ્તકાલયરૂપી જ્ઞાનમંદિર નથી ત્યાં ત્યાં જ્ઞાનમંદિર સ્થાપવાની પ્રવૃત્તિ ઉપાડી લઇશ. પ્રભુ પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે કે "જ્યાં જ્યાં શાળા ત્યાં ત્યાં પુસ્તકાલય" ની રાજભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાને અમે શક્તિવાન થઇએ અને રાજપિતાનો હીરક મહોત્સવ ઉજવવા ટાણે એવી સ્થિતિ સ્થપાઈ ગયેલી જાહેર કરવાને આપણે ભાગ્યશાળી બનીએ."

તાળીઓના ગડગડાટ વચ્ચે સ્વામીજીએ બેઠક લીધી. રાજગીતના સુમધુમ સ્વરો વચ્ચે સભા વિસર્જન થઇ.

પ્રજાવત્સલ પ્રતાપી રાજવીનો હીરક મહોત્સવ આખા રાજ્યમાં પૂર્ણ આનંદથી ઉજવાય છે. સ્વામીજીના પ્રયત્નથી જ્યાં જ્યાં શાળા છે ત્યાં ત્યાં પુસ્તકાલયો વા પુસ્તકપેટી સાથેનાં વાંચનાલયો સ્થપાઇ ગયાં છે. સ્વામીજી ફરતાં ફરતાં રામનગર આવી પહોંચ્યા છે. હીરક મહોત્સવ ઉજવવા મળેલી સભાનું પ્રમુખસ્થાન સ્વામીજીને અપાયું હતું. નક્કી થયેલા કાર્ય પ્રમાણેનો ક્રમ ખલાસ થતાં પ્રમુખશ્રીએ ઉપસંહારનું નીચેનું ટૂંકું પ્રવચન કર્યું:

"ભાઇઓ! ઇશ્વિરકૃપાથી આપણે આજે આપણા પરમ પૂજ્ય રાજવીનો હીરક મહોત્સવ ઉજવવા ભાગ્યશાળી થયા છીએ. એથી વિશેષ આનંદ આજે શું હોય? પ્રજાને સુખી કરવા કેટકેટલી યોજનાઓ રાજપિતાએ કરી છે? દરેક વસ્તુ કરતાં જ્ઞાનની કિંમત અનેરીજ હોય છે. અને જ્ઞાન આપવું એટલે ખરી જીવનશક્તિ આપવી. એ જ્ઞાન આપવાને માટે પ્રથમ અક્ષરજ્ઞાન ને પછી અક્ષરજ્ઞાનનું સાર્થકય જ્ઞાનાર્જન. અક્ષરજ્ઞાન માટે શાળા, અને અક્ષરજ્ઞાનમાંથી જ્ઞાન સંપાદન કરી તેને પરિપકવ કરવા માટે પુસ્તકાલય: આ બંને સંસ્થાઓની ઘણીજ આવશ્યકતા છે. રાજ્યમાં ઠેર ઠેર આ બંને સંસ્થાઓ–શાળા અને પુસ્તકાલય–સ્થપાઈ ગઈ છે, અને પ્રજા તેનો લાભ લઈ રહી છે. તેના શુભ પરિણામરૂપ અસ્પૃશ્યતારૂપી રાહુનો નાશ થવા લાગ્યો છે. સમાજ સમજવા લાગ્યો છે કે, અસ્પૃશ્યતા એ હિંદુધર્મનું મહાન કલંક છે ને કોઇ પણ પ્રકારે તેને નાબુદ કરવુંજ જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજામાં સ્નેહ અને સંપ વધ્યાં છે, પ્રજામાં જ્ઞાનબળ વધ્યું છે, પરિણામે કોમીવાદ વ્યાજ-વટાવની ચૂસણનીતિનાં ઝેરી વાતાવરણો અદશ્ય થવા લાગ્યાં છે. પ્રજાવત્સલ રાજપિતાએ પોતાની વહાલસોઇ પ્રજાને સુખી કરવાને વિવિધ પ્રકારની જે શુભ પ્રવૃત્તિઓ ઉપાડી છે, તેમાં આ સરસ્વતી અને જ્ઞાનમંદિરની સંસ્થાઓ તો શ્રીમંતના કીર્તિમંદિરના સુવર્ણકળશરૂપજ સોહે છે. એ સુવર્ણકળશ અખ્યાતો રહો અને હજી ઓર તેજસ્વી બની પોતાનાં તેજકિરણોને વિસ્તારો એજ મારા અંતરની અભિલાષા છે."

અને ખરેખર, આપણા આજનાં સરસ્વતિમંદિરો અને જ્ઞાન-મંદિરો તે આપણા પ્રજાવત્સલ રાજપિતાની શુભ પ્રવૃત્તિના સુવર્ણ-કળશોજ છે ને ?

જાન્યુઆરી-૧૯૩૬ ના "પુસ્તકાલય"માંથી



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४३–ग्रामसेवा–एक आदर्श चित्र

(લેખકઃ–શ્રી. રેણુમિત્ર ગો. પટેલ)

મણિપુર એ એક નાનકડુંજ ગામ હતું. લોકોનો મુખ્ય ધંધો ખેતીનો અને ભેંસો રાખી પાસેના વિદ્યાનગર નામના શહેરમાં દૂધ વેચી આવવાનો હતો. લોકો મુખ્યત્વે અજ્ઞાન, ગરીબ, પ્રમાણિક અને ભોળા હતા. કલિનો વિષમ પાસ તેમને અડયો નહોતો. શહેરી જીવનનો પાસ, શહેર નજીક હોવા છતાં પણ, તેમને અડયો નહોતો, કારણ કે આ ગામમાં વસતા રસિકચંદ્ર નામે એક સુશિક્ષિત સંસ્કારી અને પ્રખર ચારિત્ર્યવાળા એક વ્યાયામ–વીરના શુદ્ધ વર્તન અને જીવનની નિર્મળ છાપ તેમના ઉપર પડતી હતી.

રસિકચંદ્ર ગરીબ માબાપનો પુત્ર હોવા છતાં મેટ્રીક સુધીની અંગ્રેજી કેળવણીથી રંગાયેલો હતો. નિર્દોષ માતા–પિતાના આશીર્વાદ અને સદ્‌ગુરુઓના પ્રતાપે તેનામાં ગ્રામ્ય હિંદની નિઃસ્વાર્થપણે સેવા કરવાની ધગશ જાગી હતી. શાળામાં તેને વ્યાયામનો શોખ હતો. તે શોખના પરિણામે તેનું શરીર પ્રચંડ અને શક્તિશાળી બન્યું હતું. તેનું શિક્ષણ તે પૂરૂં કરી લે—જીવનપ્રવાસ માટે જોઇએ તેટલું ભાથું બાંધી લે–તે પહેલાં તો તેનામાં શરીરની ભવ્યતા, સુસંસ્કારની ફોરમ અને નિઃસ્વાર્થ સેવાની ધગશનો અજબ ત્રિવેણી સંગમ થયો હતો.

અકિંચન સંયોગોએ તેના અભ્યાસને મેટ્રીકથી આગળ વધવા દીધો નહિ. તેનાં માતાપિતાના એકના એક પુત્રને–તેને–જીવનનિર્વાહ માટે નોકરી કરવાની ફરજ પાડી. તેનામાં જ્ઞાનક્ષુધા અતિશય તીવ્ર હોવા છતાં પણ, અકિંચન સંજોગોએ પાડેલી આ કારમી ફરજને વશ થવા માટે પણ તે તત્પર થયો. અનેક દિવસોથી ગ્રામ્ય જનતાની સેવા કરવાનાં સ્વપ્નાં સેવતો આ વીર, તેવી સેવા પ્રત્યક્ષ થતી જોઇ રાચી ઉઠયો. સરકારી શાળાઓ મોટે ભાગે ગરીબ ખેડૂતે આપેલા મહેસુલના પૈસાથી નભે છે; છતાં પણ તે શાળામાં શીખી, ઘડાઇ બહાર પડેલા વિદ્યાર્થીઓ ગ્રામસેવાના નામમાત્રથી ભડકે છે તે જોઇ રસિકચંદ્રનું મન કકળી ઉઠતું હતું. અને પોતાનું જીવન ગ્રામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવાને ખોળે પાથરી કૃતાર્થ થવાની મનની અભિલાષાઓ અનેક દિવસોથી તે ધરાવતો તે આજે સાચી પડવાનો અવસર આવ્યો જાણી હર્ષઘેલો થયો.

શરીર એ લોકકલ્યાણ સાધવાનું પરમ સાધન છે એ તે સારી પેઠે સમજતો હતો. તે દીર્ઘકાય હતો; વ્યાયામનો તે વ્યાસંગી હતો. વ્યાયામનો શુદ્ધ શ્વાસ ગામડાની ઉછળતી પ્રજામાં પૂરી તેમના ઉત્સાહ-ભર્યા શરીરમાં પોતાના પ્રચંડ શરીરનું પ્રતિબિંબ પાડવા તે ઉત્સુક હતો. પોતાની ફરજ અદા કર્યા બાદ સાંજના નવરાશના વખતમાં ગામની ઉછળતી જનતાને ભેગી કરી તેમને વ્યાયામના પાઠ આપવાનો તેણે નિશ્ચય કર્યો.

મણિપુર જેવા નાનકડા ગામમાં તેણે શિક્ષકની નોકરી સ્વીકારી. ચાળીસ રૂપિયાનો માસિક દરમાયો તેને મળવા માંડ્યો. સાદા જીવનની ભૂમિમાંજ ઉન્નત વિચારો ઉગવા માંડે છે, એ તે પ્રથમથીજ સમજતો હતો અને તેથી તેણે તેને મળતા ચાલીસ રૂપિયાની વ્યવસ્થા દર માસે નીચે પ્રમાણે કરવા નિશ્ચય કર્યો.

રૂ. ૧૦) પોતાના ઉદરનિર્વાહ માટે
રૂ. ૫) માતપિતાને મદદ માટે
રૂ. ૨૦) ગરીબ બાળકોને શિષ્યવૃત્તિ પુસ્તકો વગેરે વહેંચવા માટે
રૂ. ૫) અનાથો અને વિધવાને મદદ માટે.
——
૪૦)

સાંજના નવરાશના સમયે તથા સવારે વહેલા ઉઠીને તે ભેગા થયેલા કુમારોને વ્યાયામ શીખવતો, સાદા અને નિર્વ્યાજ જીવનની મહત્તા સમજાવતો; મનુષ્યકૃત રૂઢિને વશ ન થતાં સારા-નરસાનો મનથી વિચાર કરી, પારખી, તે પ્રમાણે વર્તવાની ટેવ પાડવા વિનવતો; માત્ર વાચિક ઉપદેશથી નહિ, પણ તે પ્રમાણેના પોતાના અંગત વર્તનથી તેમને અનુસરવા પ્રેરતો.

તેની સેવા કુમારોના ક્ષેત્રથીજ મર્યાદિત થતી નહોતી, યુવાનોને તથા વૃદ્ધોને પણ તે સાચી અને કિંમતી સલાહ અવસરે આપતો-ગામની ગંદકી દૂર કરવાનું કામ તો તેણે પોતેજ તેના કુમારોની ટુકડી સાથે માથે લીધું હતું. ઉકરડા ક્યાં કરવા, તેમાંનાં કિંમતી છાણનો સદુપયોગ શી રીતે કરવો, સારા બીની ઉપયોગિતા કેટલી છે વગેરે તે લોકોને સમજાવતો ત્યારે આ સેવાભાવી યુવકના અદ્ભુત જ્ઞાનથી તેઓ વિસ્મય પામતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામની ભાગોળેજ, ગામમાં પેસતાંજ સૌની નજરે પડતું રસિકચંદ્રનું નાનું પણ સુઘડ ઘર સૌનું ધ્યાન ખેંચતું. આંગણા આગળની ખુલ્લી જગ્યામાં નાનો સરખો બાગ કરી તેમાં સુવાસ ફેલાવનારાં પુષ્પો તેણે જાતે વાવ્યાં હતાં. ઘરના દ્વાર ઉપરજ "**अतिथि देवो भव**" નો મહામંત્ર તેણે કોતરાવ્યો હતો. ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી અને થાકેલાને વિશ્રામ મેળવવાને માટે રસિકચંદ્રનું ઘર પંકાઇ ગયું હતું. તેના આંગણામાં વગર રજાએ કોઈ પણ ભૂખ્યો-તરસ્યો પ્રવાસી જઇ યથાશક્તિ આદર અને સન્માન પામતો. રસિકચંદ્રનું ઘર આ ગામમાં ધર્મશાળાની ગરજ સારતું હતું.

રસિકચંદ્રની પત્ની સરલા પાસેના વિદ્યાનગરના એક શ્રીમંતની પુત્રી હતી. નાનપણથીજ વિલાસ-સુખમાં ઉછરેલ હોવાથી પ્રથમ તો તે પતિના સ્વાર્થત્યાગ વગેરે ઉંચા સિદ્ધાન્તોના પાલનમાં આડખીલીરૂપ થઇ પડતી. પરંતુ સમય વીતતાં, કાળે કરીને, તે ટેવાઇ ગઇ અને પતિના સેવામાર્ગમાં તે પણ ધીમાં ધીમાં ડગ ભરવા લાગી. તે પણ નવરાશની વેળાએ ગામની કુમારિકાઓને ભેગી કરી તેમને ગરબા ગાતાં શીખવતી. ગામની સ્ત્રીઓને સ્વચ્છ અને સુઘડ રહેવા વિનવતી-કૂવે પાણી ભરવા અને તળાવે લૂગડાં વગેરે ધોવા ભેગી થયેલી સ્ત્રીઓ સહજ સ્વભાવ પ્રમાણે પરનિંદા અને કૂથલીમાં ભળતી તેમને સમજાવી સન્માર્ગે દોરતી.

આમ મણિપુર જેવા એક નાનકડા ગામમાં સેવાભાવી આ અનુપમ દંપતીની હાજરીથી અને સેવાથી લોકો જીવનની કટુતા, કુટિલતા અને દુઃખમયતા ભૂલી સ્વર્ગનો અપૂર્વ આનંદ ભોગવતા હતા.

જગતના એક અજ્ઞાત ખૂણામાં પડયાં પડયાં સુશિક્ષિત દંપતી દેશોદ્ધાર અને સંસ્કારનાં બીજ ઉગતી પ્રજાની મનોભૂમિમાં વાવતાં હતાં.

* * *

આજે રામનવમીનો દિવસ હતો. મણિપુરનાં લોકો આજે હર્ષઘેલાં થયાં હતાં. પ્રભુના જન્મદિવસે સૌ સારાં વસ્ત્ર-ભૂષણો પહેરી દેવદર્શને જવા માટે ઉત્સુક હતાં. સરલાનો પણ આજે આનંદ માતો નહોતો. તેણે પણ સારા, શ્રીમંત પિતાની પુત્રીને છાજે તેવાં-વસ્ત્ર અને આભૂષણો પહેર્યાં.

આ જોઇ રસિકચંદ્રથી બોલ્યા સિવાય ન રહેવાયું-"આપણા શુદ્ધ સાદા જીવનમાં હે દેવિ! આટલુંજ કલંક રહી ગયું છે. ધનલોભ અને મહાત્વાકાંક્ષાને આપણે જીત્યાં છે, વસ્ત્રાભૂષણના મોહને હજુ જીત્યો નથી. પોતાના હાથેજ સ્વીકારેલી ગરીબાઇમાં આવા કિંમતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આભૂષણોને સ્થાન ન હોય એ સમજવું ઘટે."

સરલા—"નાથ! હું ક્યાં રોજ આવાં ઘરેણાં પહેરૂં છું? ઉત્સવના દિવસે પ્રભુપ્રીત્યર્થે પહેર્યાં છે તેમાં શો વાંધો? જ્યાંસુધી પહેરવા ઓઢવાનું છે ત્યાંસુધી આવા આવા વિરલ દિવસે પણ ન પહેરૂં? વિધવાને ક્યાં પહેરવાનું છે?"

આ સામાન્ય પણ સચોટ દલીલથી રસિકચંદ્રનું મન કંઇ મ્હાત થયું-સ્ત્રીના અજ્ઞાન પર દયામિશ્રિત તિરસ્કાર છૂટ્યો. તેણે છેલ્લો પાસો અજમાવ્યો.

રસિકચંદ્ર—"પણ ગળામાં આ રાણુમાળા અને મગમાળા બન્ને પહેર્યાં છે તેના બદલે એક પહેર્યું હોય તો ના ચાલે?"

સરલા—"છે ત્યારે પહેર્યું છે!"

રસિકચંદ્ર—"એક હોય તો એક પહેરત ખરૂં ને? ત્યારે તો આ આભૂષણોનું અસ્તિત્વજ તેનો મોહ તજવામાં વિઘ્નરૂપ છે એમજ ને?"

* * * *

ઉનાળાની તે સાંજે, સૂર્ય આથમી ગયો હતો; પૃથ્વી ઉપર આછાં અંધારાં છવાઇ રહ્યાં હતાં, આ ગામના પાદરે થઇને, એક કોળી જેવો લાગતો પુરુષ હાથમાંની કડિયાળી ડાંગના ટેકે ટેકે પસાર થતો નજરે પડતો હતો. તેનાં કપડાં મેલાં અને ફાટેલાં હતાં. તેનો ચહેરો કંઇ ભયસૂચક અને અવિશ્વાસ ઉત્પન્ન કરે તેવો હતો. તેનું શરીર ઉંચું અને સશક્ત હતું. તેનો વર્ણ કાળો હતો, ઉનાળાના તાપમાં દૂરથી આવતો હોય તેમ, તેના શરીરે પરસેવાના રેલા ઉતરતા હતા, તેનાં થાકેલા પગ આગળ ચાલવા ના પાડતા હોય તેમ પાછા પડતા હતા. તેના પગના ફાટેલા જોડા, તેનું મેલું અને ફાટેલું ફાળીઉં અને ફાટેલું કેડિયું તેની ગરીબાઇ સૂચવતાં હતાં.

અંધારૂં વધતાં તેણે આ ગામમાંજ રાતવાસો કરવાનો વિચાર કર્યો હોય તેમ એક રસ્તે જનાર બાળકને પૂછ્યું: "અલ્યા અહીં કંઇ ધર્મશાળા છે?"

"ધર્મશાળા તો નથી, પણ આ ગામમાં માસ્તર સાહેબ છે તે તમને આશરો દેશે" એવો ઉત્તર આપી એ બાળક ભયભીત થઇ દોડ્યો ને પેલો કોળી ગામ તરફ વળ્યો.

રસ્તામાંજ તેને રસિકચંદ્ર મળ્યા.

"ભાઇ! મારૂં ઘર થાકેલાનો વિશ્રામઘાટ છે. બારણે આવી ચઢેલાને સૂકો પાકો રોટલો અને સૂવાને ઓટલો આપવો એ મારૂં સૂત્ર છે. ચાલો મારે ઘેર" બોલી રસિકચંદ્ર આગળ ચાલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરની રવેશમાં ઢોલીઓ ઢાળી નવા આવનારને રસિકચંદ્રે બેસાડ્યો ને તે પણ તેની જોડે બેઠો.

સરલાએ કપડાં બદલી નાખ્યાં હતાં. એક પછી એક ઘરેણાં પરસાળમાં ઉભી ઉભી કાઢી નાખી એક ડબામાં ભરતી હતી. ઘરેણાં કાઢી રહી એટલે પરસાળમાં-ઘરમાં પેસવાના દ્વારની સામેજ-એક ગોખલો હતો તેમાં તે ડાબલો મૂકી, ગોખલાનું બારણું બંધ કર્યું. નવો આવનાર અતિથિ ફાટેલી અનિમેષ આંખે આ બધું જોઇ રહ્યો. એક પલકમાં અનેકવિધ વિચારો તેના મનમાં આવી ગયા.

નવરી થતાં સરલાએ અતિથિદેવને રવેશમાં ઢોલીઆ ઉપર સુખાસન માંડી આપ્યું, એટલે તેણે તેનું મેલું ફાળિયું માથેથી ઉતારી ખીંટીએ ભરાવ્યું; લાકડી ખૂણામાં મૂકી અને આરામ લેવા સહેજ પડખું વાળી આડો પડ્યો.

રસિકચંદ્ર ત્યાંનો ત્યાં બેસી રહ્યો અને મહેમાનની જોડે કંઈક વાતો વગેરે કરી તેની સરભરા કરવા લાગ્યો. છેવટે સૂવાનો સમય થતાં મહેમાનની જોડેજ રવેસીમાં બીજો ઢોલિયો મંગાવી તેમાં રસિકચંદ્ર સૂતો.

પરસાળમાં પેલા ઘરેણાના ગોખલાની નીચેજ ઢોલિયો ઢાળી સરલા સૂતી. ગામડાના મઢુલીશા નાનકડા ઘરમાં બે પતિ પત્ની અને એક મહેમાન સૌ નિદ્રાધીન થયાં.

રાત્રે મહેમાન જાગ્યો ત્યારે ત્રણેકનો સુમાર થયો હશે. નવમીનો ચંદ્ર આથમી ગયો હતો. રાત્રિનાં આછાં અંધારાં જગત પર છવાઇ રહ્યાં હતાં. મહેમાને જાગીને જોયું તો રસિકચંદ્ર ઘસઘસાટ ઉંઘતો હતો. તેનું નિર્દોષ, સેવાભાવી મન અપૂર્વ આસ્વાદ લઇ રહ્યું હતું; ત્યારે મહેમાનનું દોષમય, બદદાનતવાળું મન પેલા ગોખલા તરફ વળ્યું. તે તરફ તેણે પગલાં માંડયાં. રાત્રિની કાળાશનો લાભ લેવા તેનું કાળું મન લલચાયું-પરસાળનાં દ્વાર સુધી પહોંચ્યો એટલામાં તો તેનું હૃદય બોલી ઉઠયું: "હાય! હું શું કરૂં છું? શું હું કૃતઘ્ની છું? શું હું ઉપકાર કરનારનેજ અપકાર કરીશ? શું હું ઉપકારને લાયકજ નથી? ઘરમાં આશરો દેનારનેજ શું હું લૂંટું? ના, ના, તે કદી બને?"-હૃદયની લાગણીઓએ તેને પાછો વાળ્યો. પાછા પગલે તે ઢોલિયા પર જઈ બેઠો. થોડી વારે લાગણીઓનું જોર શમ્યું. બુદ્ધિમય વિચારોનું સામ્રાજ્ય જામવા માંડયું કે "હાય! જગતમાં મારૂં કોણ છે? કાલે સવારે હું શું ખાઈશ? કયાં જઇશ? પ્રભુએ દાંત આપ્યા છે તે ચાવણું આપશે એમ કહેવાય છે. હા, પેલા ગોખલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંજ મારૂં ચાવણું છે. પ્રભુજ મને એ ચાવણું લેવા પ્રેરે છે. તેમાંથી એકજ ઘરેણું લેઇશ. એટલા બધામાંથી એક જશે તો શો વાંધો? ખોનારને તેની કિંમત જૂજ છે; મને તો તે જીવનની લાકડીરૂપ થઈ પડશે. ખોનારના વિલાસનું એ સાધન મુજ ક્ષુધાગ્નિને શાંત પમાડનાર અમૃત નીવડશે.''

"પ્રભુ માફ કરજે" કહી, ફરીથી તે ઉઠયો. ગોખલા તરફ ચાલ્યો. દ્વાર આગળ આવતાં તે અટકયો. હૃદયમાં કંઇક વીચિઓ જાગવા માંડી. લાગણીઓનું તોફાન થયું. લાગણીઓનું જોર બળમાં આવ્યું. પાછો તે ઢોલિયે જઇ બેઠો.

આમ બુદ્ધિના વિચારો અને હૃદયની લાગણીઓ વચ્ચે પક્ષાપક્ષી અને રસાકસી ચાલી રહી. ઘડીમાં એકનું જોર જામતું તો ઘડીમાં બીજાનું. એ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. કઠોર બુદ્ધિ અને કોમળ હૃદય ત્રાજવામાં તોળાઇ રહ્યાં. આખરે કઠોરતાનો જય થયો. કઠોર બુદ્ધિએ કોમળ હૃદયને હડસેલી પાડયું. હૃદયે જે વાત કરવા ના પાડી તે બુદ્ધિએ કરવા હા પાડી. અને બુદ્ધિની પ્રેરણાથી તેણે મગમાળા કાઢી તેના મેલા કેડિયાના ગજવામાં નાખી; અને શહેર તરફ રાત્રિના આછા અજવાળામાં ચાલવા માંડયું.

× × × ×

સવાર થયું, સહેજ અજવાળું થયું, એટલે સરલા ઉઠી બહાર આવી, નજર કરે તો મહેમાનનો ખાટલો ખાલી દીઠો-ખાલી દેખતાંજ ચમકી ભયભીત બની. આગલી રાતનો ગુપ્ત અવિશ્વાસ મહેમાનના અચાનક પલાયનથી પ્રજ્વળી ઉઠયો. રસિકચંદ્રને જગાડયો અને સર્વ બીનાથી વાકેફ કર્યો.

આગલી સાંજથીજ આગંતુક પ્રત્યે સરલાને કંઇક અણગમો થતો હતો; કંઇક અવિશ્વાસથી તે તેને જોતી હતી. તેનો એ અવિશ્વાસ આમ તે મહેમાનના અચાનક નાસી જવાથી પુષ્ટિ પામ્યો: સેવાભાવી દંપતીના સાદા ઘરમાં શું હોય? ઘરેણાના ડાબલા તરફ નજર ગઇ, ગોખલાનાં બારણાં ઉઘાડતાં ડાબલો જણાયો. તેમાં જોયું-સરલાએ મગમાળા ન દીઠી.

તે બોલી—હા નાથ! મારી મગમાળા નથી-પેલો મહેમાન લઇ ગયો લાગે છે.

રસિકચંદ્ર—મગમાળા! મગમાળા લઈ ગયો?

સરલા—હા નાથ! જુઓ, જરા તપાસ કરો.

રસિકચંદ્ર—તપાસ શું કરે? રાતમાં કઇ વખતે ગયો હશે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું કહેવાય ? હશે, ગળાનાં તારી પાસે એ ઘરેણાં હતાં ને! તું કાલેજ કહેતી હતી ને?

સરલા—શું ?

રસિકચંદ્ર—છે ત્યારે પહેરૂં છું-હવે ગયું. હવે એકજ પહેરજે.

સરલા—નાથ ! આમ શું બોલો છો ? નવું કરાવવાનું તો ક્યાં ગયું પણ જૂનું ખોયું તોય કાંઈ નહિ !

રસિકચંદ્ર—એ બિચારા ગરીબને તે કામ લાગશે. આપણા કરતાં તેને તે વધારે કિંમતી અને ઉપયોગનું થઇ પડશે.

× × × ×

સવારનો આઠેક વાગ્યાનો સમય થતાં વિદ્યાનગરના એક સોનીની દુકાન આગળ એક મેલોઘેલો ગામડીઓ હેરાફેરા કરતો હતો. ઘડી-માં તે તેની કડિયાળી ડાંગ તરફ નજર કરતો, ઘડીમાં શૂન્યમનસ્ક જેવો ઉભો રહેતો હતો.

છેવટે તેનો વિચાર પૂરો થતાં તે સોનીની દુકાનમાં પેઠો. ધ્રૂજતે હાથે, ધડકતે હૈયે, ભયભીત મને, તેણે એક મગમાળા તેના ગજવા-માંથી કાઢી સોની આગળ મૂકી: "ભાઈ! આ વેચાતી રાખશો ?" એવું કંઇક બબડયો.

સોનીએ મગમાળા નિહાળી. પોતાનીજ ઘડેલી તેને લાગી. સહેજ વિચાર કર્યો: "આ તો મોતીચંદ શેઠની લાગે છે" એમ ધીમે સાદે તે બબડયો. અને ગુમાસ્તાને સાન કરી, ગુમાસ્તો ઉઠયો.

મગમાળાનો જાણે તોલ કરતો હોય, તેના સોનાનો આંક કાઢતો હોય, કેટલા પૈસા આપવા તેનો વિચાર કરતો હોય તેમ દેખાડતો, સોની વખત વીતાવતો હતો.

એટલામાં તો ધોળા થોભિયા અને ધોળી પાઘડીવાળા એક વણિક શેઠને તેડી ગુમાસ્તો આવ્યો. નવીન માણસને આવતો જોઇ પેલો ગામડિયો ચમકયો, બીધો: "શેઠ! આ મગમાળા તમારી લાગે છે, જુઓ" એમ અચાનક સોની બોલી ઉઠયો. પેલો ગામડીઓ તો આભોજ બની ગયો.

શેઠે મગમાળા તપાસીને તુરતજ ઓળખી કાઢી: "અરે ! આ તો મારી સરલાની મગમાળા છે? અહીં કયાંથી ?"

વણિક શેઠની સાશંક નજર પેલા ગામડીઆ તરફ વળી અને તે બધું સમજી ગયા.

ગુમાસ્તાની અને સોનીની મદદથી પેલા ગામડીઆને બરાબર બાંધી શેઠ પોલીસ ચોકીએ લઈ ગયા. તેને ત્યાં બેસાડી રસિકચંદ્રને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાવવા માટે માણસ મોકલ્યો.

કલાકેક બાદ રસિકચંદ્ર આવ્યો. પેલા ગામડીઆને તેણે ઓળખ્યો. બન્નેની નજર મળી. ગામડીઓ ગભરાયો-તેનામાં હૃદય અને બુદ્ધિ વચ્ચે થયેલું તુમુલ યુદ્ધ તેને સાંભર્યું. બુદ્ધિનો સદોષ નિર્ણય, હૃદયની ખેંચતાણ સર્વ તેના મન આગળ ખડાં થયાં. બુદ્ધિના નિર્ણયને અનુસરી કરેલા કૃત્યથી તે પસ્તાયો, અશ્રુભીના નયને તે રસિકચંદ્ર સામે ટટાર જોઈ રહ્યો.

રસિકચંદ્ર બોલી ઉઠયો: "અરે ! આ બિચારા ગરીબને શું કામ સતાવો છો ? એ મગમાળા તો મેં એને ગરીબ જાણી ઇનામમાં આપી છે. સાંજે શું ખાવું એ વિકરાળ પ્રશ્ન જેને રાત્રિદિવસ મુંઝવી રહ્યો છે તેને મારા જેવો માણસ પોતાને નકામું હોય એવું વધારાનું ધન આપી દે તેમાં તેને શું કામ સતાવો છો ?"

સૌ ભોંઠા પડયા. ગામડીઆને છૂટો કર્યો. પ્રભુનો ઉપકાર માની તે ચાલતો થયો.+

("શારદા" માસિકના એક અંકમાંથી)

+ અંગ્રેજીની છાયા ઉપરથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪–રાવણઘાટ+

(લેખકઃ–ડૉ. મકનજી પી. સોલા)

(ગુજરાત–કાઠિયાવાડમાં ગીચ જંગલો, પહાડી મુલકો, વેરાન પ્રદેશો અને અણુખેડયા મુલકો આવેલા છે. એ જંગલોમાં નથી રેડીઓ, નથી તાર–ટપાલ, નથી દવાખાનાં, નથી મોટરો, નથી ગાડીઓ, નથી ટ્રામબસો અને એ બધાયે પર એવી ગરીબ અને કચડાએલી પ્રજા આજે માનવસમાજમાં કેટલાં દુઃખો ને યાતનાઓ ભોગવી રહી છે! આ નાની સરખી વાર્તામાં ગરીબ પ્રજાનાં આંસુનાં આપણુંને દર્શન થાય છે.)

“ઓ...મા ! પે...લો...રા...વ...ણઘાટ આવ્યો. મને મા...ર મારે...છે બ...ચા...વ...મા ! હવે રોજ જંગલખાતાની વેઠે હું જવા તૈયાર છું...પણ બચાવ.” સાંગુ માંદગીને બિછાને પડીને બેભાન અવસ્થામાં લવતો હતો. નજીકમાં તેની વૃદ્ધ મા કોટલી પોતાના વહાલસોયા દિકરાની ભયંકર માંદગીની વેદના નીરખતી બેઠી હતી.

“ભાઇ ! બંધ કર આંખ. તને કોઇ રાવણઘાટ મારવા નથી આવ્યો, ઉંઘી જા. તું સારો થઇ જા ને પછી રોજ જંગલના કામે જજે.” કોટલીએ મહામહેનતે આંખમાં આવેલાં આંસુ થંભાવી સન્નિપાતનાં લક્ષણો બતાવતા પોતાના દિકરાને પડખું ફેરવીને સૂઇ જવાને જણાવ્યું...

× × × ×

ધારના જંગલમાં અસલ ભીલ લોકોની ગીચ વસ્તી હતી; પણ નવા રાજાના રાજ્યમાં અનેક નવા કાયદાઓ ઘડવામાં આવ્યા, તેમજ જંગલના અધિકારીઓ એવા સ્વાર્થાંધ આવ્યા કે તેમણે રાજ્યહિતને લક્ષમાં નહિ રાખતાં પોતાનાં ખિસ્સાં તર કરવાનીજ પેરવી ચાલુ રાખી. પરિણામે અનેક ભીલ લોકોને પોતાનાં પેઢીધરનાં વતનો ત્યજીને

+ જંગલખાતા તરફથી જંગલમાં દેખરેખ રાખવા મુકાતા ‘રાઉન્ડ ગાર્ડ’ને જંગલી પ્રજા રાવણઘાટના નામથી સંબોધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા રાજ્યમાં ભાગી જવું પડયું હતું.

સાંગુના બાપદાદાઓની ધારના જંગલમાં ઘણી મિલ્કત હતી. સેંકડો વીઘાં જમીન ને ઢોર-ઢાંખરના તેઓ માલીક હતા; પણ વખતના વહેવા સાથે વર્ષોવર્ષ થોડી થોડી જમીન જંગલ ખાતાએ લઇ લેવા માંડી. સાંગુના બાપ ગોવા પાસે પણ ૨૦૦-૩૦૦ વીઘાં જમીનમાંથી માત્ર ૩૦ વીઘાં જમીન બચી હતી. જંગલ ખાતુ દર વર્ષે નવો કાયદો ઘડે ને ગમે તે બહાને-જંગલની સમૃદ્ધિ વધારવાને બહાને-જમીન પડાવી લેવામાં આવતી. જંગલ ખાતાના આવા ત્રાસથી ભીલ પ્રજા ત્રાહિ ત્રાહિ કરી રહી હતી. કેટલાય લોકો ધારનું જંગલ છોડી બીજા રાજ્યની હકુમતમાં હિજરત કરી ગયા હતા. બિચારી અજ્ઞાનના અંધારે અથડાતી એ કોમને બચાવનાર કોણ હતું ?-જંગલ ખાતાના એક નાનકડા સિપાઇને દેખીને પણ તેઓ થર થર ધ્રૂજતા હતા. જે પ્રજા જંગલના સિંહ, વાઘ, વરૂ વગેરે સામે ઉઘાડી છાતી રાખી ભ્રમણ કરતી તે પ્રજા એક સામાન્ય સિપાઇથી આટલી કેમ ડરતી હશે ?

× × × ×

રાત્રિના ૧૦ વાગ્યા, પણ સાંગુનો વૃદ્ધ બાપ ભુવાને તેડવા ગયો હતો તે હજુ આવ્યો નહિ. મીરપુર ગામના એકલવાયા છાપરામાં ખજૂરીની એક સાદડી પર સાંગુની દેહ વેદનાથી તરફડતી હતી. બહાર ચોમેર અંધકાર પથરાઇ ગયો હતો. જંગલમાં દૂર દૂર વાઘની ગર્જના સંભળાતી હતી. "મા...ઓ...મા !...મારા...બા...પુ... ...આવ્યા...કે...નહિ....શું......મા...પે...લો...ભુવો...આ...વ્યો ...દવા લાવ્યો...?" સાંગુ તંદ્રામાંથી જાગ્રત થતાં બબડવા લાગ્યો. તેનો બાપ દિવસનો કોઇ ભુવાની કે દવાદારૂ આપનારની શોધમાં નીકળ્યો હતો તે સાંગુને યાદ આવ્યું હતું. "બેટા ! તું સૂઇ જા. હમણાંજ તે તારી દવા લઇને આવી પહોંચશે." ડોટલીએ ભાંગેલા હૈયે દિકરાને સાંત્વન આપ્યું.

× × × ×

આ ગામ પેલે ગામ ફરતાં અંતે ગોવાએ ભુવાને શોધી કાઢયો. "ઓહો ! પટેલ તમે કયાંથી આવ્યા ? જંગલમાં આટલે દૂર આવવાનું કંઈ કારણ !" ભુવાએ ગોવાને જોતાંજ પૂછ્યું.

"ભાઇ ! મારો દિકરો સાંગુ આજે સાત દિવસ થયાં ગંભીર બિમાર છે. જંગલ ખાતાવાળાએ માર માર્યો તે દા'ડાથી પડયો છે. મનને જરાયે ચેન પડતું નથી. અમને બધાને તેની તબિયત વિષે બહુ બીક રહ્યા કરે છે, માટે જલદી ચાલો ને દવા આપો." તરતજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને મીરપુર જવા ચાલી નીકળ્યા.

× × × ×

રાત્રિના બાર વાગ્યા હતા. ઘોર ભયંકર જંગલને વીંધીને ગોવો ભુવાને લઇને ઝડપભેર પોતાની છાપરી તરફ પગલાં માંડતો હતો. ૭૦ વર્ષની વયે પણ ગોવામાં જાણે જુવાનીનું જોમ છવતું હતું. થોડી વારમાં બંને જણ છાપરીએ આવી પહોંચ્યા. બંને અંદર ગયા. ભુવાએ સાંગુને તપાસ્યો. જંગલમાં વસતી પ્રજા ભુવાનેજ પોતાનો વૈદ્ય, ડૉકટર કે જે ગણો તે સમજતી હતી.

"ગોવા! તું બહુ મોડો આવ્યો. તારા દિકરાની બાજી હાથથી ગઈ છે. તું બે–ચાર કલાક વહેલો આવ્યો હોત તો? શું કરૂં? મારા હાથમાં કોઈ ઉપાય નથી. સાંગુને સન્નિપાતના છેલ્લા ચાળા લાગુ પડયા છે, ને તેની નાડી ઠેકાણે રહેતી નથી–હવે તો કુદરત પર આધાર રાખી બનતી સેવા–ચાકરી કરો..." છાપરીની બહાર લઇ જતાં ભુવાએ ગોવાના કાનમાં વાત કરી. ગોવો ચોંકી ઉઠ્યો. તેના હોશકોશ ઉડી ગયા, શું સાંગુ જતો રહેશે? પોતાના આધાર સરખો જુવાન જોધ દિકરો આ જગતને છોડી જશે?" એ વિચારે તેને મુંઝવી નાખ્યો. તેનું દિલ ભરાઇ આવ્યું. 'શું કહો છો... ભાઇ!' એટલુંજ તે બોલી શકયો.

× × × ×

બીજું પ્રભાત ઉગ્યું. સૂર્ય ભગવાન પોતાનું તેજ પૃથ્વી પર પાથરી ધાર જંગલની ટેકરીઓ ને વનરાજીને શોભાવી રહ્યા હતા. ગોવાની છાપરીમાં માનવમેદની ઉભરાતી હતી. બધાના ચહેરા તેજ-વિહોણા હતા. પોતાના ગામના આગેવાન ગોવાના એકના એક દિકરા-ની અંતિમ પળો વખતે મીરપુર ગામની સૌ પ્રજા ગોવાને ત્યાં આવી હતી. રાતેજ સાંગુને સારૂં નહિ થાય એવા સમાચાર પસરી જતાં લોકો ત્યાં જઈ પહોંચ્યા હતા. નવેક વાગી ગયા છતાં લોકોની ઠઠ તેટલીજ રહી. આજે પોતાના ખેતરમાં કામ કરતાં લોકનાયક ગોવાના દિકરાની ખાતર બરદાસ કરવાનું પ્રજાએ વધારે કિંમતી ગણ્યું હતું.

"ઓ...મા! રા...વ...ણ...ઘાટ આ...એ...મ...ને...મા... ર...શે..." સાંગુએ ફરીથી લવારો કર્યો. હવે તેની જીભ તોતડાતી હતી. ધારના જંગલની પ્રજા જંગલના રાઉન્ડ ગાર્ડને રાવણઘાટના નામથી ઓળખતી હતી. એ રાઉન્ડ ગાર્ડ (રાવણઘાટ)નો પ્રજા પર બહુ જુલમ વરસતો હતો. દશેક દિવસ પહેલાંજ જંગલના વેઠ કામમાં ગયેલો ત્યારે સાંગુને એજ રાવણઘાટે બેસુમાર માર માર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. ને તેથીજ સન્નિપાતમાં તેનો તે વારંવાર લવારો કર્યા કરતો હતો. સાંગુની અંતિમ પળો ઘણી નજીક આવી હતી. તેની જીભ ચોંટતી હતી. આંખો પણ ફાટી ગઈ હતી. એટલામાં જંગલમાં કોઇ જગ્યાએ દવ લાગ્યાની ખબર આપતા નગારાનો કર્ણભેદી અવાજ સૌને કાને અથડાયો. નગારૂં વાગતાંની સાથે જંગલ ખાતાના અધિકારીઓ બહાર નીકળી પડયા. જ્યાં જ્યાં ને જે જે હાલતમાં માનવીઓ સામા મળે ત્યાં ત્યાંથી સૌને સાથે લેતા આગળ ધપતા હતા.

"અય ગોવા ! એ કયા હે તેરે ઘર પર આજ ? માલૂમ નહિ હૈ યે જંગલ મેં દવ લગા હૈ-ને ઘંટા બજ રહા હૈ ? તો ભી તુમ યે સબ લોગ કો ઇકઠે કર રખા હૈ ! ચલો સબ લોગ દવ બુઝાનેકુ." જંગલના રાઉન્ડ ગાર્ડનો હુકમ થયો. હુકમ સાંભળી સૌ ભીલો તરતજ ગોવાની છાપરીની બહાર નીકળ્યા. પણ ગોવો પોતાના અવસાન સમીપ પહોંચેલા દિકરાને છોડી કેમ આવી શકે ? "કેમ રે, ગોવો કિધર હૈ ? ઉસકુ બ્હોત મિજાજ આ ગયા હૈ કયું ?" રાઉન્ડ ગાર્ડે ગોવાને ન જોતાં પ્રશ્ન કર્યો. એક બાજુ પુત્રની જગત છોડી વિદાયગીરી લેવી, બીજી બાજુ રાજ્યના કાનુનને તાબે થઇ જંગલનો દવ હોલવવા જવા માટેની ફરજીયાત ફરજ ! એ બેમાં પસંદગી કરવાનો વખત ગોવા માટે નહોતો.

"સા'બ ! મને માફ કરો, હવે બહુ થયું. મારો દિકરો આ દુનિયા છોડી જવાની તૈયારીમાં છે. આટલી મોટી વસ્તીમાં હું એક ન આવું તો પણ દવ તો હોલવાઈ જશે. કૃપા કરી મને આજે જવા દો !" ગોવો કાકલુદી કરી તરતજ છાપરીમાં ચાલ્યો ગયો. સાંગુનું શરીર સાવ શિથિલ થઇ ગયું હતું. કોટલી ચોધાર આંસુએ રડતી રડતી દિકરાના ફીકા પડી ગએલા બદન પર હાથ ફેરવતી હતી. ગોવા ને કોટલીના હૃદયની વ્યથા આજે કોણ પીછાણી શકે એમ હતું ?

રાઉન્ડ ગાર્ડ એ સિપાઇઓ લઇને ગોવાની પાછળજ છાપરીમાં ઘૂસી ગયો ને ગોવાને ઘસડી બહાર કઢાવ્યો. જંગલના એ કામદારને ગોવાના એકના એક વહાલા દિકરાના મૃત્યુને સમયે પણ ઘેર રહેવા દેવા જેટલી દયા ન આવી ! કોટલીએ અનેક કાલાવાલા કર્યા, પણ તે બધા વ્યર્થ ગયા. કાયદો તે કાયદો. કાયદો કહેતો હતો કે જંગલમાં દવ લાગે ત્યારે દરેક માણસોએ મદદ કરવા દોડી જવું, ને તે કાયદા મુજબ ગોવાને લઇ જવામાં આવ્યો. ભાંગેલા હૈયે ગોવાને બીજા ભીલોની સાથે જવું પડયું. જો કે તેનું હૃદય તો પોતાની છાપરીમાં છેલ્લા શ્વાસ લેતા પોતાના દિકરા તરફજ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજે ચારેક વાગે સાંગુએ પોતાની જીવનલીલા પૂરી કરી. જગતને છેલ્લી સલામ કરી દીધી. મીરપુરમાં પુરુષ નામધારી કોઈ હતું નહિ. બધાને દવ હોલવવામાં લઇ જવામાં આવ્યા હતા. માત્ર થોડી ઘણી સ્ત્રીઓ હતી તે ગોવાને ઘેર એકત્ર થઈ હતી. કોટલીનું રડવું માતું નહોતું. તેને કેમે કરી છાની રાખી શકાય એમ નહોતું. તેની હાલત લગભગ ગાંડા જેવી થઇ ગઇ. 'સાંગુ...સાં...ગુ! ક્યાં ગ...યો' વગેરે અનેક જાતના લવારા તે કરતી હતી. અંતે કેટલીક સ્ત્રીઓને મળીને સાંગુના મૃત દેહને છાપરીમાંથી બહાર કાઢી થોડે દૂર લઇ જઇને તેની દહનક્રિયા કરી. કોટલી તદ્દન બેભાન થઇને પડી હતી. તેને સચેતન કરવા માટે સ્ત્રીઓએ અનેક ઉપાય કર્યા, પણ કંઇ વળ્યું નહિ. લાંબા સમયે કોટલીને ચેતન આવ્યું ત્યારે તે એક સાદડી પર પડી હતી, ને આજુબાજુ કેટલીક સ્ત્રીઓ બેઠી હતી.

મીરપુર ગામથી ૧૫ માઇલ છેટે દવ લાગ્યો હતો. તે હોલવવા મીરપુર ને આજુબાજુના ગામથી ઘણા લોકોને લઇ જવામાં આવ્યા હતા. લગભગ દશ–બાર દહાડા પછી બધા ઘેર આવ્યા. ગોવો પણ આવ્યો. કઠણ કાળજે તે પોતાની છાપરી તરફ જતો હતો. હજી તે પોતાનો દિકરો સાંગુ જીવતો હોવાની અમર આશા રાખી રહ્યો હતો. ગોવો છાપરીમાં ગયો. એકલી કોટલીને જોતાંજ તે ધરણી પર ઢળી પડયો. કોટલીને પણ પોતાના દિકરાના મૃત્યુની વિષમ ઘડીએ દૂર થએલા પોતાના પતિ ગોવાને જોઇને તે દિવસનો કરુણ બનાવ નજર આગળ તરવરી ઉઠતાં ભારે આઘાત લાગ્યો ને તે પણ ફરી બેભાન બની ઢળી પડી......ને એ બંને પતિપત્ની–ગોવા ને કોટલીનાં મૃત દેહોને મીરપુર ગામના લોકોને રડતા હૃદયે આખરે પુત્રના મૃત્યુ પછી બાર દહાડાના અંતરે દફનાવવાં પડયાં.

(જાન્યુઆરી–૧૯૩૬ ના " યુવક " માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫–एकरार

(લેખકઃ–શ્રી. મયૂર)

"સાહેબ ! અમે ધોળા દિવસના ધાડપાડુ છીએ."

"શું વાત કરો છો, શેઠ ?" એક વેપારી પોતાની જાત માટે "ધાડપાડુ" શબ્દ વાપરે એ જાણી મને નવાઇ લાગી. વાત કરનાર વેપારી જેને પ્રતિષ્ઠિત કહી શકીએ તેવી કોટિમાં મૂકી શકાય તેવો હતો. તેને રહેવા માટે બંગલો હતો, તેને બેસવાને ગાડી હતી, તેને ઘેર નોકર હતા અને પાસે સારી મૂડી હતી.

"સાચીજ વાત કહું છું, સાહેબ ! એકવીસ એકવીસ વર્ષથી હું આ ધાડપાડુનો ધંધો કરી રહ્યો છું. ચોર લોકો તો રાતે ચોરી કરે, ગામ ભાંગવાવાળા ઓચિંતા આવી ધાડ પાડે; પરંતુ મેં તો ચાહીને ધોળે દહાડે ગામ વચ્ચે બેસી લૂંટ ચલાવી છે. કંઇક ખેડૂતનાં ઘર ખેદાનમેદાન કરી નાખ્યાં છે, કંઇકને રઝળતા કર્યા છે; હું સાચીજ વાત કરૂં છું, સાહેબ !"

મને હજુએ વાત ગળે ઉતરતી ન હતી. શેઠે આગળ ચલાવ્યું: "સાહેબ ! તમે મારી વાત નહિ માનો, પરંતુ મારો પૂર્વનો ઇતિહાસ તપાસો અને સાથોસાથ આ ચીંથરેહાલ ખેડૂતોની દશા સરખાવો તો એ વાત ગળે ઉતરી જશે. મારાજ અનુભવની આ વાત છે."

"ત્યારે આ ખેડૂતોની પાયમાલીનું મૂળ મંડાણ તમેજ છો, એમ તમે કહેવા માગો છો ?" મેં પૂછ્યું.

"સાહેબ ! મારી એકજ વાત સાંભળો, એટલે આપને ખાતરી થઈ જશે." અને તેણે પોતાના અનુભવની વાત કહેવી શરૂ કરી.

"સવારનો પહોર હતો અને હું ઓસરીમાં બેઠો બેઠો ચાહ પી રહ્યો હતો. ખડકીનું બારણું બરાબર રસ્તા ઉપર પડતું હતું. તે ઉઘાડા બારણામાંથી મેં પશા પટેલને રસ્તા પર થઇને જતો જોયો. પશા પટેલને તો આપ જાણતાજ હશો, સાહેબ! ચીંથરેહાલ પંડ ઉપર પહેરવાનાં પૂરાં લૂગડાં પણ નથી. ઘરમાં એક દિવસના પણ ખાવાના તાકડા નથી. પરંતુ તે વખતના પશા પટેલની વાત જુદીજ હતી. પંદર વર્ષ પર એ પશો પટેલ ધરતી ઉપર જાણે પગજ નહોતો મૂકતો. બે સાંતીની જમીનનો એ ખેડૂત હતો. એને ઘેર માલ–ઢોરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધમસાણ હતી, અને ઘરના સારા ઓછાડવાળો હતો. મેં એને જોયો અને બૂમ પાડી: "પદ્મા પટેલ! એ પદ્મા પટેલ?" પદ્મા પટેલે બે ડગલાં પાછા ફરી ડેલીમાંથી અંદર જોયું. મેં તેને અંદર બોલાવ્યો. તે આવ્યો. ઉજળા બડાંગ જેવાં લૂગડાં. નાનપણનો ખાધલ પીધલ એટલે કસાયલું શરીર અને ઘરનો સુખી એટલે દેખાવમાં પણ ફુટડો.

"આવો! આવો! તમે તો કોઈ દિવસ દેખાતા પણ નથી? મેં ચહાનો પ્યાલો ધર્યો.

"કામમાંથી નવરાશ મળે નહિ, એટલે ક્યાંથી અવાય? અમારૂં ખેડૂતનું તે કાંઇ જીવન છે? ધૂળનો ધંધો એટલે આખો દિ' સીમમાં પડયા હોઇએ." તેણે ચહાનો પ્યાલો હાથમાં લીધો.

થોડી ઘણી વાતચીત કરીને તે ગયો. પછી તો રોજ તે નીકળે અને રોજ હું બોલવું. રોજ બે ઘડી બે ઘડી વાતો કરી ચહાનો પ્યાલો પીને વાડીએ જાય. એમ અમારી ગાંઠ બંધાઇ. સાહેબ! મેં આ ગામમાં આવી ધીરધારનો ધંધો શરૂ કર્યો, ત્યારથી એને નજરમાં લીધો હતો. એ મારૂં કામ થાય તો બેડો પાર થઇ જાય તેવું હતું; પણ ઘરનો પહોંચતો માણસ અને આગળ સારી મૂડી, એટલે મારા વિચારો મનના મનમાં રહેતા. દેશમાં દુકાળ પડે, અથવા તો ખેડૂતની ઉભી મોલાત સળગી જાય, એવી વારે વારે પ્રભુને હું વિનંતિ કરતો. પરંતુ એ એકેય વસ્તુ ન બનતી અને હું મનમાં ને મનમાં સળગી મરતો.

"આખરે એક દિવસ દાવ સવળો પડયો. રોજની રીતે પદ્મો પટેલ સવારમાં આવ્યો અને મેં વાત માંડી: "પટલ! તમે આવા ઘરબારના સુખી, આવા સાધનસંપન્ન અને આવા રૂડા રૂપાળા; પરંતુ તમારા ઘરમાં જોઇએ તેવું માણસ નથી."

"કેમ?" પદ્મો મારી સામું જોઈ રહ્યો.

"કેમ શું? આ પટલાણીજ જુઓ ને!" મેં ત્રાંસી આંખે તેમના તરફ જોયા કર્યું.

"કેમ કાંઇ નવું સાંભળ્યું?" મેં જાણ્યું કે પદ્મો પટલાણીના ચારિત્ર્ય વિષે પૂછી રહ્યો છે.

"ના ના, એવું તો કાંઇ નથી; પરંતુ તમારા જેવા કનૈયા કુંવરના ઘરમાં એવી કાળા માટલાની ઠીકરી શોભે?" હું તેનો જવાબ સાંભળવા થોભ્યો."

"શેઠ! એ રૂપ ને એવું બધું તમારે વાણીઆ બ્રાહ્મણને જોવાનાં હોય. અમારે તો ધાટ શેડવે તેવું હોય તો બસ." પદ્મો બિચારો

દુ ૨૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીધી વાત કરી રહ્યો હતો."

"પણ તમારા ઘર પ્રમાણે તો રાખવું જોઇએ ને? આ તો ગામમાં હાંસી થાય તેવું છે. લોકો વાતો કરે છે કે, ઓલ્યા પદ્માની બાયડી જોઇ? નર્યો જાણે મશનો પીંડો!"

"હશે શેઠ! કરમમાં એ પીંડો જડયો હોય તેને કાંઇ ફંગોળી નંખાય છે?" ને પદ્મો મોડું થાય છે એમ કહી ઉઠયો."

"એકની એક વસ્તુ વારે ઘડીએ જુદા જુદા રૂપમાં કહેવામાં આવે તો તેની લાંબે વખતે માણુસ ઉપર કાંઇક અસર તો જરૂર થાય છે. પદ્માનું પણ તેમ બન્યું. રોજની એની એ વાતોથી તેનામાં પણ પરિવર્તન થયું. એક દિવસ તેણેજ આવતાં વેંત વાત શરૂ કરી.

"શેઠ! તમે ઓલી વાત કરતા હતા તેનું કાંઇ થાય તેમ છે?"

"શું વાત?" હું સમજી ગયો છતાંય તેને મોઢેથી વાત સાંભળવામાં મને મઝા આવે તેમ હતું.

"સાળુ! હવે તો મને ય તમે કહો છો તે ખરૂં લાગે છે. રોજ રોજ એ કાળવેલની સાથે પનારા પડયા છે તે છૂટકારોજ થતો નથી."

"હું તો પહેલેથીજ કહેતો હતો. ઘરમાં બૈરી તે ઘરની શોભા માટે છે કે ઘરને ઉતારી પાડવા?"

"પણ હવે થાય શું? દીકરાનું દામ છે કે ફોડી નંખાય?"

"એમાં વિચાર શું કરવો'તો? બીજી પરણો તમારા જેવા સાધનસંપન્નને કયાં ખોટ હતી?" મારો અર્થ સધાતો મને ભાસ્યો. અને સવારના ઉજમાળા સૂર્યના જેવો મારો સિતારો મને તેજ જણાયો.

"ખોટ તો જાણે ઠીક, પણ શેઠ! અમે ખેડૂતભાઇ કહેવાઇએ. ખાઇ પીને ઘરનો વેરો ચલાવીએ. બાકી તમે જાણો કે પાંચ પૈસાની ગાંઠે મુડી કરી હોય, તો ઇ વાતમાં કાંઇ માલ નહિ."

"રૂપિયાની તમારે કાંઈ ચિંતા ન રાખવી. આ ઘર કોનું છે? એકથી હજાર સુધી હું આપીશ. પણ એક વાર તો તમે ફરી પરણુવાનું નક્કીજ કરો. તમારા ઘરનું વાંકું બોલાય, ઇ મારાથી સંભળાતું નથી." મેં પદ્માનો વાંસો થાબડયો અને સાથે મારા નસીબનો ય મેલ મેં ધોઇ નાખ્યો.

"થયું, સાહેબ! પદ્મો પટેલ ફરીને પરણ્યો. રૂપાળી બાયડી ઘરમાં લાવ્યો અને મારા ચોપડાને પાને પણ એના વાંકાચુંકા હસ્તાક્ષરો તેના વાંકા વિધિની જેમ અંકાઈ રહ્યા.

"એક વખત વાણીઆના ચોપડામાં ખેડૂત ગર્યો, પછી વાણીઓ તેને છટકવા દેતોજ નથી. સોળના બસોળ અને બસોળના સાઠ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના જીવનનો મહામૂલો સિદ્ધાંત હોય છે. એટલે ગમે તે રીતે પણ પોતાના કળને ટકાવી રાખે છે.

"પદ્મા પટેલનું ખાતું ચાલ્યું. પહેલે વર્ષે વગર વ્યાજુ રૂપિયા બાકી મૂક્યા. આપને નવાઇ પામવા જેવું નથી. વિવાહનો માલ વેરાવ્યો, તેમાં વ્યાજની કસર કાઢીજ લીધી હતી. બીજે વર્ષે પટેલ પટલાણીના રૂપમાં મચ્યા રહ્યા અને ખેતરમાં બરાબર પાક્યું નહિ એટલે એક ટકા મુજબનું વ્યાજ માંડયું. વટાવ વગેરેની કસર તો માલના ભાવમાંથીજ તારવી લીધી હતી. પછી તો વ્યાજ વધતું ચાલ્યું. સવાયા, દોઢા, બમણા અને અઢીગણા સુધીની નોબત વાગી ઉઠી. ખેતરમાં પ્રથમના જેવુંજ પાકતું હતું. એ બધું હું લઇ આવતો. પદ્મો પ્રથમના જેટલુંજ રળતો હતો, પરંતુ તેના નસીબે તો મારી પાસેથી કહારોજ ખાવાનું માંડયું હતું. નવી પટલાણીનાં પગલાં વગોવાયાં, ઇશ્વરને દોષ દેવાવા લાગ્યો, જમીનનો રસકસ ચોરાઈ ગયો હોવાની માન્યતા થવા લાગી. પરંતુ એને કયાં ખબર હતી કે એ બધી કરામત ચોપડાની અને મારી કલમની હતી! ખોટું સાચું કંઇક માંડયું. સવાયા દોઢાના થરના થર ચડાવ્યા અને એક દિવસ સવારમાં કાખમાં ચોપડો ઘાલીને હું પદ્માને ઘેર ગયો, ત્યારે એ પદ્મા પટેલના નામ ઉપર ચાર હજાર રૂપિયા ખેંચાતા હતા!"

"પદ્માના ઘરનું આંગણું જોવા જેવું બની રહ્યું હતું. આળસના ઢગલા સમું ચારે મેર કચરાનું વાતાવરણ જામી રહ્યું હતું. એક તરફ નવી–જૂતીની આંખો વઢી રહી હતી, ત્યારે બીજી તરફ પદ્મો ભૂખના વડકા લઇ રહ્યો હતો. એક તરફ ખાલી ખીલે મુડદાલ બળદ મોઢાં વકાસી રહ્યા હતા, બીજી તરફ બે ચાર ડોબાં પેટમાં ગજ ગજના ખાડા કોરી રહ્યા હતા. એ પદ્મા પટેલની એક વખતની સાહ્યબી અલોપ થઈ હતી. તેના ઘરની સુઘડતા નાશ પામી હતી."

"મેં ડેલીમાં પગ મૂકયો. કાં પટેલ! બેઠા?"

"પટેલે મને જોયો. જાણે જમદૂતને જોયો! તેના ડોળા ઉંચા ચઢી ગયા. ગુંગળાતા આત્મા સમો તેનો અવાજ આવ્યો:"આવો શેઠ!""

"મેં વાતનું મંગળાચરણ કર્યું. હવે પટેલ! આપણો કંઇક ઉકેલ કરો તો ઠીક."

"શેઠ! થઇ રહેશે. આ વરસ બળવા દો. અત્યારે કવખતના તો જોગ કયાંથી થઇ શકશે?"

"કવખતનો જોગ થઇ શકે તેમ નહોતો, એ વાત સાચી હતી. ખળાની બધી નીપજ તો મેં ઘરભેગી કરી હતી. અને પદ્મા પટેલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને તો મારા કોઠારિયાની ખોરી ઉપરજ આધાર હતો. હું ના પાડું એટલે તેને ભૂખે મરવાનો વખત આવે. તોય હજી તેને આંગણે ભેંસો હતી, તેનું ખેતર ખેડવા તેની પાસે બળદ હતા, ને તેને રહેવા છાપરૂં હતું, એ મને ખૂંચી રહ્યાં હતાં. મેં તો મારૂં નાડું પકડી રાખ્યું. ગમે તેમ હોય, પણ મારો ઉકેલ કરી નાખો. પટેલ ! હવે વધારે કહેવામાં કંઇ માલમ નહિ; બાકી આપણો સંબંધ જેવો છે તેવો ને તેવો જળવાઇ રહે તો ઠીક."

"પદ્માને માથે જાણે આભ તૂટી પડયું. ઉકેલ કરવો ? વાત બરાબર હતી. ભૂલ કરી હતી એટલે પરિણામ ભોગવવુંજ રહ્યું; પરંતુ અત્યારે શેમાંથી ઉકેલ કરવો ? ઘરની સારી સારી ઘરવખરી પગ કરી ગઈ હતી. બાયડીના દાગીના એક પછી એક વેચાઇ ગયા હતા. હવે શું બાકી રહ્યું હતું ? તેણે ભૂખ્યા ઢોર તરફ નજર ફેરવી. મારી નજર પણ પાછળ પળી. તેણે એક ઉંડો શ્વાસ લીધો અને હૈયાના ઉંડાણમાંથી તે બોલ્યો: 'ઠીક છે, જોશું. કાલે આવજો ને !'

"અને મેં ઉકેલ કરી નાખ્યો. તેની ભેંસો અને તેના બળદ હું દોરી ગયો. બાકીના રૂપિયાની છૂટ મૂકી. પદ્મો સાધન વગરનો બન્યો. તેની આંખમાં ઉંડું વેદનાનું રુદન હતું.

"વરસાદ શરૂ થયો. લોક લોકના હૈયા આશાની એક મીઠી હલકે હરખી ઉઠયાં, પરંતુ પદ્મો પટેલ લમણે હાથ દઈ બેઠો હતો. બધાયના વાવણિયા જીત્યા હતા, બધાયનાં હૈયાં ઉલ્લસી રહ્યાં હતાં, પણ તેને હૈયે કાળરાત્રિની ગહન તમિસ્રા ફરી રહી. વારે ઘડીએ તેની નજર એક ઢાળિયા તરફ જતી; પરંતુ ખીલો ખાલી હતો. વારે વારે તેના કાન સળવળતા, પરંતુ તેને કાને તેના ધોરીના હીંસોરાને બદલે પટલાણીનો કર્કશ અવાજ અથડાતો. તેનો વાવણિયો છૂટયો હતો, તેનું ખેતર વગર વાવ્યું રઝળતું હતું અને હૈયામાં વેદનાનાં કારમાં આક્રંદન કળેળી રહ્યાં હતાં.

"એક રાતે તે છુપાતો છુપાતો લથડતે ડગલે મારી પાસે આવ્યો. તેના મુખમાંથી વાણીનો વેગ અલોપ થયો હતો, પરંતુ તેની આંખો દયા માગી રહી હતી. મને તેની દયા આવી અને એ દયામાં પણ મારો સ્વાર્થ હતો. મેં તેને બે બળદ આપ્યા, તેનું વેચાણખત કર્યું અને કંધોડાખત પણ પડાવી લીધું. મનમાં હતું કે પદ્મો મહેનત કરે, જમીન વાવે અને નીપજ મારે ગળી જવી. બળદ તો મારાજ હતા અને કંધોડાખતની રૂઇએ ગમે ત્યારે કબજે લઈ શકતો હતો.

"ભાગલ ટાંટિયે તેણે ખેતર વાવ્યું; અને તે બધી નીપજ મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં હાલવી. એ નીપજ હું હોઇયાં કરી ગયો. એક બપોરે તે દરબારની વિઘોટી માંગવા આવ્યો. મેં સંભળાવી દીધું કે નીપજ તો બળદના રૂપિયા પેટે જમા થઈ ગઈ હતી અને તેમાં કાંઇ વધારો ન હતો, એટલે વિઘોટીની તેણે સગવડતા કરી લેવી. ઇંદ્રનું વજ્ર તૂટી પડયું હોત તો પણ જેટલો આઘાત લાગત નહિ, એટલો આઘાત તેને લાગ્યો. અરણ્યના સૂકા ઝાડની જેમ તે ઠુંઠવાઈ ગયો. મેં તેને હાંકી કાઢયો. તેની વિઘોટી ન ભરાઇ અને તેની જમીન હરાજ થઇ. એ જમીન પણ આપની મહેરબાનીથી મારા કબજામાં આવી છે."

"એમ પદ્મો જમીન વગરનો થયો. હવે તેને ઘેર મારા આપેલા બે બળદ હતા. મારે જમીન ખેડવી હતી અને બળદની ખેંચ હતી, એટલે તે બળદ લઇ લેવા હું પદ્માને ઘેર ગયો. પદ્મો તાવમાં કરાંશી રહ્યો હતો. મેં કહ્યું: 'પટેલ! મારા બળદ લઇ જાઉં છું.'

"ગાંડા માણસની જેમ એ ખાટલામાંથી બેઠો થઇ ગયો. 'શેઠ! હવે એટલું રહેવા દે. ઘર લૂંટયું, ઘરવખરી લૂંટી, જમીન પણ ઓળવી ગયો. હવે આ એક આશરો રહેવા દે.'

"પણ મારા કંઘોડાખતનું શું? બળદ તો મારાજ છે ને!" મેં આંખો પટપટાવી.

"બળદના રૂપિયા પેટે બધી નીપજ વાળી લીધી અને હવે બળદ તમારા કેવા? શેઠ! જરા ઇશ્વરનો ખોફ રાખો. તમે મારે માથે કરવામાં કાંઈ બાકી તો નથી રાખી; પરંતુ હવે તેનો ઉપાય નથી. હવે ખમૈયા કરી જાઓ." તે કરગરી પડયો.

"છતાં હું પથ્થર જેવો નિષ્પ્રાણ હતો. મારા કંઘોડાખતનું શું? ખરી રીતે તો સાહેબ! બળદના રૂપિયા આવી ગયા એટલે કંઘોડાખત પણ ભરપાયા કરવું જોઇએ; પરંતુ એમ અમે વાણીઆભાઇ કયાં કાચા હતા કે એવાં ખત ભરપાયાં કરી નાખીએ? હું ધરાસર બળદ છોડી ગયો. પદ્મો ફાટેલ આંખે તેના આંગણામાંથી અદૃશ્ય થતાં બળદ તરફ જોઇ રહ્યો. તેના જીવનદીપનો છેલ્લો ઝબકારો જાણે બૂઝાઇ રહ્યો હતો. જતાં જતાં મેં તેનો એક ડુઠવો સાંભળ્યો.

"સાહેબ! આ બીના અક્ષરે અક્ષર સાચી છે અને મારા પાપનો એકરાર કરતાં અત્યારે મને પરમ શાંતિ વળે છે. એ પદ્મા પટેલની અત્યારની દશા મનેજ આભારી છે." અને શેઠે એક લાંબો શ્વાસ લીધો.

હું એ શેઠની આત્મકથાપ્રત્યે ઘૃણાની દૃષ્ટિએ કયાંસુધી જોઇ રહ્યો.

(મે-૧૯૩૪ના "યુવક" માસિકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४६–बिचारां कचडायलां !

(લેખક:–શ્રી. 'સુવર્ણકાર')

(૧)

ભીમાની ઓરડી અને નર્કાગારમાં કંઇયે તફાવત નહોતો. આશરે ૧૨ ફીટ લાંબી અને ૮ ફીટ પહોળી એ ઓરડીના દ્વાર ઉપર ભગવાન અંશુમાલીનાં કિરણો પ્રભાતને સમયે કેવળ પળમાત્રને માટે ઠેરાઇ અદૃશ્ય થઇ જતાં હતાં; જ્યારે પવનનાં લે'રખાંઓ તો બેશુદ્ધ બનીને પાછાં વળી જતાં હતાં. એ ગલીમાં થઇને મહોલ્લાભરની એક ગટર વહેતી હતી, જેમાં કિચડ અને દુર્ગંધ, મચ્છર અને કીડા ખદબદતા હતા. ઓરડીની દિવાલમાં ઉંદરોએ દર કર્યાં હતાં અને છત ઉપર કાનકડિયાએ વસવાટ કર્યો હતો. વર્ષાઋતુમાં એ ગલીમાં બહુધા જળ-પ્રલય આવતો હતો. કોઈ કોઇ સમયે બબ્બે ચચ્ચાર સાપો ગટરમાંથી બહાર નીકળી છત ઉપર લટકી, ઓરડીમાં રહેનારાઓ તરફ નિર્નિમેષ દૃષ્ટિએ જોતા હતા. પ્રાતઃકાળે પ્હો ફાટવા પહેલાં ભીમો કામે જવા અગાઉ ઉંદરનાં દરોમાં લૂગડાંના ડૂચા ભરાવી સળગાવતો અને સૂતેલાં છોકરાંઓ ઉપર સાપોથી બચવાનો મંત્ર ફુંકતો ફુંકતો મિલમાં કામે જવા ભાગી નીકળતો. પાંચ છોકરાં... ..એક, બે, ત્રણ, ચાર અને પાંચ ! સર્વે નગ્ન, સર્વે ભૂખ્યાં, સર્વે પીળાં અને સર્વે રોગી હતાં.

ઓરડીની જમીન ઉપર એક સાદડી પાથરેલી હતી–ભીમાનો પાડોશી કાસમ મૃત્યુ પામવાથી ભીમાને કેવળ એટલોજ લાભ થયો હતો. એ ચટાઇ ઉપર ભીમો, કંકુ અને એનાં પાંચ છોકરાંઓ પડતાં. એક ખૂણામાં ચૂલો અને માટીનાં વાસણ રહેતાં. દોરી ઉપર કેટલાંક જૂનાં ફાટેલાં કપડાં લટકતાં. લાકડાની એક પેટીમાં પિંચગોલ્ડના ગીલીટ ચઢાવેલાં શેષ આભૂષણો, છોકરાંઓનાં માદળિયાં અને ભીમાની ચિત્ર-રામાયણ ! સામે દિવાલ ઉપર હનુમાનજીની એક ભયોત્પાદક છબી ટાંગેલી હતી કે જેને છોકરાંઓ સવારે ઉઠીને પ્રણામ કરતાં હતાં. બસ ! ભીમાની ઓરડીનો આટલોજ સરસામાન હતો.

પ્રાતઃકાળે પ્હો ફાટવા પહેલાં 'સ્વરાજ' મિલ'નું ભૂંગળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાગતું ને કાળનિનાદની માફક આસપાસના વાતાવરણને કંપાયમાન કરતું. ભીમો ઝબકીને જાગી જતો ને સપાટાબંધ કપડાં પહેરી મિલ તરફ ભાગતો. કપડાં? હા, ભીમાની પાસે કપડાં પણ હતાં! એનાં છોકરાંઓ નાગાં રખડતાં, પરંતુ ભીમા પાસે તો અવશ્ય કપડાં હતાં! મિલ સ્ટોરમાંથી એ પોતાને માટે ધોતિયું અને કંકુને માટે સાડી ખરીદી લાવ્યો હતો. મિલમાલેકે ૧ પૈસો વારે છૂટ આપી હતી. છોકરાંઓને માટે પણ ભીમાએ પાંચ જોડ કપડાં શીવડાવ્યાં હતાં—એક વર્ષ પહેલાં—પરંતુ હવે તો એ ફાટીને તાર તાર થઇ ગયાં હતાં. આ સર્વે કપડાં ઉધાર આપ્યાં હતાં. કેવળ વારે બે પૈસા વ્યાજના દરથી!

સવારના છથી સાંજના છ વાગ્યા સુધી ભીમો સાંચા ઉપર વળગ્યોજ રહેતો. વચ્ચે બે કલાકનો વિસામો મળતો. મિલની બાજુમાં રામભરોસે હોટેલ હતી; ત્યાં જઇને ભીમો પાંઉ-ઉસળ ખાઇ લેતો અને અલ્પ સમય લંબાવતો પણ ખરો. ટાઇમ થતાં વળી પાછો એજ મશીનોનો ગડગડાટ! મશીનોનાં અંગ ભયંકર જંતુઓની સમાન વળ ખાતાં મજૂરો તરફ ધસતાં હતાં. મજૂરોનું લોહી પસીનો મશીનો થઇ ઉપર ટપકતું અને મશીનો ગર્વથી મજૂરો સામે અટ્ટહાસ્ય કરતાં. ઉફ્!

સાંજે મિલમાંથી સર્વે મજૂરો છૂટતા—સર્વે શ્રમિત, સર્વે લથડિયાં ખાતા, સર્વે નિર્વાક-નિઃશબ્દ! મસ્તકથી ચરણોસુધી ધૂમાડાથી રંગાયલા અને કપડાં તેલ તથા કોલસાની કાલિમાથી લથપથ! કેટલાક મોં બગાડતા, કેટલાક કુત્સિત ગાળો ભાંડતા, જ્યારે બાકીનાઓ હસવાનો પ્રયત્ન કરતા. એમનું હાસ્ય નર-કંકાલના વિકટ હાસ્યની સમાન ભાસતું હતું.

ભીમાની ગલીને નાકે રસ્તો ધોવાને માટે ફુટપાથ ઉપર મેલા પાણીનો એક નળ હતો. આ નળ નીચે બેસીને રોજ સાંજે ભીમો નાહતો. નાહતે-નાહતે એનાં પાંચે છોકરાંઓ પોતાના મેલા અને સૂકા હાથ એના શરીર ઉપર મૂકી જ્યારે "બાપુ બાપુ!"નો શોર મચાવતાં ત્યારે ભીમાની આંખોમાંથી ગરમ-ગરમ આંસુઓ સરી પડી નળના મેલા પાણી સાથે મળી જતાં. ભીમો નાહીને ઓરડીમાં જતો નહોતો; કારણ કે એને ખબરજ હતી કે, કંકુ રાંધતી હશે અને આખી ઓરડી ધૂમાડાથી ઘેરાઇ ગઇ હશે. આંખોમાં, કાનોમાં અને નાકમાં ધૂમાડો શ્વાસની સાથે પેસી જતો હતો. કંકુ આંખો લૂછતી, ખાંસી ખાતી ખાતી રસોઈ બનાવતી હતી.

પ્રત્યેક શનિવારે પ્રતિદિન ૧૦ આના હિસાબથી ભીમાને ૩॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપિયા મળતા હતા. ભીમો એ રૂપિયાને બરાબર પથ્થર ઉપર ખખડાવી ખાતરી કર્યા પછીજ લેતો. ખરેખર! ભીમાના પરિવારને માટે શનિવાર ઉત્સવનો દિવસ ગણાતો. છોકરાંઓને માટે ભીમો ગોળની જલેબી અને કંકુને માટે સડેલી કેરીઓમાંથી વીણીને થોડીક અર્ધ-સડેલી કેરી ખરીદતો. હનુમાનજીની છબીને ધૂપ દેવા માટે અગરબત્તી પણ ખરીદવી ભીમો કદી ભૂલતો નહોતો. એકંદરે ભીમાની ઉદાસી શનિવારે દૂર થઇ જતી.

(૨)

શિયાળાની ઋતુ હતી. આખું જગત નિદ્રાધીન હતું. પૃથ્વીએ અંધકાર–પછેડો ઓઢેલો હતો. મિલનું ભૂંગળું થતાંજ ભીમો જાગી ઉઠયો. એણે દીવો કર્યો ને જોયું તો કંકુ ટુંટિયાં વાળીને સાદડી પર ધ્રૂજતી પડી છે. ભીમો કંકુની પાસે બેઠો. દીવાનો પ્રકાશ મોં પર પડતાં કંકુએ કષ્ટપૂર્વક એક નિઃશ્વાસ ખેંચી ભીમાની સામે કરુણ નેત્રોથી જોયું. કંકુ, બિચારી કંકુ લગભગ ૭ મહિનાથી રોગ–શૈય્યા પર પડેલી હતી અને આજે તો હવે એ રોગશૈય્યા મૃત્યુશૈય્યા બની ગઇ હતી. ભીમાએ કંકુના મસ્તક પર પોતાનો હાથ મૂકયો અને ચમકીને 'અરરરર!' બોલી ઉઠયો. કંકુનું મસ્તક તપાવેલ લોઢા સમાન ગરમ હતું. ભીમાએ ધર્માદા દવાખાનાની દવાનો એક ભાગ કંકુને પીવા માટે કાઢી આપ્યો, સૌથી મોટા છોકરાને જગાડયો અને તત્કાળ એ મિલ તરફ નાઠો; પરંતુ પૃથ્વી એના પગ નીચેથી ખસકતી જતી હતી.

૭ મહિના? હા, કંકુ ૭ મહિનાથી માંદી હતી. એક દિવસ રસોઇ કરતાં કરતાં એના મોંમાંથી થુંકની સાથે લોહી પડયું હતું ત્યારથી એને તાવ લાગુ પડયો હતો. હજુયે થુંકની સાથે લોહી પડતું હતું. હાથ–પગ પાણી પાણી થતા હતા; એટલે સુધી કે એક મહિનાથી તો બે ડગલાં ચાલી શકવાનીયે એનામાં શક્તિ રહી નહોતી. ભીમો એને ગાડીમાં નાખીને ડૉ. દેશાઇની પાસે લઇ ગયો હતો. ડૉકટરે પરીક્ષા કરીને ભીમાને કહ્યું હતું કે "રોગિણીને ક્ષયરોગ થયો છે; પરંતુ રોગ હજુ અસાધ્ય નથી થયો, કોઇ ડુંગરાળ સૂકી હવા......ઉજાસ......દૂધ અને ફળ–ફૂલ ઇત્યાદિ હિતકારક છે!" ભીમાએ ડૉકટરને ૫ રૂપિયા આપ્યા અને ચૂપચાપ કંકુને એજ પોતાની ઓરડીમાં પાછી લઇ આવ્યો. બસ! ત્યારથી પ્રાયઃ પ્રત્યેક રાત્રે સ્વપ્નમાં એ બડબડતોઃ "દૂધ અને ફળ......ફૂલ......હવા અને ઉજાસ! તારી જાતનો ડૉકટર!! કંકુના થુંકમાં લોઇ!!!" ખરે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખર! ભીમાને સ્વપ્ન એવાં તો ભયોત્પાદક અને અશુભ આવતાં કે, જાણે કંકુનું કાળજું એને મોઢેથી બહાર નીકળ્યું ને એમાંથી લાંબી લાંબી અનેકાનેક ઇયળો નીકળી ઝપાટાબંધ છોકરાંઓના કાનોમાં પેસે છે! ભયથી થરથર કંપતાં કંપતાં બેબાકળો જાગી ભીમો છોકરાંઓના કાન તપાસતો, બાદ કંકુની તરફ કરુણ દૃષ્ટિએ જોઇ રહેતો. કડકડતી ઠંડીમાં પણ એ સમયે ભીમો પસીનાથી તરબોળ થઇ જતો.

કંકુના બિછાના પાસે માટીનો એક પ્યાલો મૂકી રાખ્યો હતો કે જેમાં એ વારંવાર થુંકતી હતી. છોકરાંઓ સવાર–સાંજ પ્યાલો બદલી નાખતાં હતાં. કંકુના એ રક્તમિશ્રિત થુંક ઉપર માખીઓ બેસતી અને પોતાની પાંખોમાં થુંકનો શેષાવશેષ ચોંટાડી છોકરાંઓનાં મોં પર ગણગણતી ગણગણતી બેસતી. ચૂલા પાસે બેસીને સૌથી મોટો છોકરો વશરામ એનાથી નાના રામજીની સહાયથી દાઝી–દવાઇ રસોઇ બનાવતો; જ્યારે બાકીના ત્રણે ભાઇ બહાર ગટરમાં રમતા. ગટરમાં કોઈ કોઇ વખત કચરો અને મેલા પાણી સાથે ફળોના કકડા અથવા મિઠાઇનો એંઠવાડ તણાઇ આવતો. છોકરાંઓ ગટરમાં ઉતરીને એ ઉઠાવી લેતાં અને વહેંચી ખાતાં! એ મહોલ્લાના નાકા ઉપર એક ધનિક પુરુષની ઉંચી હવેલી હતી. એની પાછળના ભાગની એક ઓરડીમાં એક કૂતરો બાંધેલો રહેતો. દિવસમાં બે વખત એને નોકરો નવડાવતા અને એની પૂંછડી તથા શરીર ઉપરના બાલ બ્રશથી સાફ કર્યાજ કરતા. ત્રણ–ચાર વખત એ કૂતરાને માટે દૂધ તથા 'ચેસનટ' આવતાં. ભીમાનાં છોકરાંઓ આ નસીબવાન કૂતરાને ઇર્ષાપૂર્વક નિહાળતાં, કયારેક બચેલા એંઠા દૂધ તરફ લોલુપ નેત્રોથી તાકતાં અને વિચાર કરતાં કે "કદાચ અમે કૂતરા હોત તો કેવું સારૂં થાત!" સૌથી નાનો ઉકડ તો એક વખત સાહસ કરીને ઉંઘી ગયેલા પેલા કૂતરાની પાસે પડેલા એઠા દૂધનો ગ્લાસ ઉઠાવી લાવ્યો હતો ને ત્રણે ભાઇઓએ એની મઝા ચાખી હતી!

કંકુને દવાનો ભાગ કાઢી આપી ભીમો મિલમાં કામે ચાલ્યો ગયો હતો. વશરામે ઉઠીને ચૂલો સળગાવી દૂધ ગરમ કરી કંકુની પાસે મૂક્યું. દાવણાનો એક લુચ્ચો નોકર બે આને શેર દૂધ વેચતો હતો, કંકુના ભાગ્યમાં એ દૂધ હતું. કડવું કરીને મહામુશીબતે કંકુએ દૂધ પીધું અને પુનઃ સૂતી. બહારથી છોકરાંઓના કોલાહલનો અવાજ બરાબર આવતો હતો. કંકુએ એક લાંબો નિઃશ્વાસ નાખી પાસું બદલ્યું. એને પોતાનો ભૂતકાળ સાંભર્યો: એક દિવસ કંકુ પણ યુવતી હતી. એના અંગે અંગમાંથી લાવણ્ય ટપકતું હતું. અને ભીમો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આહ ! ભીમો પણ કેવો ગઠિલો જુવાન હતો ! ખેતરના માંચડા પર બેસી જ્યારે એ પોતાની વાંસળી વગાડતો ત્યારે કંકુના કાળજામાં કેવું તોફાન ઉઠતું ! આખરે એક દિવસ શૂન્ય કપાસના ખેતરમાં ભીમાએ કંકુનો હાથ કેવો પકડયો હતો ! આસપાસ ચોમેર લીલીછમ લીલોતરી ઉપર સ્વચ્છ નીલાકાશ, દિવસનો જ્વલંત પ્રકાશ અને બરાબર ખેતરની વચ્ચે ખેડુતનું પ્રેમ-દર્શન ! કંકુને એ ઘડી બહુજ યાદ આવતી.

પરંતુ લગ્ન થતાંજ એના ગૃહ-સંસાર ઉપર શનિશ્વર ચડી બેઠા હોય તેમ લાગલગાટ ત્રણ વર્ષ વરસાદનું એક બિન્દુ પણ ન પડ્યું. ભીમાએ યત્ન-પ્રયત્ન કર્યા, પરંતુ જમીનદારે મહેસુલ માટે દયા ન ખાધી. એક દિવસ કંકુને રસ્તા ઉપર જતી જોઇ જમીનદારે એની મશ્કરી કરી અને કંઇક અટકચાળું કર્યું. ભીમાને ખબર પડતાંજ એ પોતાની કડિયાળી લાકડી લઇને પેલા પાપીષ્ટ જમીનદાર પર તૂટી પડયો હતો. જમીનદારને મનથી એમ હતું કે, મહેસુલનું મૂલ્ય કંકુનું સતીત્વ છે; પરંતુ ભીમો એને માટે તૈયાર નહોતો. અંતે નેમચંદ શેઠને ત્યાંથી રૂપિયે એક આનો વ્યાજનો ઠરાવ કરી જમીનદારને મહેસુલ આપી આવ્યો.

કિન્તુ નેમચંદ શેઠનું વ્યાજ નાગ-કુમારીનું આલિંગન હતું.

કંકુની આંખો આ યાદ આવતાં આંસુઓથી ભરાઇ ગઇ. એની સ્મૃતિપરંપરા આગળ વધી, જ્યારે નેમચંદ પોલીસની મદદથી ભીમાને ખેતર ખેડવા દેતો નહોતો અને ભીમાની ઝુંપડીનો સરસામાન બહાર ફેંકી દેવામાં આવ્યો હતો. આ સમયે ભીમાની આકૃતિ કઠોર બની ગઇ હતી. કંકુ પોતાના બંને છોકરાઓને ખોળામાં લઇ હૈયાફાટ રુદન કરતી હતી અને પોતાનો પતિ જીવતો હોવા છતાં પોતાનું સૌભાગ્ય લૂંટાઇ જતું એને લાગતું હતું.

ત્યારબાદ ભીમાનું જીવન આ અંધારી દુર્ગંધમય ઓરડીમાં સદાને માટે પરિબદ્ધ થઈ ગયું. શિયાળામાં ઠંડીથી ધ્રૂજવું, ઉનાળામાં હવાને માટે તરફડવું અને વર્ષામાં ભિંજાવું ! સાપ, વીંછી, મચ્છર અને ખટમલ ! કંકુ ધ્રૂસકા મૂકી મૂકીને રડવા લાગી. પ્રથમ કુંકુનો પતિ સંસારને માટે અન્ન નિપજાવતો હતો; એ 'ખેડુત' હતો, પરંતુ આજે તો એ મિલમાં કામ કરતો હતો; એ 'મિલમજૂર' હતો; આખો દિવસ છાતીતૂટ કામ કરવા છતાં પણ એનુ આખું કુટુંબ એક એક મુઠ્ઠી અન્નને માટે કાં ટળવળતું હતું ? એક-એક તસુ કપડાને માટે કાં ભિખારી હતું ? કંકુ આ રહસ્ય ન સમજી શકી. છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું હૃદય સંસાર પ્રત્યે ઘૃણાથી પરિપૂર્ણ થઇ ગયું. સામે હનુમાનજી સંતોષપૂર્વક પોતાની લાંબી પૂંછડી હલાવતા હતા. કંકુએ ઇચ્છયું કે, છબીને તોડીને ચૂલામાંજ નાખું. કેટલીક અગરબત્તી સૂંઘી હતી હનુમાનજીએ ? છતાં પણ ભૂખ, બિમારી અને સંતાપ-પરિતાપની માત્રા પ્રતિદિન વધ્યેજ જતી હતી.

બહાર ગટરની પાસે છોકરાંઓ કિલકારીઓ મારી રહ્યાં હતાં: "હે......ઇ! જો પેલું કેળું, એલા આખું છે હો ! ના, નીચેથી સડેલું છે. અને આ હો હો હો ! પેલું જમરૂખ......!"

(૩)

એ દિવસે સાંજે જ્યારે ભીમો મિલમાંથી ઘેર પાછો ફર્યો ત્યારે એના પગ મણ મણ જેટલા ભારે થઇ ગયા હતા. આંખોની સામે સર્વ વસ્તુ ઉડતીજ ઉડતી દેખાતી હતી. ભીમાને એવો ભાસ થયો કે જાણે પોતે અગ્નિના ઝરામાં ડૂબકાં મારી રહ્યો છે!

એક મહિના પૂર્વે 'સ્વરાજ મિલ'ના પ્રબંધકોએ સેંકડે ૨૫ ટકા મજૂરી ઓછી કરવાની નોટિસ મજૂરોને આપી દીધી હતી. આજે નોટિસની મુદ્દત પૂરી થયે મજૂરોએ 'હડતાળ'ની ધમકી આપી. પરંતુ પ્રત્યુત્તરમાં અનિશ્ચિત કાળને માટે મિલ બંધ કરવાની ઘોષણા કરવામાં આવી. ભીમો એ સાંજે ૩ાા રૂપિયા મુઠ્ઠીમાં દાબી જાણે યમ-લોકની તરફ જતો હતો. ત્રણ રૂપિયા અને બાર આના ! ઉફ્ ! શું એ પરલોકનું ભાડું હતું ?! કંકુની માંદગી, છોકરાંઓની ભૂખ અને પોતાની બેકારી-સઘળું ભીમો ભૂલી ગયો. અત્યારે તો એની આંખો સામે રહેમાન કાબુલીની મુખમુદ્રા કાળની સમાન ઘૂમી રહી હતી. કંકુની માંદગીની સારવાર કરવા માટે રહેમાન પાસેથી ૧ આના લેખે વ્યાજના દરથી ૫૦) રૂપિયા ઉધાર લીધા હતા. દર અઠવાડિયે ૧) રૂપીઆ આપવા છતાં હજી મૂળ રકમ એમની એમજ ઉભી હતી ! ત્રણ મહિને આખી રકમ ભરપાઇ કરવાનો ઠરાવ હતો. પરંતુ વાયદા ઉપરાંત કેટલાક દિવસો પણ વીતી ગયા હતા. લાખ વાતેય હવે રહેમાન સમજે તેમ નહોતો. ભીમો ચોરની માફક આજુ-બાજુ જોતો ચાલ્યો જતો હતો અને મનમાં ને મનમાં હનુમાનજીનું નામ જપતો હતો કે, આજે તો એ સામો ન મળે તો સારૂં !

પરંતુ હાય રે ! સંયોગ ! એની ગલીનું નાકું દબાવી રહેમાન યમદૂતની સમાન પોતાનો 'કાળ-દંડ' હાથમાં લઇને ઉભો હતો; રક્ત, માંસ અને હાડકાનું એક બીજું કે જે મશિનોને પણ અધિક ભયંકર ભાસતું હતું. ભીમો ભયથી કંપી ઉઠ્યો. માર ખાધેલા કૂતરા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની સમાન એ રહેમાનની છેક નિકટ આવતાં થંભી ગયો.

રહેમાનના મોં ઉપર જંગલના ઘાસચારાની માફક પાલો ઉગી નીકળ્યો હતો, દાંત નહારની સમાન તીક્ષ્ણ હતા. એણે પોતાના ડંડા ઉપર ભાર દઇને કહ્યું:—

"રૂપિ નિકાલો ભાઈ! રૂપિ! અમ જ્યાદા બાત નઈ મંગતા; સિરફ અડતાલિસ રૂપિ ચાર આના!"

"આગા સાહેબ!" ભીમાએ ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું: "હજુ સુધી તો કાંઇ બંદોબસ્ત નથી કરી શક્યો. ઘરવાળીની માંદગીના કારણથી કોઇ ભાઇબંધને ત્યાં જવાતુંજ નથી. એક અઠવાડિયું વધારે ધીરજ ધરો. ત્યાંસુધીમાં તો કાંઇક ગોઠવણ કરી લઇશ!"

"નઇ, હમારા રૂપિ, રૂપિ!" રહેમાને પોતાના પ્રચંડ હાથના પંજા ફેલાવીને કહ્યું: "અમ 'ઘરવાલીકો' નઇ જાનતા. જબ વહ અચ્છા થા તબ સાલા રૂપિ નઇ માંગા; ફિરે તો અમ માફ કર દેતા!"

ભીમાનું ઠંડું લોહી એકાએક ઉકળી ઉઠ્યું. એની આંખો સામે એ દશ્ય ઘુમી ગયું કે, જ્યારે એ પોતાની કડિયાળી લાકડી લઇને પેલા ચાલાક જમીનદારની ઉપર તૂટી પડ્યો હતો; પરંતુ પળ-માત્ર-માં અત્યારે ભીમો પરિસ્થિતિને સમજી ગયો. રોઇ કકળીને આખરે એણે રહેમાનને ફક્ત એ દિવસ માટે શાન્ત રહેવા વિનવ્યો. રહેમાન ગાળો ભાંડતો, કાળ-દંડ જમીન પર પછડાતો ચાલતો થયો.

પરંતુ ભીમો તો કેટલોક સમય ચિત્રલિખિત જેમ જ્યાંનો ત્યાંજ ઉભો હતો. બાદ એ એક લાંબો છૂટકારાનો શ્વાસ ખેંચી મહોલ્લાના બગીચા તરફ ચાલી નીકળ્યો ને એક સુનસાન ખૂણામાં ઘાસ ઉપર એ પટ-કાઈ પડ્યો. એની ચારે તરફ કેવી ધમાચકરી હતી. કેવી રંગ-રાગિ-ણી હતી; કેવી મોજમજાની બહાર હતી! ધનિકોનાં બાળકો પોતાની આયાઓ સાથે કિલ્લોલ કરી રહ્યાં હતાં; આકાશમાં તારા ખીલી રહ્યા હતા; પૃથ્વી ઉપર વૃક્ષોના સમૂહ અને પક્ષીઓના ઝુંડ પ્રસન્ન-તામાં ગરકાવ હતાં. બધાં ચરાચર આમોદ પ્રમોદમાં તલ્લીન હતાં—કેવળ એકની સિવાય-અને એ એક અભાગી મજૂર હતો. ભીમાને પોતાનું જીવન આંસુઓમાં તરતું હોય એમ લાગ્યું. નિઃશ્વાસ અને આંસુ એ એના જીવનની ચિરસંપત્તિ હતી. પેલાં બાળકો કેટલાં સ્વસ્થ અને પ્રસન્ન હતાં. એનાં શરીર મખમલની માફક કોમળ હતાં; પરંતુ ભીમાનાં છોકરાંઓએ શું પાપ કર્યાં હતાં? કદાચિત ભૂખ્યાંજ મરવું હતું તો એ જન્મ્યાંજ શા માટે? ભીમો પોતાને ધિક્કારવા લાગ્યો: "મેં આ છોકરાંઓને શા માટે ઉત્પન્ન કર્યાં?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારનું શું સુખ એને માટે છે? જન્મતાંની સાથે એ ગટરમાં રમે છે; પછી મોટા થઇને એ શું કરશે? ભિખ માગશે કે ખિસાં કાતરશે? માંદા તો સદાને માટે રહેજ છે. આખરે પગ ઘસી ઘસીને મરશે! ભલા, આમ કાં થાય છે?" સંસાર, સમાજ અને ઇશ્વરને એક અસહાય શક્તિહીન વૃદ્ધની સમાન ભીમો ધિક્કારવા લાગ્યો: "કાલે સવાર પડશે. કંકુ પાછી લોહી થુંકશે; બાળકો 'ભૂખ ભૂખ'ની કાળજા વલોવતી બૂમો મારશે; રહેમાન 'રૂપિ, રૂપિ'નો શોર મચાવશે; મિલ બંધ થશે; એના ગળાની આસપાસ મૃત્યુનો ઠંડો પંજો ભિંસરડાશે." મૃત્યુ? શું મિલનું? નહિ; બેકાર મજૂરનું–ભીમાનું, એની સ્ત્રી કંકુનું, એનાં પાંચ છોકરાંઓનું. ઉફ્!

બેકારી, ભૂખ, બિમારી અને મૃત્યુ! ભીમાને ચોમેર બિમારીના કીડા તથા યમદૂત હવામાં ઉડતા દેખાણા. સાથે સાથે એની આસપાસ અથાહ ખાડો હતો કે જેમાં સારાયે સંસારનો ધનવૈભવ સમાઇ જતો હોય તેવો પણ ભાસ થયો.

બેકારી, ભૂખ, બિમારી અને મૃત્યુ! હાય રે! તમારૂં સત્યાનાશ જાય!! ભીમાને કુટુંબના બચવાની કોઇ બારીજ નહોતી!!

(૪)

રાત્રે જ્યારે ભીમો ઘેર આવ્યો ત્યારે એના હાથમાં એક મોટો મિઠાઇનો દડિયો હતો. એના પગ લથડતા હતા, આંખો ઉંઘી પડતી હતી અને મોંમાંથી ખરાબ દુર્ગંધ નીકળી ધૂમાડો, કચરો અને ગટરના સડાણને લઇને અધિક કષ્ટકર બનાવતી હતી. જીવનમાં પહેલીજ વાર આજે ભીમાએ દારૂ પીધો હતો–અને તે પણ થોડો નહિ: આખી એક બાટલી! ઘણાક દિવસો પછી આજેજ એ આટલી મિઠાઇ લાવ્યો હતો, અને તે પણ પાકી ૧ શેર; ૧ રૂપિયાના ભાવની! એના ફાટીને તાર–તાર થઇ ગયેલા કબજાના ખિસામાં એક નાની સરખી શીશી પણ હતી કે જેને એણે અત્યંત સાવધાનીથી છુપાવી દીધી હતી.

ભૂખ્યાં છોકરાં રોતાં રોતાં સૂવાની તૈયારીમાંજ હતાં. ભીમાના હાથમાં મિઠાઇનો દડિયો જોતાંની સાથેજ એ તૂટી પડયાં. ભીમાએ એમને ધમકાવ્યાં ને એ નિરાશ થઇને બેસી ગયાં. કંકુ ભીમાને કરુણ દ્રષ્ટિએ જોઇ રહી હતી. કંકુની પાસે ભીમો આવ્યો અને બેઠો. કેટલોક સમય એ બંને કંઇક ઘુસ–ઘુસ કરતાં રહ્યાં. છોકરાંઓએ કેવળ એટલુંજ જોયું કે ભીમાની આંખોમાંથી અશ્રુની ધારા નીકળી પોતાની માતા કંકુની અશ્રુધારા સાથે વહન કરી રહી છે. આહ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલી વ્યથા, કેટલી યાતના, કેટલી યંત્રણા ભરી હતી એ અશ્રુ-ધારામાં! આંસુ વિદ્રોહની ભાષા છે, રક્ત વિદ્રોહની શાહી છે; થુંક વિદ્રોહની લેખિની છે! આંસુ, રક્ત અને થુંક, ત્રણે એ અંધારી ઓરડીમાં સમાજના અત્યાચારની વિરુદ્ધ કાવત્રું રચી રહ્યાં હતાં! હાય રે! સમાજ!!

(૫)

બીજે દિવસે મધ્યાહ્નને વખતે એ ઓરડીમાંથી એવી તો દુર્ગંધ નીકળવા લાગી કે, આડોશી-પાડોશીઓનાં મસ્તક ઘૂમવા લાગ્યાં. એમ તો ગટરમાં રોજ ઉંદરો મરતાજ હતા, એની ગંધ સહન કરવાની એ લોકોને આદત પડી ગઇ હતી. પરંતુ ભીમાની ઓરડી-માંથી જે ગંધ આવતી હતી એ તો કોઈ બીજીજ ગંધ હતી. સારીયે ગલીની હવા ઝેરીલી બની ગઇ હતી અને એ પ્રતિપળે વધ્યે જ જતી હતી.

આખરે લોકોએ એકઠા થઇ ભીમાની ઓરડીનું બારણું તોડ્યું. અંદર પાંચે છોકરાંઓ એકબીજાને વળગીને પડેલાં હતાં. ભીમાના અને કંકુના હોઠો બિડાયેલા હતા, અને એના ઉપર મૃત્યુનું હાસ્ય તરવરતું હતું. સઘળી લાશો કાળી અને ઉદાસ દેખાતી હતી. સામે હનુમાનજીના પ્રસન્ન વદન પર પણ અત્યારે તો કાળાશ છવાઈ ગઇ હતી. એકદમ પોલીસને ખબર આપવામાં આવી. પોલીસ અમલ-દારે નાક આડો રૂમાલ રાખી ઓરડીમાં એક પળને માટે દષ્ટિ ફેંકી. મિઠાઇનો દડિયો અને શીશી જોઇને એણે મસ્તક ધુણાવ્યું તથા પાડોશીઓ પૈકી એકાદ-બે જણાઓ સાથે કંઇક પૂછપરછ કરી અને ચાલતી પકડી. અડધા કલાક બાદ બે હરિજનબંધુ મુડદાં ગાડી લઇ-ને આવી પહોંચ્યા અને સાતે લાશોને ગાડીમાં ખડકી ચાલી નીકળ્યા.

મહોલ્લાના નાકા ઉપર પેલા હવેલીવાળા શેઠ પોતાના મકાન-ની દિવાલ પાસે ઉભા ઉભા કીડીઓને ખાંડ નાખતા હતા, એક મોટો માતેલો સાંઢ મસ્ત થઇને રસ્તા વચ્ચેજ પડયો પડયો વાગો-ળતો હતો. કૂતરો દૂધ પીને ધરાઇ ગયો હતો અને પોતાનાં જડ-બાં જીભથી ચાટી રહ્યો હતો. મુડદાં-ગાડીને જોતાંવેંત શેઠ ઓટલા ઉપર ચઢી ગયા અને આસ્તે રહીને પૂછ્યું:—

"કોની લાશ છે?"

"આ ગલીમાં કોઇ ભીમો કરીને મજૂર રહેતો હતો ને શેઠજી! એ ભીમો પોતે, એની બાયડી અને એનાં પાંચ છોકરાં-બધાં ઝેર ખાઇને મરી ગયાં છે, લાશોને ચીરવા માટે લઇ જઇએ છીએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એમ...કે !" શેઠ પોતાના પેટનો ફાંદો ખજવાળતા બોલ્યા: "અમારા મોતીભાઇને—કૂતરાને—બહુજ પજવતાં હતાં એ છોકરાંઓ !" શેઠે નોકરને બૂમ મારી: "દેવજી ! ઓટલા ઉપર ગંગાજળ છાંટી દે. એવાં માણસો કરતાં તો આપણાં જાનવર સારાં છે !"

જ્યારે દેવજી ઓટલા ઉપર ગંગાજળ છાંટતો હતો, ત્યારે ઉંચાં ઉંચાં મકાનો અને રસ્તાઓમાં સડસડાટ કરતા વાયુના સપાટા ગણગણતા ગણગણતા ચાલ્યા જતા હતા:

"કૈં નથી, કૈં નથી ! ! !" હાય રે અભાગી ભીમો !

હાય રે ! દુર્ભાગી કંકુ ! ! હાય રે ! હતભાગી બાપુડા ! ! !

હાય રે બિચારાં ! કચડાયલાં ! !

(તા. ૨૨-૪-૧૯૩૪ ના અઠવાડીક "મુંબઇ સમાચાર" માંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭–હાય ગરીબી !

(લેખકઃ–શ્રી. નાનાલાલ દલપતરામ પટેલ)

"રામુ ! બેટા રામુ ! જો, તારે માટે ખાવાનું લાવી છું" કહી તે ખડખડાટ હસી પડી. જનરલ હૉસ્પિટલના દરવાજા આગળ આવી, ઘણીએ વખત એક ગાંડી આવી રીતે બૂમો પાડતી હતી.

ધનુનો ઘરવાખરો સરિયામ રસ્તા ઉપર ફુટપાથના એક ખૂણે પડી રહેતો. એક ફાટીતૂટી ગંધાતી ગાભાની ગોદડી, જસતના પતરાનું પાણી પીવાનું એક પવાલું અને ખાલી દિવાસળીના રસ્તામાંથી વીણેલાં ખોખાં, એટલોજ તેનો સરસામાન હતો. આખો દિવસ સવારથી તે સાંજ સુધી તે ફર્યા કરતી. પગ વાળીને તો તે ભાગ્યેજ બેસતી. સડક ઉપર રહેનાર માણસો જો કંઇ ખાવાપીવાનું આપે તો તે ખાતી; નહિ તો તેને તેની પણ પરવા નહોતી. લાંબા લાંબા હાથ કરી ઇસ્પિતાલના દરવાજા તરફ તે દોડતી. ઘડીમાં હસતી તો ઘડીમાં લાંબે રાગે રોઇને જતા આવતા લોકોને તે ભેગા કરતી.

થોડાજ મહિના પહેલાં ધનુ શહેરમાં રળવા આવી હતી. તેની સાથે તેનો બે વરસનો છોકરોજ માત્ર હતો. તે જાતે વણકર હતી. તેનો ધણી જીવો ગામમાં સાળ ચલાવી પાણકોરૂં વણીને પોતાનો ટબારો ચલાવતો હતો. મૂળથીજ ગરીબ હોવાથી અને વર્ષો પણ એક પછી એક ખરાબ આવવાથી જીવાનો વણવાનો ધંધો નરમ પડયો હતો. ભાદરવો મહિનો પૂરો થવા આવ્યો હતો. ઓત્રા–ચિત્રાનો માથે સખત તડકો તપતો હતો. ગામેગામ તાવનો ઉપદ્રવ ફાટી નીકળ્યો હતો. આખા ગામમાં કોઇ પણ ઘર એવું નહિ હોય કે જ્યાં માંદાનો એક પણ ખાટલો ન હોય. જીવો પણ આનો ભોગ થઇ પડયો. હાથનાં ઘણાંએ ઓસડીઆં કર્યાં, પણ જીવાનો તાવ ખસ્યોજ નહિ. રોટલા ચઢે તેવો સખત તાવ અને તેમાંયે પૂરતા ઉપચારના અભાવે જીવાને ન્યુમોનિયા થઇ ગયો. કામધંધો છોડી ધનુ આખો દિવસ જીવાની પથારી પાસે બેસી રહેતી. દવા–દારૂ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસાની જરૂર પડી એટલે ધનુ ગામના વાણીઆ પાસેથી પોતાની હાંસડી મૂકી કકડે કકડે ત્રીસ ચાલીસ રૂપિયા લઈ આવેલી, એટલે માથે દેવાનો બોજો પણ થઇ ગયો. આખરે આ જીવલેણ રોગમાં જીવાએ જગતની જંજાળ છોડી દીધી.

જીવાને મરી ગયે એકાદ મહિનો થયો એટલે શેઠનું દેવું પતાવવાને ધનીએ પોતાનો પરચુરણ ધરવખરો વેચી દીધો. પણ તેટલી જૂજ કિંમતમાં તો માત્ર શેઠનું વ્યાજજ વસુલ થયું. મૂડી તો હજી જેમની તેમ ઉભીજ હતી. વારંવાર શેઠનો તગાદો સહન નહિ થવાથી ધનીએ શહેરમાં કમાવા આવવાનો વિચાર કર્યો. નવરંગપુરથી થોડાજ ગાઉ ઉપર એક શહેર આવ્યું હતું. એક સવારે નાના બાળકને લઇ ધની શહેરમાં આવવા નીકળી. પાદરે આવી આંખમાં આંસુ લાવી પોતાના વહાલા વતનને તેણે રામ રામ કર્યા. ગામ છોડતાં તેનું હૃદય દૂભાતું હતું. તેના પગ પાછા પડતા હતા. આખરે કઠણ હૈયું કરી તેણે ચાલવા માંડયું. જતાં જતાં ગામનાં ઝાડવાં, તળાવ અને સીમાડાને એક વખત ફરી તેણે ધરાઇને જોઇ લીધાં. શેઠનું ઋણ વાળવાને ગરીબ ધની આખરે પોતાના બાળકને લઈ ચાલતી ચાલતી શહેરમાં આવી પહોંચી.

મોટું શહેર અને પોતે તો ગામડાની રહીશ એટલે ધનીને કયાં જવું તે દિશાજ સૂઝી નહિ. તેને માથે તો જાણે આભ તૂટી પડયું હોય તેમ તેને લાગ્યું. આખો દિવસ ચાલવાથી થાકી ગએલી ધની ભૂખી તરસી બાળકને લઇ એક મહોલ્લાના નાકે બેઠી. જતા આવતા લોકોના પહેરવેશ ઉપરથી ધનીને લાગ્યું કે, જરૂર આ વણકરવાસજ હોવો જોઇએ. આશા રાખી તે ઉભી થઇ અને એક બાઇને પૂછીને તેણે તે બાબતની ખાતરી કરી લીધી. બાઇ બિચારી બહુ ભલી હતી એટલે તેણે ધનીને ખાવા પણ આપ્યું. ખાઇને બેઠા પછી ધનીને તે બાઇને પોતાના દુઃખની હકીકત કહી સંભળાવી. બાઈએ બીજે દિવસે ધનીને પોતાની સાથે કામે લઇ જવાનો બંદોબસ્ત કર્યો.

આખા શહેરમાંથી ધૂળ ઓછી કરવાનો ત્યાંના સુધરાઇ ખાતાએ ઠરાવ કર્યો હતો. તે માટે મોટા મોટા રસ્તાઓ ઉપર ડામરની સડકો તૈયાર થતી હતી. જે ટોળી સાથે ધનીને જવાનું હતું તે ટોળી પણ આ કામમાંજ રોકાએલી હતી. બાળકને સાથે લઇ ધની દરરોજ કામે જતી. ઉનાળાના ધગધગતા તાપમાં બાળકને રમતું મૂકી, ઉઘાડે પગે, શેઠનું દેવું વાળવાને ધની માથે કાળા મેટલના પથ્થરનો ટોપલો ઉંચકી સડક ઉપર નાખતી હતી. તેના અંગમાંથી છૂટતા પરસેવાનાં ટીપે ટીપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સડક તૈયાર થતી હતી. એક તરફ ઉના ઉના ડામરની ઝાળ અને માથે સખત ઉનાળાનો તડકો એટલે પૂછવુંજ શું ? આવી સખત મજૂરી ધનીએ કોઈ દિવસ કરી નહોતી. ઘણીએ વખત તેનો જીવ અકળાઈ જતો અને શહેરમાંથી પાછી જતી રહેવાનો વિચાર કરતી. પણ વિચારની સાથેજ શેઠની મૂર્તિ તેની આગળ ખડી થતી; જાણે પોતાના રૂપિયા માટે શેઠ તેને ધમકાવતા હોય તેમ ધનીને ભાસ થતો અને તેથી ધની તે વિચાર માંડી વાળતી.

રસ્તો રાજમાર્ગ હોવાથી મોટરનો અવજરવર પુષ્કળ હતો. ફક્ત અડધો રસ્તોજ તૈયાર થતો અને તે પૂરો થાય એટલે બાકીનો અડધો રસ્તો પૂરો કરવામાં આવતો. ધની જેવાં કેટલાંએ મજૂરોના પરસેવે શેઠીઆઓનો મોટરો દોડાવવા માટે રસ્તો ચોખ્ખો ચાંદી જેવો ચકચકતો બનતો હતો.

(૩)

“ એ......ઇ છોકરા ! દૂર હટ ” ભોં ભોં ભૂંગળું વગાડી પૂર જોસમાં મોટર ચલાવતા એક શેઠે ફુટપાથના એક છેડા ઉપર થોડે દૂર રમતા એક નાના બાળકને હટાવવા અવાજ કર્યો; પણ તે પહેલાં વ્હીલ કાબુમાં ન રહેવાથી મોટર ફુટપાથ ઉપર ચઢી ગઈ અને તે બાળકની ખોપરીના ભુકેભુક્કા ઉડી ગયા.

“ ગજબ થયો, મોટર આસ્તે, દોડો દોડો આ કોઇનું બાળક ચગદાઈ ગયું ” વગેરે અવાજો સાથે લોક ત્યાં ભેગું થઈ ગયું. બૂમ સાંભળીને થોડેજ દૂર કામ કરતી ધની અને બીજા મજૂરોનું ધ્યાન તે તરફ ખેંચાયું. હાંફળી ફાંફળી બની ધની દોડતી દોડતી તે જગાએ પહોંચી. લોહીથી ખરડાએલા અચેતન બાળકને ઉપાડી તેણે ખોળામાં લીધું. તેના શરીર અને કપાળ ઉપર તે વારંવાર હાથ ફેરવવા લાગી. ઘડી ઘડી તેને છાતી સરસો ચાંપી બચીઓ કરવા લાગી: “ રામુ ! બેટા રામુ ! તને શું થયું ? ” વગેરે અનેક જાતના સવાલો મૃત બાળકને તે પૂછવા લાગી. તેનું મગજ અસ્થિર થઇ ગયું હતું. ઘડીમાં બાળકના મોં સામે જોઈ તે ખડખડાટ હસી પડતી, તેને ઉંઘાડતી હોય તેમ હાલરડાં ગાતી તો ઘડીમાં તેને મરેલો જાણી ગળગળા સાદે વિલાપ કરતી.

મોટરની આજુબાજુ લોકો ફરી વળ્યા. મોટર હાંકનાર માલીક નીચે ઉતર્યો. સફાઇદાર કપડાંમાં સજ્જ થએલા તેણે, ફાટેલા ઝભલાવાળા ગંદા મજૂરના બાળકને ખોળામાં લઇને બેઠેલી, એક મજૂરણને જોઈ. બાઇનો ખોળો બાળકના લોહીથી તરબોળ થઈ ગયો હતો. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃશ્ય જોતાં શેઠને મનમાં દયા ઉત્પન્ન થવાને બદલે તિરસ્કાર છૂટયો. મનમાં તે બડબડવા લાગ્યા: "સાળા લોકો પણ હાથે કરીને મોતજ માગે છે ને! શા માટે છોકરાઓને સરીઆમ રસ્તા ઉપર રઝળતાં મૂકતા હશે? નાહક આવી બેદરકારીથી સારા માણસોને બદનામ કરે છે." આવા અને બીજા અનેક જાતના પ્રશ્નોની પરંપરા શેઠના મગજમાં ઉભરાવા લાગી.

પોતાનીજ સામે ઉભેલા શેઠ ઉપર ધનીની નજર પડી. દયામણે ચહેરે તે શેઠને સંબોધી કહેવા લાગી: "શેઠજી! મારો રામુ કેમ બોલતો નથી? તેને મટી તો જશે ને? મારા આટલા નાના બાળકે તમારો શો અપરાધ કર્યો હતો?" બોલતાં બોલતાં ધનીની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહેતો હતો. તેનો સાદ બેસી ગયો હતો. તેને તો ઉપર આભ અને તળે ધરતી સિવાય બીજા કોઇનો આશરો નહોતો. ગરીબનો બેલી પરમાત્મા પણ આજે નિર્દય બનીને બેઠેલો હોય તેમ તેને લાગ્યું.

× × × ×

પોલીસને ખબર મળતાં તે જગાએ તે આવી પહોંચી. પંચકેસ કરી છોકરાને અને ધનીને મોટરમાં બેસાડી ઇસ્પિતાલ તરફ મોટર લઇ ગયા. દાક્તરે અકસ્માતનો રિપોર્ટ કર્યો. દાક્તરના રિપોર્ટ ઉપરથી કોર્ટે શેઠનો કેસ અકસ્માતમાં કાઢી નાખ્યો. કારણ, ન્યાય પૈસે તોળાણો!

(૪)

અનાથ ધનીના બાળકના લોહીથી ખરડાએલી તે ડામરની સડક તૈયાર થઇ ગઇ. પેટ્રોલને બદલે મજૂરોના લોહીથી ચાલતી અનેક મોટરો ત્યાં થઇને દોડધામ કરી રહી છે. છોકરાને ચગદી નાખનાર શેઠના મનમાંથી તો થોડાજ વખત પહેલાંનો અકસ્માત ભૂલાઇ ગયો છે–ભૂલાય તેમાં નવાઇ જેવું પણ કંઇ નથી. પણ બાળકની માતા ધની તો ત્યારથીજ ગાંડી બની ગઇ હતી. ઘણીએ વાર અડધી રાતે ઇસ્પિતાલના દરવાજા આગળ આવી "રામુ! બેટા રામુ!" કહી મોટા અવાજે તે આજુબાજુના લોકોની નિદ્રાનો ભંગ કરતી હતી.

("આરામ"ના એક ખાસ અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૮–નોકરીની શોધમાં

(લેખિકાઃ–શ્રીમતી ભદ્રાવતી છો. દવે)

(૧)

"પ્રિયે! આખરે આપણું નસીબ ઉઘડયું છે. જો, આપણો હરિલાલ બી. એ. માં પાસ થયો છે. તે ફર્સ્ટ કલાસમાં આવ્યો છે. હવે આપણી સઘળી મુશીબત દૂર થશે" પાકી ઉંમરના એક પુરુષે પોતાની સ્ત્રીને ઉપર મુજબ કહ્યું.

"ઇશ્વરનો કેટલો ઉપકાર, મને સંપૂર્ણ ખાત્રી હતી કે તે સર્વશક્તિમાન આપણી સ્થિતિ સામું જોશેજ." સ્ત્રીએ જવાબ દીધો.

વાચક! આ એક કુટુંબ એક નાના ગામડામાં રહેતું હતું પુરુષની ઉંમર લગભગ ૬૦ ની હતી ને સ્ત્રીની ઉંમર લગભગ ૫૨–૫૩ ની હતી. તેઓ જાતે કણબી હતાં. તે પુરુષનું નામ શંકરલાલ હતું ને સ્ત્રીનું નામ ગંગા હતું. તેઓ ખેતી કરતાં હતાં ને સ્થિતિ સાધારણ હતી. ઘણા દિવસ સુધી તેઓને કંઇ સંતતિ નહોતી તેથી તેઓ ઘણાં ઉદાસ રહેતાં. ને તેને માટે સંખ્યાબંધ જપ–દાન કરાવ્યાં તથા અનેક બાધાઓ રાખી. છેવટે ગંગાની ઉંમર ૨૭–૨૮ ની થતાં એક પુત્ર પ્રસવ્યો. આ પુત્રને એ દંપતિએ ઘણા લાડથી ઉછેરી મોટો કર્યો, ને તેને એક મોટા સરકારી અમલદાર અથવા કોઇ મોટા વેપારી બનાવવાની આશાએ પોતાનું તમામ ધન ખરચી બી. એ. સુધી કેળવણી આપી. શંકર અને ગંગા ગરીબાઇમાંજ દિવસ કાઢેલા હોવાથી ઘણાં ભલાં, પરગજુ અને સંતોષી હતાં; જ્યારે હરિલાલ પણ ઘણો ચાલાક અને ખંતીલો હોવાથી પહેલેજ વર્ષે ઉપલે નંબરે બી. એ. થઇ શકયો. ને તેના પાસ થવાની ખબર વૃદ્ધ માતા-પિતાને પડતાં તેમને આનંદ થાય એ સ્વભાવિકજ છે.

"ઇશ્વરે આપણને મદદ કરી, પણ મોડી કરી; કારણ, આપણી તમામ સંપત્તિ હરિલાલના કોલેજની કેળવણી, પુસ્તકો વગેરે ખરચમાં ઘસડાઇ ગઇ, ને છેવટ હવે આપણી કરજે લેવાની શક્તિ પણ નથી રહી." શંકરે કહ્યું.

"એવા વિચારો આવા રૂડે પ્રસંગે શા માટે યાદ કરો છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વાત હાલ યાદ ન કરો, પણ આ ખુશાલી નિમિત્તે દેવમંદિરમાં પૂજા કરાવો તો ઈશ્વર વધુ સહાય કરશે. જુઓ, આપણી જ્ઞાતિના દલપતરામ શેઠની એકની એક પુત્રી સુશીલા કુંવારી છે ને તે સારા વરની શોધમાં છે. તો તેને આપણા હરિલાલ કરતાં વધુ ભણેલો ને સારો વર બીજો કોણ મળશે? સુશીલા દરેક રીતે આપણા હરિલાલને લાયક છે. ને દલપત શેઠ ખુશીથી આપશે. આપણે પહેરામણીમાં ઓછામાં ઓછા બે હજાર રૂપિયા માંગવા જોઈએ." ગંગાએ કહ્યું.

"અરે ગાંડી! લગ્નની એટલી બધી શી ઉતાવળ છે? હરિલાલને કંઈ નોકરી તો મેળવવા દે, પછી સૌ થઈ રહેશે."

"આવા સમયમાં નોકરી મેળવવી સહેલી નથી. તે કંઈ તરતજ મળશે નહિ. ભલભલાને આજે મુશ્કેલી પડે છે તેમાં આપણું શું ગજું! જો હરિલાલનાં લગ્ન હમણાં થાય તો મેં કહી તેટલી પહેરામણી સહેલથી મળે ને તેથી આપણું કેટલુંક દેવું પતે ને ગીરો મૂકેલી જમીન પણ છોડાવાય. વળી હાલ જો આપણે પ્રયાસ ન કરીએ, ને હરિલાલને નોકરી મળતાં વાર લાગે તો જેને અત્યારે મોહ છે તે ઉતરી જાય અને પછી તેથી અડધી રકમની પહેરામણી પણ ન મળે; માટે એમાં આળસ ન કરવી એવી મારી સલાહ છે."

"વાહ! તેં ખૂબ અક્કલ દોડાવી. આ બધી બાબતનો વિચાર મને નહોતો. ચાલ ત્યારે તો આપણે હમણાંજ નક્કી કરી નાખીએ."

દલપત શેઠ પણ જ્ઞાતિનો એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ હતો, ને તેને પણ સુશીલા એકની એક દીકરી હતી. વળી શંકર સાથે મિત્રાચારીનો સંબંધ પણ હતો. એટલે હરિલાલના બી. એ. થયાના સમાચાર સાંભળી સહકુટુંબ શંકરને ઘેર તેને અભિનંદન આપવા તે આવ્યો. શંકર તથા ગંગાએ તેમને ઘટતો આવકાર આપ્યો ને હરિલાલના લગ્ન વિષે વાત બહાર કાઢી.

"આપણે સૌ તો હવે વૃદ્ધ થયાં. જમાનો પણ ઘણો બદલાઈ ગયો; પણ આપણા સંબંધની યાદગીરી રહેવી જોઈએ; ને તેમ થાય તોજ આપણાં ફરજંદો આપણો કેવો સંબંધ હતો તે જાણે." ગંગાએ વાત છેડી ને ધીમેથી હરિલાલનું માગું કર્યું. દલપત પણ ચાલાક માણસ હતો તે આવો ચાન્સ હાથથી જવા દે તેમ નહોતું. તેણે વાત કબૂલ કરી ને કેટલીક વાટાઘાટ પછી અઢી હજાર રૂપિયાની પહેરામણી નક્કી કરી લગ્ન નક્કી થયાં. સુશીલા જો કે બાળક હતી છતાં તેને પણ લગ્નની ઘણી હોંસ હતી ને હરિલાલ તેને ગમતો હતો.

વાત લગભગ પૂરી થવા આવી ને હરિલાલ આવી પહોંચ્યો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને લગ્ન વિષે શંકરે વાકેફ કર્યો, ત્યારે તે મન સાથે બોલ્યો કે "ચાલો, આ મારી જીંદગીની બીજી જિત છે." તેણે સુશીલા સામે એક નજર ફેંકી તો સુશીલાએ આડું જોઇ શરમાવાનો ડોળ કર્યો.

(૨)

જોતજોતામાં એક માસ વીતી ગયો. સુશીલા અને હરિલાલ લગ્નગાંઠથી જોડાયાં હતાં. હવે હરિલાલને નોકરી શોધવાની ફિકર પડી. તેથી તે સુશીલાને ત્યાંજ મૂકી નોકરીની શોધમાં ગામ છોડી બહાર પડયો. કોલેજમાંના કેટલાક પ્રોફેસરોએ અલંકારિક ભાષામાં મહેરબાની દાખલ કેટલાંક સરટીફીકેટો લખી આપ્યાં હતાં, તેમજ બીજા હાલી મવાલી સગા તથા મિત્રોએ પ્રશંસાપત્રો લખેલા તેની નકલો કરી સંખ્યાબંધ અરજીઓ જુદે જુદે ઠેકાણે હરિલાલે મોકલી, જેના ટપાલખર્ચમાં કેટલાક રૂપિયા ખરચી પોસ્ટખાતાને કમાવી આપ્યું. પણ જ્યાં કાપકુપની કાતરો ચાલુ હોય, ને ખરચ ઘટાડવાની ખૂમો પડતી હોય, ધંધાની મંદી ચાલતી હોય ત્યાં નોકરી ક્યાંથી મળે? કેટલીક સરકારી તેમજ ખાનગી ઓફિસોમાંથી છાપેલા જવાબ "જગા ખાલી નથી" "ઉમેદવારના લીસ્ટમાં તારૂં નામ દાખલ કર્યું છે" વગેરે મતલબના જવાબો મળ્યા. એવી ઓફિસોએ હરિલાલ જેવા અરજીઓ કરી હમેશ કંટાળો આપતાઓ ઉપર જવાબ લખવા પોસ્ટકાર્ડ છપાવી તૈયારજ રાખ્યાં હતાં. હરિલાલની તમામ અરજીઓ વ્યર્થ ગઈ ને કોઇ પણ જગાએથી આશાવંત જવાબ નજ મળ્યો. તેની બી. એ. ની ડીગ્રીની કદર કોઇ ખાતાએ ન કરી. કોલેજમાં હતો ત્યારે પાસ થઇ કોઇ મોટી નોકરી મેળવી રૂ. ૩૦૦) ૪૦૦) મહિને મેળવવાનાં તેણે સેવેલાં સ્વપ્નાં ખોટાં પડતાં જણાયાં. તેના અર્થશાસ્ત્રનું જ્ઞાન નકામું ગયું. ગણિતમાં કાબેલ માણસ દુનિયાની ગણત્રી ન કરી શકયો. ઇતિહાસનો અભ્યાસી સંસારના ઇતિહાસથી અજાણ્યોજ રહ્યો. સરકારી ઓફિસને તેની ડીગ્રીની દરકાર નહોતી. ખાનગી વેપારી પેઢીને ગ્રેજ્યુએટ જોઇતો નહોતો. આથી હરિલાલે જાણ્યું કે કેળવણી ખાતું કે જે કેળવણી આપે છે તે એની ડીગ્રીની જરૂર કદર કરશે. તેથી સ્કુલોમાં જઇ ત્યાંના હેડ માસ્તરોને મળી નોકરીની માગણી કરી. અહીં પણ તે "અનટ્રેન્ડ" હોવાથી પાછો પડયો; જ્યારે એક લેભાગુ સ્કુલના નફટ હેડ માસ્તરે તેને નોકરીએ રાખ્યો, મહિને પગાર રૂ. ૩૦) નો આપી રૂ. ૫૦) ની પહોંચ લેતો. વળી બે મહિનાની રજામાં નોકરીએથી રૂખસત ખાતર તે મહિનાનો પગાર કાપી લેતો, ત્યાં પણ હરિલાલ જેટલીજ ડીગ્રીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો માણસ ઓછે પગારે મળ્યો કે તરત હરિલાલને રજા મળી.

હરિલાલ ફરી પાછો બેકાર બન્યો અને બીજી સ્કૂલે નોકરી શોધવા ગયો. ત્યાંનો હેડમાસ્તર વળી પેલી સ્કૂલના હેડમાસ્તરના કરતાં ઉતરે તેવો નહોતો. તે તો કાંઈ નિયમિત પગાર આપતોજ નહિ. પણ ૧૫-૨૦ દિવસ ઉપર થયા પછી નિયમિત ફી નહિ ભરતા છોકરાઓ પાસેથી ગમે તેમ કરી મેળવી અથવા કસુર માટે છોકરાઓને દંડ કરી તેજ રકમ પગાર તરીકે લેવાનો હક આપતો. આ પ્રમાણે પગાર મેળવવો ઘણો મુશ્કેલ હતો ને ઘણી મુશીબતે એક વરસની આખરે રૂ. ૬૦) તે મેળવી શક્યો, જેથી તે નોકરી પણ તેણે પડતી મૂકી.

(૩)

હરિલાલને હવે શું કરવું તેની સૂઝ પડી નહોતી. માબાપ વૃદ્ધ થયાં હતાં. આર્થિક સ્થિતિ નબળી હતી. પોતાનો તથા પોતાના કુટુંબનો નિર્વાહ કરવાનો હતો. તે હિંમત રાખી ફરી નોકરીની શોધમાં બહાર પડયો: તેને અચાનક એક છાપુ વાંચતાં એક વેપારી કે જેનું તાળાં બનાવવાનું કારખાનું હતું તેને તાળાં વેચવા સારૂ એક મહેનતુ એજંટની જરૂર હતી તેની જાહેર ખબર વાંચી; તેથી હરિલાલે તે વેપારીને મળવાનો નિશ્ચય કર્યો. તેને મળતાં તેણે રૂ. ૫૦) નો માસિક પગાર અને વેચાણ થાય તેના પર ૨૫ ટકા કમીશન આપવાનું કહ્યું. પણ રૂ. ૨૦૦) ની રકમ જામીનગીરી તરીકે માંગી. કારણ, તે જે માલ ધીરે તેની સલામતી ખાતર કંઇ પણ વ્યવસ્થા કરવી તો જોઇએજ. હરિલાલ પગાર અને કમીશનથી લલચાયો. તેને તાળાં વેચવાં એ બચ્ચાંની રમત જેવું લાગ્યું. કારણ, તાળાં ઘણાં કરામતવાળાં, મજબૂત અને ચોરથી પણ તૂટે નહિ તેવાં હતાં. ચાવી ચોરના હાથમાં આપવા છતાં માલીક સિવાય કોઇ ખોલી શકે નહિ તેવી અંદર વ્યવસ્થા હતી. પણ રૂ. ૨૦૦) નું શું ? હરિલાલે પોતાના સસરા પર કાગળ લખી રૂ. ૨૦૦) તો મેળવ્યા; તે તુરત ભરી દીધા. આ નવા ધંધામાં મહિને નાખી દેતાં રૂ. ૨૦૦) કમાવાનાં સ્વપ્નાં જોતા હરિલાલે, તાળાંની ઉઘાડવા બંધ કરવાની વ્યવસ્થા શીખી મજૂરને માથે તાળાંનો એક જથો ઉપડાવી ગામડે ગામડે ફરવા માંડયું. જ્યાં તે જતો ત્યાં સંખ્યાબંધ માણસો તાળાં જોવા આવતા ને અજાયબ થતા. પણ કિંમત સાંભળીને ખરીદવાની વાત કરતાં તે બધા પલાયન થઇ જતા. મજૂરને મજૂરી ને બીજો ખરચ કરી એક માસ સુધી હરિલાલ ગામેગામ ભટકયો, પણ કંઇ વેચાણ કરી શક્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમાવાને બદલે ઉલટા ગાંઠના રૂ. ૫૦-૬૦ જેટલો ખરચ કરી છૂટયો. એક માસ વીત્યો ને સમય અને પૈસાની બરબાદી કરી તે નિરાશ થઇને આ ધંધો છોડી કોઇ બીજા ધંધાની શોધમાં જવા મનસુબો કરી પાછો ફર્યો. પાછા ફરતાં તેણે ઓફિસને તાળું મારેલું તથા સીલ મારેલી જોઇ. અજાયબીમાં ગરકાવ થઇ આજુબાજુના માણસોને પૂછતાં જણાયું કે, તેને નોકરીએ રાખનાર તાળાંના વેપારીને દેવું ઘણું થઇ ગયું હતું તેથી માંગનારાઓએ ટાંચ મારી કારખાનું તથા માલ જપ્ત કરાવ્યો હતો ને તે વેપારી ક્યાંક નાસી ગયો હતો, જેનો પત્તો નહોતો. હરિલાલ વાત કરતો હતો ત્યાં એક સખસે આવી તાળાં તે વેપારીનાં છે કે કેમ તે પૂછ્યું. હામાં જવાબ મળતાં તરતજ કોર્ટના વૉરંટથી તે તાળાં પેલા શખસે જપ્તીમાં લીધાં. કારણ, તેણે હુકમનામાની રૂએ વૉરંટ મેળવ્યું હતું. હરિલાલ તો જોતોજ રહી ગયો ને તરત એક વકીલની સલાહ લઇ તે તાળાં પાછાં મેળવવા દાવો કર્યો. વકીલ સાહેબ તો કોઇ શિકાર શોધતા હતા ત્યાં તેને હરિલાલ મળતાં તેણે રૂ. ૫) ફી લઇ રૂ. ૧૦) ના સ્ટાંપ પર કોર્ટમાં તાળાં પાછાં મેળવવા દાવો કર્યો. ૫-૭ મુદ્દતો પડતાં હરિલાલ કાયર થયો, ને છેવટ લંબાણ કેસ ચાલ્યો. હરિલાલે રૂ. ૨૦૦) ની જામીનગીરીની રસીદ રજુ કરી તો તે વગર સ્ટાંપની હોવાથી કોર્ટે જપત કરી કાયદા પ્રમાણે રૂ. ૫) દંડ તથા એક આનાનો સ્ટાંપ માગ્યો. હરિલાલ અકળાયો ને દંડ આપવા ના પાડી. આથી તેના પર કામ ચાલી રૂ. ૧૦) નો દંડ અને તે ન ભરે તો ૭ દિવસની કેદની સજા થઈ. ન છૂટકે હરિલાલે દંડ ભર્યો. દરમિયાન હરિલાલે માંડેલા દાવાનો નિકાલ થયો, જેમાં પરિણામ તેની વિરુદ્ધ આવ્યું. તે હાર્યો ને સામાવાળાનો દાવાનો ખર્ચ પણ હરિલાલને આપવો પડયો ને તે આ પીડામાંથી જેમ તેમ કરીને છૂટો થયો.

(૪)

માણસ હંમેશાં અનુભવથી શીખે છે, તેમ હરિલાલને બન્યું. તેણે હવે જામીનગીરીનું બીલ નહિ ભરવાના સોગંદ લીધા; પણ એના લાયક તાળાંનો વેપારી કે જેણે આવો વિશ્વાસઘાત કર્યો હતો તે જો મળે તો તેની ઠીક ખબર લેવાનો વિચાર કર્યો. કમનશીબે તે કોઇ જગાએ મળ્યો. હરિલાલે પોતાનો તમામ જુસ્સો ખાલી કરી પેલાને સારો ખોખરો કર્યો. પરિણામમાં પેલાએ હરિલાલ પર ફોજદારી કરી ને હરિલાલનો બચાવ ન માનતાં કોર્ટે હરિલાલનો રૂ. ૫૦) નો દંડ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે હરિલાલ નોકરીની શોધમાં પાછો રોકાયો. એક લેભાગુ રોજીંદા પત્રની ઓફિસમાં એક કારકુનની જગા તેને મળી. પત્રનો અધિપતિ મીઠી જીભવાળો હતો. તેણે "પગાર તમારા કામપર આધાર રાખે છે, તમારી લાયકાત ને તમારૂં કામ જોઇ તમને યોગ્ય પગાર મળશે" એમ જણાવી જેમ ઘાણીમાં બળદ જોડે તેમ હરિલાલને કામે લગાડયો. પત્રકારની ઓફિસનું કામ સાધારણ નથી તે જાણીતી વાત છે. તેમાં લખવા–વાંચવાનું કામ ઘણુંજ હોય છે. દરરોજ ૧૪ કલાક હરિલાલ મહેનત કરતો. તે પેપરનાં લખાણ વગેરે તેને કરવાં પડતાં ને ગદ્ધા વૈતરૂં સતત કરવું પડતું. અધિપતિ તેને પોતાના મુખ્ય મદદનીશની જગાની ભવિષ્યની આશા આપતો ને ખુશામત કરી પોતાનું કામ કઢાવતો, હરિલાલ પણ ભવિષ્યનાં સ્વપ્નાં જોતો આંખ મીંચી કામ કર્યેજ જતો.

એક માસ જોતજોતામાં પૂરો થયો ને અધિપતિ સાહેબે જ્યારે રૂ. ૧૫)ની જંગી રકમ પગાર તરીકે આપી ત્યારે હરિલાલના ગુસ્સા તથા નિરાશાનો પાર ન રહ્યો. તે એકદમ અધિપતિ પાસે ધસી ગયો ને પગાર વિષે વાંધો લીધો. અધિપતિએ ઠંડે પેટે નોકરી ન કરવી હોય તો ચાલ્યા જવાની સલાહ આપી. હરિલાલ ગુસ્સામાં આવી પંદર રૂપીઆ અધિપતિ સાહેબના ટેબલપર ફેંકી ચાલ્યો ગયો.

હવે શું ? તે નિરાશા ને કંટાળાથી ભરપૂર થઇ ગયો હતો તેથી સીધો પોતાને ઘેરજ ગયો. ને પ્રથમ પોતાની પત્ની સુશીલાને સર્વ વૃત્તાંત અને અનુભવ કહ્યો. સુશીલા એ સાંભળી હસવું રોકી શકી નહિ ને કેટલીક વાર તેણે હસ્યાં કર્યું. દુઃખ અને નિરાશાથી થાકેલો હરિલાલ પોતાની પ્રિયતમાને હસતી જોઇ ક્ષણભર પોતાનું દુઃખ ભૂલી જઇ તે પણ સુશીલા સાથે હસવામાં સામેલ થયો; પણ આનંદ ક્યાં હતો ? તરતજ તેને પોતાની સ્થિતિનું ભાન થયું. ને બોલ્યોઃ "મારી મુશીબતોને વધારનાર આ બાળલગ્નનો રિવાજ છે. જો હું વહેલો પરણ્યો ન હોત તો નોકરી માટે આટલી ઉતાવળ ન કરત."

સુશીલા થોડું ભણેલી હતી, પણ ઘણીજ ચતુર, નમ્ર અને સમજુ હતી. તે પોતાના પતિની સ્થિતિ સમજી શકતી હતી. તે બોલીઃ "જો તમને તમારા સ્વમાન માટે ચિંતા હોય ને તમને હુંજ ઉપાધિરૂપ હોઉં તો હું ખુશીથી ઝેર પી મારો જીવ તમારા ચરણમાં કુરબાન કરી દઉં." હરિલાલ ગળગળો થઇ ગયો ને બોલ્યોઃ "નહિ વહાલી ! હું તેમ નથી કહેતો. જો દુનિયા મને બોજારૂપ થઇ પડી છે તો તું શા માટે ઝેર પી તારો અંત લાવે ? છતાં જો એમજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણુને શાંતિ મળતી હોય તો આપણે બંને સાથેજ ઝેર પીએ. પણ શા માટે? આ સર્વમાંથી બચવાનો રસ્તો તને જો સુઝતો હોય તો તુંજ બતાવ; મારી બુદ્ધિ તો હવે ચાલતી નથી."

સુશીલા એકદમ ઉભી થઇ ગઇ ને બોલી: "પ્રાણેશ! ચિંતા ન કરો. તમારી બાપીકી જમીન છે તે ભાડે આપવાને બદલે જાત-મહેનતથી હાલની ઢબે જાતે ખેડો ને પછી જુઓ કે શું થાય છે."

હરિલાલના મોઢા પર તેજ ઝળકયું ને બોલ્યો: "ત્યારે આ ધંધો તેં મને પહેલેથીજ કેમ ન બતાવ્યો?"

"તમારા જેવા બી. એ. ની ડીગ્રી મેળવી મોટી આશા રાખનારા જ્યાં સુધી નોકરીની આશાએ રખડી અથડાય નહિ ત્યાં સુધી તેને કદી ખેતીની વાત મગજમાં ઉતરેજ નહિ."

"તું મને મદદ કરશે?"

"હા, જરૂર. વળી તમારી ઇચ્છા હશે તો મારા બાપ પાસેથી થોડા રૂપીઆ ઉછીના લઈ બીજી પડતર જમીનો વેચાણ લઇ તેને સુધારીશું. મારા પિતાશ્રીએ મને રૂ. ૧૦૦૦) સુધી આપવા કહ્યું છે."

હરિલાલને નવો ઉત્સાહ આવ્યો. તેણે પોતાનાં માતપિતાને વાત કરી. શંકરને વાત ગમી તો ખરી, પણ તેનાથી બોલ્યા વગર રહેવાયું નહિ કે "ત્યારે તને બી. એ. સુધી ભણાવવાના પૈસા તો નકામાજ ગયા ખરૂં ને?" હરિલાલે જવાબ દીધો: "ના પિતાજી! જો હું બી. એ. નહિ થયો હોત તો મને સુશીલા જેવી સુશીલ પત્ની મળી ન હોત ને આજે હું ઘણો કમનસીબીમાં દિવસ કાઢતો હોત." હરિલાલની માતા વચ્ચે પડીને બોલી: "એ પણ સારૂંજ થયું; કારણ, આપણી વૃદ્ધાવસ્થામાં હરિલાલ અને સુશીલા જેવી આપણી બે આંખો આપણી મદદમાં રહેશે."

દિવસો પર દિવસો જવા લાગ્યા ને પાંચ વરસના ગાળામાં તો હરિલાલ તમારા ખરચ, સરકારધારો વગેરે બાદ જતાં પણ વરસ દિવસે રૂ. ૧૫૦૦) લગભગ કમાતો થયો. તેને કોઇની ખુશામત કરવાની નહોતી; કારણ તે જાતેજ પોતાનો શેઠ હતો. વળી ઈશ્વિરે ગુલાબના ફૂલ જેવાં બે બાળકો એ દરમ્યાન સુશીલાને ભેટ આપ્યાં હતાં. તેને પૂરતો સંતોષ હતો ને આગલા વખતને સંભારી, સમયની અને પૈસાની બરબાદી કરવામાં કેવી મૂર્ખાઇ તેણે કરી હતી તે યાદ કરતો; પણ તે મૂર્ખાઇ અને તે અનુભવેજ આજે આ આબાદી પર પહોંચ્યો હતો, 'ને સૌ સારૂં જેનું છેવટ સારૂં' એ મુજબ પોતાના દિવસ સુખમાં ગાળતો. ("આરામ" ના એક ખાસ અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૯–પાનાચંદ શેઠના પરતાપે

"શેઠ! આ વખતે રાંગ વાળ્યા વગર છૂટકો નથી."

"પટેલ! ઇ બધું સાચું; પણ રૂપિયા કાઢવા ક્યાંથી ?"

"ગમે એમ કરો. આ વખતે રૂપિયા ન આપો તો મારો મરતઓ ન જળવાય."

"તમારે શેમાં શેમાં આપવા છે ?"

"કાંધામાં દરબારને ભરવા છે."

"કેટલાનું કાંધુ છે ?"

"પાંચસો રૂપિયાનું."

તળાજા મહાલના મુંજડા ગામની મેડીમાં ભૂરો પટેલ પાનાચંદ શેઠ પાસે બેઠો છે. ભૂરો પટેલ ચારસો વીઘાનો ખાતેદાર છે. મહાદેવના પોઠિયા જેવા ઘરે આઠ બળદ ગમાણે બાંધ્યા છે. ઘરે દુઝાણાનો પાર નથી. ઘેર ખેતીનું કામકાજ સાથીથીજ લેવાય છે; પરંતુ ઉપરાઉપરી ત્રણ વરસ મોળાં આવવાથી ભૂરો પટેલ મૂંઝવણમાં પડયો છે. એનો હાથ ભીડમાં આવી ગયો છે. રૂડી રીતે ઘરનો ખર્ચ કાઢતાં ઓણની ફારમ તો માંડ દેવાણી છે, પણ દરબારી કાંધું ન ભરે તો અમલદારોમાં પાછા પડવું પડે એ બીકે ગમે તેટલું વ્યાજ ભરીને રૂપિયા લેવાની ગાંઠ વાળી તે શેઠ પાસે આવ્યો છે.

પાનાચંદ શેઠ પહોંચતા આસામી છે. આખાએ મહાલમાં એનું હાંકયું હાલે છે. અમલદારો પણ એનાથી નમતા હાલે છે. શેઠ આગળ વાત હલાવે છે:

"આવડું બધું દરબારી કાંધું ક્યાંથી ?"

"ઓલ્યો બે હજારનો પાણીનો પંપ લીધો'તો ને ?"

"તે હજી એના રૂપિયા નથી ભર્યા ?"

"કયાંથી ભરે ? બે હજાર જેવડી રકમ છે; ઝટ દેવાય ? ત્રણ કાંધાએ દોઢ હજાર ભરી નાખ્યા. હવે એક કાંધું બાકી છે."

"તે પંપ હમણાં નથી હાલતો ? મેં ધાર્યું કે વેચી નાખ્યો હશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠે પંપની વાતમાં રસ લેવાનો ડોળ કર્યો.

"ઈ ઠોઠીઆને લે કોણ? એ પડયો પડયો વાહર ખાય છે." ભૂરા પટેલે પંપ વિષેની દાઝ કાઢી.

"તે બંધ કેમ કર્યો? શું કાંઇ ખોટકાણું છે?"

"હાલે છે તો કોઇ ભાતનો; પણ કૂવામાં પાણીજ નથી. આવા દુકાળમાં પીવાના પાણીના સાંસા હોય તો પંપ હલાવવાનું પાણી ક્યાંથી જડે?"

"તમે આ વખતે સગાવહાલામાં જાઓ એટલે વળ નીકળી જશે." વાણીએ વાત ઉડાવી.

"મારે બીજે ક્યાંય નથી જવું. બીજે મોઢે વાત શું કામ જવી જોઇએ? તમેજ મારા જૂના શેઠ છો. ને મારો આટલો નાતો રાખો."

"પણ રૂપિયાની ભારે ખેંચ છે. મારે પણ બીજેથી લાવવા પડે તેમ છે."

"તે તમને કહેશો ઈ વ્યાજ આપશું."

શેઠ જવાબ આપવા જીભ ઉંચી કરે છે ત્યાં શેઠનો મોટો દીકરો આવે છે.

"બાપા! આટલી મોડી રાત સુધી ઉજાગરા કરશો તો માંદા પડશો."

"ઉજાગરો વસમો લાગે એવું તો છે, પણ પટેલ ચાહીને કામે આવ્યા છે તે ના પડાય?"

"શું કામ આવ્યા છે?"

"પાંચસો રૂપિયા લેવા."

"તે તમે હા પાડી છે?"

"હા તો નો'તો પાડતો, પણ જૂનો નાતો છે, એટલે હા પાડી છે."

"પણ આપણે દઇશું ક્યાંથી? નાતો છે તે સાચું. સાચો પરતાપ આ ભૂરા કાકાનો, પણ પોરનું પાંચસો રૂપિયાનું કાંધુએ ક્યાં ભર્યું છે?"

"કોઇ વાર તમારા રૂપિયા રાખ્યા છે? પરારની સાલ ત્રણસો રૂપિયા લીધા'તા તે વેણ પરમાણે બસો રૂપિયા વધારીને ભરી ગયો હતો ને?" ભૂરા પટેલે પોતાની શુદ્ધ દાનતનો બચાવ કર્યો.

"કાકા! ઇ બધું સાચું, પણ આટલું બધું આજ નીકળવું મુસ્કેલ છે. જોઇતા હોય તો પચીસ પચાસ મણ દાણા લઇ જાઓ."

આ પછી તો ભારે ખેંચતાણ ચાલી. બાપ–દીકરો વાણીઆગત સારી કરી જાણતા. ખેડુત પાસેથી વધારે વ્યાજ લેવામાં તેઓ ભારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાકા હતા. શેઠને રૂપિયા તો આપવા હતા, પરંતુ જેટલું વધારેમાં વધારે વ્યાજ લઇ શકાય તેટલું લેવાની દાનત હતી અને તેથીજ દીકરાએ પાછળથી આવવું એમ ઠર્યું હતું.

છેવટે પાંચસો રૂપિયાના સાડાસાતસો રૂપિયા ખાતામાં માંડવા તેમ ઠર્યું. બે ટકા લેખે વ્યાજ આપવામાં સહી લીધી, અને બે હજાર રૂપિયાવાળો પંપ અવેજમાં લખાવ્યો.

પટેલ પાંચસો રૂપિયા લઇ ઘેર ગયા. વળતે દિ' દરબારનું કાંધું ભરી આવ્યા.

આ વાતને છ સાત માસનું છેટું પડી ગયું. ચોમાસું ઉતરી ટાઢની ઋતુ બેઠી છે, અને શિયાળુ વા ધરતીને માથે ઝીણો ઝીણો ફરકવા માંડયો છે.

ખેડૂતના ખળામાં શિયાળુ પાક ઉતર્યો અને બગલમાં ચોપડા લઇ વેપારીઓનાં ટોળાં ખળાવાડ આસપાસ ફરવા માંડ્યાં.

ગામડાના વેપારીઓ આમ જોઇએ તો તદ્દન સાદા. ઝાઝું ભણ્યા નથી હોતા. ગામડીઆ મેતાજીની નિશાળે બે–ચાર ચોપડા ફાડયા હોય છે; પરંતુ એલ. એલ. બી. સુધી અંગ્રેજી ભણેલા કરતાં ગામડીઆનો કોઠો ઓળખવામાં તેમનું ભેજું ભારે ખેડાયેલું હોય છે. ભોળા કણબીઓને ફોસલાવી ખાવામાં તેનો જોટો જડે તેમ નથી.

આ વેપારીઓના ટોળામાં આપણા પાનાચંદ શેઠનો કચરાલાલ પણ છે. મેલા ડાટ ધોતીઆને માથે ગામડીશાહી પહેરણ પહેર્યું છે, અને માથે જેમ તેમ ફાળીઉં નાખ્યું છે. જો કે કચરાલાલને ઘેર તો અરધી રાજવટ છે, પણ ગામડાની અચ્છી રાજવટ ભોગવનાર આ વેપારીઓને, ક્યારે શીતળ છાયે રૂના ગાદીતકિયા ઉપર બેસવું અને ક્યારે ધોમ તડકામાં ઢેફાંના ગાદીતકિયા ઉપર બેસવું, એ બરાબર આવડે છે. બધે મીઠી જીભથી ઉઘરાણી કરતો, અને ભોળા પટેલને ફોસલાવતો પટાવતો કચરાલાલ ભૂરા પટેલને ખળે આવે છે.

"ભૂરા કાકા ! રામ રામ."

"આવ ભાઇ ! રામરામ, ખાટલા પર બેસ."

ભૂરા પટેલે પોતાના દીકરાના વહાલથી આવકાર આપ્યો.

"ના કાકા ! ઘડીકમાં કાંઇ થાકી જવાય છે ?"

"એવું ન હોય ભાઈ ! તું તો ગુલાબનું ફૂલ કહેવાય. આ તો અમારા કણબાભાઇનું કામ."

"ના કાકા ! એવું કાંઇ નહિ. શે'રના માણસથી ઇ ન સહેવાય. અમે તો રહીએ તમારી ભેળા એટલે અરધા તમારા જેવા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કહેતો કચરાલાલ ભૂરા પટેલ હાલરૂં હાંકે છે તે ગાડામાં બેસી જાય છેઃ ભૂરો પટેલ પછેડી પાથરે છે, પરંતુ એ પાથરેલા ઉપર બેસવાની ના પાડે છે. ઘડીક આડી દોઢી વાતો કરી કચરાલાલ વાત કાઢે છેઃ

"કાકા! કહે છે કે ઓણ તમારે બહુ સારૂં પાક્યું છે?"

"ના, એવું કાંઇ નહિ. આગલા વરસ કરતાં કાંઇક ઠીક છે."

"ના, એમ નહિ. મેં તો એવા વાવડ સાંભળ્યા છે કે શેલની સીમ ભણી આપણે એવી મોલાત પાકી છે કે બધી સીમ સરખામણીએ ઝાંખી પડે છે." કચરાલાલ ભૂરા પટેલ પાસે મોલાત સારી થઇ છે એ કહેવડાવવા દાવ નાખે છે.

"હાં, ઈ સીમ કોર ઓણ સારી પેઠે સવા છે. ધાર્યા કરતાં બમણું ઉતરશે. જો ને, આ ડુંડાં ઇ જ સીમનાં." કુલાઇને ભૂરા પટેલે ડુંડાં દેખાડતાં કહ્યું.

"લ્યો કાકા! આ ખળા ને ઓલ્યા ખળામાં બમણો ફેર છે. દાણો દાણો નોખો તરી નીકળે છે."

"ફેર તો ખરોજ ને!"

"ઠીક લ્યો કાકા! હું રજા લઇશ. આણી કોર નીકળ્યો તે થયું કે લાવને કાકાને મળતો જાઉં."

"સારૂં થયું ભાઈ! આણીકોર આવ ત્યારે આંટો ખાતા રહેવું."

"આવતો રહીશ. એમાં કહેવાપણું શું હોય? શેઠ તમને યાદ કરે છે તે જરા સાંજે આંટો આવી જશો?" કચરાલાલે મૂળ મુદ્દાની વાત કાઢી.

"બે-ચાર દિથી આવું આવું કરૂં છું, પણ કામની ભીંસમાં નથી અવાતું. આજ સાંજે વાળુ કર્યા કેડે આવી જઇશ."

"આવજો હો કાકા! રાતે મોડું અવાય તો યે હરકત નહિ."

"શેઠ વહેલા ઉંઘી નથી જતા?"

"ઉંઘે છે તો જરા વહેલા, પણ એક દિ' જાગવું પડે તો ય શું થઈ ગયું? તમ આવ્યે શેઠને સુવાણ રહે છે."

કચરાલાલ આવી પંક્તિનો માણસ હતો. શેઠ કે ભૂરા પટેલ વચ્ચે કોઇ હેત-પ્રીત ઉભરાઇ જતી ન હતી. પરંતુ પટેલ પાસેથી કસ કાઢી લેવામાં તે મીઠી જીભ વાપરતો હતો. આમ ભૂરા પટેલને ફાળકે ચઢાવીને તેણે વિદાય લીધી.

(૨)

સાંજ પડી. વાળુ-પાણી કરી સ. નિંદરમાં પડયું. આને ટાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂરા પટેલ પાનાચંદ શેઠની મેડીએ ગયા. શેઠે આવકાર આપી ગાદી-તકિયા ઉપર બેસાડયા. થોડી વારે દૂધના કટોરા મુકાયા. પટેલ કહે:

"શેઠ! આટલો બધો વિવેક શા સારૂ?"

"પટેલ! આ તમારી સારૂ નથી. ઘણી વાર રાતે દૂધ પીવું મને માફક આવે છે. આજે બનાવવું હતું ને તમે આવ્યા."

આટલું કહેતાં કઢેલું કેસરીઉં દૂધ પટેલને પીવાનું કહેવાયું. દૂધ પી પટેલ સોપારીનો ભૂકો કરવા માંડે છે ત્યાં કચરાલાલ એક મિઠાઇની ટોપલી લઇને આવ્યો.

"બાપા! આ સોમચંદ કાકાએ મિઠાઇ મોકલી છે."

કચરાલાલે વાત કાઢી.

"સોમચંદ અમારે બે–ત્રણ પેઢીએ પીતરાઇ છે, આવું ઘણી વાર મોકલે છે. ભારે વિવેકી નીકળ્યો." શેઠે સોમચંદની ઓળખાણ આપવા માંડી.

"શેઠ! સગપણ તો રાખ્યું રખાય ને તોડયું તોડાય. તમારા જેવા હારે નાતો રાખશે તો આગળ ઉપર ફાયદો થશે."

"પટેલ! ફાયદો કરવો એ તો ઠાકોરજીના હાથની વાત છે. કચરાલાલ! આણી કોર ટોપલી લાવ. કાકાને જરા ચખાડીએ." શેઠે કચરાલાલ તરફ વળતાં કહ્યું.

મુંબાઇની મઘમઘતી મીઠી મીઠી વાનીઓ પટેલને પરાણે અપાઇ. પટેલની આગળ સૂડી–સોપારી ને ધાણા મુકાયા.

"પટેલ! તમારૂં અણછૂટકયાનું કામ પડયું છે." શેઠે હળવે રહીને વાત કાઢી.

"બોલો ને શેઠ! કહો ઇ કરી આપશું."

"જુઓ! તમારેય ભીડ છે એ હું જાણું છું. પણ મારે અત્યારે ચારેકોર પૈસા સલવાઇ ગયા છે. એકહજાર રૂપિયાનો વળ ઉતારવો છે."

"દરબારી ફારમ દીધા પછી માંડ મારે હજારની બચત રહેશે. તમને જો આપું તો મારે બીજા લેણા–દેણાવાળાને ન પોગાય."

"હવે આ વખતે ગમે એમ વળ ઉતારજો. બીજા લેણદારોને પીતની મોલાત સુધી ખમત કરવાનું કહેજો; પણ મારે બહુ ખપ છે; નહિ તો વેણ ન નાખું."

પટેલ પાસેથી હજાર રૂપિયા આપવાનો કોલ લીધો. કોલ આપતાં અપાઇ ગયો; પણ પાછળથી વસમો પડયો. હજાર રૂપિયા આપતાં ફારમ ખૂટી. પાનાચંદ શેઠ પાસે ખૂટતી રકમ માગવા ગયા, પણ મીઠી જીભે ના સુણાવી દીધી. હજાર રૂપિયા લેણામાં જમા કર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂરા પટેલે માગ્યા તાગ્યા રૂપિયે ફારમ ભરી દીધી.

(૪)

આ પછી તો ભૂરા પટેલને માથે આપદાના ઓળા ઉતરવા માંડયા. પીતની મોલાતનું ઓતરાદુ પડખું હરામખોરો લૂંટી ગયા. એક લાખ પુળાની ગંજી કોઈ અદાવતીઆઓએ બાળી નાખી. વળી પોતે કુટુંબકબીલાવાળો આદમી, એથી વરો તો માનમરતબા પ્રમાણે રાખવો પડે. એટલે પાછલી ફારમ પૂરી ભરાઈ નહિ. અમલદારનું મન મનાવીને જેમ તેમ કરી ફારમ ખમત કરાવી. ભૂરા પટેલને ફારમ બાકી કાઢવાનો આ પહેલોજ અવસર હતો.

આમાં નાણાંની બહુ જરૂર પડી. આ માટે ભૂરો પટેલ વેપારીને હાટડે હાટડે ફર્યો. ગામેગામ ધીરધાર કરનારાના ઉંબરા ઘસી નાખ્યા અને જેમ તેમ કરી 'વહેવાર' ચલાવ્યો.

પણ જે વેપારીને હાટડે ગયો તે વેપારીને રૂપિયા દઇ દઇને થાકયો, પણ ખાતું સરભર થતું નથી. પછી તો માથાના વાળ જેટલું દેવું થઈ ગયું. એ દેવામાંથી છૂટકારો મેળવવા દૂઝણાં ઢોર લેણાવાળાને ડોરી લીધાં. ઘરની વહુ દીકરીની ડોકમાંથી દાગીના કાઢી લેણાંવાળા આગળ મૂકયાં. સારૂં સારૂં રાચરચીલુંએ ધરી દીધું. ઢોરઢાંખર, દાગીનો, રાચરચીલું તમામ સફાચટ થઇ ગયું. તોયે કરજનો કૂપ ભરાતો નથી. જેમ જેમ ભરે તેમ તેમ ખાલી ખમ, ઇ તો જાદુઇ કૂવો. એ ગાળનાર ગામડાનો વેપારી. એની ગાળવાની કરામતજ નોખી ભાતની. એ કરામત શીખવનાર કીરતાર કોઇ કુડા પાણીનો પાકેલો!

હવે તો એની ઉભી મોલાત ઘરે પહોંચ્યા વિના મંડાઇ જાય છે. ઘરના છોકરાને ચપટી દાણોયે ખાવા રહેતો નથી. હાટોડીઆ દાણાના લૂખા રોટલા પેટનું ભાડું ભરવા જમા કરવા પડે છે. તો ય, એના કરજનો ગંજ વધતોજ જાય છે.

ભૂરા પટેલને ઘરડે ઘડપણે આ જોયું જતું નથી. દોહ્યલી વેળાનો દશકો ઉપાડાતો નથી. છાની છાની એની આંખો આંસુડાં પાડી લે છે. એમાં પાનાચંદ શેઠે એના ઉપર તકાદો કર્યો. અશક્તિએજ અપરાધને માટે દાવો કર્યો, ને એની આંખ ઉઘડી ગઇ; કોર્ટે એના ઉપર હુકમનામું કર્યું ને એની જીભ શીવાઇ ગઇ, એના ઉપર જપ્તીનાં જુલ્મો ઝળુંબ્યાં, ને એ તો ગાંડો ઘેલો બની ગયો.

આજે પાનાચંદ શેઠે એના ઉપર જપ્તી આણી છે, ઘરમાંથી બાયડી-છોકરાંને કાઢી મૂકવામાં આવ્યાં છે. જપ્તીદારો બારણાં ખોલી લોખંડી પટારાનાં ખંભાતી તાળાં તોડે છે, અને એનો લબાચો પીંખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આજે ભૂરા પટેલને માથે આભ તૂટી પડ્યું છે, એની આંખમાં શ્રાવણ–ભાદરવો વહે છે. આજે એને વસમી વેળા છે, પણ એની બાંય પકડનાર કોઈ નથી ! પાનાચંદ શેઠ કેસરિયા દૂધના કટોરા પીવા આગ્રહ કરતો નથી, કે કચરાલાલ મિઠાઇની ટોપલી ધરતો નથી !

"બીજું તો ઠીક, પણ મારી છોડીઉંનો કરિયાવર ન વીંખાય તો સારૂં." ભૂરા પટેલે મહામુશીબતે હોઠ અને જીભ ભેગી કરતાં કહ્યું.

"ભૂરા કાકા ! છાનામાના બેસો. બધું થતું હશે એમ થશે."
કચરાલાલે સંભળાવી દીધું.

"હમણાં તે ભૂરા પટેલની ફાટ બહુ વધી ગઇ હતી. હમણાં તો કાયદેથી બહુ હાલવા જતો હતો. કાંક મંગાવીએ તો કહેશે કે કાયદો ક્યાં છે ? પોતે તો આપે નહિ, પણ કોઇને આપવા યે દે નહિ." એક જપ્તીકારે ટોણું માર્યું.

"તદ્દન ખરી વાત છે. એક વાર અમારે છોકરાંને મીનલ માતાએ દર્શન કરવા જવું હતું. મેં કહેવડાવ્યુ હતું કે, થોડા ઘણા વેઠના પૈસા પણ આપીશ. તોયે કહે કે ઘરકામે વેઠ નહિ મળે." થાણદારે ઘણા દિ'ની દાઝ કાઢી.

"હા થાણદાર શા'બ ! એની ફાટ એવી જબરી હતી."

"આ રૈયા ઈજ લાગના છે ! એને કચરાલાલ જેવા કોક મળવા જોઇએ ! દબાવ્યેજ પાંસરા રહે !" થાણદારે પોતાનો બધો રોષ છેલ્લા વાક્યમાં ઠાલવી દીધો.

("નવરચના"ના એક અંકમાંથી)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૦—एकज हथियार

(કારખાનામાં હડતાલ પડી છે. એ હડતાલ ઉપરથી ઉભી થયેલી પરિસ્થિતિનો વિચાર કરવા માટે ડાયરેકટરોની સભા મળી છે. એ સમયે હડતાલિયા કામદારોના મુખ્ય આગેવાનની પત્ની અવસાન પામ્યાના સમાચાર આવે છે. ત્યાંથી આ દશ્ય શરૂ થાય છે.)

સમયઃ સાંજના ચાર વાગ્યાનો.

સ્થળઃ કારખાનાના મેનેજીંગ ડાયરેકટરના બંગલાનું દિવાનખાનું; અને દિવાનખાના પાછળની પરસાળ.

પાત્રો

અવિચળરાય—કારખાનાનો મેનેજીંગ ડાયરેકટર.

ઉમાકાન્ત—અવિચળરાયનો જુવાન પુત્ર અને કંપનીનો એક ડાયરેકટર.

વામનરાવ—કંપનીનો ડાયરેકટર

સંતોકરામ—કંપનીનો ડાયરેકટર

વાસુદેવ—કંપનીનો ડાયરેકટર

ત્રિકમલાલ—કંપનીનો જનરલ મેનેજર

ઇલા—અવિચળરાયની પુત્રી અને ઉમાકાન્તની બહેન

સૂચિત પાત્રો—કામદારોના આગેવાન રાઘવજી અને એની પત્ની અજવાળી

(ઇલા પરસાળમાં ઉભી છે. અજવાળીના હમણાંજ સાંભળેલા અવસાનના સમાચારથી એ ગમગીન છે. દિવાનખાનામાં ડાયરેકટરોની સભા ચાલે છેઃ એનો અવાજ પરસાળમાં સંભળાય છેઃ તેટલામાં દિવાનખાનાનું બારણું ઉઘડે છેઃ દિવાનખાનામાંથી અવિચળરાય બહાર આવે છેઃ પરસાળમાં પડેલી ખુરશીઓમાંથી એક આરામખુરશી ઉપર એ બેસે છેઃ એના ચહેરા ઉપર રોષની ઝાંય દેખાય છે.)

ઇલા—બાપુ! શું થયું ?

(અવિચળરાય દિવાનખાના તરફ આંગળીની ઇસારત કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મૌન સેવે છે.) કોણ હતો એ ? (અવિચળરાય નિરુત્તર રહે છે: દિવાનખાનામાંથી ઉમાકાન્ત બહાર આવે છે.) ભાઈ ! સભામાં શું થયું ? બાપુ કેમ રોષે ભરાયા છે ?

ઉમાકાન્ત—અરે, એ તો પેલો વામનરાવ. બોલતાં બોલતાં છેક જાત ઉપરજ ગયો. ખરે, એનું વર્તન તદ્દન અપમાનભર્યું હતું.

ઇલા—પણ એ એવું તે શું બોલ્યો ?

ઉમાકાન્ત— કહે કે બાપુને હવે અવસ્થા લાગી ગઈ છે ને 'સાઠી બુદ્ધિ નાઠી ' જેવું થઇ ગયું છે એટલે એ શું કહે છે, એનું એને ભાન નથી ! બાપુ તો હજી બાર વામનને ભરી પી જાય એવા છે. ખરૂં ને ઇલા ?

ઇલા—ચોક્કસ. એમાં વળી શક શો છે ?

(દિવાનખાનાનું બારણું ઉઘડે છે. કંપનીના બે ડાયરેક્ટરો, સંતોકરામ અને વાસુદેવ પરસાળમાં આવે છે)

સંતોકરામ—(સ્વગત) આવું તે વળી હોતું હશે ?

વાસુદેવ—(અવિચળરાય પાસે જઇને) અવિચળરાય ! હવે ગઈ ગુજરી ભૂલો. વામનરાવ તમારી પાસે માફી માગે છે. એક માણસથી બીજું વધારે શું થઇ શકે ?

વામનરાવ—(ત્રિકમલાલની સાથે બહાર પરસાળમાં આવીને અવિચળરાય તરફ જોઇને) હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. હું દિલગીરી બતાવું છું. (અવિચળરાય માથું નમાવીને દિલગીરી સ્વીકારે છે.)

ઇલા—તમે હજી કોઇ નિર્ણયપર આવ્યા કે નહિ, વાસુદેવભાઇ ?

(વાસુદેવ માથું ધૂણાવે છે)

વાસુદેવ—અવિચળરાય ! હવે તો આપણે બધા અહીંજ હાજર છીએ, સભાનું કામકાજ અહીંજ શરૂ કરવું છે કે દિવાનખાનામાં જવું છે ? અહીં જરા ઠંડક છે.

સંતોકરામ— હવે અહીંજ બેસોને મારા ભાઇ ! જેમ તેમ કરીને કામનો છૂટકો પાડો ને આપણે કાંઇક તો નિર્ણય કરવોજ પડશે ને?

(બધા અવિચળરાયની નજીકમાં ખુરશી ખેંચી બેસે છે. ત્રિકમલાલ સભાના કામકાજની નોંધ લેનારી મિનિટ બુક એક નાના મેજ ઉપર ગોઠવીને ગજવામાંથી ફાઉન્ટન પેન કાઢીને અવિચળરાય સામે જોઇ રહે છે.)

ઇલા—(ઉમાકાન્તને કાનમાં) ભાઈ ! જરા બહાર આવીશ ? મારે તને કંઈક કહેવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઇલા અને ઉમાકાન્ત બહાર જાય છે)

વાસુદેવ—ખરેખર, અવિચળરાય ! જૂઠી આશાથી આપણે આ વાત ખોરંબે નાખ્યા કરવી એ બરાબર નથી. કંપનીના ભાગદારોની સામાન્ય સભા પહેલાં જો આ હડતાલનો અંત નહિ લાવવામાં આવે તો ભાગદારો આપણી ખબર લઇ નાખશે.

સંતોકરામ—(ચમકીને) ભાગદારો-શેરહોલ્ડરો-એ-વળી શું ?

વાસુદેવ—ભાગદારોમાં આવી હિલચાલ ચાલે છે એ હું જાણું છું; એટલેજ હું તમને ચેતવું છું.

અવિચળરાય—ભલે લઇ નાખે, જોયું જશે.

વામનરાવ—શું ધૂળ જોયું જશે? ભાગદારો તમને તો ઠીક, પણ અમને પછી ડાયરેકટરો તરીકે રહેવા દે ખરા કે ?

વાસુદેવ—(અવિચળરાય તરફ જોઇ) જે જાતિમાં મને શ્રદ્ધા હોય એને ખાતર કંઇપણ સહન કરવું પડે તો તેનો મને રંજ ન થાય. પરંતુ કોઇક બીજાની માન્યતાને ખાતર મારી જાતને મુશ્કેલી કે ઉપવાસમાં મૂકવાનું મને બિલકુલ પસંદ નથી.

સંતોકરામ—તદ્દન વાજબી વાત. અવિચળરાય ! એમની વાત વાજબી છે.

અવિચળરાય—બીજા કારખાનાદારો તરફ આપણી ફરજ છે કે આપણે નમતું ન આપવું.

વાસુદેવ—પણ એનીયે કાંઇક હદ તો હોવી જોઇએ ને ?

અવિચળરાય—આરંભમાં તો તમારામાં લડવાનો ઘણો બધો જુસ્સો હતો; એ કયાં ગયો અત્યારે ?

સંતોકરામ—(નિરાશાભર્યા-રોષીલા અવાજે) અમે માનતા હતા કે હડતાલ લાંબી નહિ ચાલે ને કામદારો તરત તૂટી જશે. પણ-પણ, સાળી હડતાલ તો તૂટી નહિ !

અવિચળરાય—ચોક્કસ તૂટશે; કામદારો નમશેજ. નહિ નમે તો જશે કયાં ?

વામનરાવ—(આવેશમાં ખુરશી ઉપરથી ઉભા થઇ જાય છે) સાહેબ ! બજારમાં ને શહેરમાં વેપારી તરીકે મારી કાંઇક તો આબરૂ છે. કામદારોને ભૂખે મારીને નમાવવાના શુષ્ક સંતોષને ખાતર એ આબરૂ ગૂમાવવાનું મને મંજૂર નથી. (એની આંખમાં રોષની ભીતી ઝાંય આવે છે) મને આ વાત કબૂલ નથી. અત્યારના વેપાર-રોજગારની સ્થિતિ જોતાં આપણે ભાગદારોને શું મોં બતાવી શકીશું એનો પણ વિચાર કરવો જોઇએ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતોકરામ—વામનરાવભાઇની વાત તદ્દન બરાબર છે.

વામનરાવ—(આવેશથી) જો કોઇ માણસના મનમાં એવી કલ્પના સરખીયે હોય કે હું ભાગદારોને એમ કહીશ કે, મેં તમારી કંપનીને પચાસહજારની ખોટ કરી આપી છે, અને મારૂં ગુમાન વશ રાખવાને બદલે હું તમારા બીજા પચાસ હજાર-(અવિચળરાય તરફ જોઇને) આ તદ્દન અસ્વાભાવિક છે-અવિચળરાય! હું તમારો વિરોધ કરવા કે તમારી સામે જવા નથી માગતો, પણ—

વાસુદેવ—અવિચળરાય! એટલું તો ખરૂં ને કે આપણે તદ્દન સ્વતંત્ર તો નથીજ. આપણે યંત્રના એક અંગ છીએ. આપણું કામ એકજ: કંપનીને વધારેમાં વધારે નફો કરાવવો એજ. તમે કહેશો કે મારામાં કોઇ ધંધાદારી સિદ્ધાંત નથી. હું કહીશ કે, આપણે તો કેવળ ટ્રસ્ટીઓજ છીએ. મારી બુદ્ધિ મને કહે છે કે, આ હડતાલના પરિણામથી આપણને જેટલી ખોટ જશે એટલી હડતાલ દરમિયાન થતી પગારની બચતમાંથી કોઇ દિવસ નહિ વળી રહે. ખરેખર, આપણે આ હડતાલનો અંતજ લાવવો જોઇએ.

અવિચળરાય—એ બની શકશે નહિ.

(બધા મનમૂંઝવણ અનુભવતા એકબીજા સામે જોઇ રહે છે)

વામનરાવ—આ તો અગતિ-'ડેડલોક'ની વાત થઇ. હવે મારાથી હવાફેર કરવા માથેરાન નહિ જવાય.

વાસુદેવ—(વ્યંગથી) સાહેબ! આપની વલણનું પરિણામ જોયું?

વામનરાવ—(આવેશથી) મારી પત્ની બિમાર છે.

સંતોકરામ—(લાગણી બતાવતાં) ખરેખર? શું જણાય છે?

વામનરાવ—આ ઋતુમાં જો હું એને હવાફેર કરવા લઈ ન જાઉં તો એનું કેવું પરિણામ નીપજશે એ હું નથી કહી શકતો.

(ઇલા અને ઉમાકાન્ત અંદર આવે છે)

ઉમાકાન્ત—(પોતાના પિતા સામે જોઇને) બાપુ! તમે વાત સાંભળી? રાઘવજીની પત્ની અજવાળી ગુજરી ગઇ.

(દરેક જણ આ સમાચારનો મર્મ સમજવા એની સામે તાકી રહે છે) આપણી ઇલા બહેન આજ સવારે જોવા ગઇ હતી. એના ઘરમાં ખાવાનું અનાજ નહોતું, બાળવા માટે બળતણ નહોતું. ખરેખર, બહુ વિષમ થયું છે.)

(બધા ચૂપ છેઃ કોઇ કોઇની સાથે આંખો નથી મિલાવતાઃ અવિચળરાય પોતાના પુત્ર સામે અનિમેષ નજરે જોઇ રહે છે)

સંતોકરામ—તમે એમ તો કહેવા નથી માગતાને કે એ બિમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઈનું મોત આપણે અટકાવી શકયા હોત ?

વામનરાવ—(અસ્વસ્થતાથી) નહિ નહિ. એ બાઇની તબિયતજ નબળી હતી. એનું શરીરજ કમજોર હતું; કોઇ પણ માણસ આપણા ઉપર જરા સરખો ય દોષ મૂકી શકે એમ નથી.

ઉમાકાન્ત—(જુસ્સાથી) હું કહું છે કે, આપણેજ જવાબદાર છીએ.

અવિચળરાય—લડાઇ એ લડાઈજ છે.

ઉમાકાન્ત—પણ સ્ત્રીઓ સામે ?

વાસુદેવ—કદી કદી સ્ત્રીઓનેજ મોટે ભાગે સહેવું પડે છે.

ઉમાકાન્ત—જો આપણે એ વાત સમજતા હોઇએ તો આપણી જવાબદારી ઉલટાની વધે છે.

અવિચળરાય—ઉમાકાન્ત ! આમાં તારા જેવા ઉછરતા જુવાનનું કામ નથી; તું હજી પૂરો ઘડાયો નથી.

ઉમાકાન્ત—બાપુ ! તમે મને ગમે તેવો કહો, પરંતુ આ મૃત્યુ મને કારી લાગ્યું છે. આટલી હદ સુધી વાતને લંબાવવાનો આપણને કોઈ હક્કજ નથી.

વામનરાવ—થયું છે તો અજુગતું. એ રાંડને પણ હડતાલ દરમિયાનજ મરવાનું સૂઝયું ! છાપાંવાળા આ વાતનું વતેસર કરશે. જોજો તો ખરા, ન કરે તો મને કહેજો. એ લુચ્ચા એવી તો વાત જોડી કાઢશે કે એ ગરીબ બિચારી બાઇ ભૂખમરાથી મરી ગઇ ! હું તો મારા હાથ ખંખેરી નાખું છું આ વાત ઉપરથી.

ઉમાકાન્ત—તમે તમારા હાથ કોઇ દિવસ ખંખેરી નહિ શકો. આપણામાંથી કોઇ પોતાની જવાબદારી ભૂલી ભૂલાવી શકશે નહિ.

સંતોકરામ—પણ ..પણ...હું......વાંધો ઉઠાવું છું.

ઉમાકાન્ત—તમારે ઉઠાવવો હોય એટલો વાંધો ભલે ઉઠાવો. પરંતુ એથી હકીકતમાં કશો તફાવત તમે નહિ કરાવી શકો.

અવિચળરાય—ઉમાકાન્ત ! હવે બંધ કરો.

ઉમાકાન્ત—(ઉશ્કેરાયેલા અવાજે) નહિ બાપુ ! મારા દિલમાં શું થાય છે એ હું બરાબર કહેવા માગું છું. હડતાલિયાઓ કોઇ સંકટ નથી સહન કરતા એમ આપણે કહેતા હોઇએ તો આપણે જૂઠું બોલીએ છીએ, એમ આપણે માનતા હોઇએ તો જૂઠું માનીએ છીએ. હડતાલિયા જો સંકટ સહન કરતા હોય તો માનવસ્વભાવ સંબંધેના આપણા જ્ઞાનથી આપણે એટલું કહી શકીએ કે, હડતાલિયાની સ્ત્રીઓ પુરુષો કરતાં જરૂર વધારે સહન કરે છે. અને એમનાં બાળકો ? .... ખરેખર, આ આખું પ્રકરણ ખેદકારક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. (સંતોકરામ વચ્ચે પડવા માગતો દેખાય છેઃ એને હાથ વતી થોભાવીને ઉમાકાન્ત આગળ ચાલે છે) હું એમ નથી કહેતો કે આપણે ક્રૂર બનવા માગીએ છીએ; પરંતુ આપણે આપણી આંખો બંધ રાખીએ તો જરૂર ક્રૂરજ લેખાઇએ.

આપણે આ માણસોને રોજી આપીએ છીએ, અને આપણે એનાં પરિણામોમાંથી મુક્ત થઈ શકીએ નહિ. સ્ત્રીઓને ભૂખે મારીને હડતાલિયાઓને નમાવવાના કામમાં સાથ આપવા કરતાં હું કંપનીના ડાયરેક્ટર તરીકેનું રાજીનામું આપવાનું પહેલું પસંદ કરૂં.

(બધા ભોંય સામે જોઇ રહે છેઃ અવિચળરાય ખુરસીના હાથા ઉપર હાથ ટેકવી ઉમાકાન્ત સામે જોઇ રહે છે.)

સંતોકરામ—ખરેખર, ઉમાકાન્ત ! આવી રીતે વાત કરવાની તમારી રીત મને પસંદ નથી.

વાસુદેવ—ઉમાકાન્ત ! તમે જરા અતિશયોક્તિ કરતા લાગો છો.

વામનરાવ—એમજ લાગે છે.

ઉમાકાન્ત—આંખો મીંચ્યે હવે કાંઈ સાર નથી. તમારે સ્ત્રીઓના મોતના ભાર તમારા સહુના માથા ઉપર લાદવા હોય તો ભલે લાદો, હું પોતે એમાં હવે સાથ નથી આપવાનો.

સંતોકરામ—અરે ! અરે ! ઉમાકાન્ત ! એમ આકળા કાં થાઓ ?

વામનરાવ—તમારા સહુના. કેમ ? મારે પોતાને કશી લેવા દેવા નથી. હું કાંઈ જાણતોજ નથી.

ઉમાકાન્ત—બોર્ડના આપણે પાંચ સભાસદો છીએ. જો આપણા ચારનો વિરોધ હતો તો આપણે આ સ્થિતિ ઉભી થવા કેમ દીધી ? તમે જાણો છો કે શામાટે ? આપણે બધા એમ માનતા હતા કે આપણે કામદારોને ભૂખમરાથી નમાવી શકીશું. અને અત્યાર સુધીમાં આપણે એકજ બાઇને ભૂખે મારી શકયા !

સંતોકરામ—ખરે ! મારો વિરોધ છે. હું માણસ છું. ઇરાદાપૂર્વક કોઇને ભૂખે મારવાનું મને ગમે ખરૂં કે ? આપણે બધા માણસ છીએ.

ઉમાકાન્ત—જો મેં, તમે, આપણે બધાએ પહેલેથીજ આગ્રહ રાખ્યો હોત તો આ હડતાલનો અંત ક્યારનો ય આવી ગયો હોત. અને આ બિચારી બાઇના દેહમાંથી પ્રાણ આમ નીચોવાઇ નીચોવાઇને ભીંસાઇ ગયો ન હોત. આપણને ખબરે ન પડતી હોય, ને હજીયે કંઈક બાઇઓ ભૂખે મરતી હોય.

સંતોકરામ—ઈશ્વરને ખાતર......મહેરબાની કરીને-બોર્ડની સભામાં તમારે આવા શબ્દો વાપરવા ન જોઇએ. બહુ દિલગીરીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત છે-તમારા આ શબ્દો...

ઉમાકાન્ત—હું બોલીશ મારે જે બોલવું હશે તે.

સંતોકરામ—તો હું એ શબ્દો સાંભળીશ નહિ. એ શબ્દો સાંભળવાથી મને દુઃખ થાય છે. (આંગળીઓ કાનમાં પરોવે છે.)

વાસુદેવ—પણ સમાધાન કરવામાં અમારે કોઇને કયાં વાંધો છે? વાંધો છે એ તમારા બાપને છે.

ઉમાકાન્ત—મને લાગે છે કે જો શેરહોલ્ડરો આ સાંભળે તો—

વાસુદેવ—તો શું? એક બાઇનું હૃદય નબળું હતું એટલા માટે—

ઉમાકાન્ત—આ જાતના ઝઘડા દરેક માણસની નબળી કડીઓ શોધી કાઢીને એના ઉપર ઘા કરે છે. એક બાળક પણ આ વાત સમજે. પગારકાપ કરવાની આપણે નીતિ અખત્યાર ન કરી હોત તો એ બાઇ આ રીતે કૂતરાના મોતે મરી ન હોત. જેની આંખો બંધ ન હોય તેઓ જોઈ શકશે કે, કામદારો સંકટમાં દિવસો વીતાવે છે. એ સંકટો પણ ઉભાં ન થાત.

(અવિચળરાય પોતાના પુત્ર સામે અનિમેષ તાકી રહ્યા છે.) હું કોઇનો બચાવ નથી કરતો. નથી કામદારોનો પક્ષ કરતો; નથી આપણો પક્ષ કરતો; હું કેવળ ભૂખમરાનોજ વિરોધ કરૂં છું.

વાસુદેવ—બચાવ કરવાની યે વેળા આવશે. ભાઇ! કોરોનરની જ્યુરીમાં પણ જો કોઇ કામદારપક્ષના માણસ આવી ગયા તો વળી કડવી ટીકાઓ કરશે. આપણે આપણી સ્થિતિ ભૂલવી જોઇએ નહિ.

સંતોકરામ—કોરોનર! જ્યુરી! ખરેખર, એ તો ન બને. હૃદય બંધ પડવાથી બાઇ મરી જાય એના ઉપર કોરોનર જ્યુરી શું કામ ભરે? એમ કરવાનો એને અખત્યાર પણ શો?

ઉમાકાન્ત—મને આપણી નિર્બળતા ઉપરજ ખેદ આવે છે.

વામનરાવ—નિર્બળતા એ આકરો શબ્દ છે. ઉમાકાન્ત! આ બનાવ બન્યા પછી જો આપણે તરત નમતું મૂકીએ તોજ આપણે ખરેખરા નિર્બળ કહેવાઇએ. આપણે એ પણ ભૂલવું જોઇએ નહિ.

વાસુદેવ—બરાબર છે. આપણે જરા પણ નબળાઇ ન બતાવવી. આપણે આમ તો આ વાતજ કયાં જાણીએ છીએ? બાઇના મૃત્યુની આપણે તો અફવાજ સાંભળી છે! સત્તાવાર કાંઈ કયાં જાણ્યું છે?

સંતોકરામ—એમજ છે. (ઉમાકાન્ત સામે જોઇ) તમે આ આખી વાતની ચર્ચા જે રીતે કરી છે એ રીતથી મને તો ખૂબજ દુઃખ થયું છે. તમારે તમારા શબ્દો પાછા ખેંચવા જોઇએ. ભૂખમરો! નિર્બળતા! અમારા પોતાના વિચારો શું છે એ શું તમે નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણતા ? તમારા બાપ સિવાય આપણે બધા એકમત છીએ કે કામદારો તરફ શુભ દષ્ટિજ રાખવામાં સરવાળે સાર છે. આ બધું જાણ્યા પછી તમારા શબ્દ અસંગત છે. મને દુઃખ થાય છે. તમારા શબ્દો તમારે પાછા ખેંચવા જોઇએ.

ઉમાકાન્ત—હું એક પણ શબ્દ પાછો નથી ખેંચવાનો.

(ત્રિકમલાલ સભાના કામકાજની મિનિટ-બુક ઉઘાડી રાખીને બેઠો છેઃ એ કાંઈક લખે છેઃ સહુનું ધ્યાન એના તરફ જાય છે.)

વામનરાવ—ઉમાકાન્તે જે કહ્યું તે તરફ હું ધ્યાન નથી આપતો. કોરોનરની જ્યુરીનો ખ્યાલજ બેહૂદો છે. પ્રમુખે રજુ કરેલા ઠરાવમાં હું સુધારો મૂકું છું કે એક તટસ્થ લવાદના હાથમાં હડતાલની સમાધાનીનું કામ આપણે સુપ્રત કરવું, કોઇ મને ટેકો આપે છે ?

(ત્રિકમલાલ લખે છે.)

વાસુદેવ—હું ટેકો આપું છું.

વામનરાવ—બરાબર ! હવે હું પ્રમુખ સાહેબને મારા સુધારા ઉપર બોર્ડનો મત લેવાની વિનંતિ કરૂં છું.

અવિચળરાય—(નિસાસો મૂકીને ધીમેથી) આ સભામાં આપણા ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. (વામનરાવ ને સંતોકરામ તરફ એ તિરસ્કારથી જુએ છે) હું આ જવાબદારી મારે શિર વહોરી લઉં છું. મારી ઉંમર છોંતેર વર્ષની થઇ. બત્રીસ વર્ષથી આ કંપનીનો હું મુખ્ય વહીવટદાર છું. મેં આ કંપનીને મુસ્કેલીના વખતો ને આબાદીના વખતો પસાર કરતી જોઇ છે. મારો આ જુવાન પુત્ર અવતર્યો ત્યારથી આ કંપની સાથેનો મારો સંબંધ શરૂ થયો. (ઉમાકાન્ત માથું નમાવે છેઃ અવિચળરાય સખત અવાજે આગળ ચલાવે છે.) પચાસ વર્ષથી હું કામદારો સાથે કામ પાડતો આવ્યો છું અને હંમેશાં હું એમની સામે છાતી કાઢીનેજ ઉભો રહ્યો છું. આ કંપનીમાંજ કામદારોએ ચાર વાર જબરી હડતાલો પાડી છે, ને ચારે વાર મેં એમને નમાવ્યા. એમ કહેવાય છે કે હવે હું પહેલાં જેવો નથી રહ્યો. હશે, હજી મારામાં મારી માન્યતાઓને વળગી રહેવા જેટલી મરદાનગી તો છેજ. (એનો અવાજ વધારે ગંભીર બને છેઃ દિવાનખાનાના બારણામાં ઇલા આવીને ઉભે છે)

કામદારો પ્રત્યે ન્યાયથી વર્તવામાં આવે છે. એમને ઠીક પગારો આપવામાં આવે છે. એમની ફરિયાદો સાંભળવામાં આવે છે. કહેવાય છે કે હવે યુગ પલટાયો છે. યુગ ભલે પલટાયો, પરંતુ હું નથી પલટાયો ને ! અને મારે પલટાવુંયે નથી. કહેવાય છે કે માલિકો ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામદારો સમાન છે. એ વાત બેવકૂફીભરી છે. ઘરમાં તો એકજ માણુસ માલિક થઇ શકે. જ્યાં એક કરતાં વધારે માણસો જમા થાય ત્યાં વધારે સારો માણસજ અમલ ચલાવવાનો. કહેવાય છે કે, મૂડી અને મજૂરીનાં હિતો સમાન છે. એ વાત બેવકૂફી ભરી છે. એમના હિતો વચ્ચે આસ્માન-જમીનનું અંતર છે. કહેવાય છે કે, બોર્ડ એ યંત્રનો ભાગ છે. એ પણ બેવકૂફ વાત છે. આપણેજ યંત્ર છીએ. આપણેજ એની બુદ્ધિ છીએ. આપણા થકીજ એ યંત્ર હયાત છે. આગેવાની લેવાનો અને નિર્ણય કરવાનો આપણોજ અધિકાર છે. અને જરાયે ડર રાખ્યા વગર, જરાયે શરમ રાખ્યા વગર આપણેજ આપણા નિર્ણયો અમલમાં મૂકવાના છે. કામદારોની બીક! ભાગીદારોની બીક! આપણા પડછાયાની બીક! મને એવી કાંઈ બીક લાગે એના પહેલાં મારૂં મૃત્યુ ભલે આવે. (એ જરા થંભે છેઃ પોતાના પુત્ર સાથે એ આંખો મિલાવીને આગળ ચાલે છે.)

કામદારો સાથે કામ પાડવાનો એકજ રસ્તો છેઃ લોખંડી હાથે. આ જમાનાની અર્ધી ધંધાદારી, ને અર્ધી સભ્યતાવાળી રીતિનીતિએજ આજની સ્થિતિ ઉભી કરી છે. ભાવના, હૃદયની ઉદારતા અને મારો આ જુવાન પુત્ર એને સમાજવાદી પદ્ધતિ તરીકે ઓળખાવે છે. એજ આજની વિષમતા માટે ખરાં જવાબદાર લેખાવાં જોઇએ છે. આ મધ્યમ વર્ગની ઉર્મિલતા કે સમાજવાદી કે જે કહો તે તદ્દન નિરૂપયોગી વસ્તુ છે, એ ભાવનાજ સડેલી છે. માલિકો એ માલિકોજ છે, કામદારો એ કામદારોજ છે. એમની એક માગણી તમે સ્વીકારો એટલે તેઓ બીજી છ માગણીઓ રજુ કરશે. હું જો એમની જગ્યાએ હોઉં તો હું પણ એમજ કરૂં; પણ હું એમની જગ્યાએ નથી. મારા શબ્દો યાદ રાખજો. તમે આજે એમની વાતો સ્વીકારશો તો એક સમય એવો આવશે કે તમારે એમની સામે નમતાં નમતાં નાદારીના કાંપમાં ખૂતવું પડશે; અને તમારી સાથે તમને મુશ્કેલીમાં ઉતારનારા માણસો પણ એ કાંપમાં તરફડિયાં મારતા હશે. મને સત્તાશોખી-આપખુદ વહીવટદાર તરીકે ઓળખાવવામાં આવ્યો છે. મને મારા પોતાનાજ અભિમાનનો વિચાર કરતો જણાવાયો છે; પરંતુ હું વિચાર કરૂં છું આ દેશના ભાવીનો. આ દેશ ઉપર લોકટોળાની સરકાર સ્થપાતી ને અવ્યવસ્થાની આંધી ઉડતી મને દેખાય છે. મારા કોઇયે કામથી આ વસ્તુસ્થિતિ એક રજ જેટલીયે નજીક આવે તો હું મારા દેશબાંધવોના મુખ સામે જોઈ પણ શકું નહિ. (એ જરા શ્વાસ લેવા થોભે છેઃ એક પટાવાળો આવે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટાવાળો—કામદારોનું પ્રતિનિધિ મંડળ આવ્યું છે.

અવિચળરાય—એમને કહો કે જરા થોભો. (પોતાના પુત્ર સામે નજર મિલાવીને) હવે આ સભામાં મારા ઉપર મુકાએલા આક્ષેપ ઉપર હું આવું છું. એક બાઈ મરી ગઇ છે અને મને કહેવામાં આવ્યું છે કે એનું ખૂન મારા માથા ઉપર છે. અનેક સ્ત્રીઓ ને બાળકોના ભૂખમરા માટે મારા ઉપર જવાબદારી મૂકવામાં આવી છે.

ઉમાકાન્ત—મેં કહ્યું કે 'આપણા માથા ઉપર.'

અવિચળરાય—સરવાળે એકજ વાત છે. (એનો અવાજ ઘેરો બને છે) મેં જાતે નહિ શોધેલા કલહમાં મારા વિરોધીને સહન કરવું પડે તો એમાં મારો કોઇ દોષ હોય એમ હું નથી જાણતો. જો હું એના પગ નીચે પડું (અને પડુંયે ખરો) તો હું કાંઇ ફરિયાદ નહિ કરૂં. એ સમયે એ મારે જોવાનું છે. હું પુરુષ કામદારોને મારી ઇચ્છા હોય તોય સ્ત્રીઓથી કે બાળકોથી અલાહેદાં પાડી નથી શકતો. લડાઇ એ લડાઇ છે. કલહ વહોરતા પહેલાં આપણે બધો વિચાર કરવો જોઇતો હતો.

ઉમાકાન્ત—પણ આ લડાઈ અપમાનલડાઈ છે. એમના સામે જુઓ ને આપણા સામે જુઓ. એમની પાસે તો હથિયાર એકજ છે.

અવિચળરાય—(સખત અવાજે) અને એ હથિયારનો ઉપયોગ કેમ કરવો એ અમને શીખવવાની તમે ચોખ્ખી નબળાઈ બતાવો છો. આજકાલ પવન વાયો છે પોતાના દુશ્મનોનો પક્ષ ખેંચવાનો; મને એ કળા નથી આવડતી.

(બધા સામે જોઇને ખૂબ ગંભીર અવાજે)

આ સુધારો બોર્ડ સમક્ષ હું મૂકું એ પહેલાં હું એકજ શબ્દ કહેવા માગું છું. જો આ સુધારો પસાર થશે તો એનો અર્થ એ થશે કે આપણે આપણા કાર્યમાં નિષ્ફળ નીવડયા છીએ; એનો અર્થ એ થશે કે મૂડી પ્રત્યેની આપણી ફરજમાં આપણે ચૂકયા છીએ; એનો અર્થ એ થશે કે નિત્ય નવી માગણીઓ રજુ કરવાની આપણે મજૂરોને તક આપીએ છીએ, એનો અર્થ એ થશે કે આપણે પેશકદમીને ઇજન આપીએ છીએ. એક વાત ન ભૂલશો કે તમે એક વાર નમ્યા એટલે સદાકાળ તમારે તમારૂં શિર ઝુકાવેલું રાખવું પડશે. એ ભૂલશો ના કે આપણા જ કામદારોના ચાબૂકો આપણા બરડા પર પડશે. જો તમારે આ વસ્તુસ્થિતિ પેદા કરવી હોય, એ તમને પસંદ હોય તો જ તમે આ સુધારાની તરફેણમાં તમારો મત નોંધાવજો"+

(તા. ૨૭-૫-૩૪ ના "ફૂલછાબ"માંથી)

+ (જહોન ગાલ્સવર્ધીના "સ્ટ્રાઈક" નામના નાટક ઉપરથી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૧–માડાનું ઘર

(લેખકઃ–શ્રી. હિંમતલાલ ચુ. શાહ.)

નગીનદાસ મારા મિત્ર છે. તે અમદાવાદમાં વર્ષોથી રહે છે. એક દિવસ મારે તેમને ત્યાં જવું પડયું. સાંકડી શેરીમાંની એક લાંબી પોળના સાંકડા ખાંચામાં આવેલા એ મકાને જવા માટે મારે ત્રીસેક ફુટ લાંબો અને પાંચેક ફુટ પહોળો રસ્તો ઓળંગી જવું પડયું. એ રસ્તો ત્યાં આવેલાં મકાનોની બહારની ચકલીઓના પાણીથી હંમેશાં ભીનો રહેતો ને મચ્છરોને જન્મ આપી જીવાડતો. એ રસ્તો ઓળંગ્યા પછી ડાબા હાથની ગલીમાં ડાબા હાથનો ખાંચો પૂરો થતાં ત્યાં એક ખડકી આવેલી હતી અને તે ખડકીમાં ઘર હતું. ખડકી અહમદશા બાદશાહના વખતમાં બંધાઇ હતી, પણ તે જાહેર મિલ્કત નહિ હોવાથી ઐતિહાસિક બાંધકામોના સંરક્ષણના કાયદા તળે આવી નહોતી. સરકાર કરતાં મકાનમાલિક એ ઐતિહાસિક વસ્તુને બરાબર સાચવતો. એમાં સહેજ પણ સમારકામ કરી ઐતિહાસિકતાનું ખૂન એ નહોતો કરતો.

ખડકી ઉપરના મેડામાં રહેતો ભાડુઆત ઉતરાવેલા વિમાની ભારે રકમની આશા રાખતો હોય, તેને જીવન ઉપર કંટાળો આવ્યો હોય કે બીજું કોઇ કારણ હોય, પણ ભારે હિંમતથી રહેતો હતો. કદાચ ખડકીમાં અંધારૂં હોવાથી પોતાની હિલચાલ કોઇ દેખી ન જાય એ પણ ઉદ્દેશ હોય; નહિ તો તરાડો પડેલી ભીંતોને ક્યારે ઉંઘ આવી જશે તેની કાળજી ચોવીસે કલાક રાખવી પડે તેવા ઘરમાં રહે નહિ. ગમે તેમ હો, આંખોનું તેજ સાચવી રાખવાની કેટલી બધી જરૂર છે! તેનું ભાન કરાવતી ખડકી સહિસલામત પસાર કર્યા પછી નગીનદાસવાળું ઘર જણાતું. એ ઘરમાં રહેનાર માણસોને ગમે નહિ એ વસ્તુસ્થિતિ ઉભી ન થાય તે માટે ત્રણ ત્રણ મકાનો બાંધવામાં આવ્યાં હતાં. અલબત્ત, એ માટે મકાન ભાડે તો આપવુંજ જોઇએ, અને એ મકાનો અપાયાં હતાં. બધાં મકાનો સરખી લંબાઇ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોળાઇનાં હતાં એમ કહેવું જોઇએ. કહેવું એટલા માટે જોઇએ કે એક મકાન જરા વધારે પહોળું હતું ને તેમાં મકાનમાલિક રહેતો હતો. નગીનદાસનું ઘર નામે જે જગ્યા ઓળખાતી હતી તે જગ્યાએ જવા માટે શરૂઆતમાં એક દાદર ચઢવો પડતો. મનુષ્યોની નબળાઇઓ સામે આદર્શના પદાર્થપાઠના સાધનરૂપે મકાનમાલિકે મકાનો તૈયાર કર્યાં હતાં એટલે દાદરમાં સહેજ પણ ગફલતને સ્થાન નહોતું. જડ દાદર પોતાના માલીકના વિચારોને સમજી ગયો હોય તેમ ઘસાઇને કે એકાદ પગથિયું તોડી નાખીને સ્વામીભક્તિ બતાવતો હતો. દાદર સવા ફુટ બહુ તો દોઢ ફુટ પહોળો હતો અને એવી રીતે ગોઠવવામાં આવ્યો હતો કે બે પગથીઆં ચઢી ત્રીજા પગથીએ ચઢતાં માથાને કોઇ કઠણ વસ્તુનો સ્પર્શ થતો. કેટલાક રાભા જેવા માણસો આંખો મીંચીને એટલે કે અવલોકન કર્યા સિવાય હડફ હફ્ફ ચાલે છે એવાઓને પોતાની ત્રુટીનું–બેવકૂફીનું ભાન થાય તે ખૂબ જરૂરતું છે. કેટલાક માણસો કાળજી વગરના હોય છે. તેઓ ઝપાટાબંધ દાદર ચઢે ઉતરે છે ખરાં, છતાં કાળજીને અભાવે કોઈ વખત પડી જઇ ગંભીર સ્થિતિમાં આવી પડે છે. કોઈ પણ કામ વગર શાન્તિએ ન થવું જોઇએ. ચઢવા ઉતરવામાં પણ શાન્તિની અગત્ય છે. ઉતાવળે આંબા નથી પાકતા, પણ ગબડી પડવાથી પડેલા ઘા પાકે છે તે બતાવી આપતો એ દાદર ખરેખર મનોહર હતો. દેખાવમાં તો ઠીક હતો, પણ દેખાવને શું કરવો છે? સૌથી સારી શોભા તો ગુણ છે. અને કોણ કહેશે કે આવો સરસ બોધ આપનાર દાદર ગુણમાં ઉતરતો છે? એ દાદરને વંદન કર્યા પછી મુવો ન હોય કે માંદો ન પડયો હોય તે માણસ આગળ વધે છે. સામે એવાજ દાદરને જોઈ હિમાલયની તળેટીમાં ઉભો ઉભો ગૌરીશંકર જોતો હોય એમ ભડકે છે; પણ એમ ભડકવાની જરૂર નથી. સાહસ માટે માણસે ડુંગરો ચઢવા જોઇએ. દાદર ચઢવાની પ્રેક્ટીસ સિવાય ડુંગર ચઢવાની આશા વ્યર્થજ છે, એમાં બે મતને સ્થાન નથી. એ દાદર જોતાંજ મગજમાં પહેલા દાદરના એક ભવ્ય સ્વરૂપનું દર્શન થાય છે. એ દાદર ગોઠવતાં વિશ્વકર્માના શાસ્ત્રને કેટલો ન્યાય આપ્યો છે તે તો કોણ જાણે, પણ અર્થશાસ્ત્રને સંપૂર્ણ ન્યાય આપવામાં આવ્યો છે તે પહેલી નજરે કહી શકાય તેમ છે. એ દાદર ચઢયા પછી બે મકાનોના બીજે માળ અને એક મકાનના ત્રીજે માળ જઈ શકાય છે. કેટલું સરસ! કેટલી કળામય ગોઠવણ! અને વળી વધુ દાદરોનું ખર્ચ પણ બચે!

પહેલો દાદર ચઢી ચૂકયા પછી ઉભા રહી નીચે નજર નાખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામાં આવે તો, મગજમાં બીકનું સૂચન કરતો ઝણઝણાટ થાય. નાના સીધા અને ઉભા દાદરનાં પગથીઆંની કિનારીઓ જોઇ હિંમતવાન કવિને આકાશમાં ક્વચિત્ ગોઠવાઈ જાય છે તેવાં મોજાં જેવાં વાદળાંની સૂર્યપ્રકાશથી ચકચકતી બનેલી કિનારીઓના મોહક દૃશ્યનું સ્મરણ થાય. હિંમતવાન ન હોય તેવો કવિ તો ભડકીજ ઉઠે; છતાં નુકસાન ન થાય; તેની પાસેથી એકાદ સુંદર કરુણ રસભર્યું કાવ્ય જગતને મળ્યા સિવાય રહેજ નહિ. કવિને બદલે હિંમતના અભાવવાળો લેખક હોય (અને લેખકોમાં સ્ત્રીસન્માન હોય છેજ; પછી ભલે તે કલમનું હોય) તો તે પાણી ભરતાં સ્ત્રીઓને કેટલું જોખમ વેઠવું પડે, કેટલી હેરાનગતી ભોગવવી પડે તેના વિચારમાં ડૂબી મરે; પણ મકાનમાલિક કવિ કે લેખક હોવાના કમભાગ્યથી વંચિત છે તે એનો જવાબ તરત આપી દે તેમ છે. શહેરમાં સ્ત્રીઓને કસરત મળે તેવાં કામ હોતાં નથી. આથી કસરતની જરૂર છે અને બે દાદર ચઢી ઉતરી પાંચશેરની એક ડોલ પાણી લાવવાની એ કસરત ન થાય તો ગીચ વસ્તીવાળા શહેરની ખરાબ હવાની અસરથી બચવાનું કોઈ પણ સાધન રહેતું નથી. લોકહિત માટે કામ કરતી અમદાવાદની મ્યુનિસિપાલિટીએ પણ નગીનદાસના મકાનના માલિકના વિચારોને ટેકો આપ્યો છે, અને તે તેની ફરજ છે. બીજા કે ત્રીજા માળ સુધી પાણી ધસી જાય ને સ્ત્રીઓની તંદુરસ્તી બગાડે એવું ન બને તે માટે તેણે અપૂર્વ યોજના કરી છે. મ્યુનિસિપાલિટી ત્રીજા–ચોથા માળ સુધી પાણી આપત તો સ્ત્રીઓનું મરણપ્રમાણ કેટલું ભયંકર થઇ પડત! અલબત્ત, કેટલાક લત્તાઓમાં બીજે ત્રીજે માળ પાણી ચઢે છે, પણ તે ભૂલથી ચઢી જતું હોય અગર તો એ લત્તાઓમાં વસ્તીની ગીચતા ઓછી હોવાથી હવા સારી હોવાનો સંભવ જણાતો હોય તેથી હોય.

—પણ આ તો વિષયાન્તર થઈ ગયું. નગીનદાસની જગ્યાએ આગળ વધવું જોઇએ. બીજો દાદર પહેલા દાદરથી ઉતરે તેવો નહોતો, તે નવો હોવાથી પહેલા કરતાં વધારે રૂપાળો દેખાય છે; પણ પહેલા કરતાં આદર્શને વધારે વફાદાર છે, એ લગભગ ઉભો રહેલો હોવાથી મનુષ્યને જે ઉચ્ચ ગુણોની પહેલો દાદર અપેક્ષા રાખે છે તે ગુણોની આ દાદર વધુ અપેક્ષા રાખે છે. એથી અર્થશાસ્ત્ર તરફની વફાદારી અભંગ રહે છે તે કહેવાની જરૂર નથી. એ દાદર ચઢયા પછી કોઇ ક્રીકેટ ગ્રાઉન્ડમાંથી કાપી આણેલા જમીનના ટુકડા જેવો સપાટ અને અઢાર ફીટ લાંબો તથા આઠેક ફીટ પહોળો ખંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગીનદાસનું ઘર હોવાનું અભિમાન ધરાવે છે. એના એક ખૂણામાં બે ફીટ લાંબી–પહોળી ચોકડી આવી રહી છે. ઘણાને એમાં નાહવાનું ન ફાવે એમ લાગે, પણ સાંકડામાં સાંકડી જગ્યામાં નાહવું અને પાણી બહાર ન પડે તે જાળવવું એમાં ઓછી આવડત ને સંસ્કારિતા નથી.

ચોકડી ઉપાડવા સિવાય ગૃહશણગાર માટે ત્યાં બધી સ્વતંત્રતા છે. ચૂલો ચોકડીની સામેના ખૂણામાં રાખો કે સામેની ભીંતના કોઇ ખૂણામાં રાખો. પાણીઆરા માટે પણ તેવુંજ છે. તમને અનુકૂળ થઇ પડે તેમ કરો. ભાડુઆતની પ્રાણપ્રિય સ્વતંત્રતા જાળવવા મકાનમાલિકે ઓછો વિચાર નથી કર્યો. રસોડાનું કે પાણીઆરાનું પાણી સીધું આગળ વધી જાય તેવી ગોઠવણ કરવામાં આવે તો મુકરર સ્થાન પસંદ કરવું પડે ને સ્વતંત્ર માર્ગનો ઘાત થાય. પોતાના પતનને ભોગે ભાડુઆતોનો ઉદ્ધાર કરવાની અપેક્ષાવાળા આપભોગી મકાનમાલિક એવું કુકર્મ નજ કરે–ન કરી શકે એટલેજ પાણી ઉલેચવાનું રાખ્યું છે. આમાં મકાનમાલિકના પૈસા બચે છે તે સાચી વાત, પણ આવા ઉદાત્ત વિચારો આગળ પૈસાની એ બાબત તુચ્છ છે. સામાન સામેની ભીંત આગળના અંધારા ભાગમાં રાખતાં ઝેરી જીવજંતુનો ભય હતો ને અજવાળે એટલે કે ચોકડીની સામી બાજુમાં રાખે તો દેખાવ બગડવાનો સંભવ હતો, તે સાથે બેઠક ક્યાં રાખવી તેનો નિર્ણય કરવાનો કોયડો હતો. નગીનદાસે કહેલું કે, એ બધા વિચાર કરતાં સામાન ત્રણ દિવસ વચ્ચોવચ પડી રહ્યો હતો. અસ્તવ્યસ્ત સામાનની વચ્ચે પડેલાં ગોદડાં ઉપર બેસી વિચાર કરતા નગીનદાસનું ચિત્ર હું કલ્પી શકું છું.

સામેની એકની એક બારીમાંથી અજવાળું આવતું હતું એટલે અર્ધા ભાગમાં પ્રકાશ હતો ને તે ઇરાદાપૂર્વકની યોજનાના ફળરૂપ હતું. સૂર્યનો તાપ આવે ત્યારે તો સૌ કોઈ તંદુરસ્તી જાળવી શકે; તેના અભાવમાં તંદુરસ્તી જાળવવી તેમાંજ ખરો પુરુષાર્થ છે.

સામાન ગોઠવાઇ ગયા પછી કલાની દૃષ્ટિએ ભીંતો ખરાબ ન થાય તે માટે કાળજી રાખવામાં આવી હતી. નગીનદાસના સદ્‌ભાગ્યે ત્રણ બાજુની ભીંતો લાકડાના પાટીઆની હતી એટલે ખીલા મારી વસ્તુઓ લટકાવી દેખાવ બગાડી શકાય તેમ નહોતું. અને પાટીઆં પણ એવાં હતાં કે ખીલી જેવી દુઃખદાયક વસ્તુને સ્થાન આપે નહિ. આથી સૂપડું, ટોપલી કે મેલાં કપડાં ખીંટી ઉપર લટકાવી રાખવાથી ખરાબ દૃશ્ય ઉપસ્થિત થાય છે તેવું નગીનદાસના ઘરમાં થયું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામાં આવે તો, મગજમાં બીકનું સૂચન કરતો ઝણઝણાટ થાય. નાના સીંવા અને ઉભા દાદરનાં પગથીઆંની કિનારીઓ જોઇ હિંમતવાન કવિને આકાશમાં ક્વચિત્ ગોઠવાઈ જાય છે તેવાં મોજાં જેવાં વાદળાંની સૂર્યપ્રકાશથી ચકચકતી બનેલી કિનારીઓના મોહક દૃશ્યનું સ્મરણ થાય. હિંમતવાન ન હોય તેવો કવિ તો ભડકીજ ઉઠે; છતાં નુકસાન ન થાય; તેની પાસેથી એકાદ સુંદર કરુણ રસભર્યું કાવ્ય જગતને મળ્યા સિવાય રહેજ નહિ. કવિને બદલે હિંમતના અભાવવાળો લેખક હોય (અને લેખકોમાં સ્ત્રીસન્માન હોય છેજ; પછી ભલે તે કલમનું હોય) તો તે પાણી ભરતાં સ્ત્રીઓને કેટલું જોખમ વેઠવું પડે, કેટલી હેરાનગતી ભોગવવી પડે તેના વિચારમાં ડૂબી મરે; પણ મકાનમાલિક કવિ કે લેખક હોવાના કમભાગ્યથી વંચિત છે તે એનો જવાબ તરત આપી દે તેમ છે. શહેરમાં સ્ત્રીઓને કસરત મળે તેવાં કામ હોતાં નથી. આથી કસરતની જરૂર છે અને બે દાદર ચઢી ઉતરી પાંચશેરની એક ડોલ પાણી લાવવાની એ કસરત ન થાય તો ગીચ વસ્તીવાળા શહેરની ખરાબ હવાની અસરથી બચવાનું કોઈ પણ સાધન રહેતું નથી. લોકહિત માટે કામ કરતી અમદાવાદની મ્યુનિસિપાલિટીએ પણ નગીનદાસના મકાનના માલિકના વિચારોને ટેકો આપ્યો છે, અને તે તેની ફરજ છે. બીજા કે ત્રીજા માળ સુધી પાણી ધસી જાય ને સ્ત્રીઓની તંદુરસ્તી બગાડે એવું ન બને તે માટે તેણે અપૂર્વ યોજના કરી છે. મ્યુનિસિપાલિટી ત્રીજા-ચોથા માળ સુધી પાણી આપત તો સ્ત્રીઓનું મરણપ્રમાણ કેટલું ભયંકર થઇ પડત! અલબત્ત, કેટલાક લત્તાઓમાં બીજે ત્રીજે માળ પાણી ચઢે છે, પણ તે ભૂલથી ચઢી જતું હોય અગર તો એ લત્તાઓમાં વસ્તીની ગીચતા ઓછી હોવાથી હવા સારી હોવાનો સંભવ જણાતો હોય તેથી હોય.

—પણ આ તો વિષયાન્તર થઈ ગયું. નગીનદાસની જગ્યાએ આગળ વધવું જોઇએ. બીજો દાદર પહેલા દાદરથી ઉતરે તેવો નહોતો, તે નવો હોવાથી પહેલા કરતાં વધારે રૂપાળો દેખાય છે; પણ પહેલા કરતાં આદર્શને વધારે વફાદાર છે, એ લગભગ ઉભો રહેલો હોવાથી મનુષ્યને જે ઉચ્ચ ગુણોની પહેલો દાદર અપેક્ષા રાખે છે તે ગુણોની આ દાદર વધુ અપેક્ષા રાખે છે. એથી અર્થશાસ્ત્ર તરફની વફાદારી અભંગ રહે છે તે કહેવાની જરૂર નથી. એ દાદર ચઢયા પછી કોઇ ક્રીકેટ ગ્રાઉન્ડમાંથી કાપી આણેલા જમીનના ટુકડા જેવો સપાટ અને અઢાર ફીટ લાંબો તથા આઠેક ફીટ પહોળો ખંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગીનદાસનું ઘર હોવાનું અભિમાન ધરાવે છે. એના એક ખૂણામાં બે ફીટ લાંબી-પહોળી ચોકડી આવી રહી છે. ઘણાને એમાં નાહવાનું ન ફાવે એમ લાગે, પણ સાંકડામાં સાંકડી જગ્યામાં નાહવું અને પાણી બહાર ન પડે તે જાળવવું એમાં ઓછી આવડત ને સંસ્કારિતા નથી.

ચોકડી ઉપાડવા સિવાય ગૃહશણગાર માટે ત્યાં બધી સ્વતંત્રતા છે. ચૂલો ચોકડીની સામેના ખૂણામાં રાખો કે સામેની ભીંતના કોઇ ખૂણામાં રાખો. પાણીઆરા માટે પણ તેવુંજ છે. તમને અનુકૂળ થઇ પડે તેમ કરો. ભાડુઆતની પ્રાણપ્રિય સ્વતંત્રતા જાળવવા મકાનમાલિકે ઓછો વિચાર નથી કર્યો. રસોડાનું કે પાણીઆરાનું પાણી સીધું આગળ વધી જાય તેવી ગોઠવણ કરવામાં આવે તો મુકરર સ્થાન પસંદ કરવું પડે ને સ્વતંત્ર માર્ગનો ઘાત થાય. પોતાના પતનને ભોગે ભાડુઆતોનો ઉદ્ધાર કરવાની અપેક્ષાવાળા આપભોગી મકાનમાલિક એવું કુકર્મ નજ કરે-ન કરી શકે એટલેજ પાણી ઉલેચવાનું રાખ્યું છે. આમાં મકાનમાલિકના પૈસા બચે છે તે સાચી વાત, પણ આવા ઉદાત્ત વિચારો આગળ પૈસાની એ બાબત તુચ્છ છે. સામાન સામેની ભીંત આગળના અંધારા ભાગમાં રાખતાં ઝેરી જીવજંતુનો ભય હતો ને અજવાળે, એટલે કે ચોકડીની સામી બાજુમાં રાખે તો દેખાવ બગડવાનો સંભવ હતો, તે સાથે બેઠક ક્યાં રાખવી તેનો નિર્ણય કરવાનો કોયડો હતો. નગીનદાસે કહેલું કે, એ બધા વિચાર કરતાં સામાન ત્રણ દિવસ વચ્ચોવચ પડી રહ્યો હતો. અસ્તવ્યસ્ત સામાનની વચ્ચે પડેલાં ગોદડાં ઉપર બેસી વિચાર કરતા નગીનદાસનું ચિત્ર હું કલ્પી શકું છું.

સામેની એકની એક બારીમાંથી અજવાળું આવતું હતું એટલે અર્ધા ભાગમાં પ્રકાશ હતો ને તે ઇરાદાપૂર્વકની યોજનાના ફળરૂપ હતું. સૂર્યનો તાપ આવે ત્યારે તો સૌ કોઈ તંદુરસ્તી જાળવી શકે; તેના અભાવમાં તંદુરસ્તી જાળવવી તેમાંજ ખરો પુરુષાર્થ છે.

સામાન ગોઠવાઇ ગયા પછી કલાની દૃષ્ટિએ ભીંતો ખરાબ ન થાય તે માટે કાળજી રાખવામાં આવી હતી. નગીનદાસના સદ્ભાગ્યે ત્રણ બાજુની ભીંતો લાકડાના પાટીઆની હતી એટલે ખીલા મારી વસ્તુઓ લટકાવી દેખાવ બગાડી શકાય તેમ નહોતું. અને પાટીઆં પણ એવાં હતાં કે ખીલી જેવી દુઃખદાયક વસ્તુને સ્થાન આપે નહિ. આથી સૂપડું, ટોપલી કે મેલાં કપડાં ખીંટી ઉપર લટકાવી રાખવાથી ખરાબ દૃશ્ય ઉપસ્થિત થાય છે તેવું નગીનદાસના ઘરમાં થયું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું લખ્યા પછી સમજાય છે કે, સુંદર વસ્તુઓનું સંપૂર્ણ વર્ણન કરવું તે સુંદરતાનો હ્રાસ કરવા બરાબર છે. આથી નગીનદાસ જે જગ્યાનું ભાડું ભરે છે તે જગ્યાએથી ખસવું જોઇએ. ખસવા માટે દાદર ઉતરવા જોઇએ—એક નહિ પણ બે.

નીચે ઉતરતાં આ મકાનનું અતિ મહત્ત્વનું એક અંગ દૃષ્ટિ સામે આવે છે. તે છે ચકલી. ચકલીઓ બે છે, પણ એક તે મકાનમાલિકની એકલાની છે અને તેને તાળું મારવામાં આવે છે. આમાંયે મકાનમાલિકની ઉચ્ચ દૃષ્ટિ સિવાય બીજું કંઇ નથી. દિવસનો મોટો ભાગ ચકલીઓનાં મોં સૂકાં રહે છે એટલે ધમાલ થાય. વહેલું પાણી ભરવા પડાપડી કે કોઇ વખતે લડાઇ થાય; પણ આ બધા પાછળ વિહ્વળ બન્યા સિવાય, સહકારથી અને નિયમિતતા જાળવી કામ કરવાની ટેવ પડે એ મહાન ઉદ્દેશ ઉભો છે.

એ મકાનનું બીજું અતિ સુંદર અંગ છે જાજરૂ. એનાં બારણાં તૂટી ગયાં હતાં, અંદર ભેજ અને મચ્છરનો વસવાટ હતો. સાંકડું પણ એટલું કે માણસ મુશ્કેલીથી કેટલાંયે અંગમરોડ પછી અંદર ગોઠવાઇ શકે. બીજાની નજરે આ બધું ખરાબ લાગે, પણ મકાનમાલિકનો આ માટે જવાબ હતો: ઘણા માણસો અધો—પોણો કલાક જાજરૂમાં વીતાવે છે. એવાઓ સીધા થાય તે માટે ગંધ હોવાની અગત્ય છે. ભાડુઆતોનાં નાનાં મોટાં મળી ૨૬ માણસો એ જાજરૂ વાપરે છે અને તે શરમની નહિ પણ ગૌરવની વાત છે. દૂર દૂરથી આવી વસેલાં એ માણસોમાં એથી સહકારથી કામ કરવાની ટેવ પડે છે ને બંધુત્વની ભાવના વિકસે છે. લોટો લઇને હારબંધ ઉભું રહેવામાં સંયમ પણ કેળવાય છે. ઇંદ્રિયો ઉપર કાબુ મેળવવા યોગીઓ અતિ ઉગ્ર તપશ્ચર્યા કરે છે, પણ અહીં તો અતિ અલ્પ તપશ્ચર્યાથી અતિ મોટું ફળ પ્રાપ્ત થાય છે. પણ અફસોસની વાત એ છે કે, પ્રત્યેક બાબતમાં નગીનદાસના મકાનના માલિકના વિચારો સાથે સહમત થનાર મ્યુનિસિપાલિટી આ બાબતમાં સહમત થઇ શકતી નથી. એનું કારણ મારી સમજણમાં આવતું નથી. મ્યુ૦ કહે છે કે, ગંદાં જાજરૂથી રોગનાં જંતુઓ ફેલાય છે. વાત સાચી હશે. તો શું ગંદાં અંધારિયાં ઘર રોગનાં જંતુઓનો નાશ કરે છે? દાદર પાછળ, અંધારા ખૂણામાં, પાણી વહી જવાની અપૂર્ણ ગોઠવણવાળી ચોકડીઓમાં તંદુરસ્તીવર્ધક જંતુઓ વસે છે?

ગમે તેમ હો; પણ મકાનમાલિક ભાડુઆતની ઝીણામાં ઝીણી બાબત માટે કેટલી કાળજી રાખે છે તે તો તે મહિનામાં બે દહાડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછા હોય ત્યારથી ભાડાની ઉઘરાણી કરે છે તે ઉપરથી સમજાય છે. વ્યવહારમાં ચોખ્ખા રહેવું તે દરેક માણસની ફરજ છે. માથે દેવું ન કરવું તે તો સુખનો પરમ માર્ગ છે. આ બધાનો વિચાર કરી મકાનમાલિક ભાડુઆતને માથે પોતાના મકાનના એક મહિનાનાયે ભાડાનું દેવું ન થાય તે માટે કાળજી રાખે છે.

મકાનના ભાડા તરીકે રૂા. ૧૦) નગીનદાસ આપે છે, પરંતુ મ્યુ. રેકર્ડ ઉપર રૂા. ૪) જ છે. શું કરે ? મકાનમાલિકને ભાડાની વધારે આવક થતી જોઈ મ્યુ. ની આંખમાં કરકર આવે છે ને તે ટેક્સના વધારે પૈસા લે છે. અદેખા અને લાલચુને ધૂતવાજ જોઇએ. કારણ કે ' લોભીઆ વસે ત્યાં ધૂતારા ભૂખે ન મરે ' એ કહેવત છે.

(" આરામ " ના એક ખાસ અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૨–કૌપીનધારી

(લેખકઃ—શ્રી. રસિક વીણુ બી. એ.)

કિશોર યુવાન હતો, છતાં એક વિચિત્ર યુવાન હતો; દરેક રીતે વિચિત્ર યુવાન હતો. વિચારોમાં, લાગણીઓમાં અને વર્તનમાં બીજા યુવાનોથી એ જુદોજ પડતો. બીજાઓને જે જરૂરી વ્યવહાર લાગતો તે એને મન સમાજની ખોટી શરમ હતી. બીજાઓને જે વિવેક લાગતો તે એને ખુશામત, દંભ અને સ્વમાનહાનિ લાગતાં.

પિતાએ એને સ્નાતક થતાં સુધી ભણાવ્યો, સમાજમાં સ્નાતક હોવાની કીર્તિ મેળવવામાં, માન મેળવવામાં મદદ કરી. હવે એના પિતા એની પાસે પરણીને કુટુંબની સેવા કરવાની આશા રાખે એમાં શું ખોટું છે? તેમજ થયું. પણ પિતાની એ આશા આ વિચિત્ર યુવાન કેમ પૂરી પાડે?

સ્નાતક થતાં પહેલાં એને તો શીખવાયું હતું કે જ્યાં સુધી સમાજમાં એક પણ વ્યક્તિને જીવનની ક્ષુલ્લક જરૂરીઆતો પણ ન મળી રહે, ત્યાં સુધી બાકીના સમાજને માથે પોતાના સમાજશરીરના અંગને, અવયવને ભૂખે મારી નાખવાનો આરોપ રહેવાનો.

વળી એ તો શીખ્યો હતો કે, જ્યાં સુધી સમાજમાં સૌને યોગ્ય કામ ન મળે, તેના બદલા તરીકે પૂરતું વળતર ન મળે અને સંપત્તિની યોગ્ય વહેંચણી ન થાય, ત્યાં સુધી પરણીને બાળકોની જંજાળ વધારી મૂકી, આપઘાત તરફ ઘસડાતા સમાજને, ભૂખમરો વધારી તે તરફ ઝડપથી ખેંચવો એ મોટું પાપ છે.

અને એક માણસ બીજા પોતાના જેવાજ હાથ પગ કાન અને બુદ્ધિવાળા માણસને અસ્પૃશ્ય ગણે, એનાથી અભડાઇ જાય, દૂર ભાગે, અડકીને નાહી નાખે, માનસિક દ્વેષ રાખી ઉભયનું અધઃપતન કરે, એને ગંદી નાદુરસ્ત જગ્યામાં અને સ્થિતિમાં રાખે, એને મનગમતી ઇશ્વરપ્રાર્થના કરવા ન દે, એની પાસે ગંદામાં ગંદુ કામ કરાવી, મેલું ઉપડાવીને પણ ભૂખે મારે એમાં કેટલો અમાપ અત્યાચાર રહ્યો છે એ તો એ સમજીજ નહોતો શકતો.

સ્નાતક થતાંજ કિશોરે પ્રતિજ્ઞા કરી હતી કે, જીવનભર કૌમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવી પોતે કહેવાતા અસ્પૃશ્યોની સેવા કરવી. આ આ ગુપ્ત પ્રતિજ્ઞાની ખબર કોઇને નહોતી, એટલે આજ સુધી સૌ શાંત હતાં; પણ કિશોરના લગ્ન વિષેની પિતાની તીવ્ર ઇચ્છાએ ધીમે ધીમે બળાત્કારનું રૂપ લીધું.

એ બળાત્કારના પરિણામે કિશોરને ઘર છોડી, કુટુંબ અને માતપિતાનો ત્યાગ કરી, પોતાની ધ્યેયપ્રાપ્તિને માટે સમાજથી દૂર થવું પડ્યું. જે સમાજે એને સીધી અને પરોક્ષ રીતે ઋણી કર્યો હતો એ સમાજની સેવામાં, એ સમાજને ઘોર પાતકમાંથી ઉગારી લેવા એણે નિશ્ચય કર્યો.

ગામબહાર એક નાની ઝૂંપડી બાંધી કિશોરે રહેવા માંડયું. એના મિત્રો ગણાતા બીજા યુવાનો એના આ વર્તનને ઘેલછા ગણવા લાગ્યા, હસવા લાગ્યા. એનાં માબાપને પણ એવું વર્તન નાદાનીભરેલું, અનુભવ વિનાનું, ક્ષણિક ટકનારૂં લાગ્યું; એમ માની એમણે સંતોષ મેળવ્યો અને ગામડાના સમાજે એને હસી કાઢયો, દંભી ગણ્યો, કાયર ગણ્યો, સૌ સૌની દૃષ્ટિએ એ નવો દેખાયો.

પણ કિશોરની ઝુંપડી સૂની ન પડી, એ પાછો ન પડયો, ન ફર્યો. ધીરે ધીરે એણે ઝૂંપડી વિસ્તારી, તે નાના આશ્રમરૂપ બનવા લાગી. કિશોરના જે મિત્રોએ એને હસી કાઢયો હતો, ઘેલો ગણ્યો હતો, એજ મિત્રો હવે એના કિશોર આશ્રમમાં વારંવાર આવી એની ભાવનાઓ સમજવા પ્રયત્ન કરવા લાગ્યા. આ તરફ કિશોરે પણ ભેખના ભગવા રંગો સૌના હૃદય પર છાંટવા માંડયા હતા.

થોડાજ વખતમાં એને સમજવા સમાજે કંઇક દરકાર બતાવી.

ગામમાં નારાયણનું એક મંદિર હતું. આજ સુધી કિશોર એ મંદિરમાં સાંજ પડયે નિયમિત દર્શને જતો. આજેજ અચાનક એને રોકવામાં આવ્યો. આજ સુધી એને આવો કડવો અનુભવ નહોતો થયો. આજે કડવો ઘુંટડો ગળવાનું એને વસમું લાગ્યું; શાથી?

કોઇએ ગામમાં વાત ફેલાવી હતી કે કિશોર ગામ બહાર રહેતા ઢેઢ–ભંગીઓના વાસમાં આવ–જાવ કરે છે; એમના છોકરાઓને અડકે છે, એમનાં ગંદાં ઘરોમાં, ઝુંપડાંઓમાં પેસે છે, કલાકો સુધી બધાને એકઠા બેસાડી વાતો કરે છે; એમનાં ભજન સાંભળવા રાત્રે મોડે સુધી ત્યાં રહે છે, એમના છોકરાઓને ઇનામ આપવાની લાલચે પોતાની ઝુંપડીમાં બોલાવે છે, રાંધતાં શીખવે છે અને પોતે અને એ લોકો તે ખાય છે!

આટલું બધું શા માટે? શું આ માણસને નારાયણના મંદિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમાં પેસવા દેવાય ? એને ઢેઢ-ભંગીને ત્યાં જવું હોય, જમવું હોય તો ભલે; પણ તેથી કાંઇ બ્રાહ્મણ-વાણીઆનો ધર્મ બગાડાય ?

આ વિચારશ્રેણીમાં કેટલું વજૂદ છે ?

ગમે તેમ હો, પણ કિશોરને અંદર જઇ નારાયણનાં દર્શન કરવાની મના કરવાથી એ બહારજ ઉભો ઉભો નમસ્કાર કરી પાછો ફર્યો. આ પ્રમાણે એ રોજ કરવા લાગ્યો.

મંદિરમાં જઇ દર્શન કરવામાં તો ઉલટો એને દોષ દેખાયો. જ્યારે ઢેઢ-ભંગી ભાઇઓને માટે ગમે તેટલી સ્વચ્છતા હોવા છતાં એ મંદિર અસ્પૃશ્ય હતું, ત્યારે પોતાને અંદર જઈ પ્રાર્થના કરવાનો શો હક્ક છે, તે એ સમજી શક્યો નહિ.

પણ ગામડીઆ સમાજમાં વાત ખૂબ ફેલાઇ. કિશોરનાં માતા-પિતાને ખૂબજ દુઃખ થતું. એ દુઃખ અજ્ઞાન અને મમતાનું હતું. એમની દૃષ્ટિએ સમાજમાં પોતાની આબરૂ સદંતર ગઇ હતી; એમને મોઢું બતાવવું ન ગમતું.

કિશોરે પોતાની સાથે ઢેડભંગી મિત્રોને લઇ દર્શને આવવા માંડયું. નિયમિત સવાર-સાંજ નારાયણની આરતી વેળાએ કિશોર અને એના અસ્પૃશ્ય ગણાતા મિત્રો મંદિરની બહાર પૂર્ણ ભક્તિ-ભાવથી ઉભા ઉભા આરતિ ગાતા, અને દૂરથી આછી દેખાતી નારા-યણની આકૃતિને મંદિરપ્રવેશની રજા કે હુકમ આપવા વિનંતિ કરતા.

પણ ઘણાએ દિવસો થયા છતાં નારાયણે અંદર આવી દર્શન કરવાની રજા ન આપી; તેમ છતાં પ્રાર્થના તો રોજ ચાલુજ રહી.

મંદિરના માલિકો અને આશ્રિતોને બીક લાગી, કેટલીક અફ-વાઓ ચાલી કે કિશોર અને એના સાથીઓ મોટી એકાદશીને દિવસે મંદિરમાં બળજબરીથી પ્રવેશ કરવાના છે. મોટા ભાગના લોકોએ આ વાત ન માની. એટલે અફવાઓ ઉડાવી કિશોરને હાનિ પહોં-ચાડવા મથતા શત્રુઓએ એમાં મીઠું મરચું ભભરાવવા માંડયું. વાત ચાલી કે, એ લોકો નારાયણની મૂર્તિને અભડાવી આપણે માટે નકામી કરવા માંગે છે. વળી બીજી અફવા ઉપડી કે, કિશોર આવા ધતીંગ હેઠળ મંદિરમાં લૂંટ ચલાવી મૂર્તિનાં ઘરેણાંગાંઠાં પડાવી લેવા માંગે છે.

આ બધી વાતોમાંથી એટલું બન્યું કે સીમ સાચવતા પઠાણો મંદિરને બારણે બેઠા. હિંદુધર્મની રક્ષા કરવા પરધર્મીઓને લાઠી આવી.

તોપણ અફવાઓમાં સત્ય ઘટનાના પડછાયા હતા. એક દિવસે કોઇ કૌપીનધારી સંન્યાસી ગામને પાદરે આવ્યો. કિશોરની વાણી એને નિષ્કપટી લાગી, એનું હૃદય નિખાલસ, ન્યાયી અને શુદ્ધ લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસીએ ત્યાંજ મુકામ કર્યો, એનેએ સ્થાન ખૂબ ગમ્યું. કિશોર-ના સાથીઓ એના સાથીઓ, પૂજારીઓ બન્યા.

સંન્યાસીને ગામની ચર્ચામાં રસ પડયો. એણે કિશોર અને એના અસ્પૃશ્ય ગણાતા સાથીઓને લઇ મંદિરપ્રવેશનો નિશ્ચય કર્યો. એમ કરીને એનો વિચાર ઢેડ–ભંગીઓને, હરિજનોને પોતાનો હક્ક આપવાનો હતો.

દિવસ નક્કી થયો. એટલે જેમનામાં પ્રભુપ્રેમ હતો, સાચી ભક્તિ હતી, ન્યાય મેળવવાની અને અપાવવાની તીવ્ર જિજ્ઞાસા હતી, તે સૌ મંદિરપ્રવેશ માટે તૈયાર થયા અને ઉપડયા.

ગામ લોકોનાં મન ઉંચાં થયાં. શ્રદ્ધાળુ સૌને ભારે ચિંતા થવા લાગી. મંદિર સાચવનાર પઠાણોએ પોતાની આવડત લાઠી વાપરવામાં બતાવવા માંડી. એક પડયા, બે પડયા, ત્રણ પડયા, જોરથી લાઠી વીંઝાઇ અને એક ફટકો પેલા પવિત્ર સંન્યાસીના ખુલ્લા માથા ઉપર પડયો.

એ તમ્મર ખાઇ નીચે ઢળી પડયો.

મંદિરમાં મોટો ધડાકો થયો: "ભાગો, ભાગો, સબુર સબુર"ની બૂમો સંભળાઈ. પઠાણોની લાઠી અટકી પડી.

બ્રાહ્મણો દોડી આવ્યા. કેટલાક બૂમો પાડવા લાગ્યા: "અરે! અરે! નારાયણની મૂર્તિના કકડા થઇ ગયા! અરે મૂર્તિની પીઠ પર લાઠીના ફટકાનાં નિશાન પડયાં છે? આ શો ચમત્કાર!"

એટલી વારમાં તો બ્રાહ્મણો મંદિરનાં પગથીઆં ઉતરી, જમીન પર ઢળી પડેલા સંન્યાસીની છેક પાસે આવી પહોંચ્યા હતા. સંન્યા-સીના ચહેરાને એ બધા તાકીને જોઇ રહ્યા. એ ચહેરામાં નારાયણ-ની મૂર્તિનોજ ચહેરો દેખાયો. તેમાંનો એક બ્રાહ્મણ ઉશ્કેરાઇ ગયો.

"અરે દુષ્ટો! આ તો સાક્ષાત્ નારાયણ છે."

નારાયણ પર લાઠીનો હુમલો? અને તે પણ એ પઠાણોને હાથે? દૂર હઠો! ચાલો પ્રભુ! અંદર ચાલો! તમને ન ઓળખ્યા."

સૌએ કૌપીનધારીને ઉપાડી અંદર લીધા અને પાણી વગેરે ઉપચારથી શુદ્ધિમાં આણ્યા. બીજા ઘાયલોની સારવારમાં સૌ કોઈ પરોવાઇ ગયું. ક્ષણભરમાં બધા ભેદભાવ ભૂલાઇ ગયા.

થોડા સમય પછી "કૌપીનધારી"ને આરામ થયો. એટલે એણે પોતાનું પર્યટન પાછું શરૂ કર્યું.

ગામડાના અંધકાર પર અને વહેમી વાતાવરણમાં વિદ્યુતના ચમકારા જેવું અગમ્ય સ્મરણ મૂકી જનાર આ કૌપીનધારી કોણ હશે?

(તા. ૨–૪–૧૯૩૩ ના "એ ઘડી મોજ" માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૨–મૂડીવાદી માનસ યાને કીસાનોનું શોષણ

(લેખક:–શ્રી. મગનલાલ મૂળજી નથવાણી—મોરબી.)

(૧)

આખુંએ ખેતર લીલાછમ બાજરાના છોડોથી છવાઈ ગયું હતું. કુટ કુટનાં બાજરીનાં ડુંડાં બાજરાના અસંખ્ય કણનાં નિવાસસ્થાન બની રહ્યાં હતાં. ખીમો ખેતરમાં આંટો મારતો અને તેની નજર આ ડુંડાંઓ પર ઠરતી. આ વર્ષે ઈશ્વિરકૃપાથી ખેતરમાં સારો પાક થયો હતો, તેથી ખીમો આત્મસંતોષ અનુભવતો. લક્ષ્મીચંદ કાકાના રૂપિયા આ વર્ષે ભરી દેવાશે અને આવતે વર્ષે તો તે ખેતર પોતાને સ્વાધીન થવાનું હતું. પોતે ખેતરમાં પોતાની ઈચ્છાનુસાર બીજ રોપી શકશે અને પાકનો પોતે સ્વતંત્ર સ્વામી બનશે, એ વિચારથી તેનું અંતર હર્ષથી ઉભરાઈ જતું. ક્યારેક ક્યારેક પક્ષીઓ ખીમાની એ સર્વસ્વ મૂડીરૂપ ડુંડાંઓ ઉપર બેસતાં અને અપરિપકવ અનાજનો આસ્વાદ લેતાં, ત્યારે ખીમો મોટેથી પડકાર કરતો. કલ્પનાજગતમાં વિહાર કરતો ખીમો ત્યારેજ સમજતો કે આ વર્ષે તો પોતે જીવસટોસટ રક્ષેલો પાક દેવા પેટે લક્ષ્મીચંદ શેઠની વખારમાં પડવાનો હતો અને પોતાને તો જૂની અને સડેલી જુવાર ખાઈને સંતોષ માનવાનો હતો.

"લ્યો, હવે ખાઈ લ્યો, બપોર તો થયા." મીઠીએ કહ્યું.

ખીમાને જાણે કાન ન હોય તેમ તે શબ્દો ખીમાને તેની કલ્પનામાંથી ચલિત ન કરી શકયા.

"કેમ, સ્વપ્નું તો નથી આવ્યું ને? ક્યાંય ઉજાગરો તો નથી કર્યો ને?" મીઠીએ મીઠો ટહૂકો કર્યો.

કલ્પનાની પાંખે ઉડતા ખીમાના કર્ણદ્વાર ઉપર એ મીઠા રણકારનો ધ્વનિ પડયો. ખીમાના કલ્પનાક્ષેત્રમાં ગમન કરતા વિચાર-વમળોની ગતિને આ શબ્દોએ અવરોધી. ખીમાએ પાછું ફરીને જોયું તો મીઠી ભાત લઈને આવી પહોંચી હતી.

"કેમ, શા વિચારમાં છો?" મીઠીએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિચાર શાનો હોય ? આવતે વર્ષે તો આ ખેતર આપણુંજ થશે. લક્ષ્મીચંદ કાકાના થોડાઘણા રૂપીઆ બાકી રહ્યા છે તે આ સાલ ભરી દેશું. જૂની સડેલી જુવાર ખાવાનો હવે તો અંત આવ્યો."
ખીમો જાણે બંધનમોક્ષ અનુભવતો હોય તેવા ભાવે તેણે કહ્યું.

"ત્યારે જૂની જુવાર શું કામ ખાઓ છો ? નહોતું પરણવું." મીઠીએ વિનોદમાં કહ્યું.

બે ઘડી વરવધૂ વિનોદે ચઢયાં અને વિખૂટાં પડયાં, મીઠીએ ખેતર છોડી ઘર તરફ પ્રયાણ કર્યું.

ખીમાનાં લગ્ન થયાને પાંચ વર્ષો વીતી ગયાં હતાં. લગ્ન વખતે લક્ષ્મીચંદ શેઠ પાસેથી ખેતર ઉપર ખીમાની વિધવા માતાએ બસો રૂપીઆ લીધા હતા, વૃદ્ધ વિધવા માતાને તો ઘેર વહુ જોઇતી હતી. ખીમાને ઘેર વહુ આવે અને પોતે સાસુ બને, વરવધૂ સંતોષથી રહે અને નાનાં બચ્ચાંઓના કિલકિલાટથી પોતાનું ઘર ખુશખુશાલ રહે એવા તે વૃદ્ધાના ભાવો હતા, પણ પોતાની આ ઇચ્છાને પરિપૂર્ણ કરવા માટે પોતે ખીમા ઉપર કરજનો ડુંગર ઉભો કર્યો હતો. પાંચ પાંચ વર્ષથી વાણિયાનાં વ્યાજ ચડયાંજ જતાં હતાં. સત્તર પંચા પંચાણું-ને હિસાબે ખીમાનું કરજ પ્રતિવર્ષ દ્વિગુણિત થતું હતું. તેનો તે નિર્દોષ અને ભોળી વૃદ્ધાને તે વખતે ખ્યાલ પણ કયાંથી હોય ?

(૨)

તકીઆને અઢેલીને લક્ષ્મીચંદ કાકા બેઠા હતા. બાજુમાંજ તેનો પુત્ર નવલચંદ ચોપડીનાં પાનાં ફેરવી રહ્યો હતો. એક પછી એક પાનાં ફરતાં હતાં. ખીમાને પોતાનું ભાગ્યચક્ર ફરતું હોય તેવો ભાસ થયો.

"ખીમાનું ખાતું પાનસોત્રેપનમે પાને છે. ગઇ સાલના કેટલા બાકી કાઢયા હતા તે જોઇને બરાબર હિસાબ કરી જો." લક્ષ્મી-ચંદ શેઠે દાંભિક હાસ્યની શરૂઆત કરતાં કહ્યું.

"હા, લક્ષ્મીચંદ કાકા ! ગઇ સાલ સોમાં દહ ઓછા રહ્યા હતા. અને ઓણસાલ તો પાક પણ ઘણો થયો છે તેથી હવે હું નકરો થઇ જઈશ." ખીમાએ પોતે કરજમાંથી મુક્ત થયો છે એમ જણાવ્યું.

"અલ્યા ખીમા ! કાકાનો હિસાબ બરાબર તપાસજે, સરવાળા-માં ભૂલ ન થાય; બરાબર ખ્યાલ રાખજે." લક્ષ્મીચંદે નવલચંદને ઉદ્દેશીને કહ્યું.

ખીમાએ જાણ્યું કે, લક્ષ્મીચંદે હિસાબ કાળજીપૂર્વક તપાસવાનું કહ્યું તેથી હિસાબ બરાબર થશે. મૂડીવાદી માનસ ધરાવતા વ્યાપા-રીઓ કયારેક કયારેક ગોરખવાણી ઉચ્ચારે છે ત્યારે છોકરાને અગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિસાબ કરતી વ્યક્તિને તે શબ્દોથી પ્રતિકૂળ રીતેજ વર્તવાનું હોય છે તેમ તેઓ ગળથુથીમાંથીજ શીખ્યા હોય છે. તેનો આ અભણ ભોળા ખેડૂતને ખ્યાલ ક્યાંથી હોય !

છોકરાએ હિસાબ કરવો શરૂ કર્યો. એક પાણુની એક પાણુ–એ પાણુની બે પાણુ–ની પરંપરા ચાલી. એક કાગળના ટુકડા ઉપર કાળા અક્ષરો કોતરાયા.

"ખીમા કાકા! રૂપીઆ સાડાત્રણસો અને સાડાત્રણ આના તમારી પાસે બાકી રહ્યા." વજ્રહૃદયના છોકરાએ અધમાધમ શબ્દો ઉચ્ચાર્યા. ખરી રીતે ખીમાના પૈસા લેણા થવા જોઇતા હતા, પણ શેઠની ગોરખવાણીએ વાતાવરણ ફેરવ્યું. લાંબુ તિલક કરીને બેઠેલા શેઠે પણ તેને 'બરાબર છે' એ શબ્દોથી મંજુરીની મહોર મારી. સમાજને ઠગવા પૂરતા વૈષ્ણવ કહેવાતા મૂડીવાદીઓ ઇશ્વર જેવી શક્તિજ ન હોય અથવા સત્ય કે અસત્યની ભાંજગડમાં પડવાની વૃત્તિજ ન દાખવતા હોય તેવો શેઠે લીધેલા વલણે સાક્ષાત્કાર કરાવ્યો.

"હેં લક્ષ્મીચંદ કાકા ! શું કહ્યું ? સાડાત્રણસેં રૂપીઆ! ? એટલા બધા ક્યાંથી થયા ? ગઇ સાલ તો સોમાં દહ ઓછા હતા." ખીમાએ આશ્ચર્યચકિત ભાવથી શેઠને કહ્યું.

"ત્યારે શું અમારા ચોપડા ખોટા અને તારી જીભ સાચી ? પાંચ પાંચ વર્ષ થયાં ગગાને પરણાવ્યો છે અને રૂપીઆ તો હજુ ભરી શકયો નથી." શેઠે સત્તાવાહી સ્વરે કહ્યું.

અજાણ બિચારો ખીમો થરથરી ઉઠયો. શેઠના ચોપડાજ સાચા હોય છે અને તેની વિરુદ્ધ વાત કરીએ તો શેઠ કોર્ટમાં દાવો કરે અને પોતાને અને પોતાનાં બાળબચ્ચાંને હેરાન કરી મૂકે એવી ખીમાને ધાસ્તી હતી. આવતી કાલનો સ્વતંત્ર ખીમો ગઇ કાલનો પરાધીન ખીમોજ રહેવાનો હતો તે વિચારથી એની કલ્પનાના ચૂરેચુરા થઇ ગયા. ભગ્ન હૃદયે તે ઘર તરફ વળ્યો.

ખીમો ઘેર આવ્યો. તેનો લાડકવાયો પુત્ર રોજીંદી આદત પ્રમાણે ખીમાને વળગ્યો. ખીમાએ તેને તરછોડયો. બાપના ખોળામાં બેસી ગેલ કરવા ટેવાયેલો નિર્દોષ બાળક હતાશ થયો. બાળકની કાલી કાલી વાણી અને મીઠીના મીઠા શબ્દો ખીમાના હૃદયમાં સળગતા દાવાનળને ઓલવી ન શકયાં. આવતે વર્ષે તો પોતે પરાધીનતાની જંજીરો ફગાવી પોતાના ખેતરનો નિરંકુશ અધિષ્ઠાતા બનશે, એવી ભાવી આશાના આશ્વાસને બાર બાર માસ સુધી ખીમાએ તનતોડ શ્રમ ઉઠાવી સારો પાક લીધો હતો. પણ શેઠની કલમના એકજ ઝાટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાએ ખીમાની આશાની ઈમારતોને ભૂશાયી બનાવી. પાંચ પાંચ વર્ષના પરિશ્રમ છતાં ખીમો દારિદ્રના સમુદ્રમાં વધુ ને વધુ ડૂબતો જતો હતો. શેઠની પાઈએ પાઈ ભરી આપવી જોઈએ એમ તેની વૃદ્ધ માતાએ તેને શીખવ્યું હતું. "દીકરા! લક્ષ્મીચંદ કાકાના પ્રતાપે આજે તું ઘરબારવાળો થયો છે. હું તો આ લોક છોડીને હમેશને માટે તારાથી વિખૂટી પડું છું, પણ લક્ષ્મીચંદ કાકાની પાઈએ પાઈનો હિસાબ તું ચૂકવજે, નહિ તો ઈશ્વરનો ગુનેગાર થઈશ." જ્યારે જ્યારે ખીમો અકળાતો અને લક્ષ્મીચંદ શેઠનો અભાવ લાવતો, ત્યારે તેની સ્વ. માતાના ઉપરોક્ત છેલ્લા શબ્દો તેને સાન્ત્વન આપતા અને લક્ષ્મીચંદને વફાદાર રહીનેજ પોતાનું જીવન ધન્ય માનતો. પણ ધૈર્યની પણ હદ હોય છે ને? શેઠે કુટીલતાની હદ ઓળંગી તેથી ખીમાનું વલણ બદલાયું. જે ધૈર્ય ઉપર ખીમો આજ સુધી અવલંબતો તેણે હવે માઝા મૂકી. તેને લાગ્યું કે, જે શેઠને પોતે વફાદાર રહેતો તે તો માત્ર સ્વાર્થમાં મચ્યો રહેતો નરપશુ હતો. શેઠનાં છોકરાંઓ જે અન્નનો સ્વાદપૂર્વક આહાર કરતાં તે તેણે પોતાનાજ ખેતરમાં સ્વહસ્તે તૈયાર કર્યું હતું. તેનો ઉપભોગ કરવાનો પોતાનો અને પોતાના બાળકોનોજ અધિકાર હતો. આવા વિચારે તેના હૃદયકોણની દિશા બદલાવી. શેઠ પ્રત્યેની વફાદારીનો એના હૃદયે પ્રતીકાર કર્યો. અહીં ને અહીં પોતે ખેતી કર્યેજ જશે તો શેઠના કરજમાંથી આજીવન મુક્ત નહિ થવાય, અને પોતે મીઠી અને નિર્દોષ બાલક સુખનો એક શ્વાસ લેવા ભાગ્યશાળી નહિ થાય તેમ તેને સમજાયું. કોઈ એક શહેરમાં જઈ મજૂરી કરીને એક વર્ષમાં પૈસા બચાવીને ઋણમુક્ત થવાની તેને જિજ્ઞાસા થઈ. મીઠીને પણ એ ગમ્યું. મુહૂર્ત જોવડાવી શુભ દિવસે શહેરમાં જઈ વસવાનું નક્કી કર્યું.

સમયની ગતિ કોણ અવરોધી શક્યું છે? આજનો દિવસ ખીમાને પ્રયાણ કરવાનો હતો. ખીમો, મીઠી અને નિર્દોષ બાળકે ઘર છોડવાની તૈયારી કરવી શરૂ કરી. ખીમો અને મીઠી જાણે કે ઘરમાં છેલ્લી નજર કરી રહ્યાં હતાં. બન્નેએ એકબીજાની સામે જોયું અને બન્ને રડી પડયાં. વહાલા વતનની વસમી વિદાયનાં દશ્ય પાષાણ હૃદયને પણ પીગળાવે તેવાં હોય છે તો પછી આ બિચારાં ભોળાં માનવપ્રાણીઓનું શું ગજું? ખીમાને તેની બાલ્યાવસ્થાનું સ્મરણ થઈ આવ્યું. આજ ઘરમાં ખીમો હાલરડે ઝૂલતો. આજ ઘરમાં ખીમાની સ્વ. માતા ખીમાને માટે જીવન ન્યોછાવર કરતી. એ આજ ઘર હતું કે જ્યાં શિયાળામાં ખીમો અને તેના નાનાં ભાઈબહેનો સગડી પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસતાં અને દાદીમાને "હજુ કહો, હજુ કહો" તેવી બૂમરાણ મચાવી પોતાની વૃદ્ધ દાદીમા પાસે વાર્તા સાંભળતાં. ખીમો ઘરમાં ચોતરફ છેલ્લી દૃષ્ટિ ફેંકતો હતો. ડેલામાં જોયું અને તેને પોતાના હાથી જેવા બળદો યાદ આવ્યા. જે ડેલામાં પોતાના વહાલા બળદોને તે નીરણ નીરતો, પાણી પાતો, ખાણ ખવરાવતો, તે ડેલો પાંચ પાંચ વર્ષ થયાં સૂનો બન્યો હતો અને તેના વહાલા બળદો તો શેઠના આલીશાન વંડામાં ગોંધાયા હતા. ખીમાને પોતાના વહાલા બળદોને મળવાનું મન થયું. તે ઉતાવળે ઘર બહાર નીકળ્યો. શેઠની દુકાને ગયો. બળદને નીરણ નીરવી છે એ બહાનાથી વંડાની ચાવી મેળવી તાળું ખોલી તેણે અંદર પ્રવેશ કર્યો. બળદોએ પોતાના માલીકને ઓળખ્યો અને જાણે કે તેને ભેટવા આતુર હોય તેમ તેના તરફ મુખ ફેરવી ઉભા રહ્યા. ખીમાએ પોતાના વહાલા બળદોના શરીર ઉપર હાથ ફેરવી પંપાળવાનું શરૂ કર્યું.

"મારા વહાલા બળદો! એજ વર્ષમાં હું તમને મારા ડેલામાં લઇ જઇશ" એ શબ્દો તેના મુખમાંથી બહાર આવ્યા. બળદો પણ જાણે ખીમો તેમને લાંબા વખત માટે છોડતો હોય તેમ સમજી ગયા. ખીમાનાં નેત્રયુગલમાંથી અશ્રુપ્રવાહ વહેતો થયો, અને તેણે વંડો બંધ કર્યો. ચાવી શેઠને આપી તે ઘેર ગયો. ખીમો અને મીઠી બાળકને લઇ ઘરમાંથી બહાર નીકળ્યાં. "જા માં, જા માં" ખીમાના કર્ણપટ પર ધ્વનિ અથડાયો. તેણે આસપાસ જોયું તો કોઈ ન હતું, આખરે સમજ્યો કે તે તો માત્ર ભ્રમણા હતી.

"લક્ષ્મીચંદ કાકાની પાઇએ પાઇ ભરી દેજે, નહિ તો ઇશ્વરનો ગુનેગાર થઇશ" પોતાની છેલ્લા શ્વાસ લેતી માતાના છેલ્લા શબ્દો તેને યાદ આવ્યા અને તેને ભાન થયું કે, પોતે તો કર્તવ્યની વેદીમાં બલિદાન આપવા ઉદ્યત થયો હતો તેમાં વળી શોક શા માટે? જીવનની બધી હિંમત એકઠી કરી વરવધૂએ ગૃહત્યાગ કર્યો. ખીમાની સ્વ. માતાની શબ્દસંજીવનીએ બંનેમાં પ્રાણ પૂર્યા હતા. એ શબ્દો ખીમાના કર્ણમાં હજુ ગુંજતા હતા.

"બા, બા! લક્ષ્મીચંદ કાકા આવ્યા. જો, જો, બાપા પાસે પૈસાની ઉઘરાણી કરે છે! આપણો બધો બાજરો લઇ જાય! લ્યો માં, લક્ષ્મીચંદ કાકા, લ્યો માં, અમને તમારી જૂની જુવાર નથી ભાવતી."

મુંબઇની મિલમજૂરોની નરકસ્થાન સમી એક કોટડીમાંથી ઉપરોક્ત શબ્દધ્વનિ થયો. ખીમો ઘર-ગામ છોડી મુંબઇ આવ્યો હતો અને મિલમાં મજૂરી કરતો હતો. કુદરતના ખોળે ખેતરમાં સ્વતંત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિહાર કરતા ખીમાના નાના પુત્રને આ કોટડી કારાગૃહ સમી લાગતી. પંદરેક દિવસ થયાં બાળકે ઘેર જવાની જીદ લીધી હતી; પણ હઠીલો ખીમો ઘેર જાય તેમ ન હતો. તેને તો ઘેર જઇને સ્વતંત્ર રહેવાનું પસંદ હતું, ઘેર જઇને લક્ષ્મીચંદનાં વાગ્બાણ સહન કરવાની શક્તિ હવે તેનામાં નહોતી રહી. લક્ષ્મીચંદ સમક્ષ પરાધીન થઇને અવનત મસ્તકે ઉભા રહેવાની હીન સ્થિતિનું એને પળે પળે ભાન થતું અને લક્ષ્મીચંદના ઋણમાંથી મુક્ત ન થવાય ત્યાં સુધી કોઇ પણ સંયોગોમાં પોતાને ગામ પાછું ન ફરવું એવો તેનો નિશ્ચય વધુ ને વધુ દઢ બનતો જતો હતો, અને એના નિર્દોષ પુત્રને તો વનવિહારી નરકેસરી પિંજરામાં પુરાયો હોય ત્યારે તેને જે યાતના અને ગ્લાનિ ઉદ્‌ભવે તેવાજ પ્રકારનું દુઃખ થતું હતું. પરિણામે છેલ્લા આઠેક દિવસ થયાં બાળકની તંદુરસ્તી બગડી હતી, અને જીવનના છેલ્લા શ્વાસ લેતી વ્યક્તિ જેમ યદ્વા તદ્વા મિથ્યા બકવાદ કરે છે તેવા શબ્દો વારંવાર બાળકના મુખ-પ્રદેશમાંથી બહાર આવતા હતા.

"બા! બાપા કહેતા હતા ને કે આપણે ઘેર જવું છે? ને હજુ કેમ આવ્યા નહિ?" ઉપરોક્ત શબ્દોએ બાળકને ઘેર જવાની તમન્ના લાગી હતી તેનું ભાન કરાવ્યું.

"હમણાં આવશે બેટા, આપણે હમણાંજ ઘેર જઇશું." લમણે હાથ દઇને બેઠેલ મીઠીએ બાળકને આશ્વાસન આપ્યું. મીઠીને પણ મુંબઈ આવ્યા પછી જરા પણ ગોઠતું ન હતું. પુત્રની આ સ્થિતિ નિહાળી મીઠીનું હૃદય ધડકી ઉઠતું. ખીમાને તેણી સમજાવતી કે ઘેર જઇને જૂની જુવાર ખાઇશું અને સ્વતંત્ર કામ કરીશું, પણ ખીમાના દઢ નિશ્ચય આગળ મીઠીની સઘળી દલીલો નિરર્થક નીવડતી.

નભોમંડળમાં સૂર્યદેવ અર્ધમાર્ગ કાપીને મધ્યબિંદુમાં આવ્યા હતા. શાંતિ જેવી વસ્તુજ જગતમાં અસ્તિત્વ ન ધરાવતી હોય તેવું દિગ્દર્શન કરાવતાં મિલનાં રાક્ષસી યંત્રો ભયોત્પાદક કર્કશ અવાજ કરી રહ્યાં હતાં. પ્રાતઃકાળે કામે ચઢેલા મજૂરોને નિવૃત્તિ લેવાનો આ સમય હતો. ખીમો આ મિલમાંજ કામ કરતો હતો તે પણ બધાની સાથે ઘેર આવવા નીકળ્યો.

"બા, બાપા ન આવ્યા? શું આપણે ઘેર નહિ જઇએ?" નિર્દોષતાની પ્રતિમા સમા બાળકે માતાને પૂછ્યું.

ખીમો આ સમયેજ કોટડીમાં દાખલ થયો. બાળકની છેલ્લી હૃદયઝંખનાનું ભાન કરાવતા હૃદયભેદક શબ્દો ખીમાના કર્ણદ્વાર પર અથડાતાં ખીમાનું કઠોર હૃદય આર્દ્ર બનવા લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા બેટા ! આ રહ્યો હું. આપણે કાલે ઘેર જઈશું." બાળકના મસ્તકે સ્નેહપૂર્વક હાથ ફેરવતાં ખીમાએ કહ્યું.

બાળકની આ દુર્દશા જોઇને ખીમાનું હૃદય વલોવાઈ જતું હતું. શું કરવું ? ઘેર જવું ? તેની કલ્પનાસૃષ્ટિમાં લક્ષ્મીચંદની મૂર્તિ ઉપસ્થિત થઈ અને તે ચમકયો. શું આ નરરાક્ષસનાં વાગ્બાણ સહન કરવા પોતે તૈયાર હતો ? "ના." તેના હૃદયમાંથી ધ્વનિ આવ્યો; ત્યારે બાળકનું શું ? ઘેર જવાની બાળકના જીવનની છેલ્લી તૃષ્ણા પરિપૂર્ણ ન કરવી ? "ઘેર તો જવુંજ જોઇએ" તેના હૃદયપટમાંથી પ્રતિ-ધ્વનિ થયો.

પ્રતિજ્ઞા અને આત્મજ પ્રત્યેના તેના સહજ વાત્સલ્ય વચ્ચે યુદ્ધ જામ્યું. ખીમાનું મન ચકડોળે ચઢયું. પુત્રપ્રેમના પ્રવાહમાં તેની પ્રતિજ્ઞાની ભાવના વહેવા લાગી. તેના હૃદયની દૃઢતાનું જોમ ઓસ-રવા લાગ્યું. પંદર દિવસની રજા લઇ ઘેર જવું એવો તેણે નિશ્ચય કર્યો.

"આપણે કાલે ઘેર જશું" ખીમાએ મીઠીને કહ્યું. મીઠી તો હૃદયથી તેજ ઇચ્છતી હતી; પણ ખીમાની જીદ્દી પ્રકૃતિનું તેને સંપૂર્ણ જ્ઞાન હોઈ, ખીમાને સમજાવવા તેણી હિંમત કરતી નહિ અને આજે તો ખીમો પોતેજ ઘેર જવાનું કહેતો હતો; તેથી મીઠી હર્ષઘેલી બની.

ખીમો મિલે જવા નીકળ્યો. મેનેજર સાહેબની રજા લઇને ઘેર આવી સ્વગ્રામે જવાની બધી વ્યવસ્થા કરી લેવી. કયા કયા પ્રકારનો મેવો, ફળ-ફૂલ ઇત્યાદિ લઈ જઈ પોતાની જ્ઞાતિના ગૃહે ગૃહે મોક-લવાં-ઘેર જતાંજ વિસરાએલાં વહાલાં આત્મજનો દોડી દોડીને મળવા આવશે ત્યારે કેવું આહ્લાદજનક વાતાવરણ સર્જાશે તેવી ભાવિ કલ્પ-નામાં રાચતો તે મિલના મુખદ્વાર પાસે આવી પહોંચ્યો. મેનેજર સાહેબની ઑફિસમાં પ્રવેશ કરવાની પરવાનગી મેળવ્યા પછી તે મેનેજર સાહેબ પાસે ગયો.

"સા'બ! મારે પંદર દિવસની રજા જોઇએ છે" પંદર દિવસની રજા મંજુર કરવા ખીમાએ સાહેબને અરજ કરી.

મેનેજર સાહેબ તો મિલના મેનેજર હતા. મેનેજર સાહેબ મજૂરવર્ગની વ્યક્તિઓને તુરતજ જવાબ આપે તો પોતે મેનેજર કેમ કહેવાય ? મિલમાં પોતાની વ્યવસ્થા નીચે કામ કરતા સેવકોને મેને-જર સાહેબ ભાગ્યેજ પ્રત્યુત્તર આપતા. આગંતુક વ્યક્તિને આવશ્યક કાર્ય માટે આવવાનું થાય તો બે-ત્રણ વખત સાહેબને આજીજી કર્યા પછીજ સાહેબના દૃષ્ટિપાતનું માન મેળવવા ભાગ્યશાળી થવાતું.

"સાહેબ! મારે પંદર દિવસની રજા જોઇએ છે." ખીમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેબને બીજી વખત વિનંતિ કરી આશાની મીટ માંડતો ઉભો રહ્યો.

"શું છે ?" સાહેબની શાંતિનો ભંગ કરવાના આરોપ માટે સાહેબની દૃષ્ટિએ ગુન્હેગાર ઠરેલા ખીમા તરફ સાહેબે વક્ર દૃષ્ટિથી જોયું.

"સાહેબ! મારે પંદર દિવસની રજા જોઇએ છે." સાહેબે પોતાની અરજ સાંભળી તેથી ખીમો જાણે ઉપકારના બોજા તળે દબાઈ ગયો હોય તેવા નમ્ર સ્વરે તેણે પ્રત્યુત્તર આપ્યો.

"રજા નહિ મળે; આ મજૂર લોકોને તો કંઇ કામજ નથી કરવું; જા, રજા નહિ મળે." સાહેબના મગજને અસહ્ય પરિશ્રમ પડતો હોય તેવા અભિનયથી સાહેબ બોલ્યા.

"પણ...પણ......સા...હેબ ! મારો છોકરો બિમાર છે; મારા સિવાય તેની સારવાર થઈ શકે તેમ નથી. તેથી જવાની જરૂર છે. મહેરબાની કરીને પંદર દિવસની રજા આપો." ખીમાએ આજીજી કરતાં કહ્યું.

"તારો છોકરો જહન્નમમાં જાય; અમારે તો કામ જોઇએ. રજા નહિ મળે; ચાલ્યો જા." સાહેબે કહ્યું.

યેનકેન પ્રકારેણ મજૂરોને વધુ દુઃખદ સ્થિતિમાં મૂકવા એજ સાહેબ પોતાનું પ્રથમ કર્તવ્ય માનતા. મિલમાલેકોને પણ આવા મેનેજરોજ પ્રિય હોય છે. મૂડીવાદીઓ પોતાનો સ્વાર્થ સાધવામાં ઉપયોગી થાય તેવા માણસોને પ્રથમ પસંદગી આપે છે. એ વસ્તુથી મેનેજર સાહેબ અજ્ઞાત નહોતા. હતભાગી મજુરોને ઓછામાં ઓછાં દામ મળે અને વધુમાં વધુ કામ થાય એજ દૃષ્ટિથી કામ લેવું જોઇએ એવી મેનેજર સાહેબની માન્યતા હતી. ખીમાની અનેકવિધ આજીજી છતાં સાહેબે પોતાનું મંતવ્ય ફેરવવાની ઉદારતા છેવટ સુધી ન બતાવી. હતાશ ખીમો ઘર તરફ વળ્યો.

"એ કાળમખા માંજાર સા'એ રજા નો' દીધી" પતિના આગમનની રાહ જોઈ બેઠેલી મીઠીને ખીમાએ કહ્યું.

એકનો એક પુત્ર માંદગીનો ભોગ થઇ પડ્યો હોય, છતાં તેની શુશ્રૂષા કરવા જેટલો પણ પોતાને અધિકાર ન હતો એ આ દમ્પતિને અસહ્ય લાગ્યું. મીઠીનું ધૈર્ય હવે ચલિત થયું. પોતાની પરાધીન સ્થિતિ પર તેણીના નેત્રયુગલમાંથી શોકાશ્રુની ધારા વહેવા લાગી. ખીમાએ મીઠીને સમજાવ્યું કે, તેઓ તો કર્તવ્યની વેદી પર બલિદાન આપવા તૈયાર થયા હતા. અને આવી તો કેટલીએ વિટંબણાના માર્ગમાં ઉપસ્થિત થશે. ખીમાના સાન્ત્વનથી મીઠી શાન્ત બની. મીઠી પુત્રને લઇ ઘેર જાય અને ત્યાં બાળક સુધરે ત્યાં સુધી ખીમાએ મુંબઇમાં ચલાવી લેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો નિર્ણય થયો.

(૪)

"બા! લક્ષ્મીચંદ કાકા આવ્યા. આપણો બાજરો લઈ જાય." મીઠી બાળકને લઇને સ્વગૃહે આવી હતી. બાળકને ત્રિદોષ લાગુ પડયો હતો. તેના સ્મૃતિપટમાં એકજ વસ્તુએ સ્થાન લીધું હતું. બાળક નાનો હતો ત્યારે લક્ષ્મીચંદ બાજરો લઇ જતો અને ખીમાને ધમકાવતો તે તર્કચિત્ર બાળકના કુમળા માનસપટમાંથી હજુ ભુંસાયું ન હતું. કમભાગ્યે બાળકનું દર્દ અધિકાંશે પ્રબળ બનતું હતું.

"બેટા! લક્ષ્મીચંદ કાકા અહીં નથી. આપણે તો મુંબઇથી આવીએ છીએ. આપણી પાસે બાજરોએ નથી." મીઠીએ કહ્યું.

પણ મીઠીના એ શબ્દો સાંભળવાનો બાળકને સમય ન હતો. તે તો દર્દની વ્યથામાં યદ્વા તદ્વા બોલ્યેજ જતો હતો. મીઠીએ પાડોશમાંથી એક વૃદ્ધાને મદદ માટે બોલાવી હતી. માનવપ્રાણીથી શકય તેટલી બધી શુશ્રૂષા મીઠી અને વૃદ્ધા કર્યે જતાં હતાં, પણ કુદરત જાણે કે તેમની સામે અટ્ટહાસ્ય કરી રહી હતી. અને બાળકની મનોવ્યથા દ્વારા બોધ આપી રહી હતી કે "મીઠી! તારા પુત્ર ઉપર હવે તારો અધિકાર રહ્યો નથી. એને તો હું મારા એક અગમ્ય સામ્રાજ્યમાં લઇ જવા માંગું છું." મીઠીની કલ્પનામાં પણ જેને સ્થાન નહોતું એવો યોગ સમજાવ્યો. બાળકનું પ્રાણપંખેરૂં ઉડી ગયું. મીઠી અને ખીમાને ડૂબતા મૂકી એ તો સદાને માટે ગયો.

"બેટા, બેટા" પોતાનો લાડકવાયો પુત્ર જાણે કે પોતાના ઉરપ્રદેશમાં ગેલ કરવા હમણાંજ ઉભો થશે તેવી આશાથી મીઠીએ પુત્રને વહાલથી બોલાવ્યો. પુત્રવાત્સલ્યમાં ઉન્માદિની બનેલી મીઠી બોલ્યેજ જતી હતી. બાળકે તો પોતાનો ચિરકાળ ત્યાગ કર્યો હતો તેનું તેને ભાન પણ નહોતું. વૃદ્ધાએ તેણીને સમજાવ્યું કે, બાળક મરણ પામ્યો છે.

"કોણ, મારો પુત્ર મરી ગયો? નહિ નહિ; મારો પુત્ર શા માટે મરે?" સર્જકની શક્તિ સામે જાણે બંડ કરતી હોય તેવા ભાવથી તેણી કહેવા લાગી. બાળકના મૃતદેહને તે પંપાળવા લાગી. બાળકનાં ચેતનવિહોણાં ઢીલાં ગાત્રોના સ્પર્શથી આખરે તેણીને સત્ય સમજાયું. એ સત્ય સમજવાને તેણીનું મગજ તૈયાર નહોતું. બાળકના મરણની જાણ થતાં મીઠી બેશુદ્ધ બની. સમયોચિત શુશ્રૂષા પછી તેણી ભાનમાં આવી. પડોશીઓએ ખૂબ સાન્ત્વન આપ્યું ત્યારે તેણી સમજી કે સર્જકથી સર્જિત સૃષ્ટિમાં કોઇ એવો સર્જાયો નથી કે જે જન્મ-મરણના તેના અધિકાર વચ્ચે આવી શકે. પુત્રના મરણના ખબર ખીમાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારથી આપવામાં આવ્યા.

(૫)

મિલમાં જ્યુરીની સભા ભરાઇ હતી. મિલના રાક્ષસી સંચામાં એક મજૂર પીસાઇ ગયો હતો. મરનારે આપઘાત કર્યો હતો કે માત્ર અકસ્માત હતો તેનો નિર્ણય કરવા જ્યુરીનો અધિકારી પ્રશ્નપરંપરા છોડયે જતો હતો. એ મજૂર ક્યાં કામ કરતો હતો તે જાણ્યા પછી એ અધિકારી મરનારના કામ કરવાના સ્થળે ચોતરફ દૃષ્ટિપાત કરતાં તેની નજર એક કાગળના ટુકડા પર ઠરી. એ કાગળનો ટુકડો મંગાવી વાંચતાં તેને માલૂમ પડયું કે, એ સામાન્ય કાગળનો ટુકડો નહિ પણ તાર હતો. તેમાં લખ્યું હતુંઃ "બચુ મરણ પામ્યોઃ જલદી આવો." બચુ કોણ હતો, તે વિષે જ્યુરીના અધિકારીએ તપાસ કરતાં તેને માલૂમ પડયું કે મરનારનો બચુ નામનો છોકરો બિમારીથી પીડાતો હતો તેથી મરનારની સ્ત્રી મરનારના મૂળ વતનમાં છોકરાને લઇ સ્થળાંતર કરવા ગઇ હતી. જ્યુરીએ અભિપ્રાય આપ્યો કે મરનાર તેના પુત્રના અવસાનના અચાનક ખબર સાંભળવાથી મગજનું સમતોલપણું ગુમાવી મશીનરીમાં આવી ગયો હતો અને પરિણામે મરણ નીપજ્યું હતું.

એ મજૂર ખીમો હતો. બચુના મરણનો તાર મળતાં તેણે ઉન્મદાવસ્થામાં જીવનનો કરુણ અંત આણ્યો હતો.

બીજેજ દિવસે મીઠીને મીલ તરફથી ખબર આપવામાં આવ્યા હતા કે, ખીમો પણ બાળકની શોધમાં અગમ્ય પ્રદેશમાં પ્રયાણ કરી ગયો હતો. પતિ અને પુત્રના ઉત્તરોત્તર અવસાનથી મીઠીને સંસાર પર અભાવ આવી ગયો હતો. અસાર સંસારમાં ક્યાંય સાર નથી તેવા વિચારોએ તેણીના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું. પતિપુત્ર અને અન્ય આત્મજનો કર્મની ગતિને આધીન થઇને સંબંધની ગ્રંથિથી ગ્રંથાય છે. વાસ્તવિક રીતે તો જગન્નાયકનાં બધાં માનવ પાત્રો મદારીના દોરીસંચાલનથી ખેલતા વાનરની પેઠે જગન્નાયકના દોરીસંચાલનથી નાચે-કૂદે છે અને યથેચ્છ વિહાર કરે છે. એવી સમજથી તેણી મનની પરમ શાન્તિમાં દિવસો નિર્ગમન કરતી હતી. અને ગામમાં મજૂરી કરીને જે કંઈ મળતું તેથી સંતુષ્ટ થઇને જીવનનિર્વાહ કરતી; પણ કુદરતે તો તેણીને પણ તેણીના પતિ અને પુત્રની અનુગામી બનાવવા ધાર્યું હતું તેનો ખ્યાલ તેણીને ક્યાંથી હોય?

(૬)

"મીઠી કાકી! આગંતુકે ચોપડા નીચે મૂકીને મીઠીને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારા કાકા ગુજરી ગયા એમ સાંભળ્યું છે. હશે, ઇશ્વિરેચ્છા. મરનારની પાછળ કંઇ મરાતું નથી. પણ હવે આપણો હિસાબ ચોખ્ખો કરીએ. ઘણાં વર્ષથી આગલા રૂપીઆ પેટે કંઇ ભરાયું નથી."

ખીમાના લગ્નપ્રસંગે ખીમાની માતાને રૂપીઆ ધીરનાર લક્ષ્મીચંદે આ લોકનો ત્યાગ કર્યો હતો, પણ તેનીજ પ્રતિમા સમા એક પુત્ર નવલચંદને મજુરોનાં રક્તના વારસ તરીકે તે સ્થાપિત કરી ગયો હતો. એ નવલચંદ ખીમાના મરણનો શોક પ્રદર્શિત કરવા મીઠી પાસે આવ્યો હતો. ખીમો કે ખીમાનો છોકરો મરે તેની તેને ચિંતા ન હતી. તેને તો ચિંતા હતી માત્ર પૈસાની. ખીમો મરણ પામવાથી પોતાના પૈસા નહિ મળે એવી તેને શંકા ઉદ્‌ભવી હતી અને એજ પ્રધાન હેતુથી તે મીઠી પાસે આવ્યો હતો; પણ વિવેકની ખાતર ખીમાના મરણ માટે બે શબ્દો કહેવા જોઇએ તે પ્રમાણે ખીમાના મરણનો ખેદ દર્શાવતાં નવલચંદે ઉપરોક્ત શબ્દો ઉચ્ચાર્યા.

"હા, નવલચંદભાઇ! ઇશ્વિરને ગમ્યું તે ખરૂં." પતિ અને પુત્રનાં મરણ નીપજ્યાં તે તો જાણે સામાન્ય વાત હતી, પણ પોતાના. પૈસા તત્કાળ ભરાઇ જવા જોઇએ એવા ભાવ દર્શાવતા નવલચંદના શબ્દોથી મીઠીનું અંતઃકરણ ઘવાયું હતું તેથી તેણીએ ટુંકમાંજ પતાવ્યું.

"પણ હવે આપણો હિસાબ કરી લઇએ;" મીઠીને સારૂં લાગે કે ખરાબ લાગે તેની નવલચંદને પરવા ન હતી, એમ તેના ઉપરોક્ત શબ્દોથી સ્પષ્ટ થતું હતું. "હા નવલચંદભાઇ! કાલે આવજો, કાલે આપણે હિસાબ કરીશું." મીઠીએ કહ્યું.

"ઠીક ત્યારે કાલે આવીશ" એમ કહીને નવલચંદ ઘેર ગયો.

મીઠીને નવલચંદના વલણથી બહુ દુઃખ થયું હતું. પોતાના પતિ અને પુત્રના મરણ વખતે નવલચંદ તરફથી પોતાને આશ્વાસન અને હિંમત મળવાં જોઇએ. કેટલાંએ વર્ષોનો જૂનો સબંધ આપણો ધનિકવર્ગ કેટલી ત્વરાથી ભૂલી જાય છે અને પોતાનો સ્વાર્થ સાધી લેવામાં કેટલા નિપુણ હોય છે તેનો મીઠીને અનુભવ થયો, પોતાની વહાલી સાસુના અંતિમ શબ્દોનું તેણીને સ્મરણ થઇ આવ્યું અને એ શબ્દોને અમલમાં મૂકવાની ખીમાની ભગીરથ પ્રતિજ્ઞા તેને યાદ આવી.

"મારા પતિદેવની અડગ પ્રતિજ્ઞા મારે શા માટે પૂર્ણ ન કરવી?" મીઠીના હૃદયના ઉંડાણમાંથી પ્રશ્ન ઉદ્‌ભવ્યોઃ "હા હા; નવલચંદના પૈસા કોઇપણ ભોગે ભરી આપવાજ જોઇએ." તે સ્વગત બોલી ઉઠી.

નવલચંદના ચોપડામાં કોણ જાણે શુંએ નીકળશે અને તે પૈસા ભરી અપાય તેવી પોતાની શક્તિ હતી? ત્યારે શું કરવું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસા તો કોઈ પણ ભોગે ભરાઇ જવાજ જોઇએ. નવલચંદ જો કામ કરવા રાખે તો તેને ત્યાંજ રહેવું અને ભોજન ઉપરાંત જે કંઇ આપે તે તેને ત્યાં ભરવું. પણ નવલચંદને ત્યાં કામ ન હોય તો ? મજૂરીમાંથી જે કંઇ મળે તેમાંથી વધુ બચાવવું; પણ તે તો પોતાના થોડા ખર્ચમાં કાપ મૂકે તોજ બની શકે. પણ પોતે દેવની પ્રતિજ્ઞા ખાતર શું આટલો ભોગ ન આપવો જોઇએ ?

આવી વિચારશ્રેણીના અંતે મીઠીનો નવલચંદના ઋણમાંથી મુક્ત થવાનો નિશ્ચય વધુ દૃઢ બન્યો.

"કાં મીઠી કાકી ! હિસાબ કરવો છે ને ?" જેના ઋણમાંથી મુક્ત થવાના વિચારોથીજ મીઠીનું મગજ ઘેરાએલું હતું તે નવલચંદે આવતાંની સાથેજ પોતાનો હિસાબ પતાવી લેવાની ઉત્સુકતા બતાવી.

"હા ભાઇ! તમારા ચોપડા જુઓ, શું નીકળે છે ?" મીઠીએ કહ્યું. નવલચંદે હિસાબ કરવો શરૂ કર્યો, આજ નવલચંદના હિસાબે ખીમાને સ્વગૃહનો ત્યાગ કરવા ફરજ પાડી હતી. તેનું મીઠીને સ્મરણ થઇ આવ્યું. એક ને એક બે-બેને બે ચાર-એ શબ્દોની વાગ્ધારા નવલચંદના મુખમાંથી અસ્ખલિત વહેતી હતી. મીઠી જાણે કે પોતે નવલચંદની ભૂલ કાઢી શકશે એવા પોતે સાવધ છે એવી શ્રદ્ધાથી કર્ણને વધુ સતેજ બનાવીને બેઠી હતી; પણ મીઠી બે ને બે ચાર થાય તે આંગળીનાં ટેરવાંથી ગણવાનો પ્રયાસ કરે ત્યાં તો નવલચંદે પાનું પણ ફેરવી નાખ્યું હોય તેથી મીઠીએ સાવધ થવાનું માંડી વાળ્યું. નવલચંદ જે કંઇ કહે તે મૌનભાવે સાંભળી લેવું અને પૈસા ભરી અપાય તે માટે પોતે નવલચંદને ત્યાં કામ કરવા ખુશી છે એવો પોતાનો મનોભાવ નવલચંદ પાસે વ્યક્ત કરી દેવો તેવો નિશ્ચય કરીને મીઠી કિંકર્તવ્યમૂઢ થઇને મૌનાવસ્થામાં બેસી રહી.

"મીઠી કાકી ! તમારી પાસે રૂ. સાતસો ને સાડાએકાવન રહ્યા" કેટલાક સમયને અંતે નવલચંદે કહ્યું. મીઠીને તો નવલચંદના ચોપડામાં શ્રદ્ધાજ ન હતી. તેથી તેણીને નવલચંદ ગમે તેટલા રૂપિયા કહે તેનો કંઈ હર્ષ કે શોક કરવાનો નહોતો.

"હા, નવલચંદભાઈ! જેટલા થતા હોય તેટલા ભલે રહ્યા, પણ તમારા કાકા કંઇ એટલું બધું રળ્યા નથી કે હું તે રૂપિયા ભરી શકું. હું તો તમો કહો તો તમારે ત્યાં કામ કરવા આવું અને ખોરાક ઉપરાંત જે કંઈ પગાર તમોને યોગ્ય લાગે તે તમારા લેણામાં વાળવા." કુદરતના સાન્નિધ્યમાં જેઓ જીવન વ્યતીત કરે છે તે ખેડૂતહૃદય કેટલાં ભોળાં હોય છે તેનો મીઠીના ઉપરોક્ત શબ્દોએ પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રય કરાવ્યો.

નવલચંદ તો તેજ ઈચ્છતો હતો. મીઠીના લાવણ્યથી તે મીઠી સાથેના પ્રથમ પ્રસંગથીજ મોહાન્ધ બન્યો હતો અને હવે તો મીઠીએ પોતેજ ત્યાં રહેવાની ઇચ્છા દર્શાવી તેથી મીઠીને યૌવનવાટિકામાં વિહાર કરવાનો અવસર યુક્તિ-પ્રયુક્તિથી પોતે પ્રાપ્ત કરી શકશે તેવા વિચારથી તેણે તુરતજ પોતાની સંમતિ દર્શાવી.

મીઠી નવલચંદનું કામ કરવા રહી હતી. હવે નવલચંદ પોતાની દુષ્ટ ઇચ્છા પરિપૂર્ણ કરવા દાવ નાખવા લાગ્યો. કંઇ પણ કારણ વિના તે મીઠીને બોલાવતો. નજીવી બાબતોમાં તે મીઠી સાથે હસતો. મીઠી પણ નવલચંદને ભાઇ તરીકેજ ગણતી અને સમયોચિત નિર્દોષ હાસ્ય કરતી. નવલચંદને પોતાના પાસા પોબાર પડતા જણાયા, મીઠીના નિર્દોષ હાસ્યથી તે સમજ્યો કે મીઠી પોતાને ચાહે છે.

" મીઠી ! અહીં તને ઠીક પડે છે ને ? ખીમાના ઘરમાં આવી સાયબી ભાળી'તી ? " મીઠી હવે પોતાની નોકર બની હતી અને નોકર સાથે તો ગમે તેવું વર્તન રખાય તેવી સમજવાળો નવલચંદ હવે મીઠીને કાકી કહેતો બંધ થયો હતો. મીઠી કામ કરતી હતી ત્યાં આવીને આસપાસ દૃષ્ટિપાત કરતાં નવલચંદે ઉપરોક્ત શબ્દો ઉચ્ચાર્યા.

" નવલચંદભાઇ ! અમે ગરીબ માણસને ત્યાં આવી સાયબી કયાંથી હોય ! " મીઠીએ આશ્ચર્ય સાથે નવલચંદ સામે જોઇને કહ્યું. નવલચંદ આજે અહીં શામાટે આવ્યો હશે તેના મીઠીને વિકલ્પ થવા લાગ્યા. નવલચંદના વર્તનથી તેણી નવલચંદની વૃત્તિથી વાકેફ થઈ.

" ચાલ્યા જાઓ અહીંથી, બાઈ માણસ એકલી હોય ત્યારે તમારાથી અહીં ન અવાય." મીઠીએ ચણ્ડિકા સ્વરૂપ ધારણ કરતાં કહ્યું.

" ચાલી જા અહીંથી, મારે તારૂં કામ નથી જોઇતું. કાલે મારા પૈસા ભરી જાજે; નહિ તો તારૂં ઘરબાર વેચાવીશ. "

મીઠી પણ અન્ય દુરાચારી સ્ત્રીઓની પેઠે પોતાની ઈચ્છા પરિપૂર્ણ કરશે એ આશાથી તે આવ્યો હતો, પણ મીઠીનું ઉગ્ર સ્વરૂપ નિહાળી તે તાજુબ બન્યો. એક વખતના ભોજન માટે જેમને તનતોડ શ્રમ કરવો પડે છે તેવા મજૂરોની સ્ત્રીઓ કેટલી વિશુદ્ધ હોય છે તેનું મીઠીએ તેને ભાન કરાવ્યું. અને મીઠીનું ચારિત્ર્ય ભ્રષ્ટ કરવાના પોતાના દાવ નિષ્ફળ નીવડયા તેથી ગુસ્સે થઇને નવલચંદે મીઠીને ચાલ્યા જવા આજ્ઞા આપી.

મીઠી તરતજ નવલચંદના ઘર બહાર નીકળી ગઇ. એ સ્વગૃહે આવી. નવલચંદ હવે શું કરશે ? તેનો તે વિચાર કરવા લાગી. "હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવંત હોઉં અને બાપદાદાનાં ઘર વેચાય એ કેમ સહેવાય ? ત્યારે શું કરવું ? દુષ્ટ નવલચંદની મનોવાંચ્છના પૂર્ણ ન કરવા માટે તે હવે પોતાને એક યા બીજી રીતે દુઃખી કરશે. ઘર ઉપર જપ્તી લાવશે તો પછી તેના કરતાં મરવું શું ખોટું ?" એવી વિચારશ્રેણીના અંતે તેણીએ તેજ રાત્રે મરવાનો નિશ્ચય કર્યો."

મધ્યરાત્રિએ તે ઉઠી. આસપાસ જોયુંઃ કોઈ ન હતું. સુતરની એક મજબૂત દોરી તેણીએ પોતાના ઘરના છાપરાના આધારભૂત બનેલા એક કાષ્ટસ્તંભમાં ભરાવી અને ગળે ફાંસો ખાધો. દુઃખની એક પણ ચીસ નાખ્યા વિના, નવલચંદ ઉપર એક પણ શાપ વરસાવ્યા વિના તેણી અનંતમાં વિલીન થઇ. એનો નિશ્ચેતન દેહ હિલોળા લેવા લાગ્યો. એનો મૃત દેહ જાણે કે મૂંગું સૂચન કરી રહ્યો હતો કે "મજૂરોના રક્તપિપાસુ ઓ મૂડીવાદીઓ ! તમો પણ તમારા અવસાનકાળે સ્થૂળ કે ભાવનાસ્વરૂપે આવુંજ કાતિલ દુઃખ અનુભવશો."

બીજે દિવસે સવારના નવલચંદ કેટલાંક માણસોને લઈ મીઠીને ઘેર જવા નીકળ્યો. પોતે મીઠીની વહાલી વસ્તુઓ ફેંદવા લાગશે અને પોતાની ઈચ્છાથી પ્રતિકૂળ વર્તન માટે મીઠીનું હૃદય કેવું સળગી ઉઠશે એવા વિકલ્પથી આત્મસંતોષ અનુભવતો જપ્તી લઇને તે મીઠીને ઘેર આવ્યો. જુએ તો ઘર અંદરથી વાસેલું હતું. એ ઠીક ઠીક અવાજ કરીને તે દ્વાર ખખડાવા લાગ્યો; પણ કોણ ઉઘાડે ? આખરે ઘરનાં કમાડ તોડયાં. ઘડી પહેલાં મીઠીને દુઃખી જોઈ પોતે સુખી થવાનો વિચાર કરતો નવલચંદ ત્યારેજ સમજ્યો કે મીઠી તો તેના પુરોગામી પતિ અને પુત્રના પુનિત પંથે ક્યારનીએ પ્રયાણ કરી ચૂકી હતી.

("લોહાણા હિતેચ્છુ" ના તા. ૨૭–૧૨–૧૯૩૪, ૩–૧–૩૫,
તથા ૧૦, ૧૭ અને ૨૪-૧-૧૯૩૫ના અંકોમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

५४-अढार उमेदवारो

(લેખકઃ-શ્રી. ખટાઉ વલ્લભજી જોશી)

(ભદ્રદેવ નામે એક બ્રાહ્મણના પુત્રે આર્યોત્કર્ષ યુનિવર્સિટીની બ્રહ્મચર્યાશ્રમ કોલેજમાં અનેક વિદ્યાઓનો અભ્યાસ કરી છેવટની સ્નાતક નામની મહામાનપ્રદ ડીગ્રી મેળવી, પોતાની પચીસ વર્ષની વયે "ગૃહસ્થાશ્રમ એન્ડ કું." એ નામની એક ઓફિસ ખોલી, "આત્મકલ્યાણ" નો વ્યાપાર શરૂ કર્યો છે. વિવેકસાગર નામના પોતાના એક જૂના મિત્રને મેનેજર તરીકે, ઇંદ્રિયનિગ્રહ નામે એક કુટુંબીને કેશીઅરની જગાએ અને શીલશર્મા નામના એક અનુભવી અને ઠરેલ પુરુષને હેડ કલાર્કની જગોએ નિયત કરી, તેના હાથ નીચે ધર્મદેવ, સત્યચંદ્ર, સદાચારચરણ અને બળરામ નામના ચાર આસીસ્ટંટો આપેલા છે. બાકી પરચુરણ કલાર્કોની બે-ચાર જગ્યા ખાલી રહેતાં, તેને માટે "જગત-મિત્ર" નામના સુપ્રસિદ્ધ પેપરમાં એક ટુંકી જાહેર ખબર છપાવી છેઃ-" જોઇએ છે-આત્મકલ્યાણના અનુભવી સુશીલ કલાર્કો. પોતાની લાયકાત તથા સર્ટીફીકેટો સાથે લખો આ પત્રની કેરમાં." બીજે દિવસે ઓફિસના નિયત કરેલા ટાઇમે બધા કારભારીઓ ઑફિસમાં હાજર રહી પોતપોતાનું કામ કરી રહ્યા છે, એટલામાં ભદ્રદેવ આવતાં બધા ઉભા થઈ તેમને મસ્તક નમાવી પ્રણામ કરે છે. ભદ્રદેવ તેમને બન્ને હાથ ઉંચા કરી આશીર્વાદ આપે છે-પછી પોતાના 'આત્મચિંતન' નામના પ્રાઇવેટ રૂમમાં જઈ વિવેકસાગરને બોલાવે છે.)

ભદ્રદેવ—ભાઇ વિવેક! આપણે "જગત્-મિત્ર" માં આપેલી જાહેર ખબરના જવાબમાં કંઇ અરજીઓ આવેલી છે કે ?

વિવેક—હા જી. અઢાર અરજીઓ આવેલી છે.

ભદ્રદેવ—લાવો જોઇએ, આપણને લાયક કોઇ નીકળી આવે તો તેને રાખી લઇએ.

વિવેક—(અરજીઓ લઇ આવીને) ભાઇજી! પહેલી અરજી મૃગ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહ નામે કોઇ પુરુષની છે.

ભદ્રદેવ—નામ પરથી તો કોઇ રાજદરબારને લાયક માણસ જણાય છે. છતાં તેણે પોતાની લાયકાત શું બતાવી છે તે વાંચી તેનો સાર મને કહો.

વિવેક—આ અરજદાર આપે કહ્યું તેમ રાજાઓને, રાજા જેવા અમલદારોને અને સિપાઇગીરી કરનારાઓને વધુ અનુકૂળ આવે એમ જણાય છે. જો કે તેમને પણ એની અતિ સોબત કરવી ઉચિત નથી; કારણ કે એના સહવાસથી શિકાર કરવાની લત પડી જાય એવું જણાય છે. અને એ લત પડ્યાથી અનેક નિરપરાધી પ્રાણીઓની હિંસારૂપ મોટું પાપ થવા ઉપરાંત રાજ્યની સંભાળ રાખી શકાતી નથી; હોદ્દાનું કામ જેવી જોઇએ તેવી કાળજીથી કરી શકાતું નથી; ચાકરી-નોકરીમાં પૂરતું ધ્યાન આપી શકાતું નથી, ગામમાં રહેવુંજ ગમતું નથી. પડવા-આખડવાથી શરીર ભાંગી જાય છે, કોઇ સમયે પાણી માટે વનવગડામાં રઝળવું પડે છે અને વખત પર વાઘ વગેરેના પંજાઓથી પ્રાણ ખોવા પડે છે. માટે આપણા આત્મકલ્યાણના બીઝનેસને લાયક એ માણસ નથી.

ભદ્રદેવ—એની અરજી નાપાસ કરી બીજી વાંચો.

વિવેક—બીજી અરજી અક્ષરાજ એ નામથી સહી કરાયેલી છે.

ભદ્રદેવ—એ નામ પણ રાજવંશીપણુંજ સૂચવે છે. એની અરજીનો શું સાર છે તે વાંચો જોઇએ.

વિવેક—એ જુગાર રમવાની કળામાં કુશળતા ધરાવતો હોય એમ જણાય છે; પરંતુ એવાઓની સોબતથી મોટાં મોટાં રાજ્યો, ઘરબાર, દરદાગીના તથા પૈસો વગેરે ખોવાં પડે છે; અપકીર્તિ ભોગવવી પડે છે; દુઃખોના ઓઘ વેઠવા પડે છે; માનની હાનિ થાય છે; રાજશિક્ષા ભોગવવી પડે છે; અને આ વિકર્મ કરવાને માટે ઘણું કરીને રાત્રિજ અનુકૂળ હોવાથી રાતો વેઠીને ઉજાગરા કરવાથી તથા ઉજાગરા કરવાને લીધે દિવસની ઉંઘ લેવાની જરૂર પડવાથી રોગો ઉત્પન્ન થાય છે. આ લત એવી ખરાબ છે કે તેમાં જેમ હારી જવાય છે તેમ તેમ વધારે વધારે રમવાનું મન થાય છે. ચાલુ સમયમાં ચાલતા નાના પ્રકારના સટ્ટાઓ પણ આ વિદ્યાનું પ્રકારાંતરજ છે. માટે આ વિદ્યાવાળા માણસોને દૂરથીજ નમસ્કાર કરવામાં સાર છે.

ભદ્રદેવ—ખરેખર, આપણાં બીઝનેસને એ પણ લાયક નથી; માટે ત્રીજી અરજી વાંચો.

વિવેક—ત્રીજા અરજદારનું નામ દિવાસ્વપ્નદાસ છે. અરજી ઘણી ટૂંકી છે; પણ એનાં નામ પ્રમાણે ગુણ ધરાવતો હોય તો દિવસે ઉંઘી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાની ટેવ એને હોવી જોઇએ. જેને આ લત પડી હોય છે તેનાથી ઉદ્યમ બરાબર કરી શકાતો નથી; આળસ વધી જાય છે; શરીરમાં મેદ વધી જાય છે; જ્યાં અવશ્ય જવાનું હોય ત્યાં જવાતું નથી; જેને મળવું હોય તેને વખતસર મળાતું નથી. આલસ્ય આવે છે. અને જાત જાતના રોગો ઉત્પન્ન થાય છે. માધવનિદાન આદિ વૈદક ગ્રંથોમાં જોવામાં આવે છે કે, દિવસે સૂવાની ટેવ અમુક જાતના થોડા રોગો સિવાય ઘણાખરા રોગોમાં નિદાન(આદિકારણ)રૂપ થાય છે. માટે આ લતવાળો માણસ તો આત્મકલ્યાણના વ્યાપારમાં તદ્દન નકામો છે.

ભદ્રદેવ—વારૂ, ચોથી અરજી વાંચો.

વિવેક—એ અરજી કરનારનું નામ પરિવાદપટુ છે. એની અરજી વાંચતાં જણાય છે કે, પરાયા દોષોનીજ વાતો હમેશાં કર્યાં કરવાની એને ટેવ હોવી જોઇએ. આ લત ઘણી ખરાબ છે. એને લીધે બીજું કામ કરવું ગમતું નથી. અનેક માણસોની સાથે વૈર બંધાય છે. મન રાતદિવસ એ વિચારમાંજ ફર્યા કરે છે, અને તેથી પુરુષોથી ધંધા-રોજગારની તથા બૈરાંઓથી ઘરનાં કામકાજની બરાબર સંભાળ રાખી શકાતી નથી. માટે આત્મકલ્યાણની ઑફિસમાં એવા માણસોને માટે જગ્યા થઇ શકે નહિ.

ભદ્રદેવ—એણે કોઇ સરટિફીકેટો રજુ કર્યાં છે કે ?

વિવેક—હા જી. વેલજીભાઇ વખારીઆ તથા અમથી, જૂઠી અને ઘેલી શેઠાણીનાં સર્ટિફીકેટો રજુ કર્યાં છે.

ભદ્રદેવ—એણે મોટે ભાગે સ્ત્રીઓનાંજ સર્ટિફીકેટો કેમ રજુ કર્યાં હશે?

વિવેક—કારણ કે પુરુષો કરતાં બૈરાંમાં આ લત વધારે જોવામાં આવે છે. બૈરાં ભેળાં થયાં હોય તો તેઓની વાતોમાં "જેકોર રાંકડી છે, ધનકોર વકરી છે, રામકોર મારાથી મોઢું મરડી ચાલે છે, મોતી છાલકી છે, મયાકોર મીંઢી છે; ચંચળ ચીબાવલી છે, વિજકોર વહુને સતાવે છે, પ્રાણકોર પાડોશણને શૂળીએ રાખે છે" એવી એવી કુથલીઓજ ચાલ્યા કરે છે. આ કુથલીઓથી ઘણા અનર્થો થાય છે અને તે સાંભળીને છોકરાં પણ બગડે છે. કેટલાંક બૈરાં એવી એવી વાતો સંભળાવીને પોતાના સ્વામીના મનમાં પણ નઠારી અસર ઉપજાવે છે. નણંદ–ભોજાઇ વચ્ચે, સાસુ–વહુ વચ્ચે, વહેવાણો વચ્ચે અને પડોસણો વચ્ચે ઘણા કજીઆ થતા જોવામાં આવે છે.

ભદ્રદેવ—ખરૂં છે, એવી પ્રકૃતિવાળું માણસ પોતાના કામ પર જોઇતું લક્ષ રાખી શકે નહિ. માટે એ અરજી પણ બાજુ પર મૂકી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછીની અરજી વાંચો.

વિવેક—પાંચમા ઉમેદવારનું નામ મદનલાલ છે. એણે પોતાની લાયકાત જે બતાવી છે તે ઉપરથી સ્ત્રીઓ સંબંધી ચર્ચા કરવામાં અને શૃંગારિક વાતોમાં રસિકતા ધરાવતો હોય એવું જણાય છે. તેથી આપના જેવા આત્મકલ્યાણ ઇચ્છતા યુવકે સમીપમાં રાખવા લાયક એ પુરુષ નથી. કેમકે નદી વિસ્તીર્ણ, નિર્મળ અને પવિત્ર હોય તોપણ વર્ષાઋતુમાં મલિન થઇ જાય છે; તેમ માણસોની બુદ્ધિ વિસ્તીર્ણ, નિર્મળ અને પવિત્ર હોય તોપણ યુવાવસ્થામાં આવા માણસોની સોબતથી મેલી થઇ જાય છે, એની કુસંગતથી કરોડાધિપતિઓ કંગાળ થઇ જવાના અને સાર્વભૌમ રાજાઓએ રાજ્ય ગુમાવવાના અનેક દાખલાઓ વ્યવહાર તથા ઇતિહાસમાં આપણ જોઇએ છીએ; માટે એવાં મનુષ્યોથી ડરી દૂર રહેવામાંજ શ્રેય અને શોભા છે.

ભદ્રદેવ—બંધુ વિવેક ! તમારા જેવા સારાસારની પરીક્ષા કરવામાં નિપુણ મેનેજર મેળવવાથી હું પોતાને ભાગ્યશાળી માનું છું; નહિ તો જરૂર આવા એકાદ ઉપર ઉપરથી મોહક જણાતા પણ અંદરથી દુર્ગુણોથી ભરેલા વ્યસનીના પંજામાં આવી જાત; દિલગીરીની વાત છે કે, આપણે સાફ જણાવ્યું હતું કે, આત્મકલ્યાણના અનુભવીઓએજ અરજી કરવી; છતાં આ તો બધા અકલ્યાણના દૂતોએજ દરોડો પાડયો છે. હું આશા રાખું છું કે, હવે કોઇ લાયક ઉમેદવાર નીકળી આવશે.

વિવેક—છઠ્ઠા ઉમેદવારનું નામ મદમત્તકુમાર છે.

ભદ્રદેવ—નામ ઉચ્ચારમાં તો આકર્ષક લાગે છે; પણ તેના અર્થ તરફ નજર કરતાં નિરાશા ઉત્પન્ન કરે છે. વારુ, વિવેક ! એની અરજીપર શો મત બાંધો છો ?

વિવેક—આપે કહ્યું તેમ આ અરજદાર તો ઘણોજ નાલાયક છે. એના સહવાસથી મદ્ય પીવાની લત પડી જાય છે અને મદ્ય ગરમ હોવાથી પિત્તનો પ્રકોપ કરે છે, તીક્ષ્ણ હોવાને લીધે મનની ગતિને હણે છે, સૂક્ષ્મ હોવાને લીધે પ્રત્યેક અવયવોમાં પેસી જાય છે અને રૂક્ષ હોવાને લીધે પવનનો પ્રકોપ કરે છે. મદ્યપાનથી સઘળી ઇંદ્રિયોનો સ્વભાવ બદલાઇ જઇ માણસ પરવશ થઇ પોતાની છાની વાર્તા પણ માણસો વચ્ચે બોલવા મંડી જાય છે. મદ્ય પીવાથી પાનાત્યય, પરમદ, પાનાજીર્ણ અને પાનવિભ્રમ, એ નામના ચાર રોગો ઉત્પન્ન થાય છે. પાનાત્યય થયો હોય તો શરીર અક્કડ થઇ જાય છે, અંગો ભાંગે છે, હૃદય ઝલાઇ જાય છે, પસીનો આવ્યા કરે છે, બકવાદ ચાલે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઢું સૂકાય છે, મૂર્છા આવે છે; શીતવળી જાય છે અને શૂળો ભોંકાયા જેવી વ્યથા, કંપ, માથામાં વેદના, બળતરા, મોઢામાં તથા આંખોમાં પીળાશ અને ઉલટી તથા મોઢામાંથી કફના સ્રાવ થાય છે. પરમદ થયો હોય તો મોઢું વિરસ થઇ જાય છે, તરસ લાગ્યા કરે છે, સાંધાઓ તૂટે છે અને ગરમી, શરીરમાં ભારેપણું, કફની વૃદ્ધિ, અરુચિ, મળમૂત્રની અટકાયત તથા માથામાં વેદના થાય છે. પાનાજીર્ણ થયું હોય તો પેટનો આફરો, ઉલટી, અન્નનો ખાટા રસવાળો ખરાબ પાક અને પિત્તના પ્રકોપના સઘળા વિકારો થાય છે. પાનવિભ્રમ થયો હોય તો કંઠમાંથી ધૂમાડો નીકળતો હોય એવું લાગે છે, મૂર્છા આવે છે, જ્વર આવે છે અને ગાત્રોમાં તથા વિશેષે કરી હૃદયમાં શૂળ ભોંકાયા જેવી વ્યથા, ઉલટી, કફનો સ્રાવ, માથામાં પીડા, અન્નનો ખાટા રસવાળો ખરાબ પાક તથા અન્ન ઉપર અરુચિ થાય છે. ધર્મશાસ્ત્રમાં મદ્યપાનની બહુજ મના કરી છે. બ્રાહ્મણ કે બ્રાહ્મણી મદ્ય પીએ તો પ્રાયશ્ચિત્ત કર્યાથી પણ તેઓને પાછું બ્રાહ્મણપણું પ્રાપ્ત થતું નથી. મદ્ય પીનારાના આ લોક તથા પરલોક બન્ને બગડે છે. માટે આ દુર્વ્યસનવાળા માણસને તો પ્લેગ સમાન ગણી તેનાથી બનતે પ્રકારે દૂર રહેવામાંજ કલ્યાણ છે.

ભદ્રદેવ—તમારૂં કહેવું અક્ષરશઃ સત્ય છે. મદ્ય પીવાથી અનેક ગૃહસ્થોની તથા અનેક કુલોની ખરાબી થયેલી ઇતિહાસોમાં વાંચવામાં આવે છે, અને પ્રત્યક્ષ પણ જોવામાં આવે છે. માટે એની તો અરજીને પણ ઓફિસમાં નહિ રાખતાં સળગાવીજ મૂકજો. વારૂ, સાતમા અરજદારનું નામ શું છે તથા તે શું લાયકાત ધરાવે છે, તે મને સંક્ષિપ્તમાં કહો. કેમકે ઓફિસનું બીજું અગત્યનું કેટલુંક કામકાજ કરવાનું છે.

વિવેક—આ અરજદારનું નામ નૃત્યસેન છે. એ નાચ કરવાની કળામાં પ્રવીણતા ધરાવે છે; પરંતુ એ વ્યસની માણસના અતિ સહવાસથી નાચ શીખવાની, કરવાની અને જોવાની લત પડી જાય છે. અને જેને એ લત પડી હોય, તે બીજો કશો ધંધો કરી શકતા નથી, નાચનારાઓની સોબતમાંજ રહે છે, રાતના ઉજાગરા કરવાથી રોગગ્રસ્ત થઈ જાય છે, નાચનારીઓને ઇનામો દેવામાં પૈસા ઉડાવે છે અને બીજાં પણ કેટલાંક વ્યસનોના ભોગ થઈ પડે છે.

ભદ્રદેવ—આઠમી અરજી કાઢો.

વિવેક—આ અરજી ગાનચતુર નામે પુરુષની છે. એ માણસ ગાયનકળામાં નિપુણતા ધરાવે છે. અલબત્ત, આ એક ઉત્તમ કળા છે, અને તે દરેક મનુષ્યે થોડી ઘણી પણ સંપાદન કરવી જોઇએ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ તેનો યોગ્ય સમયે અને હદમાં રહીને ઉપયોગ કરવો જોઇએ; પરંતુ જેઓને એવું વ્યસન પડી જાય છે, તેઓ બીજો કશો ધંધો કરી શકતા નથી. ગવૈયા અને રામજનીઓની સોબતમાંજ રહે છે, રાતના ઉજાગરા કરવાથી રોગગ્રસ્ત થઇ જાય છે, ઇનામો દેવામાં તથા સંગીત પાર્ટીઓ કરવામાં પૈસા ખરાબ કરે છે. આ ભૈરવી થઇ, આ આશાવરી થઇ, આ કાનડો થયો, આ સારંગ થયો, આ સોરઠ થયો, આ ઠુમરી થઇ, આ કલ્યાણો સ્વર લાગ્યો, આ અમુક તાલ થયો, એવા વિચારોમાંજ વખત ગુમાવે છે; વળી કેટલાંક ગાયનોના મલિન સૂરોની અસરથી મલિન બુદ્ધિવાળા થઇ જાય છે અને બીજાં પણ કેટલાંએક નીચ વ્યસનોના ભોગ થઈ પડે છે.

ભદ્રદેવ—નવમી અરજી વાંચો.

વિવેક—આ ઉમેદવારનું નામ વાદિત્રવિહૃ છે. એ વાજાં વગાડવાનો હુન્નર જાણે છે. જેને એવું વ્યસન પડયું હોય તેઓ બીજો કોઇ ધંધો કરી શકતા નથી. વાજાં એકઠાં કરવામાં તથા વાજાંવાળાઓને પગાર અને ઇનામો દેવામાં પૈસા ગુમાવે છે. સ્વરની તથા તાલની પરીક્ષા કરવામાંજ વખત ગાળે છે. અને હલકા લોકોના સંબંધમાં પડવાથી બીજાં પણ કેટલાંએક વ્યસનોના ભોગ થઇ પડે છે.

ભદ્રદેવ—બંધુ વિવેક ! હું તમારા મતને તમામ મળતો થાઉં છું. કેટલાએક મોટા મોટા શેઠીઆઓ પણ નાચનાં, ગાયનનાં અને વાજાંનાં વ્યસનોથી મોટા મોટા બંગલાઓ ભાડે લઇ, ખૂબ મોજશોખ ઉડાવી અને નિર્ધન થઇને પાન-તમાકુની દુકાને બીડીઓ વાળવા બેઠેલા જોવામાં આવ્યા છે. ધંધામાંથી પરવારી થોડી વાર મનને વિશ્રામ દેવો, ઇશ્વરના સ્મરણવાળું અથવા બીજા સદ્બોધવાળું જે ગાયન કરવામાં કે સાંભળવામાં આવે તેને, તમે આગળ કહ્યું તેમ, વ્યસન કહી શકાતું નથી.

ભાઇ વિવેક ! હવે બાકીની અરજીઓ વાંચવાનું આવતી કાલ પર રાખી, આપણી ઓફિસના કલાર્કોને મી. શીલશર્માના હાથ નીચે રહીને વર્તવાના નિયમો ઘડી કાઢવા મેં તમને કહ્યું હતું, તે જો તૈયાર કર્યા હોય તો લાવો તો તે ઉપર આપણે વિચાર કરીએ.

વિવેકસાગર—હાજી, તે નિયમો મેં તૈયાર કર્યા છે, અને યાદ રાખવા સહેલ પડે માટે તે સંગીતમાં તૈયાર કર્યા છે, તે આ પ્રમાણે છેઃ—

(મરાઠી ચાલની સાખી)

સદાચાર પર પ્યાર ધરાવો, રહો શાસ્ત્રના સંગી;
ગૌ બ્રાહ્મણ રક્ષણ કરવામાં, બનશો બહુજ ઉમંગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીલ છે સદૈવ સુખકારી, પરમપદ અર્પે અવિકારી. ટેક.
પર પરિતાપ હેતુ બનવાથી, અતિશય દૂર રહેવું;
પરોપકાર પ્રવૃત્તિ કરતાં, પડતું દુઃખજ સહેવું. શીલ૦ ૧
કૃતજ્ઞતા ગુણ કદી ન ત્યજશો, કૃતઘ્નતા તરછોડો;
અતિથિભક્તિ કરવામાં ભાવે, નિજ અંતરને જોડો. શીલ૦ ૨
કપટરહિત વ્યવહાર ચલાવો, નિત્ય નીતિને ધારી;
સદા યોગ્ય કામે જોડાવું, પ્રથમજ પૂર્ણ વિચારી. શીલ૦ ૩
આળસ છોડી થઈ ઉત્સાહી, નિયમિત વર્તન પાળો;
ધર્મ ધોરણે ધ્યાન ધરીને, વંશ અશેષ ઉજાળો. શીલ૦ ૪
કામ, ક્રોધ, મદ, મોહ, લોભ વળી, મત્સરનું બળ તોડો;
વિષયવાસના તણા પાશમાં, પડવાને નહિ દોડો. શીલ૦ ૫

(રેવાબાઇ ધર્મશિક્ષણમાળા)

ભદ્રદેવ—વાહ! જેવું જોઇએ તેવુંજ કાવ્ય બનાવ્યું છે! આત્મકલ્યાણ ઇચ્છનારે જે જે નિયમો પાળવા જોઇએ, તે બધાનો તમે એમાં સમાવેશ કર્યો છે. આ કાવ્ય સોનેરી અક્ષરોથી છપાવી દરેક કલાર્કની ટેબલ ઉપર ફ્રેમમાં મઢાવીને રખાવજો. અને મી. શીલશર્માને આજ્ઞા કરજો કે, તે પ્રમાણે દરેક જણ વર્તન કરે તેની કાળજી રાખે. ચાલો, હવે ગઈ કાલે બાકી રહેલી અરજીઓ જોઇ લઇએ.

વિવેક—બહુ સારૂં. દશમા અરજદારનું નામ વૃથાભ્રમણેંદુ છે. એની અરજી વાંચતાં નામ પ્રમાણેજ એના ગુણ જણાય છે. એના પરિચયથી જરૂરી કામ વગર પણ માત્ર વાતોનાં ગપ્પાં મારવાના શોખથી ઘરે ઘરે ભટકવાની, ગાડીઓમાં બેસી અનેક સ્થળોમાં સહેલ સપાટા કરવા જવાની, દશવીસ દેવમંદિરોમાં જવાની અને પરવારી બેઠેલા કે ઠોળીઆ લોકોની મંડળીઓમાં જઇ બેસવાની ટેવ પડી જાય છે. આ ટેવથી ધંધો-રોજગાર કરવાનું ગમતું નથી, ઘરમાં બેસી બાળબચ્ચાંને વિદ્યા ભણાવી તથા સદુપદેશ આપી સુધારવાનું કામ બનતું નથી, ઘરનાં કામકાજોમાં ધ્યાન અપાતું નથી, વખત પર જરૂરી કામ પણ પડતું મૂકાય છે અને બીજા પણ કેટલાક અનર્થો થાય છે.

ભદ્રદેવ—સત્ય છે, એવાં માણસો સ્થિરતા વગરનાં હોઇને, તેમને સોંપેલું કામ સારી રીતે કરી શકેજ નહિ.

વિવેક—અગીઆરમા ઉમેદવારનું નામ પૈશૂન્યપ્રકાશ છે. જો કે અરજીમાં તો એ પોતાની ચાલાકીનાં બહુ બણગાં ફૂંકે છે, પણ એ માણસને હું સારી રીતે ઓળખું છું; કેમકે એ અમારી શેરીમાંજ રહે છે. એ જો કે પોતાનું પૈશૂન્યપ્રકાશ એવું આડંબરવાળું નામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાહેર કરે છે, પણ લોકોમાં એ ચુગલદાસના નામથી વધારે પ્રસિદ્ધ છે. પરાયા દોષ નહિ જાણેલા છતાં પણ તેઓની વાત લાગતાવળગતા બીજા માણસોને પડખે ચડી કાનોમાં મોઢું ઘાલી છૂપી છૂપી કરવાની એને લત છે. આપ જાણો છો કે, એ લતથી બીજા માણસોનું અપરાધ વગર પણ ભૂંડું થાય છે, સારા સારા માણસોને ભમાવી દઈ, તેઓના હાથથી અનર્થો કરાવાય છે, અનેક વાર અપમાન પણ વેઠવું પડે છે અને સારી મંડળીઓમાંથી બહિષ્કૃત પણ થવું પડે છે. જેમ કાગડાને સારૂં સારૂં ખાવાનું મળ્યા છતાં પણ અપવિત્ર વસ્તુ ખાધા વગર તૃપ્તિ થતી નથી, તેમ ચાડીઆ લોકોને બીજું બધું મળ્યા છતાં પણ ચુગલી કર્યા વગર ચેન પડતું નથી. સર્પ જેને કરડે તેજ મરે છે, પણ ચુગલીખોર તો એકના કાન કરડીને બીજાના પ્રાણ લે છે; તેથી વિદ્વાનો ચુગલીખોરને સર્પથી પણ અધિક દુષ્ટ કહે છે. ચુગલ લોકો છિદ્રોનીજ શોધ કરે છે અને સ્વાર્થ વગર પણ પરાયા હિતરૂપી કપડાંઓને કાતરી નાખે છે, તેથી તેઓને ઉંદરોની ઉપમા પણ આપવામાં આવે છે.

ભદ્રદેવ—તમે ચુગલખોર લોકોના સ્વભાવનું ઘણું સરસ ચિત્ર આપ્યું. એ લોકોને મોઢા પર તેઓના સ્વભાવને જણાવનારી કોઈ જાતુકની નિશાની વિધાતાએ કરી નથી એ વિધાતાનો દોષ છે. જો એ લોકોના ઉપર પ્રેમ રાખવામાં આવે, તો પ્રેમ રાખનારને તેઓ અશક્ત સમજે છે, જો તેઓને કંઇ આપીને રાજી રાખવામાં આવે, તો તેઓ વારંવાર માંગીને સતાવે છે. માટે બનતાં સુધી એવા લોકોને તોડીજ પાડવા અને તેમ ન બને તો તેઓથી દૂરજ રહેવું એ સારૂં છે. વારૂ, ત્યારે બારમી અરજી વાંચો.

વિવેક—બારમા ઉમેદવારનું નામ સાહસશંકર છે. એનાં લખાણ ઉપરથીજ સાફ જણાઇ આવે છે કે, જે કામ અન્યાયભરેલું કે જોખમભરેલું હોય, તેમાં પણ પોતાના બળ, બુદ્ધિ વગેરેના ગર્વથી, સૂક્ષ્મ વિચાર કે દીર્ઘ દૃષ્ટિ નહિ કરતાં ઝનુની બની ઝંપલાવવાની ટેવ એને હોવી જોઇએ. કાકતાલીય ન્યાયે સાહસિક લોકો કોઇ વખતે ફાવી જાય છે, પણ તેમ થવામાં કંઈ બીજાં કારણોજ ખરી રીતે હેતુરૂપ હોય છે; માટે તે અપવાદરૂપજ ગણી શકાય. વસ્તુતઃ આવાં કૃત્ય કરવાથી સર્વથા સંકટમાંજ ઉતરવું પડે છે અને ઘણી વખત એવા અનર્થો થઇ જાય છે કે જીવનપર્યંત હેરાન થવું પડે છે.

ભદ્રદેવ—આશ્ચર્ય છે કે, આવા માણસો શું સમજીને આત્મકલ્યાણની ઓફિસમાં ઉમેદવારી કરવાની હિંમત કરતા હશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવેક—દુનિયામાં જે ગમ્મત જોવાની છે તે એજ છે. આપણી દૃષ્ટિએ તેઓ આત્મકલ્યાણના તદ્દન વિરોધીઓ છે, પણ તેમની દૃષ્ટિમાં તેમ નથી. અનેક વખત નિષ્ફળતાઓ મેળવ્યા છતાં, અને મુશ્કેલીઓમાં આવ્યા છતાં પણ આ લોકો પોતે જે જે દુર્વ્યસનોના ભોગ થઇ પડયા હોય છે તેનેજ કલ્યાણનાં સાધનો માની સેવ્યા કરે છે. અને નિષ્ફળતાને તો પોતાના પ્રયાસની અધુરાઇનુંજ પરિણામ સમજે છે. આપણે ઘણા માણસોને જોઇએ છીએ કે, જેઓ બીજી બધી રીતે ડાહ્યામાં ગણાય અને બીજાઓને ઉપયોગી સલાહ પણ આપી શકે એવા હોય છે, પરંતુ પોતાનીજ એકાદ બુરી આદતને તેના સત્ય સ્વરૂપમાં જોઇ શકતા નથી. કદાચ જોઇ શકતા હશે તોપણ તેને એટલા વશીભૂત થઇ ગયેલા હોય છે કે છોડી શકતા તો નથીજ.

ભદ્રદેવ—ખરૂં છે. એક વખત અમારા ગુરુજી વ્યસનોથી બચવાના સંબંધમાં ઉપદેશ આપતાં વ્યસનને એક પ્રાણીની ઉપમા આપી વદ્યા હતા કે, વ્યસન એક એવું ભયંકર દેખાવનું પ્રાણી છે, કે તેને જોતાં વેંતજ તિરસ્કાર ઉપજે છે; પણ જો તેના તરફ જરા નજર કરી તો તે પ્રથમ મોહ ઉપજાવે છે, પછી પોતાના ભણી આકર્ષે છે અને તેની સમીપમાં જતાંજ ખાંધ ઉપર ચડી બેસે છે અને પછી તેના ભોગ થઇ પડેલાને મરજી માફક નચાવે છે. વારૂ, તેરમા ઉમેદવારની શું હકીકત છે ?

વિવેક—એ ઉમેદવાર દ્રોણાચાર્ય એવું નામ ધરાવે છે. એના વિષે મેં જે સાંભળ્યું છે તે જો ખરૂં હોય તો એ માણસ દગો કરી પરાઇ મિલકતનો કે પરાયા પ્રાણનો પણ વિનાશ કરવામાં પાછી પાની કરે તેમ નથી. માટે એવા માણસનું નામોચ્ચારણ કરવું પણ યોગ્ય નથી. માણસને જ્યારે દ્રોહ કરવાનો વિચાર થાય છે ત્યારથીજ તેની સઘળી ઇંદ્રિયો બગડી જાય છે અને તેથી મનુષ્યોની પંક્તિમાં ગણાવાને પણ નાલાયક થઇ પડે છે.

ભદ્રદેવ—શિવ ! શિવ ! દુનિયામાં કેવાં માણસો ઉત્પન્ન થાય છે ! તેઓની વચ્ચે સહિસલામત રહેવું કેટલું મુશ્કેલ છે.

વિવેક—ચૌદમી અરજી આપણા સહાધ્યાયી મત્સરશંકરના ભત્રીજા ઇર્ષ્યારામની છે. અરજીની સાથે મત્સરશંકરનો ભલામણનો પત્ર છે. તેમાં તે લખે છે કે, આપણે ભણતા ત્યારે તમે આત્મકલ્યાણનું બીઝનેસ ખોલવાની વાત કરતા હતા તે ઉપરથી આ જાહેર ખબર તમારા તરફથીજ હશે એમ ધારી આ ભલામણ કરૂં છું.

ભદ્રદેવ—કોણ ? પેલો મત્સર પાઠક કે ? અરે બિચારો ! મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની બહુ દયા આવે છે. યાદ છે, વિવેક! આપણે પરીક્ષાઓમાં સારે નંબરે પાસ થઇ ઇનામો મેળવતા ત્યારે કેવો એ ઇર્ષ્યાથી બળી જતો! એના કરતાં પેલો સ્પર્ધાશંકર હવે કેટલો સારો! પરીક્ષા વખતે હરીફાઇ કરતો, પણ પાછો કેવો આપણી સાથે હળતો મળતો ને હસતો રમતો! આપણે તો આપણા કરતાં વધારે હુંશિયાર વિદ્યાર્થીઓની કેવી પ્રશંસા કરતા અને તેમની પાસેથી ન આવડતું તે નમ્રભાવથી શીખતા. આપણા કરતાં ઉતરતા વિદ્યાર્થીઓ પર દયા લાવી તેમને શીખવતા અને સ્પર્ધાશંકર વગેરે સમાન શક્તિવાળાઓ સાથે મૈત્રી રાખતા; જ્યારે એને તો બધાની સાથે અણબનાવજ રહેતો. પરાયા દોષો જોવામાંજ એ તો વખત ગાળતો અને તેથી જ્યાં ત્યાં તિરસ્કારને પાત્રજ થતો. એ તો ભાઇ કહેવત છે કે "કાકો દીઠે કુટુંબ દીઠું." તે અનુસાર ઇર્ષ્યારામ પણ કાકા જેવોજ હોવો જોઇએ.

વિવેક—હું પણ એમજ ધારૂં છું. કેમકે ઘરમાં વડિલો જેવું વર્તન કરે, તેની છાપ યુવકો ઉપર પડે છે; અને તેથી તેઓ પણ તેવુંજ અનુકરણ કરે છે. ભાઇ! પંદરમી અરજી અસૂયાનંદની છે.

ભદ્રદેવ—અસૂયાનંદ! અરે એ તો મત્સરનો મોટો ભાઇ! એ તો મત્સરથી પણ વધે એવો છે. મત્સર તો બાપડો પરાયા દોષોજ શોધે છે; ત્યારે આ તો પરાયા ગુણોને પણ દોષરૂપ ઠરાવી દેવાની હિંમત કરે એવો છે. આ લતથી ઘણે ભાગે ખોટુંજ બોલવું પડે છે. ખોટું બોલાયા પછી બોલેલું સિદ્ધ કરવાની ચિંતામાં પડવું પડે છે. ખોટું કેમે કરી સિદ્ધ કરી શકાતું નથી તેથી જનમંડળમાં અપમાન વેઠવું પડે છે. આ ટેવવાળાં માણસો શુદ્ધ બુદ્ધિથી સદાચાર પાળતા માણસમાં દંભીપણાનો આરોપ કરે છે. કોઇએ શુદ્ધ બુદ્ધિથી પરોપકાર કર્યો હોય તેને પણ સ્વાર્થબુદ્ધિથી કરેલો ઠરાવવા પ્રયત્ન કરે છે, કોઇએ શુદ્ધ કન્યાદાન કર્યું હોય તો તેમાં પસા લઇને અથવા સામી કન્યા લેવી ઠરાવીને તેમ કર્યાની વાત ચલાવે છે અને કોઇએ વિદ્વત્તા વગેરેથી યશ મેળવ્યો હોય તો તેમાં ખામીઓ જણાવવા પ્રયત્ન કરે છે. માટે એ અરજી પણ કચરાની ટોપલીને હવાલે કરો.

વિવેક—સોળમા ઉમેદવારનું નામ ઉચાપતગુપ્ત છે. પ્રોફેસર ઓહીઆંકરની 'કૉલેજ ઓફ્ એમબેઝલમેંટ'માં અભ્યાસ કરી અર્થદૂષણ નામની મહાન પરીક્ષા પસાર કરેલી જણાવે છે. તે બાબતનું દમામદાર સર્ટીફીકેટ પણ રજુ કર્યું છે. આ કૉલેજનો મુખ્ય અભ્યાસક્રમ ખુલ્લા શબ્દોમાં બોલીએ તો, પરાયા ધનનું હરણ કેમ કરવું, પોતે દબાવેલી પરાઈ મિલકત પાછી કેમ ન દેવી પડે તથા પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવાં કૃત્યોને છુપાવવા લોકોની આંખોમાં કેમ ધૂળ નાખવી, એ વિષયનું જ્ઞાન એ છે. પરંતુ કૉલેજની પરિભાષામાં આ કળાને અર્થદૂષણ એવું ગૂઢ નામ આપવામાં આવ્યું છે. કૉલેજની અંદર માત્ર આ વિષયનાં મૂળતત્ત્વોનું અને કેટલાક સિદ્ધાંતોનું શિક્ષણ આપવામાં આવે છે. પરંતુ એ જ્ઞાનને વ્યવહારમાં કેમ ઘટાવવું, તેનો આધાર જુદી જુદી વ્યક્તિઓની બુદ્ધિમત્તા ઉપર છે. અને અમુક રીતેજ આ જ્ઞાન વાપરવું એવો પ્રતિબંધ પણ નથી. માત્ર લક્ષમાં રાખવાનું એટલુંજ છે કે, બહારનો આડંબર કાયમ રાખી લોકોનો વિશ્વાસ મેળવવો. લોકોનો વિશ્વાસ–અંધશ્રદ્ધા એજ આ વ્યાપારમાં મૂડી છે. હાલમાં ઉભી થતી અનેક પરપોટા કંપનીઓ, તેનાં પોકળો ફૂટતાં જણાઇ આવતાં મેનેજરો એજંટો અને ડાયરેકટરોનાં ભોપાળાં અને તેને પરિણામે લાખો વિશ્વાસુ માણસોનો થતો મરો, શેર–મેનીઆ ઉત્પન્ન કરી બે આંકડાની કિંમતના શેરની ચાર આંકડા સુધી કિંમત લઇ જવી, પ્રસિદ્ધ માણસોને ડાયરેકટરો તરીકે નીમી, તેમનાં નામ દ્વારા લોકોનો વિશ્વાસ મેળવી, શેરો માટે એક દિવસ અરજીઓ માગવી અને બીજેજ દિવસે અરજીઓ લેવી બંધ કરી, લોકોની લોભવૃત્તિને ઉશ્કેરી દઈ, કંઈ પણ કામકાજ શરૂ થયા વગરજ શેરોના ભાવ વધારી દેવા અને પછી તે વધારેલે ભાવે પોતાનાજ શેરો વેચી શરૂઆતમાંજ મલાઇ ખાઇ જવી; મોટા પાયા ઉપર અનેક વેપારની ચીજોને "કોર્નર" (એકહથ્થુ) કરી, મરજી મુજબ ભાવોની વધઘટ કરી, કરોડોની ઉથલપાથલો સાથે હજારો આસામીઓને પાયમાલ કરી નાખવા; મોટાં વ્યાજે આપવાની લાલચે નાણાં વ્યાજે રાખી આખરે બધાંને રડાવી મારવાં; ડુપ્લીકેટ શેરો અને ડીબેન્ચરો કાઢી પૈસા ઉચાપત કરી જવા વગેરે રીતોથી આ વિદ્યાનો પ્રચાર આજકાલ એટલો ધમધોકાર ચાલી રહ્યો છે કે તે વિષે ભાગ્યેજ કોઈ અજાણ્યું હશે. આ બધો વ્યાપાર આત્મકલ્યાણના વ્યાપારને ઉંધોજ વાળનાર છે; માટે અર્થદૂષણના ઉપાસકોને આપણી ઓફિસમાં રાખવામાં આપણું ભૂષણ નથી, પણ તે દૂષણરૂપજ થઇ પડે.

ભદ્રદેવ—વિવેક! આ અર્થદૂષણનાં તમે થોડાંક ઉદાહરણો આપ્યાં તે ઉપર વિચાર કરતાં કંપારી છૂટે છે. કેટલાં બધાં ભોળાં માણસો એનાં ભોગ થઈ પડતાં હશે! વસ્તુસ્થિતિ એવી છે કે, જનસમાજના મોટા ભાગને વિનાપરિશ્રમે, થોડા વખતમાં અને એકેસપાટે શ્રીમંત થઇ જવાની ઇચ્છા છે. જે ધાર્મિક–અંકુરો–રહિત બુદ્ધિમાન પુરુષોના ધ્યાનમાં લોકોની આ નબળાઇ આવી જાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ નાના પ્રકારની લલચાવનારી યોજનાઓ જાહેરમાં મૂકે છે લાલચુ લોકો પતંગીઆની માફક તેમાં ઝંપલાવે છે. આવી પરિસ્થિતિ થવાનું કારણ એક તરફથી ધાર્મિક કેળવણીનો બિલકુલ અભાવ અને બીજી તરફથી ઐહિક સુખોપભોગની પ્રાપ્તિ એજ પુરુષાર્થની પર્યાપ્તિ, એવા પશ્ચિમના વિચારોની બેસતી જતી મજબૂત અસર એ છે. અને તેથી '**धर्मादर्थश्च कामश्च**' ધર્મથીજ અર્થ અને ધર્મથીજ કામનાઓ-ઇચ્છાઓ પ્રાપ્ત કરો એવી શાસ્ત્રાજ્ઞાને વિસારી દેવામાં આવે છે. વારૂ, ત્યારે હવે તો બેજ ઉમેદવાર રહ્યા. વિવેક ! એમને માટે તમે શું મત ધરાવો છો ?

વિવેક—એ બે તો જોડીઆ ભાઇઓ છે. એકનું નામ વાક્પારુષ્ય છે અને બીજાનું નામ દંડપારુષ્ય છે, આપણા કલાર્ક મિ. બળરામની જાતના છે. તેમની સાથે આજે સહેજ વાત થતાં એમણે મને તેમના સંબંધમાં કેટલીક હકીકત કહી છે, તેની રૂએ હું જાણું છું કે, એ બન્ને ભાઇઓ બહુ લડાઇખોર છે. પહેલો શરીરે નબળો છે, પણ એની જીભ કુહાડા જેવી છે. વિના કારણે માત્ર બીજાને ઉદ્વેગ આપવા માટે બધા દેશને, શહેરને, જાતને, કુળને કે ગુણને વખોડવાની એને લત છે. અને તેથી જેની તેની સાથે ગાળાગાળીમાં ઉતરી પડે છે, અને તેથી ઘણી વખત પોલીસની ચોકી ઉપર પણ જવું પડે છે, અને દંડાય પણ છે. પાડોશીઓ સાથે નળ વગેરે ઉપર દિવસમાં બે-ચાર કજીઆ થયા વગર વાક્પારુષ્યને ખાધેલું પચતુંજ નથી. દંડપારુષ્ય કજીઆખોર હોવા સાથે શરીરે પણ મજબૂત છે અને તેથી સહેજ સહેજમાં લાકડીઓ વગેરે ઉગામવાં, બેધડક રીતે મારવાં, લોહીલુહાણ થવું અને કરવું, એકમેકનાં કપડાં ફાડી નાખવાં, વાળો તોડી લેવા વગેરે હાલતે ને ચાલતે થયા કરે છે.

ભદ્રદેવ—આ પ્રમાણે આ બન્ને ભાઇઓ પણ આપણી ઓફિસને યોગ્ય નથી. અજબ જેવું છે કે, અઢારે અઢાર ઉમેદવાર નાલાયકજ નીવડયા ! શું કોઈ લાયક માણસે જાહેર ખબર વાંચીજ નહિ હશે ! આપણા બે દિવસ એમની પાછળ ફોકટ ગયા.

વિવેક—તદ્દન એમ પણ નથી. દરેક બાબત પર વિચાર કરવાની અને સારાસારનો વિવેક કરવાની ટેવ કેળવી હોય છે તેઓ દરેક ચીજમાંથી સાર ગ્રહણ કરી શકે છે. આ અરજીઓ પરથી પણ આપણને ઘણું જાણવાનું મળ્યું છે. આ સંસારમાં આપણને કેવાં કેવાં માણસો સાથે પ્રસંગ પડશે, ઉપર ઉપરથી દરેક જણ કેવા સજ્જન હોવાનો તથા આપણાંજ હિતની કાળજી રાખતા હોય એવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાવ રાખે છે પણ અંદરથી કેટલા મલિન અને સ્વાર્થસાધુ હોય છે ! માટે તેઓની જાળમાં ન ફસાવા કેવું જાગ્રત રહેવું જોઇએ વગેરે બોધ લઇ શકીએ છીએ. વળી જે જે દુર્વ્યસનોને લીધે આ ઉમેદવારોની અરજીઓ આપણે કાઢી નાખી તે તે વ્યસનોથી આપણે પોતે પણ બચવું જોઇએ અને તોજ આત્મકલ્યાણનો વ્યાપાર આગળ વધારી શકીશું, એ વાત પણ લક્ષમાં રાખવી જોઇએ.

ભદ્રદેવ—મિત્ર વિવેકસાગર ! તમે ખરેખર વિવેકના સાગરજ છો. તમારી દરેક ચીજમાંથી સાર ગ્રહણ કરવાની અને ખરા ખોટાનું પૃથક્કરણ કરવાની અગાધ શક્તિને માટે તમને ધન્યવાદ આપું છું. તથા તમારા જેવો મિત્ર અને સલાહકાર મેળવવાને હું ભાગ્યશાળી થયો છું તે માટે પોતાને કૃતાર્થ માનું છું. ચાલો હવે, "ધર્મની ચડતી પડતી સાથે દેશની ચઢતી પડતીનો સંબંધ" એ વિષય ઉપર પંડિત કાલિકાપ્રસાદનું આજે ભાષણ છે તે સાંભળવા જઇએ.

પ્રિય વાચકગણ ! ઉપલા લેખના શબ્દાર્થોનાં જરા વિશેષ ઉંડાણમાં ઉતરવાથી આપને સહેજમાં જણાશે કે "ભદ્રદેવ" તે બીજું કોઇ નહિ, પણ સંસારયાત્રામાં પ્રવૃત્ત થએલ, થતી તથા થનાર વ્યક્તિ માત્ર છે. એવી કોઇ પણ વ્યક્તિ નહિ હોય કે જે પોતાનું કલ્યાણ નહિ ઇચ્છતી હોય; એટલે "આત્મકલ્યાણ" એ વ્યક્તિ માત્રનો મુખ્ય વેપાર છે. "વિવેકસાગર" એ પરમ દયાળુ પ્રભુએ બક્ષેલી સારાસાર પારખવાની વિવેકબુદ્ધિ છે. પોતાનું શ્રેય ઇચ્છનારે "ઇંદ્રિયનિગ્રહ" તથા "શીલ" તો જરૂર પાળવાંજ જોઇએ. અને જ્યાં શીલ હોય ત્યાંજ ધર્મ, સત્ય, સદાચાર અને બળ રહે છે. અઢાર જે ઉમેદવારો જણાવ્યા છે, તેમને પુરુષવાચક અંત્ય પદો લગાડેલાં છે. તે દૂર કરતાં, શ્રી મનુ ભગવાને વર્ણવેલાં અઢાર મુખ્ય વ્યસનો છે. વ્યસનો અસંખ્ય છે. પણ તે બધાં આ મુખ્ય અઢારના પેટામાં આવી જાય છે. આત્મકલ્યાણ ઇચ્છનારે એ દરેકે દરેક વ્યસનથી મુક્ત રહેવું જોઇએ, એ સમજ સમજી શકાય તેમ છે. આ અઢારે અઢાર ઉમેદવારો વગર જાહેર ખબર આપે, આપણાં દરેકનાં ગૃહદ્વાર સમીપ આઠે પ્રહર અંદર પેસવાનો લાગ જોતા આતુરતાથી ઉભેલાજ છે. જો કોઇ એકાદ ઉમેદવાર વાચક બંધુઓના ઘરમાં પેસી ગયો હોય તો તેને હાંકી કાઢવા અને હવે પછી ન પેસવા દેવા તેઓ દૃઢ સંકલ્પ કરશે તો લેખક લેખની સાર્થકતા થયેલી સમજશે. અસ્તુ ! (૧૯–૧૦–૧૯૧૯ ના "ગુજરાતી"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૫–बेकारी

(લેખક:-શ્રી. ઇશ્વર પેટલીકર)

(રખે કોઇ કલ્પી લે કે દુકાળમાં માત્ર ગામડાની કરુણ અને વિષમ સ્થિતિ ઉપસ્થિત થાય છે, પરંતુ દુકાળનો ભીષણ આંચકો તો સમૃદ્ધિશાળી શહેરને પણ ઉથલપાથલ કરી નાખે છે. શહેર એટલે ઉદ્યોગનાં કારખાનાં ને તેથીજ ધમધોકાર વહેપારનું મથક. ને આ બધો વેપાર શાના ઉપર? ગામડાના ખેડૂતો પર. કોઇ પણ ધંધો નવીન પેદાશ કરતો નથી. દરેક ધંધામાં એકની પાસેથી બીજાની પાસે, ને બીજાની પાસેથી ત્રીજાની પાસે; પરંતુ ખેતી એકલીજ નવીન પેદાશ ઉત્પન્ન કરે છે, ને તેથીજ ઉત્તમ ખેતી ગણવામાં આવી છે. જ્યાં નવીન પેદાશ ઉત્પન્ન નહિ થાય, જ્યાં ગરીબ ખેડૂત પાસે ખાવાના સાંસા હશે ત્યાં શહેરનાં કારખાનાં ને વેપારને પોષશે કોણ? ને જ્યારે ત્યાંનાં કારખાનાં બંધ પડશે ત્યારે કામદારોની શું સ્થિતિ થશે?)

“ ભુંઉઉઉઉઉ.........”

સાડાપાંચની વીસલ થતાં કામદારોએ પોતાના સંચા બંધ રાખી ઘર તરફ વિદાય થવા માંડયું. રોજની માફક કામદારો ધસમસ્યા જતા હતા, પણ......એકાએક ઝાંપા આગળ આવતાં દરેકના પગ શિથિલ થઈ ગયા. ઘેર જવાનો ઉલ્લાસ આમ એકાએક ઉડી ગયો. કોઇનાય મોંમાં બોલવાની શક્તિ ન રહી. ધસમસ્યા પગ કોણ જાણે કેમ થમ્ભી ગયા! જોતજોતામાં તો કમ્પાઉંડ કામદારોથી ચીકાર ભરાઇ ગયું. દૂર ઑફિસના બારણામાંથી જોઇ રહેલા મેનેજરને ધાસ્તી લાગી કે, કદાચ તોફાન થાય......ને તરતજ ઝાંપા ઉપર ઉભેલા સીપાઈના કાન ઉપર શબ્દો અથડાયા કે “બહાર કાઢો.” ને અત્યાર સુધી મૌન ઉભેલા પટાવાળાએ ઉતાવળ કરવા માંડી. “બહાર નીકળો” “બહાર નીકળો” ના અવાજો કામદારોના કાન ઉપર ગુંજી રહ્યા. ને છેવટે નિરાશ વદને, બળતે હૃદયે અને શિથિલ પગે કામદારોએ મિલનો ઝાંપો વટાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારનો વિષમ સમય ! ગામડાંના ખેડૂતોનું કંગાલ દૃશ્ય ! સારાય ગુજરાતમાં દુકાળની બૂમો પડી રહી હતી. જીવનભરથી ગામડામાં વસનાર, ખેતી કરનાર ખેડૂતને અત્યારે એકજ પ્રશ્ન મૂંઝવી રહ્યો હતો કે, તેનાં બાળબચ્ચાં ને પશુઓનું શું ? તો પછી બહારના બીજા માણસોનું અત્યારે કેવી રીતે પોષણ થાય ! સારાં વર્ષોમાં જ્યારે ખેડૂતને લીલાલહેર હોતી, તે વખતે શહેરના બળ્યા ઝળ્યાનો વિસામો ગામડું હતો. પણ અત્યારે ગામડું વિસામાનું સ્થાન ન હતું. ખેડૂતને પણ તેનો વિસામો મૂકી શહેર તરફ નાસી જવાનું મન થતું ત્યારે શહેરમાં જેની વિષમ સ્થિતિ છે તે ક્યાં જાય ? શું કરે ?

ગુજરાતના પાટનગર અમદાવાદનો મિલઉદ્યોગ અત્યારે ચકડોળે ચઢ્યો હતો. સારા વર્ષમાં પણ જ્યાં ઘણી ખરી મિલો પોતાનું માંડ માંડ પૂરૂં કરતી હતી ત્યાં આવા દુકાળના વખતમાં જ્યાં ખાવાને અન્ન નથી, પીવાનું પાણી પણ થોડા વખતમાં સૂકાઇ જવાની અણી ઉપર હતું, જ્યાં કુદરતી બાળફૂલવાડીને ઉછેરવા, પોષવા પયનો અભાવ હતો ને જ્યાં પશુઓને ખાવાને ઘાસ ન હતું તેવા વખતે મિલઉદ્યોગ કેટલો વખત ટકે ? ને ટપોટપ મિલો બંધ થવા માંડી. 'ભુંઉઉઉઉઉ' મનહરલાલની મિલની છેલ્લી વ્હીસલ હતી. ને તેની સાક્ષી માટે ઝાંપાના દરવાજા ઉપર બોર્ડ લટકતું હતું: "કાલથી મિલ બંધ છે." ને કામદારોના ધસમસ્યા પગ તેથીજ થંભી ગયા હતા. ને છેવટે નછૂટકે દરેક પોતપોતાના ભાવિનો વિચાર કરતા વિદાય થવા લાગ્યા. સૌથી છેલ્લો બિહારી હતો. તેની દુઃખદ સ્થિતિની કલ્પના સરખી ય કોઇને આવવી મુશ્કેલ હતી. નાનપણથી જેની જીંદગી શહેરમાં વ્યતીત થઇ હતી, જેણે જીવનમાં મિલ સિવાય બીજું જોયું નથી એવા બિહારીના હૃદયમાં અત્યારે અકથ્ય વેદના થઈ રહી હતી. સાધારણ ઓળખીતા, લંગોટીઆ મિત્રો ને દૂરના સંબંધીઓ તો તેને ને તેના કુટુંબને સુખી જાણતા. પરંતુ તે બિચારાઓને ક્યાંથી ખબર હોય કે અંદરખાને તેની શું સ્થિતિ હતી ?

બિહારીનું મૂળ વતન ગામડુંજ હતું. પરંતુ અત્યારે ગામડા સાથે તેને કશોય સંબંધ ન હતો. વતનનો રાજા એક નાનો દરબાર હતો કે જેના રાજ્યમાં દરેકને ભાડાના ઘરમાં રહેવાનું હોય છે ને ખેતી પણ પરાઈ જમીનમાં કરવાની હોય છે. આવું વતન છોડી બિહારી અને તેનું આખુંય કુટુંબ અમદાવાદમાં દશ વર્ષથી રહેતું હતું. ને તેવા વતનની તેને પરવા પણ શી હોય !

આમ જોતાં બિહારી અને તેનો ભાઇ સુશીલ દર મહિને દોઢસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપિયા પગારના લાવતા હતા, પણ તેની શી વિસાત ! ઓછા એ એમના એમ રહેતા હતા ! થન થન કરતા એમના હાથમાંથી થોડીક પલકમાં અદૃશ્ય થઈ જતા. બિહારીના કુટુંબમાં આઠ માણસ હતાં તે પણ અમદાવાદ જેવા ખર્ચાળ શહેરમાં. ઉપરાંત નાના ભાઇનો આધુનિક કેળવણી આપવાનો ખર્ચ. તે કદાચ આપવાથી બિહારીને પત્યું હોત તો તેની દુઃખદ સ્થિતિ ન હોત; પણ જુલ્મી સમાજનાં આંધળિયાં ખર્ચ કયા માણસને સુખે ખાવા દે છે ! બિહારીને પાંચ બહેનો હતી. તેમાં બિચારી ચારની તો દશા એવી કંગાલ હતી કે બિહારીને આપીને ચલાવવું પડતું. નાની બહેન સુખી હતી, પણ પોતાની બીજી બહેનોના જેટલો હક્ક તે ગુમાવે તેટલી ઉદાર ન હતી. આ રીતે તેમનું ખર્ચ કંઇ સાધારણ ન હતું. ને આજના લગ્નબજારના ભાવો કેટલા બધા તેજ છે ! હિંદુ સમાજનું લગ્ન એટલે પૈસાના સોદા. કુળવાન ગણાતા મોટા માણસોને છોકરી માટે વર વેચાતા લેવા પડે, ને તેથી ઉલટી દશા સમાજના બંધારણમાં જેને નીચા ગણવામાં આવે છે તેમની, કે જેઓને પુત્ર માટે વધૂ ખરીદવી પડે. લગ્નના સોદાએ સારાનરસા કોઇને તેના ખપ્પરમાંથી છોડયો નથી. બિહારી નીચેની ગણત્રીમાં હતો. હોયજ ને ! વતનમાં ઘર કે જમીન નથી તેવાને કોણ કન્યા આપવા તૈયાર થાય ? ભલેને શહેરમાં ગમે તેટલો સુખી હોય, પણ સભ્ય ગણાતો સમાજ તેને અપનાવેજ શાનો ! ને તેથી બિહારી ને તેના ભાઇના લગ્નમાં કેટલોય પસીનો રેડી પેદા કરેલા પૈસાના ધુમાડા થઇ ગયા હતા. શહેર એટલે રોગીઓનું સંગ્રહસ્થાન. ને તેમાંય બિહારીનો મિલનો ધંધો. વૃદ્ધ માતપિતા કે કુટુંબમાંથી કોઇ વર્ષમાં એકાદ વખત માંદગીના બિછાના પર પોઢેજ. દવામાં દર વર્ષે માંડ પરાણે તાણીને મેળવેલું તૂટી જતું. આ રીતે બિહારી બે હજાર રૂપિયાના દેવાના દુઃખથી પીડાતો હતો. ને છેલ્લી મનહરલાલની મિલની વ્હીસલથી તેના ઉપર બ્રહ્માંડ તૂટી પડે તેમ થયું. ભાગ્યને દોષ દેતો, કિસ્મતનો વાંક કાઢતો, ને ભાવિ ઉપર વિચાર કરતો બિહારી ઘર તરફ જઈ રહ્યો હતો.

"બિહારિ ! કેમ બેટા આમ નિરાશ જણાય છે ?" ઘરમાં પગ મૂકતાંજ વૃદ્ધ પિતાએ પ્રશ્ન કર્યો. વૃદ્ધ પણ સશક્ત માતા ઘરમાંથી દોડતી બહાર આવી, પુત્રના મુખારવિંદ ઉપર ઉલ્લાસને બદલે નિરાશા સ્પષ્ટ તરવરતી હતી.

"બેટા ! શું થયું ?" પિતાને જવાબ આપે તે પહેલાં માતાએ બીજો પ્રશ્ન કર્યો. પણ તેનામાં અત્યારે જવાબ આપવાની શક્તિ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. શોકનાં વાદળ મુખ ઉપર વધારે ને વધારે ગાઢાં બનતાં હતાં. રસોડામાં રસોઇ કરતી બિહારીની પત્ની આમ એકાએક આવેલી આફતથી સૂંઢમૂંઢ થઇ પતિના મુખ તરફ તાકી રહી હતી.

"બિહારી ! કહે તો ખરો શું થયું છે ? સુશીલ ક્યાં ?" પિતાએ ફરીથી પ્રશ્ન કર્યો. સુશીલ, તેનો નાનો ભાઈ પણ તેજ મિલમાં નોકરી કરતો હતો. તેને પણ ચિંતા થઇ હતી, પણ બિહારીના જેટલી નહિ. કારણ કે ઘરનો બધો બોજો બિહારીના માથા ઉપર હતો. સુશીલને તો ફક્ત નોકરી કરવી, ખાવું પીવું ને આનંદ કરવો એજ માત્ર જીવનનું કાર્ય હતું. તેને ન હતી સમાજના રિવાજોની ઉપાધિ. આવા સુખી સુશીલની જાણે કુદરતને અદેખાઇ આવી હોય તેમ થોડા વખતથી તે એક આંખવાળો થયો હતો. રાક્ષસી સંચા સાથે કામ કરતાં તેણે થોડા વખત ઉપરજ પોતાની મહામૂલી આંખનો ભોગ આપ્યો હતો; છતાં તેટલા ભોગથી કુદરત રાજી ન થઇ ને છેવટે સુશીલ અને તેના કુટુંબને મહા ઉપાધિમાં નાખી દીધું.

"પાછળ આવતો હશે" બિહારીએ ટુંકો જવાબ આપ્યો. તે સમજતો હતો કે માતપિતાને કહેવાથી તે ઉલટાં દુઃખી થશે. ઓછી તેમનાથી આવી પડેલી આફત દૂર થવાની હતી ! ને તેથીજ તે કોઇને જવાબ આપતો ન હતો.

"બેટા ! તું તો કહીશ ને ?" પગથીઆં ઉપર ચઢતા સુશીલને જોતાંજ માતાએ તેને પ્રશ્ન કર્યો, તેના મુખ ઉપર શોકની છાયા સ્પષ્ટ માલમ પડતી હતી; પણ તે ભખ્ખાબોલો હતો.

"કાલથી મિલ બંધ છે." સુશીલે કહી નાખ્યું.

"હેં ! ! !" કુટુંબના દરેક માણસના મુખમાંથી ભયસૂચક શબ્દ નીકળી ગયો; જાણે વીજળીનો આંચકો ન આવ્યો હોય ! કોઇને બોલવાની શક્તિ ન રહી. દરેક એકબીજા સામું નિરાશ વદને જોઇ રહ્યાં હતાં. થોડાજ કલાક ઉપર જે કુટુંબ આનંદમાં કલ્લોલ કરતું હતું તે આમ એકાએક દુઃખની ઉંડી ખાઈમાં ગબડી પડયું. અહા ! કુદરત તારી અજબ કળા છે !

"બિહારી ! હવે કંઇ કરો. આખા વર્ષમાં આ વખતે તો કંઇ આપ્યું નથી." વલ્લભદાસે વાતની શરૂઆત કરી. વલ્લભદાસ બીજા કોઈ નહિ પરંતુ બિહારીના બનેવી હતા. તેને અમદાવાદમાં લાવી નોકરી ઉપર ચઢાવનાર, ગામડામાં પડી રહેલા કુટુંબને શહેરી બનાવનાર તેજ બિહારીના બનેવી વલ્લભદાસ હતા. તેમણે અમદાવાદમાં આવી સારી રકમ પેદા કરી હતી, મિલમજૂરોને તે ધડા વગરના વ્યાજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રકમ ધીરતા હતા ને અભણ કામદારોની અજ્ઞાનતાને લીધે વલ્લભદાસ અત્યારે કંઈક લીલા હતા. આ પ્રમાણે જરૂર વખતે બિહારીને બીજા કોઈને ત્યાં રૂપિયા લેવા જવાનો પ્રસંગ પડતો નહિ. બીજા કોઈને ધીરવા કરતાં પોતાના સગાને ધીરવામાં શું ખોટ? ક્યાં ઓછું કમાય છે કે નહિ આપી શકે? ને કદાચ વ્યાજ ઓછું આપશે તો બિચારા ક્યાં ઓછું ઘસાય છે? વલ્લભદાસ આમ વિચાર કરીને રૂપિયા ધીરતા હોય કે પછી પરોપકાર સમજી ને? એ તો પરમાત્મા જાણે. સુશીલની આંખે નુકસાન થવાથી છ માસ દવાખાનામાં પડયો પડયો સડયો હતો, તેથીજ આ સાલ બિહારી કંઇ આપી શકયો ન હતો. મિલ બંધ પડતાં પોતાનો ધંધો અટકયો હતો. ગામડામાં દુકાળ પડયો હતો. આવા વિકટ સમયમાં બિહારી વલ્લભદાસની સલાહ લેવા ગયો હતો. પણ તે બિચારાનું ભાગ્ય જાણે રૂઠયું ન હોય તેમ બનેવીને ઘેર જતાંજ કોઇ દિવસ નહિ ને આજે તેમણે પૈસાની માગણી કરી. વલ્લભદાસને ખબર હતી કે મનહરરાયની મિલ બંધ થઈ હતી. છતાં કેમ તેમણે બિહારીને આવા દુ:ખી વખતે આશ્વાસન આપવાને બદલે મુંઝવણમાં નાખે તેવો પ્રશ્ન કર્યો? શું તેમને ધારતી લાગી હશે કે બિહારીની નોકરી જતી રહેશે? ગમે તેમ હોય, પણ એટલું તો ચોક્કસ કે તેમણે કોઇ દિવસ નહિ પૂછેલો એવો પૈસાનો પ્રશ્ન આજ પહેલવહેલો કર્યો હતો.

"તને ખબર તો છે, આ નવા બંગલાથી તો હું હેરાન થઇ ગયો. માગતાવાળા વાયદાસર આપે નહિ, તેમજ બીજી બાજુથી ધંધો બંધ. નાણાં ગમે તેટલાં પણ પારકાના હાથમાં એટલે આપણે કરીએ શું? મજૂરો પણ એટલા બધા મોંઘા ને શાહુકાર થઇ ગયા છે કે પ્રથમ નાણાં માગે છે. માટેજ કહેવું પડયું કે હમણાં કંઈ આપે તો કામ આપે." વલ્લભદાસે બિહારીની વાતથી અજાણ હોય તેમ ડોળ કરતાં વાત કરવી શરૂ કરી ને જેમ જેમ બિહારી તે સાંભળતો ગયો, તેમ તેમ તેનાં રૂવાં ઉભાં થતાં ગયાં. તેને બહુ લાગી આવ્યું, પણ શું કરે! ગરીબી જેવું બીજું દુ:ખ નથી કે જેથી માણસને સખ્ત અપમાનના કડવા ઘુંટડા પણ પી જવા પડે છે.

પણ આ વખતે તો જુઓ, આજથી મિલ બંધ છે. આવી બેકારીના વખતમાં શું કરવું તે પૂછવા તો હું તમારી પાસે આવ્યો છું."

"હેં! શું મીલ બધ થઇ?" જાણે હમણાંજ જાણતા હોય તેમ વલ્લભદાસ બોલ્યા "ને આવા વખતમાં તો જે ચોખ્ખો હોય તે જીતે. મિલો બંધ થવા માંડી એટલે લોકો લૂંટ કરશે ને હશે તેને પણ સુખે ખાવા નહિ દે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ હવે મારે શું કરવું ?"

"તારે શું કરવું તે પણ મારે માથે ! નાના હતા ત્યાં સુધી તો જાણે મેં તમને રસ્તો બતાવ્યો, પણ હવે ઓછા તમે બાળક છો ? દરેકને જે યોગ્ય લાગે તે કાર્ય કરવું જોઇએ." વલ્લભદાસે પોતાની જ્ઞાનમાળામાંથી એક વાક્ય કાઢયું.

"આવા વખતમાં તો બુદ્ધિ બહેર મારી ગઇ છે. ગામડા તરફ દૃષ્ટિ કરતાં તો આંખમાંથી આંસુ સરી પડે છે, ને તેમાંય નથી વતનમાં જમીન કે કૂવો કે તેમાંય પડીને મરી જવાય." બિહારીનું છેલ્લું વાકય ખરે, દુઃખની સીમા બતાવતું હતું. તેને નહોતી ખબર કે, વલ્લભદાસ—પોતાના બનેવી—જેમણે અહીં લાવી નાનપણથી કામધંધે વળગાડયા તે આ વખતે સાવ છૂટી પડશે; જ્યારે વડીલપ્રેમને નેવે મૂકી વલ્લભદાસે બોલી નાખ્યું: "દરેકને યોગ્ય લાગે તે કાર્ય કરવું જોઇએ." ને જવાબમાં બિહારીએ કહી નાખ્યું કે મરવાનું સૂઝે છે પણ જગ્યા નથી. વલ્લભદાસ સમજી ગયા કે, તેને અત્યારે આશ્વાસનની જરૂર હતી.

"આમ છેક નાહિંમત શું થાય છે ? લમણે હાથ દઇ બેસી રહેવાથી ઓછું કોઈનું કંઇ વળવાનું હતું! આવા વખતમાં તો જે ચોખ્ખો ને સહીસલામત હશે તે જીતશે."

"દરેકની વાત બાજુએ મૂકો, પણ મને કંઇ રસ્તો બતાવશો ?" બિહારીએ ફરીથી પોતાનું દુઃખ યાદ કરાવ્યું.

. એમાં શું મોટી વાત! આપણી પાસે જે કંઇ માલમતા હોય તે વેચી નાખીનેય દેવામાંથી મુક્ત થવું જોઇએ. ભવિષ્યનાં વર્ષો ખરાબ આવે તો વ્યાજ પણ પૂરૂં ન થાય." વલ્લભદાસ પોતાની બાબતને અનુલક્ષીને સમજાવતા હતા. બિહારીએ પણ કંઇ અક્કલ ઘરાણે મૂકી ન હતી. તે તો કયારનોય સમજી ચૂકયો હતો કે કોઇ પણ ભોગે, મરીને પણ વલ્લભદાસને નાણાં આપી દેવાં જોઇએ તે તેમનો સ્પષ્ટ જવાબ હતો; છતાં છેવટનો પાસો ફેંકી જોવાનો તેણે વિચાર કર્યો.

"જ્યાં ખાવાના અન્નની મારામારી છે ત્યાં દેવાની વાત શું કામમાં આવે ?"

"ગાંડો થયો લાગે છે. એક વખત મરણ કેમ નથી આવતું, પણ દેવાદારના તો દાસ થઇને રહેવું પડે. દુનિયામાં આબરૂ અમસ્તી નથી સચવાતી."

"બિહારીને હવે કંઇ બોલવાનું ન રહ્યું. તે સમજી ગયો કે, બનેવી ઉપર આધાર રાખવો ફોગટ હતો. 'પારકી આશ સદા નિરાશ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના મનમાં લોકોક્તિ વાક્ય રમી રહ્યું. છેવટે નછૂટકે બિહારીએ આલીશાન બંગલો છોડી ચાલવા માંડયું, ને જતાં જતાં તેના કાન ઉપર શબ્દો સંભળાવ્યા કે 'યાદ રાખ્યું ને? ચોખ્ખા થઇ જવું તેજ મને તો સારો રસ્તો લાગે છે.' વલ્લભદાસનું એ ફરીનું વાક્ય તેના હૃદયમાં ઝેરની માફક પ્રસરી ગયું. તેને રોજ તેજ મકાનમાં જમવાનો આગ્રહ થતો. તેના બદલે અત્યારે તેને 'આવજો' એટલો શબ્દ પણ કોઇ કહેવા તૈયાર ન થયું. કુદરતની કળાનો પાર કોણ પામ્યું છે!

* * * *

"બિહારી! સુશીલ! બેટા! હવે તમે કુલના વડીલ છો. દરેકની સંભાળ રાખવી એ તમારી ફરજ છે. વાડીને લીલી રાખવી કે સૂકવી નાખવી તે તો વનમાળીના હાથમાં છે. પણ બેટા! પ્રેમથી રહેજો. રા...મ..." વૃદ્ધ પિતાના ડોળા ફાટી ગયા. આત્મા પરલોકગમન કરવા વિદાય થયો. બિહારી ને તેનું વહાલું કુટુંબ છેવટે છૂપાં અશ્રુ લૂછતું શાંત થયું. અત્યારે તેમનું અહીં કોણ? વલ્લભદાસ? ના ના, તેમને હવે કોઇની પરવા પડી ન હતી. બિહારીએ પોતાની વહાલી પત્ની અને ભાભીનાં ઘરેણાં વેચી તેમને તે રકમ આપી દીધી તે વખતથી તેમને તો ટાઢો સેરડો હતો. પાંચસો જેટલી રકમ રહી ગઇ હતી તેથી તે નિરાશ ન થયા. 'વ્યાજમાં તેમણે ક્યાં ઓછા આપ્યા છે?' આમ સમજી તેમણે મન વાળ્યું હતું. આવાં દુ:ખી સંબંધીઓને આશ્રય આપી ઉપાધિમાં પડે તેવા તે મૂર્ખ ન હતા. ને બિહારી પણ એવો અક્કલનો ઓથમીર ન હતો કે તેમને બોલાવવા જાય. માણસની કિંમત તો દુ:ખમાંજ થાય છે.

બિહારીના પિતાને ભાગ્યેજ દેવલોક ગમન કર્યે માસેક થયો હશે ત્યાં તો આખા શહેરમાં ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો. દરેકના કુટુંબમાંથી કોઇ નહિ ને કોઇને યમરાજા ઉપાડી રહ્યા હતા અને થોડાજ વખતમાં એ સંકટના સપાટામાં બિહારીની માતા અને પત્ની સપડાયાં. અન્ન માટે પણ કફોડી સ્થિતિ ભોગવતું કુટુંબ દવા તો શું કરે! મંદવાડ તો વધતોજ ચાલ્યો. કુમાર, બિહારીના સાંસારિક જીવનની સાક્ષી પૂરતું કુમળું ફૂલ આ મંદવાડનો ભોગ બન્યું. માતા બિમાર પડતાં ધાવણના અભાવે કુમાર, કુટુંબની આંખની કીકી સમો પ્યારો પુત્ર દિવસે દિવસે સુકાતો ચાલ્યો ને થોડાજ વખતમાં કુટુંબની સ્થિતિ ન્યાયના નાથ પાસે રજુ કરવા વિદાય થયો.

ને આ દુ:ખદ પ્રસંગમાંથી તો વૃદ્ધ માતાની માંદગીએ ભયંકર રૂપ ધારણ કર્યું. જ્યાં પોતાની બાળવાડી ખેદાનમેદાન થતી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં કયા માનવીનું હૃદય ન પીગળે !

"બિહારી ! ક્યાં ગયાં બધાં ? નાનુ ક્યાં ? બેટા ! સુશીલ ક્યાં છે ?" દરેકને લાગ્યું કે માતા દુઃખથી બેભાનમાં લવે છે; પણ તેમને ક્યાંથી ખબર કે માતાના આ છેલ્લા શબ્દો હતા ! સઘળાં માતાની પથારીને વીંટળાઇ વળ્યાં. તે થોડા વખતમાં બંધ થએલી આંખ પુનઃ ઉઘડી.

"બિહારી ! આ બધાંને તારા આશ્રયે મૂકું છું, ને હું તો જાઉં છું આ દુઃખી સંસાર ત્યજી અનંત સુખના ધામમાં. પ્રભુ તમારૂં ર...ક્ષ...ણ..." વૃદ્ધ માતાના ફાટેલા ડોળા નાનું તરફ તાકતા સદાને માટે સ્થિર થયા. બિહારી સમજ્યો કે, પોતાના નાના ભાઇને ઉદ્દેશી ઉપરોક્ત વાક્ય ઉચ્ચારાએલું હતું, ને છેવટે મૂંગા મૂંગા માતાને અગ્નિદાહ દીધો.

કુદરતનો કોપ જ્યારે ઉતરે છે ત્યારે માણસને ચારે બાજુથી ઘેરી લે છે. ને તેવીજ સ્થિતિ બિહારીની હતી. એક બાજુ બેકારીથી ભૂખમરો ચાલતો હતો, બીજી બાજુ સ્વજનોનાં અવસાનોના કારમા ઘા હૃદયને ચીરી રહ્યા હતા. ત્રીજી બાજુ તેની વહાલી પત્ની કાળનો કોળિયો થવાની તૈયારીમાં હતી, ને ચોથી બાજુ પોતાના નાના ભાઇ ! ભાભીની શી વલે ? ને હજુએ બાકી હતું તે ઘરમાલીક તરફથી મકાન ખાલી કરવાની નોટીસ મળી ચૂકી હતી. બિહારીને આપઘાતમાંજ પરમ શાન્તિ દેખાઈ. કુદરતનો કોપ માણસ કેટલો વખત સહન કરી શકે ?

"મકાન ખાલી કરો." નોટીસના દિવસો પૂરા થતાં નગીનદાસે આવી બિહારીને સૂચના કરી.

"આપ જોશો તો ખરા કે મારી શું સ્થિતિ છે ?"

"તેમાં હું શું કરૂં ? દામ વિનાની દાઝ શા કામની ? ભાડું આપવાની શક્તિ નહિ ને ખાલી કરવાની દાનત પણ થતી નથી. દુનિયા શું થઇ ગઇ છે, દુનિયા ! દુકાળ પડે, લોકો બેકાર બને તેમાં નવાઇ પણ શી !" પૈસાના મદમાં તણાતા નગીનદાસે બિહારીનું સાંભળ્યા વિના બાફવા માંડયું.

"આપ સમજી શકો છો કે, મારા ઘરમાં બિમારી છે, ને તેમ છતાંય હું બીજા મકાનની તપાસમાં હતો પણ કંઈ પત્તા..."

"તમારે તો મફત રહેવાની દાનત હોય એટલે લોકોએ શું આ બધાં મકાનો તમારા માટેજ બંધાવ્યાં હશે ?"

"પણ હું ક્યાં કહું છું કે મફત આપે..."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે તમો શું કહો છો ?"

"શાનું ?"

"ખાલી કરવાનું; બીજું શું હોય !"

"આવતા અઠવાડીઆમાં જરૂરથી .."

"ને ભાડાનું શું કહો છો ?"

"એ તો હમણાં બને એમ નથી."

"શું કહ્યું ?"

"સ્થિતિ જોશો કે..."

"વાહ ! તમેય ખરા મળ્યા !"

"તો અત્યારે ક્યાંથી આપું ?"

"સામાન હોય તે વેચી નાખો."

"સામાન વળી તમે ક્યાં જુઓ છો ?"

"આટલાં બધાં વાસણ છે. ભાડુંય ન મળતું હોય ત્યાં આ પલંગની શી જરૂર ?" બિહારીના રહ્યા સહ્યા સામાન ઉપર નગીનદાસની દાનત ચોંટી હતી. બિહારી કંઇ કોઇનું સહન કરે તેવો ન હતો. તેનું બન્યું હોત તો ઘર ક્યારનુંય ખાલી કરી નાખ્યું હોત, પણ અત્યારે તેની પાસે એકે ઉપાય ન હતો, ને તરતજ તેણે પચીસ રૂપિયાના ભાડા પેટે ચાલીસ રૂપિયાનો પલંગ કાઢી આપ્યો. ક્રૂર હૃદયના નગીનદાસને તે લેતાં જરાય દયા ન આવી !

પ્લેગ તો દિવસે દિવસે ભયંકર સ્વરૂપ ધારણ કરતો હતો. મડદાંના ઢગલે ઢગલા સ્મશાનભૂમિ ઉપર ખડકાતા હતા. દરેક જણ જાણે મૃત્યુથી ટેવાઇ ન ગયા હોય તેમ કોઇને મૃત્યુના સમાચારથી આઘાત થતો નહિ. સ્વજનના મરણથી કોનું હૃદય ન રડી ઉઠે ! તો પણ પહેલા જેટલું નહિજ.

"સ્વામીનાથ ! માફ કરજો આ દાસીને. સુશીલ ! વહાલા બંધુ ! કદાચ કંઇ વધારે પડતું બોલાઈ જવાયું હોય તો ક્ષમા કરજો." મરણપથારી ઉપર પડી પડી, છેલ્લા શ્વાસ લેતી બિહારીની પત્ની બોલી.

"ભાભી ! આમ શું કરો છો ? તમને તો કાલે સવારે આરામ થઈ જશે." સુશીલે ધીરજના બે શબ્દો કહ્યા. પણ તેના શબ્દો તો હવામાં અથડાઇને પાછા આવ્યા. કારણ "ના...થ" ઉચ્ચારતો તેનો આત્મા પરલોક માટે વિદાય થયો હતો. શું પ્રભુને ત્યાં ન્યાય જેવી વસ્તુજ નહિ હોય !

* * * *

સારાય ગુજરાતમાં દુકાળના વાયરા વાઇ રહ્યા હતા. અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો ભૂખમરાથી પીડાતા મરણને શરણ થતા હતા, ને થોડાક સરકારે શરૂ કરેલાં સાર્વજનિક કામોમાં મજૂરી કરી માંડ માંડ પૂરૂં કરતાં હતાં. એવો સમય આવ્યો હતો કે અત્યારે કોઇ કોઇનું સગું ન હતું.

× × × ×

" ઉગતા સૂર્યને પૂજનાર દુનિયા બધી દિવાની." વસના ગામને પાદરે થઇને એક ચીંથરેહાલ માણસ દિવાનાની માફક બબડતો બબડતો જતો હતો. ને તેનો અવાજ સાંભળી જોડેના તળાવમાં ખોદકામ કરતા મજૂરોએ ઉંચું જોયું. "એ તો પેલો બિહારી! અમારી જોડેજ અમદાવાદમાં રહેતો હતો." મજૂરોમાંથી કોઇ બોલી ઉઠ્યું.

" ગાંડો થઇ ગએલો લાગે છે." બીજાએ કહ્યું.

" બીજો તો એટલું સંકટ આવી પડયું હોય તે જીવેજ નહિ." ઓળખનારે જવાબ આપ્યો. પણ બિહારીને હવે દુનિયાની ઓછી પરવા હતી! ને તેણે તો આગળ ચાલવાજ માંડયું. દૂર દૂરથી સંભળાતા શબ્દો વાતાવરણમાં ગુંજી રહ્યા હતા: " ઉગતા સૂર્યને પૂજનાર, દુનિયા બધી બધી દિવાવાની."

હે પ્રભુ! આવા દુઃખની કોઇને કલ્પનાય પણ ન થાય એજ પ્રાર્થના.

(૨૫-૧૦-૩૬ તથા ૧-૧૧-૩૬ ના "આર્ય પ્રકાશ"માંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

५६-अंध प्रवासी

(લેખકઃ-શ્રી. પ્રાગજી જ. ડોસા)

તારી દિસે ચપલ નેત્રની જ્યોતિ, બાપુ !
કીકી ભરી રમતિયાળ હજાર ભાવે !
તારાં સહુ ઉઘડતાં ફૂલશાં સુઅંગો,
આ બાલવૃન્દ માંહી કાંઈ જુદાંજ ભાસે ! (કલાપિ)

૭ વર્ષની ટચુકડી બાળકીના કાલાઘેલા શબ્દ સર્વ કોઇને પ્રિય લાગતા. કોઇ પણ એને બોલાવતું તો તે દોડી જતી, હસી હસી વાતો કરતી અને પ્રશ્નોની પરંપરા પૂછી બોલાવનારને થકવી નાખતી. પરંતુ કોઈ બોલાવે તોજ તે જતી. પોતાની મેળે જવાની શક્તિ પ્રભુએ તેને આપી નહોતી. કારણ, જન્મ થતાંજ પરમાત્માએ તેને અંધ બનાવી હતી. દેહના લાલિત્યમાં રૂપ રૂપનો અંબાર ભર્યો હતો. પરંતુ બન્ને નેત્રની કીકીઓ તેજ વિનાના ચમકતા બે કાળા પથ્થરોની માફકજ કેવળ ચમકી રહી હતી.

તોયે એના પિતા મુકુંદરાયે એનું નામ જ્યોતિ રાખ્યું હતું. જન્મ પછી ત્રણ દિનમાંજ એમાતા વિહોણી થઇ હતી એટલે પિતા અને માતા બન્નેનું વાત્સલ્ય મુકુંદરાયને એના ઉપર ઢોળવું પડતું. મુકુંદરાયના સૂના સંસારમાં અને પ્રેમશૂન્ય ઘરમાં આ બાળકીજ દિવાની જ્યોત અને પ્રેમના પ્રકાશ સમી ઝળકી રહી હતી એટલે એનું નામ જ્યોતિ પડયું.

જ્યોતિ મોટી થતી ગઇ તેમ સર્વની લાડકી બની. આવતા જતા લોક એને મિઠાઇ લાવી આપતા. સ્ત્રીઓ નવી નવી વાતો સંભળાવતી અને મુકુંદરાય પણ નવાં નવાં રમકડાં લાવી આપતા. પોતાની લાડલી પુત્રીના સુખ માટે હજારો રૂપિયા ખર્ચતા, એ રૂપિયાથી સર્વ વસ્તુઓ ખરીદી શકાતી પરંતુ નયનોનું નૂર જગતના કોઇ પણ બજાર કે ચૌટામાં મળતું નહિ.

એક વખત જ્યોતિ પડોશમાં અન્ય બાળકો સાથે સંતાકુકડી રમતી હતી. એની આંખે પાટો બાંધવો પડતો નહિ. નાની પગલીઓ આમ તેમ માંડી થોડી દોટ મૂકતી અને પગલાંના અવાજની સહાયતાથી તેણે એકને પકડી પાડયો. પણ પછી એને રમાડવામાં આવી નહિ. રડમસ ચહેરે જ્યોતિએ કારણ પૂછયું ત્યારે એકે કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જ્યોતિ! તું તો આંધળી છો ભાગી નહિ શકે અને તરત પકડાઇ જઇશ."

બાળાના અંતરમાં ગ્લાનિ પ્રસરી. સાથે આવેલા અનુચર સાથે ઘેર ગઇ. મુકુંદરાય તરતજ બહારથી આવી કપડાં ઉતારી રહ્યા હતા. જ્યોતિને જોઇ હેતથી બોલાવી.

"બાપુ! શું હું આંધળી છું?"

"ના બહેન! એવું તને કોણે કહ્યું?"

"ખોટું ન બોલો. તમે તો એકલા ફરો છો, બહાર પણ જઇ શકો છો અને હું......" તેનાં નેત્રમાં આંસુ આવ્યાં.

"જ્યોતિ! બહેન! રોઇએ નહિ. જો, તારે માટે હું શું લાવ્યો છું? મુકુંદરાયે એક ઢીંગલી એના નાના હાથોમાં મૂકી.

"બાપુ! હું શું કરૂં આને? મને તો સર્વ રમકડાં સરખાં લાગે છે. કારણ, હું જોઇ શકતી નથી. બાપુ! એ બધું જોતાં કેવું લાગતું હશે? કહોને બાપુ! મને કોણે આંધળી બનાવી?"

"ભગવાનની એવી મરજી છે બેટા!"

"ભગવાનની એવી મરજી છે? તો મને એની પાસે લઇ જાવ. હું એને ઠપકો દઇશ. બાપુ! હું કોઇનું કંઇ બગાડતી નથી; તો મને ભગવાને શા માટે આંધળી બનાવી?"

"બહેન! એ ભગવાન તો બહુ દયાળુ છે. હું તને એક મૂર્તિ આણી આપીશ હો. તેને રોજ વિનવજે તો તું બધું જોઇ શકીશ."

"હા બાપુ! જરૂર લાવજો. હું એને પગે પડી કાલાવાલા કરીશ કે મને આંખ આપે. અરેરે બાપુ! તમે બધા મારી કેટલી બધી દયા ખાઓ છો! નહિ?"

મુકુંદરાય આ પ્રશ્નનો ઉત્તર આપી શકયા નહિ. તેમનાં નયનો પણ અશ્રુભીનાં થયાં ને નાના બાળકની માફક ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયાં.

"તમે રડો છો બાપુ! હવે હું એવું નહિ બોલું હો. ભલે ભગવાન મને મારી આંખ ન આપે; પણ તમે રડો નહિ બાપુ!"

મુકુંદરાય છાના રહ્યા અને જ્યોતિને ગોદમાં લીધી. એ વહાલભરી હૂંફમાં જ્યોતિ ઉંઘી ગઈ. મુકુંદરાય પણ તે દિવસે ખાધા પીધા વગર સૂઈ ગયા.

બીજે દિવસે જ્યોતિ માટે એક બાલકૃષ્ણની મૂર્તિ આણી તે સાથે જ્યોતિને એક પ્રાર્થના પણ શીખવી.

"પ્રભુ! મારી અંધ આંખોમાં તારૂં તેજ આપ. હું રસ્તો જોઇ શકતી નથી. ઓ ભગવાન! મને માર્ગ દેખાડ."

તે દિવસ પછી જ્યોતિની જીવનદિશા બદલાઈ ગઈ. પરમાત્મા જેવી કોઇ અગાધ શક્તિ છે કે જે કોઇ પણ દુઃખ ટાળી સુખ આપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એવી અચળ શ્રદ્ધા તેને પ્રાપ્ત થઇ. રમવાનું મૂકીને કેવળ બાળકૃષ્ણ સાથે રમતી, તેની સાથે વાતો કરતી અને ઉત્તર મળતો હોય એવી કલ્પના કરી આનંદ પામતી. મુકુંદરાય કહેતા કે પ્રભાત થયું ત્યારે ઉઠતી, બાળકૃષ્ણને ઉઠાડતી, નવડાવતી, ભોજન ધરતી અને પ્રાર્થના કરતી. એના આ વર્તનથી મુકુંદરાયના ઘરમાં પ્રભુમય વાતાવરણ જામ્યું. બહારનો કોઈ પણ મનુષ્ય એ ઘરમાં પગ મૂકે એટલે હવામાં સાત્વિક વૃત્તિના તરંગો ઝૂલતા હોય અને આવનારના માનસમાં પ્રવેશ કરી પ્રભુતાના પાઠ શીખવતા હોય એમ લાગતું.

મુકુંદરાય આ નાનકડી ભક્ત નારીને જોઇ પ્રસન્ન થતા અને મશ્કરીમાં ' નાની મીરાંબાઇ ' ના ઉપનામથી સંબોધતા. જ્યોતિને એ સંબોધન પ્રિય લાગતું. કારણ, મીરાની જીવનવાર્તા એણે સાંભળી હતી. પછી તો બીજા ભક્તજનનાં ચરિત્રો, શ્રીકૃષ્ણની મસ્તીભરી બાલક્રીડાઓ, ગોપીઓની ઘેલછા અને એવી એવી ઘણી વાતો તે મુકુંદરાય પાસેથી સાંભળતી. પડોશની ગંગામા પાસે જઇ એના બાળકૃષ્ણનાં પદ સાંભળતી ને શીખતી. ફરી એ પદ જ્યારે પોતાના બાલકૃષ્ણ પાસે હલકભર્યા સ્વરે ગાતી ત્યારે ભક્તિભાવમાં એવી તો લીન થતી કે એ એકાગ્રવૃત્તિ તેને જગતમાં જીવન જેવું કંઇક છે તેનું વિસ્મરણ કરાવતી.

એક દિવસ ઉષાના ઘેરા અજવાળિયામાં એ નાની 'મીરા' નીચેનું પદ ગાતી હતી—

તુમ બીન મોરી કોન ખબર લે ગોવર્ધન ગિરિધારી.

નાના નાના બુલબુલ અને રંગબેરંગી પક્ષીઓ પણ આ મધુર સ્વર કાને અથડાતાં પોતાના માળામાંથી નીકળી ટહૂકો કરી પાંખ ફફડાવતાં ઉડયાં. તુલસીકયારામાં પાણી છાંટતી ગૃહિણીઓ પણ સાથે સૂર મેળવી એ પદના લલકાર કરતી અને એ કીર્તનની રમઝટનો આનંદ મેળવવા આસપાસના ઝરૂખાઓમાં પુરુષો ધ્યાનસ્થ બની એકીટશે નિસર્ગની આ કલાત્મક રચના નીરખતા હતા.

ત્યાં એકાએક હવામાં ગરમીનો એક ઉછાળો આવ્યો અને બીજીજ પળે જ્વાળામુખીની અગ્નિઝાળ ફાટી નીકળે એવી રીતે ધરતીકંપનો સખ્ત આંચકો લાગ્યો અને ધરતી માતા કોપાયમાન થઈ ઉછળી પડી. સુવાસિત પુષ્પબાગ, ભવ્ય ઇમારતો, નાનાં નાનાં ઝરણાં અને ઉંચાં ઉંચાં વૃક્ષો વડે સુશોભિત કરેલી માનવકલાને કુદરતે એક પળમાત્રમાં વેડફી દીધી. તેને બદલે પથ્થર અને રેતીનાં ઢેફાં, દુઃખથી પીડાતા મનુષ્યોના કરુણ આક્રંદો અને સ્મશાનવત્ બનેલી ભૂમિ પર સ્ત્રી, બાળકો અને પશુઓનાં શબ પડેલાં દેખાયાં.

મુકુંદરાયના ઘરનો આગળનો ભાગ પણ ઢળી પડયો હતો. તે સાથે ઝરૂખામાં બેઠેલા મુકુંદરાય પણ નીચે પડી સખ્ત ઘવાઇને મૂર્ચ્છાવશ થયા હતા. પ્રભુનું પદ ગાતી જ્યોતિ કંઇ પણ હાનિ પહોં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્યા સિવાય પોતાના મંદિરમાં સહિસલામત હતી; કેમ જાણે એના પદનો મર્મ સમજી બાલકૃષ્ણે એને બચાવી લીધી હોય! તોપણ ધરતીકંપનો ભયંકર અવાજ માણસોની ચીચીઆરી અને દોડધામ સાંભળી બહાવરી બની 'બાપુ, બાપુ' કરતી આમતેમ દોડવા લાગી.

થોડી વારે મદદ આવી અને જખ્મીઓને એક વિશાળ મેદાનમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા. જ્યોતિ પણ સાથેજ હતી.

રણસંગ્રામમાંથી પાછા ફરતા સૈનિકો ઘાયલ થયેલા મનુષ્યોના દેહને ઉપાડી તંબુઓની હારમાળામાં લઇ જઈ તેઓની શુશ્રૂષા કરે એવું દૃશ્ય ચારે તરફ ફેલાયલું હતું. મુકુંદરાયને પણ એક તંબુમાં લાવી યોગ્ય ઉપચારો કરવામાં આવ્યા હતા પરંતુ જખમો ગંભીર હતા એટલે તુરત ભાનમાં આવવાની આશા ન હતી. દરમિયાન સાજા મનુષ્યોને અન્ય સ્થળે ખસેડવામાં આવ્યા અને રડતી કકળતી જ્યોતિ પણ મુકુંદરાયના એક મિત્રને ત્યાં મુંબઇ મોકલાઇ.

* * * *

વર્ષો વીત્યાં. તે સાથે વય વધી, પરંતુ અમોલા આયુષ્યભંડારમાંથી એકેક કણ ઓછું થતું ગયું. શી જગતનાથની વિચિત્ર લીલા! એક વધે તો બીજું ઘટે. વિષમ જગના પંથમાં પગલાં ભરતો માનવી જેવાં આચરણ આદરે એવી જીવનમૂર્તિ ઘડાય અને પરિણામે સુખદુઃખના ત્રાજવામાં એક વધે તો બીજું ઘટે.

મુકુંદરાયના મિત્ર લક્ષ્મીપ્રસાદને ત્યાં જ્યોતિ મોટી થઇ. અનેક ખડકો અને પ્રચંડ મોજાંઓ સાથે એની જીવનનૈયા અથડાતી તોયે આગળ વધતી. લક્ષ્મીના મદમાં ઘેરાયલા લક્ષ્મીપ્રસાદને ઘરસંસાર કયે ચીલે ચાલે છે એનું ભાન નહોતું. તેની કર્કશા સ્ત્રી મણિગૌરીને જ્યોતિની પરવા નહોતી. એ અંધ અનાથ બાળકી પાસે ઘરકામ કરાવતી, ભૂલો પડે તો ચાબુકના મારે મારતી અને રડે તો મહેણાં સંભળાવી એના દુઃખમાં વધારો કરતી. જ્યોતિની દયા ખાનાર હતો માત્ર લક્ષ્મીપ્રસાદની પ્રથમ પત્નીનો પુત્ર એક પ્રભાતજ. તે એના દુઃખમાં સાન્તવનના દિલાસા આપી એની અંધારી રજનીમાં જ્યોતિના નવપ્રાણ પ્રકટાવતો, નિરાશાથી શ્યામ બનેલા, મુશીબતોથી કરમાયલા મુખમંડળમાં હાસ્યરેખાઓ અંકાવતો અને પછી સંસાર પાછળ રહેલા દુઃખના ભાર ભૂલી જ્યોતિ આનંદસાગરે ઝૂલતી.

ઘેરી ઉષા રંગબેરંગી ચુંદડી ઓઢી જગત ઉપર ચાલી આવતી હતી ત્યારે જ્યોતિ એના બાલકૃષ્ણની પૂજા કરી આરતી ઉતારતી હતી, એ આરતીના રણકારે મણિગારી જાગી ઉઠી.

"જ્યોતિ! સવારના પહોરમાં આ શા ઢોંગ લઇ બેઠી છે? ઘરકામ કરતાં તો હાથમાં કાંટા ભોંકાય છે અને મળસ્કામાં આ ઘંટનાદ કરી અમને યે સુખે સૂવા નથી દેવાં શું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બા ! સુખે મોડી ઉંઘ લ્યો. હું આ પ્રભુસેવા કરતી હતી, હવે પાણી ભરવા જાઉં છું."

"પ્રભુસેવા ! સોળ વર્ષની સાડાપાંચ ફુટ જેટલી વધી તોયે સાસરૂં તો મળતું નથી. પણ તને આંધળીને સંઘરશે પણ કોણ ?"

"બા ! કોઇ નહિ સંઘરે તો મારો પ્રભુ મને આશરો આપશે."

"તો જાને તારા પ્રભુ પાસે ! અમારે પનારે શા માટે પડી છે ? કંઇ દાટયું છે તારા બાપનું ?"

"માજી ! મારો દોષ હોય તો મને શિક્ષા દ્યો, પણ ભલા બિચારા મારા બાપુને ન વગોવશો."

"ચૂપ ! સામે બોલતાં શરમાતી નથી ? કૂતરાંયે આવાં નફ્ટ ન હોય. ચાલ નીકળ મારા ઘરમાંથી. અને જો, પહેલાં તો હું તારા બાળકૃષ્ણને પધરાવું છું."

"ઓ બા ! એમ ન કરશો. કયાં છે મારો કનૈયો, કયાં છે મારો લાડકવાયો, મારો જીવનઆધાર ?"

"નીચે ગટરમાં. હવે જાય છે કે ધક્કા મારી કાઢું ?"

"જાઉં છું, માજી ! અજ્ઞાન બાળક અજાણ્યા સંસારમાં ભૂલો કરે એ સ્વાભાવિક છે તો મારા દોષોની ક્ષમા કરજો."

જ્યોતિ તેની પાલક માતાની ચરણરજ લેવા નીચી વળી. મણિગૌરીના અંતરના ઉંડાણમાં કયાંક છુપાયલી મમતાની એક ઊર્મિ ઉપર આવી તેના મુખ ઉપર ફરી વળી. બીજાનાં અનાથ બાળકોની આવી દશા કરતાં પોતાનુંજ બાળક આવી હાલતને પામે તો એ કુમળા છોડના જીવનપટ પર કેવી કેવી કરચલીઓ વળતી હશે, હૃદયના કેવા ચૂરેચુરા થતા હશે એ ખ્યાલ તેને આવ્યો.

પણ "કાકાજી અને પ્રભાતને પ્રણામ કહેજો." એ શબ્દો સાથે જ્યોતિએ ઘર છોડયું અને દીપક બૂઝાતાં અંધારૂં રહે એવી શ્યામ નીરવતાની છાયા ત્યાં પથરાઇ ગઇ.

ઉષાનાં અજવાળાં આછાં આછાં પણ થોડાં વધ્યાં હતાં. કિલકિલાટ કરતાં પક્ષીઓ એને વધાવતાં, ખળખળ વહેતા સાગરનાં નીર એમાં સૂર પૂરતાં અને ધીમા અવાજે પોતાની ઊર્મિઓ જગતને ચરણે ધરતાં. એવે સમયે જ્યોતિ પોતાના બાળકૃષ્ણને લઇ કિનારે કિનારે ચાલી જતી હતી. સામેથી એક સંન્યાસી ડાંગ પછાડતો ને પ્રભાતિયાં ગાતો ચાલ્યો આવતો હતો. પાસે આવતાં તેની લાકડી જ્યોતિના પગ ઉપર વાગી ને તરતજ તે બોલ્યોઃ

"ક્ષમા કરજે બેટા ! હું અંધ છું. વાગ્યું તો નથી ને ?"

"નહિ ભાઇ ! મને પણ પ્રભુએ નેત્રવિહોણી રાખી છે એટલે આપણે બન્ને એકજ નાવનાં પ્રવાસી છીએ."

"તું કોણ ?" આતુરતાથી સંન્યાસીએ પ્રશ્ન કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" સળગતા સંસારમાં આહુતિરૂપ બનેલી એક અભાગિણી."

" નામ ?"

" જ્યોતિ; પણ જ્યોત વિનાની."

" જ્યોતિ! મારી જ્યોતિ! મારી લાડકી દીકરી! હુંજ તારો પિતા! આવ બહેન! આવ."

" કોણ મારા બાપુ?" જ્યોતિ આગળ વધી અને મુકુંદરાયને ભેટી પડી. એ પિતા-પુત્રીના પ્રેમભર્યા મિલનને નીરખવા સાગરનાં નીર ઉછળ્યાં ને એમનાં પગોમાં નમી પડયાં. દૂર દૂર સાગરની સપાટીમાંથી બહાર નીકળ્યા હોય એમ સૂર્યનારાયણે પણ ડોકિયું કર્યું.

" બાપુ! તમે અહીં કયાંથી ?"

" બેટા! ધરતીકંપે તને મારાથી વિખૂટી પાડી ને સાથે મારી આંખોનું નૂર પણ હરી લીધું, પરંતુ હું તેથી ખુશી થયો. પ્રકાશથી ભરેલા પણ જૂઠા જગતની મોહપ્રતિમાઓ નીરખવા કરતાં હવે અંધારી પણ પ્રભુતાભરી જીંદગીમાં સર્વત્ર મારી નાની જ્યોતિની મૂર્તિ નિહાળું છું ને હૃદય ઉલ્લાસથી હર્ષ પામે છે."

" બાપુજી! જ્યોતિ તો પંચમહાભૂતની એક પ્રતિમા છે. એને જોવાથી શું વળશે ?"

" બહેન! પંચમહાભૂત પણ ઇશ્વિરી શક્તિના અંશ છે. આકાશ, વાયુ, તેજ, આપ અને પૃથ્વી, એ નામ મનુષ્યોએ પાડયાં છે, પણ વસ્તુતઃ એ દિવ્ય સત્વો શું છે એ વિજ્ઞાન પણ શોધી શકયું નથી. જ્યોતિ! તું પણ ઇશ્વિરી શક્તિની એક પૂતળી છે એટલે મારે મન ઇશ્વિરજ છે. આજે જગતના અણુએ અણુમાં એ જ્યોતિ નીરખતાં મને મારો પ્રભુજ મળ્યો છે."

"પણ બાપુ! સંસારવ્યવહારમાં કોણ આપણો રાહબર બનશે?"

" આજે દશ વર્ષથી જે મારી જીવનનૈયા નિભાવી રહ્યો છે, તેને એ પરમકૃપાળુ પરમાત્માને તું એક ભારે નહિ પડે."

" ઓ બાપુ! આજે તમે મને નવુંજ જગત બતાવ્યું. ચાલો, એ નવીન સૃષ્ટિમાં પ્રભુને આગળ રાખી પગલાં ભરીએ."

લક્ષ્મીપ્રસાદના ઘરમાંથી જ્યોતિ ગઇ તે દિવસથી પ્રભાત પણ ગુમ થયો હતો. એને શોધવા લક્ષ્મીપ્રસાદે લક્ષ્મી વેડફી અને મણિગૌરીએ છાતીફાટ રુદન કર્યું, પણ સઘળું વ્યર્થ ગયું.

જ્યોતિ અને મુકુંદરાય ગામડે ગામડે ફરતા ત્યારે એ અંધ પ્રવાસીઓની લાકડી પકડી એક યુવક એમનો માર્ગદર્શક બનતો. જ્યોતિને એનો પ્રભુ મળ્યો-કોણ હશે એ ???

("મુંબઇ સમાચાર"ના સં. ૧૯૯૨ ના દીપોત્સવી અંકમાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gurukula Library
Kangri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar